મોજ મજાહ

રવિવાર તારીખ ૧૩ મી એપ્રીલ સને ૧૯૨૪.

પ્રિય વાચક મત્યે—

ભાઈ, મારા બાપ, આગળ ચાલ વેદાતિઓને વેદાંતમાં મંત્રવા કાઢ્યાઓને કહાનબુમાં કુમવા દે; અમારે તો હિસાબ એક જ છે કે, બાકી દિવસની મહેનત પછી વિશ્રાંતિ, ગમે એવા માણસ અમુક મત આનંદ ન મેળવી શકે તો માણસ છે કે બનવર એ ઓળખવાને દે અહીંને મનુષ્યશાસ્ત્રનો અભ્યાસ કરવો પડે ! બાંધણીદેવ બનવાને રૂડીયું પીપીયું મોટા જેવા મહાપુરૂષો પોતાની ગંભીરતામાં પોતાની ઢાઈ ભલે બતાવે; પણ અમે હસતાં પંખીડાં તે હસવાનાં જ ! મિત્રો આ પણ ટચકી ઉઠી, એ ન્યાયે "હમ ભી કુછ થોંચ સકતે હૈં" ન ગંભીર મોઢું રાખી પોતાની મોટાઈ બતાવે, પણ હમારી તો સમની ગીમકી સિવાય બીજું કાંઈ છે જ નહિ ! કારણ કે, આખા જગે દુનિયામાં હસવા ! મહાત્મા ગાંધી ભલે રેંટીયામાં સંગીત જુએ, તે તો એમાં પણ જોઇએ છીએ એ ઘડીનો આનંદ અને હસવું ! શ્રી રોય લાલેને, ગંભીર મોઢે તેમાં આર્થિક રહસ્યનું ગહન શાસ્ત્ર એ, અને એનો જોઇએ છીએ તેમાં મહાન આનંદ ! રેલના કુળપદ્ધા ભલે તેમાં દેશી ઉદ્ધાર જુએ, પણ બાવા, હસવા વિનાનો ઢાર જ કયાં છે ! ભાઇ, મેં તે એક શાયર પાસે સાંભળ્યું છે કે, ગાંધીચુલ્લાની કરતાં નકની અક્કરી વધારે ચારી છે ! તો એ રમની સ્વતંત્રતા કરતાં હું હસવાની પરતંત્રતા પણ વધારે પસંદ કરું છું ! બબ્બુલી તો એ છે યાર, કે પરતંત્ર કોઇ દિવસ હસતા નથી, એટલે મે હસનારા જ સ્વતંત્ર છીએ અને એ ભલે રાખ કરે !

જોતે આવા, અમર નથી, પોથીદીક્ષ જોડે કામ કે નથી તમારી ફીલસુફ જોડે કામ; જોડે, દુનિયામાં જન્મ્યા એટલે બે બલા વળગી જ છે; પણ એ બે બલા હોવાની અંતઃકમાં હોય, ત્યાં સુધી જ અને ના ચોલાય ધર્મ તો મહાત્માને જ સોંપો સારો. આપણે કરવું જોઇએ અને જાળમાં અટવાઇ મરીએ ! પોથીદીક્ષ તો તેને જોઇ જાનાઓ ભાટે જ સારી, આપણે જન્મ્યા તે કર્યાછે ટાલકી જ રોડાઇ ગયા ! અને મુમાર્ગે સુખ રહ્યા માટે બ નગીમાં કયા મોઢા નથી કે જાહેર ચિંતને, આપણી ગાળો બાપુએ ! દુનિયા જીવતા રાખે અમારાં કપડાંરહો અને ઢોલેલાને ! નાત-બનતું નિકટન તો વેણે ક્યારનુંય ગયું નાખ્યું છે. અને એમ પંડીતજી પુછવા આવશે તે એમ કહેશે કે ...ને અમે મોટે ભાગે ઓલીએ છીએ ! ન ત-બનને તો એવો કરે ગયો છે કે બેક માણસે ઓળખે મુશ્કેલ માટે હવે પુછવી નથી. એટલે ...ણિક સુધારકમાં અમે પહેલા નબરના છીએ. પછી તમે જમણું ...ર્યના ઓળિયે કયાં રહ્યા !

પ્રિય વાચક ! તું હિંદુ હો ! મુસલીમ હો કે પારસી; આ ટુંકા તે ટચ ખુલાસ પછી તું અમારે અમારી નીતિ તને વધારે બતાવવાની જરૂર છે ! એ માટે તું નિર્ભય રહેજે કે સત્ય અમારા બાપનો ઘર છે; પરંતુ અમે હિન્દુ હોવાથી "સત્ય સુપ્રાત, પ્રિય સુપ્રાત" એટલે કહેતું એ પણ પ્રિય વસ્તનાં કહેવું એજ અમારો પ્રિય મંત્ર છે અસત્ય સામે પછી તે તલવારની ધાર અસહકારને નામે હોય, નામે હોય કે આવા, ધુણામદ્યોર નાદારને નામે હોય, તે અમે કરીશું. બસ, આખરમાં એટલું જ કહેવાનું કે,

અમારે ભીડું ખુલમુલ દીવાનો ઝાંપો ડોલે છે;
અને ઠકર તહીં બેસી અજબ બસ બેદ ખોલે છે;
સુરત રબની ખુમારી હો તમારી એક આનામાં,
નહીં મળશે દવા રાવના તણી આ એક આનામાં.
દિવામાં તેલ પડતાં ત્યાં અમારો અંક જાગે છે;
નીતિથી ખૂબ કરનારા અમોને જોઇ ભાગે છે.
તમે માનો મજલહો મોજ દુનિયામાં બારી સહુ છે;
સહુ સંસારની આ ભાવનાઓ તો ભરી અહીં છે.
નથી ને છે અહીં તિલક નથી ને છે અહીં ગાંધી;
નથી ને છે અહીં ચાણક્ય ચતો નીતિને સાંધી.
છતાં હસવા મહીં સમજે, તો સમજે કોઇ નો સમજે;
હમારી કંઈ નથી પરવા ભલે સમજે કે નો સમજે.
હસીને જગ મહીં વાંચક તમે સુખ શાન્તિને પાયા;
બીજી આશીષ ખાલી છે તમારાં સુખ સો ગમો.

મોજ મજાહ માટે.

(ગઝલ.)

નખરે નયન નચાવી, બાજી નવી બિછાવી !
નવલી વસંત આવી, અહીં "મોજ-મજાહ" માટે !
તિરછી છરી ચલાવી, સંગીત સુધા રેલાવી !
લટુડિયે જમાવી, ફરી "મોજ-મજાહ" માટે !
મોહન તે મોહ તજાવી, ભલી ભૂમિને ભલાવી !
ઝૂંબી ગગન ગજાવી, જય "મોજ-મજાહ" માટે !
કોઈ લીન ધર્મ પથમાં, કોઈ મસ્ત પ્રેમ-રથમાં !
મતુ જન્મ છે જગતમાંહી "મોજ-મજાહ" માટે !
કોઈ ઘુમતા દીવાના, પ્રદ્યુમ્ન-પરવાના !
આવ્યા રહે છે કોઇ, અહીં વાહ વાહ માટે !
ખરચે ન ખાય પેટે, દીન-રાત કષ્ટ વેઠે !
બહે પાઈ પાઈ ગઠે, કોઇ તો વિવાહ માટે !
પરવાહ ધરે ન ધનની, દે આહુતિ જીવનની !
મરતા મથી-મથી કોઇ, પ્રેમીની ચાહ માટે !
પૂરા લગાવી ચોટા, ખેલે છે દાવ પટા !
ખટપટ અને કપટનાં, કરે કામ દાહ માટે !
ગે કુલમાં ગો ચરાવે, ગોચેર-ગોરસ બનાવે !
પટલાણી મહી વલોવે માખણ છાહ માટે !
ભગવંત ભજ તું અંતે, કશું કાન માંહી કહેતે !
પકડી કલમ "વસંતે" ફરી "મોજ-મજાહ" માટે !

—વસંત.

સંતાડ કુકડીનો ખેલ.

લખનાર–દીવાનો.

પાત્રો.

બ્રહ્મચારી બૈજનાથ—બ્રહ્મચર્યાશ્રમના પ્રતિષ્ઠાતા ગુરુ.
„ મોહજીત—નૈજનાથનો પદ–ભ્રિષ્ટ રાજકુમાર.
„ ગોબર—એક ક્ષિષ્ટ, મારદમપેદમ.
મંદારિકા— મોહજીતે છુપાવેલી તેની પત્નિ.
ચંડી— ગોબરે છુપાવી રાખેલી તેની બી.

સ્થળ–બ્રહ્મચર્યાશ્રમ.

પ્રવેશ પહેલો.

ચંડી—હવે તો આ સંતાડ કુકડીની રમત રમતાં કંટાળો આવ્યો બધાની નજરથી છુપાતાં છતાં મને આવ્યો છે. "અહીંયા કોઈ જશે માટે ના, બંડારીમાંમાં છુપાઈ જા." "ને ગુરુજી આવી તો. માટે ના રસોડામાં સંતાઈ જા." "અરે ઓ ગુરુજી આવ્યા ક્યાં પાછળ લપાઈ જા."—"ગુરુજીને વહેમ આવ્યો છે માટે તાંનાં લુંગડાનાં ઢગલામાં ઢબાઈ જા." એમ નાસનાસ અને ભાગાભાગ હવે તો નાકમાં દમ આવ્યો છે. પણ મારો પીટ્યો ગોબરિયો મારો નીકાસ કરતો નથી ને માનું દુઃખ હરતો નથી.

ગોબર—(હાથમાં છત્તરી મોટી ચલમ સાથે પ્રવેશ કરે) અલખ ભમ ગીરનારી, નહીં ઘોટા નહીં ચારી, આતી દમ ભંજ ત્રિશૂલ સવારી, ભમ, ભમ: માર દમપે દમ, કમાંયગી દુનિયા ર આંખમે દમ.

ચંડી—એ દુનિયાના દીકરા તું તે દમપેદમમાં ફરે છે પણ હવે શું કર્યું"?

ગોબર—તાંઈ! તાંઈ શું કરવાનું હતું મારી બન! જે વખત ઓ, આ ગોબર મહારાજને પ્રેમામૃત પાઓ અને કોઈની નજરે પડતાં ખૂલે ખાંચરે ઘર વસાવો.

ઓ ચીલમ ચટકી, જબ્બે ઝાંસી અટકી,
ઓર પુંઠે મારી અપટી, તો લાઈ રંગતકી લટકી,
મ, ભમ: માર દમપેદમ કમાંયગી દુનિયા ઓરે આંખમે દમ.

ચંડી—(ગોબરને ઝંઝેરી નાખી) ને એ હું હવે તુને આટ્ટી દઉં છું કે હું આ સંતાડ કુકડીની રમતથી કંટાળી ગઇ છું. તે હવે હું કંઈ સંતાવાની નથી. તારો ટેટો છોડી કમાંઈ વાની નથી.

ગોબર—અરરર! એ શું બોલે કયાંક ગુરુજી જોઈ જશે.

ચંડી—ને જોઈ જશે તો શું કરશે!

ગોબર—બીજું શું થશે, તને અને મને બન્નેને સવા કદિયાનું થઈ પડશે.

ચંડી—તો કંઈ અઘરું નહીં પણ આ કદમાનાંથી તો થશે. તું મહેનત મજુરી કરી ખાઈ. ઘણું કંઈક આશ્રમ એ આપણે પુરાં થશે.

ગોબર—મજુરી, મજુરી; એ શું બોલી,—

અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ;
સિંહ ન કાંઈ સંચરે, સહુનો દાતા રામ.

ભમ, ભમ; માર. દમપેદમ, કમાંયગી દુનિયા ઓર આંખે દમ.

ચંડી—પીટયા હાડકાંના હરામ, તારે મહેનત કરવી એટલા માટે મને આમ હેરાન કરે છે! પહેલાં તો 'હારી' હતા તારે માટે આમ કરીને 'મારી પ્યારી' હું તારે માટે તેમ કરીશ મોટી મોટી ડંફાસ મારતો હતો અને હવે દુઃખી કરે છે. ને તે મુવા, હું કમ્બખ્તજ એ તારા મરેડા પાસે, જ્યારે ઉભી રહીશ, આ વાત કહી દઈશ.

ગોબર—પણ તેથી તો તારી અને મ્હારી બન્નેની ફજેતી

ચંડી—ફજેતી, મ્હરી ફજેતી શાની! તું મારો પણ આ તારી ધણીઆણી, મોટી બબર બે સાથે રહે એમાં શું મણું! બબરી છે કાંઈ ભીલની?

ગોબર—પણ આ તો બ્રહ્મચારીઓને રહેવાનું બ્રહ્મચર્યાશ્રમ ને મારી નાની!

ચંડી—બાપરીને નાની કહે છે મુવા ઓથની!

ગોબર—ભૂલ્યો, ભૂલ્યો પણ હવે કયાંક ખૂણે ખાંચરે ભરી છાનીમાની, નહીં તો, તને અહીં લાવવા માટે મને પાણીચું તેમજ આ બ્રહ્મચર્યાશ્રમમાં સીંઝોને આવવાની મનાઈ છે છતાં તું તેથી તને પણ સજા થશે.

ચંડી—પણ ત્યારે હવે કંઈ ઉપાય?

ગોબર—સાંભળ જો આ લંગોટા ચુરને કહેવા જઈશું તે એ કરડી ખાશે, અને વળી રાવણ મહારાજના હાથમાં સીપેતો થશે. હા, જ્યારે કોઈ વાર મહારાજ પોતે અહીં આવતે તેને કામકાજથી ખુશ કરી સાચી વાત કહી દઈશું, રીઝેકરી મ લઈશું અને અહીંથી છુટા થઈશું. બાકી બસ, કહું ચંડી જો પૂછે તો તે—

ચંડી—(ચાળા પાડી) તો તો શું તો તો?

ગોબર—(ચુપી માત્રવાનો ઇશારો કરી) ચોરીનો ગોળ મીઠો લાગે છે.

ચંડી—ન મુવા નફટ.

ગોબર—નફટ, વળી માંડીને એ કટકટ (પંપાવતો હોય તે ઓ મારી ડાહી દીકરી કરું તે—

ચંડી—હટ દૂર હટ

ચંડી—સંતાડ કુકડીની રમત, બાકી રમ્યા ને બહુ
માટે હવે મુઠ્ઠી થયા; સુલ્તિ નથી કાંઇ કો
પ્રેમ કેરી ગુંજણીની, વાત કહી છુપાવે નહીં
તેથી કહું હું સત્ય કે, તેનો કરો ઉપાય ક

ગુરુ—(નેપથ્યથી) ગોબર, ગોબર અરે ઓ બહેરા ગોબર

ગોર—અરરરર-ગુરૂજી આવી. પહોંચ્યા. બા બા, કયાંક સુપાઈ બા.

ચંડી—પણ ક્યાં સુપાઉં? એકજ દરવાજો છે, અને ત્યાંથી તો અવાજ આવે છે, તો પછી ક્યાં જાઉં?

ગોર—તેં તો પૂરો ફસાયો રે મારી મા. અહીંઆ ખાઈ ને અહીંઆ કુવોં; હું તો બન્ને બાજુથી ગયો. હવે શું કરું?

ચંડી—કરવાનું શું હતું? આવવા દે હું એને જવાબ દઈશ.

ગોર—જવાબ દીધો તારા બાપનું કપાળ. કેમે કરતી મુંગી મરી રહીશ. (ઓચિંતું કંઈ યાદ આવતાં) અરે હા ઉભી રહી બા અહીં પુતળાં જેવું પુતળું થઈને ઉભી રહી બા. જોજે જરાપણ હલતી કે બોલતી નહીં હોં મારી મા.

ચંડી—વળી ગાંડું ઘેલું!

ગોર—અરે બ્હારી નદી ને મારા દીકરાની મા. પણ હવે મુંગી મુંગી ઉભી થઈ જા.....(ચંડીને પુતળું બનાવી ઉભી રાખે છે અને કામળી ઓઢાડે છે પછી બોલે કંઈ ન બન્યું હોય તેમ)

બજરંગ બાલા, હર પાપીકા મુંહ કાલા,
ગુમકા દીવાલા ઔર સતીમાઈ બોલબાલા.

બમ, બમ; માર દમપૈસે, કમાંયગી દુનિયા ઔર ખાંપણે હમ.

ગુરુ—(પ્રવેશ કરી) હ્યો આ મંજરી તો અહીં ઉભો છે, એ ભહેરો, હું ક્યારનો બુમ માર્ યું ને સાંભળતો નથી?

ગોર—(સાંભળવા છતાં ન સાંભળવાનું ડોળ કરી)

બજરંગ બલી, તોડ દે દુશ્મનકી નલી,
હર દે ભક્તોંકી ભલી, મેજર દે સફરકી હલી.

બમ, બમ; માર દમપૈ દમ, કમાંયગી દુનિયા ઔર ખાંપણે હમ.

ગુરૂ—(વાસામાં ચાપટ મારીને) એ દુકાળીયા, હું ક્યારનો બરાડા માર્ યું અને તું અહીં તારી પેટ પંચોતરીની માર્યા નામાંન પ્રયો છે કે શું? રાડ પાડી પાડીને મારો ઘાંટો બેસી ગયો અને જવાબ જ નહીં.

ગોર—પણ બેસી ગયો તો એનું ચોસડા આ તૈયાર છે, લ્યો બિક દમ લગોરો, ઢાંચણવાળો, બોલો બમ, બમ; માર દમપૈ દમ, બાંયગી દુનિયા ઔર ખાંપણે હમ.

ગુરૂ—(ગોળા આકાર ચીલમ ધરે છે, તેને ઘાત મારીને) બમ બમ, આજે મહારાજ પધારવાના છે માટે જા બ્રહ્મચર્યાશ્રિ-। દરેક બાંગ્ર લાવ કરી નાખ, યજ વિગેરેની વસ્તુ તપૈયાર કરી ।(ગોરજ જવાની તૈયારી કરે છે, ત્યાં ગુરુની નજર ચંડી ઉપર છે તેથી તેને રોકે) આમા ગોરધિયા, આ અહીં શું છે?

ગોર—(ત્વરિત) મૂંગા, સુદ્ધાનું ધ્યાન ખેંચાયું (પ્રગટ) એ એને ગુરૂજી એ તમને શું દેખાય છે?

ગુરૂ—મૂર્ખ બ્હારા પ્રશ્નનો ઉત્તર ન આપતાં સ્હામો પ્રશ્ન કરે છે?

ગોર—બ્હારે શું કહું? બાંધેલું પણ દેખે એમ છે કે એ શું ઉભું છે. ગુરૂજી એ બારી બાપીએ ને તો એ પુતળું તો કરે છે.

ગુરૂ—પુતળું!! અહીં તો એનું કોઇ પુતળું બહોતું ત્યારે એ શું કમાયો?

ગોર—એના ઘડનારને ત્યાંથી. "જજમાન" આપે ને ઘર ભરાય; કીડીનું સંધરે ને ગોરિજ ખાય" બમ, બમ; માર દમ, કમાંયગી દુનિયા ઔર બાંધણે હમ. જુઓ ગુરૂજી, આ બારી દમાદીએ ને તો હાથ ઉધરી જાય છે અને જે ગીજ પકડે છે. (ગોર ચંડીનું કાંડું ઝાલવે છે. ચંડી હાયની મુકી છે. ગોર તેને ઝુ આવે છે; જે ચંડી આવે છે.)

ગુરુ—વાહ વાહ, વાહ વાહ, કારીગર વાહ!

ગોર—હવે જોજો મજા આ બીજી બારી દેરવું છું. (તેની પાસે જઇ જુવે છે, ત્યાં ચંડી તેને ઝાડુથી મારવા માટે ગોર હસે છે અને ગુરૂને કમરથી ઝાલી બેસી લેય છે.) હાં ગુરૂજી ત્યાં ક્યાં ભવ છો!

ગુરુ—અલ્યા એ પણ આ પુતળાંનો ચહેરો તો બરાબર જજાય છે!

ગોર—ત્યારે શું પુતળાં કરતા ભાઇબ્રહ્મચારિજ થાય છે!

ગુરુ—મૂર્ખ, તો પછી એવું પુતળું અહીં લાવ્યો શા માટે તું જાણતો નથી કે બ્રહ્મચર્યાશ્રમ છે. મનુષ્ય તો શું પણ પશુ ઓમાં પણ માદા રાખવાની મનાઇ છે. એ વાચક ગ્રન્થો બોલવા માટે પણ સખ્ત તાકીદ આપાઈ છે. અને તેવી કોઇ વસ્તુ ન આવે તે ઉપર નજર રખાય છે. "છે બ્રહ્મચર્યાશ્રમ આ બીનું અહીં નામજ નથી."

ગોર—હા-ગધેડાઓ છો વસે, ગધેડીનું કામજ નથી.

ગુરુ—બાલ ઉદાવ ઉદાવ, બારીમાંથી બા કરી દે'ડા દે.

ગોર—અરે પણ મહારાજ આવું અમંગ્ય પુતળું—

ગુરુ—નહીં એક બોલ પણ નહીં, લાવ મારો ડંડો લાવ કે તેતો હુણ કરી નાખું અને કલંકિત થતાં મારાં બ્રહ્મચર્યાશ્રમની કીર્તિ નિષ્કલંક રાખું.

ગોર—પણ ગુરૂજી—

ગુરુ—મૂર્ખ, ગધેડા, (ચીડાઇને તેના હાથમાંથી ચીલમ ખૂંચી લઈ પુતળાંને મારવા માટે છે. ચંડી રાડારાડ કરી મુકે છે. ગોર ઝંખવાણો પડે છે. ગુરૂ બ્રહ્મચ થાય છે)

ચંડી—એ મરી નજરે મા, એ મરી નજરે મા.

ગુરુ—હેં આ પુતળામાં જીવ ક્યાંથી આવ્યો. જેમ રામની ચરણ-રજથી શીલા બાયડી થઈ તેમ શું મારા હાથનું ચીલમનો મારથી આ પુતળાંની બાયડી બની ગઇ. બોલો બોલો આ ગોરાયા શું છે તે કહો.

ચંડી—(એક બાજુ) પૂરાં ફસાયા.

ગોર—(એક બાજુ) પૂરાં ગપબ્યાં.

ગુરુ—કેમ કોઇ બોલતું નથી, મારૂં કે બચાડો? લવાવું કે બચાડો? ચલાવું કે બચાડો? સીધે સીધાં બોલો નહીં તો મારી મતીને ગુંઠી નાખીશ બાટા.

ચંડી—(હાથ જોડી ગુરુની આજ્ઞા જઈ) વડીલ.

ગોર—(ચંડીની પીઠમાં પકડી તેને ખસેડી નાખી) ગુરૂજી.

ચંડી—(ગોરને ધકાદી) મને કહેવા દે.

ગોર—(ચંડીને ખસેડી) નહીં પહેલાં મને કહેવા દે

ગુરુ—(ભન્નેને બે બાજુ કરી પોતે વચમાં ઉભો) બે નહીં. એક બોલો.

ચંડી—તે હું એકલીજ બોલું છું ને.

ગોબર—હું પોતે એકલોજ કહું છું ને.

ચંડી—(ગુરુને પીખી પાડી પોતાના તરફ ખેંચી) વાત છે કે—

ગોબર—(ગુરુને પોતાના તરફથી ખેંચી) જી વાત એમ છે કે—

ચંડી—(ગરમાંથી ગુરુની બત્રસમાં જઇ) મને—

ગુરુ—(ધક્કો મારી) દૂર નાદાન.

ગોબર—ત્યારે હું કહું છું તેજ સાંભળી લ્યોને મહેરબાન.

ચંડી—આ પારકાં માણસપર નજર રાખનારે પારકી છોકરી નજર નાંખી.

ગુરુ—હેં!!!

ચંડી—અને મને પોતાની બાયડી બનાવી રાખી.

ગુરુ—બાયડી! બાયડી! શિવ શિવ શિવ શિવ.....

(બારણે) અરે મુર્ખા, તને બાયડી બનાવવાનું કોણે કહ્યું હતું. જે ધર્મના અગ્રણ મારને તું ન સહી શકયો તો તારે બાયડો કરવો તો સ્ત્રી, બાયડી, પત્નિ, ભાર્યા અને તેને પણ વળી મારા અગ્રભર્મમાં એ, સમજ કે હવારો કાળજ આવ્યો.

ગોબર—ગુરુ—

ગુરુ—બસ એક બોલ પણ ન બોલીશ.

"નારી ના રહી કોઈની, નારી જીવની જાણું;
સર્વ પાપનું મૂળ છે, નારી નરકની ખાણ"

ગોબર—પણ ગુરુજી—

ગુરુ—અનર્થ, ઉત્પાત, ઉલ્કાપાત, પ્રલય, મહા–પ્રલય, આજ સુધી ઋષિએ ઋષિજીથી–અરે તેનાં દર્શનથી પણ અલિપ્ત થતા, શંકર માફક કામદેવના પ્રતાપને જાણે નાખી મ્હારા શિષ્ય શિષ્ય હજીતને નખિક બ્રહ્મચારી બનાવી મેં બ્રહ્મચર્યાશ્રમને કીર્તિમાન બનાવ્યો એ તું એ બ્રહ્મચર્યની શત્રુ થીને લાગ્યો. બસ હાલ માર, હમણાં ને હમણાં હાલ માર, કાંટો મૂક અને તું પણ ચાલતો થા. જે મ્હારા બ્રહ્મચર્યમાંથી ચાલ્યો જા અને ભીખના ટુકડા માંગી ખા.

ચંડી—ક્ષમા, ક્ષમા, મહારાજ ક્ષમા.

ગુરુ—ક્ષમા કોના ઉપર ક્ષમા, નાગણીની જાતી નારી ઉપર ક્ષમા? પાપની પુતળી પ્રમદા ઉપર ક્ષમા? સર્વસ્વનો નાશ કરનારી સ્ત્રી ઉપર ક્ષમા? જે ગ્રહને ઘાણ કાઢનાર ગ્રહને ક્ષમા?

ચંડી—એ લે ગોટા, હવે ગાઓ ટાલો નથી, ભલેને બચરી ગમે તેવી ખરાબ હોય પણ એજ બચરી હારી ખુદને અને બચરી હારી મા

ગુરુ—નારાયણ! નારાયણ! દૂર થા. દૂર થા.

(પ્રવેશ પહેલો સમાપ્ત.)

શિક્ષક—ન્યુટોનીયન ઈક્વેશનનો આટલો બધો ઢેફ કેમ કરતો હતો?

વિદ્યાર્થી—એ ગ્રેજ્યુએટ થવા માટે આટલા માટે!

શ્રી રામ જયંતિ.

લેખક:—વિઠ્ઠલદાસ લાલદાસ રોહાવાળા.

રામ જયંતિ પ્રાચીન કાળથી ઉજવાતી આવી છે. અને તે હવે પછી અનંત કાલ લગી ઉજવાશે. સાધુજનોનું સંરક્ષણ કરવા તથા દુર્જનોનો સંહાર કરવા લીલાવિગ્રહી પરમાત્મા યુગે યુગે અવતરે છે, એવો એક અચલ નિયમ અનુભવયુક્ત છે, અને શાસ્ત્રસંમત. દોષ આવશ્યક પણ છે. આજના દિવસે ઉપવાસ કરવો અને દેવ દર્શન કરીઉત્સવ માનવો એમાં કશું અયોગ્ય તો નથી જ પરંતુ એટલુંજ કૃત્ય બસ ન કહેવાય, ભગવાન રામચંદ્રના દિવ્ય એવા જન્મોત્સવનો એમના ચારિત્રનો–કહો કે ચારિત્રનાં ગુણગાન જ ગાઇને એટલી રહેવું એટલો જ હેતુ ન હોઇ શકે; પરંતુ રામોપાસકનું કાયિક, વાચિક માનસિક પ્રત્યેક કર્મ રામમય વૃત્તિથી સમર્પણ બુદ્ધિથી ધ્યાનવિનિવેશયુક્ત થવું એ જ સર્વથા ઇષ્ટ છે! રામ સર્વમાં, સર્વ સ્થળે, સર્વ પ્રકારે સર્વરંગે ઓતપ્રોત ભરી રહ્યો છે–રમ્યો છે–વિશ્વને રમાડી રહ્યો છે, છતાં તે પિંડ બ્રહ્માંડાતિત છે, રૂપ અરૂપાતિત છે! તે જ લેખક છે તે જ વાચક છે, તે જ સેવ્ય છે ને તે જ સેવક છે, તે જ ગુરુને તેજ શિષ્ય છે, તેજ પિતા ને તેજ પુત્ર છે, તેજ પતિ ને તે જ પત્ની છે, તે જ જોતા અને તે જ જોત છે, તે જ જીવ ને તે જ શિવ છે! ઇત્યાદિ ભાવનાઓ જાગૃત થાય અને સદૈવ જાગૃત રહે, વિચારાય અને આચારમાં મેલાય! તે જ અને તેજ જયંતિ ઉજવ્યાનું સાર્થક્ય છે. રામ એક વચની, એક બાણી, એક પત્નિવ્રત ધારી હતા, રામચરિત્ર એવું છે. આજ રામાયણ તેના તમામ પાત્રો સહિત ઐતિહાસક છે, એમાં શંકા નથી. દુર્જનીય મહોન્મત્ત દુષ્ટ એવા દાનવોનો નાશ એક માનવ દેહધારી વાનર સેનાદ્વારા કેવા કૌશલ્યથી કરી શકાયા તે જુવો! તમારા પોતાના દેહમાં અહંકારરૂપી પ્રચંડ રાવણ જન્મ જન્માંતરથી ઘૂસી જઈ તમને ભવાટવી ભટકાવી રહ્યો છે, તે સાનદીપ્ત જોઇ લ્યો, અને તેનો ત્રાગભંગ નહે અત્તર શિરચ્છેદ કરી નાખો, સદ્સદ્વિવેક બુદ્ધિરૂપી સીતાને તેના પંજામાંથી મુક્ત કરો, અને રેવાનંદ સાક્ષાત્કારનો ઉપભોગ લ્યો.

"ભોજ–મંગલ" માટે માનવ દેહ મળ્યો છે એવો મનાવનારો મનુષ્યોનો આ યુગ છે તેમાંને કદાચ જોઈ આ સ્થળે નમ્ર પ્રાર્થના કરવાની છે એ કે તિથી ભોજ–મંગલ ભલે કરો તથાપિ તે નિર્દોષ "ભોજ–મંગલ હોવી જોઇએ એમ તો ખરૂં. તે તામસ નહિ, તે રાજસ નહિ, પણ તે સાત્વિક ભોજ–મંગલ હોવી જોઇએ એટલું લક્ષમાં રાખીશ. આજની પરમ પવિત્ર જયંતિ ઉજવાય છે તે રામ–કે જે તમારા અમારા સર્વોના હૃદયમાં રમમાણ કરી રહ્યા છે તેનું સર્વદા સ્મરણ રાખીશ. રામ તમારામાં છે અને તમે રામમાં છો એ ન ભુલતાં, કિન્તુ તમારામાં રામ છે! એમ હવે તો જયંતને સક્રિય રીતે ઉજવતા દેખાડી દેશો.

રામ કો નામ સદા મિસરી, સોવત જાગત ના વિ
એ અમૃત રટણ રાણીને પછી વધેચ્છ ભોજ–મંગલ કર્યા

એક સુંદરીનાં બાહ્યુ કર્મો!

લખનારઃ—મંજુલાલ ગોપાળરાય દેસાઇ.

પ્રકરણ ૧ લું.

પ્રવાસી યુગલ.

ઋતુ ઋતુનો સમય હતો. રંગબેરંગી પુષ્પોનો મધુર સુવાસ રેલ ફેલાઇ રહ્યો હતો. પવન મંદમંદ વાતો હતો. આવે વખતે ગાડામાં બે મુસાફરો એક મોટા પર્વતની તળેટીમાં થઇને ઘોડા ઉપર ફરી ફરી રહ્યા હતા.

તેઓમાંનો એક પુરૂષ હતો. તેનું વય આસરે ત્રીસ વર્ષનું હતું. ને મુસાફર એક યુવતી હતી. તેની ઉમર દેખાવમાં એકે વધારે તી હતી, તો પણ ખરી રીતે તો તેને વીસ જ વર્ષ થયાં હતાં ના ઘોડા મજબુત હતા અને તે યુવતી એવી સફાઇથી ઘોડા ઉપર હતી અને એવી સારી રીતે તેને કાબુમા રાખીને ચલાવતી હતી કે એક સરસ ઘોડે બેસનાર છે એવું જોનારને લાગ્યા વીના રહે નહિ.

પુરૂષ મુસાફર ઉંચો નાજુક બાંધાનો હતો. તેનો ચહેરો આકર્ષક ણીજ સુંદર હતો, પણ તેના શરીરના અવયવો બહુ મજબુત તા; અને તેનો ચહેરો બર્બર મંદવાડમાંથી ઉઠેલા માણસના જેવો તો હતો. તેનું વદન તદન ફીકકુ લાગતું હતું; પણ તેના લ્લાટ ળ ઉપર અગાધ બુદ્ધિબળ અને જ્ઞાનની રેખાઓ સ્પષ્ટ દેખિતી ચર હતી. દાઢી અને મુછને તેણે તિલાંજલી આપી હતી; અને તેથી સુંદર ગોળ ચહેરો અને સાફ કારીગર કેરી કહાડ્યા હોય એવા હોઠ વધારે દીપી નીકળતા હતા. તેની ઝાંખી આંખોમાં તેના પણું તેજ ખ્યાલી રહ્યું હતું અને આ તેજ તેની સમરને પ્રકાશીત ્યું હતું.

પુરૂષ મુસાફરની મુખમુદ્રા ચિંતાતુર દેખાતી હતી, પરંતુ તેની ુખે ગાલતી યુવતી હસતી હસતી જ્યારે રનેહભીની નજરે તેના ્નેતી ત્યારે તેનું હૃદય આનંદથી ઉભરાતું, તેના અંગમાં હર્ષની રી છૂટતી અને નેત્ર મુખારવિંદ ઉપર પ્રેમની રેખાઓ તરી તી. જે જ્યાં રેક સ્વર્ગીય—અલૌકિક સુખનો લ્હાવો કેવળ નિખા-ને કુદરતી પ્રેમથી જ દરેક માણસના અંતઃકરણમાં ઉદ્‌ભવે છે સુખ ઉપરે બુદ્ધિ અને કહાપણના મહાભારત મોજાંઓને હાલ કરે છે તેવા સુખથી પ્રાપ્ત થતો અવર્ણનીય આનંદ તે આ ોગ્યવત્તા હોય એવું દેખાતું.

ખરેખર તે યુવકને તે યુવતી પ્રત્યે એટલો બધો પ્રેમ હતો કે તેણીને પોતાના હૃદયની દેવી કે પ્રેમની પ્રતિમા જેવિ પૂજતો; અને તેનું સુદ્ધ હૃદય આવી રીતે તેણીની પ્રેમ ઝાંકળમાં જકડાયું હતું અથવા તો તેનું અશુદ્ધ મન વિષય લાલસાની અપ્રતિમ મોહની વડે મહાત થયું હતું તેમાં કાંઇ પણ નવાઇ પામવા જેવું નથી; કારણ કે તેના પ્રેમની પ્રતિમા-મનોરાજ્યની દેવી આવી ભવના પ્રેમને માટે દરેક રીતે લાયક હતી.

યુવતીનું શરીર ઉંચું અને પાતળું હતું. તેણીનો પોશાક એવી સારી રીતે બંધબેસતો કરવામાં આવ્યો હતો કે જેથી તેણીનું અપ્સરા જેવું આકર્ષક અંગ, એક સરખા અવયવો અને મધ્યમ ખીલતી છાતીની શોભામા ઓર વધારો થતો હતો. તેણીના બાંધીલા શરીરની રચનામાં ન હતી બાહ્ય અંગોમાં જરા પણ વિષમતા કે ન હતી આંતરિક ઈન્દ્રીઓમાં અધિક વિલાસકિત. એક સરખી રચનાનો અપૂર્વ અને અબાધિત સયોગ અહીં પ્રત્યક્ષ થતો હતો. આટલું છતાં પણ ક્ષીણ નજરે જોનાર તેણીની નબળી બાંધો એક અને વિકસિત અંગે પ્રત્યંગોવાળા શરીરની નાજુક દ્વિધ્યાલ ઉપરથી એવું અનુમાન તો ચોક્કસ કરી શકે કે તેણી અપાર ઉત્સાહ ભરેલી છે.

તેણીના શરીરની ઉપરથી સુંદર હતી; અવયવો કંઇક ઓરી મોટા પણ એક સરખા વધેલા હતા. તેણીના વદન ઉપર પુરૂષોના જેવી નિશ્ચળ દ્રઢતા અને અજબ બુદ્ધિબેળની ભવતા બીજાની પેઠે ચમકારા કરી રહી હતી; અને તેણીજ તેણીની ઉમર ચાર પાંચ વર્ષ વધારે લાગતી.

તેણીના વાળ કાળા અને વાંકાઉ હતા. કપાળ વિશાળ હતું અને સરસ્વતી દેવીની પ્રતિમા વાંચાર સ્વાગને પણ લાગેજ કલ્પના આવી શકે એવી વિદ્યાના પ્રકાશવાળી રેખાઓથી અંકાયેલું હતું. કોઇ કુશળ કારીગરને હાથે બહુ જ સંભાળથી ઘડાઇ હોય એવી તેની ભમરો કામદેવનો ધનુષ્ય જેવી વાંકી હતી. આંખો કંઇક મુરા રંગની હતી પણ તેના ઉંડાણમાંથી નીકળતા જબરજસ્ત કીરણો હોશયારી ભરી ભાવોના ભારને ભલુકતા હતા.

તેણીનું મુખમંડળ જો કે કુદરતી રીતે સુંદર હતું તો પણ સવૅના પ્રખર તાપથી તેમાં થોડી ઘણી સ્વાભતા આવી હતી; પરંતુ તેણીની તંદુરસ્તી અબાધ હતી; અને તેને લીધે તેણીનો નસેનસમાં વહેતું લાલ લોહી ઉપરોક્ત કારણને હઠાવવા પ્રયાસ કરી રહ્યું હતું. તેણીનું

ાાક લાંબું' અને દાંત સરખા અને હાથીદાંત જેવા સફેદ હતા. અરેખ્ર, તેણીના સર્વોત્કૃષ્ટ સૌન્દર્યને પરિપૂર્ણ કરવાં માટે કુદરત બેહદ કાળજી રાખતી હશે એમ લાગતું હતું. દેહકામાં શારીરિક સૌન્દર્યની પરાકાષ્ઠા કરકારી મન અને અપૂર્વ બુદ્ધિચાતુર્યે તેણીને એક ભવ્ય, આકર્ષક અને પૂજનીય સ્ત્રી તરીકે સિદ્ધ કરી હતી.

ઉપર વર્ણવેલા બન્ને મુસાફરો જે દેશમાં તેઓ મુસાફરી કરતા હતા ત્યાંના રહેવાસી ન હતા. તેમની જન્મભૂમિ અહીંથી ઘણે દૂર હતી. પણ તેમને જુદા જુદા દેશની ભાષાઓ ઉપર અસાધારણ કાબુ હતો, અને તેથી તેમને મુસાફરીમાં જરા પણ અડચણ પડતી નહિ. એટલું જ નહિ પણ તેઓ આ પ્રદેશના નથી એવું શોધી કહાડવું પણ અઘરું હતું.

જે સમયની આપણે વાત કરીએ છીએ તે વખતે હથિયાર રાખવા સંબંધી કોઇપણ જાતનો પ્રતિબન્ધ ન હતો; તેથી આપણા પુરૂષ મુસાફરની કેડની આસપાસ બાંધેલા કમરપટામાં એક નાજુક તલવાર લટકી રહી હતી, તેના લાંબા ઝભ્ભો ઘુંટણ સુધી પહોંચતો હતો. માથે હિંદુસ્થાની ઘાટનો ફેંટો બાંધેલો હતો અને તેનાથી તેના બન્ને કાન અડધા ઢંકાયા હતા. તેની નાજુક દાઢી અને મૂછો તેના મુખ-ગૌરવને વધારતાં હતાં. તેની સાથેના આગડાની પાછાડમાં થોડાં કપડાં લખવાનું સાહિત્ય અને બીજી કેટલીક જરૂરની ચીજો હતી. પ્રથમ દૃષ્ટિએ કોઇ અજાણ્યો મનુષ્ય તેને એક વિદ્વાન સંન્યાસી કહ્યે એમાં નવાઇ ન હતી.

સ્ત્રી મુસાફરનાં કપડાં સાદાં અને ઉમદા હતાં. અલંકારના આડંબરને જરા પણ સ્થાન ન હતું. તેના છુટા વાળ શરીર અને માથે ઓઢેલા વસ્ત્રની નીચે ફેલાયેલા હતા. તેની સાથે પણ જરૂરી વસ્તુઓથી ભરેલું એક પાકીટ હતું અને તેને મજબુતાઇથી બાંધીને પાછળથી ઘોડાના પલાન ઉપર લટકાવી દીધું હતું.

આ પ્રમાણે સજ્જ થયેલું જોડું ઉત્તર હિંદુસ્તાનથી દક્ષિણ તરફ જતો પોરો રસ્તે મુસાફરી કરી રહ્યું હતું. વીરપુર નામના પુરાણા શહેરને તેઓએ ઘોડા વખત પહેલાંજ વટાવી દીધું હતું; અને હમણાં તેઓ ધવલગિરિ નામના ઉંચા અને લાંબી હારવાળા પર્વતની તળેટીમાં થઇને મુસાફરી કરતાં હતાં. આ ઉભા ઢોળાવવાળા પર્વતની આલુએ અને તળેટીમાં ઉંચાં ઝાડો અને ભયાનક જંગલ દેખાતાં હતાં. સંધ્યા ફેલાવું ધીમે પગલે આગમન થતું હતું; અને રાતને વખતે આરામ લેવાને માટે કોઇ ગામડાની શોધમાં ઝીણી નજરે લાંબે સુધી આસપાસના પ્રદેશ ઉપર અસાધારણ મુગલ ઉત્સાહપૂર્વ ફરેરે જોયા કરતું હતું.

પશ્ચિમ દિશામાં આકાશ લાલ રંગે રંગાઇ રહ્યું હતું અને એક હારેલા વીર યોદ્ધાની પેઠે પ્રચંડ સૂર્ય સ્થિતિમાં ડુબી જતો હતો. આપણા મુસાફરોએ આગળ વધવાનું જારી રાખ્યું. જેમ જેમ તેઓ પર્વતની નજીક પહોંચતાં ગયા તેમ તેમ આસપાસના દેખાવોનો રંગ બદલાતો ગયો. થોડા વખત પહેલાં રમણીય લાગતું જંગલ ભયાનક દેખાવા લાગ્યું. સૂર્ય પ્રભાવથી ચળકતા આકાશમાં સ્થામતા પ્રસરી રહી; અને ચોતરફ અંધકાર ફેલાઇ ગયો. આ અંધકારે તેમનાં વ્યાકુળ બનાવી મૂક્યાં. પરંતુ આ વિલક્ષણ સ્થિતિનો તેમનો તેમને લાં વખત સુધી અનુભવ કરવો પડ્યો નહિ; કારણ કે થોડા જ આકાશમાંનાં કાળાં વાદળાંઓ રૂપેરી રંગનાં થતાં ગયાં; સફેદ કીરણો વાતાવરણમાં ઓતપ્રોત મળી જતાં જણાયાં અને, દૂર આકાશને મળી જતી ધવલગિરિની ભીહામણી ઉંચી હારો ચંદ્રનું અનુપમ દૃશ્ય ચક્ષુ સમક્ષ ખડું થયું. ધીમા અને અણધેય ચંદ્રદેવ આકાશમાં વિહરતા ગયા, અગાધ જંગલ ભેદીને રૂપેરી કિરણો ધવલતા પ્રસરાવી દીધી.

"વ્હાલા પ્રસન્ન, મને લાગે છે કે આપણે રસ્તો ભૂલી છીએ," ઘોડાને પોતાના સાથીની એક નજીક લાવતાં તે કહ્યું. કુદરતી રીતે જ બીજી સ્ત્રીઓ કરતાં તેણીમાં હિંમત વીરતા પ્રધાન હતાં, તો પણ આસપાસનાં શાંત પણ ભવ્ય દેખાવ તેણીના નાજુક અંતઃકરણ ઉપર એટલી બધી ગંભીર અસર થઇ કે જેથી કરીને થોડી વાર માટે તેણીનું ચિત્ત અસ્વસ્થ થઈ ગયું.

"વ્હાલી મનોરમા, આપણે આડે રસ્તે દોરવાયાં હોઇએ એ તારૂં માનવું ખોટું છે," તે સાથે પુરુષે બાલા ધીમા પણ માયાળુ અવા કહ્યું અને સ્નેહભીની નજરે તેણીના તરફ જોઇ રહ્યો; કારણ કે તે પ્રિયતમાનો અવાજ જો કે મરદાની ભર્યો પણ સત્કારી અને મીઠો હ અને પ્રસન્નગિરિનો આત્મા આ મંજુલ રવથકારથી નાચી ઉઠતો. બોલ્યો, "આ રાજમાર્ગ છે અને વીરપુરની ધર્મશાળાના માણ આપણને ચોક્કસ ખબર આપી હતી કે રાત પડતાં અગાઉ ગામડામાં આપણે પહોંચી જઈશું."

"પણ વીરપુરથી નીકળ્યા પછી પૈસાં ખુંચ્યાં પાસે આ લગભગ એક કલાક સુધી થોભ્યાં, તેણીએ કહ્યું, "અને આપણ સૂચના આપતી વખતે તે ધર્મશાળાનો ભૌતિક આબાદ ખ્યાલ ન લે એ બનવા જોગ છે."

આ સાંભળી ગદ્‌ગદ કંઠે પ્રસન્નગિરિ બોલી ઉઠ્યો, "આ મારીજ ભૂલ થયેલી છે, અને તેથી મારૂં હૃદય વધુ જ દુઃખાય કારણ કે ભોમિયો મળતો હતો છતાં મારા પોતાના ઉપર વિશ્વાસ રા તેની મદદ લેવાની મેં જરૂર ન જોઇ. કદાચ મારી મૂર્ખાઇને પરિણ આ નિર્જન વનમાં કકડતી ઠંડીમાં તારે આંખી રાત ગાળવી પડશે

"ના, ના, પ્રસન્ન ! મારે માટે તું જરા પણ દુઃખી ન થઈ એટલા બને તેટલા મધુર અવાજે તેણીએ કહ્યું. "મારૂં શરીર મજબુ અને તંદુરસ્ત છે પણ વ્હાલા, તું તો નબળો અને પીડાતો—"

"કદી નહિ, રમણી ! જ્યાં સુધી તું મારી સાથે છે અને તા રક્ષક તરીકે દૈવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું છે ત્યાં સુધી મા શક્તિઓમાં રાક્ષસી બળ રહેલું છે, અને મારો લુચ્ચો. અપ્રતિમ છે લુચ્ચું અવાજે બોલી ઉઠ્યો અને તેના બાંધા હાથે સુધી જંગલમાં પ ઇશા. "મારે ચાલ, આપણે બોલા પ્રકારથી દોરાયા મૂર્ખ અને જે એક કલાક રસ્તામાં ગુમાવ્યો છે તેનો બદલો વાળી આપી

મને આ અસહ્ય ઠંડીમાંથી બચવાને ઘોડા જ વખતમાં કોઈ સુરક્ષિત સ્થાન મેળવી શકીશું."

આટલું બોલીને પ્રસન્ને પોતાના ઘોડાને ઝોરી મારી દોડાવી મૂક્યો અને મનોરમા પણ તેની બાજુએ જઈ રહી.

તેમની જમણી બાજુએ ઉજ્જડ અને વેરાન દેખાતું બર્ફાકર મંગલ આવી રહ્યું હતું, અને ખીલેલી ચાંદનીમાં પડતા તેના ઓળા ધારદાર ભીંતોમાંથી લાગતા હતા; અને ડાબી બાજુએ આવેલું ગાઢું અને જળાધ જંગલ ધીમે ધીમે ઘવલગિરિની ટેકરીઓના ઢોળાવ ઉપર પડતું ચઢતું આખરે તેના ઉંચા શિખરોની સાથે ભુરા આકાશમાં ભળી જતું હતું.

તારાઓ આકાશમાં એક પછી એક બહાર આવતા હતા અને નેકારની વધતી જતી સત્તા અને ગૌરવની સાથે મંદ મંદ હસતે મુખે વેહારતા હતા.

આપણા મુસાફરો લગભગ આઠ માઈલ ચાલ્યા હશે એટલામાં ા દૂર ક્ષિતિજમાં ઝાંખા બળતા એક દીવા તેમણે જોયો. આ ગુલ ચેન્દ્રથી તેઓનાં મન પ્રફુલ્લ થયાં. તેઓની આખા દિવસની કંટાળા ારેલી મુસાફરીનો હવે અંત આવી લાગ્યો છે એવી તેમને પ્રતીતિ થઈ. તેમણે પોતાના પાણીદાર ઘોડાને હજી પણ વધારે ઝડપથી દોડાવ્યા અને ઘોડા જ વખતમાં તેઓ એક નાના અને ઘોડા જ ઝુંપડાવાળા ગામડામાં આવી પહોંચ્યા. રાત્રિના અંધકારમાં પણ આ ગામડાનો દેખાવ સ્પષ્ટ થતો હતો.

ગામડામાં જ્ઞાતિનું આધિપત્ય પ્રવર્તતું રહ્યું હતું અને ફક્ત ઘોડાના ુગના ડાઘલાના અવાજથી તેમાં ભંગ થતો હતો. કોઈ પણ દેકાણે એકાદ મનુષ્ય પણ દેખાતું ન હતું. બધાં ઘરોમાં એક જ જરા મોટું હતું અને તેના ઉપરના ભાગમાં એક બારીમાં દીવા બળતો હતો. આજ દીવો દૂરથી મુસાફરોને દેખાતો હતો. તેનું અજવાળું તે મકાનના બારણા ઉપર ટીંગાડેલા એક જુનાં પાટીયાં ઉપર પોતું' પોતું' પડતું હતું, જેને તે વંચીને જે મુસાફરો જાણી શકતા કે તે એક ધર્મશાળા હતી. આપણું યુગલ અહીં આવી પહોંચ્યું અને પ્રસન્ન તરત જ ઘોડા ઉપરથી કૂદી પડ્યો, અને ઝોરા અવાજ સાથે બારણું ઠોકયું. તરતજ એક બારી ઉઘડી અને ધર્મશાળાના રખેવાળે તેનું ઠોકું જાહેર કાઢયું.

"અમે મુસાફર છીએ અને આજની રાત માટે ઉતરવા દેવાની મહેરબાની ઇચ્છીએ છીએ," પ્રસન્ને કાંકરે દયામણે સ્વરે કહ્યું "માટે મહેરબાની કરીને તરત નીચે આવો. અને બારણા ઉઘાડી અમને દાખલ કરો. તમારા આ ઉપકારનો બદલો બહુ સારી રીતે વાળી આપવાને અમે ચુકશું નહિ."

ધર્મશાળાના રખેવાળે કહ્યું: "તમે મને બદલો ધન આપો તો પણ તમારી માગણીનો હું સ્વીકાર કરી શકું એમ નથી. વળી તમારી પાસે એક બી છે અને તેથી મારે તમને ખાસ કરીને આશ્રય આપવો જોઈએ, પણ ન છુટકે મારે તમને ના કહેવી પડે છે એને તેને માટે મને દુઃખ લાગી આવે છે. પણ આ ધર્મશાળા અત્યારે મુસાફરોથી ભરેલી છે, અને વળી આજની રાતે તો ખાસ કરીને કોઈ અજાણ્યા મુસ ર ઓને ઉતરવા દેવાની મારામાં હિંમત નથી."

"ત્યારે તો લાઇ સાહેબ, અહીં કોઈ એવું મકાન અમને બતાવો કે જ્યાં અમને આજની રાત પૂરી રહેવા પુરતી સગવડ મળે," પ્રસન્ન ગિરિએ નિરાશાથી કહ્યું કારણ કે છેક આવા જવાબની તેણે આશા રાખી ન હતી.

"આ બાબતમાં પણ તમને તો પાડવાની મને ફરજ પડે છે." તેણે પ્રત્યુત્તર આપ્યો. "આજે એક એક ઘર પરોણાઓથી ભરેલું છે. ખરેખર, જે આ મંડળ આવતી કાલ સવાર સુધી રહેવાનું છે તેને મહા મુશ્કેલીએ સગવડ કરી આપવી પડી છે અને કેટલીકને તો એક બહુ ઓની નજીકના કિલ્લામાં ઓકલવામાં આવી છે."

જે વિચિત્ર સ્થિતિમાં તે અને તેની પ્રિયતમા આવી પડ્યાં હતાં તેથી તો કે તે ગભરાઈ ગયો હતો તો પણ ઉપરના શબ્દો સાંભળતાં જ તેના અંતઃકરણમાં આશાનાં કોરણો ફરી આવ્યાં અને તે એકાએક બોલી ઉઠ્યોઃ "શું અહીં આટલામાં જ કોઈ કિલ્લો છે? ત્યારે તો હું ધારું છું કે અમે કોઈ સારા આધાર અને સગવડની આશા રાખી શકીએ."

"ભાઈ, જો તમને ચોગ્ય લાગે તો તપાસ કરો પણ મને તો તેને માટે શંકા છે," રખવાળે વાત ટુંકી બનાવવાના ઈરાદાથી કહ્યું, પરંતુ તેણે ઉમેર્યું કે, "આજે જે'ઓ મુસાફરો આવ્યા છે તેવા જ્યારે જ્યારે આવે છે ત્યારે ત્યારે કોઈ પણ ઘરધણી અજાણ્યા મુસાફરોને પોતાને ત્યાં ઉતારવાની હિંમત ધરી શકતો નથી."

વધતી જતી જીજ્ઞાસા અને અસહિષ્ણુતાથી પ્રસન્ને પૂછ્યું: "એવું તે કયું ઝી મંડળ છે કે જેણે બધી જ ભવની સગવડોનો ખજાનો રાખી લીધો છે?"

તેણે જવાબ આપ્યો, "એક સો કુંવરકાઓ—અવિવાહિત ઝીઓ" પછી તરતજ આ કંટાળા ભરેલી વાતચીતનો અંત આણવાની ઇચ્છાથી તેણે કહ્યું: "જો તમે અજવાળ જવા જ માગતા હો તો એક બહુ ઝણ ગુમાવ્યા વગર વેળાસર જઈ પહોંચો. બહીયો આશરે બે માઈલ ગયા પછી ડાબી બાજુએ વળી જઈ, અને પછી સીધે રસ્તે જ ત્યાં પહોંચી જશે."

આટલું કહીને તે રખેવાળે એકદમ બારી બંધ કરી દીધી અને તરતજ દીવો બુઝાતી નાખ્યો.

પ્રકરણ ૨ જું.

અજયગઢ.

ધર્મશાળાના રખવાળ તરફથી બતાવાયેલી અસહ્ય અપમાનયુક્ત તોછડાઈવાળી રીતભાતથી દુઃખદાયક ઉદ્ગાર પ્રસન્નના મુખમાંથી બહાર આવ્યો; પરંતુ એક ક્ષેમદાને છાજે એવા સમોટ ઉત્સાહથી આનંદયુક્ત આશાજનકવાળા શબ્દો મનોરમ ના મુખમાંથી એકદમ સરી પડ્યાં. પ્રસન્ન

ખિલ વદને ઘોડા ઉપર બેઠો કહેલા કિલ્લા તરફ તેમની પ્રયાણ કર્યું.

તેના મનમાં જે ભીતાએ ગોઠી ગઇલાંગ સર કરી હતી તે વિષે બોલતાં પ્રસન્નગિરિએ કહ્યું:—" સો કન્યાઓ! આવું કહેવામાં તે માણસનો શો હેતુ હશે અને તેણે કોને ઉદ્દેશીને કહ્યું હશે?"

" આ બેદ સમજવામાં હું પણ તમારા જેટલીજ મુંઝવણમાં છું" મનોરમાએ જવાબ્યું. "હું ખાતરીથી કહું છું કે રખવાળે જ્યારે સો કન્યાઓ વિષે આપણને કહ્યું ત્યારે આપણે આ પ્રદેશમાં છેક અજાણ્યા અને નવા હોઈએ એમ એમ તેણે નહિ ધાર્યું હોય. તે એથી જ વારવાર બોલ્યો હોવો જોઇએ કે આપણને સગવડ નહિ આપવા માટે તેણે જે કારણ બતાવ્યું તે આપણને બાજબી લાગે."

" બરાબર; અને તેની વાતચીત ઉપરથી આપણે એટલું પણ ભવિષ્યને માટે ધ્યાનમાં રાખવાનું છે જ્યાં જ્યાં તે સો કન્યાઓ રાતે ઉતરે છે ત્યાં ત્યાં કોઇ પણ મુસાફરે જરા પણ સગવડની આશા રાખવી ડોગર છે;" પ્રસન્ને ઉમેર્યું; " પણ અજવાળ જવાને રસ્તો અહીંથી જ ફંટાતો લાગે છે."

મનોરમાએ મંજુલ સ્વરે કહ્યું, " મને આશા છે કે ત્યાં વધારે સવાર મળશે. "

મુસાફરોએ તેઓના ઘોડા ઘેરી રસ્તા ઉપરથી બાજુએ વાળ્યા અને એક સાંકડી નેળમાં થઇને ચાલવા માંડ્યું. તેમને લાગ્યું કે આ રસ્તો પવતવિસ્તારના વિકટ જંગલ તરફ જાય છે. રસ્તાની બન્ને બાજુએ ઉંચાં અને ઘટાવાળાં ઝાડ હતાં; અને તેમની શાખાઓ રસ્તાની મધ્યમાં ઢળે મળી હતી. પંદરસોળ ભરાયા એટલો બધો હતો કે અંધારું કૂબજ વાળું તેને બેદી નાખવા અશક્ત હતું. આથી આ સાંકડી નેળમાં તે ઋતુની અમાવાસ્યાનો પ્રત્યક્ષ અનુભવ થતો હતો.

જેમ જેમ પ્રસન્ન અને મનોરમા આગળ વધતાં ગયાં તેમ તેમ આ ઝાડ રસ્તો ઉંચો જતો હોય એમ જણાવ્યું. ધીમે ધીમે આ રસ્તો ચઢતો ગયો ઉંચો અને ઉંચો થતાંવચાળો આવ્યો કે તેમના ઘોડાએ હાંફી ગયા આ કઠિનતા ભરેલી મુસાફરીને તરત અંત આવે એવું તેઓ ખરા હૃદયથી ઇચ્છતા હતા પરંતુ અન્યોન્યની ઉત્સાહ સતેજ રાખવાને તેઓ આવી વચનની વાતો કર્યા કરતાં હતાં. આ પ્રમાણે તેઓએ અઘરો કલાક વાવ્યા કર્યું અને તેઓના ઘોડા પણ તદન થાકી ગયા એટલામાં તેઓને ઘોડે દૂર અંધારું અજવાળું દેખાયું અને ઘોડી જ વારમાં તેઓ આ અંધકારવાળી સાંકડી ગલીમાંથી બહાર આવ્યાં.

ખુલ્લા આકાશ આવ્યા પછી તેમને દેખાયું કે પવતવિસ્તારની જે ટેકરીઓ દ્વારકાના ગોળાકારમાં દેખાતી હતી તેમાંની પહેલી ટેકરીને મથાળે તેઓ આવી લાગ્યાં હતાં. અહીં ઝાડી પુરી થઇ હતી અને ટેકરીનું મથાળું તદન ખુલ્લું હતું, પણ તેમની અગાડી પાછી ઝાડી ઝાંખી થતી હતી. આ ટેકરીનું મથાળું પહોળું અને ખડકાળું હતું પણ ઘોડાને માટે સુંદર રસ્તો તેમાં બનાવવામાં આવેલો હતો.

આ વખતે આકાશ વાદળથી છવાઈ જતું હતું, મંદ અને તાસ્રો દેખાન જતા હતા, અને વરસાદના મોટા છાંટા ધીમે ધીમે પડતા હતા. પાસેની ઝાડીમાંથી પવન સુસવાટ કરી રહ્યો હતો અને આવી બીજા ચિન્હો ભયંકર તોફાનની આગાહી કરતાં હતાં. પણ ઘોડે ચાલ્યા પછી દૂરથી દેખાતા ઝબકારા ટીવાએ તેમનામાં નવો ઉત્પન્ન કર્યો. પ્રથમ કેટલીક ક્ષણો આકાર વગરની વસ્તુઓ દ્વારજ ઉભેલી દેખાઇ; પણ જેમ જેમ તેઓ આગળ વધતાં ગયાં તેમ તેમ ક્ષણો હારોહાર કિલ્લાની દિવાલોમાં રૂપાંતર થતું ગયું; અને પછી તો કિલ્લાની મજબુત દીવાલ, બુરજ, મિનારો વિગેરે સ્પષ્ટતાથી દેખ લાગ્યાં.

મુસાફરો ઘોડી જ વારમાં તે કિલ્લાના લોખંડી ઉંચા દરવાજા આગળ પહોંચ્યા અને પ્રસન્ને ઘોડા ઉપરથી ઉતરીને બારણા પાસે કેટલી લોઢાની સાંકળ ખેંચી. થોડી જ ક્ષણમાં દરવાજાની એક ન ભારી ઉઘડી અને તેમાં થઇને દીવાનું અજવાળું બહાર આવ્યું. તરત એક માણસે તેનું ડોકું બહાર કાઢ્યું અને કોઇ અવાજે સાંકળ ખે વાનું કારણ પૂછ્યું.

"આ બી અને મારે માટે ફક્ત આજની રાત વિશ્રામ સ્થ અથવા તો ઉતરે આ સ્ત્રીને જ માટે," પ્રસન્ને દ્વાર' સ્વરે કહ્યું "પરમેશ્વરની ખાતર અમને નિરાશ ન કરશો; કારણ કે અમે આ દિવસ મુસાફરી કરી છે અને નજીકના ગામમાંથી અમને સખત આ માનતા કરવા અનુભવ થયો છે. વળી તોફાન વધતું જાય છે, આ વૃદ્ધ શ્રમથી છેક થાકી ગઇ છે અને—

"બરોબર ભાઇ, ત્યાં તમને ઉતરવા દેવાની કેમ ના પાડી કારણ હું સમજ્યો," તે માણસ મોટા સ્વરે વચ્ચે બોલી ઉઠ્યો અ કહ્યું; "અને તે જ કારણે તમારે અહીંઆ દ્વાર હરવામાં નડતર છે; પણ જ્યારે તમે કહો છો કે વરસાદનું તોફાન વધતું જાય છે અ તમને આરામ મળે એવું કોઇ પણ સ્થાન આટલામાં નથી અને વ તે ઓને આ ભય કર જંગલમાં વરસાદના તોફાનમાં રાત કાઢવી એ પણ મને અયોગ્ય અને ઘણું નિર્દયતાભર્યું લાગે છે."

"મારા ભલા દોસ્ત, તું સત્ય કહે છે," ઘણા જ આશ્ચર્ય ભરા મીઠા અવાજે પ્રસન્ન બોલી ઉઠ્યો. "અમને આશરો આપ અને તેમનું બદલો જેવો તેવો નજીવો ન ધારીશ."

"પણ મારે તો આ લેખમ મારી છાતીના બોજે જ ખેડવાનું છે તે માણસે ધીમા અવાજે કહ્યું. વળી તેણે થોડી વાર વિચાર કર્યો તમને દાખલ કરવા જ એવા હેતુસર નિશ્ચય ઉપર આવ્યો જ હોવાથી જણાવ્યું, "એ તમારે રહેવાની ઇચ્છા હોય તો પ્રથમ મને વચન આપો કે જે જગાએ હું તમને રાખું તે જગાં છોડીને મા પૂછ્યા સિવાય જરા પણ આઘાપાછા થવું નહિ, અને આ વિ ખાસ કરીને આજની જ રાત તમે ગાળો હતી એવું ભવિષ્યમાં કા. પણ કરવું નહિ."

(અપૂર્ણ)

પ્રિય વાચક! આપણા આ બે મુસાફરો કોણ હ પેલી સો કુમારિકાઓનો ભેદ શું હતો? શા માટે પેલો વા ણ તેમને આશરો આપવા આનાકાની કરતો હતો! વગે ભેદ જાણવા માટે અમારો તા૦ ૨૦-૪-૨૪ નો અંક વાંચો.

મુંબઈનું રાત્રિ-રહસ્ય.

(લેખનારઃ—ગુપ્તદૂત.)

થોડો માર્ગદર્શક ખુલાસો.

આ જગત ઉત્પન્ન થયું ત્યારથી જ નીતિ અને અનીતિની ઉત્પત્તિ થઈ છે. દિવસના પ્રકાશે પડી રાત્રિનો અંધકાર છુપાઈ રહેલો છે. તેવી જ રીતે ધર્મની પાછળ અધર્મનું પણ અસ્તિત્વ હોય

આ લાયા લેખમાં સુવિસ્તૃત મોહમયી અર્થાત્ મુંબઈ નગરીમાં તેના રાતના રોમાંચિકર, અદ્ભુત બનાવોનું ક્રમશઃ વર્ણન આપવા એ જે નગરી વર્તમાનકાળના ભારતવર્ષની સર્વશ્રેષ્ઠ સંપદ ગણાય છે, આબાદ કળામાં, દૂનર ઉદ્યોગમાં, જ્ઞાન વિજ્ઞાનમાં જે નગર એ ઉત્તમ પંક્તિનું ગણાય છે એ જ નગરમાં રાતના વખતે કેવા થકર, અનીતિવર્દ્ધક અને ખૂની બનાવો બને છે તેનો હેવાલ દરેક બ્રાવિણીના જાણવામાં આવે તથા એ હેવાલ જાણી દરકોઈ એવા વસેલુ બનાવોથી સાવધાન રહી શકે એ ઉદ્દેશથી આ લેખ લખવાની રણા થઇ છે. લેખક)

કોર્નર આન્ટરોડ.

આ રસ્તો ભાગ્યેજ કોઈ મુંબઈવાસીથી અજાણ્યો હશે કેટલાક ાણસો તો આ સ્થળને કળિયુગનું સ્વર્ગ કિંવા આગે બિલ્ડિંગ માને છે. જ-શોખ અને વિલાસ વિલવતા, ખાનપાન અને ગાનતાનના, અગણ્ય ગમ અને ભોગ વિલાસના સાધનોની એ કોઇ પણ સ્થળે વિપુલતા ય તે તે આ સ્થળ છે. મુ પાછળ કેટલાક નામીચા (!) લતા-નું આ દ્વન્દ્વયુદ્ધ અર્થાત્ મવિસ્થળ છે એક આનામા બાદશાહી ાવવાની ઈચ્છા રાખનારથી બારબીને એક ગતમાં પાચનો હજાર પયાનું પાણી કરી નાખનાર મહાનુભાવો (!) નું આ સ્થળે રાતના ાઢ વાગ્યા પછી ખાસ અતિત્વ જોવામા આવે છે. સંખ્યાબંધ ી દારુની દુકાનો, વિલાયતી બાર રુમ્સ, બિલીયર્ડ્સ, ઠિ ફુ ઉપરાંત-ચુહેા ને બોજન—ચુહેા, ઈરાની હોટેલો, ગુજરાતી, પારસી, ઉર્દુ તથા મરાઠી ટકશુળાઓ, સ્ત્રીનિમાઓ, ઠિ ફુરાવાનારી તથા વિદેશી ભિન્ન ભિન્ન નિગ્રેસની ગાનારીઓ તથા નથે મેજનારીઓ, ખાસ્સા-દાતરીઓ અને ીઓ, હમ્મરપટ્ટા માલ વેચનાર ફેરીવાળાઓ વગેરે સહુના સાધારણ ા બ્યાનની વિવિધતા રૂપ એકદશી બધી વધી ગયા છે કે, જાણે ર્ગની સાથે જીવત દેહરુપ એક રથને હોય એવો સ્પષ્ટ ભાસ થાય

આખા દિવસના પરિશ્રમથી થાકી ગયેલા વેપારનો ધામધૂમ કરી રસ બની ગયેલા, મોટા, જુગાર અને રેસ-કોર્સમાં પાયમાલ થઇ ા, વારંવાર નાસ્તિનીઓની એજન્સી લઈ બરાક શોધવા નીકળેલા ત્રિ તથા ઉચ્ચ સ્થિતિના વિવિધ જાતીના માણસોથી આ સ્થાન ના વખતે ચોકાર ભર્યું ભર્યું ક. બાપોને પૈસે તાજ પીનારા કબ્બાર બદ્ધાઓ પણ મોટર—જેવી કિંવા વિક્ટોરીયા લઈ આ સ્થળે ધમા નજરે પડે છે.

દિવસે વર્તમાનપત્રમાં ફોલ્મોનાં ફોલ્મો ભરી સંસાર રાજનૈતિક ચળવળ, ધર્મતત્ત્વનું વિશ્લેષણ વગેરે વિષયો ઉપર બે લખનારાઓ, હોમરૂલ અને સ્વરાજ્ય સંબંધી વ્યાખ્યાનો આપનાર ઓ, કવિઓ, કથાકારો, ખબર-પત્રીઓ વગેરેમાંથી કોઈ કોઇ પુરુષદર્શન રાતને વખતે આ સ્થળે અવશ્ય થાય છે જ. આ બોડકણકમાં કોઇ કોઇ છુપી પોલીસનો અમલદાર વેશ બદલી પોતાની તીક્ષ્ણ દૃષ્ટિને આસપાસ ફેરવી શિકાર શોધતો નજરે પડે છે. વાચ-કોને પ્રથમ અમે એક ઈન્વિટ્રા બારમા લઈ જઈશું તથા બારમા ચાલી રહેલી લીલાનું દર્શન કરાવ્યા પછી તેમને અન્ય સ્થળનું દર્શન કરાવીશું.

કોર્નર આન્ટરોડ પાસે જ એક બાર આવેલું છે, ગ્રેન્ડી, બ્રીસ્કી, બીર, પોર્ટવાઇન, ઈન્વિસ્કી રમ, શેરી વગેરે ભિન્ન ભિન્ન જાતના દારૂઓથી દુકાનના કબાટ ભરેલા છે. બેસવા માટે ખુરસી ટેબલોની વિપુલતા છે. બધુ બાર વિજળીના પખા ઝડપથી ફર્યા કરે છે સ્થળે સ્થળે બેસેલા બેયરોની બૂમો પુરવાના અવાજ સંભળાય છે. બેસવામાં બધુ ગુજરાતીઓએ બારની અંદર પ્રવેશ કર્યો. અત્રે અમે એ મહાનુભા યોના ખરાં નામ નહિ આપતા કલ્પિત નામ જ આપીશું. એ બધુ માણસોમાથી એકની ઉમ્મર બગલગ બીસ વર્ષની હોઈ તે વિદ્યાવ્યાસ્ગ્રજુએટ પરીક્ષા આપી બેરિસ્ટર થઇ આવ્યો છે, તેનું નામ વીરચંદ છે. બીજો માણસની ઉમર ચાલીસ વર્ષની હોઇ તે એક ગુજરાતી માસિક પત્રનો તંત્રી હોઇ તેનું નામ પ્રેમલાલ છે ત્રીજો માણસ પણ બીસ ત્રીસ-વર્ષની ઉમ્મરનો હોઈ તે એક ગુજરાતી કવિ હોઈ તેનુ ઉપનામ ચકમ છે. બધુ જણામાથી એક નાગર, બીજો વણિક અને ત્રીજો બ્રાહ્મણ છે.

બધો જણાએ બારમાં પ્રવેશ કરી એક ટેબલની આસપાસ પડેલી ખુરસીઓ ઉપર આસન વીધા. પ્રાણવાલે બોયને ટેસ્ટે બાટલીનો એક બોટલ લાવવાનો ઓર્ડર આપ્યો. તે સાથે ભયીયારને ગરમા ગરમ સમોસા બનાવી લાવવાનો હુકમ કર્યો

પાચ મિનિટમાંજ સર્વનારાકાંક્ષિણી સુરાસુંદરી જુદા જુદા બધુ પ્રકારોમા રેડવામા આવી તેમા બેરાએ મિશ્રણ થયા પછી એક બીજાની તંદુરસ્તી ઇચ્છી ત્રિપુટીએ સુરાપાન કરવા માડ્યુ. મિ- ચકમનું એનુ આસપેટેટના પીપ જેવું હતું. એ બોલમા બેઠા દાની અસર જતા તે પુર જોશથી બોલી ઉઠ્યું હતું. બ્યાનની થોડી સુરા ઉદરસ્થ કર્યા પછી ચકમ બોલી ઉઠ્યો —"મિ પ્રાણવા ! ટે ન્હને એક અપૂર્વ અને અદ્વિતીય કવિતા રચવી આવી છે. હું તમારા માસિક માટે એક સુંદર ભારપૂર્વ કાવ્ય લખાવું છું તે તમે ઉતારી લો."

પ્રાણવાલે લખવા માડ્યુ. ચકમ દ્વારભાવથી બોલવા લાગ્યો.—

"પુરુષ-પુંજ-પ્રકટ દેવિ સ્વૈરિણિ,
ધર્મ અર્થ કામ મોક્ષ-પ્રસૈરિનિ,
સકળ સુવક-વૃંદ ધ્વંસકારિણિ,
સાખી પુંજ ચિત્ત દુ:ખદાયિનિ!

નાસ્તિ ધર્મ નાસ્તિ કર્મ પાપિનિ,
કૃષ્ણ—જીહ્વ—દુષ્ટ—કાલસાપિનિ,
દંશધાર કીટ-કુંડ—યાતિનિ,
વાર વાર લક્ષ લાગનાશિનિ !
નૃત્ય ગીત હાવ ભાવ ચાતિનિ,
પાપ—તાપ—પુણ્યમાલ્ય ચાતિનિ,
ટંકી લેંગ્યે ગાઢી જેની હાકિનિ,
બુદ્ધિ શરીર સકલધ્વંસ કારિણિ !
કાન્ય દેશજન્મ મધ્ય લોભિનિ,
તરલ તુજ રંગ અંગ શોભિનિ,
પાપ કંઠ વિત્ત ભન રંજિણિ,
શરીર હાડ થાય સ્નેહ સંજિનિ!

કાવ્ય લખી રહ્યા પછી પ્રાણલાલે તેની ઘણી પ્રશંસા કરી. પીને પીને હીરાલાલની જીભ પણ ખુલવા માંડી. પ્રાણલાલે કહ્યું: "બિન હીરાલાલ ! મદ્યપાન સંબંધી તમારો અભિપ્રાય શું છે?"

હીરાલાલે સિગારેટ સાથે અગ્નિ સંયોગ કરી કહ્યું:—"જો કે નાસ્તિકસભાઓ અને વ્યાખ્યાનોમાં હું મદ્યપાનનો ખૂબ નિષેધ કરું છું, સરકારના આબકારી વિભાગની ઘણી કડક સમાલોચના કરું છું; પરંતુ એ બધું કેવળ નામના મેળવવા માટે છે. અસલીયે વસ્તુસ્થિતિ સાથે મારું દેખાડું, દોઢમાં લાંબાલાંબાં ભાષણો કરી છેવટે એટલો બધો કંટાળો ઉપજે છે કે, રાતને વખતે પોતું સ્વાસ્થ્યપાન કર્યા સિવાય આહાર કરવાની ઇચ્છા થતી નથી તથા નિદ્રા પણ આવતી નથી. વિલાયતમાં હું ઘણી સોસાયટીઓમાં ફર્યો છું. ત્યાં નિર્ભત્સ કરનાર વક્તિનું કોઈ પણ રીતે અપમાન કરી શકાતું નથી. જે નિયમ પ્રમાણે દરેની અંદર મદ્યપાન કરવામાં આવે તો તેથી શરીરને નુકસાન નહિ થતાં ઊલટાજ થાય છે."

ચક્રમનું બોલ્યું ધીમે ધીમે વિશેષ બગડવા લાગ્યું હતું. તેને બબડેલું પોતું જ્ઞાન હતું. તે બોલ્યો:—

Little learning is a dangerous thing,
Drink deep or taste not the pierian spring.

આ વખતે pierian નો અર્થ પીપ કરવાનો છે. સાકી અને શરાબ એજ કવિઓનાં અપૂર્વ કાવ્યોની ગામગી છે. 'મદિરાપ્રતાપ' નામનું બ્હારે નવીન નાટક બોલા કાળમાં નહુલેશ્વર ગામીની 'ગુજરાતે હિતવર્ધક નાટક કંપનીમાં' બજવવામાં આવનાર છે. એમાં આ વિષયને રહે એવા સુંદર ભાવમાં રજુ કર્યો છે કે જોનાં આબકારના ઉદ્ગાર ગૂજનો મુખમાંથી પણ બ્હાર નીકળ્યા સિવાય રહે નહિ. બે ચાર દૈનિક વર્તમાન-પત્રો જેવાં કે, "ગુજરે ગલમિત્ર" "ભમે હિંદુસ્તાન" વગેરેના રીપોર્ટરોને અભિપ્રાયો માટે મફત પાસ મોકલી આપવામાં આવશે. પછી એ પત્રોમાં જે અભિપ્રાયો પ્રસિદ્ધ થશે તેથી બ્હારી ખાતરી વિશ્વસંસારમાં વ્યાપ્ત થવા ઉપરાંત માલિકના બીરસાનો બબુ-બબ્બાટ વધી જવાનો સંપૂર્ણ સંભવ છે."

"હું પાછો જાઉં છું, બ્હને પણ એક પાસ ગળી શકશે" પ્રાણલાલે પોતાની કેફિયત પ્રકટિત કરી.

"કવિરાજના, ડાયરેક્ટરના અને માલિકના મિત્રો માટે રાખ્યા વગરની ટિકીટો મુખપક્ષ ખાતા તરીકે બાજુ રાખી મૂકવામાં છે. કંપનીના તેબુદ્વારા જેવા કે હા. ધનજીભાઇ પુંજા દેસાઈ કા વેપારી, અરદેસર માણેકજી દારૂવાલા વિલાયતી દારૂની દુકાનના હજારીમલ કિસોરમલ મારવાડી ઓળા (!) આને બીજા વગેરે ઉપરાંત કેટલાક એકટરો પોતાની અખંડ સૌભાગ્યવતીને લઇ આવી આ ઑસ્પેક્ટાનો કલાકસમાં બેસાડે છે."

સ્હામી બાજુએ ઉર્દુ નાટક કંપનીનો એક એકટર તેના પારસી મિત્રો સાથે સુરાપાન કરતો હતો. તેણે જવાબમાં મળી આખી બૉટલ આવી કરી હતી. પેલો મુસલમાન એકટર કવિરાજ મધુ લેવું બાકય સાંભળી રાતો પીળો થઇ ગયો. તે બોલી ઉ "અરે એ મવાલી ! તું શું બકે છે?" આમ કહી તે ઉઠી, ચક્રમ આગળ. ચક્રમનું બોલવું વિશેષ ઝનેવું લોહી હીરાલાલ ઉડી ગયો. ચક્રમે પેલા એકટરને ઉદ્દેશી કહ્યું:—"ચક્રમ છે—ચક્રમ છે ચક્રમ છે. બ્હારા જેવા એક આગણ્ય કવિરાજને તું મવાલી કહે બ્હારી કંપનીમાં દશ પગારો છે. તેમની પાસે તું તારાં ખીમે ન કરાવું તો મારું નામ ચક્રમ નહિ."

હવે પેલા એકટરનો એક પારસી મિત્ર બોલી ઉઠ્યો:—"જ લોયો તને. કહેતાને કુતી મારી તારા જેવા બનાવ કવિઓ આ મુંબઇની ગતરોમાંથી પ્રતી નીકલીયા છ."

ધીમે ધીમે વિવાદ વધી ગયો અને અશ્લીલ સંબોધનોનો ઉ પક્ષ તરફથી ઉપયોગ થવા માંડ્યો. પ્રાણલાલ મહા મુસીબતે ચ સમજવી બ્હાર લઇ ગયો. બન્નેના પક્ષ લથડતા હતા. લથડતે પગે ને સુધી ગયા પછી ચક્રમ બોલ્યો:—"દોસ્ત પ્રાણલાલ ! સંબંધને બ્હારાથી કદાચ કુંભારીને તમને બોલાવવ તો તમે બે હું લગાડશો ન ચાલો, આજે આપણે એક રથમે જાનવાન સાંજળવા જઇએ."

પ્રાણલાલ ચક્રમ પ્રસ્તાવિને હતો. તે ચક્રમની બબ્બાને વ તેની સાથે જવા લાગ્યો. બન્ને જણા કોર્નર આન્ટરોડથી ગોળ તરફ જવાને રસ્તે આવ્યા વધ્યા. બે મિનિટ પછી રસ્તાની ઉપર આવેલા એક જણ મજવાના મકાન પાસે તેઓ ઉપસ્થિત નીચે જોલખાના જેવી બેઠકોના સજાવાળી અને ઓરડીઓમાં કુ દ્વારબાવ કરતી અધમ પંક્તિની વેશ્યાઓ ઉભેલી હોવ તેઓ દરવાજ અને નેત્રસંકેતથી રસ્તે જતા આવતા પુરૂષોને આકર્ષવાનો પ્રયત્ન હતી. મકાનની એક બાજુએ એક ગલી આવેલી હોવ એ જવાનો દ્વાર ગલીમાં પડતો હતો. ચક્રમ અંધકારની વિશેષતાને ગલીમાં આવેલા મકાનની દિવાલ સાથે અફળાયો. પ્રાણલાલે તેને પકડી તેને ઉંચો લીધો. પછી બન્ને જણા દ્વાર ચડી પહેલે ગયા. એ પડેલા માળના પાછળના ભાગનો બન્ને જણી મોટી. બ હતી. તેમાં ત્રણ ચાર વારવિલાસિનીઓ પાન ખાતી ઉભી બન્નમાં દીપકના પ્રકાશનો વિશેષ વિસ્તાર નહિ હોવાથી એ ઓ સુંદરતાની પરીક્ષા થઇ શકે તેમ નહોતી; ખાં તેમણે ભદ્દાં ઉપર રાખેલી જોયે ચાઉર ચોળ્યો હતો તે રપષ્ટ જોઈ શકાતું હતું.

(વધુ માટે જુવો તા. ૨૦-૮-૨૪ ના અંક.)

નારીરત્ન લુત્ફુન્નિસા.

અનુવાદકઃ—લલિતરાય જાદવજી વ્યાસ.

આપણી પ્રસ્તુત કથાની નાયિકા લુત્ફુન્નિસા બેગમ બંગાલ, બિહાર અને ઓરિસ્સાના સ્વતંત્ર અને છેવા નવાબ સિરાજની પ્રીતિપાત્ર બેગમ હતી. સિરાજ ઉપર વિપત્તિના પહાડ તુટી પડ્યા હતા. ચરનાંજ માણસો વિશ્વાસઘાતી બન્યા હતા, એને રાજલક્ષ્મીએ સિરાજનો ત્યાગ કર્યો હતો એવા પ્રસંગે એક માત્ર ગૃહલક્ષ્મી લુત્ફુન્નિસા પતિપરાયણ રહી હતી અને બેગમ તરીકેનું કર્તવ્ય પાલન કર્યું હતું. એવી સુશીલા દેવીનું ચરિત્ર, આ કથા વાંચનાર સ્ત્રી-પુરૂષોને અવશ્ય બોધપ્રદ થશે અને આત્મબળ અર્પી કર્તવ્યરત બનાવશે.

લુત્ફુન્નિસા કોઇ ગાદી કે અમીરી ખાનદાન કુટુંબમાં નહોતી જન્મી. તેના માતા પિતા કોણ હતાં અને તે ક્યાં જન્મી હતી એ કથા અંધારામાં જ છે. સિરાજના નાના (મોસો બાપ) અલીવર્દી-ખાનના સમયમાં તેને ખરીદી બેગમોના નિવાસમાં દાસી તરીકે નાખી હતી. તે અત્યંત સૌંદર્યવતી હતી, એટલા માટે વેચાતી લઇ તેને બેગમ નિવાસમાં રાખી હતી એ વખતે કોને ખબર હતી કે એ જ સૌંદર્યને લીધે, તે દાસીમાંથી બેગમ બની જશે? કોને ખબર હતી કે એ જ સામાન્ય દાસી, ખરીદાયેલી ગુલામ, પોતાની ઉત્કૃષ્ટ પતિભક્તિથી સતી સાધ્વીઓની પંક્તિમાં આવી અનુકરણીય ઉચ્ચ આદર્શને દાખલો બેસાડશે નહી?

લુત્ફુન્નિસા સુંદર, હસમુખી, ભોળી અને નિત્ય પ્રસન્ન ચિત્તવાળી બાલા હતી. - એ પ્રકૃતિથી જ બેગમ નિવાસની બધી બેગમો તેની ઉપર કૃપા દૃષ્ટિ રાખતી હતી અને ચાહતી હતી. તે પોતે પણ એ ગાઢી મહેલમાં નિર્જીવતાથી ફરતી રહેતી અને આનંદમાં દિવસો ગાળતી. વર્ષા ઋતુના પુષ્પ પર થતા ગુંજરવ ભારેક આ બાલા પણ ચારી વાટિકાઓમાં ઘૂમ મચાવતી.

પુષ્પ કહી, કહી કેટલે વખત રહી શકે! તડકા વર્ષાજ તે બીલી લઈ છે અને ખીલતાં તેની સુંદર શોભા અને સુગંધ ચહેજે બનતે લલચાવે છે. સમય જતાં લુત્ફુન્નિસાની પણ એ જ સ્થિતિ થઇ. યૌવનના આગમન સાથેજ એ બાલાનાં સ્વાભાવિક સૌંદર્ય માં કંઈક નવી જ ભા ભળી. બાલા મટી યુવતી બની. મુખ મંડલપર નવી જ તેજસ્વિતા આવી. બાલ્યચપળતા ઉડી ગઇ અને તેને સ્થાને અદરપ રીતે સ્વાભાવિક ગાંભીર્ય અને ધર્ય આવ્યાં. તેનામાં એક વિચિત્ર આકર્ષણ શક્તિ આવી ગઇ. તેની આંખની કાળી કીકી દૃષ્ટિ માત્રથી જોનારના દિલની વિચારક બની. યૌવનના બેગમમાં તેની મનોહારિણી અને ચંચલ છટાનો દિન પ્રતિ દિન વિકાસ થવા લાગ્યો.

તેના ખીલતા ચહેરા ઉપર નવાબના અંતઃપુરની વૃદ્ધ સ્ત્રીઓ પોતાની આંખો નાખી પોતાના યૌવન કાળનું સ્મરણ કરી મનમાં ખિન્ન બનતી. લુત્ફુન્નિસાની સખીઓ મલકાતા કહેતીઃ "ઓટો, જોતો તો ખરી!" ત્યારે લુત્ફુન્નિસા નેત્ર કટાક્ષ સાથે કહેતીઃ "કોન જોયે?" એની એ ખીલતી જુવાની પર અલીવર્દીખાનો દૌહિત્ર સિરાજ મોહી પડ્યો.

લુત્ફુન્નિસાની પણ એ જ સ્થિતિ થઇ. બન્ને એક પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવા લાગ્યાં. આ વાત વૃદ્ધ નવાબથી રહી. સિરાજ પર નવાબની એટલી બધી પ્રીતિ હતી કે તે જે તે તેને આપતો. સિરાજમાં આવેલા દોષોનું કારણ એ વૃદ્ધ ના પ્રીતિ હતું. અલીવર્દીખાને સિરાજની ઇચ્છા જોઇ, તેની સાથે પુર્ણીયાથી લુત્ફુન્નિસાનાં લગ્ન કરી દીધાં. એ દાસીનું ભાગ્ય આ અને તે બેગમ બની ગઇ. એનું નામ પ્રારબ્ધને બેસ્વ '

ઈ સ૦ ૧૭૫૬ માં ૮૦ વર્ષની ઉમરે અલીવર્દીખાન ' પામ્યો. સિરાજ કેવળ ૨૦ વર્ષની અવસ્થાએ બંગાલ, બિહાર ઓરિસ્સાના રાજ્ય સિંહાસનનો માલિક બન્યો. એ વખતે સિરાજ નિષ્કારણ દ્વેષ રાખનારાં રાજ્યમાં ઘણાં માણસો હતાં. સિરાજ ન થવાની સાથે જ એ લોકોએ અંદર અંદર તેની સામે ખટપટ શરૂ કરી દીધી. પરંતુ આ વાત સિરાજથી ગુપ્ત રહી નહિ. એ હમેશાં સાવચેત રહેતો અને પ્રપંચોને પણ વિશ્વાસ કરતો નહિ. તેણે એટલે સુધી સાવધાન રહેવાનો રસ્તો લીધો કે બેગમ ઉપર તેણે દેખરેખ રખાવી. એ અધિકારીઓના વિશ્વાસમાં સિરાજની એક માત્ર સંગીની લુત્ફુન્નિસા હતી એ દેવી ઉપર તેને પુરેપુરો વિશ્વાસ હતો અને તે હમેશા નવાબની પાસે રહી, તેની તન મનથી સેવા કરતી હતી જેની ઉપર પતિને આટલો વિશ્વાસ હોય એ દેવીના ચરિત્રને ધન્ય છે.

છેવટ સિરાજના મનમા હોવા જે વાતનો ખટકો રહેતો હતો એજ બન્યું. વૃદ્ધ નવાબ અલીવર્દીખાનો ભત્રીજો અને સિરાજના સેનાપતિ મીરજાફરે ધુવાન નવાબનો પુરેપુરો વિશ્વાસઘાત કર્યો. એ નિમકહરામે રાજ્યના લોભમાં પડી, પોતાનું નામ સ્વાર્થીદોષથી કલંકિત કર્યું. એટલું જ નહિ પરંતુ ભારતની સ્વાધીનતાના નાશમાં પણ દિલ્લી આપનાર તરીકે પોતાનું નામ કલંકિત કર્યું. ઇ૦ સ૦ ૧૭૫૭માં રોબર્ટ ક્લાઇવ સામે પોતાની વિદ્વાહ એના ખટી હોવા છતાં પ્લાસીના યુદ્ધમા નવાબની હાર થઇ. સિરાજ ત્યાંથી ભાગ્યો અને પોતાની રાજધાની મુર્શિદાબાદમાં પહોંચ્યો, પરંતુ ત્યાં પણ તેને પોતાની નબામદી ન જવાથી ત્યારે રાજમહેલ જનારો વિચાર કર્યો.

આ વખતે બધા લોકોએ સિરાજનો આશ્રય છોડી દીધો હતો. મિત્રો મોહ જ બતાવતા ન હતા. ત્રણ અસરો સિરાજનો પ્રાણ લેવા તૈયાર થયા હતા. કેવળ ચરણોમાં પડી રહેનારી એક કોમળાંગી અબળા સિરાજની જ રહેવાને તૈયાર હતી. એ અબળા તે જ પવિત્રહૃદયા સ્ત્રી લુત્ફુન્નિસા બેગમ હતી. એવા કઠણ સમયમાં, કષ્ટ ભોગવવાને તૈયાર બેઠેલ તેની મુશ્કે કરે પ્રસંગ કરવો પડે છે. સિરાજે તેને પોતાની સાથે આવતાં રોકી. વિપત્તિનો ખ્યાલ આપ્યો, રસ્તાનાં ભયંકર કષ્ટોનું વર્ણન કર્યું પરંતુ લુત્ફુન્નિસાએ જોજ કહ્યું કે —"બાદશા, તમે આમાં બચતો કેમ બોલો છો? હું તમારા સિવાય કમ રીતે રહી શકું? ગુલામ પોતાનો પડછાયો છોડી શકે તો જ આને પોતાથી છુટી કરી શકે. એ આપની સાથે સુખમાં દિવસો ગાળવા છે તો આપતા દુઃખોની પણ હું અવશ્ય ભાગીદાર છું" અને આગ્રહથી ના ન પાડી.

મા લોક તમજ પરલોકમાં તમેજ મારા દેવ છો, એ વાત ખ્યાલમાં રાખી હું આપની સેવામાં આનંદ માનું છું. તમારી સેવામાં રહેતાં તને સુખદુઃખની કશી ચીંતા નહિ થાય. તમારી સાથે આવવામાં મને ત્યાંયે દુઃખ નહિ થાય.''

પોતાની પ્રિયતમાનાં આ વચનો સાંભળી, તથા તેનું શોકાક્રાંત મુખ અને અશ્રુભર્યાં નેત્રો નિહાળી, સિરાજથી ન રહેવાયું. તેણે લુત્ફુન્નિસાને હૃદય સરસી લગારી અને એ રીતે સાથે આવવાની સંમતી આપી.

એવડા મોટા પ્રાંતનો સ્વતંત્ર સ્વામી, કેવળ પ્રાણરક્ષાને માટે, પોતાની બેગમને સાથે લઈ મધ્ય રાત્રે સાધારણ બળદનાં ગાડામાં બેસી ચાલી નીકળ્યો. જમીન રસ્તે જવા કરતાં તેને નદી રસ્તે જવું વધારે ઠીક લાગ્યું એટલે તે ભગવાન ગોલા પહોંચ્યો. એ ગામ મુર્શિદાબાદથી ઉત્તર દિશામાં આઠ સાત ગાઉ દૂર છે. ત્યાં પહોંચી સિરાજ, લુત્ફુન્નિસા અને બે ચાર મેવેકોને સાથે લઈ હાથમાં બેસી શુજાતહેલ રૂક ઉપડ્યો. નવાબનું પ્રારબ્ધ જ ઊલટું નહોતા તો તેને જમીન રસ્તે જવામાં લાભ હતો, કારણ કે હજી પણ નિમકહલાલ રહેલા કેટલા નવાબની હાકલ પડતાં તેની સાથે ભળી જાત અને એ પ્રમાણે સૈન્ય ફરી એકઠું થયા પછી નવ્વાબની સામે ઉભા રહેવાનું કોનું સામર્થ્ય? પરંતુ રસ્તામાં સખ્ત તાપ, ભૂખ, તૃષા અને ઉજાગરાનાં દુઃખો એમને વેઠવા પડ્યાં. જે લોકોને દુઃખ શી વસ્તુ છે તેનો ખ્યાલ પણ નહોતો, તેની આ અવસ્થા! ખરાકની એજ સ્થિતિ છે. કોળનો તિરસ્કાર કરવો વ્યર્થ છે. આપણે તેનાથી ઉપરેટ્ય ગ્રહણ કરી, હૃદય વેપત્તિ સહન કરે તેવું બનાવવું જોઇએ. આ કષ્ટો પર લેશ પણ ધ્યાન આપતાં લુત્ફુન્નિસાએ પોતાના પતિની ખૂબ સેવા કરી. સ્વાંગોને પોતાના કપડામાં છુપાવી, હૃદય વરસ્યા લગારી, તે તેને ટાઢક આપની સ્વામી કમ રીતે પ્રસન્ન થાય, એજ તે ભેવા કરતી.

ત્રણ દિવસ સુધી એક રારખું કષ્ટ સહ્યા પછી કોલેરા રાજ પતની પાસે જઈ પહોંચ્યાં. જે નવ્વાબ ખટ-ખટ ભોજનથી પણ નહોતો થતો એ નવ્વાબ ત્રણ દિવસથી ભૂખ્યો અને તૃષ્ણાતુર હતો. જેણે લુત્ફુન્નિસાને કર્યું:- "કપડાં રાંધીને ખવરાવ તો ખાઉં" એ ફકીરમાં જ દાનાશાહ નામની એક ભવ્ય ત્યાગી મૂર્તિએ ભારી કર્યું કે "હું બધી વ્યવસ્થા કરું છું, તમે નિશ્ચિંત રહો. પરંતુ ખરેર! કૂરેસાં નસીબની કહાણી-દાનાશાહ નવ્વાબને માટે તો ખરેખરો દુશ્મન જ નીવડ્યો. તેણે તો ગુપ્તચર નવ્વાબના દુશ્મનોને તેના આગમનના સમાચાર પહોંચાડી દીધા.

સમાચાર મળતાંજ મીરજાફરનો જમાઈ મીર કાસીમ અને તેનો ભાઇ શકરખાં, હકર સાથે સિરાજને પરાજય કરવા આવી પહોંચ્યા. જેનું ખુણ ખાઈ આ લોકો માતેલા બન્યા હતા, તેને જ કેદ કરીને બે કુતરાઓએ સ્વામીભક્તની ખાતરી (!) દુનિયાને કરાવી દીધી. મીર કાસીમે ઉતરતી, ધર્મકારી, લુત્ફુન્નિસાના અશ્રુ કારો ઉતરાવી કબજે કરી લીધા અને તેના ઘોર સાથીઓએ નવ્વાબની બીજી વસ્તુઓ લુંટી લીધી. જે લોકો એક દિવસ પૂર્વ કેવળ વૈભવયુક્ત નવ્વાબની પાસે બજાં બજ કરતા હતા, જેમને તે પોતાપર રાજી રહે એવી પ્રભુને પ્રાર્થના કરતા હતા, એ લોકો જ આજે એ જ નવ્વાબને મેલાં મારી તેના મર્મને ઘા રહ્યા હતા.

પાંજરામાં પુરાયલા કેસરી સિંહની માફક સિરાજ મુંગે મોઢે બધું સહી રહ્યો હતો. તેણે ધીમે સ્વરે કહ્યું:- "હું રાજપાટ, વૈભવ કે સેવક કંઈ પણ ઇચ્છતો નથી. મને નિર્વાહ માટે થોડી વાર્ષિક રકમ અને બંગાલના કોઈ રહેવાની જગ્યા આપો. હું કોઈ જગ્યાએ અશાન્તિ ઉત્પન્ન નહિ કરું.

ગઇ કાલે જ હજુ જે કુતરાઓ પર નવ્વાબ રાજ્ય કરતો હતો જેની કૃપાદૃષ્ટિ માટે હજુ ગઇ કાલેજ જે લોકો તલપાપડ થતાં હતા એજ અર્થ-દાસ, સ્વાર્થી અને વિશ્વાસઘાતી લોકોએ આજે પોતાના સ્વામીની આ સામાન્ય પ્રાર્થના ઉપર પણ ધ્યાન ન આપ્યું એ લોકો નવ્વાબને કેદી બનાવી મુર્શિદાબાદ લઇ ગયા. સાથે જ દુઃખી બિચારી લુત્ફુન્નિસાને પણ કેદી બનાવી. પતિ તેને પણ દુઃખો વેઠવાં પડ્યાં.

મીરજાફરનો મોટો દીકરો મીરન સાક્ષાત નરપિશાચ હતો. તેનું હૃદયમાં દયા ન હોતી. તેણે સિરાજનું માથું કપાવી નાખ્યું. સિરાજના શબને મુર્શિદાબાદના મુખ્યભાગમાં દફનાવ્યું. બિચારી લુત્ફુન્નિસાને જ સ્ત્રીઓ ઢાકે મોકલી દીધી. પતિનું સ્મરણ કરતી રોતાં જ દિવસો ગાળતી હતી. કેટલાક દિવસો સુધી અરજ ઉપર અરજ કર્યા પછી તેને મુર્શિદાબાદ બોલાવી લેવામાં આવી અને તેને ત્યાં રહેવા માટે જગ્યા પણ આપી. પોતાના પતિના મહત્પદાની બધી વ્યવસ્થા તેણે જાતે કરવા માંડી.

લુત્ફુન્નિસા દરરોજ આંસુઓથી ભીનાંચોળા પુષ્પોથી પોતે પતિની કબરને શણગારતી. સંધ્યા સમયે ધૂપ ધખુલ તેલનો દીવો કબરમાં પ્રકાશ કરતી હતી. ત્યાં તે પોતાના પ્રિયતમ પતિ સિરાજના સ્મરણ કરતી કલાકો સુધી રડતી મૂર્છિત થઇ પડી રહેતી. તેને પોતાની શુદ્ધિ પણ ન રહી. હમેશાં જીભ ઉપર "પ્યારે સિરાજ" શબ્દનું જ રટણ કર્યા કરતી, આંખો આંસુઓથી ભરી રહેતી, ધીમે ધીમે યોગ જ દિવસોમાં એ પ્રેમમયી બાલાનો સિરાજનું રટણ અંત આવ્યો. લુત્ફુન્નિસાને પતિનાં ચરણોમાં જ દફનાવવામાં આવી એ મુજ પ્રેમી જોડલાના ન્યાયનો દિવસ આવતાં સુધી આજે કબરમાં સુઇ રહ્યાં છે.

લુત્ફુન્નિસાની ઇચ્છા હોત તો નવ્વાબની બીજી બેગમોની માફક ધન અને આબરૂવાળો લઈ પોતાનું જીવન સુખમાં વ્યતીત કરી શકતી હતી, પરંતુ તેણે એમ ન કર્યું. પતિનું ભલું થયા સર્યું. એજ રીતે પતિનું પીવું ખાવું કરી દીધું હતું. સંસારી સુખોને ઠુંસી જનાર પતિનાં સ્મરણમાં જ તેણે સુખ માન્યું અને બેગમ જ વખત એ પોતાના હાલેલા સિરાજને જ મળી.

ધન્ય છે એ પતિપરાયણ મૂર્તિમંત નારીરત્ન લુત્ફુન્નિસાને.

—o—

સુબોધ-ગ્રન્થાવલિ

[પુ. ૧ લું.]

[અંક ૨ જો.]



બદરી-બેગમ.

વાર્ષિક લવાજમ રૂ. ૪-૦-૦
આવૃત્તિ બીજી

પુસ્તક નકલ મુંબઇમાં ૨ આનો.
બહારે ગામ સવા આના

ચોપડાના લેખોનો ક્રમ.

મુખપત્ર ૧
નતાશ કુકડીના પુત્ર (રા. દીવાના) ૩
હમારે ઔલ્ડ મગાદ (રા. દીવાના) ૫
મુંબાઈનું રાત્રિ-દર્શન (રા. ગુપ્તદૂત) ૯
જવાબ બૂલ થઈ ગઈ (રા. જદુરૂપ ખંભેરીઆ) ૮
આબરૂ ચંદ્રની ચુસ્તરિ બેગમ
(રા. લક્ષ્મિનાથ ભટ્ટ) ૧૧
એક સુંદરીનાં સાહસ કર્મો (ગ. મ. ગો રેમાઇ)..... ૧૩

આ પત્ર બાલવૃદ્ધ પીનંજર કહરે મંબઇ નં. ૮૨ ખીજપોકની પટેલ પેનલ્ટ પ્રેસી ઉમરેલા ત્રિન પોપ્રિન્ટર્સ ને પ્રેસ પ્રેસ પ્રેસમાં

ભોજ-ભાઝાદ.

રવિવાર તારીખ ૨૦ મી એપ્રીલ સને ૧૯૨૪.

સંતાડ કુકડીના ખેલ.

ઉખનાર-દધાનો.

પાત્રો.

ઋષ્યારી જૈજનાથ—બ્રહ્મચર્યાશ્રમના પ્રતિષ્ઠાતા ગુરુ.
„ મોહજીત—જૈજનાથનો પટ્ટ-શિષ્ય રાજકુમાર.
„ ગોબર—એક શિષ્ય, મારા દમયે દમ.
મંદારિકા— મોહજીતે છુપાવેલી તેની પત્ની.
રંડી— ગોબરે છુપાવી રાખેલી તેની સ્ત્રી.

સ્થળ-બ્રહ્મચર્યાશ્રમ.

પ્રવેશ બીજો.

મોહજીત—હવે શું કરું? ભોળા ગુરુજીની ભોળાઈનો લાભ લઈ આજ દિવસ સુધી તો ગળગળ ગોટાળો ચલાવ્યો, મ્હારી દાસિકા અને મદનને ફુપાવ્યો, મ્હારી દરેક કુલિતમાં ફાવ્યો, પણ આજે પિતાજી આવી પહોંચ્યા છે અને હવે એને કેમ છુપાવું? પિતાજીની જરથી કેમ બચાવું?

ખેલાડી પેતરા જાણે સદા બીજા ખેલાડીના;
ઉદર અંધારે હો પણ રાખશે રાળા બીલાડીના.

હવે શું કરું? (વિચાર કરે છે.) હા. હા. એ ગુરુજી હાથમાં હાથે તો કામ થાય અને આ ખુલ્લા થવાની બ્હીક ભાય. પણ તેને મનાવા શું ઉપાય કરવો. હા. હા. ઠીક. ઠીક. [ભય છે.]

ગુરુ—[બોલતે બોલતે પ્રવેશ કરે છે.] ધાર, દુનિયાનું નખ્ખોદ ધાર ધાર, જગતને ડુબાવનાર ધાર, ગાંડાને ગાંડા બનાવનાર ધાર, એ રને ગોવી મોર.

[મોહજીત બે બગલમાં બે ગોદી અને હાથમાં દોરડું લઈ દાખલ થાય છે. બે તરફ બે ગોદી ગોઠવી તેને દોરડું બાંધે છે અને વચમાં ઉભો રહી મુંહે ખાવાનો ઢોંગ કરતો બતરે છે.]

મોહજીત—મરવું લોખંડ, જલ હવે મારે મરવું જ લોખંડ.

ગુરુ—કાયું! મોહજીત! અરે આ શું કરે છે?

મોહજીત—ગુનાહની સજા. બૂંદનું પ્રાયશ્ચિત!

ગુરુ—અરે પણ છે શું! તે તો મને કહે—!

મોહજીત—નહીં ગુરુજી મને મરવા દો. બસ મને ન રોકો, જૂઓ હું ઠીક કહું છું. પિતાજી તે જાણે અને કંઈ કહે તે ખરેખાં મનેજ મારી મેલે સમજી લેવા દો.

ગુરુ—પણ છે શું?

મોહજીત—હું ઠીક કહું છું ગુરુજી. જૂઓ હું કહીશ તો પછી તમે પણ ચીડાશો.

ગુરુ—હું ચીડાઈશ!? કોનાપર? તારાપર? મ્હારા પ્રિય શિષ્યપર? અરે મ્હારા આશ્રમની કીર્તિપર? નહીં, કદી નહીં, જીવ જતાં પણ નહીં. સર્વ જગતનો પ્રલય થતાં પણ નહીં.

મોહજીત—ન માનો તો રહ્યું. બાકી હું તો ખરૂં કહું છું કે તમે ચીડાશો અને પિતાજીને કહેવા દોડ્યા જશો, એના કરતાં આ ફાંસો ગો ખોટો છે મારે મને મરવા દો.

[ફાંસો બળાર્મા નાખવાના ઢોંગ કરે છે. ગુરુ તેમ કરતાં અટકાવે છે.]

ગુરુ—એ હું વચન આપું છું કે હું ક્રોધ નહીં કરું પછી કંઈ છે?

મોહજીત—વચન આપો છો?

ગુરુ—હા એ [...] આ વચન.

મોહજીત—હાય, હવે કંઈક ઠંઠક વળી. પણ નહીં તમારું વચન નકામું છે પિતાજીના ક્રોધ પાસે તમારું એ શું વજનવાનું છે. માટે—

[ફાંસાની ધમકિ બતાવે.]

ગુરુ—મ્હારાથી બનશે ત્યાં સુધી હું તને તારા પિતાના ક્રોધથી પણ બચાવી લઈશ. બસ? હવે કંઈ?

મોહજીત—તેનું વચન આપો.

ગુરુ—જોગાનાથ શ કરને વચ્ચે રાખી લે આ વચન.

મોહજીત—તો લુઓને ગુરુજી હું પ્રેમ—

ગુરુ—[ચમકીને] પ્રેમ!! રાક્ષસીને અમૃતને બદલે ઝેર પિવડાવનાર પ્રેમ!! ઝંઝરને ગાંડા કરી બીલાડી પાછળ વનવન ભટકાવનાર પ્રેમ!! અરે તારા બાપ ઉપર આ લડાઈનું તોફાન લાવનાર પ્રેમ!!

મોહજીત—હું પહેલેથીજ નહોતો કહેતો કે તમે ક્રોધ કરશો. બસ, તો હવે મને મરવાજ દો!

[ફાંસાની ખોટી ધમકિ.]

ગુરુ—નહેવા દે, ભાઈ રહેવા દે, બસ ગોબર પ્રેમ, ચંદી પ્રેમ, મોહજીત પ્રેમ બાર વચમાં પ્રેમ પ્રેમ અને પ્રેમ તો પછી બ્રહ્મચર્ય કેમ રહેશે હેમ હોમ! ચાલ આ વખતે મેં તને માફ કરી દીધું પણ હવે બીજી વખત પ્રેમ ન કરીશ, તે પ્રેમને પડછાયે પણ ન પાતો. સંયમ સંયમ, આત્મ સંયમ કર અને અખંડ બ્રહ્મચારીની કીર્તિ પર.

મોહજીત—પણ ગુરુજી, તું તો વરી ચૂક્યો!

ગુરુ—એટલે!!!

મોહજીત—ભ્રમ કરી ચૂક્યો!

ગુરુ—કયાં? ક્યરે? કેની પાસે? કોના હાથથી? કોનાં કહેવાથી!

મોહજીત—વળી વચન ભરી ગયા કે ગુરુજી, તો બસ—

[ફાંસાની.....]

ગુરૂ—અરે વચન શું રાખ બુલશે પણ તેં મારી બધી રહેમનૂત ધુળમાં મેળાની!

મોહમુગ્ધ—પણ હવે તો થયું તે થયું માટે એને કર્માય છૂપાવી પિતાની નજરથી હવે બચાવી.

ગુરૂ—પણ બચાવું, બચાવું તે ક્રમ બચાવું એ કંઈ બતાવીશ?

મોહમુગ્ધ—ગુરૂજી, હમણાં તેને તમારા અધ્યયના ગારમાં છૂપાવો, એટલામાં વિચાર કરી આપણે બીજે કર્માય છૂપાવીશું. પિતાજી જાય ત્યાં સુધી તુમીરી અને મ્હારી બન્નેની ઈજ્જત બચાવીશું.

ગુરૂ—અરે પણ—

મોહમુગ્ધ—હવે પણ બણ કંઈ નહીં, ગુરૂ કૃપા કરો અને-મંદાર-મંદાર.

મંદારિકા—આવી નાથ.

મોહમુગ્ધ—ગુરૂજીને કર નમસ્કાર.

ગુરૂ—અરે, પણ મારી ધોળાંતા કર્યો કાંઈ વિચાર?

મોહમુગ્ધ—આપ તેને સંતાડો એટલામાં હું બહાર પિતાજી ન આવે તેની ચોકી કરું હું! [જાય છે.]

મંદારિકા—ગુરૂજી બાળકની ભૂલ માફ કરો, હું તમારે પગે પડું છું.

ગુરૂ—અરરર! કોઈનાં પગલાંના અવાજ આવે છે માટે જા જા આ ઓરડામાં સંતાઈ જા.

મંદારિકા—[અંદર જતે જતે] અરે હા એ પણ ખરૂં. જો, હું નિશાની તરીકે બણ દોરા મારૂં લારેજ તું બાર ઉઘાડજે સમજે કે? બરાબર સંતાઈ બેસજો, જો તું કોઇની નજરે પડી તો મારૂં તો મોતજ સમજજે.

[બાર બંધ કરે છે. ચંદી પ્રવેશ કરે છે તે તેને બાર બંધ કરતાં જુવે છે.]

ચંદી—[સ્વગત] લગોટો તે દિવસે બહુ રંગ કરતો હતો તે આજે એક હાથમાં આપ્યો છે. [પ્રગટ] ગુરૂજી, એ અંદર કોણ છે અંદર?

ગુરૂ—[ગભરાઇને] અંદર? અંદર કોણ હોય અંદર? આ કબાટ, પોથડી, ખુરશી, ટેબલ.

ચંદી—એમ કે ગુરૂજી? તે મું તમારી નોટ ટેબલ-ખુરશી પણ વાત કરે છે અરાં કે? મેં આવેતાં સોયું કે અંદર કંઈ ખુરરર, ગુરરર અવાજ થતો હતો તે તો પોથડીઓ ને કબાટ ચાલતાં હશે!

ગુરૂ—[સ્વગત] અરરરર પૂરો ફસાયો. આ રાંડે તેનાં ચાલવાનો અવાજ સાંભળ્યો જણાય છે! [પ્રગટ] શું કહ્યું? ખુરરરર ગુરરરર ખુરરરર ગુરરરર નહીં કે? હં-હં-હં એ તો છે ને છે ને છે કે ઘોંસ ઘોંસ કરતી હશે ઘોંસ હા હા હા કાંતો બિલાડી ને કાંતિ ઘોંસ ઘોંસ-ઘોંસ.

ચંદી—[ચાળા પાડી] હં.....ઘોંસ કાં બિલાડીને કાં ઘોંસ ગુરૂ મહારાજ બે પગવાળો કે ચાર પગવાળો? તે દિવસે મને અને ગોળરને કહ્યું હતું તે યાદ છે કે? બોલાવો જો મહારાજને.

ગુરૂ—હં હં લ્યેને ચંદી, તું તો મ્હારી ડાહી દીકરી છાને ચંદી.

ચંદી—શું કહ્યું? દીકરી?! નહીં નહીં—"પ્રમદા પાપનું નારી નરકની ખાણ," ડાહી સાસરે ન જાય અને બેટીને શીખામણ ખરૂં કે નહીં? બોલાવો જો મહારાજને, ગોબર એ ગો.—

ગુરૂ—[ચંદી] અરે પણ હું શું કહું છું તે તું—

ચંદી—[મિટા આરોથી હાથ કાઢી] હાથ કાઢ મોઢાં આરોથી કાઢ, પારકી જાદીનાં મોઢાંને હાથ અડાડાં શરમાતે નથી લગોટા? શું કહેતો' તો? સર્વસ્વનું સત્યાનાશ વાળનાર ઓ, બ્રહ્મ લઢાળ કાઢનાર ભારણ, ત્યારે આ સંતાડી તે કોણ છે, બાજરી છે તારી મા? "[અંદર જોઇ] ગોબર—મહારાજ.

ગુરૂ—અરે હાં હાં પણ જરાક મારૂં સાંભળ તો ખરી. હું અને ગોબરનાં જાહેરમાં લગન કરાવી આપીશ. અને તને મ્હારી પુત્રી ગણી મોસાળું આપીશ.

ચંદી—હં હવે-છટકે સપડાયા ત્યારે કે તમે તો મને મે આપશો ત્યારે પણ હું તો હમણાંજ તમને ચાલ લેવાની આપવાપીશ.

રાવણ—[બોલતો બોલતો પ્રવેશ કરે છે] શું છે? શું છે? અંદર બધી ગડબડ સડબડ શું છે?

ગુરૂ—[સ્વગત] અરરરર માર્યા ઠાર!

રાવણ—[ચંદીને] ક્રમ, મેં તને ગુરૂજીને બોલાવવા મોકલી તું તો અહીંજ ઉભી છે?

ચંદી—[હાથ જોડી] મહારાજ! ગુરૂજી જરાક ધ્યાન હતાં એટલે વાર લાગી.

ગુરૂ—[સ્વગત] અથાણું અથાના માંડ્યું!

રાવણ—ગભરાએલા ગુરૂ અને ગુરૂને ઇશારામાં કમ ના ચંદીનાં મો તરફ જોઇ. [તમારા ચહેરાઓમાં વિલક્ષણતા ક્રમ જણાય આ બધો ગોટાળો શો છે, ગોટાળો?

ચંદી—ગોટાળો, મહારાજ આ બધો ગોટાળો ઘોંસે કરી ભ છે! એણે ગુરૂજીની ઓરડીમાં ધમાચકરી મચાવી મૂકી છે. બી જવાબે જંપે વાળવા દેતી નથી!

રાવણ—પણ તું શું બબડે જાય છે?

ચંદી—ગુરૂજીને પુછોને? ગુરૂજી કહેતા હતા—

ગુરૂ—(ગભરાઇ) હું-હું-હું કંઈ કહેતો નહોતો, હું કંઈ તુથી. કંઈ કહેવાનો પણ નથી, કંઈ હતું નહીં, કંઈ છે કંઈ કહીશ એ નહીં!

રાવણ—ગુરૂજી, તમે બાટલા બધા અકરાંએ છો જાણ? ચંદી, તું તો કંઈ ખુલાસો કર—!

ગુરૂ—મ-મ-મહારાજ કંઈ નથી, કંઈએ નથી, ચંદી, કહેશેને હશે તે! (ચંદીને પગે લાગવાનો ઇશારો કરે છે.)

ચંદી—મહારાજ, ગુરૂજીએ પોતાનાં બ્રહ્મચર્યનાં વરદાન નારી પોતાની ઓરડીમાં સંતાડી છે! આ એનીબ—

ગુરૂ—ખોટી ખોટી, (ગભરાતે ગભરાતે રાવણને) હં...આ એ માનો ઓ મહારાજ? નારાયણ! નારાયણ!!

ચંદી—હં-હું જૂઠી છું એમ કે? તો પછી હું આવી ત્યારે મેં વાત કોની સાથે કરતા હતા!?

રાવજુ—વાત કરતા હતા!?

ગુરૂ—એ તો—એ તો—હં એ તો હમણાં કેટલાક દિવસથી આ રોટલીમાં પાણી ગણે છે તે—

ચંદી—શું પાણીને ગળવાનું બંધ થઈ જવા કહેતા'તા?

ગુરૂ—અરે નહીં ગોબરને મારી ચોપડીઓ જરા ગોઠવીને ખવાનું કહેતો હતો!

ચંદી—કોને, ગોબરને? તેને તો હું આવતી હતી ત્યારે અહીં દરવાજ કરતો જોયો—ગોબર? ગોબર?

ગોબર—(પ્રવેશ કરતે) ભમ, ભમ; માર દમ પે દમ, કર્માયગી નિયા ઔર ખાંખરે દમ!

રાવજુ—ગુરૂજી, આ ગોબર તો અહીં બહાર છે.

ચંદી—અને આ ચોરડીને એક બારી સિવાય બહાર જવા બારણાને તો આ એકજ બાર છે!

ગુરૂ—(ગભરાતો) કદાચ બારી કુદીને—બારી કુદીને બહાર કેમ ગયો હશે!

ચંદી—ગુરૂજી, ગુરૂ ઘણા દહાડા થયા; હવે ચેલા બની જાઓ! મંદર કોઇ બીજેજ શિષ્ય છે તેને બાર ઓલાવી બતાવો! હં, ભલે ત્રિજય તમારી નિશાની ત્રણ ટંકોરા લગાવો!

ગુરૂ—(સ્વગત) અરરરર! ભાઇ તો માથું ફરવા લાગ્યું છે. બાવો આવો ઓ દેવતાઓ, મારી મદદે આવો અને મને આ બાઇથી બચાવો!

રાવજુ—કંઈક ગોટાળો તો જરૂર છે. ઉઘાડ, ઉઘાડ ગોબર, બારને લાત માર અને બાર ઉઘાડ.

(ગોબર બારને લાત મારે છે મોહજીત દરવાજે ખોલી બહાર આવે છે.)

ચંદી—(અલબબાતી) કોણ કુમાર!!!

ગુરૂ—(સ્વગત) કોણ મોહજીત!!!

રાવજુ—કોણ તું!!

મોહજીત—હા. હું ચેતે પડે હું.

રાવજુ—તારે આમ સંતાઈ રહેવાનું કારણ શું?

મોહજીત—જૂઓને બાપુ, ખરું કારણ તો એમ છે કે બારે મે એક ભૂલ થઈ ગઇ અને મારી ખૂબ આપને ન જણાવવામાં ગુરૂજીના પગ પકડી તેની પાસે વચન લીધું.

ગુરૂ—હા-હા-હા-હા-હા.

મોહજીત—તેઓએ પણ વચન આપ્યું.

ગુરૂ—હા-હા-હા-હા-હા.

મોહજીત—તેઓ આપ પાસે મને ક્ષમા કરવા ઘણીજ વિનંતિ કરતા હતા.

ગુરૂ—હા-હા-હા-હા-હા.

મોહજીત—અને ત્યાર પછી મને તમારી પાસે ખુલ્લો લાવ્યા હતા.

ગુરૂ—હા-હા-હા-હા-હા.

મોહજીત—પણ તમને ડોબામાં જોઇ મને પણ બાર બોલવાની હીમ્મત થઈ નહીં.

ગુરૂ—હા.

મોહજીત—અને ગુરૂજીથી પણ વચન ભંગ થવાય તેમ નહોતું.

ગુરૂ—હા-હા-હા-હા-હા.

મોહજીત—બસ જે વાત છે તે આ "ચમેલી ભૂખ મુબારી અંદર બરાબર અભ્યાસ કર" એમ મને ભણાવ્યા કરી તેઓ તમારી પાસે આવતા હતા, એટલામાં ચન્દી આવી અને તેને બીલ્લેજ વટેમ પડયો એટલે આ નવી ગડબડ જમાવી!

ગુરૂ—હા-હા-હા-હા-હા.

ચંદી—અરે તારે તો બહારજ ફજેતીની વારી આવી!

ગુરૂ—હા-હા-હા-હા-હા.

રાવજુ—કેમ ડાકણ, બહારાજ બેજનાથ ઉપર આવું બોલું આળ લાવી? આલ ઉઠ બેસ કર અને તમારા બા કે બાપડી ભૂત કરે નહીં આવી.

(પ્રવેશ બીજો સમાપ્ત.)

હમારે મોજ મજાહ

બાલે ડાહ્યા અને ડાહ્યા, હમારે મોજ મજાહ;
હમો ગાંડા ભલે ગાંડા, હમારે મોજ મજાહ.
તમોને તાળીયો જોઇએ, તમોને જોઇએ વાહ;
હમોને દિલ ભળે તો બસ હમારે મોજ મજાહ.
છે આ દુનિયા દરિયો, કોણ પામે તેનો થાહ;
અરે તારા તમે દુબો, હમારે મોજ મજાહ.
તમે અક્ષર તણા ચેલા; તમે અક્ષરના શાહ;
હમો જીગરના મરેલા હમારે મોજ મજાહ.
નથી ડાહ્યા થવું મારે ખુદા છે તેનો ગવાહ;
દિવાનાને તો છે દિવાનિયતનાં મોજ મજાહ.

દિવાનો.

પહેલો પ્રવાસી—જરા અમને બધ્ધો મને તેવા આપશો કે?

બીજો પ્રવાસી—હા, આ લ્યો

પહેલો પ્રવાસી—ત્યારે હવે તમાશથી વર્તમાન પત્ર પણ વંચાશે નહિ માટે તે પણ જરા આપોને?—

મુંબાઈનું રાત્રિ-રહસ્ય.

લખનાર:—ગુપ્ત દૂત.

(તા. ૧૩-૪-૨૪ ના અંકથી ચાલુ.)

કૉન્ટ્રે ાન્ટરેાડ.

ઉભામાં બાટણેા જેવી દેખાતી બીજી કેટલીક ઓગ્રો આંખેા વિકાસી રતી હતી. પાછળના ભાગમાં પુરતું અજવાળું નહિ હેાવાં છતાં એ ીઓ ઘણી કદરૂપી અર્થાત્ રમણી વેશધારી પિશાચિનીઓ હેાય મેવી લાગતી હતી. આંખેા ઉંડી ઉતરી ગયેલી, ગાલેામાં ખાડા પડેલી ને ઓગ્રોને જોતાં સ્વાભાવિક રીતેજ અંતરમાં ધ્રૂણા ઉપજવાનેા ુંભવ હતેા. આમ છતાં એવી ચુકેલેાને પણ તેમને લાયક પુરૂષેા મળી આવતા હતા. એ પુરૂષેા મેાટી દર્શનેા ભેાગ થઈ પડેલા હેાઇ કંગાલ હતાં. તેઓ બાર બાર આનાયી માંડી વધારેમાં વધારે એક રૂપિયામાં સાતું નકકી કરતા હતા.

ચક્રમ ગને પ્રાણલાલ ઉપર ગયા. ઉક્ત ઉપરના મજલે આગળના ભાગમાં બે ઓરડાઓ આવેલા હેાઇ બન્ને ઓરડામાં કેરેાસિનેલેમ્પના પ્રકાશનેા વિસ્તાર થયેલેા હતેા. એક ઓરડામાં જમીન ઉપર આગાને ાતરિંચા બિછાવેલેા હેાઈ ઓરડાને ગેાળ કુંડાળે ફરતી ગાદી તકીયાની બેઠકા હતી. ઘણુ ચાર પાનદાની અને ચુંકદાનીઓ પણ પડેલી હતી. ાદી તકીયાઓની બેઠકાના મધ્ય ભાગમાં એક ત્રીશ વર્ષની તરૂણી બેઠેલી હતી. તેણે આંખેામાં સુરમેા આંજ્યેા હતેા. ગ્રેાઠે ઉપર પાઉડર ગાળ્યેા હતેા. તેના પગેા મેંદીથી રંગાયલા હતા. તેના શરીર ઉપર અલ્પ કારેાની નિરર્થકતા હતી. ત્રીસ વર્ષની એ તરૂણી નવ યુવતી જેવી લાગતી હતી. તેણે પહેરેલેા પેાષાક તેની શ્રૃંગારપ્રિયતાને સ્પષ્ટ પરિચય કરાવતેા હતેા. એના પહેરવેશમાં પુરૂષેાની પાઘમાકીનું "રેડ સિગનલ" હતું તથા એ "રેડ સિગનલ" પાસે ચાલુ જમાનાની કાંધ ગાડીઓ અથડાઇ પડી હતી.

ાદી તકીયા ઉપર ત્રણ ચાર મુસલમાન, બે ત્રણ હિંદુ, એક બે પાંટકના ગ્રેડરેા વગેરે બેઠા હતા. ચક્રમ અને પ્રાણલાલે પણ એ ગ્રેારડામાં પ્રવેશ કરી બેઠક લીધી. એક બે પૈસાદાર જેવા દેખાતા પુરૂષેા નજીક મદ્યપાનની સધળી સામગ્રી પડેલી હતી. તેઓ વચ્ચે વચ્ચે નશાને ઉતાર થતાં સેાડા મિશ્રિત સુરાપાનને ક્રમ પંચરાવતા હતા. ખીસ્સે ખાલી ગઇ ગયેલા કેટલાક પુરૂષેા બ્રાન્ધ પદાના કાગડાઓની ભાફક તેમના તરફ જોઇ રહેતા હતા.

એ તરૂણીની પાસે એક ઉસ્તાદ અને તબલચી બેઠા હતા. સતાર, ીકલ, સારંગી, વગેરે વાદ્યવૃંદ ાં ગેાઠવાઇ હતાં. તબલચીએ નરજાતિ વ્યવસ્થિત કર્યા એટલે તરૂણી મુજરાને ઉઠી ઉભી થઈ આકર્ષક અને રનિસ્સેાત્પાદ ાવભાવથી સંગીત શરૂ કર્યું. સુમધુર કંઠે તે ગાવા લાગી કેઃ—

"તેારી બાંકી નજરીયાં જાદુ ભરી,
મેારે પ્યારે સાંવરિયા જાદુ ભરી.
સાથ ઇસ દિલને ભી ન જાખરકે દિયે,
તેરી તેગે નજરને વેાહ ચરકે દિયે.
તન હય પાશ મન હય પાશ,
નયનેાંસે સયનેાંકા વેાહ તીર પ્યારે તુને મેરા.
લાગી કટારીયાં જાદુ ભરી.

[મુસદ્દસ]

કયું જી ખ્હે હય કિસ મુલ્કકા દસ્તુર ખતાવેા,
હમ તુમપે મરે ઔર ન તુમ મુંહભી દિખ્યાવેા.
ઇસ દિલકે હેા કુરબાન ઉસી દિલકેા જલાવેા,
ઔર લુત્ફ ખ્હે ફિર આંખલી આકર ન મિલાવેા.

શ્રેાતાઓ વચ્ચે વચ્ચે પ્રશંસાના ઉદ્‌ગાર કાઢતા હતા. એ ગાયિકા પાસે રૂપિયા નાખતા હતા. એક પછી એક એમ અનેક સંગી ગવાયાં. સંગીત ગાતાં ગાતાં ગાયિકા કેાઇ કેાઇ પ્રેક્ષક તરફ વિલક્ષ દૃષ્ટિયી જોતી હતી. તેની દૃષ્ટિમાં પુષ્કળ વિકાર જોવામાં આવતેા હતેા.

રાતના બે વાગ્યાના અરસામાં નાટકેાના ખેલ બધારે બ થઇ જવા આવ્યા ત્યારે થાકી ગયેલી ગાયિકાએ ગાન બંધ કર્યું". ેાત ઓના સાથે ચક્રમ અને પ્રાણલાલ સ્વસ્થાન તરફ વિદાય થયા. કેવળ એ માલદાર દેખાતેા મુસલમાન પુષ્કળ મદ્યપાનથી વિવશ બની ગાયિકા ઘરમાં આખી રાત પડી રહેા. એ મુસલમાને ઘણા રૂપિયા આપેલ હેાવાથી ગાયિકાને તેની ઇચ્છાને આધીન થવું પડયું.

કૉન્ટ્રે ાન્ટરેાડથી આરબીને ગેાળપીઠાના નાકા સુધી આવે વારવિલાસિનીઓમાંની કેટલીક રાતના બે વાગી ગયેલા હેાવાં છતાં હ સુધી જાગૃત હતી તથા નાટક ખેલેને તેમજ સંગીતના જલસા સાંભ ળીને ઘર તરફ જતા પુરૂષેા તરફ લુબ્ધ દૃષ્ટિથી તેઓ જોતી હતી હજી પણ આ રસ્તે આવેલાં મકાન બત્તીઓના પ્રકાશથી ઝગમગ રહેલાં જોવામાં આવતાં હતાં. રાત્રિના બે વાગવા આવેલા હેાવા છતાં, આ રસ્તે આવેલી પાન બીડીવાળાની દુકાનેા, ઇરાનીની ગેા બે હેાટેલેા ખુલ્લી હતી અને કયચિત્ કયચિત્ આસપાસની ા ાલમાંથી સેાડા, પાનપટ્ટી વગેરે ગંગાવનાર વેચવાઓના પેાકાર સં ાતા હતા. ચેાપી દર્શનેા ભેાગ થઈ પડેલી અધમાધમ વર્ગ વારંવિલાસિનીઓનું મુખ્યત્વે કરીને આ રસ્તેજ રહેઠાણ છે. એ ઉપર રાત્રિના આઠ વાગ્યાથી આરંભીને બે ત્રણ વાગ્યાં સુધીમાં ખનાવેા બને છે એ બનાવેા જોવા રાત્રીચર અને અનીતિપ્રેમી હે છે કે, આ સ્થાનને કેાઈ વિવેકી માણસ નકજુંજ સ્થાન ઘણુ કમબખ્તલ પુરૂષે વાસનાને વશ થઇ આ નરકાગારમાં ૂ મારી પ્રમેહ, ાંદી, બદ વગેરે છંપલેષ્ય દર્દોનેા ભેાગ થઈ પડે અને તેને પરિણામે આજકાલ આખા મુંબાઇ શહેરમાં ગરમીનાં દર્દોના ાેાકટરેા તથા વૈદેા ઘણુા વધી ગયા છે. ગરમીનાં ભયંકર ૬ એ પુરૂષેા પેાતાની આખી જીંદગીની પાયમાલી તથા ખા

કરે છે તથા તેઓ એ દૃષ્ટીનો લેપ તેમના સંસારને અને સંતાનોને આપી વંશનો વિનાશ કરે છે. એવા પુરૂષો અને સ્ત્રીઓનો મ્હોટો ભાગ સંતાનશૂન્ય રહે છે તથા જો કદાચ તેમને સંતાન થાય છે તો તે અલ્પજીવી, દુર્બળ કિંવા ખોડખાંપણવાળાં હોય છે.

કૅનેરે માંટેરાથી ગોળ પીકા સુધીના લાંબા ઉપર વેરાએનો અનાચાર ચાલ્યા ઉપરાંત કેટલાંક છુપાં જુગારખાનાં પણ ચાલે છે. બ્રિટિશ નૌકર્નમેન્ટના બાહોશ પોલિસ અધિકારીઓ તથા સી. આઇ. ડી. ના ચતુર અમલદારો એ માટે ચાંપતી તપાસ ચાલુ રાખતા હોવા છતાં એ છુપો જુગાર કોઈ પણ રીતે બંધ પડતો નથી.

વાંચક ! કેવળએકજ રાત્રિના વર્ણનમાં અમે એ સ્થળોનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરી શકીએ તેમ નથી. એક પછી એક બનાવ મોજ-મજાહના વાંચકો સમક્ષ ખડા કરવામાં આવશે.

(૨)

આજે અમે હવે દ્વિતીય રાત્રિનું વર્ણન કરીએ છીએ. ઉપર જે ગાયિકાની વાતનું અમે વર્ણન કર્યું છે, એ ગલીમાં હવે આપણે જવાનું છે. એ ગલીના છેક ખુણામાં આવેલા બહુ મજલાવાળા એક મકાનને છેક ઉપરને મજલે એક મ્હોટા ઓરડામાં લાંબા ગાલીચા બિછાવી ગોળ કુંડાળે ફરતા ભિન્ન ભિન્ન જાતિના જાની મેદી ઉમ્મરના લગભગ પંદરેક પુરૂષો બેઠેલા હતા. એ પુરૂષોની પાસે બનાવટી રૂપિયાઓનો ઢગલો પડેલો હતો. કોઈ કોઇએ એ રૂપિયાઓની પાસે પચ્ચની અને દસની નોટો પણ રાખેલી હતી. એ હુકડાઓ તૈયાર ભરેલા હોઇ એક હુકકો એ જુગારખાનાનો માલિક પીતા હતો અને બીજો હુક્કો એક પ્રૌઢ મુસલમાન પુરૂષ પીતા હતા. એ પુરૂષોમાંના એક જણ પાસે જ્હાની કેરમ બૉર્ડ પડેલી હોઈ તે છતનાર માણસ પાસેથી માલિકનું કમિસન લેણ કાળમાંજ બરાબર હિસાબ કરી ઉચારી લેતો હતો. તેની કેશબૉક્સમાં પાંચસો હજારની નોટોથી માંડી એક પૈસા સુધીનું જૂદું જૂદું ચલણી નાણું હતું. યથાકમે દાંવ. લગાવી બેઠેલા પુરૂષો પાસા ફેંકતા હતા તથા જોતજોતામાંમાં કોઈ હારી જતો અને કોઈ જીતતો હતો. જુગારખાનાનો માલિક પણ અઠંગ જુગારી હતો. તે મ્હોટા મ્હોટા દાવ લગાવતો હતો. તેણે સફેદ રેશમી ખમીસ ઉપર ચાઇના. સીલ્કનું જાકીટ પહેરેલું હોઈ જાકીટ ઉપર સોનાનો છેડો ઝૂલી રહેતો હતો. તેના હાથ ઉપર હીરાજડિત બે વીંટીઓ હતી. તેનું શરીર ભરાવદાર અને બહુજ વર્ણનું હતું. તે સિંધ મુલતાન તરફનો રહેવાસી હોય એમ લાગતું હતું. તે સંદુની સાથે હિન્દુસ્તાની ભાષામાં વાર્તાલાપ કરતો હતો. 'લગાએજી, કયું ગભરાતે હો? આજ આપકા કિસમત બડા તેજ હય' વગેરે વાક્યો વારંવાર તેના મુખમાંથી નીકળતાં હતાં. નવરશા દીકરીઓ જેવો તેનો રૂઆબ હતો. આ જુગારખાનાના ઓરડાની નજીક એક પચીસ-ત્રીસ વર્ષની દેખાવની સુંદરી અલસભાવથી એ ઓરડીમાં બેઠી હતી. એ સ્ત્રી હિંદુ હોય એમ લાગતું હતું. તે જુગારખાનાના માલિકની રખાત હતી. એ એના અંગ ઉપર કિંમતી મૂલ્યવાન અલંકારો હતા. એનું પ્રખર સૌન્દર્ય, મદભર નયનો અને ઘાટીલા અંગનું વિશેષ વર્ણન કરવાની જરૂર નથી. કેમ કે આપણે આ રાત્રિ રૂબરૂમાં એવું વર્ણન વારંવાર લાવવાની જરૂર સામની નથી. જે ખાનાના ઓરડામાં એક આરામ ખુરસી ઉપર તે બેઠી હતી એ ઓરડાનું દ્વાર અર્ધ બંધ હતાં છતાં તેમાં સુખસગવડ અને વિશ્રામસંજોગોનો અભાવ નહોતો. એક ખુણામાં આવેલા મૂલ્યવાન છત્રપલંગ ઉપર દૂધના જેવી સફેદ ચાદર બિછાવેલી હતી. એ કાચનાં કબાટો અનુરંજિત રાખેલાં હતાં. યુવનીએ યુવાની રંગની એક સાડી પ્હેરી હતી. તેના પગમાં સ્લીપર હતી. કેશકલાપ છુટો હતો. આ રાત્રિ રહસ્ય સાથે એ યુવતીનો સંબંધ હોવાથી અમે દૃશ્યમાં તેની આજ સુધીની જીવનકથાનો પરિચય કરાવીએ છીએ.

[આ અદ્‌ભુત લેખનો આગળનો ભાગ આવતા તા૦ ૨૭-૪-૨૪ ના અંકમાં વાંચો.]

શેઠ—(નોકરને) અલ્યા ધનજી, મારી પેટીની ચાવી ખોવાઇ ગઇ છે, માટે પેલા કબાટમાં જુની ચાવીઓનો જુડો છે, તે લઈ આવ.

ધનજી—શેઠ સાહેબ ! શા માટે મહેનત કરો છો ? તમારા પહેલાં મેં બધી ચાવીઓનો ઉપયોગ કરી જોયો છે, તેમાંથી એક પણ લાગતી નથી !

સળેખમ, માંધીવા અને માથાના ચસ્કાથી શા માટે હેરાન થાઓ છો ?

આપણાશીશ અને મસ્તકનાં દર્દોની બીમારી શા માટે ભોગવો છો ?

બજારમાં વેચાતા દરેક બામથી

ચઢીઆતો અમારો

હિપ્નોટિક બામ

એક વખત વાપરી ખાત્રી કરો.

શીશીના આના આઠ.

સ્વદેશી ઓઇલ એન્ડ પ. મે. કું૦ માલદા-બી. બી. રેલ્વે.

તથા દરેક વેપારીઓને ત્યાંથી મળશે.

"જરાક ભુલ થઈ ગઈ !"

લખનાર:—રા. જદુરાય દુર્લભજી ખંધડીઆ.

"બે અક્ષરનો શબ્દ બિચારો, ભોળા જન કહી ભણ્યો ભૂલ,
"હાય! એક એ ભૂલે કરીયું, ભારત કેરું જીવન ધુળ.
"એક ભુલથી નપાસ થાતાં, એક વર્ષની સજા કરે,
"એક ભુલથી શાખ જતાં જન જનવાન નિજ ઘાત કરે.
"દામ નામ, ને જાન સર્વ એક ભુલ તણી એ ક્રમિત છે,
"ભુલ કરો તો વિચારજો અનુભવશાસ્ત્રોનો એ મત છે."

"પ્રિયે! તું શાણી થઈ કાં શરમાય? આજ પંચ વર્ષનો વિયોગ પછી આ દર્શન? આમ, જો! મારે વદન! કેવું આશા ભર્યું છે તે?"

હાલમાંજ બી. એ. માં પાસ થઈ આપણા કંચનલાલ મુંબઈથી સ્વગૃહે આજ પાંચ વર્ષે સુરત પાછા આવ્યા હતા. વડિલવર્ગ ઇત્યાદિ સર્વ સંબંધી જનોને મળી બેઠી રાત્રે એકાંતમાં પોતાની પ્રિય ધર્મપત્નિ લતાને પોતાના શયનગૃહના એકાંત ખુણામાં દીન મુખે બેઠેલી જોઈ ઉપરનો પ્રશ્ન તેને સંબોધીને કંચનલાલે કર્યો.

"વ્હાલા કંચન! શરમાવાનો સવાલ છેજ નહિ! એક પ્રેમાળ પતિથી પાંચ વર્ષ અળગી રહી—જ્યારે પ્રેમપૂર્વક સ્વામી ભેટવા આવે ત્યારે કઈ મૂર્ખ સ્ત્રી સ્વામીથી દૂર જાય? પણ....." દીન મુખે લતાએ નમ્રતાપૂર્વક પ્રત્યુત્તર આપ્યો—અર્ધ પ્રત્યુત્તર આપ્યો.

"એ પણ.....પછી?"

"પણ....પછી.....કંઈજ નહિ! મને ન પૂછશો!" અને અત્રે બીચારી લતાએ પોતાનું શોકાચ્છાદિત સ્ત્રાનિપૂર્ણ વદન ઢાંકી દીધું.

"લતા! વ્હાલી! આ સામેનાં ચિત્રોમાં જો! વૃક્ષને લતા વ્હાલથી વીંટાઇ કેવો સુખાસ્વાદ ભોગવે છે—અને આપે છે! શું ભાઈ એટલુંયે સદ્‌ભાગ્ય નહિ? યાદ રાખ—જ્યારે તું એક માનની-લતા છે."

"પણ નાથ—એને એટલું તો સુખ છે કે વૃક્ષનો સંપૂર્ણ વિશ્વાસ—એ સદ્‌ભાગી લતાપર છે——"

"શું મારો નથી સારે?—" કંચન કારણુંય કંઇક આભાસ પામતાં કંચને પ્રશ્ન કર્યો.

"તમારોયે છે—હશે—મનુ—મને, વ્હાલા! મને ન પુછો! એજ હિતકર છે" હજી યે લતા રડતી હતી; ઉન્હાં અશ્રુ સારતી હતી.

"લતા, પ્રિયે! લતા! તને શું દુઃખ છે? પ્રિયે! મને કહે! એક વખત કહે! હું તારોજ છું—ખરો આરી છુપાઈથી?"

"શું તમને જાણવાજ ગાઢો છે? વ્હાલા.....હું તમને કહીશજ——પણ—હાલમાં હજી યે ન પુછો તો ઠીક—હું એમજ ઇચ્છું છું."

"ભલે, તો તારી જેવી ઇચ્છા—" કંચને નિશ્વાસ નાખી કહ્યું. બીચારી લતા!

એ રાત લતાએ રૂદનમાં, અને કંચને—આશાભર્યા કંચને નિશ્વાસમાં પીતાડી. પાંચ વર્ષથી વિખુટા પડેલા પ્રેમીલા પંખીઓ કમનસીબે સુખ નજ ભોગવી શક્યાં.

* * * *

બીજે દિવસે સવારે, કંચન પ્રાતઃકાર્યથી પરવારી, ગઈ રાતની થકના પર કંઈક શૌચ-કંઇક શૌચ-કંઇક મુંચવાણની મિશ્રિત લાગણીઓથી હૃદય મુંઝાતા "મોજ-મજાહ" પાંચતો દીવાનખાનામાં બેઠો હતો.

"ભાઇ કંચન! આ કેવું ફારસ? આ તે કંઇ ઘર છે કે ધોલકા? આપણા ખાનદાન ઘરને આવું શોભે?" કંચનના પિતા રમણીકલાલે-સુરત શહેરના માજીસ્ટ્રેટે અંદર આવી સીગારેટનો ધુમાડો કાઢતાં ગંભીર ભાવે વાત ઉપાડી.

"પણ છે શું પિતાજી? કંઈ કહેશો કે એમજ?"

"બસ કંઈ નહિ! ચોળીને ચીકણું કરવામાં સાર નથી ભાઇ! તેજને ટુકારો બસ છે. તું સમજી છે, તો તને વધારે લાંબુ પ્હોળું શું કહેવું?"

"પણ પિતાજી હું કમાંએ સમજવશે કે તેવે નહિ!"

"હા! તું કમાંએ કહીશ—અને તે એટલું જ કે હારી સ્ત્રીની વર્તણુંક અમોને શંકા ભરી લાગે છે—ભાઈ કંચન! તે એવી વર્તણુંક છે કે જે આપણા જેવા ખાનદાન ઘરમાં એક ગીનીટ પણ ચલાવી શકાશે નહિ."

"પણ કંઇ કારણુ———"

"બસ! કારણુ કંઇ નહિ. અમે ઘણાં કારણો જોયાં છે! હારા ઉપરતા દિલને દુઃખ ન થાય માટે જ મેં પહેલેથી કહ્યું છે કે લાંબુ પ્હોળું કરવા કરતાં ઈસારામાંજ. સમજવું હું—તું એમ ધારે છે કે અમે આટલાં વરસો પાણીમાં નાખ્યાં છે? અમે તારે માટે જે કંઈ કરતા હશુંજ તે હિતનુંજ કરતા હશું, સમજ્યોને?"

"પિતાજી! હું આપની પુત્ર-વધૂને એવી હોતો ધારતો! હજીયે મને કંઈક અંદેશા——"

"કંચન! તું બબૂચો થઈ કાં ભુલે? સ્ત્રી-ચરિત્ર એવાં જ હોય. તું આવા પ્રસંગે અંદેશા રાખતો ફરે—એટલો તું સાંસારિક વ્યવહારિક કાર્યોમાં કાચો——અમે તો આટલી ઉમ્મર વીતાડી છે ત્યારે તને તો હજી ઉગીને ઉભા થતાં આંગળાને વેઢે ગણાય એટલા દિવસ થયા! —એ તમારી જેમેદ્રી (ભૂમિતિ)ના, સિદ્ધાંતિ અને એલજબ્રા (બીજગણિત)ના હિસાબો સાંસારિક કાર્યો સાથે સંબંધ રાખી શકે નહિ——"

"યંઁ! વિનાશનું બીજ—ભુલના પરિણામનું ઝેરી બીજ કમ-

નસીબ કંચનના બીનઅનુભવી અને કુમળા હૃદયમાં રેપાઈ ચુક્યું! "ગતિ તેવી મતિ" અનુસાર સર્વને સુખે એ કુદરતી નિયમનું સર્વથા પ્રાબલ્ય પ્રસરી ચુક્યું.

* * * * *

ઉપરોકત ઘટના બન્યા પછી તેજ રાતે પૂર્વનો પ્રેમી કંચન અત્યારે એક કલ્પિત હૃદયનો પિશાચ બની બેઠો——ના બીચારો કંચન! તેને વિધાતાએ બનાવ્યો—કહો!

"લતા! હું આવી તને હોતો ધારતો! તેં મારા જીવન પુળ કરી નાંખ્યું છે! મારી કલ્પનાની—મારી આખર સ્વપ્નેય એક તારાથીજ કંકાંકિત થયું છે."

"હા!—હા! હું આ——ધારતીજ હતી-અને આખર એજ પરિણામ! અફસોસ!" દીન લતાએ નિશ્વાસ નાંખી દુઃખિત થઈ કહ્યું

"——તો! તો હવે હારૂં-શું ભાવિ? હારે——"

"પ્રિય નાથ! ભાવિ કાલે સવારે જણાઈ જશે—ચિંતા કરશો! પણ હાલ મને ન પુછો" કોમળ હૃદયની કોમળ લતાને એક ધારણીકના આંચકા સમેત આંચકો લાગતા ભાવિ ચિત્ર આલેખી ખિન્ન મુદ્રાથી કહ્યું.

"હશે! કાલેજ તેનો નિર્ણય——" સ્વગત એવું વિચારી કંઈક બેદરકારીથી કંચન શય્યાવશ થયો—નિદ્રાવશ થયો. આહ! કંચન! તારૂં નસીબ ફૂટયું છે! જો પેલી બુલ્ત!

તે રાત! બીચારી હીનભાગી લતાને માટે આ જનિશામાં તે રાત——લતાએ તે માટે નક્કી કરી રાખ્યું હતું જ.

* * * * *

સવાર પડી. પણ પથારીમાં લતાનું સ્થાન ખાલી. "આ શું હશે! કદાચ બ્હાર ગઇ હશે!" "લતા-લતા—" કરી બે ચાર બુમ પાડી; પણ લતા હોય તો ને!

પથારીમાંથી ઉઠતાં વચમાં પડેલા રકિત રેખાવ પર કંચનદાસની સરનામાનો એક પત્ર હતો—કંચને તે લઈ ધ્રુજતે હાથે ખોલ્યો.

"હાય! હું આવું નોતો ધારતો!" કરી કંચન ચોધાર અશ્રુધારાસહ રડી પડ્યો. લતા—બીચારી લતાએ અણધુકકે આપઘાત કર્યો હતો! હરિ! હરિ!

સવારના પોહોરમાં જ ફ્રસ્વર સાંભળી રમણીકલાલ દોડી આવ્યા.

"પિતાજી! લતાએ આપ——ઘાત——"

"હે! શું! આપ——" કંઇક ગુંચવાઈ રમણીકલાલ બોલવા ગયા-પુરૂં બોલીયે ન શકયા.

"હા! હવે લતા આ દુનિયામાં નથી—પેલીમાં છે. પિતાજી, હવે મને પેલું—આપનું કારલું યાદ આવે છે."

"કંચન! ભરેખર, દયા આવા જોગ! પણ શોક થયા છે! બીચારી——કર્મનું ફળ! આ હાથે કર ને બીજે હાથે લે! તું મુંઝઈ હતો—હારી ગેરહાજરીમાં તેણે એક ધણું અઘટિત કાર્ય કર્યું હતું— એક દિવસ હું રાતે બ્હારથી ફરીને ઘેર આવતો હતો ત્યારે તે બંગ્રા- એક અજાણ્યા પરપુરૂષ સાથે વાતચીત કરતી હતી, મને શંકા ઉભી થઈ મેં સાંભળ્યું-" હાવે રાતે! લતા——આવા વાગે——" બસ એટલું કહી ને પુરૂષ પલાયન કરી ગયો. મારી શંકા દ્રઢ થઇ અને મેં જપ્તુસી કરી."

"બીજી રાતે," જરા માંન ધ્યા પછી રમણીકલાલે બોલવું ભરી રાખ્યું, "આઠ વાગે તે ચાલી જતી હતી અને- તેની પાછળ એક દ્રઢ બીબાઢાના વેશમાં હું હતો. હા! મેં તેને મારી નજરો નજર જુબન કરતી જોઈ અને તે રડ્યા——તે લતાએ એટલેથી ન અટકતાં તેને પોતાનો ગળાનો હાર પણ કાઢી આપ્યો. હું વાતચીત તો પરાવર ન સાંભળી શકયો——પણ હાય! મેં તે જોયું! અને મારી આંખો તેથી લાલ થઇ. બીજે દિવસે હાર બોવાઇ ગયો. બોવાઈ ગયો એટલાજે કારણથી તેજે વાત કાઢતી. હું સમજતો

મોજ-મજાહનાં ગ્રાહકોને સુચના.

ઉપરા ઉપરી અનેક કારણના તથા છુટક ગ્રાહકોની પાછલા અંકોની માગણીને માન આપી અમે 'મોજ-મજાહ' ના પાછલા અંકો ફરીથી છપાવી તૈયાર કર્યા છે; પરંતુ પોષ્ટમાં ગફલત થતી હોવાથી અંકો નહિ મળવાની દરરોજ સેંકડો ગ્રાહકો તરફથી ફરિયાદ આવે છે માટે અમે અમારા ગ્રાહકોને પાછલા અંકો અમારી ઓફીસમાં ૯ થી ૭ ના ટાઇમમાં આવી લઈ જવાની નમ્ર વિનંતિ કરીએ છીએ. પાછલા છુટક અંકો બીજા વર્ષોત છાપવા પડેલા હોવાથી ગ્રાહક નહિ હોય એવા બીજાઓને બમણે આનાની કિમ્મતથી છુટક મળી શકશે.

નમુનાના અંક માટે અદી આનાની ટીકીટ મોકલવી.

નવીન ગ્રાહકોએ વગર વિલંબે નીચેને શિરનામે લવાજમના રૂ. ૨।૨- ભરી પાછલા અંકો અને બેટ મેળવવાનો લાભ લેવો. બ્હારગામના ગ્રાહકોએ બેટના પોષ્ટેજના ૦-૪-૦ મળી રૂ. ૪-૪-૦ નો મનીઑર્ડર મોકલી આપવો.

ખલાસ! બેટનું પુસ્તક ખલાસ!!

ગુલબદન નામનું જે બેટનું પુસ્તક એમો ગ્રાહક બનારને આપતા હતા તે પુસ્તક ખલાસ થઈ ગયેલ છે. નવીન ગ્રાહકોને બેટનું પુસ્તક નહિ મળવાથી નિરાશ થતું પડ્યું છે, તેને માટે ઘણા ગ્રાહકોની ઈચ્છાને માન આપી જુનું આખર સુધીમાં ગ્રાહક બનારને

આશકની આત્મકથા

નામની નવલકથા બેટ આપવાનું નક્કી કર્યું છે. આ પુસ્તકની નકલો ઘણીજ થોડી છે. માટે વહેલો તે પહેલો, ખલાસ થયે અમો આપવાને બંધાતા નથી.

મોજ-મજાહ કાર્યાલય

ગીરગામ સર્કલ સામે ખટાવ બીલ્ડીંગ મુંબઈ નં. ૪

અમદાવાદના એજંટ:-

નંદલાલ દામોદરદાસ

સુપરવેપર એજંટ રતનપોળ નાકા નં. ૨૯—અમદાવાદ.

ના. તારી માતાને મેં તે વાત કરી અને ત્યાંથી શહેરમાં ચોતરફ ગાઈ. ત્યાર પછી માત્ર તને દુઃખ ન થાય એટલા માટે જ મેં, ને રાખી હતી—પણ તે એક અજાણી વ્યક્તિ તરીકે—મેં ત્યારથી ને માન આપ્યું જ નથી. કંચન! ઈશ્વર જે કરે છે તે સારાનેજ ટે——"

"હા! અને પિતાજી! માણસ ભુલ કરે છે તે સર્વથા જુરાને ાટે! આ જુઓ આ કાગળ——હાય! મને તે વખતે જ કારણ હ્યું હોત તો——" કહી કંચન એક બાજુ પેરે આર્દ્ર કરી રહ્યા.

રમણીકલાલે કાગળ વાંચ્યો.

વાંચક! તને વધુ ન તલસાવતાં કાગળ વાંચતાં જ સર્વ ખુલાસો થઈ જશે. તે કાગળ નીચે મુજબ હતોઃ-

"વહાલા સ્વામીનાથ!

હું દિલગીર છું કે હવે મારી છેલ્લી ઘડીઓ ગણાય છે-આ કાગળ પુરો કરી હું સદાને માટે આ સ્વાર્થી દુનિયા ત્યાગીશ.

આપની ગેરહાજરીમાં હું એક ચાતક પેરે આપને માટે ઝુરતી હતી. આપ મારા સ્વામી છો-બીજા મારા ભાઇ આપ છે. છતાં એક અચૂક કારણને લઇને મારાપરથી પિતાજીનો વિશ્વાસ સર્વથા ઉઠી ગયો-ઘરમાં હું એક ઉંદરની તરીકે...પગના પગરખા તરીકે ગણાવા લાગી. (તે અચૂક કારણ પિતાજીને પુછજો-તે તમને કહેશે.)

મારો ખુલાસો એજ છે કે તે પરપુરૂષ બીજો કોઇ નહિ-મારો માત્રજણો ભાઈ હતો. કમનસીબે લઇને બીજાનો ગુન્હો એનાપર ઢોળાતાં સરકારની ધતસાટમાં આવી પડ્યો હતો. બાળા મેજરેટ્ટ પિતાની સહી સાથનું વૉરંટ હતું-મારા ભાઈએ મારી મદદ માગી-મેં આપવા મારી કરજ માની-અને મેં આપી. એક સગી બેનને છાજતું મેં મારા ભાઇને છેલ્લી ભેટની નિશાની તરીકે ચુંબન કર્યું-ને મારો ભાઈ ગયો.

પણ પછી? હાય! પછી મારું જીવન ધુળમાં મળ્યું! મારા સત્ય અને દ્રઢ પતિવ્રતપર હાય પડ્યો. મેં પિતાજીની શંકા જાણી-શહેરમાં મારી આબરૂ ગયેલી પણ જાણી-માત્ર આપનાં સાન્ત્વનની આશાએ જીવતી હતી. આપ આવ્યા અને હાય! આખર એજ! નિરાશા! મારો ખુલાસો થાય તે પહેલાં સર્વ બદામ ખુલ્યું.

મારું જીવન નકામું જણાતાં મેં આ રસ્તો ઉત્તમ માન્યો અને તે ગ્રહણ કર્યો. નાથ! આ લખતાં, મારું હૃદય રડે છે.

હવે હું સ્વર્ગમાં આપનીજ રાહ જોઈ છું આપને ત્યાં પુનઃ મળીશ. આ દાસીના હવે આપને છેલ્લા પ્રણામ.

લી૦ આપનીજ દીનભાગિની,

"લતા."

"અફસોસ! મેં તેજ વખતે બરાબર તપાસ્યું હોત તો—હાય! એક નકામી ભુલે મારી સતી, દેવી સમાન લતાનો ભોગ——" કહી રમણીકલાલે પડ્યું મુખ્યું. ગેબુંસ થયા. આખા ઘરમાં સારવાર માટે દોડાદોડી થઈ રહી. સારવારને પરિણામે રમણીકલાલ ભાનમાં આવ્યા. પણ "ક્યાં છે? કંચન" એટલું જ ઉચ્ચાર્યું. પણ કંચનને હોતો. પોતાની પ્રાણ-પત્નીને કરેલા અન્યાયની શિક્ષા ભોગવવા તે પણ આ દુનિયા તજી ગયો હતો-ચ્હાલી લતાને ભેટવા ગયો હતો.

"હું! કંચન પણ ગયો! હાય! એ ભુલ—ન થઇ હત તો——" રમણીકલાલને ઉપરા સમાચાર મળતાં છાતી ફાટ રૂદન કરતાં ફરી ગેહોશ થયા. જ્યારે દહાડે સાજા થયા, પણ હાય તે "જરાક ભુલ" માટે પશ્ચાત્તાપમાં દિવસ ગુજરે છે.

હાય! એ ભુલ! અસ્તુ.

[સમાપ્ત.]

લોકપ્રિય નવલકથાકાર મગનલાલ જયચંદ દલ્લર કૃત

કમનસીબ કુસુમ

અથવા

વિધવાની વેદના.

સાચત્ર નવલકથા] [આવૃત્તિ ૨ જી

મૂલ્ય પોસ્ટેજ સાથે ૭ આના.

નીચેને સિરનામે ઠીકાણે ખીઃ—

લુહાણા-બંધુ કાર્યાલય, અમદાવાદ.

"મોજ-મજાહ"ની ઓફિસમાંથી

આ પુસ્તક ચાર આનાની કિમ્મતે મળશે.

અવકાશનો વખત મોજ મજાહમાં ગાળવા માટે

સચિત્ર લોકપ્રિય નવલકથાઓ વાંચો.

કાળ રાત્રિનું ખૂની ખંજર ભાગ ૧-૨.	...	...	૬-૦
જેરી જમાનો ભા. ૧-૫	...	...	૧૧-૦
રણઘેલા રજપૂતો ભા. ૧-૨	...	...	૬-૦
મધુ-માલતી ભા. ૧ થી ૪	...	...	૮-૦
પદ્મલતા માને ફટકમાં ગુલાબ	...	...	૩-૦
ચુપેલનો ચમત્કાર! (ડીટેક્ટિવ)	...	...	૩-૦
બહાદુર બાળા ૧-૨ (વીર કથા)	...	...	૩-૦
ગેબાસરની પદ્મિની (ઐતિહાસિક)	...	...	૧૬૬
જુલ્મી જાતિમ-જુલ્મતી ધરા	...	...	૩-૦
વસંત વિજય ભા. ૧-૨	...	...	૫-૦
કૈલાસ કુમારી ભા. ૧-૨. નવિન	...	...	૪-૦
વિશ્વમોહિની ભા. ૧-૪	...	...	૮-૦

ઠકરાભાઇ વનમાળી પટેલ,

ગ્રાહકોને ખાસ ફાયદો.

ગ્રાહકોને ખાસ ફાયદો.

ગ્રાહકોને ખાસ ફાયદો.

બ્રાહ્મણી વંશની શૂરવીર બેગમ.

ગુજરાતી ભાષાંતર: ભાઈ ભાઈલાલ ભાઈચંદ પટેલ, બી.એ.

ગુજરાતી ભાષાંતર: ભાઈ ભાઈલાલ ભાઈચંદ પટેલ, બી.એ.

અનુવાદક:—

તે દિવસે રાજકર્તાઓ યુદ્ધ મેદાનથી દૂર ભાવણીમાં બેઠા રહી હુકમો નહોતા આપતા; પરંતુ એકેએક સૈનિકને પોતે મોખરે રહી ઉત્તેજન આપતા હતા. એકીજ દરેક સૈનિક પોતાના માલેક માટે પ્રાણનું બલીદાન આપવા તૈયાર રહેતો હતો. દરેક સૈનિકને પોતાના માલેકની પોતા માટે કદલી લાગણી છે તેનો ખ્યાલ રહેતો હતો. આજે તો સામાન્ય અમલદાર પણ પોતાના હાથ નીચેના માણસોને સુસવાતો વિચાર રાખતા જણાય છે. આ સ્થિતિ આપણી નિર્માલ્યતા દર્શાવે છે. જ્યાં સુધી આપણે કાર્ય પ્રદેશમાં વીરતા દર્શાવી સ્વજન નહિ, બનીએ ત્યાં સુધી એ ભૂતકાળનું સ્વાતંત્ર્ય કરી પ્રાપ્ત થવાની વાત સ્વપ્નવત રહેવાની. આપણે સ્વાતંત્ર્ય ખાતર જાન કુરબાન કરવાની તૈયારી કરવાની ખરી જરૂર છે. એ તૈયારી થશે ત્યારેજ સ્વાતંત્ર્ય, અને તેનું રક્ષણ કરવાની શક્તિ પ્રાપ્ત થશે. અને ત્યારેજ દેશદિન સાથી શકાશે.

બ્રાતણી વંશની એ વીર બેગમે પોતાના જોયથી રણ મેદાનમાં માણવાના સુસ્તાને આશ્ચર્યમુગ્ધ બનાવી દીધો. એક અબલાએ યુદ્ધ ક્ષેત્રમાં પોતાનું પાણી દર્શાવી સ્ત્રીજાતિનું અબલા વિશેષણ બોટ દૂર કર્યું. માણવાના સુસ્તાનનું તેની સામે કંઈજ ચાલ્યું નહિ અને તેનું મોટું લાલ, યુદ્ધ ક્ષેત્રમાં બની ગયલા સૈન્ય સાથે તે માણવા પલાયન કરી ગયો.

આ યુદ્ધ અને બેગમના વિજયથી એક વાત સિદ્ધ થાય છે કે એ વખતમાં સ્ત્રીઓને પણ સ્વદેશ પ્રેમ, રાજ-નીતિ, વીરતા વિગેરે બાબતોનું ચોગ્ય શિક્ષણ મળતું હતું. એ વખતમાં સ્ત્રીઓ યુદ્ધવિદ્યામાં પણ નિપુણ બનતી હતી. આજે તો પુરૂષોને પણ અક્ષરજ્ઞાન શિવાય બીજું શિક્ષણ બેગવવાની પુરતી સગવડ નથી તો સ્ત્રીઓની તો શી વાત કરવી?

વીર બેગમે એક આપત્તિ ટાળી ત્યાં તેની ઉપર બીજી આપત્તિ ત્રાટકવા પડી. નવયુવાન સુલ્તાનના લગ્નોના બહોળવત થઈ ગયો હતો મેજીસમાં અકબરખાત તેનું મૃત્યુ થયું. બીજારી બેગમ ઉપર આભ તૂટી પડ્યું. તેને આથી ભારે આઘાત થયો પરંતુ તેથી એ ગભરાઈ નહિ. પથ્થરની છાતી કરી તેણે પોતાના બીજા પુત્ર મહમદને ગાદી પર બેસાડ્યો. અને પોતે પ્રજાનું હિત થાય તેવી રીતે રાજ્યકાર્ય કરવા લાગી.

મુખ્ય પ્રધાન અને સલાહકાર મંત્રી વચ્ચે ચાલતો દેષ આ સ્થિતિમાં પણ ચાલુજ હતો. મહમદ ગવાં સાચેચા સ્વામીભક્ત, વફાદાર અને સદાચારી હતો. પરન્તુ ખ્વજા જહાં સ્વભાવથીજ દૂર અને પ્રપંચી હતો. બેગમને આપત્તિમાં આવી પડેલી જોઈ, તકનો લાભ લઈ તેણે પોતાની છબી પ્રપંચ કરી દીધી. મહમદ ગવાં અને બેગમ સ્વભાવથીજ ભોળા અને સીધા સ્વભાવનાં હોવાથી રાજ્યકાર્યમાં તો તેનો પ્રપંચ, ન જાણી શકાં પરંતુ અન્તે તો તેનું ષડ્યંત્ર આવું બહાર આવ્યું. પ્રપંચી ખ્વજા જહાંએ રાજ્યકાર્યમાં બીજકને રાજ્ય વહીવટ પોતાના હાથમાં લઈ લીધો અને મહમદ ગવાંને નામના દેશોનો સરદાર બનાવી દીધો. આથી મહમદ ગવાંને પણ તો રાજ્યકાર્યની જરાક દેખરેખ પડતું હતું. ખ્વજા જહાંએ રાજ્યમાંનિર્માંક રહી રાજ્ય વહિવટ ગવાવનાં નમાવા પ્રકારના રાજ્ય ખાધિકાર પોતાના હાથમાં લેવા માંડ્યા. એ તો પોતાના દિવસમાં સ્પષ્ટ સમજતો હતો કે, મહમદ ગવાં પ્રપંચ સમજી જાય તેવો છે, એ તો બાળ રાજા છે એને પ્રપંચ તો હજી કાંઈ આવડ્યો આજીક શું સમજે! બેગમ તો મહેલમાં પડી રહેનારી તેને તો આ પ્રપંચ ની જાણ નહિ. બીચારાને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે મહાલયમાં રહે છતાં રાજનીતિનું શિક્ષણ પામેલી એ બેગમ સૂક્ષ્મદ્રષ્ટિથી તેનાં કાર્ય પર દેખરેખ રાખતી હતી. બેગમે જોયું કે આ પ્રપંચી પોતાની પાશરસો જાય છે, એટલે પોતાના પુત્ર સુલ્તાનને એ માણસ વિશ્વાસઘાતી છે તેનો ખ્યાલ આપી દીધો અને બીજેજ દિવસે દરબારમાં તેનો નિકાલ લાવવાનું કહી દીધું.

બીજેજ દિવસે અગાઉથી નક્કી કર્યા મુજબ અમીર ઉમરાઓની ભરી ખ્વાજા જહાંની વિશ્વાસઘાતની બધી હકીકત પ્રમાટ કરવામાં અને સુલ્તાને ધ્યાન કરતાં ભર દરબારમાં એ વિશ્વાસઘાતીનું ધડથી જુદું કરી નાખ્યું. આ રીતે બેગમની ચતુરાઈથી ભીરસો મહાન પ્રબળ શત્રુ નાશ પામ્યો. વિશ્વાસઘાત માટે તેને તો ચોગ્ય મળી ગયો. પરંતુ એ સાથે ખ્વાજા જહાંની ભર દરબારમાં કતલ જોઈ તેના પક્ષમાં ભળેલા બેવડા માંણસો, પોતુ ડર ખાઈ ગયા અને રીતે રાજ્યવ્યવસ્થામાં ઘુસેલી કુટીલતાનો અંત આવ્યો.

બેગમમાં માણસોની પરીક્ષા કરવાની અજબ શક્તિ હતી. ખ્વાજા જહાંને યોગ્ય સજા કરી પોતાની બુદ્ધિનો ખ્યાલ તો આ હતો પરંતુ એથીએ વિશેષે ખ્યાલ તો તેણે મહમદ ગવાંને કદર કરી બાર સોંપી રાજ્ય વ્યવસ્થાને વધારે સુ દર પાયા ઉપર ગોઠવીને આખરે નિરપેક્ષ બની, માલેકની બંદગી કરવામાં દિવસો ગાળવા લાગી મ ગવાં તો પોતાની કદર કરનાર આ વીર બેગમને પોતાની માતાજ સ હતો. એટલે સર્વ રાજ્યકારોભાર તેની સલાહ મુજબજ ચલાવતો મહમદ ગવાંની એ વફાદારી અરેખર પ્રશંસાપાત્ર છે.

બ્રાતણી વંશની એ વીર બેગમની રાજ્યકાર્યકુશળતાનું વિશેષ સારું પ્રમાણ બીજું કયું હોઇ શકે? પતિના મૃત્યુ પછી મા સુલ્તાન જેવા પ્રબળ શત્રુને બધા રણ મેદાનમાં જતે ધુળી પાછો હઠા એક પુત્રનું મૃત્યુ થતાં બીજાને ગાદીએ બેસાડી રાજ્યમાં ચાલતે પ્રપંચ પકડી, તે પ્રપંચ કરનારને યોગ્ય સજા કરી રાજ્યને સુંદર બનાવ્યું.

આજે એ વીર બેગમ આ પૃથ્વી પર આવી દ્વિ-દુશ્ય નથી સિ જુએ, કટાકીયાના અવાજથી હરી ઘરમાં સંતાઇ રહેતા અને સમાજે વીરતાની ઠઠ્ઠાસો ઠઠ્ઠાના અત્યારના સુવાનોને જુએ તો તેને કેટલું દ આવે? અય, ભારત સંતાનો જાગૃત થાઓ! સ્વતંત્ર્ય ખાતર જાન કુરબ કરવા તૈયાર થાઓ અને વીર બેગમની બગલાને દાખલો લઈ જરા દીનદૈયનો ત્યાગ કરી, પરાધીનતામાં ઝળવા કરતાં કુરબ નીને જ ઘણી સમયાનુરૂપ કાર્યપ્રદેશમાં ઝુકાવો.

ઇદ્રાણી—(દુઃખવાળા સ્વરાને) ભગવાનદીન, તારૂં દુઃખ હું ક્રરીશ: કારણકે, આતું પાતળું પાણી જેવું દુઃખ—

ભગવાનદીન—બાઈ સાહેબ, તેમાં હું પણ શું કહે? બા જેવાને માટે સારો ચારેજ ગણેલો નથી! મારી ગાય તથા બૈલ તમારીજ માફક માત્ર ખાવા ભાગ લાયે છે!

એક સુંદરીનાં સાહસ કર્મો.

લખનાર—ભંજુલાલ ગોપાળરાય દેસાઇ.

(તા॰ ૬૪-૪-૨૪ના અંકથી ચાલુ)

પ્રકરણ ૨ જું. (ચાલુ)

"તે બાબત અમે તને ખુશી દિલે વચન આપીએ છીએ" અને જવાબ આપ્યો અને મનોરમાએ એકદમ તેને દેખ આપી.

"ત્યારે તો હું તમને વધુ શકાએ આશ્રય આપીશ," એટલું તો નેગ્રે કિરણાના અવાજ કરતા પ્રથમ બોબડી બારણું ઉઘડ્યા

અને મુસાફરોને આથી અત્યંત આનંદ થયો કિરણાના રખવાળી સાથે આવેલ પકડેલ વધુની ઉમરના એક છોકરાને જોઇને મુખના ભાવ સાંભા તે છોકરીએ તેને અંદરને બાજુએ બારણા આગળ ઉભી રહી લાગ્યો. ચૂપ તે વખતે રખવાળ કે જેને બોલાવો બાપ થતા તો તેણે લાંબુપુર કે તેને મુકવા કરી 'બાપ' બ્યાન રાખીને બ, તને જે તમે ગામ પેથી કન્યાઓના ધેડા છે તમે આ બોલાને બાવતો હતો"

પ્રસન્ન અને મનોરમાએ રાત્ર આખના આડુસારીને એક બીજાને ઓળખ્યું કે, "કોણ કુંવરકાકો" અને તરતજ જે વ્યક્તિએ કહ્યુ હતા પોતાની છબરીના લેખમે તેમને ઉતારો આપ્યો હતો તેના પર તેમની માનભરી નજર ફરી રહી

રખવાળ બાપેટ વર્ષનો હતો અને તેના ગઢેરામા કોઇ વિશિષ્ટ શોધ ન હતું પરંતુ તેના મોઢા ઉપર ઉલાસિતના અને નોકની બેબાકળ રેખાઓ આછી આછી તરી આવી હતી, અને તેથી આ નવા બિલાડીએ બાવુ' કે તેમને અંદર પેસવા દેવાનુ કાબ્બુ તેની નૈસર્ગિક ઉદાર વૃત્તિ કરતા લાલચની લાલચ હોવું જોઇએ

રખવાળની અક્કે નિશાળી ચોક અને તેના ઉપર ક્રમાનદાર લાબ્બ મટ હતો, ઝાપા કિવાના બાજવાળામા એક કદખાના કેટલો તે ઉપર લાબો હતો. રખવાળે બંધે કર્યા પછી તે રખવાળ તેમને ચોકની બુના ભાગમા લઇ ગયો અને ત્યા આવેના બુરવની નીચેના ભાગ એક કેમ નવા ના નીચા બારણા પાસે તે ઉભો રહ્યો તેની કમરે કેના પટામા લટકતા કુચીના ગુમખામાની એક કુચી વડે મુનલીથી તે તાળું ઉઘાડ્યુ અને પછી બારણું બેગી એક બત્થરની ગાદી ઉપર તે સઇ ગયો. તેની ઉપર ચાદી ત્યા પછી એક ઓઢવી લાબી પટ્ટી આથી તે ગાદી ઉપર ચારે બાજુ ઓઢવાનું ગોઠવી તે ઉભો રહ્યો અને ઉભો રહી તેણે પોતાની તુમખાના કબ્બો પહન ની રોનારી નાખ્યા પ્રસન્ન કરવા લાગ્યો

આવી આજરે બે વાર ચાલી ગયો. આખરે તેણે કોઇ આવ્યો તેના બારણાનું કબ્બો : તુ ચુ ચોરી કરવાને પછી ઉપાડ્યુ. આખના મુસાફરોએ અનુમાન કર્યું કે કિરણાના નદિ વધારના કોઇક બાગમા તેમને ઉતારવામા આવશે. અને ચાલુ સ્થિતિમા તો એવું સ્થાન પણ તેમને મળવું ઘટે એમા કાંઇ પણ શકા જેવું ન હતું પરંતુ તેમની વિચારશ્રેણીનો તાળો સમય આવતા પાછી નાંદે, કારણ કે બારણું ઉઘડ્યુ કે તરતજ રખવાળે તેમને એક નાની બે રૂમોમા વહેંચી ગયો કે જેમા આ ઉપરાંત બીજું પણ બે બારણું હતા

"હું તમને ખાસ બારણે બાજનેજ કિરણા આ ચુસ્તમાં કુશ્ત લાગમા બહિ આવ્યો છું," રખવાળ કે જે દરમ્યાને છાયા પછી ગાંદર થાની જાળી રહ્યો હતો તે બોલ્યો "કારણ કે મારી છબરીને લેખ મમા નાખીને જે તમને બાજર ગતે કિરણામા રાખવા માંગે છે"

"અને તેનું શ કારણ?" પ્રસન્ને ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો, "વીરપ્રમા પણ તો કબાકાકોને કિરણા અમે બાબુ હતું પણ આ પ્રદેશમા અમે નવત અજાણ્યા હોવાથી—"

"ત્યારે તો મહેરબાની કરીને અમે તે વિશે કાંઇ પણ પુછવાજ નહિ" બોલે ને સખત અપમાનથી તેનું અવાજ ચાલુ હોય એવા ઉદ્ગ રથી તે બોલી ઉઠી પણ તે તરતજ પોતાને ભૂલ સમજાઇ ગઇ અને ન સમજવા જેવા પણ સખત અને તીવ્ર બાજગામી ભર્યા કટાક્ષ અમ ગણ શબ્દો તે બોલી ગયો પછી તે બાજુએ ચિને કેમ લાગ્યો, 'બાપ, બે તમે આ પ્રદેશમાં જન્મ્યા હોત તો તમારા કાનેથી અને કે લાગણી ચુપ આવી તેવુ બાડ રહસ્ય તમે યથાર્થ સમજી શકો, અને મારા દુઃખમા ભાગીદાર થાઓ પણ તેને માટે બાટરજ કર્યું તે પુરતું છે. આ તમારી જુવાની ઓરડી છે," તેણે એક બારણું ઉઘાડી કહ્યું અને બીજું ઉઘાડી બાપતા કર્યું, "બે તમારે જુદી જુદી બરસ્યા જેવી હોય તો આ બીજી ઓરડી પણ છે"

પ્રસન્નના મનમા બોલો વિચાર આવ્યો કે શો કન્યાઓના બેરથી જે અસર તે રખવાળ પર મુખ ઉપર થઇ આવી, અને તેને માટે જે શબ્દો તે બનતી ગયો તે ભેદવુ રહસ્ય કોઇ પણ પ્રકારે તેની પાસેથી જાણી લેવું, પણ તેની આ મનોવૃત્તિને બબુતા વારજ રખવાળે પોતાના હાથ માનો દીવો ત્યા પડેલા એક ટેબલ ઉપર મુળી દીધો અને " પોણાજ વખતમા મારી સ્ત્રી તમને બાબાનું આપી જશે" એવું કહીને ઉતાવળે પગલે અદૃશ્ય થઇ ગયો

ત્યારે જતને એકલા પડ્યા ત્યારે પ્રસન્નને યોગ્યો કહ્યુ, "અને લાગે છે કે આ કન્યાઓના બેદ સબધી આપણે કોક મુખી બબોનામા રહીશ પણ આપણને એવેથી ઓરડીઓમા શી શી સગવડ છે, તે આપણે પ્રથમ તપાસીએ"

આટલું બોલી તેણે દીવો બીજે અને બે ઓરડીમાં મુખ રહેવાનું હતું તેમા ગયો. આ ઓરડે પ્રસન્ન અને સમારી ગઇ હતા. પણ તે તરતજ રખવાળી અને તેને કુદી નવા બોજવા ની બિલા તમ આરતી હતી, વળી વિસ્તૃત જગ્યા અને મે કુદ. અને ગોબરસ ઉંદ જમીન ઘુંચી ઉપરના પ્રકારની બે ટેકાઉ હતું

દીવાલો ઉપર ઉનના પડદા ટીંગાડેલા હતા પણ તે એટલા બધા જીર્ણ થઈ ગયેલા અને ધુળથી ઝાંખા પડી ગયેલા હતા કે તેના મૂળ રંગ તથા ઉપરના ભરત કામનો ખ્યાલ ભાગ્યેજ જોનારને આવે. રહોડાના સળીઆળાળી બે નાની બારીઓ હતી. તેના બારણાં કાચના હતા. પણ તે એટલી બધી ઉંચી હતી કે લાંબા માણસનો હાથ પણ તેના નીચલા ભાગને ભાગ્યેજ અડકી શકે. બીજી જોડની ઓરડી પણ આટલીજ સમરવાળી હતી.

ચોવીસ વર્ષતમા રખવાળની સ્ત્રી એક હાથમા ખોબાનું અને બીજા હાથમાં ચોપ લાકડાના કકડા લઇને આવી. ઓરડામા ઠંડક તથા બેજ એટલા બધા હતા કે તે ઉપાયવાને દેવતાના તાપની ખાસ જરૂરી હતી

થોડીજ લણમા તે બીજો દવતા સળગાવ્યો અને તેની ગરમીથી બન્ને મુસાફરો ગરમ થયા પછી તેઓએ ખોરાક લીધો એટલામાં ચોવીસ વર્ષારે લાકડા અને પીવાનુ પાણી લઇને રખવાળ આવ્યો. 'અર્ધ પેકર' બનાવની સ્ત્રીને મો કન્યાઓ સંબંધી કાંઈક પૂછવા જતો હતો, એટલામાં અણચિંતવ્યા પોચા રખવાળને જોઈ કચવાતે મને તેને તે વાત દબી મૂકવી પડી

' ભાઈ માથી બનતી બધી સગવડ મે તમને આપી છે " તે રખવાળે કહ્યું. 'અને મને ખાત્રી છે કે તમને આજની રાત સારો આરામ મળશે. મારા કુટુંબના પ્રમાણે અહીં ઉતરેલા બી મુસાફરો સવારે વિદાય થશે અને પછી પટ્ટી કરવા કરવામાં તમને જરા-પણ અંતરાય થશે નહિ. પણ કદાચ તેમ થોડા વખત વધારે રોકાવ તો તમે મને વચન આપ્યું છે તે પ્રમાણે મેરણાની કરીને અહીથી બહાર ચાલવાનું જોખમ ન ખેડશો."

" માર ભલા દોસ્ત, અમે તારી સ્થિતિ પણ સારી પે સમજીએ છીએ અને તેથી અમે તને જરા પણ આવવા દઇશું નહિ. પણ તારું નામ શુ છે? પોતાના જીવને જોખમે અમારી આગતાસ્વાગતા કરનારનું' અમને હમેશાં સ્મરણ રહે એટલા માટે અમારે જાણવુજ જોઇએ."

" ઓ, માર નામ બીમસિંગ છે," રખવાળે જવાબ વાળ્યો. " અને મારી જનને આ દેશના રહેવાસી તરીકે ઓળખાવાને હું મગરુર છું. જે મુસફમાનોએ અમારી આ માતૃભૂમિને પામગાલ કરીને તેના ઉપર પોતાની સત્તા બેસાડી બ્રીથી છે તેમનો હું કટો દુશ્મન છું. આ મારી સ્ત્રી પણ આજ દેશની છે."

"અને બીગસિંગભાઈ," પ્રસન્ને આતુરતાથી પૂછયું; " આ કિલ્લાના માલિક મેળુ છે ?"

" તે એક મોટા બગીરદાર છે" તેણે જવાબ્યું. "પણ તેઓ અહીં રહેતા નથી: અને છેલ્લાં કેટલાએક વર્ષ થયાં તો તેમણે અહીં પગ પણ મૂકયો નથી. તેઓ મોટે ભાગે બ્હાવપુર રહે છે, કારણ કે આ પ્રદેશના રાજા-પણ તમાંજ રહે છે. આ કિલ્લાનો બધો કબજો મારાજ હાથમાં છે; અને હું મારી સ્ત્રી તથા એક પુત્ર સાથે હમેશાં રહું છું."

" ત્યારે તો આજના આટલા બધા મહેમાનોનું આગ તેમને માટે લેવી પડતી તકલીફ તમને તો ફીકીર નહિ જ હોય," ઓનો ભેદ જાણવાની જીજ્ઞાસાથી પ્રસન્ને ધીમે ધીમે બોળ બાયવા

" શું આજે અહીં ઉતરેલી કન્યાઓ માટે તમે કહો પ્રસન્નનો અંતિમ હેતુ સમજી જઇ રખવાળે હડે પેટે કહ્યું, " મને તરફની જરા પણ તકલીફ નથી. તેમની સાથે પુરતા નોકરો અને સામાન છે. પણ હવે હું રજા લઉંછા."

આટલું કમી તરતજ તેની સ્ત્રી સાથે તે ચાલ્યો ગયો.

પ્રકરણ ૩ જું.

મનોરમાનું સાહસ અને ધૈર્ય

પરસ્પરથી સલ્યેટ, હવે એકલું પડયું. પ્રસન્ન પથારી તરફ ગયે જોવા સુતો કે તરતજ ઘણા થાક ને લીધે તેની આંખો ઘેરાવા લા ગી ચોથીજ વારમાં તે ગાઢ નિદ્રામાં પડયો પણ આટલો થાક લાગેલો મનોરમાને જરા પણ ઉંઘ ન આવી. તેમજ તેની ઇચ્છા પણ ન થઈ કાંઈ પણ અનિષ્ટ બનવાનું હોય, કાંઈ ભયંકર બેદનો "પડદો તેની આગળ ખુલ્લો થવાનો હોય એવી ન કળી શકાય એવી લાગણું તેણીના હૃદયને ક્ષોભમાંથી મુકતું.

સગડીમાં લાકડાં જોસથી બળી રહ્યાં હતાં; અને એજ દીવાનો પ્રકાશ આસપાસ ફેલાઇ રહ્યો હતો. પ્રસન્નના નિદ્રાવશ થયા મનોરમાએ ચોકીયાત સુધી અનિમિષ નજરે ઉદાસિનતાથી અનિ જોયો કર્યું. પછી ધીમે ધીમે આસપાસની ગંભીર શાંતિથી તેનું આકુળ વ્યાકુળપણને ભયગ્રસ્ત થતું ગયું.

આ સ્થિતિથી મુકત થવાને તેણીએ ચોથીવાર તે ઓરડીમાં તેમ કર્યાં કર્યું. પતે તે બિછાના પાસે ગઈ અને નિદ્રાધિન થયેલા તરફ ઝીણી નજરે જોઇ રહી.

જે કે પ્રસન્ન નિદ્રામાં ઘેરાઈ ગયો હતો, તેની આંખો બીડાઈ હતી આરસ જેવી સફેદ મુખમુદ્રા ઉપરની કાળી ભમરો સ્પષ્ટ દેખાતી હતી તેથી તે ચેતના રહીત અથવા તો ગાઢ નિદ્રામાં પડેલો હોય ખ્યાલ સરખો પણ કોઇને આવે નહિ. કારણ કે તેની ઉંડીરેખાંકુડી નિખાલસ મુખમુદ્રા બુદ્ધિ અને જ્ઞાનની દિવ્ય પ્રભાથી ઝળકી રહી

અત્યાર સુધી ઉદાસ દૃષ્ટિએ તાકી રહેલી મનોરમાનું તેના તરફના સ્નેહથી ક્રમશઃ ભીંજાવા લાગ્યું. પ્રસન્ન ઉપરનો પ્રેમમય ભક્તિભાવ અગાધ, અપાર અને અનુપમ હતો બન્નેના જુદાં પણ લગ્યો ઓતપ્રોત ગણી ગયાં હતાં.

[આ રસિક વાર્તાના હવે પછીના ભાગ > જુઓ તા૦ ૨૭-૪-૨૪ નો અંક.]

ચિત્ર-ચમત્કાર

[પુ ૧]



જીન-નામની ગુલામ

[અ ૬]

ક્રિ ઉજાજ ૩ ૪-૮-૦

છુટ્ટ નાથ સુપ્રભા ૬ આનો

આજના લેખોનો ક્રમ

મુખપત્ર	૧
સુનાથ્યુ રાનિ-ગ્રહ્ય (૨ા ગુજ્ઞ-ન)	૩
એ૦ સુદરીના સાહસ કર્મો (૨ા ગ ગો ૬મ ૦)	૪
ધર્મ એન્ડ્રીયુ જો ચિ - ૩(ના મજા કમ્પ)	૧૦
નવાઇ કુમારીનો ખત (ના દોસાના)	૧૦
૩ ગાનની ગુલામ (ગુલામ પોતે)	૧૮

ન સુધીમા જવાબ ભર્યો ગ્રાહક બનાવે ૩૦૦ પાનાની ' ગુપ્તમદન ' નામની નવલકથા બેટ આપવામા આવે છે

મોજ-મજાહ.

રવિવાર તારીખ ૨૭ મી એપ્રીલ સને ૧૯૩૪.

રાધાનું સ્વપ્ન.

લખનાર—શ્રીયુત વસન્ત.

શાંતી સમીરની લહરી વૃષ્ટિ સુગંધિમાંહિ ગળે,
સરિતા તટે મહુલ તરુની પૃષ્ઠિપટ ઉપર રમે
વજ કુંજ વિરસ વિહાર વિનોદે વિરહ રજનિરસ આગમે,
રસઘેન્દ્ર રાધા હૃદય રતિરમ રમહુના જળમાં રમે.

* * *

ચઢ્યા મોહમથી મધુરાંધુની ત્યાં જાળાનું દુવારીની દૃષ્ટે પડી;
યમુના જળધાર વિહારમાં તાર ત્યાં આંખની સ્તાને એ ખડી.
સુકુમાર કલેવર એ નારકલી એક કૃષ્ણાનની કામની દૃષ્ટિ વડી,
ધરી રોલ સુરંગાર વિહાર કરી, વજ ગદ્રગી ગોપીની તેરે પડી!

* * *

ભુલી ગયો હરિ ભુલી ગયો, નિજ આત્મીની જ્યોતિને ભુલી ગયો;
જ્યમ પ્રાણને દેહ ભુલી વિચરે, તમ કૃષ્ણ ભુવીને નમેરો થયો!
સ્મરગને રૂપમાં મુગ્ધ બની, મદ મોહ માયામા હુલી ગયોઃ
નિસંગ છતાં ઉપરંગના અંગના, અંગના જંગમા ઝુલી રહ્યો.

* * *

નમેરો થયો હા નિષ્ઠુર થયો, શુદ્ધ સ્નેહની વાત વિસારી ગયો,
સાક્ષર નિરાકારી નયન ઝલકમાં પલક પ્રાણ વિકારી થયો
ભુલી ગયો હાય ભુલી ગયો રે, નદનો નંદન ભુલી રહ્યો.
ખુબ મઝપ રાજ મહાલય રંગ તરંગની જળ ફસાઈ ગયો.
પક્ષ પાંખડી પ્રેમ ઉપ્ય ભર્યો પુષ્પ પ્રભાકર મધુર રૂપ થયોઃ
કીટ પતંગનું ધ્યાન ધરી જ્યમ રંગ પતંગે રંગાઈ ગયો,
યમ પ્રકૃતિ રંગ ભરી અધરે ધરી અંચળ ચંચળ કેમ થયો!
રાત લશ રમે રમણી કુળ ત્યાં વિકૃતિ રત ચેતન વિરમી રહ્યો.
અહા ગહુન કાળ બળે અહીં આજ લુપ્તરાના વરણેને ચુમી રહ્યો

* * *

ભુલી ગયો હાય ભુલી ગયો, કૃદાન પ્રેમના મદ્વિમાને ભુલી ગયોઃ
ભુલી રહ્યો મદમોહે વહ્યો રે, નંદનો નદન નોરિ થયોઃ
જે જગ્ય જાગી અભાગીની ત્યાગી વિરાગી સદાથી બહુરાગી થયોઃ
એક પ્રેમને નેમ એક દેવ એક દેહ એક મન મહામુલ્ય મું ભુલી ગયો!

પ્રેમીને એક છે એકમાં અનેક છે અચળા એ રૂપ છે ક્યાં પ્રેમના ઉદ્ગ્ર છે!
ક્યાં વિવેક છે ક્યાં રમ રેખ છે ક્યાં એકની આ અનેક છે!

(બાકી)

શશિને કુમુદ અનેક પણ, કુમુદ પ્રાણ શશિ એક;
પ્રાણ હજાર ત્યજે ભલાં, કુમુદ ત્યજે નવિ ટેક.

* * *

તું સાચી ભલાં તું છે ખોટો માહીનો વખોટો પારખોટો;
વાહ મ્હોટો ગાવો કરે છે ઘણિ ખોટો ખરે મ્હોટો છે મ્હોટો;
નથી જોટો નથી જોટો છતાં કહું છું ઉચોક તું છે ખોટો;
એક તાન એક ધર્મ એક હૃદય એક મર્મ એક પરમ કર્મ
એક દેહ એક વર્ણ સરિ રવિ રમ જે કરે છે
એકમાં અનેક જુરી રેક બની ખેરો, ભલે શાસ્ત્ર કહે મ્હોટો
છે મ્હોટો નથી જોટો, છતાંય હું ઉચોક કહું ખોટો!

* * *

જો તમને નથી ચિંત્ર ચાહ અમારે ચાને ચહું?
પણ ખાને ના પાપીકે દિવ તમારે કાજે દટે.
રવિ દગ્ધ કરે દગ કમળ છતાં યે રજિન જમે;
ભલે બાળી બનાવે ખાક એ ખાક તો ચરણે રમે.
શશિ હસી લસી મસલો બાય કુમુદ મન ત્યાંજ ભમે,
પતિ બાળા સરસ મની કાય, છતાં પતિ ચરણ ચુમે.
અતિ અટપટી રતિપતિ રીત ગનિદીત કેમ કરે?
કવિ પુગીએ તાલુક મંગ શિરે ધરી કરવનને;
ચહ્યો ચુમી ઉપર મનસુર પુકારી અનલ હસને.
પતિ નયન ઝંગિતને જોઈ સતી પડી પાવકમાં
બની બની ખની ગીતા ખાક મણાને ચરણ કમમાં.
એ લક્ષ્ય અવક્ષના ભેદ ચમકતા પાવકમાં
જે ભરે પાવક પાત કરીને હલાહલમાં.
જે છતતા અપૌદિક સ્વાદ મૃત્યુંને માણી શકે;
તે જાનું પ્રેમના ભેદ, ભોળા તે કેમ કહે?

જુદો થયો હામ ભુલી ગયોરે હૃદય ચુનો કાનુડો અમને ભુલી ગયોરે નોરિસો થયોરે.

* * *

સ્વપ્નમાં સંતાપ કરતી રાધિકા રડતી હતી;
નયનં ઉન્હાં અશ્રુઓની ધાર શત ઝરતી હતી.
દૂમેય ભરાયો ભાતીએ રૂપેલી કંઠે ભાવના;
સમજાય ના શું થાય છે શી આ વિષમ વિભાવના!
રાધા રડે ને કૃષ્ણ હસતો રમણી કુળના સંગમાં;
રાધા હૃદયમાં કૃષ્ણ એકજ પણ કૃષ્ણ તો બહુ રંગમાં.
કોટી પ્રત્ન જત્ન એક નૃપતિ ચરણની પુત્ન કરે;
પણ એક નૃપતિ હૃદયમ સંતિને બાય એમ ઉર ધરે.
એકજ રવિ વિકસાવતો કોટી કુમુદને સૃષ્ટિમાં
તો સુમન કોટી અનંત પણ છે આકાશ એકજ વિશ્વમાં.

હસી હસીને મારે તીરે કૃષ્ણ મુખ રવિ કિરણે;
નિમિરાનન્દન, રાધા હૃદય વિકાસે આભરણે.
લજ્જ ત્યજ્જ ઘેલી બ્રજ મોહ પડી શું આવરણે!
શું છેદજ ભુલી ભાન સ્નેહદધિ સંતરણે!
મહા વિકટ પ્રેમનો પંથ વસે છે પ્રભુ ચરણે;
એ અગાધ સિંધુ તરંગ ન ભાસે નદી ઝરણે;
તું ગગન વિહારી જ્યોતિ અહિ મન્મથ મહણે;
મદ મોહ ન છાજે છબિલી સ્નેહદ્યુતિ તુજ ચરણે.
કંઈ જો જે પ્રેમના ભેદ, સમજ રસ મુદ્રિમાને.
એ અકળ પ્રીતિના પંથ રૂપિ મુનિઓ માને.
છે દીન બીચારા વેદ, નેતિ નેતિ કહી વિરમે;
નથી ગોચર દીન કે વચને, દીન જન શું જાણે!
પદ્મ ભાવે પૃથ્વી લોક રચી રહે વિષયોમાં;
પણ પ્રેમ રવિ ન ક્ષુધાય ઉદય કે પ્રલયોમાં.
છે અચળ પ્રેમનાં રાજ્ય, પાર ત્રણ લોકોની;
શું જાણે જગતના લોક, એ મર્મ વિલોકોની.

(સાખી.)

ચમાર ચુથે ચર્મને પ્રણયી ન્હાયે પ્રેમ;
સૂતુમાં જીવન ઉગે અકળ પ્રેમની નેમ.
ઇચ્છે નહિ બદલો કદિ, કુસુમ સમર્પિ સુવાસ;
પ્રેમી અર્પે પ્રાણ પણ નથી બદલાની આશ.

રવિ ઘુમે બનીને ભરત અનંત ગગન તળમાં;
ઉષ્મા ચુસે રહીને દૂર સસ્ય ભૂમિ ભૂતળમાં.
ભમતું નિત્ય ભાનુ સાથ પૂર્વને પશ્ચિમમાં;
ફરે જ્યાં જ્યાં રવિનું વદન સદન અગ્નિ હિમમાં
છે સુખદુઃખ એક સમાન સદાય શીતા તપમાં
છે ગરલ પીયૂષ સમાન મરણ કે જીવનમાં.
કદિ કોટિ શતધા ખંડ કરે તુચ્છ તનમનના;
પણ જરાયે નહિ કદિએ રંગ બદલા જે ચેતનના.
ન આળે શસ્ત્ર સહસ્ત્રે, ગ્રસ્તે ન અગ્નિ શિખા;
નહિ શોષે મારત જ્વાળ દવ બળે અથર્વ સખા.
કહે લોકો પ્રેમ પતંગ અખંડ અનેરા છે;
હસે દીપક તોય સદાય બળે મદઘેરા છે.
પણ નિર્લોભ–મુખ દીપ પતંગ નથી ન્હાતો;
બુઝાયા દીપક, પ્રાણ પતંગ નથી ન્હાતો.
છે અજબ પ્રીતિનો રંગ બુઝાયેલ દીપકમાં;
કરે પ્રાણ સમર્પણ પ્રેમી પડી શી પાવકમાં.
મૃતપતિને ધરીને અંક સતી હસી બળી મરતી;
કહે ઓલા પ્રેમ પતંગ શું પ્રીતિ નથી કરતી!
કર્તુમ્ અકર્તુમ્ તેમ અન્યથાકર્તુમ્ જે;
છે સમર્થ હરિ જગદીશ એ પ્રેમનું રૂપ જ છે.

કરે વિષનું અમૃત નિત્ય વિયોગની રાત કરે;
ધરી ધુરી ધરાની નિત્ય કાળની ટેચે ફરે.
છે અગમ અગોચર રૂપ અંતીત દિશા દશથી;
ત્રણ કાળ અતીત એ નિત્ય અભિન્ન છે જગદીશથી.
કહે મુર્ખ છે પ્રેમ તો અંધ, અંધ શું અન્ય કહે?
પણ પ્રેમ તો નિત્ય પ્રકાશ વિલોકનાં તિમિર દહે.
એ પ્રણય ત્રિશુળધર નયન તૃતીય જ્યાં અગ્નિ ઝરે;
પામર જન પાગે ન પાર સમીપવા ત્યાંજ મરે;
દિવ્યાંશી પ્રેમ નિધાન, પ્રેમીજન જે ઉતરે;
તે પુનિત પ્રણના અંશ, અક્ષય બની ત્યાં વિચરે.
સખિ રાધે આવો પ્રાણ! ઉમય ઉર એક કરે;
એ પ્રેમી પીયૂષનાં પાન કરો ત્યાં હૃદય હરે.
આવો રચીએ રાસ અખંડ શરતની ચાંદનીએ;
જ્યાં શીતળ જ્યોત્સના રનાન જગતનાં વિષ ઉતરે.
લલિતાએ રવિ પાં. મા.સ. પુર્યો તો પ્રતિલેખે;
ઝીલ્યો શુદ્ધ પ્રેમનો હલાય ભરી રસ પ્રતિ રોમે.
એ પડ માસી સુખરાત્રિ, પડગે વ્યાપી રહે;
ત્યાં કાળ બીચારો દીન, ચરણું રજ હૃદય ધરે.
ત્યાં પ્રભુ પણ બનીને દાસ, ભક્તની સેવ કરે;
છે ભક્ત અધિપતિ ખાસ, સ્વામી ગુલામી કરે.
એ ઉલટી અટપટી રીત, પ્રિતની નિસ રહે;
બની આંધર બાહિર એક, અચળ સુખવાસ વહે.
જય જય હો પ્રેમના મંત્ર, વિજય એ દેશ રહો;
જ્યાં પ્રેમ તણું સામ્રાજ્ય, વસંત નિત્ય વહો.

(સાખી.)

સ્વપ્ન ઉડ્યું સુષુપ્તિ વીતી, ઉગ્યું રટન પ્રભાત.
પ્રેમ પ્રકાશ પ્રસારતી, કહી પ્રણયીની વાત.

દુનિયાના દરેક માણસ કરોડપતિ છે!

કોઈ બે મિત્રો ચોપાટી ફરવા ખાતા ગયા. એટલામાં કોઈ લક્ષા–ધપતિની મોટર ત્યાંથી નીકળી ત્યારે તેના મિત્રે કહ્યું–"જો, પેલી મોટર જાય છે. તે લક્ષાધિપતિની છે!" ત્યારે તેના મિત્રે હસીને જવાબ આપ્યો:–"ભાઈ, ભલે તે લક્ષાધિપતિ ગયો. પણ હું તો શું પણ દુનીયામાંનાં દરેક માણસ કરોડપતિ છે!"

બીજા મિત્રે કહ્યું:–"વાહ! તું પણ બરો ચોસાભાર જણાય છે! તારી પાસે કે મારી પાસે એક હજાર રૂપીયા પણ નથી!"

પહેલાએ જવાબ આપ્યો:–"ભલે, રૂપીયા નથી તો શું થઈ ગયું? શું પૈસાથીજ કરોડપતિ થવાય છે? ભલા માણસ, દરેક માણસના બેંકમાં કરોડ હોય છે! તો શું તે કરોડપતિ ન કહેવાય?"

બીજો મિત્ર ચુપ બેસી ગયો.

મુંબાઈનું રાત્રિ–રહસ્ય.

(લખનાર—ગુપ્તદૂત.)

(તા. ૨૦–૪–૨૪ ના અંકથી ચાલુ.)

ફૅમિલ્ય મારુસ્કેશ.

વર્તમાન કાળમાં જે ડોઈપણ જાત વિરોધ અધમ સ્થિતિ ભોગવતી હોય તો તે કાઠિયાવાડની ખવાસ જાતિ છે. એ જાતિનાં બધાં ખરાં માણસો મનુષ્યત્વને, નીતિને તથા સદાચારને હોકરે મારી નિર્લજ્જતાથી પાપકાર્યમાં- વ્યભિચારમાં અને અસનમાં રચ્યાં પચ્યાં રહે છે. અભક્ષાભક્ષ, મદ્યપાન, વ્યભિચાર વગેરેનું વિશેષ અસ્તિત્વ હિંદુ જાતિઓની અંદર કેવળ ખવાસ જાતિમા વિશેષ જોવામાં આવે છે. જુગારખાનાના માલિક સૌમસુંદરની બે રખાતનો અમે પરિચય કરાવ્યો છે. તેનું નામ રતન હોઈ તેનો જન્મ ખંભણવરમા થયો હતો તે જ્યારે ખવાસણ હતી. ખવાસ જાતિની સ્ત્રીઓનું શારીરિક સૌન્દર્ય સ્વાભાવિક રીતેજ વિશેષ હોય છે. કાઠિયાવાડી રાજદરબારના રંગમહાલયોમાં ખૂબસ્વરત ખવાસણોનું અસ્તિત્વ વિશેષ પ્રમાણમાં હોય છે. પોતાની બૂબસુરતી વેગળિ એ સુંદરીઓમાંની કેટલીક તો રાજા મહારાજના દિલના કોકેર દરબારની કૃપા પ્રાપ્ત કરી સમસ્ત મૉજ શૉખ તથા વિલાસ મિજબમાં પસાર કરે છે. જે સુંદરીઓ એવા ઐશ્વર્યથી વિમુખ હોય છે તેઓ પોતાના ધણીના દેખતાં પરપુરૂષની સાથે પ્યાર કરે છે. રતન બધી ખૂબસુરત હતી, તેની માતાની દેખાદેખીથી પોંદ પંદર વર્ષની ઉમ્મરથીજ તે વ્યભિચાર કરતાં શીખી હતી. તથા એ વ્યભિચારને પરિણામે તે અભક્ષાભક્ષ તેમજ મુરાપાન કરતાં શીખી હતી. જે ઉંમરના સાથે રતનનું લગ્ન કરવામાં આવ્યું હતુ એ છોકરો ઉમ્મરે રતનથી ચારેક વર્ષ નાનો હોઇ મૂર્ખમતિ હતો. સંસાર વ્યવહારનું તથા સ્ત્રીને વશ રાખવાનું તેનામાં બિલકુલ જ્ઞાન નહોતું. રતન તેનેજ મારાં કપડાં ખરીદવાને તથા ખાવા પીવાને વારંવાર પૈસા આપતી હોવાથી તે રતનના ડોઇપણ કાર્યમાં દરકત કરી શકતો નહોતો. મોહનસિંહ નામના ત્રિસેક વર્ષની ઉમ્મરના હદપાર તથા દેખાવડા નવજુની સાથે રતન બાદમાં પરી હતી તથા તેમનેજ એ સંબંધ બધાં ખરાં માણસોના જાણવામાં આવ્યો હતો. મોહનસિંહના પિતાએ ધાબરા સ્ટેટમાં નોકરી કરી મારો પૈસો એકઠો કર્યો હતો તથા છેવટ કોઈ કારણને લીધે કોકેર સાહેબની તેના ઉપર ઇનગ્રાઝ થવાથી તેને ધ્રાંગધ્રાનો ત્યાગ કરી જામનગર જઇ રહેવું પડ્યું હતું. પિતાના સ્વર્ગવાસ પછી દુર્ભાગ્યવશાત મોહનસિંહ પોતાનાં સઘળાં સગાંઓને ગુમાવી બેઠો હતો. મોહનસિંહનો પિતા સદાચારી હતો પરંતુ પુત્ર સાક્ષાત શયતાનનો અવતાર હતો. ત્રીસ વર્ષની ઉમ્મર થયાં છતાં તેણે લગ્ન કર્યું નહોતું. નવી નવી વિલાસવતી નવયુવતીઓનું ચિત્ત આકર્ષવાનો તેમનો દમ્ભેશનો વ્યવસાય હતો. પૈસો હોવા છતાં તેણે પોતાના પાપાચારથી પ્રતિષ્ઠા ગુમાવી હતી. રતન મોહનસિંહને ત્યાં રાતના વખતે ગાસરે જવાનું નિયિત દશાંશી ચાલી જતાં હતી તથા રહવા થતાં ન થતાંમાં તો પાછી માતા પાસે ઉપડિયન થતી હતી.

પરિણામે ગામમાં બન્ને જણાની ઘણી નિંદા થવા લાગી એટલે 'આવો ઉઘરો, બળલામાં હાથ' એવી રીતે રતનને આવું અપમાન સમજવતી મોહનસિંહ છુપી રીતે તેને સાથે લઈ મુબાઇ આવ્યા બન્ને જણાં મુંબાઈ આવી ગોળપીઠાના લત્તામાં રહેવા લાગ્યાં. મોહનસિંહને પ્રથમથી જુગાર રમવાની ટેવ હતી મુબાઇમાં આવ્યા પછી તે અઠંગ જુગારી બન્યો. થોડા દિવસમાંજ શ્યામસુંદર સાથે તેની ઓળખાણ થઈ. સમાન પ્રકૃતિના માણસો વચ્ચે સંબંધ બંધાતા વાર લાગતી નથી. થોડા દિવસમાંજ મોહનસિંહ અને શ્યામસુંદર વચ્ચેનો સંબંધ વધી ગયો. એ સંબંધને લીધે શ્યામસુંદર મોહનસિંહને ત્યાં આવતો જતો થયો. શ્યામસુંદર ધુર્ત તથા કપટી હતો રતનનું પ્રથમ દર્શન થતાંજ તેના અંગમાં કામની જ્વાળા સળગી ઉઠી. આ વિષયનું વર્ણન કરવા જેટલું સ્થાન ન હોવાથી અમે સંક્ષેપમાંજ રતનની હકીકત લખીએ છીએ. મોહનસિંહે પોતાની પાસેની બધીખરી મિલકત શ્યામસુંદરના જુગારખાનામાં જુગાર રમવામાં ઉઠારી દીધી તેનો સ્વભાવ ચંચીળીઓ બન્યો તથા રતન ઉપર તેનો પ્રથમ જે મોહ હતો તે પળુ બધો અંશે ઓછો થઈ ગયો આ પ્રસંગનો શ્યામસુંદરે લાભ લીધો તથા રતનને તેણે પોતાની અર્ધાંગિની બનાવી. રતન શ્યામસુંદરની ઇચ્છાને આધિન થઇ એક રખાત તરીકે તેના મકાનમા જઈ રહી. આ બનાવથી શ્યામસુંદર અને મોહનસિંહ વચ્ચે બધું દુશ્મનાવટ ઉભી થઈ. બન્ને જણા એકબીજાનું કાસળું કાઢવા તૈયાર થયા મોહનસિંહે પોતાના જુગારખાનાની પોલિસને ખાતમી આપી દુશ્મનાવટ દર્શાવવા એવા બધથી શ્યામસુંદરે થોડા દિવસ માટે જુગારખાનું બંધ કર્યું તથા તે પોતાના રાતુનો નાશ કરવાના પ્રયત્ન આદરવા લાગ્યો. શ્યામસુંદરનો ઘણા પયસો સાથે પરિચય હતો. એ લોકોને વારંવાર પૈસાની મદદ કરી તે પોતાનાં ધારેલાં કામ પાર પાડતો હતો એ વિશ્વાસઘાત પણાણેને એક હજાર રૂપિયા આપી તેમની મારફત તેણે મોહનસિંહનું ખૂન કરાવ્યું તથા તેનો મૃતદેહ એવી સફાઇથી ગુમ કરી દેવામા આવ્યો કે પોલિસને એ વિષયની કાંઇ ખબર પડી નહિ. મોહનસિંહને જહન્નમતો મુસાફર બનાવી દીધા પછી શ્યામસુંદર પાછું જુગારખાનું ચલાવવા લાગ્યો.

જુગારખાનામાં બેઠેલા માણસો અને એ સ્થળનું અમે વર્ણન કરી ચુક્યા છીએ. એ માણસોમાં અમદાવાદનો મદનલાલ નામનો એક યુવક હતો તે શરીરે ઘણો કુદાો હતો. તેણે ડકલો લાંગો કોટ પહેરેલો હોઈ કોટને સોનાના બટન હતાં. માથા ઉપર એગલોર ટોપી હતી. આજે તેનું મ્હોં ઉતરી ગયું હતું આઠ દિવસથી લાગ લાગટ

આ જુગારખાનામાં આવી જુગાર રમવામાં તેણે લગભગ પાંચ છ હજાર રૂપિયા ગૂમાવ્યા હતા. અમદાવાદમાં તેના ઉપર ઘણું દેવું થઈ ગયું હતું. પોતાની લગભગ પચ્ચીસેક હજારની મિલ્કત જુગારમાં ઉડાવી છે તે દેવાદાર બની ગયો હતો; આમ છતાં તેણે જુગાર રમવાની ચુરી ટેવ છોડી નહોતી. મદનલાલ શરીરે મજબૂત દેખાતો હોવા છતાં પુરૂષાતનહીન હતો. તેના સંસારનું ચિત્ર રાજનગર રહસ્યમાં આવેખવામાં હોવાથી અત્રે તેનો વિશેષ ઉલ્લેખ કરવાની જરૂર નથી.

'હાર્યો જુગારી બમણું રમે' એ હેતુકેન્દ્રિત ખોટી નથી. દુખતો તરણાને પકડવાનો પ્રયત્ન કરે એ સિદ્ધાંતાનુસાર મદનલાલ રમાની જંજાળમાંથી છૂટવા ઉપરા ઉપરી દાવ લગાવતો હતો તથા અંતે જ્યારે હારી જતો ત્યારે પુછળ મદ્યપાન કરી મનના દુઃખને ભૂલી જવાનો પ્રયત્ન કરતો હતો. શ્યામસુંદર પાસેથી બે દિવસ માટે હાથ ઉછીના લીધેલી એક હજાર રૂપિયાની રકમ પણ જુગારમાં હારી ગઈ હતી. ચેકથી પૈસા મંગાવવાનો તાર કર્યો હતો તેનો ઘેરથી એવો ઉત્તર તારથી આવ્યો હતો કે, 'તમે ઘરમાં શું રાખ્યું છે કે મોકલીએ? જલ્દી ઘેર આવો.' આ ઉત્તર મળ્યા પછી મદનલાલની ચિંતાનો પાર રહ્યો નહોતો. શ્યામસુંદરના સ્વભાવને તે ચોરે અંશે જાણતો હતો. તે જેવી રીતે ઉછીના પૈસા આપવામાં ઉદાર હતો તેવીજ રીતે વસુલ કરવામાં નિષ્ઠુર હતો.

રાતના બાર વાગ્યા સુધી જુગાર ખેલવાનો ધંધો ચાલ્યો. ત્યાર પછી આવેલા માણસો એકેએક ઘર તરફ જવા લાગ્યા. શ્યામસુંદરની સુચનાથી મદનલાલ રોકાયો. સહુના વિદાય થયા પછી તેમની અન્યોની વચ્ચે સુસ્પષ્ટાસ્પદ વાર્તાલાપ ચાલુ થઈ. શ્યામસુંદર હિંદુસ્તાની ભાષામાં વાત કરતો હતો તથા મદનલાલ અર્ધ હિંદી તેમજ અર્ધ ગુજરાતીના મિશ્રણથી બનેલી ઠંગરાઓ વગરની ભાષામાં ઉત્તરો આપતો હતો. અમે તેમણે ઉપયોગી વાતને શુદ્ધ ગુજરાતી ભાષામાં અત્રે ઉતારીએ છીએ. શ્યામસુંદરે કહ્યું:—"મદનલાલ! આ વખતે તમે ઘણી રકમ હારી ગયા છો તેથી નિરાશ બની જવાની જરૂર નથી. ઘારજ્ઞનનો તો આપણો ધંધો છે. વળી કોઈ વખત એવા સરસ દાવ લાગશે કે જેથી પુછળ નફો થશે."

મદનલાલે ચિંતાતુર મુખે કહ્યું:—"તમારે કહેવું ખરું છે; પરંતુ હું જે રૂપિયા ઘેરથી લઈ આવ્યો હતો તે બધા ગૂમાવી બેઠો છું. તમારી પાસેથી ઉછીની લીધેલી રકમ પણ હારી ગયા છું. ઘેર જઈ આવ્યા સિવાય બીજી કોઈ રીતે હું પૈસાની જોગવાઈ કરી શકું તેમ નથી. તમે આઠ દશ દિવસ સુધી તમારી રકમ વિના ચલાવી શકશો?"

શ્યામસુંદરે કહ્યું:—"ભાઈ! આજકાલ હું પણ ભારમાં છું; પરંતુ તમારા ઉપર મને પ્રેમ હોવાથી હું આઠ દશ દિવસ ખુશીથી ચલાવી શકીશ. તમે મને પાંચ હજાર રૂપિયાની હૂંડી નોટ લખી આપો. તમે હજાર રૂપિયા આપશો એટલે હું તમારી હૂંડી નોટ તમને પાછી આપીશ."

મદનલાલે વિસ્મિત બની જઈ કહ્યું:—"એક હજાર રૂપિયાને બદલે પાંચ હજાર રૂપિયાની હૂંડી નોટ લખી આપું?"

શ્યામ સુંદરે કહ્યું:—"એમાં હરકત જેવું શું છે! આના ઉપર તમને વિશ્વાસ નથી કે? જો વિશ્વાસ ન હોય હોય, મારો કાંઈ આગ્રહ નથી. તમે મને મારી રકમના સવાયા કરી આપો એવોરાક અમદાવાદ ચાલ્યા જજો."

મદનલાલ નિરૂપાય હતો. તે ધુર્ત શ્યામસુંદરની સોનેરી જાળમાં સર્વાંશે સપડાયો હતો. તેણે લાચારીથી પાંચ હજાર રૂપિયાની હૂંડી નોટ અથવા કાળું કાગળીયું લખી આપી છુટકારો મેળવ્યો.

આધાશીશ અને મસ્તકનાં દર્દોની બીમારી શા માટે ભોગવો છો?

બજારમાં વેચાતા દરેક બામથી

ચઢીઆતો અમારો

હિપ્નોટિક બામ

એક વખત વાપરી ખાત્રી કરો.

શીશીના આના આઠ.

સ્વદેશી ઓઇલ એન્ડ ૫. મે. કું૦ માલીક-બી. બી. રાવ.

તથા દરેક વેપારીઓને ત્યાંથી મળશે.

એક સુંદરીનાં સાહસ કર્મો !

લખનાર:—રા. રા. મણીલાલ ગોપાળજીભાઇ દેશાઈ.

(તા૦ ૨૭-૪-૨૪ ના અંકથી ચાલુ.)

પ્રકરણ ૫ મું.

યુવતીની હૃદયભેદક કથા.

પાદરા પોંચ્યા છતાં કૂપી રીતે એતો મનોરમા આ યુવતીની કાંતી અને શોભાને સંપૂર્ણ રીતે જોઈ શકી નહિ, તોપણ અમે તેણીનું યથાર્થ ચિત્ર અમારા વાચકવૃંદને સમક્ષ રજુ કરીશું.

તેણીની ઉમર આશરે સત્તર વર્ષની હશે. તેણીનું શરીર ઉંચું અને એક સરખું વધેલું હતું. તેણીનું અંગ ટટ્ટાર, કમર છાતીના ભારથી લચી ગયેલી અને ગરદન જરા વાંકી હતી. આથી તેણીનું આખું અંગ મોહનની માફક હાલ્યા કરતું હતું.

સ્ત્રી જાતીને યોગ્ય કોમળતા, વિવાદિતા કરવાને યોગ્ય ગૌરવ, અને તૈસર્ગિક રસિકતાનું અપૂર્વ સંમેલન તેણીના મુખ ઉપર પ્રત્યક્ષ થતું હતું. તેણીના મુદ્રક અને પવિત્ર આત્માને નમ અને મળનાવના સ્વભાવ સાથે સંગઠન કરાવતા તેણીના અંતર્ગુહ્યીય માધુર્ય જાજવલ્ય અને ઉદ્રેક રનેહને જોઇને કર્યો હતો.

તેણીના વાળ કાળા અને રેશમ જેવા સુંવાળા, મખમલ જેવા ચળકતા અને એટલા બધા લાંબા હતા કે તેથી પાછળનો ભાગ છેક કમર સુધી ઢંકાઈ ગયો હતો. તેની મોટી આંખો કાળી અને સ્નેહાર્દ્ર હતી. તેમાં નમ્રતા અને ગંભીરતાનું ઐક્યત્વ હતું. તેણીના ભવ્ય ચારૂલલાટમાંથી બહાર આવતાં નિર્મળ કિરણો આસપાસના વાતાવરણને અતિ પવિત્ર અને શુદ્ધ બનાવતા હતા-નિખાલસ ભાવનામય આદર્શ વિચારોને સ્ફુરણ કરતા હતા.

તેણીનો ચહેરો નાજુક હતો. વદન ઉપર ખીલતા યૌવનની લાલી દેખાતી હતી. તેણીનું મુખારવિંદ ઉલ્લાસથી ભરેલું હતું. મુખાને યોગ્ય શરમાળપણાની પાછળ મધુર હાસ્ય ચમકતું હતું. ભમરો અણકુલ કેવી કાળી પણ આકર્ષક રીતે વક્ર હતી. નાક સીધું અને લાંબુ હતું. માણેક જેવા લાલ હોઠ મોતી જેવી ચળકતી સફેદ દંત કળીઓ સાથે રપર્ધા કરતા હતા. સુંદર ગોળ કઠપ્રદેશ અંડાકાર લજ્જાટ અને મસ્તકની સાથે મળી જતી હતી.

તેણીના બાજાં ખાસી ન હતી, અંગપ્રદેશમાં ઉંડાપ ન હતી. અવયવો ખીલતા જતા હતા-પ્રીનદ્યમાં ખીલાવતા જતા હતા. મુખાવસ્થા અને કુમારાવસ્થા વચ્ચે તે ઓશા ખાતી હતી. તેણીના પહેરવેશ સાદો પણ સુશોભીત હતો; અને તેથી તેણીનું કુટુંબ ધનવાન નહિ પણ મધ્યમ વર્ગનું હશે એવું પુરવાર થતું હતું.

આવું કાંતિવાન સ્ત્રી રત્ન જયથી મુંજતાં પગલાં ભરતું જે ઓરડામાં મનોરમા સંતાઈ હતી ત્યાં પેહું. તેણીનું મન અજ્ઞાન હોય એવું દેખાતું હતું. ઓરડામાં પેસ પછી તેણી અટકી અને આજુબાંજુ વ્યાકુળ દ્રષ્ટિએ જોવા લાગી. એજ વખતે બહારથી કટારીવાલા તાળામાં ફરતી કુંચીનો અવાજ તેણીના કાનમાં અથડાયો, અને તેણીનાથી ભયની એક ચીસ પાડી જવા. તેણી નજીક પડેલી બુરસી ઉપર ધબ્બ લઇને બેસી ગઈ, અને આવા વખતે પણ સાવચેતીથી પકડી રાખેલ દીવો બાજુએ પડેલા એક મેજ ઉપર મૂકી દીધો.

આ દીવાનું અજવાળું બરાબર તેણીના મુખ ઉપર પડ્યું હતું; અને તેથી તેણીનું આખું શરીર અને ચહેરો મનોરમાથી આબાદ જોઈ શકાતો હતો. સૌન્દર્યની બાબતમાં એક સ્ત્રી બીજી સ્ત્રીનું આધિપત્યપણું લાગ્યેજ કબુલ કરે. તોપણ મનોરમાને લાવણ્યનો આ અદ્વીતિક નમુનો જોઇને પાદરા પાછળ ઉભેલી મનોરમા ટિકચુટ થઈ ગઇ, તેની આંખો અંજાઈ ગઈ અને તેણીના હૃદયમાં વારંવાર ઇર્ષાની છોળો ઉછળી રહી. વળી વધારામાં આ ઓરી જોઇને તેણીના હૃદયમાં તેના પ્રત્યે દ્વાભાવ ઉત્પન્ન થયો; કારણ કે ગંભીર વિચારમાં બેઠી યાર ગરકાવ થઈ રહ્યા પછી દુઃખના આવેશમાં તે ઓએ ઓટપટે બોલવા માંડ્યું :—

"અહો! દુઃખી, હતાશ થયેલી કંચન," વારંવાર ડુસકા ખાતાં ખાતાં પોતાની જાતને ઉદ્દેશીજ તેણી બોલવા લાગી, "અહીંથી નાસી છુટવાનો પ્રયત્ન કરવામાં તું દેખરી બધી ગંભીર ભૂલ કરે છે. તું સમજતી નથી કે એમ બનવું તદ્દન અશક્ય છે. ખરેખર તને ચેકાળ લાગી છે. પણ જે દુઃખમાં તું આવી પડી છે તે દુઃખ ગમે તેવા મજબુત મનવાળાને પણ ઘેલું કરે એવું નથી? કિરણસિંહ! મારા આધાર, તું ક્યાં છે? શું આપણને વખોવને મારે છુટા પાડવામાં આવ્યા છે? તારી કંચનને ફરીથી જોવાની બધી આશાઓ તે છોડી દીધી છે? અથવા તો પ્રત્યક્ષ મૃત્યુથી પણ વધારે ભયંકર આ કલંક—અધમ અપમાનમાંથી તેણીને છોડાવવાને તું કાંઈપણ પ્રયાસ કરશે?" આટલું બોલતાં છાતી ભરાઈ આવવાથી તેણીએ રડી દીધું અને પછી થોડીવાર સુધી તેણીએ મોટેથી નીસાસા મુક્યા.

મનોરમાની આંખમાંથી પણ અશ્રુ વહેવા લાગ્યાં. આ યુવતીના દુઃખથી તેણીને બહુ લાગી આવ્યું હતું. તેની પાસે જઈ આશ્વાસન આપી શાંત પાડવાની ઇચ્છા થઈ આવી; પણ જીમસિંગને આપેલું વચન અને પોતે રાખેલી પ્રતિજ્ઞા યાદ આવવાથી તે અટકી પડી.

એટલામાં કંચન કુમારી કે જેણીનું લાવણ્ય અને અવાજ તેણીના નાજ કેટલાજ મધુર હતા તે એકદમ ઉભી થઈ અને પોતાની નાજુક આંગળીઓથી તેણીએ દીવો પકડયો.

"ભલે જે થવાનું હોય તે થાય પણ આ સાહસ એકવામાં હું પાછી તો નહિજ પડું," તેણી મોટેથી બોલી. પણ તેણીના ગંભીર અને ઉતાવળા અવાજમાં નિરાશા અને નબળાઇ જણાતાં હતાં.

પણ કંચન બાંધેજ આ શબ્દો બોલી રહી હશે એટલામાં બેરેના એટલાંટ બારણું ઉઘાડ્યું અને એક વૃદ્ધ પુરુષ બહાર આવ્યો. કંચને કારમી ભૂમ પાડી પણ વૃદ્ધ પુરુષ તરતજ બોલી ઉઠ્યો—

"પુત્રી, ગભરાઈશ નહિ, જરાપણ બ્હીશ નહિ," અને કંચનનું અશાંત મન આથી શાંત થયું. મનોરમાએ તે વૃદ્ધ પુરૂષને તરતજ ઓળખ્યા. તેણીએ ચોરા પર વખત પહેલાં ઉપર જોયેલા તેજ એ હતાં. દૈવયોગીજ તેઓ ઘણા માનને યોગ્ય લાગતા હતા. તેમનો કૃપા લાગવાનું નથી. પણ આપણે નકામી વખતમાં વખત ગુમાવવો જોઇએ નહિ. તું મને ચોરા પ્રસંગોનો જવાબ આપશે ?"

"ઘણીજ ખુશીથી," આનંદી અને ઉત્સાહી આંખો દેરવતાં તેણી બોલી.

"પ્રથમ તો મને કહે કે તું કોણ છે," વૃધ્ધે પ્રશ્ન કર્યું.

"મારૂં નામ કંચન કુમારી છે," તેણીએ જવાબ આપ્યો; "મારી માતાનો થોડા વર્ષ પહેલાં સ્વર્ગવાસ થયો છે. પણ મારે દુઃખે દુઃખી થનારા માબાપ હયાત છે અને તે માબાપુરમાં રહે છે."

તેણીના પોશાક ઉપરથી તેણીને મધ્યમ વર્ગની ધારીને વૃધ્ધે પૂછયું, "તારા પિતા શું ધંધો કરે છે ?"

"તે ચોકીદારીનો ધંધો કરે છે," નીચી નજરે કંચને કહ્યું અને તેણીના ગાલ ઉપર શરમના રોશડા પડી રહ્યા.

"છોકરી, ત્યારે તો મેં તને ઓળખી." વૃધ્ધે કહ્યું અને કરીથી વિચિત્ર પ્રકારના વિચારોથી તેની મુખ રેખાઓ બદલાઇ ગઇ, "ખુલ્લા શબ્દોમાં કહીએ તો તારો પિતા પૈસાદાર છે અને બ્હોળે નાણાં ધીરે છે," ચોડીવાર વિચાર કરીને તે બોલ્યા; "અને આજ કારણથી ચોરા તેના તરફ માનની નજરે જોતા નથી બરાબર ?"

(અપૂર્ણ.)

અવકાશનો વખત ચોજ્ય-મજ્જતકર્તા ગાળવા માટે

સચિત્ર લોકપ્રિય નવલકથાઓ વાંચો.

કાળ ભમિયું ખૂની ખંજર ભાગ ૧-૨.	...	...	૬-૦
ઝેરી જંજાળો ભા. ૧-૫ ...	...	...	૧૧-૦
રણધીલા રજપૂતો ભા. ૧-૨ ...	...	...	૬-૦
ગઢ-માલવી ભા. ૧ થી ૪ ...	...	...	૮-૦
પદ્મલતા યાને કેદખાનાં ગુલાબ ...	...	...	૩-૦
ચુકેલનો ચમત્કાર ! (ડીટેક્ટિવ)	...	...	૩-૦
બહાદુર બાળા ૧-૨ (વીર કથા)	...	...	૩-૦
ચેતવણરી પદ્મિની (ઐતિહાસીક)	...	...	૧-૮
જુલ્મી જાલિમ-કેદખાની ધરા ...	...	...	૬-૦
વસંત વિજય ભા. ૧-૨ ...	...	...	૫-૦
કૈલાસ કુમારી ભા. ૧-૨ નવિન ...	...	...	૪-૦
વિશ્વમોહિની ભા. ૧-૪ ...	...	...	૮-૦

કચરાભાઇ ધનજીભાઇ પટેલ,
બુકસેલર અને પબ્લિશર.
ગોધી હનામ—અમદાવાદ.

મુંબાઈનું રાત્રિ-રહસ્ય.

(-લખનારઃ—ગુપ્તદૂત.)

(તા. ૨૭-૪-૨૪ ના અંકથી ચાલુ.)

૩.

વાંચકે ! નવી સેંટ રાઇ ગાય છે. હવે આપણે ક્રૉનર ઑન્ટરોડ ઉપર આવેલી એક નાટક કંપનીમાં જવાનું છે. જે કવિરાજને આપણે પ્રથમ વિભાગમાં જોઈ ચૂક્યા છીએ, તે કવિરાજ મહાશય શ્રીમાન્ ચક્રમ પૈસાને અંજાયે દેશી રમ ઝાકળી આખી બાટલીને પેટમાં પધરાવી સ્ટેજ ઉપર વીગતની એક આરામ ખુરશીમાં આડા પડી પોતે લખેલા " વિશ્વ-દર્પણ " નામક નાટકની ગ્રહ્યાનની તૈયારી જોતા હતા. સ્ટેજના પાછા પાસે એક દરવાજો હતો. દરવાજા પાસે એક આયતા-ચાણું ટેબલ ઉપાડ તેના ઉપર ચીપ એકઠાને પાઉડર કર-વાનાં સાધનો પડેલાં હતાં. નાટકમાં બીજી બે અન્ય ઘુર સ્ત્રીઓ પણ હતી. તેમાંની એકના ઉપર કંપનીનો પ્રબ-રેક્ટર વીરાલાલ ઊભો હતો. તે શરીરે ખડો, કદે ઠિંગણો અને મગરૂરો હતો. નાટ્ય કલાનું મુખ્ય અંગ જે અભિ-નય ગણાય છે, તેમાં તે વિશેષ કુશળ હતો અને તેનો અવાજ થીયેટરને ભેદી આસપાસની ચાલીઓમાં પહોંચી શકે એવો બુલંદ હતો. કંઈ કે તે બરાબર ગાઈ શકતો નહોતો, પરંતુ મોટા અવાજથી એક બે ગઝલો લલકારી વિદ્વાનું હાજરીથી સંગીત વિદ્વજ્જનોનાં દિલ ખુલેલાવતો હતો. તેની ઉમ્મર ત્રણચાર ત્રાણીકમ વર્ષની હતી. તેની પત્નીની ખુરસીપર લગભગ બાવીસ વર્ષની ઉમ્મરની એક સુન્દર રમણી બેઠી હતી. એ રમણીએ પોતાના મુખ ઉપર પાઉડર તથા આલિનબ કરવા માટે એક કેરીગત ગૃહસ્થની પુત્રીના જેવો મુલ્યવાન પોષાક પહેરેલો હોવાથી તેનાં સ્વાભાવિક સૌન્દર્યની સમીક્ષા કરવાનું લખનાર માટે દુરસ્ત છે. તેમાં પણ આજકાલનો થેથી ખરી નાટક કંપનીઓમાં સ્ત્રીના પાત્રો ભાવકરનો ઉપયોગ કરતા દેવાથી તેમની સુરત મવેલી જેવી કદરૂપ છે કે બેસ્ટનની દુરી જેવી ખૂબસુરત છે તેનો નિર્ણય કહી શકે તેમ નથી. બન્ને એકબું તો ખરાં કે જે નાટક કંપનીના જે એક્ટરો અને એક્ટ્રેસો રાત્રે પાર્ટમાં ઉતરે છે તેમને દિવસે જોનેજ તો આપણને કેવા અનાયાસની યાદ આવે. કુરૂપ અને પરપુરુષાનાં થએલા કેટલાં છોકરાઓના દીકર રડતી સુરત જેવા જોવામાં આવે અને કોઈ બાલસાળીના મહેલની રાજરાણી જેવી દેખાની નહીંતર ચહેરા ઝાંઈ ગયેલી કિંવા ઝિંગ પીકામાં બેઠેલી કોઈ વિધવા જેવા જણાય ! ઉતાંય આવી નહીંતરો ઉપર આપણે થઈ જવાના ઉલ્લુપોનાની આ જમાનામાં, કંઈ બેઠ નથી. કંપનીના માલિકથી માંડી ડ્રાયરેક્ટર અને ચીફ ઍક્ટરો તેની ખુશામત કરવા તૈયાર હોય છે.


ડ્રાયરેક્ટર વીરાલાલની પાસે બેઠેલ એક્ટ્રેસનું નામ ગંગા હતું. એ બાવીસ વર્ષની હોવા છતાં અત્યારે સોળ વર્ષની સુંદરી જેવી દેખાતી હતી. તેના માટે તો એટલુજ કહેવાનું બસ થશે કે—

હર અદા મસ્તાના, સરમે પંડિતકે ભાઈ હુઈ—
ઉફ્ ! તેરી કાફર જવાની જોરપર આઈ હુઈ.

ગુજરાતીમાં કહીએ તો—

વિના વાદળી ગર્જ ગમ્મ,
ચમકે છે આકાશ;
તેવી રીતે યુવતીનાં,
પળે રૂપ પ્રકાશ.

એનાં નયનોમાં કામદેવની દીક્ષા હતી, જેના અન્તે પરપુરુષ અનેક પુરુષોને ચાબવાને કરી પીરાણીક બન્યા હતા. તેના ચરણોની ચાલ ભલભલા ભેળી-ઓને અને ગોબીઓને ચક્રા-વવાને કરવાને સમર્થ હતી. તેનાં નખરાં અંગેના મૃદુતિના પૂરેપરે પાલખાદીની પ્રતિમાં પરેપરે તેવાં હતાં. તેના હાલ ભાવ સ્વભાવસુલભ લજ્જાને દેખવડો આપી વિલાસિતાના હેતવના બન્ધન નાચ કરતાં દોય એમ લાગતાં હતાં.



ટેબલની ઉપર પોશાકની પાને ખીલ ખોડે હતું. નાટક પોતેલી એક એક્ટ્રેસ પોતાના વાદનાં પગેલા પહેરી કેટલાક છોકરા અને પુરુષો એવા સંજુ મેળવ્યાં સાજ્જા માટે આવ્યા હતા કે તેમાંની કઈની ઓળખાણ કરાવવા માટે મુશ્કેલ થઈ પડે.

કેટલાક નાની મોટી ઉમ્મરના નર અભિનેતા એકબીજા નાટ્યો ભાવિનું કામ કરી ચૂકેલ વિવિધ હાવભાવને પોત પોતાના થયા હતા. કે તેમને ઓળખવા જેવી ઉમ્મા આપણી પાસે લેખકને માટે અશક્ય છે.

ડ્રાયરેક્ટર વીરાલાલે નવી નાયને ઉદ્દેશીને કહ્યું:— 'વાહ ! આજે તો તમે બહુ ખૂબસુરત દેખાઓ છો !"

હીરાલાલના મનોભાવને રાધા જાણતી હતી. તે જાણે કે અનેક પુરુષગામિની હોવા છતાં આ ડાયરેક્ટરના સ્થૂળ શરીર ઉપર તેને અભાવ હતો. કેવળ સ્વાર્થની પુતળી ખરી, તો પણ સૌંદર્યે જાણે ધર્યા ભર્યા છતાં ખૂબસૂરત ભેટા બંધી ભોગવી ભોગી થઈ નહોતી. કાદવમાં ઉત્પન્ન થવા છતાં એ સરોજિની, આપણી આંખથી મુક્ત રહી કળા-મુખની સતી દ્રૌપદીની માફક, કરમાર લીલાનું રહસ્ય સમજતી અને અનુભવતી હતી. અરૂણોદયના પ્રકાશથી અળગેલાં બંધનમાંથી છુટી તે બે ચારના બંધનમાં લપટાઈ હતી!

તેણે કહ્યું—"ખૂબસૂરતીનો તો અમારે ધંધોરો છે! જે અને રૂપમતી ન બનાવીએ, નખરાં કરી નકરાને ન નચાવીએ તો મારી કનાં પીસાતી માયમારી અમારો પગાર વધવાના મોંઘમાં કટકરૂપ થઈ પડે અને અમારી પાછળ તાંચનારા તમારા જેવા તમકાનાં તમકામાં પણ કાણાં પડે. પણ જે બે, આ ખૂબસૂરતીની આગળ દીવાના બની પતંગરંગે બળી-મરવામાં સાર નથી."

હીરાલાલે ગંભીર ભાવથી કહ્યું:—"વાહ! સતી સાવિત્રી! વાહ સતી તોરલ! પાંચ પતિનીસતી દ્રૌપદી પદ્મિનીના જમાનો હવે આવ્યો ગયો છે. ધર્મનાં ધનીંગ અને નીતિનાં ચોથા બાજુએ મૂકો મોજ-મજાહ માણવાનો વખત આગ્યો છે. પણ હાં, એ વાતનું વિવેચન કરવાની હમણાં જરૂર નથી. ફુરસદે બે ઘડી ગોષ્ઠિ કરીશું."

નંદકુમાર નામનો એક વીર એડટર એટલામાં ત્યાં કરતું હતો. તે દેવી મહાલક્ષ્મીના નામપર રોજની શરતોનો શૌખીન અને કંગાળ મુગની દેવી સુરાનો પરમ પુજારી હતો. વીરોક્ત બર્યાનો એ તરંગ શરીર પાતળાઓ અને વાંકી ચાલવાળો હતો. તેના હાથ ઉપર એક રીસ્ટ વૅચ હતું. હમણાં તે એક શ્રીમંતના પુત્રના પોશાકમાં પાછ કરવા સજ્જ થઈ આવેલા હોવાથી તેના યથાર્થ પહેરવેશ વગેરેનું વર્ણન કરવું અનુચિત છે.

રાધા નંદકુમારની રાસલીલાનું રહસ્ય હતી. બન્ને જણ બનવા સારી ઓફર કંપનીમાં આવે તોકરી કરવાનો કૉન્ટ્રેક્ટ કરાવતાં હતાં. રાધાની સાથે હીરાલાલને વાત કરતો જોઈ નંદકુમારનાં નેત્રોમાં ઈર્ષા ભરાઈ આવી. એ ઈર્ષાનું દર્શન કરીને રાધાએ હીરાલાલ પાસેથી ઉઠી સ્ટેજપર આંટા મારવા માંડ્યા.

વાંચક, હવે આપો સ્ટેજના પાછલા ભાગમાં જઈએ. એક છેતટના આગમાં ચાર ઓરડીઓ આવેલી હતી. તેમાંની એક પેઈન્ટીંગના કામમાં આવતી હતી. બીજી ડ્રેસીંગરૂમ હતી. બીજા રૂમ ડાયરેક્ટર સાહ્ય ઘાસલેટ પીવાને માટે રીઝર્વડ હતા. અને ચોથી ઓરડી એકટરોને વિશ્રામ લેવાને માટે બેસવાની હતી. એ વિશ્રામ લેવાની ઓરડીમાં પોતાના પાર્ટને અનુકુળ વસ્ત્રો પહેરી હમણાં બે ત્રણ બારથી મોળા વર્ણની અંદરની વયના છોકરાઓ અને પચ્ચીસથી ત્રીસ વર્ષની ઉમ્મરનો બે પુરુષ પાર્ટના એકટરો બેઠા હતા. બેઉલા છોકરાઓમાં ચૌદ વર્ષની ઉમ્મરના છોકરાનું નામ નલિનીકાંત હતું. તે દેખાવડો હતો. છોકરી બનાવવાં આવ્યાએ બાંગ પીને બૂરથી તેને છોકરી બનાવી દીધો હોય એવો તેના ચેનચાળા ઉપરથી ભાસ થતો હતો. ઉલા ચહેરા બે મોટા પુરુષ એકટરો તેની સાથે બિભત્સ શબ્દોમાં રસાલાપ તથા આલીંગન મર્દન કરતા હતા. રૂપાળા અને બકાલદા વચ્ચે બાજુ ચહેરો ઉલો હોય એવો એ બેલ હતો. નલિનીકાંત (જેના આપે હજુ એનું નલિનકાંતને બદલે નલિની પાડ્યું રોત તો સારું શોભત) એ સ્પર્શન અને ધર્ષણથી બાજુ. એકીકિ સ્વાદ અનુભવતો હોય એવી રીતે તેનો ચહેરો ખીલી નીકળતો હતો.

[આ અદ્ભુત લેખનો આગળનો ભાગ આવતા તા. ૧૧-૫-૨૪ ના અંકમાં વાંચો.]

પત્ની—ત્યારે મને તમે બાંદીની સાડી ક્યારે લઈ આપશો?

પતિ—આવતી કાલે!

પત્ની—વાહ! કાલ કાલ કરતાં તો વર્ષોનાં વર્ષ વીતી ગયાં. ગઈ કાલે પુછ્યું; તો કહે કાલે. આજ પુછ્યું તેપણ કાલ!

પતિ—હા, ખરી વાત છે, હું કયાંના કહું છું. આવતી કાલે પણ હું તને તેમજ કહેનાર છું. હું એકવચની છું. આજે એક કાલે બીજી કહેનારો હું નથી!

વાર્તા–વિલાસ ગ્રંથમાળાના ગ્રાહકોને વિનંતિ.

વાર્તા–વિલાસ ગ્રંથમાળાના ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે કે, કેટલાક ગ્રાહકોની ખાસ ફરમાસથી અમોએ ગ્રંથમાળાને બદલે મોજ–મજાહ નામનું વાર્તા, નાટક અને સીનેમાના સાહિત્યને લગતું અઠવાડીક તા. ૧૩–૪–૨૪ થી દર રવિવારે પ્રસિધ્ધ કરવાનું શરૂ કર્યું છે. માટે તેમોના પર અમારો બાંધો અંક બેટના પુસ્તક ગુલબદન સાથે અમો વી. પી. કરીશું તે તેઓ સ્વીકારી લેશે એવી આશા છે. મુંબાઈના રવાનીક ગ્રાહકોને અમારી ઓરીસમાં લગાડ જ્યા ભરી બેટનું પુસ્તક લઈ જવાની વિનંતિ કરવામાં આવે છે. ગ્રંથમાળાની પ્રવેશ ફીના જે આઠ આના અમોએ લીધા છે, તે "મોજ–મજાહ" ના લવાજમમાં કાપી આપવામાં આવશે. જે ગ્રાહકોને "મોજ–મજાહ" ના ગ્રાહક થવાની ઈચ્છા ન હોય, તેઓ અમોને પંદર દિવસની અંદર જણાવશે તો તેમના આઠ આના પોસ્ટદ્વારા અમો પાછા મોકલી આપીશું.

મેનેજર, "મોજ–મજાહ"

ખટાવ બીલ્ડીંગ, ગીરગામ ચર્ચ સામે મુંબઈ નં. ૪.

ગીરગામની ગુલાબ.

લખનારઃ—ગુલાબ પોતે.

(૭)

બીજે દિવસે મણીલાલે મને આશ્રમમાં રહેવા મોકલી. આશ્રમમાં બીજી વિધવાઓ રહેતી હતી. મને તેમની સાથે ઠીક ગમી ગયું પણ આશ્રમના ઢગલાના રોટલા ખાવા મને ન ગમ્યા.

"કાકા' મને આ ભગવત નથી ગમતુ—" મણીલાલ બે ચાર દિ પછી મને મળવા આવ્યા ત્યારે મેં કહ્યું.

"ત્યારે મરજ કરી નાખ."

"પેલા જોગીલાલ નામના શરુઆતને ફોટો છે એને મળવાં બોલા—" પાંચ છ દિવસના વિચાર પછી મેં આખરે પરણવાનો નિર્ણય કર્યો.

બીજે દિને રવજનાર મણીલાલ જોગીલાલને લઇને આશ્રમમા આવ્યા. જોગીલાલે આપેલા રીબ્બનો ગળેલ, પગપુજક, બંગાળી ધોતર ને એંગરખોર પહેરેલાં હતા. તેનો બાંધો મધ્યમસરનો અને દેખાવ સામાન્ય હતો. પ્રથમ પત્ની તે કોઇ વિધાસની પેઢીમાં કો કપીમાતા પગારથી નોકરી હતો એમ જણાયું મણીલાલ અમને જરા વધુ છુટ આપવાના હોવાથી બીજા વિધવાઓ પાસે ગયા.

"તમે મારી સાથે પુનર્લગ્ન કરશો?" મે જોગીલાલને પુછ્યુ.

"હા, હું મારા વિચારો પ્રમાણે વર્તવા માગું છું."

"હું તમને ઉંતરવા માગતી નથી. હું એક ગંભીર બનવા ધારું છું." મે હિમ્મતથી કહી દીધુ.

"શુ?"

"હું એક બદમાસની જાળમાં ફસી પડી હતી ને હાલમાં છુટી છું."

ને ચમકયો-થોડીક વાર વિચાર કરીને તે બોલ્યો.

"કઈ ફીકર નહિ. એ નિરાધાર બાળકનો હું પિતા થઇશ."

"ખરેખર?—" ફરીથી આનંદનાં કિરણો મારા વદન પર ચમકવા મંડ્યાં.

"ખરેખર, ગુલાબ! તમારી ભોળપણની ભુલનુ પરીણામ ભોગવ- હું તમારો સાચી થઇશ."

મને તેના પર બહુજ છુટ્યુ-તેણે મને ચુમી લીધી ને બેશા પછી અમારા લગ્ન થયાં. સીવીલ મેરેજ એક્ટ પ્રમાણે અમારું ર રજીસ્ટર કરવામાં આવ્યું. વિધવા મટી અમ્બા થઇ ને જલ્ દા પછી એક સુંદર બાળીકની માતા બની.

(૮)

જોગીલાલ સાથે "હું સીવીલ મેરેજ એક્ટ" પ્રમાણે પરણી. એ મારો કરતાં માબુસ હતો. ૩૫ વરસ સુધી એણે પોતાની ન્યાનના કાઇ ની દીકરીવા થાની દયાની રાહ જોઇ અને અખરે પોતાની દીકરીને પરણી નોતનું બરડસ માનનારા એની જનવાળાઓએ એનું ઘર માંડવાની ચિંતા ન બતાવી ત્યારે એ મને—એક ગર્ભવતી વિધવાને-પોતાની આ બનાવી બેઠો. મારું લગ્ન થતાંજ પરવારતા સનાતની પંચો બળબળા ઉઠ્યાં. મારો આગલો પાછલો ઇતિહાસ બહાર આવ્યો અને મારા જેવી પાપી, દુરાચારી વિધવાને પરણીને જોગીલાલે પોતાના સમાજ પુનર્જન્મને રૌરવ નર્કમાં મોકલી દીધા છે એવી એ સનાતની પ્રજાને સ્વર્ગમાંથી વાયરસેસથી અખર મળી ગઈ.

પુરે માસે મેં એક પુત્રીને જન્મ આપ્યો. અત્યાર સુધી જોગીલાલ મારી સાથે અતિ પ્યારથી વર્તતો હતો. તેને મહા મહેનતે એક સુંદર રમણી મળી હતી. તેનું હૃદય પણ સારું હતું. સ્વસ્થતામાં મારા યૌવન અને સૌન્દર્યની કેફમાં તે મારા જીવનનો ઇતિહાસ ભુલી ગયો. મે તેને છેતર્યો નહોતો. બધી વાત પ્રથમથીજ કહી દીધી હતી અને તેણે જાણ્યા પછી મારી સાથે લગ્ન કરવાથી હું તેને ઉગર જીવનનો સમજી બેઠી હતી. પણ નહિ, મને પુત્રીનો પ્રસવ થયા પછીજ અખર પડી કે જોગીલાલ મારી ભુલાની અને ખુબસુરતીની કેફમાં મસ્ત થઈ પોતાના ક્ષણીક આનન્દને ખાતરજ નામની ઉદારતા, ખેતાવવા તૈયાર થયો હતો. મારી સુવાવડ પછી તેનું વર્તન બદલાઇ ગયું. મારી નાની પુત્રીને ખેલને હું. મલકાવા લાગી પણ એ નિર્દોષ બાળકી જોગીલાલને પોતાના પ્રેમની ભાગીદાર જેવી જણાઇ. એણે મારો સાથે "બાડકુરડું" વણ્યું ધારેણ કરી—મને વાત-વાતમાં તાણા મારવા માંડ્યા—મારી નાદાન બાળકીને નાહક સતાવવા માંડી-દિવસે દિવસે રાજેશ્રીએ પોતાનું પોત પ્રકાશવા માંડ્યું ને મે જીવન સમ્રામમા કુશ્રવણની તૈયારી કરવા માંડી

વાંચનાર, તું રોકદમ કુર નાથ ના છણીશ જોગીલાલને મારી પુત્રી ખેલીને શું થયુ હશે તે હું સમજી શકું છુ અમે બીજો સા- ન્યાયિક રીતે કુખર્ણાજ હોઇએ છીએ અમને અમારા પ્રેમમા કોઇની ભાગી- દારી ગમતી નથી જોગીલાલ મારી પુત્રીને ખેલવા મારા પ્રેમમ આકારના સ્મરણથી બળીને ખાખ થઇ ગયો. હજી એ હું જાણું છુ. મે તેનું એ દુઃખ ભુલાવવા માટે બન્નેએ તેટલો પ્રયાસ કર્યો. હિ હું સમાજ અને આત્મની પુર્તાની યા ડોલી ગણે તે સામે પ્રથમ હું ઉંડ જગાવની હતી પણ જોગીલાલની દાનત ખાનમાં લઈ હું તેને સારું રાખવાને તેટલી ઉંચી બની ગઇ. તેને ખોજવા મે અનેક વિશ્વાસી ચેનચાળાઓ અજમાવ્યા. પણ પ્રેમ અને કામ બે જુદી વસ્તુ છે. પ્રેમ કદિ તૃપ્ત થતો જ નથી. કામની તૃપ્તિ થતાંજ ઢાકી ઠંડો થઇ જાય છે જોગીલાલનું તેમજ થયું હું તેને નોકીની મળી લાં સુધી તે મારો ગુલામ થવાને તૈયાર હતો પણ મારા પર તેનો કાયદાસર હક થયા પછી તેનો મોહ ઉતરી ગયો. આ અક્ષમ બેહનુ પ્રથકરણ કોણ કરી શકશે? ઓ સ્વમાત્ર આપી ખાલે છે. તે આવે છે પણ સમ્પુર્ણ પ્યારથી અને ધિક્કારને છે પણ તેવાજ ગુસ્સાથી! પુરાવી લાગણી ક્યાંય સ્થિર હોતીજ નથી. તે મોહપેઠે પાગળ થઇને આવે છે ને તૃપ્ત થઇને યા નિરાશ થઇને ચાલી જાય છે. તેનામા ઓના જેવી ઉંડાણની લાગણીઓ નથી પણ ઠંડા ગણિતવાઓ જેવા નિરસતા છે.

"ગુલાબ! મારાથી આ બધાનુ સહેવાતું નથી બેહન—" આખરે તેણે પોતાના મનમાં ડુંધવાતો અગ્નિ બહાર કાઢ્યો.

'કમ! એમાં એ બિચારીનો શો વાંક? ને કંઈ વાંક હોય તો તે મારો છે—" મેં શાંતિથી હસીને જવાબ આપ્યો: "મેં તમને છેતર્યા નથી તેને જણીજોઈને આ નખાપી દીકરીના બાપ થવા તૈયાર થયા હતા."

"હા, તે વખતે મને એની દયા આવી હતી—"

"એમ ના બોલો. દયામાં પ્રભુને પ્રિય નથી. એમ કહો કે તમને એની દયા જોતી આવી પણ તમારી કામી નજર મારા યુવા મદન પર જોતી હતી—"

આ તાજો તેને વજ્ર પ્રહાર સમો લાગ્યો.

"તને ખબર છે કે તારે માટે મેં કેવા જોખ આપ્યા છે?" તેના સ્વરમાં ગુસ્સાની છટા આવી.

"કેવા?—"

"મારી નાતજાત—"

"તમારી નાતજાત તજી દેવાનું તમને કોણે નોતર્યું હતું?—વિધવા આશ્રમના સેક્રેટરીને અરજ કરવા તો તમેજ ગયા હતા?"

"કમ! બહુ ઘુવી ચલાવે છે!—" આખરે તેનો ધીરજ ફાટયો. તે દિ' પતિની સત્તા મારાપર ચલાવવા તૈયાર થયો. હું તેની છેક નજીકજ ઉભી હતી મારા હાથમાં મારી નાની બાળકી હતી

"હું કંઈ બોલું કહું છું?"

"ચુપ મર—"

"શા માટે?"

"અરે! રહે! ચુપ મરને, નહિ તો બે લપડાક ખાઈ મરીશ."

"કોણ તમે મને લપડાક મારશો? મીં બોગીલાલ! તમને ખબર છે કે સીવીલ મૅરેજ ઍક્ટમાં છુટાછેડાની પણ કલમ છે—"

હું કપડાની કલમો જાણતી હોઉંજ એ તે જાણતો નહોતો તે મુંઝાયો.

"મેં તારા જેવી બલાને ગળે વળગાડવામાં ભૂલ કરી—"

"તો હવે ભૂલ સુધારો." મેં તક ને દઈ જવાબ આપી દીધો

હું તેને છોડી દેવાને તૈયાર છું એ બીના જાણતાં તે ઢીલો પડયો. થોડી વાર પછી તે પુન મારા પર મુગ્ધ થયો-પોતાના વર્તન માટે મારી માગી અને એમ યોગાક દલાલ જેમ તેમ વધી ગયા. મારી દશા પેટીઆ ચોરે ઉભેલી રાંક અને દાસી જેવી હતી એને એક સોંપી મજૂરણ અને કામચલાઉ પત્ની મળી હતી મને એક નામનો આશ્વાસનદાતા અને શિરછત્ર જોઈતો હતો આવી અસલ દલાલી મારા જેવી ભાવનાવાદી ઓથી કેટલા દલાલ કરાવ્યા?

(૬)

અમારો સંસાર દિનપ્રતિદિન બગડતોજ ગયો. મારી નાની, નિર્દોષ, નિરાધાર ગરીબ ગાય જેવી બે મહિનાની દીકરી શાંતા મારા પ્રથમ પ્રેમનું અમરધુ હતું રમણે મને ગમે તેવો ભયંકર અને અમાનુષી દગો દીધો હતો છતાં ને તેને ચાહતો હતો એ પ્રેમના મધુર પુષ્પસમી મારી શાંતિને હું બોગીલાલના રોટલાના હુકમ માટે કેદી દેવાને તૈયાર નોતી

"જો ગુલામ! હું તને છેલ્લીવાર કહી દઉં છું. મારા હરીફની આ પુત્રીનું કાળુ મોટું હું જોઈ શકવાનો નથી—" તેણે ફરીથી એ વાત ઉપાડી

"તો છુટા છેડા લો—" મેં સાફ જવાબ આપી દીધો.

"નહિ હું તને છોડવા માગતો નથી."

"એ સંબંધ કાંઈ કેમ જલ્દી તોડાય!—" મેં જરા અધમા

"આપણે આ છોકરીને અનાથાશ્રમમાં મુકી આવીએ તો નહિ પડે—" તે મને સમજાવવાનો પ્રયાસ કરતો બોલ્યો.

"એને દુઃખ પડે કે નહિ પડે તે તો હું જાણતી નથી વાત જાણું છું કે એને ત્યાં માતાનો પ્રેમ નહિ મળે—"

"દુરાચારથી ઉત્પન્ન થયેલી છોકરીને માતાના પ્રેમનો શો હક છે?"

"ત્યારે લાલાજી! આપણાં એકબીજાની સચવ્યા બાદ લગ્નમાં તમને આટલી બધી બળજબરી કરવાનો શો હક્ક છે કાયદેસ તીર છોડયું.

"તું નહિજ માને?"

"નહિ. કાયદેસર પણ નહિ."

"રખડી મરીશ."

"તેની તમે ચિંતા ન કરો. હવે હું છેલ્લે ખાટલેજ એવી રોટલાના વાંધા પડવાના નથી"

"મારા જેવો ઉદાર પતિ નહિ મળે"

"ઓહ! જરૂર લુચ્ચા બદમાશો બહુ મળી રહેશે"

સત્યે બોગીલાલની ઝાંતી ભેદી નાખી. તે ગુસ્સાથી લાલપીળો ઢોકળા આવેશમાં તેણે મને બે તમાચા બેસબી બેઠી હાલ્યા આંખમાંથી અગ્નિ ખર્યો. અને મને તેના પર અત્યંત તિરસ્કાર

"બસ કરો. જો ત્રીજી લપડાક મમારી તો હું તમને વગર કોર્ટમાં બેસાડીશ" દૃઢ સ્વરે હું બોલી અને તે હબાઈ ગયો.

તેજ દિવસે મેં તેની હરામ ખોર છોડી દેવાનો નિશ્ચય કર્યો પાસે પુરી બદામ પણ નહોતી. બોગીલાલ રહવાને કમાઇને ત્રણે નારો બાજુજ હતો મુંબઈમાં સરકારી અને આબરૂદાર ગણાતા યુવાનો "બે ગુ" ને ચારવાર બદલી ચોટી આનદાની બતા કરે છે. બોગીલાલની સ્થિતિ પણ એવીજ હતી. ૧ લી તારી આવ્યા પછી કણીઓ ને ઝાડાવાળાના બીલ ચુકવતાં એની પા ૧૫ રૂપીઆ બચતા ને ઓટલામાં આખો મહિનો પસાર કરતાં મારે પાણી મોમે ચઢી જતા. આવી સ્થિતિ ફક્ત હિંદુ અને છતાં બહાદુર હિંદુ પતિઓ માને છે કે તેઓ તેમની ટક બોજન ,આપવામાં દિવ્ય આત્મભોગ આપી રહ્યા છે.

મારા અપમાનથી મને બહુજ લાગી આવ્યું બોગીલાલ "બાઈસાહેબ" એમ મારી ઝાંતી નવો પણ એ મને ઓળખતો નહોતો. મારી બહેનીની યથામા હવે શું બાકી હતું? બોગીલાલની ગુલામગીરી મારે કર્યા કરવી? મારી બાલી પુત્રીને મારે શા માટે બાળ ખાવા દેવા મારું ધુમી ગયું—બોગીલાલ તરફ મારા પિતાને સંભારીને હું રોઈ-મને જોઈ મારી નાદાન પુત્રી પણ રોઈ—મને મારી જાતપર તિરસ્કાર હું મોહમાયા છું, શા માટે મારી જાદુભરી શક્તિથી પુરુષોને મોહ

જહાનઆરા.

અનુવાદક—ચંદ્રશંકર ભાદરણ વ્યાસ.

મોગલ સમ્રાટ શાહજહાંના નામથી બાળીજનો અજાણ્યું હશે. તેનાજ અમલ દરમ્યાન મોગલ સામ્રાજ્યની ઝળહળતી કીર્તિમાં મોટે ભાગે વધારો થયો હતો. તેનું રત્નજડીત મયૂરાસન અને આંખે પડ્યા ત્યારે દુનિયાને એ વખતની દ્રષ્ટાનો ખ્યાલ આપવો તાજ મહાલ એ બધાનો અમલ દરમ્યાનજ થયાં હતાં એજ મોગલ શહેનશાહની કેટલી મોટી પુત્રી જહાનઆરાની કથા અહિં રજુ કરવામાં આવે છે. એ કુંવરીએ પિતા તરફની અપૂર્વ ભક્તિ બતાવી હતી.

શાહજહાંએ જહાનઆરાને સાથી કરતાંપણ આપી હતી મુમતાજઉન્નિસાના મરણ પછી શાહજહાંનાં સુખ દુઃખમાં આપ તેનારી જહાનઆરાજ હતી. એ પુત્રીના મુંઢર સ્વભાવથી, મીઠી મીઠી વાતોથી અને પોતા તરફના ભક્તિભાવથી શાહજહાંના ઘવાયેલા માનસિક દુઃખો વિસારે પડ્યાં હતાં. એટલુજ નહિ પરંતુ એ પુત્રી શાહજહાંને રાજના કારોબારમા પણ મદદ કરતી હતી. ઉત્તમ કેળવણી અને તેથી ખીલેલા અત્યુત્તમ ગુણોથી શાહજહાં એ પુત્રીને વજીર ગણતો હતો. તે તેની ખાતર ઘણી બહેનોગદનનો પેચો કુશળતા કરવાને પણ તૈયાર હતો.

શાહજહાની પોતાની એ પુત્રી જહાનઆરા પરની પ્રિતિને એક દાખલો છે. ૧૬૨૪ ના માર્ચની ૨૬ મી તારીખે સાંજને વખતે જહાનઆરા પિતા પાસેથી નીકળી પોતાના નિવાસ સ્થાને જતી હતી તેટલામાં એક દીવાથી તેનાં કપડાં સળગી ઉઠ્યાં. બારીક વસ્ત્રોને સ્પર્શતાંજ થી વાર! આખા શરીરપરનાં કપડાં સળગી ઉઠ્યાં, દાસીઓ દોડી અને કોઈપણ રીતે એ લાડકો છોકરી બચી ગયો. પરંતુ જહાનઆરા અને દાસીઓ સારી રીતે દાઝી ગઈ. આ બનાવથી શાહજહાંને બહુજ દુઃખ થયું. પણ્જીજ કાળજીપૂર્વક શાહજહાં જહાનઆરાની સારવાર કરવા લાગી. દેશોદેશના હકીમો અને વૈદ્યો શાહજહાનીની સારવાર માટે નવનવા મહેનત કરવા લાગ્યા. મહેનતાણાં તો એ બીમારીથી એટલા ઉદાસ અને ચિંતાતુર થઈ ગયા હતા કે તેને કંઈપણ ફામદાજ સુઝતું નહિ. રાતદિવસ એ તો પુત્રી પાસેજ બેસી રહેતા. પોતાનેજ હાથે મલમપટી કરતા, દવા પણ જાતેજ પીવરાવતા અને આવાતું પણ જાતેજ ખવરાવતા. દરબારમાં તો ગેરહાજર જ્યા! પરંતુ જરૂર પડે તો બે ચાર મીનીટથી વધારે નજ રોકાય. કરકસરિયા શાહજહાની પાસે રાજ રૂા. ૧૦૦૦ની થેલી રાખવા અને સવારમાં એ રૂપીયા ગરીબ, દુઃખી માણસોને વેંચી આપવા હતાં. શાહજહાનીની બીમારી આઠ મહિનાથી પણ વધારે ચાલી, પરંતુ કંઈ સુધારો થયો નહિ. શાહજહાને અચાનકના જતાં દાખી ગયેલી બે દાસીઓ મરણ પાની અવસ્થાનજ પડ્યા બચાવની આદા જતી રહી પરંતુ સદ્‌નશીબે બીમારીને પાંચમે મહિને એક સુધારા આબાદીની દશાથી જહાનઆરાની તબીયત સુધરી ગઈ. જે દિવાએ અગ્નિ ઝર્યો હતો સુધી મહિનાએ સુધી પુત્રીના શરીરના ભાર આખમા અશ્રુબિંદુ સાથે બંદગી કરી રોજ તેની બદલી સહન થતાં ખુદ બીબી થી ૮૬ રહે!

વિક્રમસંવત-૨૫ મી તારીખે ભારે ધામધુમથી ઉત્સવ ઉજવવામાં આવ્યો. જહાનઆરાને રૂ. ૬૦ લાખનાં ઘરેણાંઓ આપ્યાં. ઉપરાંત અમલદાર અને નોકરચાકરોને ઇનામો આપ્યાં. બે લાખ રૂપિયા ફકીરોઅને ગરીબોમાં વહેંચ્યા. બે ખુશામદીમાં ઔરંગઝેબનો ગુજ્જો પહેલું આવ્યો.

શાહજહાંને ચાર પુત્રો હતા. દારા, મુરાદ, ઔરંગઝેબ અને મુરાદ. ચારે પુત્રોમાં ઘણી બાબતમાં ફરક હતો. પરંતુ ઔરંગઝેબ વિદ્વાન, ચતુર, સમજદાર, ધર્મિષ્ઠ અને રાજકાર્યકુશળ હોવા સાથે એટલોજ ક્રૂર અને સ્વાર્થી હતો. તે કોઈને પોતાનો, બે મોઢા બોલનારો, ખુશામતખોર ડુંગળી ખાનાર, બનાવટી ધર્મિષ્ઠ હતો, છતાં બહારથી તો પોતે પોતાને રાજ્ય-લોભ છોડનારો એટલુંજ નહિ પણ દેવળ કબીર દેખાવાનો પ્રયાસ કરતા હતો. જેનું રાજ્યલોભથી રાજદરબારમાં બે પક્ષ પડી ગયા હતા. મુખ્ય મુત્સદ્દી મીરજુમલા અને જહાનઆરાની નાની બેન રૌશનઆરા ઔરંગ-ઝેબના પક્ષમાં હતાં. રૌશનઆરા ઔરંગઝેબના નિવાસમાં તે ઘણીવારજીવ હતી. રાજ્યકારોબારમાં પણ તેને મોટા મોટા અધિકારો હતા. પરંતુ તેણે કોઈને નુકશાન કર્યું હોતું. તેમજ રૌશનઆરાના પ્રથમ હકદાર દારા તરફ તેને ઘણું માન હતું. જહાનઆરાને તો દારાને પોતાનો ગુરુ માનતી હતી. બન્નેના ધાર્મિક વિચારો એકબીજાને મળતા હતા. બન્નેયે મળીને પોતાના ગુણોથી તેમજ પિતાની ભક્તિથી શાહજહાને પોતાનીજ બનાવી લીધેલ હતો.

છેવટે ઔરંગઝેબની ઇચ્છા પાર પડી. ૧૬૫૮ માં વૃદ્ધ બાદશાહ શાહજહાં બીમાર પડયો. તે બિમારીના ખબરો દારાને ઔરંગઝેબે ફેલાવ્યો. ચાર પાંચ નવાબમ ઔરંગઝેબે પોતાનાજ સગાભાઈઓને પરીવાર સહિત મારી નાંખ્યા. ઔરંગઝેબની અધમતા એટલેથીજ અટકી નહિ, તેણે તો પોતાને પેદા કરનાર અને પાળીપોશી આટલી હદે શક્તિવાળો બનાવનાર પિતાનેજ કેદ કર્યા.

શાહજહાંની એક તો ૭૦ વર્ષની વૃદ્ધ અવસ્થા, વળી બીમાર, તેથી નિર્બળ તો અવશ્ય થઈ ગયો હતો પોતાની પ્રિય બેગમ મુમતાજના મરણનો એ તો તેને હતોજ તેમાં પુત્રનાં આ અધમ કૃત્યથી તેના દિલને ભારે આઘાત થયો. એ ભારત સમ્રાટને આ રીતના ઉપરા ઉપર દુઃખો આપવા મુર્ખ આવી ગઈ એ વખતે તેની સેવા કરવાવાળી, તેનું ધ્યાન રાખનારી, એકજ મા વગરની પુત્રી, બાદશાહની આખની કીકી, જહાનઆરા હતી.

ઔરંગઝેબના આ લુચ્ચલમયી તેને અત્યધારણ ક્રોધ થયો અને કંઈ કંઈ કડવાં વચનો તેણે ઔરંગઝેબને કહ્યાં. જ્યારે પોતે એ રીતે કંઈ ન કરી શકી ત્યારે તેણે ઔરંગઝેબને પોતાની ભક્તિનો ઉપદેશ આપવા માંડયો, સુલેહ કરવા ખુબ સમજાવ્યો, રોજગાડી ચારે ભાઇઓને વેચી આપવાની વાત કરી પરંતુ ઔરંગઝેબ અક્ષરમાત્ર પણ પીગળ્યો નહિ. તેણે જન્મજન્મ્તીથી જહાનઆરાને પિતાથી છુટી પાડી અને વૃદ્ધ તેમજ બિમારીમા પડેલા પિતાને કેદખાનામાં પુરી દીધા. કૃતઘ્નતા, નિર્દયતા અને સ્વાર્થની પરાકાષ્ઠા આથી બીજી કઈ હોઈ શકે! છેવટે પિતાની સેવા કરવા જહાનઆરાએ ઔરંગઝેબની પરવાનગી મેળવી પરંતુ ઔરંગઝેબે તેને પણ સાફેજ કેદી બનાવી. જહાનઆરાએ પિતાની સેવા માટે કેદમાં જતી વખતે પોતાનો રાજસી પોષાક અને પોતાનાં ઘરેણાંઓ ગરીબોને દાનમાં આપી દીધાં અને એક ગરીબ દાસીનો પહેરો લીધો.

૧૬૬૫ની જાન્યુઆરી માસની ૨૨મી તારીખે શાહજહાંનું એ વખતે પિતાનો મરણકાળ નજીક જોઇને રડતી જહાનઆરાને કુરાન વાંચી સંભળાવવા કહ્યું અને થોડાજ વખતમાં આ તે ફાની છોડી ચાલ્યો ગયો. જહાનઆરાએ પિતાની છેવટની ક્રિયા શાસ્ત્રી ય થાય એવી ઇચ્છા દર્શાવી પરંતુ એક ડેડી ઔલિયું કાંઇ સાંભળે?

જહાનઆરાના હૃદયમાં દુઃખી લોકો માટે ખુબ દર્યા હતી. ઉદારતા પણ ખુબ હતી. કદરદાનામાં શાહજહાંને ખુબ પડીને તે વખત તો ઔરંગઝેબના ગુન્હાઓ માટે તેને માફ કરવાની વિનંતી હતી. આ હૃદયની મહત્તા સાંપડવી દુર્લભ છે. વીજ વખતની પછી શાહજહાંએ ભાંડ્યા કૂટ્યા શબ્દોમાં ઔરંગઝેબને માફી બક્ષ જહાનઆરાએ પિતાની ભક્તિમાંજ પોતાનું જીવન વ્યતીત કર્યું હ પિતાના મરણ પછી થોડા વખતમાંજ એ પોતે પણ મરણ પામી હ

જહાનઆરા બીમાર હતી અને તેનામાં ઉઠવા બેસવાની પણ હોતી ત્યારે એક વખત ઔરંગઝેબ તેની ખબર કાઢવા ગયો હ વખતે મોગલ સમ્રાટ શાહજહાંની વેદાવાળી પહોંચી પુત્રી, જેને ઉઠાવવા એક વખત મહારાણીઓ પણ હાથ ઝાલી હાજર રહેતી નિરાધારની માફક એક ફુટેલા ખાટલામાં મુંગી પુંગી દુઃખ રહી હતી જેનું સહજ માથું દુઃખે તો હકમ અને પૈસાનાં ઢોળાંઓ લઈ હાજર થતાં એજ જહાનઆરા મોત આવવાની રાહ જોતી પડી તેના શરીરપર મોંઘીડી ગજગજાવી હતી. આ દશ્ય જોઇ જેવાની આંખમા પણ આંસુ આવી ગયા તે બેનની બાલુમાં બેસ અને ગદ્‌ગદ કંઠે બેનને બોલાવી પોતાના અપરાધોની ક્ષમા માગી. આરોએ આંસુઓ તરફ અવિણી કરી સુલેખા કરી કે ખુદાને બાદ એજ બધાના ગુન્હાઓ માફ કરે છે. એ રીતે બુઢા બાદ જહાનઆરા આ ફાની દુનિયા છોડી ગઈ. ઔરંગઝેબે ૩ દિવસ ડુ માટે રાજદરબારમાં શોક પળાવ્યો.

મરણ થતાં પહેલાં જહાનઆરાએ ઔરંગઝેબ પર એવી લખની કવિતા લખી મોકલી હતી કે:—"મારા મરણ પછી કબર ઉપર કેવળ ઘાસ સિવાય બીજું કંઈ ન જોઇએ, ગરીબની ઉપર એટલું ઘણું છે."

એ જહાનઆરા માટે એમ પણ કહેવાય છે કે, મરણ પછી ઔરંગઝેબે તેનો દરજ્જો વધાર્યો હતો અને ફરીથી એમ નિવાસની ઉપરી બનાવી હતી. દરબારી અમલદારોએ ઝ કોલ્લામાં બહારથી જહાનઆરાને સલામ કરવાનો હુકમ થયો જહાનઆરાને વાર્ષિક રૂ. ૧૭ લાખ આપવાનું ફરમાન થયું હતું. જહાનઆરા તો પોતાનું જીવન એક આધારણ માણસ તરીકેજ કરતી હતી. ૧૬૬૬ ના ઓકટોબર માસમાં જહાનઆરા આમાંથી વિ આવી હતી. ઔરંગઝેબ તેને મળવા જતો અને કલાકો સુધી રા સંબંધી વાતો કરતો. જહાનઆરા તેને ઉપદેશ પણ આપતી જહાનઆરાએ દારા અને મુરાદનાં બાળકોનું પાલન પોષણ કરી લગ્ન પણ કરી દીધાં અને પછી મરણ પામી.

જહાનઆરાએ પિતૃભક્તિનો આદર્શ જનતા આગળ રજુ કરે

WE ARE SOLE AGENTS FOR

THE CELEBRATED

QUICKWAY BETHLEM SOCKET WRENCHES.

General Utility Sets For All Purpose.

Turned from solid Bar. Accurately, Broached, Cynade, & Hardened.

QUICKWAY SOCKET WRENCH SET (Set B.)

Special for FORD



A general utility set Just like (Set C) with handle but with 6 sockets only This set takes care o most Nuts & Bolts on Ford car A compact and powerful tool thet will fit into the hard to get at spot with a minimum of trouble Strong Hexagon handle gives great liverage

Neatly packed in a neat & durable leather bag

Price per set Rs. 7-8-0

QUICKWAY SOCKET WRENCH SET (Set C.)




A larger set (with handle like Set B) covering a wider range of sizes, packed in individual tin box ready for immediate delivery Eight sockets, 5/16', ⅜', 7/16", ½", 9/16", ⅝', 11/16 , ¾

This general set at popular prices sells on sight to mechanics, garrages and Car owners

Price per set Rs. 10-8-0

QUICKWAY SOCKET WRENCH SET (C. Special.)



SOCKET WRENCH SETS

Complete with Ratchet handle, and Extention Bar, a wonderfully fist selling set for the car owner, for private work Eight sockets 5/16", 3/8", 7/16", 5/8', 11/16", 3/4' packed in a tin box

Price per set Rs. 15-8-0

QUICKWAY SOCKET Wrench SET (Set D.)



The most practical mechanics set. Takes care all assembly adjustment operations. Twenty three sockets, of type, ranging from 9/32 to 30/32 — by thirty seconds Covers greatest range of nut and bolt heads. Regular bent handle T-handle for smaller sockets, universal extention bar and Bethlehem drop-forged ratchet wrench. Complete set, highly finished in oxidized and beautyfully mounted in real hard-wood box to withstand abuse. The practical set ever offered to the mechanic.

Price per set Rs. 40-0-

LAXMIDAS & DWARKADAS.

Ismail Building, No. 1 Charni Road, BOMBAY No 4

આ પત્ર શંકર વિઠ્ઠલ પતકીએ મુબઇ ન ૪ ગીરગામ ખટાવ બીલ્ડીંગમાં "લોક મેવક પ્રેસ" ની અદ્ર છાપ્યું અને તેજ સ્થળેથી તન્ની જયશંકર ખોડીદાસ દ્વિવેદીએ પ્રસિદ્ધ કર્યું છે

દર રવિવારે પ્રગટ થતું સાપ્તાહિક. Registered No. B. 1829

ચિત્ર-ચિત્રાવલિ

[પુ. ૧ લું.]

[અંક ૫ મો.]



આરી ચંચળ [પૃ. ૧૨]

વાર્ષિક લવાજમ રૂ. ૪-૦-૦

છુટક નકલ મુંબઈમાં ૧ આનો.
બહાર ગામ સવા આનો

આજના લેખોનો ક્રમ.

સખા ! આજે– (રા. દિવાના).....૩
મુંબાઈનું રાત્રિ-રહસ્ય (રા. ગુપ્તદૂત).....૩
૧૦,૦૦,૦૦૦ [દ્રશ્યાંક] (રા. રમણીક અ. મહેતા) ૫
એક સુંદરીનાં સાહસ કર્મો (રા. મ. ગો. દેસાઈ).....૧૧
મારી મીસીસનું પહેલું ભાષણ (રા. મસ્ત ફકીર).....૧૨
મુંબાઈના સીનેમાઓ (રા. વિચક્ષણ) ૧૪

આ ચુંથીમાં લવાજમ ભરી ગ્રાહક થનારને ૩૦૦ પાનાની "ગુલબદન" નામની નવલકથા બેટ આપવામાં આવે છે.

મોજ-મજાહ

રવિવાર તારીખ ૧૧ મી મે સને ૧૯૨૪.

સખા ! આજે-

લેખક:-દિવાનો

સખા! આજે ધોંકાડીયા અવાજે,
મેરીને ટ્રેસ ગાજે, જે બાજે લલાકારાઃ
હવે ધાજે, ખાદી સાજેઃ
કે સમાજે, ગુણ ગાજેઃ
સખા આજે-વિ. વિ.

ગીત એવાં શું ગાવાં જે ગાઝેલાંઃ
જાહેરા જાહીનાં થયાં બહુ કાહેલાંઃ
શબ્દજાલોને તોડી અંતરમાં ઉડી હવે દીલમંતમાં
હવે ધાજે, ખાદી સાજેઃ
કે સમાજે, ગુણ ગાજેઃ
સખા આજે-વિ. વિ.

ઉભી વાટયો જોતી માટી ગુર્જરીઃ
કરે વાણી તારીએ આમાં જરીઃ
છોડી મોટા ગપ્પો બોટા મંથના ભળો સાચા પંથમાંઃ
હવે ધાજે, ખાદી સાજેઃ
કે સમાજે, ગુણ ગાજેઃ
સખા આજે-વિ. વિ

મુંબાઈનું રાત્રિ-રહસ્ય.

(લખનારઃ—યુપ્તદૂત.)

તા. ૪-૫-૨૪ ના અંકથી ચાલુ.

(૪)

વાંચકો! નાટકશાળાના અંતરંગનું દર્શન કરી આપો હવે આપણે થીએટરની બહાર દૃષ્ટિ દોડાવીએ. અમોએ પહેલેથીજ કહ્યું છે કે આજે "વિશ્વદર્પણ" નામનો નવિન નાટક ભજવી બતાવવાનો હતો એટલે પ્રેક્ષકોનાં ટોળે ટોળાં સાત વાગેથી નાટકશાળાની પાસ એકઠાં થવા લાગ્યાં હતાં. રસ્તેથી ચાલી જોયા તેમજ મોટરો ચાલવાની પણ જગા નહોતી. શ્રીમંત-ગરીબ આલી-બવાલી દરેક જણે ટીકીટોપર દોરો પાડયો હતો. તેઓના આ ધસારાને પહોંચી વળવા માટે અને મારામારી કિંવા ખુનામરકી ન થાય એટલા માટે કંપનીના માલીકે ચોવીસ કમીશનર સાથે અગાઉથી બંદોબસ્ત કરી પોલીસની એક ટુકડીને હાજર રખાવી હતી તથા દરેક ડોરપર એક એક ઓરત મોજુદરને પહેરો ભરતો ઉભો રખાવ્યો હતો. વળી ખુદાબક્ષ ટીકીટો આપી પોતાના તરફથી પણ કેટલાક મવાલીઓને રોકયા હતા.

આ બાજુ ટીકીટો વેચવાવાળાઓના બૂમ બરાડાથી આખો રસ્તો ગાજી રહ્યો હતો. આઠ આનાની દોઢ રૂપિયો, રૂપિયાના બબ્બે રૂપિયાના આઠ અને ઓરચેસ્ટરાના દશ દશ પંદર પંદર અને કોઇ સારી સીટ માટે પચાસ રૂપિયા સુધી ભાવ બોલાતા હતા. એક બાજુ સરકાર બાબુપની મહેરબાનીથી રમત ગમતનાં સાધનો ઉપર ટેકસ પડવાથી નાટકશાળાના માલીકોએ ભાવ વધારી દીધા હતા, તે ઉપરાંત બહાર વેચનારાઓનો ટેકસ ચાર-ચાર જી-જી ગણી વધુ પ્રેક્ષકોનાં ખીસ્સાં ઉપર હાનર મુકનો હતો. અધિપતા અધા અને ગાંઠના પૂરા-આપની કમાણપર તાગડીયા કરવાવાળા તેમજ શેર બજારના સટ્ટાથી કમાયેલા કિંવા મહાલક્ષ્મીની રેસનો ચોટા ડોબાની હરામના પૈસા મેળવેલાઓ એક એક ટીકીટના પચાસ રૂપિયા આપવાને પણ અચકાતા નહોતા!

આવા ટીકીટના સખ્ત ભાવ હોવા છતાં થીએટર ચીકાર ભરાઇ ગયું હતું. ફોરાસ રોડ અને નિરંગામમાં નિવાસ કરતા વારંવિતાઓ પણ નાટક જોવા આવી હતી. તેઓનાં આગમનથી પ્રેક્ષકોનાં દિલ પાણી પાણી થઇ જતાં હતાં અને આ કુસણી-આ કુલણી એવા અંગુલી નિર્દેશ કરી એક બીજાને બતાવતા હતા. તેમાં મહબરમનથી આસપાસમાં બેઠેલા કેટલાક ગૌખીન યુવકો તરફ જોતી હતી પીટ તથા થર્ડ કલાસમાં બેઠેલા વિદ્યાર્થી પ્રેક્ષકો વારંવાર તાળીઓ પાડતા હતા અને સીગેટીઓ વગાડતા હતા. એ સઘળો કોલાહલ શેર બજાર-કિંવા મચ્છી બજારની

કેટલી નોટો છે તે કહી શકી હોત. પરંતુ જવા દો એ વાત. જો આ વખતે તે બરાબર નહિ કહે તો આપણે આપણે એના વાંસાનું ચામડું ઉતેડી નાંખીશ."

તે બાઇએ આ બોલવા પર ધ્યાન આપ્યું નહિ. તે પોતાનું કામ કરવા લાગી. તેણે પાંચ નોટો ટેબલ પર હારબંધ મૂકી. પછીચાર નોટ નીચે ચાર ગુલામો મુકયા અને પાંચમી નોટ નીચે રાણી મૂકી. લોકો ઓઢી રહે તેના તરફ જોઇ રહ્યા હતા. કેટલાક તો તે નોટો ગુણ ન કરે તેને માટે ધ્યાનથી તે શું કરે છે તે લક્ષપૂર્વક જોતા હતા."

"આમાં કંઇક લુચ્ચાઇગીરી જણાય છે ગંભીર સ્વરે તેણે કહ્યું:- "આ રાણી આ નીચ ગુલામના હાથમાં સપડાઇ છે અને તેમનો ભોગ થઇ પડી છે. હું ધારૂં છું કે નક્કી તે દુઃખી થશે."

"રાણી એટલે કોણ ?" કોઇએ પૂછ્યું.

"ઠન્યા, બીજું કોણ ?"

આટલા શબ્દો તેના મોઢામાંથી નીકળ્યા એટલામાં લોક એકદમ મૌન હો કરવા લાગ્યા. પીટર ગેરોલેવનીને નોટો લઇ લેવા હાથ ટેબલ ભણી લાંબો કર્યો પણ તે જોઇએ એટલી નોટો કરી કહ્યું:—

"એક ક્ષણ થોભી જાઓ. જો નોટોને હાથ અડાડશો તો મેહો ઝંતરાય દૂર થવા માંગશે છે તે દૂર નહિ થાય " પછી એકાએક નોટો પકડી આંખો બંધ કરી આંખો આગાડી ધરી ઉભેર્યું", "આ નોટો બનાવટી છે અને તેથીજ હું શુકન કાઢી શકતી નથી."

આ કહેતાની વાર ભારે હા હો મચી-કેટલાક નોટો લઇને ડોસી નાસી ન જાય માટે પકડવા ગયા પણ તે જોઇ તેમને તડ-ફોડી કાઢી નાણાં ખાતાના પ્રધાન તરફ વળી અને બોલી.-

"હું જાણું છું કે આપ નામદાર નાણાંખાતાના પ્રધાન છો. તમેજ જૂઓ કે આ નોટો બનાવટી છે કે સાચી છે. હું તે તમને સોંપુ છું. આપ નામદાર રાજ્યના એક મોટા અધિકારી છો અને આ માણસ પોતાના પાકીટમાં આવી બનાવટી નોટો શા માટે રાખે છે, તે પુછવાનું આપવું કામ છે. તેનો ખુલાસો મેળવવાનો આપને અધિકાર છે."

નાણાંખાતાના પ્રધાને નોટો હાથમાં લી ? પણ તેના ચહેરો ઉલાન જણાયો.

આ ડોકરી જૂઠી છે. એ શંકું આવી બન્યું લાગે છે. બીબાઢાગા, જો તમને મારે માટે, મારા કુટુમ્બને માટે અને તમારી બ્હેનને માટે માન અને લાગણી હોય તો આ જૂઠી બદમાશને માર મારી હાડકાં ભાગી નાખો—" વરરાજા ગર્જના કરી ઉઠયો. ત્યાં હાજર રહેલામોનો કેટલાક તો આમ કરવાને તૈયાર હતા, અને પોતાના હાથનો સ્વાદ તે ડોસીને ચખાડયો ! હોત, પરંતુ એટલામાં નાણાં ખાતાના પ્રધાને હાથ ઉંચો કરી કહ્યું:—"સજ્જનોઓ અને સદ્ગૃહસ્થો ! જરા શાંત થાઓ. આ બાબતું કહેવું તદ્દન સાચું છે અને આમાંની દરેક નોટ બનાવટી છે ! પણ આપણે ઉમેદ રાખીયું, કે પીટર ગેરોલેવસીન મહાશય, આ નોટો તેમના હાથમાં શી રીતે આવી તેનો ખુલાસો આપશે.

"આ નોટો મને મારા પિતાએ આપી હતી અને તે બોટી હોવાનો સંભવ નથી. અને જો તે બોટી હોય તો નિશ્ચય વાત કે કોઇએ મારા પિતાજીને ઠગ્યા છે અને એ આ વાત તેઓ જાણશે તો તેમનું હૈયું તુટી પડશે."

"આ નોટો બનાવટી છે એમાં તો કંઇ શકજ નથી," નાણાંખાતાના પ્રધાને કહ્યું "પણ આવી ભારે રકમની નોટો તમારા પિતા પાસે શી રીતે આવી એ આશ્ચર્યની વાત છે."

"હું આપને આજીજી કરૂં છું કે તે નોટો મને પાછી આપો" ઉઠી ગયેલા ચ્હેરે, ફિક્કાગીર સ્વરે વરરાજાએ કહ્યું. વરરાજાની જ્યારે આવી સ્થિતિ હતી ત્યારે તેની પત્નીની સ્થિતિ આથી વધારે વિષમ હતી. તેનું શરીર ધ્રુજતું હતું તેના ચ્હેરા ઉપર ગમગીની છવાઇ ગઇ હતી. આ શું હશે તેની તેને કલ્પના પણ ન હતી. તેની નીચ તેજ આખ્યો પોતાના સ્વામીના વદન પરથી તેના ભાઇના તરફ વળતી અને ઇથામણ વદને તે પ્રધાનના પર ફરવા ફેતી. અને જાણે અમુક ભાષામાં તેના લગ્નના દિવસનું મહુર્ત નષ્ટ ન કરવા પ્રાર્થના કરતી હોય તેમ જણાતી હતી. પ્રધાનની પણ સ્થિતિ વિલક્ષણ હતી. તે બનાવટી નોટો પાંછી આપવી એ અસલ હતું. વળી આ રંગેનો ભંગ થતો જોઇ અને તે નિર્દોષ બાળાનું સુખ માટીમાં મળતું જોઇ તેને ખેદ થતો હતો. તેણે કહ્યું:-

"આ નોટો મારાથી પાછી આપી શકાય નહિ. તમારા પાકીટ-માંની બીજી નોટો સાચી કે બનાવટી છે તે જોવા દો."

પણ તેની ખાતરી ન હોય કે નોટો ખરેજ હોવી જોઇએ એવા ડોળથી પીટરે નોટો ઢાઢી પ્રધાનના હાથમાં મૂકી. તેણે તપાસી જોઇ અને કહ્યું, એકે એક બનાવટી છે.

મંડળીમાંના દરેક જણના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. હાહા-કાર મચી રહ્યો. નવવધૂ મુર્છા ખાઇ જમીન પર પડી ગઇ.

"ખરેખર, નામદાર, આમાં કંઇક ભૂત્ય હોય એમ જણાય ના છે." ફિક્કા ચ્હેરે, દુઃખદ સ્વરે, બીબાઢાગાએ કહ્યું.

"બરાર ભૂત્યજ છે, પીટર ગર્જી ઉઠયો. "મારી ખાત્રી છે કે એકેએક નોટ સાચી છે. મને તો લાગે છે કે નામદારની કંઇક શરત ચૂક થતી હોય એમ જણાય છે."

"બીબાઢાગા !" પ્રધાને કડક સ્વરે કહ્યું. "ત્રીજેરી ખાતામાં ઘણી નોટો તારા હાથ નીચે આવી ગઇ છે અને સાચી અને બનાવટી નોટો પારખી કાઢવી એ તારે માટે કંઇ મુશ્કેલ વાત નથી. આ નોટો જો, અને તારો પ્રમાણીક અને ખરેખર અભિપ્રાય મને જણાવ."

બીબાઢાંગાએ મુજરે હાથે નોટો લીધી ને અજવાળામાં ધરી તેની કોર મરડી દરેક નોટ ચારીફાથી તપાસવા લાગ્યો. જ્યારે અક્ષરશ: પરોણાઓ શું થાય છે તે જોવાની ઉત્સુકતામાં મંત્રમુગ્ધ ટેરને ટેર ઉભા રહ્યા. બીબાઢાંગાએ એકેએક નોટ તપાસી, ચારી-કાઈથી તપાસી અને જ્યારે તપાસી રહ્યો ત્યારે બોલ્યો:—

"નામદાર, મારે કબુલ કરવું જોઇએ કે એકેએક ખરી નોટની બાબેહુબ નકલ છે. મને લાગે છે કે મારા બનેની ડોકીના કાવાદાવાના કે કાવત્રાંના ભોગ થઇ પડયા હોવા જોઇએ અને આનો સંતોષકારક ખુલાસો જરૂર મળી આવશે."

"ખચીતજ આ બીનાની તપાસ થવી જોઇએ. હું આ બનાવટી નોટો મારી સાથે લઇ જઉં છું. આ બાબત કંઇ નહાની સુની નથી. મારે જાતને પોલીસના અમલદારોને માંથી પગલાં લેવાં તેને માટે પૂછવું જોઇશે. પ્રધાને ગંભીર ચહેરે કહ્યું.

પીટર ગળગળો, થઇ ગયો અને પ્રધાનની વિનવણી કરવા લાગ્યો. "નામદાર! આપ દયાળુ છો. મેં કોઈ પણ જાતનો ગુન્હો કર્યો નથી. આજ મારા લગ્નનો દિવસ છે અને આપ કૃપા કરી આ સૌને તહકુબમ રાખો. એમાં માત્ર મારી આબરૂનો સવાલ નથી. મારી આ પત્નીનું એથી મોત નીપજશે, મારા માબાપ ઝુરી ઝુરી મરશે. હું આપને આપની તપાસ જરા થોભા વવા પગે પડું છું. મને ખાતરી છે આ બાબતની તપાસ કરવા દો-મારી ખાત્રી છે કે મારા પર કોઇએ ભયંકર કાવતરું રચ્યું છે. હું સૌજન્યપૂર્વક કહું છું કે જ્યારે હું ચેરથી નીકળ્યો ત્યારે ખરી નોટો પાકીટમાં નાખી નીકળ્યો હતો—તો કદાચ તે ભવિષ્ય કહેનારી ગાડિપ્સીએ કંઇ કપટ કર્યું હોય એમ લાગે છે." સર્ જ્હો તે સુણી કર્યા ગઈ તે પુછવા અને શોધવા લાગ્યા, પણ તે તો કયાંની કર્યા પસાર થઇ ગઇ હતી.

"હું ઘણો દિલગીર છું," પ્રધાને કહ્યું "પણ મારે મારી ફરજ બજાવ્યા વગર છુટકો નથી. તમે કહો છો તેમ બનવા જોગ છે પણ એ સર્વનો ખુલાસો તમે યોગ્ય વખતે કરજો. હું મારી બનતી મદદ કરીશ. પણ મારાથી આ નોટો અહીં રાખી શકાય નહિ. તેમજ પોલીસના અધિકારીઓને ખબર આપ્યા વગર રહેવાય નહિ. આ કઠોર કર્તવ્ય મારે કર્યા વગર છુટકો નથી."

એટલું કહી, મડળીની વિદાય લઇ પ્રધાન ત્યાંથી ચાલી ગયો. તે પોતાના સરકારી મથક પર ગયો. ત્યાં જતાં તેને એક પત્ર તોકરે હાથમાં મૂકયો. એ પત્ર ડેનીલીચ લખેલો હતો અને તે નીચે મુજબ હતો:—

"નામદાર,

મને મેં'પોટર્સ'બર્ગથી એકાએક કામના અવરોધે જવું પડયું છે અને ત્રણ દિવસની અવધિએ પાછો ફરીશ. મને જ્હાવવાને અનિ ર્ઘ્ય થાય છે કે તીજોરીનાં ગુમ થયેલાં નામળાં નાણાં પુરેપુરાં હું પાછાં આપી આપીશ. હું આશા રાખું છું કે બીબાઢાંગાને ત્યાં લગ્નના દિવસે આપને મોજ મળી હશે."

પ્રધાનની અજાયબીને પાર રહ્યો નહિ. ને જાહુનો હતો કે ડેનીલીચ કદાપિ કાળે અસત્યભરિત તો શું અર્ધોક્ષર વાત કરે. તેમ ન હતો છતાં આની ગુંચ ઉકેલવા પોલીસના વડા અમલદારને બોલાવવા મોકલ્યો. તે આવતાની વાર તેણે કાગળ તેના હાથમાં મૂકયો પણ તે પણ એનું રહસ્ય સમજવી શકયો નહિ એટલુંજ નહિ પણ તેણે ડેનીલીચ પર આરોપ કરવા માગ્યા અને તે પૈસા કદાપી મેળવી શકશે નહિ એમ કહ્યું.

પ્રધાને જવાબ આપ્યો કે તે લખે છે તે પ્રમાણે જરૂર કર્યા વગર રહેશે નહિ, એવી મારી પકકી આશી છે. જો કે તે મને ઘણી વાર ગુંચવાડામાં નાખે છે પરંતુ તેનું કામ ચોકકસ હોય છે એમાં વાંધો નહિ."

આ સાંભળી પોલીસ અમલદાર રજા લીધી.

ત્રણ દીવસ પછી ડેનીલીચ વચન પ્રમાણે હાજર થયો અને બધાની અજાયબી વચ્ચે તેણે ગુમ થયેલાં દરેક લાખનાં નોટનાં બંડલ રજુ કર્યાં. એટલુંજ નહિ પણ ચોકકસ હકીકત રજુ કરી કે જેથી, ઇવાન, પીટર, અને બીબાઢાંગાને કેદ કરવામાં આવ્યા.

ઇવાન ગોનોવબીન વિશની ચોરોચોકેમાં રહેતો હતો; તેની ઘોડી ઘણી જમીન હતી. તેની પહેલી વારની બાયડીના મરણ પછી તેણે બીજીવાર લગ્ન કર્યું" હતું. પહેલી બાયડીનો તેને ખ્હોળો વિસ્તાર હતો પણ સબળા જૂદા જૂદા થઇ ગયા હતા અને કામે લાગી ગયા હતા. છોકરીઓ પરણી સાસરે ગઈ હતી. બીજી વારના લગ્નથી તેને પીટર નામે છોકરો થયો હતો. સેંટપીટર્સબર્ગમાં એક સ્ટોરમાં મેનેજરનું કસાકર્મું કામ કરતો હતો. તેને બીબાઢાંગાના કુટુમ્બ સાથે પીછાન થઇ. બોગા પીટર સાથે પ્રેમમાં પડી પણ તેની શારિરીક ખોડને લઇને પીટરે તેના પ્રેમને પ્રોત્સાહન આપ્યું નહિ. બીબાઢાંગા પોતાની ખ્હેનને ઘણો ચ્હાતો હતો અને તેને સુખી કરવા ઇચ્છતો હતો. પીટર બોગાની માગણી ન સ્વીકારતો હોવાથી તે ઘુરી મરતી હતી આથી તેણે જો પીટર બોગા સાથે લગ્ન કરે તો તત્વર બનાવવાની લાલચ આપી. પીટર કબુલ થયો અને ત્યારથી ઇવાન, પીટરનો બાપ ઇવાન અને બીબાઢાંગા સામેલ થયા. બીબાઢાંગાને મારે ઓટ્યું કહેવું જોઇએ કે તેણે તેમાંથી કુટી ખદામ રાખવાની ના પાડી હતી. બીબાઢાંગાને મોસ્કોની તીજોરીનાં નાણું ભરવા સેંટપીટર્સબર્ગ જવું પડયું હતું તે તે જાહુતો હતો અને અકવાર્ડિયાં અગાઉ તેને બ્યાજ મળતી હતી. બીબાઢાંગાએ પીટરને જણાવ્યું કે તીજોરીનાં નાણાં સેંટપીટર્સબર્ગ લઈ જવાનાં છે. પીટરે બરાબર કલ્પી જે પેટીઓ બનાવી અને દરા લાખની નોટો મુકતાં પેટીઓનું વજન થાય તેટલું વજન કોરા કાગળ ભરી કર્યું. પેટી બાંધવાની દોરી ખોટા સીલ બીબાઢાંગાએ પૂર્ત પાખ્યા. રેલ મોકલાથી ઉપડી તે તીજોરીબોસેમ્બોક આવી. ત્યાં દરેક ગાડી બ્હારે વાર પોલીસની

હતી. કારણ કે તે રટેશને ઉતરી લોકો રાતનું ખાવું ખાતા કરતા હતા. વળી કુદરતે પણ મારી આપી કે ચોરી જે રાતે કરવાની હતી, તે રાત અંધારી ઘોર હતી. બીજાની રટેશને ચાર ચાર ટુકડી વારા ફરતી નાસ્તો કરવા જતી પહેલી ચારમાં બ્રીઆઝાગા હતો. તે અને તેના સાથેના અમલદારો નાસ્તો લઇ ડબ્બા બહાર બીડી તાબુતા હતા. તેવામાં મારી મીશરેટનું કેસ રહી ગયું છે તે લઇ આવું કહી બ્રીઆઝગા ડબ્બામાં ગયો અને દશ મીનીટથી વધારે બાઝેજ તે અંદર રહ્યો હશે. પણ એટલામાં તેણે એક તરકટ ભારણું ઉઘાડી બે પેટીઓ પીટર જે બનાવટી લખને ઉભો હતો તેને આપી અને બનાવટી અંદર મુકી દીધી. આ હકીકત પોલીસે કબુલ કરાવી હતી.

હવે જ્યારે આ કેસ ઉનીવીયના હાથમાં મુકવામાં આવ્યો ત્યારે તે તાડી શકયો કે ક્રિપાઓમાંના કોઇનું એ કામ હોઈ શકે નહિ. હવે અમલદારોમાં જોઇએ તો જેણે ચોરી કરી હોય તેનો કાંઈ મળતીઓ વિશ્વનીમાં હોવો જોઇએ. આતી તપાસ શરૂ કરી તો તેને જણાવ્યું કે બ્રીઆઝગા અને ગોનોવલીને સાથે પરિચય હતો.

ઉનીવીયની ખ્યાતિ હતી કે તે પોતાનો વેષ અને કંઠ એવી રીતે બદલી શકતો હતો કે તેને રોજનો જોનાર પણ ભાગેજ ઓળખી શકે. તે બુઢ્ઢી ઓરતનો વેષ એવી ખુબીથી લેતો કે બહુરૂપી પણ તેમ ન કરી શકે. ફેરીવાળીના વેષે ગોનોવલીનને ત્યાં જઇ તેણે શોધી કાઢયું કે પીટર દિવસમાં બેત્રણવાર પેરથી તેની વાડીમાં આવજાવ કરતો હતો. વાડી પરથી રેટેક માઇલ દૂર હતી. તે શા માટે એમ કરતો હશે તેની શોધ કાઢવાની ઇચ્છા થઇ. તપાસ કરતાં જણાયું કે વાડીના એક ઝાડ નીચે ખાડામાં બે પેટીઓ સંતાડી હતી અને તેના પર કેટરે નાંખ્યું હતું. પેટીઓ ઉઘાડી હતી. અર્થાત કે સીધ બીલ કાઢી નાખી ઉઘાડી હતી પણ તેમાં નોટો રાખી મુકી હતી. આટલો પત્તો મળ્યો એટલે તેણે જણાવ્યું કે પીટર અને ઇવાન આ કામમાં સામેલ છે પણ બીજા બટકી ન જાય એવી યુક્તિથી કામ લેવું જોઇએ. ઓલ્યાનાં લગ્નનો દિવસ તે કામને માટે ઠીક લાગ્યો. તેણે બુઢ્ઢી જ્યોસી-ભવિષ્ય કહેનારના વેષે પોતાનું કામ આર્યું. ઉનીવીયે સંતાડેલી પેટીમાં બનાવટી નોટો રાખી ખરી નોટોનાં કેટલાંક બંડલ કાઢી લીધાં હતાં. આ બનાવટી નોટો ચોવીસના થાણામાં હતી કારણ કે એક બનાવટી નોટો બનાવનારને પકડતાં તે મળી આવી હતી. આ નોટો તેણે સંતાડેલી પેટીમાં મૂકી દીધી. કારણકે તે જાણતો હતો કે લગ્ને દિવસે પીટર ખર્ચ કરવા પેટી ઘણી કાઢશે. તેનું અનુમાન ખરું પડ્યું અને તેણે પીટરને સીફતથી સપડાવ્યો.

ત્રણે ગુન્હેગારોને રાજ્ય વીરૂદ્ધ કાવત્રા માટે સાઇબીરીયામાં દેશનીકાલ કરવામાં આવ્યા. ઓલ્યા પોતાના પતી સાથે સાઇબીરીયા ગઇ.

અવકાશનો વખત મોજ મજાદમાં ગાળવા માટે સચિત્ર લોકપ્રિય નવલકથાઓ વાંચો.

કાળ રાત્રિનું ખૂની ખંજર	ભાગ ૧-૨.	...	૬-૦
રેરી જમાનો ભા. ૧-૫	... ...	...	૧૧-૦
રણધેલા રજપૂતો ભા. ૧-૨	... ...	...	૬-૦
મધુ-માલતી ભા. ૧ થી ૪	... ...	...	૮-૦
પવનતા યાને કંટકમાં ગુલાબ	... ...	...	૩-૦
યુરેલનો ચમત્કાર ! (ડીટેક્ટિવ)	... ...	...	૩-૦
બહાદુર બાળા ૧-૨ (વીર કથા)	... ...	...	૩-૦
પેશાવરની પદ્મિની (ઐતિહાસીક)	... ...	...	૧-૮
જુલ્મી ખલિફ-મુબ્જલી ધરા	... ...	...	૩-૦
વસંત વિજય ભા. ૧-૨	... ...	...	૫-૦
કેલાસ કુમારી ભા. ૧-૨ નવિન	....	...	૪-૦
વિશ્વમોહિની ભા. ૧-૪	... ...	...	૮-૦

કચરાભાઇ વનમાળી પટેલ,
બુકસેલર અને પબ્લિશર.
મોટી હમામ—અમદાવાદ.

સળેખમ, સંધીવા અને માથાના ચસ્કાથી શા માટે હેરાન થાઓ છો ?

આધાશીશ અને મસ્તકનાં દર્દોની બીમારી શા માટે ભોગવો છો ?

બજારમાં વેચાતા દરેક બામથી ચઢીઆતો અમારો.

હિપ્નોટિક બામ

એક વખત વાપરી ખાત્રી કરો.

શીશીના આના આઠ.

સ્વદેશી ઓઇલ એન્ડ પ. મે. કું૦ માંકાડ-બ્રો. બી. રત્વે

તથા દરેક વેપારીઓને ત્યાંથી મળશે.

સુધારો:—પાનાં ૧૪ ઉપર મથુરાં અને મુંબાઇના ફરનીચર એકજ છે, એમાં દરદિ.ય વધેલ છે. બન્નેનાં ફરનીચર જૂદાં જૂદાં છે.

એક સુંદરીનાં સાહસ કર્મો.

લખનારઃ—મંજુલાલ ગોપાળરાય દેસાઇ.

(તા૦ ૪-૫-૨૪ના અંકથી ચાલુ.)

પ્રકરણ ૫ મું. (ચાલુ)

"મહાપુરૂષ, તમારૂં અનુમાન તદ્દન ખરૂં છે," કંચને જણાવે સાદે જવાબ વાળ્યો. અશ્રુનું એક બિંદુ તેના બાવ ઉપર સરી પડ્યું અને તેણીના પિતાની હકિકતથી તે વૃદ્ધ પુરૂષ ઉપર થી અસર અને તે જાણવાને તેણીએ તેમના તરફ એક તિક્ષ્ણ નજર ફેંકી.

"શેઠ! તારા બાપના ધંધા તરફ ગમે તેવી કરડી નજરે જોતા હોય, કંચન," તે વૃધ્ધે મમાળુ અને બાત્રીકર્યા અવાજે જણાવ્યું, "પણ તેનો દોષ તારા ઉપર મૂકવાની મૂર્ખતા હું કદાપિ ન કરૂં તે કારણથી તારા ઉપરની મારી લાગણી જરા પણ ઓછી નહિ થાય. હવે મારો બીજો પ્રશ્ન. હું ધારૂં છું કે તું કિરણસિંહને ચાહે છે. તે વિષે આ કિલ્લાના માલિક તો કંઈજ જાણતા નહિજ હોય!"

ચરમાજ જતાં કંચને કહ્યું, "જરા પણ નહિ."

"પણ કિરણસિંહે તારી સાથે લગ્ન કરવાનું ચોક્કસપણે કબૂલ કર્યું છે?"

"પૂજ્ય પુરૂષ, એ કે મારો જન્મ મધ્યમ કુળમાં થયો છે," મસ્તકથી માથું ઉંચું કરતાં કંચન બોલી, તેણીની તેજસ્વી મુખાકૃતિ ઉપર ગૌરવ ચાલ્યાજ કરતું હતું, "અને એ કે એક ચોરલા આજન્મ ચાહવાડી જેવો ધંધો કરવા માટે મારા બાપની નિન્દા કરવામાં આવે છે, તેને ગણ્યા ગાંઠ્યા માણસો આવે છે, અને તેના ઉપર લુબ્ધ પણ કરવામાં આવે છે તોપણ આ આખા પ્રદેશમાં જે બે વીર પ્રેમ પુરૂષો અને ઝાંસિમાની વૈશાલાદેવીએ મારી સાથે લગ્નની માગણી કરી છે તે બધાઓમાં કે ગવરારથી માંડ સ્વજાન અને પ્રતિષ્ઠા જળવાઈ રહે તે સિવાયના બધાઓને મેં ધિક્કારપૂર્વક ધુત્કારી કઢાવ્યા છે."

આ ગાલ્લા વૃધ્ધે કહ્યું, "પુત્રી, તને માટું લગાડવાનો કે તારી લાગણી દુઃખવવાનો મારો જરા પણ ઉદ્દેશ નથી."

"તે હું સારી રીતે સમજી શકું છું," કંચને ઉત્તર વાળ્યો.

"પણ તમે મને વિદ્વાનતા નથી અને તેથી મારૂં ચરિત્ર, સિદ્ધાંત અને સ્વભાવને તમે સમજી શકતા નથી."

"પણ હવે તો અત્યે કે તમારા જન્મથીજ તમને ઓળખતો તોપ્ર એમ બધી બાબતોથી સંપૂર્ણપણે અજાણીતો થઇ ગયો હું," માનપૂર્વક બે હસ્તોને વિદ્વાનતા વૃધ્ધે કહ્યું, "અને તમારા પવિત્ર અને ઉચ્ચ હૃદયની જે માહિતી અને ખાત્રી છે તેથી તમને ખરદ કરવાની મારી ઇચ્છા વધારે દૃઢ થઇ છે. પણ હવે કંઇ બીજા પ્રશ્ન—તમારા બાપ પાસેથી તમને ખેર મુબારકી લઈ જવામાં આવ્યા છે તેની કિરણસિંહને ખબર છે કે?"

"તે વખતે તો તે જાણતા ન હતા," કંચને ફિક્કાશીરીથી જણાવ્યું. "કંઈ બધુ દિવસ પહેલાંજ આ બાબતેજ કૃત્ય કરવામાં આવ્યું અને મને ખાત્રી છે કે મારા પિતાએ આ બેહદારકે તમારા ઉપર કિરણસિંહને કહ્યા હશે."

"અહા, ત્યારે તમારા પિતા પણ તમારા પ્રેમપાત્રથી જ્ઞાન છે." વૃદ્ધ ગેરેથી બોલી ઉઠ્યા; પણ ઉત્તરની રાહ જોવા સિવાય તેમણે આગળ ચલાવ્યું, "તે બને જુદી જુદી બાહિતી આપી છે તે બાબતો રાખીને ભવિષ્યમાં કેમ કામ લેવું તેનો હું હવે ચોક્કસ નિર્ણય કરી શકીશ. તારા પ્રેમપાત્રના મવાર પિતાના કિલ્લામાં આજની રાત ગાળવાનો અણુચિંતવ્યો ચેમ તને પ્રાપ્ત થયો છે. પણ તમારી મુલાકાત તમને આનંદદાયક તો કમાશીજ લાગે તેથી દુઃખી બાળા, હું નાથી છુટવાનો પ્રયત્ન કરે એમાં જરા પણ નવાઇ નથી. પણ મેં તને પહેલાંજ કહ્યું છે કે આ પ્રસંગ તદ્દન નકામો છે. પણ પુત્રી તું બહાર જવા માટેના કોઈ છુપા રસ્તાથી બધી હિંમત બીડી ત્યારે શું બહાર જવા માટેના કોઈ છુપા રસ્તાથી તું વાકેફ હતી, અથવા તો કંઇ તારા સાહસ ઉપરજ આધાર રાખીને તું અહીં સુધી આવી આવી હતી?"

કંચને જવાબ આપ્યો, "કિરણસિંહ સાથે આ કિલ્લા સંબંધી બધી બધી વાતો મેં કરી છે અને તેને વિષે બધું જાણવાનું મને મળ્યું છે. તે વખતે હું જાણતી પણ ન હતી કે આવી દુઃખી સ્થિતિમાં મારે આ કિલ્લાની મુલાકાત લેવી પડશે." એક નિસાસ નાખીને તેણી આગળ બોલી, "આ કિલ્લા સંબંધી કેટલીક બાબતોમાં ઐતિહાસિક ઘટનાઓ કિરણે મને કહી હતી; અને તે બધી વાતોમાં વારંવાર પૂછા બોધવાં, આજનું અને ગઈકાલની નીચેના ઘેર જવાનો નીકળતા ભેદી રસ્તાઓની હકીકતો આવતી હતી."

વધા બીના હદયે પણ જરા હસતાં વૃદ્ધ બોલી ઉઠ્યા, "બેજ ઊંડારી, આ બધી કંઠારાઓમાં વિશ્વાસ રાખીને તારી સાથેની કન્યાઓને ઉંમની ઊંડી જંગલમાં નાસી જવાના હેતુથી એકાદ ભેદી માર્ગ શોધવા તું છુપાતી છુપાતી અહીં સુધી આવી ચઢી! પણ બાર રાખજે કે આ કિલ્લાના છુપા ભોંયરાંઓ અને બહાર જવાના ભેદી રસ્તા બધા મહોલાની વાતોમાંજ છે. અવાજ મને તે જવાજ નથી; કંચન!" દુઃખી બાર પ્રણને ચેષ્ટતાં તે ડોકાને કહ્યું, "તે મને એકાદ પણ એવે રસ્તા જાણે હોત તો આજે તું મને અહીંયા તારી સાથે ઉભેલો જોઈ શકત નહિ."

"શું તમે પણ અહીંયા એક કેદની જરૂરપાર્યા છે?" વિસ્મયતા અને અનુકંપામિશ્રિત ભાવથી પોતાના સહાકારનું આરિક નજરે નિરીક્ષણ કરતી, કંચન બોલી ઉઠી. "ત્યારે પણ,

"ગ્રી૦ કમાટ, બહેન ખુરશીઓ; ગાદલાં, ગોદડી ને ઢાંકણીઓ, આજે તમારી સમક્ષ કાઠીઆવાડનાં નબૂદીતા વકતા બહેન ચંચળ—"

"અરે એ શું બોલ્યા? છબ કરેડા—" મીસીસ "બહેન" સાંસણી છેડાઈ પડ્યાં.

"આમ વચમાં ના બોલ. ભાષણ થાય છે."

"તમારે ઝાઝું ઝેવું બોલવું હોય તો મારે એ બેલ નહિ જોઇએ."

"ઠીક, કંઈ નહિ. મીસીસ ચંચળ કહેશું."

("હાદી રાખો," "એક આનામાં બાદશાહી" "બોકડું માણુ" વગેરે અદભુત હાસ્યરસના લેખોના પ્રખ્યાત લેખક રા. મસ્ત ફકીરનો આ અદભુત સ્ટેજ આવતા અંકમાં આગળ ચાલશે.)

મુંબઈના સીનમાઓ.

લેખક—વિશ્વદૃષ્ટા.

મુંબઈમાંજ કેટલીક દેશી ફીલ્મો તૈયાર કરનારી કંપનીઓ ઉભી થઇ છે તેમાં મેજેસ્ટીક ફીલ્મ કંપનીએ પોતાનું પહેલ વહેલું સામાજીક ચિત્ર "પાપનો ફેર" હમણાંજ મુંબઈની પ્રજા પાસે રજુ કર્યું છે. વિદેશી ફીલ્મો સાથે સરખાવતાં દેશી ફીલ્મોમાં રહી જતા અનેક દોષો ક્રમશઃ દૂર થવા લાગ્યા છે તે એ ચિત્ર પરથી સ્પષ્ટ થાય છે. વૃદ્ધ અવસ્થામાં યુવાન કન્યા પરણવાથી, એ નવ વધૂ બીજાની પ્રેમ શોધતી ફરે અને પરિણામે એ પ્રેમી ખાતર પતિ મુવાનું ખુન કરતાં ન અચકાય, તેમજ એક વખત ખરાબ માર્ગે ચડેલો માણસ કેટલે સુધી ખરાબ થઇ જાય છે તેનો તે ચિત્રમાં અચ્છો ખ્યાલ આપ્યો કહી શકાય. સામાન્ય રીતે લોકો સીનેમા વિગેરે મોજ-મજાહ તરફ કેવળ આનંદ મેળવવા અને ઘડી ભર દિલને બહેલાવવાજ વળે છે. તેઓ કંઈ નીતિ અનીતિના પાઠ શીખવા નથી જતાં, બનાવાસે આનંદ સાથે ઉપદેશ મળી જાય તેવી ચિત્રની યોજના કરવી તે ચિત્રો તૈયાર કરનારઓની નૈતિક ફરજ છે. આ ચિત્રમાં બીજે ઉદેશો સચવાયા છે એમ કહી શકાય. લોકોને આકર્ષી દ્વિઅર્થજન કરનારા દેખાવોમાં બંગાળાનાં સુંદર દ્રશ્યો, રેસકોર્સ, કલ્ટન બજાર, ગેટવેનું દોડવું, પીસ્તોલબાજી, અને છેલ્લી ઘડીએ ગોતના પંજામાંથી પણ છટકવાનો પ્રયાસ એ બધી કહી શકાય. એ ઘડી લોકોના મનને એ દેખાવો ચિત્ર તરફ ખેંચી રાખે છે. દેશી ચિત્રોની એ ખોટી નવોજ શરૂ થયો છે. હજુ તો બાળકજ બાલ્યાવસ્થા તેમાં દોષ તો રહેજ પરંતુ વિદેશી ચિત્રો હિન્દી ચિત્ર જોતાં જેવો બધ કર જોવી કરે છે તેવી તો નજ થાય. એક વિદેશી હિન્દી ચિત્રમાં જનારામાં રાખવામાં આવતા નાજર રિને (હીજડાને) આવા તો બધી છે એમ લખ્યું છે એ કેવું હાસ્યાસ્પદ છે એ સહજ સમજાય તેવું છે. મેજેસ્ટીકના "પાપનો ફેર" નામક ચિત્રના હવે થોડા દોષો પણ જોઈ લઇએ. દ્રશ્યો (Lacations) ઘણાં સુંદર છે પરંતુ આખું ચિત્ર અસ્વાભાવિકતાથી ભર્યું છે. વૃદ્ધ શેઠની યુવાન પત્નિ એક વખત રૂપાળા યુવાનને જુવે કે તુર્તજ તેને નોતરું આપી દે. અને પોતાનો પિત્રાઇ ભાઇ તેમાં સાથ કરી આપે, જરામ કેવળ પૈસેથીજ બનાવીનેજ છટકી જાય અને મોટરોની, દોડાદોડ થાય, રૂપેમાં ચડી જાય એ બધું વિદેશી ચિત્રોનું અંધ અનુકરણ હોઇ અસ્વાભાવિક લાંગે છે. કાંટાવાળું દ્રશ્ય "કંટાળો આવે એટલું લંબાય છે." મુંબઈ અને મથુરાં બન્ને સ્થળે એકજ ઓરડો અને એકજ રસ્તીયર રજુ થાય છે. મથરાંને ચોર ખાતર પાડે અને પતરાં પર તાડકો દેખાય એ દૂર થઈ જે તેવી ભૂલો અને બેદરકારી બતાવે છે. દેશી ચિત્રો તૈયાર કરતી કંપનીઓ ચલાવી લેવાની વૃત્તિ છોડી દે તો ઘણું સારૂ કામ કરી શકે એમ આ ચિત્ર બતાવે છે.

પૃથ્વીરાજ ચૌહાણ પણ દેશી કંપનીનું ચિત્ર છે અને નોવેલ્ટીમાં બે અઠવાડીયાં ચાલ્યું છે. ચિત્રોની કિંમત તે કેટલાં આકર્ષાયાં ચાલે છે તેની ઉપર આંકાવા લાગી છે એ રીતી ઠીક નથી. કેટલીક વખત સીનેમાવાળાઓ આ રીતની પ્રતિષ્ઠા મેળવવા ઓછે નહિ પણ ફીલ્મ ચાલુ રાખે છે. એ સાથે મુંબઇની અશીક્ષીત વર્ગ હજી ચિત્રપટને પુરતો ઓળખતાં શીખ્યો નથી એમ કહેવું એ કંઇ ખોટું નથી. અને એજ કારણથી કળાની દૃષ્ટિએ તેમજ ચિત્ર તરીકે પણ સીનેમા રહીનને લગતે એવાં ચિત્રો કેટલીક વખત ધામધોકાર ચાલે છે. પૃથ્વીરાજનું ચિત્ર ખરેખર રહીનને લગતે છે. ઐતિહાસીક ચિત્રો રજુ કરનારે પ્રથમ કોલ્હાપુરની મહારાષ્ટ્ર કંપનીનાં ચિત્રો જોવાં અને તેઓ ભૂતકાળની પ્રતિષ્ઠા કેટલી જાળવી રાખે છે તે ધ્યાનમાં લેવું અને એ રીતે ઇતિહાસનાં પાત્રો રહીન પર એક નટન બની જાય અને દુનિયા આગળ હાસ્યાસ્પદ ન બને એ ખ્યાલ રાખવો જરૂરનો છે.

વીર દુર્ગાદાસ સામે અંટકાવ.

વીર દુર્ગાદાસ મેજેસ્ટીક સીનેમામાં બે અઠવાડીયાં ચાલી હતી. તેમાં ગુજનાર બેગમને વીર દુર્ગાદાસ ઉપાડી જાય છે એવું દ્રશ્ય રજુ થાય છે તે સામે બોલાવત કમીટીએ કટકોલીક ઉઠાવીઢ કર્યાનું કહેવાય છે. પરંતુ ખોટ આદ્ય સેન્સર એ ચિત્રપટ જોઈ તેમાં કશુંએ વાંધાભર્યું ન હોવાનું જણાવ્યું કહેવાય છે. ઐતિહાસ એવો છે કે ગુજનાર એ એક સામાન્ય ગુલામ બુંદી હતી પરંતુ તેની ખટપટી બધી સત્તા હતી કે તે બેગમ તરીકે અયોધારણ અધિકાર ભોગવતી હતી. મેજેસ્ટીકવાળાઓએ અનેક ઐતિહાસિક પુસ્તકોને આધારે એ ચિત્ર તૈયાર કર્યું હોવાથી સરકારને તે બંધ કરાવવા જેવું લાગ્યું નહિ. એ ચિત્ર મુંબઇથી કરાચી ગયું ત્યાં મુસલીમ ભાઇઓએ સીનેમા પર પીકેટીંગ કર્યાનો ખબર મળ્યા છે અને હાલમાં તે (સીંધ) હૈદ્રાબાદ ગયું છે ત્યાં પણ તેને અટકાવવામાં આવ્યું હોવાના ખબર મળ્યા છે. મુસલીમોની આ અણઘટતી અસહિષ્ણુતાનું પરિણામ છે. અગ્રેજ ફીલ્મોમાં ગુરોપીઓએ મુસલીમ ક્રીશ્ચનો ઉપાડી જવાના યા મુસલીમ ઓરતો ગોરા ઉપર આશક થવાનાં ચિત્રો રજુ થાય છે તે સામે કંઈ પણ વાંધો લેવામાં આવતો નથી પરંતુ ઐતિહાસીક બનીએ તૈયાર કરેલા આ ઐતિહાસીક બનાવ સામે, વિરોધ દર્શાવવામાં આવે છે એ આશ્ચર્ય છે. ગયા અઠવાડીયામાંજ એક્ષેલ સીનેમામાં આવતી એક કોમીક ફીલ્મમાં મુસલીમો તો જાણે કેમ કંઈ સમજજ નહિ ન હોય. એમ દર્શાવી એક ગોરા પાસે મુસલીમ ઔરત હરણ કરાવવામાં આવ્યું છે. એ હાસ્યરસ પ્રધાન હોવાથી કદાચ ચલાવી લેવાય તેમ હશે!

WE ARE SOLE AGENTS FOR

THE CELEBRATED

QUICKWAY BETHLEM SOCKET WRENCHES.

General Utility Sets For All Purpose.

Turned from solid Bar. Accurately, Broached, Cynade, & Hardened.

QUICKWAY SOCKET WRENCH SET (Set B.)

Special for FORD.



A general utility set. Just like (Set C) with handle but with 6 sockets only. This set takes care o most Nuts & Bolts on Ford car. A compact and powerful tool that will fit into the hard to get at spot with a minimum of trouble. Strong Hexagon handle gives great liverage.

Neatly packed in a neat & durable leather bag.

Price per set Rs. 7-8-0

QUICKWAY SOCKET WRENCH SET (Set C.)



A larger set (with handle like Set B) covering a wider range of sizes; packed in individual tin box ready for immediate delivery. Eight sockets; 5/16", ⅜", 7/16", ½", 9/16", ⅝", 11/16", ¾".

This general set at popular prices sells on sight to mechanics, garrages and Car owners.

Price per set Rs. 10-8-0

QUICKWAY SOCKET WRENCH SET (C. Special.)



SOCKET WRENCH SETS.

Complete with Ratchet handle, and Extention Bar, a wonderfully fast selling set for the car owner for private work. Eight sockets 5/16", 3/8", 7/16" 5/8", 11/16", 3/4" packed in a tin box.

Price per set Rs. 15-8-0

QUICKWAY SOCKET Wrench SET (Set D.)



The most practical mechanics set. Takes care of all assembly and adjustment operations. Twentythree sockets, of deep type, ranging from 9/32" to 30/32"—by thirty seconds. Covers greatest range of nut and bolt heads. Regular bent handle. T-handle for smaller sockets, universal, extention bar and Bethlehem drop-forged ratchet wrench. Complete set, highly finished in copperovidized and beautyfully mounted in real heavy hard-wood box to withstand abuse. The most practical set ever offered to the mechanic.

Price per set Rs. 40-0-

LAXMIDAS & DWARKADAS.

Ismail Building, No. 1 Charni Road, BOMBAY No. 4.

આ પત્ર ભાદરણ પીતાંબર હરજી મુંબઇ નં. ૬૬૩ ચીંચપોકલી પરેલ રોડપર લેટી નોંધ કોટ દિન્દુ ગોદ્‌નેમ કે એન. સેંદર પ્રેસમા છાપ્યું છે અને તંત્રી જયશંકર ગોપીનાથ દિવેદીએ મુંબાઇ નં ૪ ગીરગામ ખટાવ બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કર્યું છે.

વાર્તા, નાટક અને સીનેમાના શોખીનો માટે દર રવિવારે પ્રગટ થતું આખ્યાયિકા Registered No. B. 1829

ભેળું-ભડકામણ

[પુ. ૧ લું.]

પરદેશકના પથે.



અપૂર્વ, શાન્તિથી ભગ્નહૃદયે ઉભા રામરાવને વિદાય આપતી જોઇ રહી. [પૃ ૧૩]

[અંક ૬ ઠ્ઠો.]

વાર્ષિક લવાજમ રૂ. ૪-૦-૦

છુટક નકલ મુબઈમાં ૧ આનો. બહારગામ સવા આનો

આજના લેખોનો ક્રમ.

નવ્યાભનન્દિની કે સંન્યાસિની ? (રા. વ્રજલાલ જાદવજી કંકર)..... .... ૩
એક સુંદરીનાં સાહસ કર્મો (રા. મ. ગો દેસાઇ)..... ૯
મુબ્બાલુંદરાત્રિ-રહસ્ય (કુ. ચંપકલત). ૧૧
પરદેશકના પથે (રા. રમણીક પ્રાણલાલ મહેતા). ૧૩

નાટકો, નાટક અને સીનેમાના શોખીનોને માટે દર રવિવારે પ્રગટ થતું સાપ્તાહિક Registered No. B. 1829

ભાગ્ય-ખજાનો

[૫ ૧ લું.]

[અંક ૧ લો.]

પરમોત્કર્ષના પથે.



અપૂર્વ શાન્તિથી ભરપૂરહૃદય ઉમા રામશરને વિદાય આપની ઐય ચ્હી [પૃ ૧૩]

ચાર્જિક લવાજમ ૩ ૪-૦-૦

પુસ્તક ન ૧ લું મુંબઈમાં ૧ આનો બહારગામ સવા આનો

આજના લેખોનો ક્રમ

નવલનન્દિની કે સન્યાસિની ? (રા નંજપાલ ભાવજી દવર) . . ૩
ગ્યેક મુલરીના સાહસ કર્મો (રા. મ ગો દેસાઈ) . ૮
મુખાકૃતિ ચરિત્રલક્ષણ (રા ગુપ્તદૂત) ૧૧
પરમોત્કર્ષના પથે (. રમણીક મોહનલાલ મ્હેતા) ૧૩

મોજ-મજાહ

રવિવાર તારીખ ૧૮ મી મે સને ૧૯૨૪.

નવ્વાબનન્દિની કે સંન્યાસિની ?

(કવિસમ્રાટ:—રવીન્દ્રનાથ ટાગોર)

[અનુવાદક:—પ્રજ્વાલ જટવજી હકકર.]

દાર્જીલિંગ જતાં મેઘ અને જળથી દરે દિશાઓને આચ્છન્ન જોયો હોય, બ્હાર નીકળવાની ધારણા થતી નહોતી તથા ઘરમાં બરાબર રહેવા માટે વિશેષ નારાજી ઉપજતી હતી.

હોટેલમાં પ્રાતઃકાળનો નારતો કરી લઈ, પગમાં ગ્હેલોટા બૂટ તથા પગથી માથા સુધી વૉટરપ્રુફ ઓવરકોટ પહેરી હું ફરવા નીકળી પાયો. ઘરેઘરણે ટપટપ કરતી વૃષ્ટિ પડતી હતી અને સર્વત્ર પુષ્કળ વાદળીઓથી છવાઈ રહેલો અંધકાર જોતાં જણે કે વિધાતાએ હિમાલય પર્વતસહ સઘળું વિશ્વચિત્ર રબ્બરથી ઘસી સાફ કરી નાખવા માંડ્યું હોય એવો ભાસ થતો હતો.

નિર્જન કલકત્તા રોડ ઉપર એકલો ફરતાં ફરતાં હું વિચારતો હતો કે, "અવકાશ વગરના મેઘ રાજ્યમાં હવે ગમતું નથી; મન્દ સ્પર્શરૂપમયી વિચિત્ર પૃથ્વી માતાને પુનઃ પાછી ઇન્દ્રિયથી પકડી રાખવા માટે પ્રાણ આકુળ બની જાય છે."

એવામાં નજીકમાંથી રમણીકંઠના રૂદનનો ગુંજનધ્વનિ હું સાંભળી શકયો. રોગ, શોક અને દુઃખથી ભરેલા સંસારમાં રૂદનધ્વનિ સાંભળવામાં આવે એમાં કાંઈ નવાઈ નથી એ સ્થળ અને સમય બીજો હતા તો એ તરફ ધ્યાન આપત કે કેમ એ કહી શકતો નથી, પરંતુ આ સીમા વગરના મેઘ રાજ્યમાં એ રૂદને સઘળા લુપ્ત જગતના રૂદનની માફક બ્હારા કાનમાં પ્રવેશ કર્યો. તુચ્છભાવથી હું એ તરફ દુર્લક્ષ કરી શકયો નહિ.

એ તરફથી અવાજ સંભળાતો હતો તે તરફ જતાં એક ભગવાં વસ્ત્રો પહેરેલી નારી બ્હારી નજરે પડી. તેનો જટા ભાર તેના મસ્તક ઉપર શિખરના સ્વરૂપે બંધાઇ રહેલો હતો. રસ્તાની બાજુએ એક પાષાણ શિલા ઉપર બેસી તે ઘુઘવાટ રૂદન કરતી હતી, એ તાત્કાલિક શોકનો વિલાપ ન હોતો; પણ ઘણા દિવસથી બરાબર રહેલો દુઃખ અર્ને શોક આજે આ મેઘના અંધકારની નિર્જનતાના ભારથી બ્હાર નીકળી પડ્યો હતો.

મ્હેં મનમાં ને મનમાં વિચાર્યું, "આ બરાબર થયું. જાણે કે ગૂઢરચિત વાર્તાના જેવી ઘટનાને યદ્. પાષાણ શિલા ઉપર બેસી સંન્યાસિની રૂદન કરે એ દેખાવ જોઇ શકવાની કલ્પના બ્હારના મનમાં કદાપિ ઉપજ નહોતી."

એ શ્રી શી જાતની હતી તે હું નક્કી કરી શકયો નહિ. હિંદી ભાષામાં મ્હેં તેને પૂછ્યું, "તમે કોણ છો અને તમને શું થયું છે ?"

પ્રથમ તેણે ઉત્તર આપ્યો નહિ મેઘની અંદરથી આંખોથી ભીંજાયલાં ઉજ્જ્વળ નયનથી એક વખત તેણે મને જોઇ લીધો.

મેં ફરી કહ્યું:—"મારા ભય રાખશો નહિ. હું ગૃહસ્થ માણસ છું."

આ શબ્દો સાંભળી હસીને હિંદુસ્તાની ભાષામાં તેણે કહ્યું:—"ઘણા દિવસથી ભયને હું ગણી ગાંઠી નથી. મને લાજ શર્મ પણ નથી. આબરૂ, એક વખતે હું એવા જવાનામાં હતી કે જ્યાં પ્રવેશ કરવા માટે મારા ભાઇને પણ રજા લેવી પડતી હતી. આજે વિશ્વસંસારમાં મને પર્દો નથી."

પ્રથમ મને થોડો ક્રોધ ઉપજ્યો. મારી સભ્યતા ચાલ્યચલણ સાહેબી હોવા છતાં એ હતભાગિનીએ સહજ પશુ સંબોધ સિવાય મને આબરૂ કહીને કેમ બોલાવ્યો ? આ સ્થળેજ બ્હારી વાર્તા પૂછું કે?વિચાર બની ગયેલા સાહેબની માફક નામનું ટીંચકું ચલાવી ઊપરથી ગર્વ સહિત ચાલ્યા જવાનો એક વખત મ્હેં વિચાર કર્યો; પરંતુ છેવટે કૌતૂહલનો જય થયો. મ્હેં ઊંચે નમાવી પૂછ્યું:—"હું કાંઇ તમને મદદ કરી શકું તેમ છું ? તમારે કાંઇ કહેવું છે ?"

એ સ્ત્રીએ સ્તબ્ધાગ્ર સ્થિર બાયથી બ્હારા મુખનું નિરીક્ષણ કર્યા પછી કહ્યું:—"હું વંદાવનના નવ્વાબ યુવાન કાદરખાનની પુત્રી છું."

વંદાવન કયા પ્રદેશમાં આવ્યું, નવ્વાબ યુવાન કાદરખાન કોણ હશે, તથા તેની પુત્રી આ દુઃખે સંન્યાસિનીનો વેશ ધારણ કરી દાર્જીલિંગના કલકત્તા રોડ ઉપર બેસી રુદન કરતી હશે એમાંનું કાંઈ હું સમજી શકયો નહિ. મ્હેં વાત બરાબર જામતી હોવાથી તેના સ્વપ્નો ભંગ નહિ કરવાનો વિચાર કર્યો.

તત્કાળ ગંભીર મુખે કુરનિસ બજાવી મ્હેં કહ્યું:—"બીબી સાહેબ ! હું તમને ઓળખી શકયો ન હોતો એ માટે મ્હને માફી આપને."

એ બ્હીને હું ઓળખી ન શકું એવા અનેક કારણ હતાં એમાં સહુથી મુખ્ય કારણ એ હતું કે, મ્હેં પહેલાં તેને કદાપિ જોઈન હોતી તથા ધુમ્મસનું પ્રમાણ એટલું બધું હતું કે પોતાના હાથ પગને પણ ઓળખી શકાય નહિ.

બીબી સાહેબે બ્હારા અપરાધ તરફ દુર્લક્ષ કરી સંતુષ્ટકે જમણા હાથના સંકેતથી નજીક પડેલી એક પાષાણ શિલા બતાવી કહ્યું:—"બેઠીએ."

એ રમણીમાં હુકમ કરવાની શક્તિ હતી. હું અકળાયો બીબીએ પાષાણ શિલા ઉપર બેસવાની રજા મેળવી મ્હને ધન્ય સમજવા લાગ્યો. વંદાવનના યુવાન કાદરખાનની પુત્રી તુરકોનીસા, મેહેરુન્નીસા અગર તો નુરઉલ્લા મ્હને દાર્જીલિંગના કલકત્તા રોડ ઉપર પોતાની પાસેના આસન ઉપર બેસવાની રજા આપે એ કાંઈ જેવો તેવો પ્રકાર ગણાય કે ! ઘોડેસવારી બ્હાર મોજથી વખતે આવો દેવદુર્લભ બનાવ બનતે એવી કલ્પના સુદ્ધાં બ્હારા મનમાં ઉપજ નહોતી.

હિમાલયના વક્ષ ઉપર એકાન્તમાં પાષાણશિલા ઉપર બે પ્રવાસી નરનારીના રહસ્યાલાપ કવિની કાવ્યકથા જેવો ભાગવાનો સંભવ છે. પાઠકના હૃદયમાં, દૂર આવેલી ગિરિગુહામાં પડતા ઘોધનો ધ્વનિ તથા કાળિદાસ રચિત મેઘદૂત કુમાર-સંભવનો વિચિત્ર સંગીત ધ્વનિ ભળતા થાય એમ છે; પરંતુ તે સાથે એ વાત પણ પાઠકને કબૂલ કરવી પડશે કે, બૂટ અને રેશન કોટ પહેરી કલકત્તા રોડ ઉપર એક કાદવવાળા પત્થર ઉપર અનાથિની હિંદુસ્થાની રમણી પાસે બેસી સંપૂર્ણ આત્મગૌરવ અનુભવી શકે એવા નવયુવક ઘણા ઓછા છે; પરંતુ એ દિવસે દશે દિશાઓમાં મેઘને અંધકાર તથા ધુમ્મસ છવાયલાં હતાં. સંસારમાં ધર્મ આવે એવા કોઇ વિષયનું અસ્તિત્વ ન હોતું. કેવળ અનંત મેઘરાજ્યની અંદર વૃંદાવનના નવ્યાત્ર ચુલામ કાદરખાનની પુત્રી અને હું—એક નવીન બંગાળી સાહેબ—બે પાષાણશિલા ઉપર, વિશ્વ જગતના પ્રલયના બે ખંડની માફક બેસી હતાં. આ વિચિત્ર સંમિલનનો પરમ પરિહાસ કેવળ આમાં અદૃષ્ટ જણાતું હતું. એ પરિદ્રાસ બીજું કોઇ જાણી શકે તેમ નહોતું.

રહે પૂછ્યું:—"બીબી સાહેબ! તમારી આવી હાલત કોણે કરી?"

વૃંદાવન કુમારીએ કપાળ ઉપર હાથ ઠોકયો. તેણે કહ્યું:—"આ સઘળું કોણ કરાવે છે એ કેવી રીતે જાણી શકાય!" આવા મ્હોટા કઠિન હિમાલયને કોણે સામાન્ય ધુમ્મસમાં છુપાવી રાખ્યો છે?"

કોઇ પણ પ્રકારનો દાર્શનિક તર્ક નહિ કરતાં મ્હે સઘળું કબૂલ કર્યું. પછી કહ્યું:-"એ ખરૂં છે. ભાગ્યદેવતાનું રહસ્ય કોણ જાણી શકે છે! આપણે તો કીટમાત્ર છીએ!"

આ પ્રસંગે તું તર્ક કરી મ્હારા જ્ઞાનનો પરિચય કરાવત અને બીજી સાહેબને સહેલાઇથી મુક્તિ આપત નહિ, પરંતુ ભાષા ઉપર કાબૂ નહિ હોવાથી મ્હારે વાત કુંઠાવી પડી. કરવાન અને નોકરના સહવાસથી હિંદી ભાષાનું મ્હને જે જ્ઞાન મળ્યું હતું એ જ્ઞાનથી કલકત્તા રોડ બેસી વૃંદાવન અથવા બીજા કોઇ સ્થળના કોઇ નવ્યાબની છોકરી સાથે અદૃષ્ટવાદ અને સ્વાધીન ઇચ્છાવાદ સંબંધી સ્પષ્ટ રીતે આલોચના કરવાનું કાર્ય મ્હારે માટે અશક્ય હતું.

બીબી સાહેબાએ કહ્યું:-"મ્હારા જીવનની અદ્‌ભુત કથા હમણાંજ સમાપ્ત થઇ છે. જો આતા હોય તો કહી સંભળાવું?"

મ્હે ચંચળ બની જઇ કહ્યું:-"આપને હું આતા કરૂં! ના ના, જો કૃપાકરી એ વાત સંભળાવો તો હું મ્હારા કાનને સાર્થક કરું!

આ વાક્ય હું સ્પષ્ટ હિંદુસ્તાની ભાષામાં બોલ્યો હોઉં એવું સમજવાનો ભ્રમ કોઇએ કરવો નહિ. રમણી જ્યારે વાત કરતી હતી ત્યારે મ્હને એમ લાગતું કે, જાણે આકળથી પોપાયલા લીલાછમ છોડવાઓ ઉપર મૃદુમધુરવાયુ વિહાર કરે છે. એ રમણી વાત કર્યે જતી હતી અને બાકીનું બની જઇ હું વચ્ચે વચ્ચે ભાંગ્યા તુટ્યા ઉત્તરો આપતો હતો. એ રમણીનો હિંદુસ્તાની ભાષા ઉપર ઘણો સરસ કાબૂ હતો. આજે હું પહેલવહેલોજ મ્હારા આચરણની દીનતા સમજી શકયો.

તેણે કહ્યું:—"મ્હારા પિતૃકુળમાં દિલ્હીના સમ્રાટવંશનું લોહી સરસ વહેતું હતું. એ કુળગર્વનું રક્ષણ કરવા જતાં મ્હારે માટે યોગ્ય પાત્ર મેળવવાનું અશક્ય બની ગયું હતું. લખનૌનાં નવ્વાબે મ્હારી સાથે શાદી કરવાની ઇચ્છા દર્શાવી હતી તથા એ માટે પિતા નારાજ હતા. એવામાં સિપાહીઓનો બળવો કિંવા ૧૮૫૭નો વિદ્રોહ શરૂ થયો. સિપાહીઓની સાથે સરકાર બદલાદારની લડાઈ ચાલુ થઇ અને તોપોના ધુમાડાથી હિંદુસ્તાનમાં અંધકાર ફેલાઇ ગયો."

એક કુળવાન સ્ત્રીના મુખે મ્હે કદાપિ હિંદુસ્તાની ભાષા સાંભળી નહોતી. આજે એ ભાષા સાંભળી હું સ્પષ્ટ સમજી શકયો કે એ અંગ્રેજી ભાષા છે. એ ભાષાના આત્માલા દિવસો હવે રહ્યા નથી. આજે રેલ્વે, ટેલિગ્રાફ, અદાલત વગેરે સ્થળે પાશ્ચાત્યોના વિલાપથી જણે કે ફ્રન કરે છે. કેવળ નવ્યાબ-બહીની ભાષા સાંભળી, દાઢીજિંગના એ મેઘાંધકારમાં મારા માનસ નેત્રો સમક્ષ મોગલ શહેનશાહની માનમયૂરી માયાજળથી ભ્રમત થવા લાગી. આસમાનને ભેદની આરસ પત્થરોથી બનેલી ઓટી ઇમારતો, એ ઇમારતોનું જગવિખ્યાત શિલ્પકામ, બેઠાઓ ઉપરનો મખમલ-દડનો સાજ, હાથી ઉપરના રત્નજડિત હોદ્દા, નગરજનોના માથા ઉપરના રંગબેરંગી ફેંટા, રેશમી મજલિસના જમા પાયજમ, જરી ભરેલા જોડાઓની વાંકી ચાંચો, કમર બંધ સાથે લટકતી વાંકી તલ્વારો વગેરેનું હું મ્હારાં કલ્પના ચક્ષુથી દર્શન કરવા લાગ્યો.

નવ્યાબનન્દિનીએ કહ્યું:—"અમારો કિલ્લો યમુનાના તીર ઉપર આવેલો હતો. એક હિંદુ બાહ્મણું અમારા લશ્કરનો સરદાર હતો. તેનું નામ કેશરલાલ હતું."

રમણીએ આ કેશરલાલ શબ્દ ઉપર પોતાના નારી કંઠનું સઘળું સંગીત એક ક્ષણમાં જ ઢાળી દીધું. હું લાકડી જમીન ઉપર મૂકી બરાબર ટટાર થઇને બેઠો. તે કહેવા લાગી:—

"કેશરલાલ પરમ હિંદુ હતો. તે હમેશાં પ્રભાતકાળે યમુનાના જળમાં છાતી સુધી ઉભો રહી પ્રદક્ષિણા કરતાં કરતાં બન્ને હાથ જોડી ઉચું જોઇ બાલ સૂર્યને ઉદેશી અંજલિ આપતો હતો. પછી ભીંજેલા વસ્ત્રે ઘાટ ઉપર બેસી એકાગ્ર મનથી જપ કરી મૃદુ મધુર કંઠે ભૈરવી રાગથી ભજનનું ગાતો ગાતો ઘેર જતો હતો. કુ હમેશાં જનાનખાનાની ગચ્ચીમાં ઉભી રહી એ સઘળું જોતી હતી.

"હું મુસલમાન બાળિકા હતી; પરંતુ મેં કદાપિ સ્વધર્મની વાત સાંભળી નહોતી. સ્વધર્મને યોગ્ય ઉપાસનાનો વિધિ પણ મારાથી અજ્ઞાત હતો. એ દિવસોમાં વિલાસ, મદ્યપાન તથા સ્વેચ્છાચારથી અમારી જાતિના પુરૂષોનું ધર્મબંધન શિથિલ થઇ ગયું હતું, તથા અંતઃપુરના પ્રેમોદ્ભવનમાં પણ ધર્મ સજીવ ન હોતો.

"વિધાતાએ સ્વભાવથી જ મ્હારા મનને ધર્મ તરફ વાળ્યું હતું તેથી કે કોઈ બીજા કારણથી, હમેશાં સુંદર પ્રભાતકાળે આપ સૂર્યના પ્રકાશમાં આસમાની યમુનાના સફેદ સોપાનતટ ઉપર કેદારલાલને પૂજા અર્ચના કરતો જોઈ જાઉં અંતઃકરણ એક પ્રકારે અત્યન્ત ભક્તિમાધુર્યથી ભરાઈ જતું હતું.

"કેદારલાલ શુદ્ધ ચરિત્રનો સયમી યુવક હતો. તેનું મોર ચક્ષુનું શરીર તપાવેલા સુવર્ણ જેવું તેજસ્વી હતું. એ બાલ્યના પુણ્યનું માહાત્મ્ય અપૂર્વ શ્રદ્ધાથી આ વચન દુહિતાના મુખ દ્વારને નમ્ર બનાવી દેતું હતું.

"મ્હારી એક હિંદુ બાંદી હતી. તે હમેશાં કેદારલાલ પાસે જઈ તેને પ્રણામ કરી તેની ચરણરજ લઈ આવતી હતી. એ જોઈ મારા હૃદયમાં આનંદ તથા ઈર્ષા ઉપજતાં હતાં. કોઈ કોઈ દિવસે પૂજા પર્વોના નિમિત્તથી એ હિંદુ બાંદી આજ્ઞા બોજન કરાવતી હતી. જે પોતે તેને દ્રવ્યની મદદ કરી એમ કહેતી હતી કે, "તું કેદારલાલને નિમંત્રજ નહિ કરે કે?" ઉત્તરમાં બાંદી કહેતી, "કેદારલાલ કોઈનું અન્ન અથવા દાન સ્વીકારતા નથી."

"આવી રીતે પ્રત્યક્ષ કિંવા પરોક્ષભાવથી હું કેદારલાલને કોઈ પણ રીતે મારો ભક્તિભાવ દેખાડી શકતી ન હોતી તેથી મારું ચિત્ત બલ્કે કે બુધ્ધ તથા બુધ્ધાદર રહેતું હતું.

"અમારા પૂર્વજોમાંથી કોઈ એક જણે એક આજાદુ કન્યા સાથે અજાપૂર્વક વિવાહ કરી તેને જનાતામાં આણી હતી હું જનાનાના ખુણામાં બેસી તેના લોહીના પુણ્ય પ્રવાહને મારી નસોમાં અનુભવતી હતી તથા એ રક્તસબધી કેદારલાલ સાથે એકપના એક સબધની કલ્પના કરી કાંઈક અંશે તૃપ્તિ અનુભવતી હતી.

"હું મ્હારી હિંદુ દાસીને મુખે હિંદુ ધર્મના સપના આચાર વ્યવહારની, દેવદેવીઓની તથા રામાયણ મહાભારતની સઘળી આશ્ચર્યજનક હકીકત સાંભળતી હતી. હકીકત સાંભળવામાં આવતાં કેદખાના જેવા જનાનામાં મારા મન આગળ હિંદુ જગતનું એ અપૂર્વ દૃશ્ય તરી આવતું હતું. મૂર્તિ પ્રતિમૂર્તિ, શંખધ્વનિઓના ગુજ્જારભીર ધ્વનિ, સુવર્ણ કલશવાળાં દેવાલય, સુગધિત ધૂપ પુષ્પમાળાઓની સુગધ, યોગી સંન્યાસીઓની અલૌકિક શક્તિ, બાલ્યાવું દૈવી માહાત્મ્ય, માતૃત્વનો બનાવટી વેશ ધારણ કરનાર દેવતાઓની વિચિત્ર લીલા એ સઘળું એકનું થઈ મ્હારી આગળ એક અતિ પુરાતન, અતિ વિસ્તીર્ણ માયાવીક ઉત્પન્ન કરતું હતું—મ્હારું ચિત્ત જાગે કે, આપણ સ્થાનથી શૂન્ય પયેલા એક પંખીની માફક બિલ બિલ રમતે ઉડતું હતું.

"એવા સમયે કંપની સરકાર સાથે સિપાહી લોકની લડાઈ જામી. અમારા વંદાવનના બ્હાના હિલ્લામાં પણ બગવાના તરંગ જાગી ઉઠ્યા.

"કેદારલાલે કહ્યું, 'આ વખતે ગોલ્યસ્ત્રના ગોરા લોકને આર્યાવર્તમાંથી દૂર કરી ફરી પુનઃ એક વખત હિંદુસ્તાનમાં હિંદુ-મુસલમાનો રાજ્ય સ્થાપવાની ચુનરીઓ રમશે"

"મ્હારા પિતા બુધ્ધામ કાદરખાન આવશાન પુરૂષ હતા. ધર્મઝ જાતિ તરફ વધારે આદરબુધ્ધિ તેમણે કહ્યું, 'એ લોકો અધારામાં પણ રાજ્ય બનાવે છે; હિંદુસ્તાનના લોક એમને પહેલાંની વગાડે નહિ. અનિશ્ચિત આધારને અંતરમાં સ્થાન આપી દું મ્હારો ન્હાનો કિલ્લો ગુમાવા ઇચ્છતો નથી. હું કંપની સરકાર સાથે લડીશ નહિ."

"જ્યારે હિંદુસ્થાનના સઘળા હિંદુ મુસલમાનોનું લોહી ગરમ થઈ ગયું હતું' ત્યારે મ્હારા પિતાની વફાદારી જોઈ આવશાનતા જોઈ અમારા સબધના મનમાં તેમને મારે ધિક્કાર ઉપજ્યો. મ્હારી બેનમ માતાઓ મુર્દા ચંચળ બની ગઈ.

"એવામાં સરકાર લઈ હથિયાર બધ કેદારલાલે મ્હારા પિતા પાસે આવી કહ્યું" 'નવાબ સાહેબ! જો તમે અમારા પક્ષમાં નહિ ભળો તો ન્યાં સુધી લડાઈ ચાલશે ત્યાં સુધી તમારે કેદી તરીકે રહેવું પડશે. કોલ્લાના સત્તાધીશનો ભાર હું ઉપાડી લઈશ.

"પિતાએ કહ્યું, 'એટલી બધી ધમાલ કરવાની કાંઈ જરૂર નથી; હું તમારા પક્ષમાંજ રહીશ.'

"કેદારલાલે કહ્યું:—'બ્રજનાભાંથી મોકલું દ્રવ્ય મ્હારે કારવું પડશે."

પિતાએ એ વાતને ઉપારી દેતાં કહ્યું, 'જ્યારે જરૂર પડશે ત્યારે હું જોઇતું દ્રવ્ય આપીશ.'

"મ્હારા શરીર ઉપર આખાપી પત્ર સુધી કે અલંકારો હતા તે સઘળા એક વસ્ત્રમાં બાંધી પેલી હિંદુ દાસીદ્વારા કરે કેદારલાલને મોકલી આપ્યા. એ અલંકારોના તેણે સ્વીકાર કર્યો. અલંકાર વસ્ત્રનું મારું સર્વાંગ આનંદાવેગથી રોમાંચિત થયું.

"કેદારલાલ કિલ્લામાંના સઘળાં હથિયારોને સુધરાવવા લાગ્યો. એવામાં એક દિવસે એકાએક છાવણાના કમિયનર સાહેબ જોરાઓર સરકાર લઈ આક્રમણમાં ધસી ઉતરવા કિલ્લાની અંદર આવી પહોંચ્યા. મ્હારા પિતા બુધ્ધામ કાદરખાને છુપી રીતે તેમને સિદ્ધતા સમાચાર પહોંચાડ્યા હતા.

"વંદાવનના સૈન્ય ઉપર કેદારલાલનો એટલો બધો કાબૂ હતો કે સૈનિકો બાંધેલી બંદુકો અને કટાર ચોકી તલવારોની લડાઈ કરી. મરી જવા તૈયાર થયા.

"વિધાતાસ્વરૂપ પિતાનું ઘર ન્હાને નરકે જેવું લાગવા માંડ્યું. ક્લેશ, દુઃખ, સન્તાપ અને નિરક્ષરતાથી ન્હારું હૃદય ફાટી જવા લાગ્યું: છતાં આંખોમાંથી એક પણ અશ્રુબિંદુ મ્હારા નીકળ્યું નહિ. મ્હારા બ્રાહ્મણ ભાભીએ પોષાક પહેરી ઘણા વેશમાં હું જનાનાની બ્હાર નીકળી. કોઈ ન્હાને જોઈ કિંવા ઓળખી શકયું નહિ.

"એ વખતે ધૂળ અને દારૂગોળાથી ધુમાડો, ગોળીઓની ચુંબે તથા બંદુકોના અવાજ ચારે બાજુ થઈ રહ્યા હતું. મૃત્યુની ભયંકર શાન્તિએ જાણે રણને અને આકાશને ઘેરી લીધું હતું. ચમનાના જળને ઘેરી એવું રંગીન બનાવી સૂરજદેવ અસ્ત થવા હતા. સઘળું આકાશ પરિપૂર્ણ ઓસ્તાથી પ્રકાશ્યું હતું.

"રણક્ષેત્રમાં મૃત્યુનું ભયંકર દૃશ્ય દેખાયું હતું. જે બીજે વર્ષીન હોત તો કદાચિ ન્હારું હૃદય દુઃખી બની જાત; પરંતુ તે દિવસે હું જાણે કે સ્વપ્નમાં હોઉં એવી રીતે ફર્યા કરતી હતી. કેશરલાલ ક્યાં છે એની હું શોધ કરતી હતી. કેવળ એ એક લક્ષ્ય સિવાય બીજું સઘળું ન્હારે અસત્ય લાગતું હતું.

"શોધતાં શોધતાં બીજા પ્રહરના ઉજ્વળ ચંદ્રપ્રકાશમાં, રણક્ષેત્રની નજીક આવેલા યમુનાના તીર ઉપરના આંબાવાડીઆની બખમાં કેશરલાલ તથા તેના પ્રમાણીક નોકર દેવજીનંદનના મૃત દેહને પડી રહેલા હું જોઇ શકી. મરણતોલ ઘાયલ થયા પછી નોકરે માલીકને અથવા માલીકે નોકરને રણક્ષેત્રમાંથી આ નિર્જન સ્થળે ઉંચકી લાવી શાન્તિથી મૃત્યુના હાથમાં સમર્પણ કર્યો હોય એમ મને લાગ્યું.

"પ્રથમ તે ન્હેં ઘણા દિવસથી ક્ષુધાતુર બની ગયેલી મારી ભક્તિવૃત્તિને સંતુષ્ટ કરી. કેશરલાલનાં ચરણોમાં નમી પડી, લાંબો ચોટલો છુટ્ટો કરી નાખી વારંવાર ન્હેં તેની ચરણરજ લીધી—ન્હારા ગરમ લલાટ સાથે ન્હેં તેના બરફ જેવા ઠંડા પાદપદ્મનો સ્પર્શ કર્યો. તેના ચરણોને ચુંબન કરતાંની સાથે ઘણા દિવસનો રૂંધાઈ રહેલો અશ્રુઝળો તે ઉઘરો ન્હાર ઉભળી આવ્યો.

"એવામાં કેશરલાલનો દેહ સહજ હાલ્યો—તથા તેના મુખમાંથી વેદનાનો અસ્પષ્ટ આર્તસ્વર સાંભળી હું ચમકીને તેના પગ પાસેથી ઉઠી ગઈ. આંખો મીંચેલી રાખી શુષ્કકંઠે તેણે એક વખત કહ્યું, "પાણી."

"હું ઝેડપથી દોડી યમુનાના જળમાં પહેરેલું વસ્ત્ર ભીંજવી આવી પછી એ વસ્ત્ર નીચોવી હું કેશરલાલના સહજ ખુલ્લા ઓષ્ઠાધરમાં પાણી રેડવા લાગી. ડાબી આંખનો નાશ કરી તેના કપાળમાં જે ભયંકર ઘા થયો હતો એ ઘા ઉપર ન્હેં ભીંજાયલા વસ્ત્રનો કકડો કાંઠી બાંધી દીધો.

"એવી રીતે કેટલીક વખત યમુનાનું જળ લઇ આવી ન્હેં તેના મુખમાં રેડ્યું એટલે ધીમે ધીમે તે શુદ્ધિમાં આવ્યો. ન્હેં પૂછ્યું, "વિશેષ પાણી પાઉં કે?", કેશરલાલે કહ્યું, 'તમે કોણ છો? હવે હું સ્થિર રહી શકી નહિ. ન્હેં કહ્યું, 'હું આપની ભક્ત સેવિકા છું. હું નવાબ મુઝામ કાદરખાનની કન્યા છું.' ન્હેં એમ વિચાર્યું હતું કે કેશરલાલ તેના અંતકાળે પોતાના ભક્તનો છેલ્લો પરિચય સાથે લઇ જરી તથા એ સુખથી ન્હને કોઈ વંચિત કરી શકશે નહિ.

"ન્હારી ઓળખણ મળતાં કેશરલાલે સિંહના જેવી ગર્જના કરી સહજ બેઠા થઇને કહ્યું, 'બે પ્રમાદની કન્યા! મૃત્યુકાળે તહેં વચનનું પાણી પાયે ન્હારા પ્રભૂનો નાશ કર્યો!' આમ કહી પુષ્કળ બળથી તેણે ન્હારા કપાળમાં જમણા હાથની મુક્કી મારી. હું લથડાઈ બેહોશ જેવી બની જઈ આંખોએ અંધકાર લેવા લાગી.

"એ વખતે ન્હારી ઉમ્મર સોળ વર્ષની હતી. જનાનામાંથી હું તે દિવસે પહેલ વહેલીજ ન્હાર નીકળી હતી. ન્હારના આકાશના લુખ્ખ ગરમ સપાટને એ દિવસ સુધી ન્હારા સુકુમાર કપોળની લાવણ્યજ્યોતિને હરી લીધી નહોતી. ન્હારના સંસારમાં પગ મૂકતાંની સાથેજ સંસાર તરફથી—ન્હારા સંસારના દેવતા તરફથી એ પ્રથમ સંભાષણ હું સાંભળી રહી."

હું મોહમુગ્ધ બની જઈ પુતલીની માફક બેસી રહ્યો હતો. સિગારેટ બુઝાઈ ગઈ હતી. વાત, ભાષા, કે સંગીતમાંથી હું શું સાંભળતો હતો તે જાણ્યો નથી—હું ચુપ બની ગયો હતો. આટલા વખત પછી હું સ્થિર રહી શકયો નહિ. ન્હેં કહ્યું, "જનાવર"

નવ્વાબબહાદુરે કહ્યું; 'હાજી જનાવર? મૃત્યુકાળે જનાવર ન્હારે પાસે આવેલા જળબિંદુનો ત્યાગ કરી શકે ખરું કે?"

ન્હેં ચંચળ ભાવથી કહ્યું, "ખરું છે એ દેવતા હોવો જોઇએ.

નવ્વાબબહાદુર બોલ્યો:—" દેવતા શાનો! દેવતા ભક્તના એકાગ્ર ચિત્તની સેવાનો તિરસ્કાર કરી શકે ખરા?"

ન્હેં કહ્યું, "એ વાત પણ ખરી છે!" પછી હું ચુપ જ રહ્યા.

નવ્વાબનન્દિનીને કહેવા લાગી," પ્રથમ તો મને ઘણું ખોટું લાગ્યું. "જાણે કે આખું જગત મારા માથા ઉપર તુટી પડ્યું" હોય એવો મને ભાસ થયો. ક્ષણ કાળમાંજ, શુદ્ધિમાં આવી ક્રોર કઠિન નિષ્ઠુર નિર્વિકાર પવિત્ર બ્રાહ્મણના ચારણોને દૂરથી પ્રણામ કર્યા. પછી મનમાં ને મનમાં કહ્યું, હે બ્રાહ્મણ! તમે અધમની સેવા, પારકું અન્ન, ધનવાનનું દાન, યુવતીનું યૌવન, રમણીના ત્રૈયકાંઈ સ્વીકારતા નથી. તમે સ્વતંત્ર, એકલા, નિર્લિપ્ત અને સહુથી દૂર છો. તમારી પાસે આત્મસમર્પણ કરવાનો પણ ન્હને અધિકાર નથી."

"નવ્વાબનન્દિનીને સાષ્ટાંગ પ્રણામ કરતી જોઇ કેશરલાલે શું ધાર્યું તે હું કહી શકતી નથી, પણ તેના મુખ ઉપર આશ્ચર્ય અગર ખીજે કોઇ ભાવ જોવામાં આવ્યો નહિ. શાન્ત ભાવથી તેણે એક વખત મારા મુખ તરફ જોયું, પછી ધીમે ધીમે તે ઉઠી ઉભો થયો, મેં વિસ્મીત બની આશ્રય આપવા માટે મારો હાથ લંબાવ્યો—તેણે ચુપકીદીથી ન્હારા હાથને પાછો વાળ્યો. ઘણી મહેનતે યમુનાના ઘાટ ઉપર જઇ તે પાણીમાં ઉતર્યો. ત્યાં એક ન્હાની નૌકા બાંધેલી હતી. આસપાસમાં એક પણ માણસ હાજર નહોતું. કેશરલાલે એ નૌકામાં બેસી તેનું બંધન છોડી નાખ્યું. નૌકા ધીમે ધીમે પ્રવાહ વચ્ચે જઈને અદૃશ્ય થઇ ગઈ. સઘળો હાથનો ભાર, યૌવનનો ભાર, તિરસ્કૃત થયેલી ભક્તિનો ભાર લઇ એ અદૃશ્ય નૌકા ન્હારે જ બન્ને હાથ ઝોડી, એ નિસ્તબ્ધ રાત્રે ચંદ્રપ્રકાશથી હસતી તરંગશ્રેષ્ઠ યમુનાની અંદર, અકાળે ખરી પડેલી પુષ્પમંજરીની માફક આ વ્યર્થ જીવનનો ત્યાગ કરવાની મને ઘણી ઘણી ઇચ્છા થઇ આવી, પરંતુ હું ન્હારી એ ઇચ્છા પાર પાડી

ગઈ નહિ. આકાશના ચન્દ્રે, યમુના તટની શ્યામવર્ણ વનરેખાએ, કાલિન્દીના આત્મમાની જળરાશીએ તથા આંખોવાટીઆથી પણ ઉંચાએ આવેલા, ચાંદનીમાં પ્રકાશી રહેલા કિલ્લાએ એક તાનથી મૃત્યુનું ગાન ગાયું. મહ ચન્દ્ર તારકાદિથી શોભી રહેલાં વણે યુવનોએ એક વાકયથી બહને ભરી જવાનું કહ્યું. કેવળ તરંગશૂન્ય શાન્ત યમુનાના વક્ષ ઉપર ચાલી જતી એક અદશ્ય છબું નૌકા, એ ચાંદનીના સૌમ્ય સુંદર શાન્ત અનંત ભુવન મોહન મનુષ્યે ફેલાવેલા આહિંજન પાશમાંથી છુટી કરી મને ભુવનને માર્ગે એંચી જવા લાગી. મોહના સ્વપ્નને વશ થઇ હોઉં એવી રીતે હું યમુનાના તટ ઉપર, વન જંગલ ઉપર તથા મરૂભૂમિ ઉપર ચાલી જવા લાગી."

નવ્વાબનન્દિની થોડો વખત ચુપ રહી પુનઃ કહેવા લાગી:—"ત્યાર પછીના બનાવો ઘણા ગુંચવાડા ભરેલા છે. એ બનાવોનું યથાક્રમે સ્પષ્ટતાથી કેમ રીતે વર્ણન કરવું એ હું જાણતી નથી. હું એક ગહન અરણ્યમાંથી ચાલી જતી હતી, કયારે કયા માર્ગેથી ચાલતી હતી તે હમણું બરાબર કહી શકું તેમ નથી. કયા બનાવનું પ્રથમ વર્ણન કરું, કયા બનાવનું પછી વર્ણન કરું તથા કયા બનાવની વાત છોડી દઉં એ હું વિચારી શકતી નથી. અસંભવ એવું કાંઇ નથી એમ હવે હું અનુભવી શકી છું. નવ્વાબના જનાનાની બાળિકા માટે બ્હારનો સંસાર સર્વ પ્રકારે દુર્ગમ લાગે ખરો, પરંતુ એ ભાવ કાલ્પનિક છે. એક વખત બ્હાર નીકળી પડયા પછી ચાલવાનો માર્ગ મળીજ આવે છે. એ માર્ગ નવ્વાબી માર્ગ હોતો નથી—એ માર્ગ દુઃખ અને વિપ્લોથી પરિપૂર્ણ હોવા છતાં પણ માર્ગ તો હોજ.

"જે માર્ગ સાધારણ માણસો માટે છે એ માર્ગ ઉપરનું એક નવ્વાબનન્દિનીનું પ્રવાસવર્ણન સાંભળવું ગમે એવો સંભવ નથી અને જો કદાચ ગમે તેમ હોય તો પણ તે કહી સંભળાવવાનો મને ઉત્સાહ નથી. દુઃખમાં એકલું જ કે, મેં દુઃખ, કષ્ટ તેમજ ઘણો તિરસ્કાર વેઠયો છે, છતાં જીવન અસફળ થયું નથી. આતસ બાજીની માફક વિશેષ બળીને મેં વિશેષ ઉદ્ગમગતિ મેળવી છે. જ્યાં સુધી વેગથી ચાલતી હતી ત્યાં સુધી હું સળગતી હોઉં એવું મને લાગતું નહોતું. આજે એકાએક એ પરમ દુઃખતા સુખની શિબ્યા-શુઝાઇ ગઇ છે તથા હું રસ્તાની ધૂળ ઉપર જડપદાર્થની માફક પડી રહી છું. આજે મ્હારા પ્રવાસનો અંત આ્યો છે. આ રથોજ મ્હારી વાત સમાપ્ત થાય છે."

આટલું બોલી નવ્વાબનન્દિની ચુપ થઇ ગઇ. મેં મનમાં ને મનમાં માથું હલાવ્યું. આ રથથે વાતનો અંત કાંઇપણ રીતે ન જ આવે એમ મને લાગ્યું. થોડા સમય સુધી ચુપ બેસા પછી ભાંગી તુટી હિંદી ભાષામાં મેં કહ્યું, "મારી બેગમજી માટે મને મારી આપબળે. છેવટની વાત જો સહજ સ્પષ્ટ તાથી કહો તો આ સેવકની આકુળતા કાંઇક અંશે ઓછી થાય."

નવ્વાબનન્દિનીએ હાસ્ય કર્યું. મ્હારા ભાંગ્યા તુટયા હિંદી શબ્દોનું કાંઇ પરિણામ નિપજ્યું હોય એમ મ્હને લાગ્યું. જો હું શુદ્ધ હિંદીમાં વાત ચલાવી શકયો હોત તો મ્હારી પાસે કદાચ તેની લજ્જા દૂર થાત નહિ. હું એની માતૃભાષાનું ઘણું જ્ઞાન ધરાવતો હતો એજ અમારી બન્નેની વચ્ચેનું બ્હોટું વ્યવધાન હતું—એજ એક આફત હતી.

પુનઃ તે કહેવા લાગી:—"વારેવાર મ્હને કેદારલાલના સમાચાર મળતા હતા; પરંતુ કોઇ પણ રીતે હું એની મુલાકાત કરી શકતી નહોતી. તે તાતીઆ ટોપીના પરમાં ભળી એ બાજીથી છવાઇ ગયેલા આકાશ નીચે કવચિત પૂર્વમાં, કવચિત પશ્ચિમમાં. કવચિત ઉત્તરમાં, અને કવચિત નૈઋત્યમાં એકાએક વજ્ર પાતની માફક તુટી પડી ક્ષણ કાળમાંજ અદશ્ય થઇ જતો હતો.

"એ વખતે હું ચૌદિની બની કાશીના શિવાનંદ સ્વામીને પિતા માની તેમની પાસે સંસ્કૃત શાસ્ત્રનો અભ્યાસ કરતી હતી. ભારત વર્ષના સઘળા સમાચાર તેમની પાસે આવતા હતા. હું ભક્તિપૂર્વક શાસ્ત્રનો અભ્યાસ કરતી હતી તથા આંતરિક ઉદ્વેગ સહિત યુદ્ધના સમાચાર મેળવતી હતી.

"કમે ઘ્રિટિશરાજે હિન્દુસ્તાનનો ચિંતાગ્નિને પગ નીચે દબાવી બુઝાવી નાખ્યો. પછી એકાએક કેદારલાલના સમાચાર મળતા બંધ થયા. પ્રલયના ભયંકર પ્રકારનાં રક્ત ચિત્રોમાં ભારતવર્ષનાં ભિન્ન ભિન્ન સ્થળોની જે વીર મૂર્તિઓ ક્ષણે ક્ષણે જોવામાં આવતી હતી એ સઘળી એકાએક અંધકારમાં ખુપાઈ ગઇ.

"પછી હું શાન્તિ ધારણ કરી શકી નહિ. ગુરુના આશ્રયનો ત્યાગ કરી બેસવીના વેશમાં હું પાછી બ્હાર નીકળી પડી. અનેક રસ્તાઓ ઉપર માર્ગદર્શિમાં તથા તીર્થ સ્થેાનોમાં હું ફરી; છતાં કોઇ પણ સ્થળે કેદારલાલનો પત્તો લાગ્યો નહિ. એક બે માણસો કે જે તેનું નામ જાણતા હતા તેમણે કહ્યું, "તે યુદ્ધમાં માર્યો ગયો હશે અગર તો કેદ પકડાઇ શત્રુઓને હાથે તેનો જીવ ગયો હશે." મ્હારા અંતરાત્માએ કહ્યું, 'ના એમ બનેજ નહિ. કેદારલાલનું મૃત્યુ થયું નથી. એ તેજસ્વી નિડર બાજીનું નિર્વાણ પામ્યો નથી. મ્હારા આત્માની અનુભૂતિ સ્વીકારો તે હજી પણ કોઇ દુર્ગમ નિર્જન પ્રદેશની ઉપર ઉજ્વળ શિખા રૂપે બેસી રહેવો હોવો જોઇએ.

"જાનદાર તથા તપસ્વાહાર! ક્રૂર બાજીનું યથાર્થ જ્ઞાનવા હિંદુશાસ્ત્રમાં જે—મુસલ્માન બાજીનું યથ રહે કે નહિ તેનો કાંઈ ઉલ્લેખ એ શાસ્ત્રમાં નથી. એ વખતે મુસલ્માનો નહોતા તેથિજ તેમનો ઉલ્લેખ હિંદુશાસ્ત્રમાં નહિ હોય. કેદારલાલ સાથે મ્હારું મિલન વર્ષાને ઘણો વિલંબ હતો એ હું જાણતી હતી; કેમ કે પ્રથમ મ્હારે બાજીનું થયું જોઇતું હતું. એક પછી એક ઋતુનાં ત્રીસ વર્ષ વીતિ ગયાં. હું મન વચન અને કર્મથી બાજીનું બની ગઇ. મ્હારી પેરી પિતામહીના 'લોહીનું' પવિત્ર તેજ મ્હારા અંગોમાં પ્રવાહિત થયું. મ્હેં મનમાં ને મનમાં મ્હારા

યૌવનના આરંભ કાળના એ આજાનુ, હજારા. વિશ્વવત્સના કેવળ એક માત્ર આજાનુના ચરણોમાં મને પ્રતિષ્ઠિત કરી. એમ કરી મેં એક પ્રકારની અપૂર્ણ જ્યોતિ મેળવી.

મુદ્ધ વિક્રમમાં કેશરલાલે દરવિલા વીરતની ઘણી વાતો મેં સાંભળી હતી-પરંતુ એમાંની કોઇ વાત હજારા મનમાં મુદ્રિત થઇ નહોતી. પેલી હજારી નૌકામાં બેસી કેશરલાલ યમુનાના પ્રવાહમાં ચાલી ગયા હતા એજ ચિત્ર હજારા મનમાં સ્પષ્ટ-ભાવથી અંકિત બેઠું હતું. કોઇ સોબતી વગર, સેવક વગર, ખપે કોઇ પણ પ્રકારની જરૂર ન હોય એવા ભાવથી એ નિર્ભળ આત્મનિમગ્ન પુરૂષને નિર્જન પ્રવાહમાં રાત દિવસ કોઇ અજ્ઞાત મહા રહસ્ય તરફ દોડી જતો હું હમેશાં જોતો હતો. આકાશના ચંદ તારા તેનું ખપે કે ચુપકીદીથી દર્શન કરતા હતા.

"એવામાં કેશરલાલે નેપાળ તરફ પલાયન કરી જવ આત્મ-ય લીધો છે એવી મને ખબર મળી. હું નેપાળમાં ગયો, ત્યાં જતાં એવી ખબર મળી કે, કેશરલાલ ઘણા કાળથી નેપાળનો ત્યાગ કરી કોઇ અજ્ઞાતપ્રદેશ સ્વર્ગે ચાલ્યા ગયા છે.

"ત્યાર પછી હું પાછો પહાડો ઉપર અને જંગલમાં ભટકવા લાગી. આ હિંદુઓનો દેશ નથી-જુતીઓ મોજાંઓ અર્થાત બ્રમેરછોનો દેશ છે. એમના વ્યવહારમાં આચાર વિચાર હોતા નથી. તેમના દેવતાઓ તથા પ્રજાની વિધિ પણ ભિન્ન પ્રકારની છે. ઘણા દિવસની સાધનાથી જે શુદ્ધિ મેળવી હતી તેના ઉપર અશુધ્ધિની એક પણ રેખા પડે નહિ એ માટે હું ઘણી સાવધાન રહું છું. અનેક પ્રલોભનોથી સર્વ પ્રકારની મલિન વસ્તુઓથી હું બ્હારે રહ્યાં કરું છું મને એજ લાગ્યું કે, હજારી નૌકા કિનારે આવી પહોંચી છે-હજારા જીવનનું ધ્યેયિક તીર્થ નજીકજ છે.

"પછી હું શું કહું! હવે કોઇ વિશેષ કહેવા જેવું નથી. દોઢો મુનાય છે. એ વાતનું વિસ્તારથી વર્ણન કરવાની શી જરૂર છે! આંત્રીસ વર્ષ પછી આ દાર્જીલિંગમાં આવી આજે પ્રાતઃકાળે હું કેશરલાલને ભેગ થઇ ધું."

આ સ્થળે નગ્નાનન્દિનીને ચુપ થયેલી ભેગ ઉત્સુકતાથી મેં કહ્યું:-"તમે શું ભેગું?"

નગ્નાનન્દિનીએ કહ્યું:-"એજ કે, વૃદ્ધ કેશરલાલ જુતીઓ લોકોના મહોલ્લામાં જુતીઓ ઓ તથા તેનાં પોત્ર-પોત્રી સર્વ મલિન વસ્ત્રો સાથેમાંથી અનાજ એકઠું કરતો હતો."

વાર્તા પ્રમાણ થઇ. મેં વિચાર્યું કે, સંતિનાના એ શબ્દ કહેવાની જરૂર છે. મેં કહ્યું-"હે પ્રાણના ભયથી આંત્રીસ વર્ષ સુધી જેને વિધર્મીઓની સોબતમાં રહેવું પડ્યું છે તે કેવી રીતે પોતાના આચારનું રક્ષણ કરી શકે!"

નગ્નાનન્દિનીએ કહ્યું:-"એ વાત હું ન સમજતી હોઉ એમ તમને લાગે છે! આંત્રીસ દિવસ સુધી હું કેવા મોહને વશ થઇ ભટકતી હતી! જે બાબરને હજારા કિશોર હૃદયને કરી લીધું હતું એ બાબરના કેવળ સરકાર છે એમ હું એ વખતે જાણતી હતી કે! હું એમજ જાણતી હતી કે, એ ધર્મ છે, અનાદિ અને અનંત છે. જે હજારી ધારણાં એની ન હોત તો શોળ વર્ષની ઉમરે હું પહેલ વહેલી પિતાના ઘરની બ્હાર નીકળી, પેલી ચાંદની રાત્રે હજારા વિકસતા ભક્તિના વેગથી કંપતા દેહ મન અને પ્રાણના પ્રતિદાનમાં બ્રાહ્મણના જમણા હાથથી જે અસહ્ય ચંપમાન મેળવ્યું. હતું એ ચંપમાનને ગુરૂના હાથની દીક્ષા માફક ચુપકીદીથી ભક્તિભાવપૂર્વક શા માટે મસ્તક ચઢાવી લેત! હાય બાજાનુ! તે તો હજારા એક અભ્યાસને બદલે બીજો એક અભ્યાસ મેળવ્યો છે; હું હજારા યૌવન અને જીવનના બહારામાં બીજું યૌવન અને જીવન કમાંથી મેળવી શકીસ!

"બાદલું બોલી રમણીએ ઉઠી ઉભી થઇ કહ્યું:-"નમસ્કાર બાજીજી!"

ક્ષણ કાળ પછી ભલે શબ્દોમાં સુધારો કરી તેણે કહ્યું-"સલામ બાજી સાહેબ!" આ મુસલમાની અભિવાદન કરી તેણે બને કે પોતાના ભાગીદારી જતા ભૈરવ પાસેથી છેલ્લી વિદાય લીધી. હું કોઇ બોલું એટલામાં તો એ રમણી હિમાદ્રિ શિખરના ધુમ્મસના અંધકારમાં મેઘની માફક ભળી ગઇ.

ક્ષણકાળ માટે નેત્રો મીંચી સ્વપ્ના બનાવીની જગી હું માનચક્ષુ ઉપર ખોલ્યા લાગ્યો. મચ્છન્દના આશ્રમ ઉપર યમુના તીરની અગાશીમાં બેઠેલી બેઠેલી નગ્નાનન્દિનીને, તીર્થમંદિરમાં સંધ્યાની આરતી વખતે ભક્તિથી થરથર બનેલી તપસ્વિનીને તથા દાર્જીલિંગમાં કલકત્તા રોડ ઉપર બેઠેલી-ભાગી ગયેલા હૃદય-વાળી, નિરાશામાં નિમગ્ન બનેલી પ્રતીક્ષાને જોઇ.

નેત્રો ખુલ્લાં કરી જોયું તો મેઘમાળા દૂર થઇ જઇ નિરભ્ર રૌદ્રથી નિર્મળ આકાશ પ્રકાશી રહેલું દેખાયું. દીક્ષા ગાડીમાં બેસી ઇંગ્રેજ રમણીઓ અને બેઠા ઉપર બેસી ઇંગ્રેજ પુરૂષો હવા ખાવા જતાં નજરે પડ્યાં વચ્ચે વચ્ચે ગલપટ્ટાથી બંધાયલા મુખ મંડળ-વાળા એક બે બંગાળીઓ હજારા તરફ કટાક્ષ કરતા ચાલ્યા જતા નજરે પડ્યા.

હું ઝડપથી ઉઠી ઉભો થયો. ઓ સૂર્યના પ્રકાશથી પ્રકાશી રહેલા વિશ્વના દેખાવમાં મેઘ અને ધુમ્મસના અંધકારથી ઢંકાયલી એ વાત ખરી હોય એમ રહેતે લાગ્યું નહિ. પર્વતના ધુમ્મસની સાથે ક્ષિતિ-રેખાનો ધુમાડો પુષ્કળ પ્રમાણમાં ભેળવી એક કલ્પનાખંડની રહે રચના કરી હોય એમજ મને લાગ્યું.-એ વચન બાજાણી, એ વિભૂતિ, એ યમુના તીર ઉપર આવેલ ક્ષિતિજ વગેરેમાંનું કોઇ ખરૂં નહોતું.

સંપૂર્ણ.

એક સુંદરીનાં સાહસ કર્મો.

લેખકઃ—મંજુલાલ ગોપાળરાય દેસાઈ.

(તા. ૧૧-૫-૨૪ના અંકથી ચાલુ.)

પ્રકરણ ૬ ઠું

ચેદી હસ્તલેખ.

મનોરમા હવે પડદા પાછળથી નીકળીને બહાર આવી. અત્યાર સુધી તેણીએ કંચન અને તે દૂર પુરુષ વચ્ચેની વાતચીત છુપી રીતે ધ્યાનપૂર્વક સાંભળ્યા કરી હતી. હવે આ ઓરડામાં તદ્દન અંધારું હતું. ચંદ્ર વાદળાંઓથી ઢંકાઈ ગયો હતો. ચોથી કે પાંચમી વાદળાંઓના ગજબનાક અવાજ સંભળાતા હતા, અને ક્યાંથી ખાલુની અગાશી તરફથી તેના પ્રકાશો ચમકારતા હતા.

હવે શું કરવું તેના વિચારમાં એક તાર થઈ ગયેલી આપણી નાયિકા હોઠ ઉપર એક આંગળી રાખી રતનબ અની ઓરડાની મધ્યમાં ઉભી રહી.

શું તેણીએ તે દૂર પુરુષને મળવું અને તે લાવણ્યમતી કંચનને મદદ કરવાને પોતે તૈયાર છે એમ કહેવું અથવા તો જરા પણ દીલ કર્યા વગર પોતાની ઓરડીમાં પાછા જઈ સૂઈ જવું !

તે યુવતીની દુઃખદ કહાણી સાંભળી એક તરફથી તેણીને મદદ કરવા તેનું હૃદય ઉશ્કેરાતું તો બીજી બાજુએ વખતે ભીમ-સિંહ જોખમમાં આવી પડે તેથી તેણીને પાછા જવા વહેવાતું મન થતું હતું.

વળી તેણીને બીજો વિચાર એવો પણ આવ્યો કે તેણી અને પ્રસન્ન આ કિલ્લામાં આવ્યાં છે એવું તો તે દૂર પુરુષ જાણે છે. કારણ કે તે ઉંચે ઉપર ચુપી આવ્યા હતા અને પાછો ઉંચો કરીને અને પ્રત્યક્ષ નિહાળી ગયા હતા. મારે મનોરમા તેમને ગળે કે ન મળે તો પણ અમને છુપી રીતે આ કિલ્લામાં રાખવ કરવાથી કાંઈ પણ નુકસાન તે દૂર પુરુષની મારફત જે નીમકીને પત્રાતું હશે તો ચોક્કસ થશે. વળી તેણીને બીજો વિચાર એ થયો કે નીમસીંહને જે વધારે ડર હતો તે આ દૂર પુરુષ મહેમાનોને દેખે તે. નહિ પણ તેથી ઉલટું મહેમાનો આ દૂરને જોઈ તેની વિરુદ્ધ જણી જાય એ હતું; અને આ વિચારને જે નિરાશા વધાર પુષ્પી બળતી હતી કે તે રૂપે કંચનને ખાસ સુચના આપી હતી કે આ કિલ્લામાં તે એક દૂર પુરુષને મળી હતી એવું કદાપી કોઈની પાસે બે વવું નહિ.

આ બધી બાબતોનો વિચાર કરી મનોરમાએ પોતાની ઓરડીમાં જ્યાં પ્રસન્ન સુતો હતો ત્યાં પાછા જવાનો નિશ્ચય કર્યો.

પણ અત્યારે તેણી એક તદ્દન અંધારા ઓરડામાં ઉભી હતી; અને તે હાથપિંજરવાળા ઓરડામાં પાછા જવા માટેનું બારણું કઈ બાજુએ હતું તેનો તે વિચાર કરી રહી હતી.

જે પડદા પાછળથી તેણી બેશુદ્ધ બનત પડેલાં બહાર આવી હતી તે પડદા પાસે ફરીથીજ જઈ ત્યાં ઉભા રહી તેજ બારણું શોધી કઢાવાનો તેણીએ નિશ્ચય કર્યો; પરંતુ પડદામાંથી બહાર આવ્યાં પછી વિધવિધ વિચારો કરવી વખતે તેણી આખી તેજ ચોતરફ ફરી હતી. અથવી અત્યારે તેણીનું મુખ પડદા તરફ કે બારી તરફ કે જે રસ્તે આવી હતી તે બારણા તરફ અથવા તો જે બારણામાં થઈને તે દૂર પુરુષ ગયા તે તરફ હતું તે તેણી સમજી શકી નહિ.

આ પ્રમાણે જ્યારે તે મુંઝવણમાં પડી હતી ત્યારે વિજ્ઞાના અવકાશનું અજવાળું બારીના પડદાઓમાંથી અંદર આવ્યું; અને ઓરડો તેનાથી ઝાંઝવાજ જાણે રહ્યો. પણ આથી તો પડેલા કરતાં પણ વધારે અંધકાર ત્યાં ભરાઈ રહ્યો હતો.

પરંતુ વિજ્ઞાનના અજવાળાથી બારી કાંઈ બાજુએ હતી તે તેણી જાણી ગઈ અને બારી ઉપરથી તેણીએ બારણાની દીશા નક્કી કરી; તેણી તે દીશા તરફ આવી અને તેણીના ધારવા પ્રમાણે બારણું પાસે પહોંચી.

પણ રખે બુધ થઈ હોય એવી બીકથી તેણીના પગ પાછા પડતા હતા. છતાં તેણીએ જરાક બારણું ઉઘાડ્યું. અંદર દીવો બળતો દેખાયો. વળી વાળેલી કમાનો દેખાઈ. તેણીને આખી થઈ કે આ હાડપિંજરોવાળો ઓરડો છે.

તેથી વધારે ફિકતની તેણી અંદર દાખલ થઈ. પણ બરાબર જોતાં તેણીને લાગ્યું કે વધારે સારીની રાખવાં તેણી વધારે છેતરાઈ હતી. પણ હાડપિંજરોવાળા ખુબદાર ઓરડાને બદલે તેણીએ એક નાના મંદીરવાળી ઓરડી જોઈ.

ત્યાં એક દીવો બળતો હતો. શાંતિ અપૂર્વ હતી. કોઈ પણ મનુષ્ય તેણીના સિવાય ત્યાં ન હતું. ઓરડી તદ્દન નાની હતી. એકજ દૃષ્ટિએ સઘળું જોઈ લેવાય. ઝાઝું સહિત્યે પણ ત્યાં ન હતાં. ભીંતમાં એક બારણું હતો અને તેમાં વચ્ચે એક આરસનો પત્થર જોયો હતો કે જેના ઉપર એક માણસી ભાષામાં લેખ કોરેલો હતો. આ ઉપરાંત તે બારણા નીચે એક મજબુત મેજ પડેલું હતું.

આપણી નાયિકા વિધવિધ ભાવાવેશના જ્ઞાનમાં પારંગત હતી તેથી વધુ મુંઝવણમાં તેણીએ તે બારણાનું દ્વાર કર્યું. તે લેખ નીચે પ્રમાણે હતોઃ—

"અહીં આ પ્રદેશનાં રાજા બાજીરાવને દાટવામાં આવ્યા છે, કે જેણે મુસલમાન રાજા સાથે "શ્રી કલ્યાં" વાળી કરવીર સલાહ કરી હતી, જેને માટે પરમાર્થ કરી અજવાદમાં કેદ કરવામાં આવ્યા હતા અને જે અહીંજ મંજુ પામ્યા."

જેવી મનોરમા આ લેખ વાંચી રહી કે તરતજ તેની આંખો ફાટી રહી. તે બબડી ઉઠી, "વળી પાછી સો કન્યાઓની હકિકત. મરેખર આ ઉપરથી સો કન્યાઓમાંની એક હોવું. તે ઘણું ગમોગીની ભર્યું અને ભયંકર લાગે છે; અને બીચારી કંચન તેમાંનીજ એક છે."

જ્યારે તે આ પ્રમાણે વિચારમગ્ન હતી ત્યારે તેના હાથ ટેબલ ઉપર હતા. ત્યાં કંઈક હોય એવું તેણીને લાગ્યું. આરિક તપાસ કરતાં ત્યાં એક ખાનું જણાયું. સ્વભાવજીજ જીજ્ઞાસુ હોવાથી તેણીએ તે ઉઘાડયું. ટીપણાની માફક વાળેલા કાગળનો એક બીડો અંદર પડેલો હતો. તે સારી સ્થિતિમાં હતો. તેના ઉપર જરાપણ ધુળ ન હતી. તેની અંદર શરૂઆતમાં આ પ્રદેશના પહેલાના રાજા અને મુસલમાનો વચ્ચે જે ખુનખાર લડાઈ થઈ હતી તેનાં ચિત્રો હતાં; અને નીચે મારવી ભાષામાં તેનું યથાસ્થિત વર્ણન કરેલું હતું.

આવો જુનો વખતનો લેખ જોઈ આપણી નાયિકાના હૃદયમાં આનંદનો પાર ન રહ્યો. જ્ઞાન સંપાદન કરવાની તેણીની તૃષ્ણા કદાપી મટતીજ ન હોતી. કોઇપણ જમાનાનું ગમે તે ભાષાનું જ્ઞાન મેળવવામાં તેણીને એટલો બધો રસ પડતો કે તેમાં આડે આવતા ભયની જરાપણ પરવા કરતી નહિ. તેથી જુનો વખતનો લેખનો કાગળો અચાનક તેણીના હાથમાં આવ્યા એટલે તે એટલા બધા આનંદમાં આવી ગઈ કે ક્ષણભર ભીમસિંગને આપેલું વચન અને તેના ઢાળીકારક પરીણામને તે વીસરી ગઈ અને તે અથથી ઈતી વાંચી જવાના નીર્ણય ઉપર આવી. તે લેખ નીચે મુજબ હતો:—

"ગોરારપાલ નામનો રાજા આ પ્રદેશ ઉપર રાજ્ય કરતો હતો. તે પોતાના એક બહાદુર સરદાર રામસિંહની પુત્રી રૂપસુંદરીના સાથે પ્રેમમાં પડયો. તેણીને પરણવાનું રાજાએ વચન આપ્યું. દુર્ભાગ્યે લગ્ન પહેલાં રૂપસુંદરીને એક પુત્રનો જન્મ થયો. આ બાળકને છુપી રીતે ધવલગિરીના જંગલમાં રહેતા એક ભેડુતને ત્યાં મૂકયો. પાછળથી રાજાએ રૂપસુંદરી સાથે લગ્ન કરવાની ના પાડી. આથી સરદાર રામસિંહને બહુ ગુસ્સો ચઢયો; અને પોતાનું વેર કેમ વાળવું તેની તજવીજ કરવા લાગ્યો. છેવટે તે મુસલમાન રાજા પાસે ગયો અને રાજાએ જે કર્યું કે તેને તથા તેની પુત્રીને સમાયું હતું. તેનું વેર વાળવા તેની મદદ માગી. મુસલમાન રાજાએ પોતાના એક બહાદુર સરદારને મોટું લશ્કર આપી તેની સાથે મોકલ્યો. આ બાજુ મોરારપાલને તેની ખબર પડવાથી તેણે પણ પોતાનું લશ્કર એકઠું કર્યું. બન્ને લશ્કરો વચ્ચે એક મોટી ખુનખાર લડાઈ થઈ.

"આ લડાઇમાં મોરારપાલના લશ્કરની સજ્જડ હાર થઇ તેના સારા સારા ઉમરાવો ઠંડા સરતારો મરાયા. રાજા પોતે ઘાયલ થયો અને રૂપસુંદરી સાથે નાસીને ધવલગિરીના જંગલોમાં ભરાઇ ગયો. અહીંજ તેમણે પોતાનો બાળક એક ભેડુતને ત્યાં મૂકયો હતો. તેઓ બન્ને ઘોડો વખત ત્યાંજ રહ્યા પણ પછીથી અજયગઢમાં આવીને ત્યાંજ આશ્રય લીધો.

"આટલા સમયમાં રામસિંહને પોતાના ભયંકર કૃત્ય માટે અને પોતાની જન્મભૂમિની જે દુર્દશા તેણે કરી હતી તે માટે સખત પશ્ચાત્તાપ થવા લાગ્યો અને મુસલમાની છાવણીમાંથી છુપ્પો વેશે તે નાસી ગયો; અને પોતાને હાથે દેશની અને પ્રજાની કરેલી દુર્દશા માટે શોક કરતો અહીં-તહીં ભટકવા લાગ્યો. ફરતો ફરતો તે ધવલગિરિ, પર્વતમાં આવી ચઢયો. મુસલમાન લોકોનું લશ્કર હજી આટલે સુધી આવી પહોંચ્યું ન હતું. અહીં લોકોએ તેને ઓળખી કહાડયો અને તરતજ પકડીને રાજા પાસે અજયગઢ મોકલી આપ્યો.

"આ પ્રમાણે મુસલમાન સરદારને હાથે પદભ્રષ્ટ થયેલો રાજા મોરારપાલ, દેશદ્રોહી રામસિંહ અને તેની પુત્રી રૂપસુંદરી એકજ જગ્યાએ એકઠા થયા. રૂપસુંદરીએ ગમે તેટલી આજીજી કરી તોપણ તેને ન ગણકારતાં રામસિંહને મારી નાખવામાં આવ્યો. આથી તેની પુત્રી પણ તેની પછવાડે મરી ગઈ. રાજાને લડાઇમાં જે ઘા પડયા હતા તેથી તે પણ મરી ગયો. આ પ્રમાણે જે ત્રણ દુષ્ટ અકિતઓને લીધે દેશની અધોગતી અને પ્રજાની પાયમાલી થઇ હતી તેમનો વિચિત્ર રીતે અંત આવ્યો."

અહીંઆ કોઈ બારણું બંધ થવાનો અવાજ મનોરમાના કાન ઉપર પડયો અને તેથી તે ચમકી ઉઠી અને તેણીનું શરીર ક્ષણ ઉઘું પણ કોઇ મનુષ્ય દેખાયું નહીં. ઓરડીનું બારણું હાલતું ચાલતું ન હતું. આ તેણીને કેવળ માનસિક ભ્રમ લાગ્યો. તેણીએ પાછું આગળ વાંચવાનું શરૂ કર્યું:—

"જે ઉમરાવો અને તેમનું લશ્કર લડાઈમાં બચ્યું હતું તેઓ થોડાક વખત સુધી ધવલગિરિના જંગલ અને ખીણોમાં ભરાઇ રહ્યા. પણ મુસલમાન લોકોએ મોટા મોટા શહેરો તથા અગત્યના કિલ્લાનો કબજો લઈ લીધો હતો. ફકત ગણ્યા ગાંઠયા રાહેરો અને કિલ્લા મુસલમાન લોકોના હુમલા સામે ટકી રહ્યા.

"આ મજબુત કિલ્લાઓમાંનો એક અજયગઢ હતો; અને બધા દેશપ્રેમી સરદારોએ ત્યાં ભેગા થઇ પોતાનામાંથી એકને રાજા બનાવવાનો વિચાર કર્યો. આખરે તેઓએ સર્વાનુમતે ધીરસિંહ નામના એક બહાદુર સરદારને પસંદ કર્યો. થોડાજ વખતમાં ધીરસિંહની સરદારી નીચે એક લશ્કર એકઠું થયું અને તેણે મુસલમાનોને થોડા ભાગમાંથી પાછા હાંકી કાઢયા; અને થોડા પ્રદેશ ઉપર પાછી પોતાની સત્તા સ્થાપી.

"આ પ્રમાણે જે પ્રદેશ ઉપર ધીરસિંહે ફરીથી સત્તા બેસાડી તે અજયગઢ અને તેની આસપાસનો પ્રદેશ હતો, અને તેનો પહેલો રાજા ધીરસિંહ થયો. તેના ઉપર પ્રજાનો ઘણો ભાવ હતો. તેના પછી થોડા થોડા વર્ષ તેના બે વંશોએ રાજ્ય કર્યું જ્યારે ધીરસિંહનો પૌત્ર ગાદી ઉપર હતો ત્યારે એક વિચિત્ર ઘટના બની આવી.

અપૂર્ણ.

મુંબાઈનું રાત્રિ-રહસ્ય.

(લખનાર —ગુપ્તદૂત)

(તા. ૧૬-૫-૨૪ ના અકથી ચાલુ)

રાત્રિના અગીયાર વાગ્યા હતા મદનમોહન પોતાના ગીરગામ બંગલેાના પર આવેલા મહાનના મુસજ્જિત દિવાનખાનામા બેઠેા હતેા એટલામા તેનેા ચાકર લક્ષ્મણ બારણા ઉઘાડીને ત્યા દાખલ થયેા મદનમેાહને તેને પૂછ્યુ —"કેમ, શુ કામ છે ?"

લક્ષ્મણે નીચુ મસ્તક રાખી મૃદુ-મધુર કંઠે કહ્યુ —"હેાજ, વીકમદાસ શેઠ આવ્યા છે

"વાહ, જા, તેમને અહિં તેડી આવ"

લક્ષ્મણ તત્તજ વીકમદાસને મદનમેાહનના દિવાનખાનામા લઈ આવ્યેા વીકમદાસ ગર્ભ શ્રીમંત ગુણવાન માણસ હતેા ઉમ્મર આશરે ૬-૩૯ સત્તાવીસ વર્ષની હતી કાલ, સાહિત્ય, નાટ્ય અને ચિત્રકળાનેા તે ઘણેાજ ઉપાસક હતેા સંગીત વિદ્યામા તે પ્રવીણ હતેા અને ચિત્રકળા તેા તેને એટલી હસ્તગત થઇ ગઈ હતી કે, મુબાઇ શહેરમાં તેના જેવેા ભાગ્યેજ કેાઇ બીજો આર્ટીસ્ટ મળી શકે ! મદનમેાહન અને વીકમદાસ ઉભય એકજ પ્રકૃતિના ઉપાસક હેાવાથી બન્નેમા સારી મૈત્રી જામી હતી. મદનમેાહનની અભિનય કળાનેા તે ઘણેા પ્રશંસક હતેા અને તેના અભિનય ઉપરથી અનેક ચિત્રેા ઉપજાવી તે પેાતાની કીર્તિ મેળવી શકયેા હતેા

બન્ને મિત્રેા ઘણા દિવસે મળેલા હેાવાથી ઉભય હસ્તેાદ્વેાન કરી એકેાક્ષય ઉપર અર્ધા કરકેા બેસ એટલામા લક્ષ્મણ પુન ત્યા આવ્યેા અને એક પત્ર પેાતાના ગેાલા વીકમદાસ મૂકી ચાલ્યેા ગયેા

મદનમેાહને પત્ર ફેાડી જોયેા અને બેાલ્યેા —"ઓહેા! આમા તેા આપણી હરીફ કંપનીના નવા એનની ટીકીટ છે !" એમ કહી તે પત્રનું કવર ઉઘાડી ઉગવીને જોવા લાગ્યેા

વીકમદાસે જીજ્ઞાસાપૂર્વક કહ્યુ —"શુ આમા બીજુ કાઇ લખેલુ નથી ?"

મદનમેાહને જવાબ આપ્યેા —"નહિ" એમ કહી પત્રવાહના વિસ્તારમાનુ બાકીનેા કાગળ ખાનપૂરક તપાસતેા તે બેાલ્યેા —

"વાહ ! ઘણી સારાથી બંધરી લખ્યા છે ! કેાના હસ્તાક્ષર હેાવા જોઇએ એ ઓળખી શકાતુ નથી, તેમ અનુમાન પણ થઇ શકતુ નથી !"

વીકમદાસે પત્ર પેાતાના હાથમા લીધેા અને કહ્યુ —"આ તેા ઓના હસ્તાક્ષર જણાય છે ! અક્ષરેા પકડાઈ ન જાય માટે ખાસ વાકાવાકા લખ્યા હેાય એમ જણાય છે ! ખરેખર આમા કાઇ ભેદ જણાય છે"

"અક્ષરેા ઉપર તીક્ષ્ણ દૃષ્ટિ રાખી મદનમેાહન બેાલ્યેા — "આશ્ચર્ય !—આશ્ચર્ય !! નિશ્ચય એનાજ અક્ષરેા છે ! પરતુ પેાતાના અક્ષરેા પકડાઈ ન જાય એટલા માટે તેણે કપના હાથે અક્ષરેા લખ્યા જણાય છે !"

વીકમદાસ સહજ મુજબા હસી બેાલ્યેા —"મદન ! તારી મનમેાહનવૃત્તિએ કેાઇ રમણીના ઉપર જાદુ ચલાવ્યુ હેાય એમ જણાય છે ! આ નવીણી પ્રેમના કુદામા ફસાઈ પડી છે અને તને મનમાહ માગે છે વાહ, પણ લક્ષ્મણ કેમ પાછેા આવ્યેા ?"

ખરેખર, બન્ને જ્યારે ખાનગી ગુફતગુ કરતા હતા એટલામાં લક્ષ્મણ ત્યા છાનેમાને આવી તેઓની વાતેા સાભળતેા હતેા વીકમદાસે તેને સહજ રેાષયુકત સ્વરે કહ્યુ —"કેમ, અહિ શા માટે આ-વેા છે ?'

કંપિત સ્વરે મદનમેાહન તરફ જોઈ લક્ષ્મણે કહ્યું —"શેઠ, પેલા પત્ર સાથે આ બકર આવ્યુ હતુ, તે હું આપવા વિસરી ગેા હતેા એટલે લઈ આ વેા છુ.'

મદનમેાહને પૂછ્યુ —"આ ચીઠી અને બકર કેાણ લાવ્યુ ?"

લક્ષ્મણે ઉત્તર આપ્યેા—"એક હેાયેા આ બન્ને જણાસેા આપી તરતજ ચાલ્યેા ગયેા" એટલુ કહી લક્ષ્મણ દિવાનખાનુ છેાડી બહાર ચાલ્યેા ગયેા વીકમદાસ સ્થિર દૃષ્ટિએ તેના તરફ જોઈ રહેા.

મદનમેાહને તે બકર છેડી જોયુ તેા અન્નેની અલબત્ત વચ્ચે તેમાથી એક લાબ રગતેા સાદેા નીકળ્યેા ચેાડેા. વખત બન્ને જણ ચિત્રવત્ એક બીજાના સામુ જોઇ રહ્યા અને આ સાદાને ભેદ પામી શકયા નહિ આખરે મૌન ભગ કરતા વીકમદાસે કહ્યુ — "મદન ! જે રમણીના મનની તે ચેારી કરી છે, તેણેજ આ સાદેા બાધી તુ નાશ જોવા બન જ્યારે તને બરાબર ઓળખી શકાય માટે મેાકલ્યેા હેાય એમ જણાય છે ! ખરેખર, આ બી બહુ ચાલાક હેાવી જોઇએ અને તે જણાય છે કે આ બીં કેાઇ સભ્રાન્ત કુલસ્ત્રીના હેાવી જોઇએ"

મદનમેાહન બેદરકારી બતાવી બેાલ્યેા —"જેમા આપ્યેા બધેા ભેદ બરમ ભરેલેા છે, ત્યા હુ તેા જરીએ નહિ"

વીકમ સાસ આશ્ચર્યચકિત થઈ બેાલ્યેા —"કેમ ? આવુ સરસ આમત્રણ અને તેનુ તુ અપમાન કરે છે ? કયારથી તુ સન્માસી થયેા ? સન્યાસ વૈરાગ્ય તેા નથી આવ્યેા ? જે બી તારાપર આટલી બધી મરી પ્રીટ છે તેના આવેા તીરસ્કાર ? શુ પાર્વતી બહેનને કુ આ વાત કહી દઇશ એમ તુ ધારે છે ? મારામા તુ આટલેા બધેા અવિશ્વાસ ધરાવે છે ?"

મદનમેાહન બેાલ્યેા —નહિ તુ ધારે છે એમ નથી નાકનેા તેા આપણેા ધધેા છે એટલે કેાઇ પણ નવેા ખેલ હાથ તેા અમારે જવુજ જોઇએ, પરતુ આ બેલમા હુ જઈ શકીશ નહિ પાર્વતી મને દેવતુલ્ય માને છે તેના આત્માને ક્ષિતિ પણ આઘાત પહેાચે એવુ કાર્ય હુ કરવા માગતેા નથી માટે જો તુ મારેા ભાઈ હેાય-મારે શુભ ઇચ્છતેા હેાય તેા આ વાતમા મને ઉત્તેજન મળે એવું કરીશ નહિ."

વીકમદાસ બેાલ્યેા – ભાઈ, આપણે તેા કનાના ઉપાસક એને

જગતની દરેક સારી ખોટી બાબતો આપણે જાણવીજ જોઇએ. તારી જગાએ જો હું હોઉં તો આ ઓરીના ઉપલોગ કર્યા સિવાય રહું નહિ. તારી જો ઇચ્છા હોય તો તારે બદલે હું આ સારો બાંધી નાકામાં જઉં."

મદનમોહન ગંભીર સ્વરે બોલ્યોઃ–"ભાઈ, તારા જેવાએ આવું સાહસ કરવું એ ઉચિત નથી. હું તું એમ ધારે છે કે, મારા ભલેલ તું જઈશ તો તે સ્ત્રી તારાપર પ્રસન્ન થશે !"

વિરક્ત ભાવે હેાઠ દબાવી ત્રીકમદાસ બોલ્યોઃ–"નહિ, નહિ. હું તો તારી મશ્કરી કરું છું. શું હું આવું કામ કરૂં એવો છું ? વાહ, પણ તારૂં મુખ કેમ પ્લાન જણાય છે ! તારો મનમાં શી વિચારમાળા ચાલી રહી છે ?"

મદનમોહન બોલ્યોઃ–"ભાઈ, મારા હૃદયની વાત હું તારી આગળ કોઇ દિવસ છુપાવી રાખતો નથી. ગયા ગુરીવારે આપણી કંપનીનું 'વિજયપણું' નામનું નવું નાટક હતું. તે વખતે એક અદ્‌ભુત ઘટના બની હતી. આજની માફક તે દિવસે પણ એક સ્ત્રી તે ઘટનાની નાયિકા હતી. હું તો ધારૂં છું કે તે દિવસે જે રમણીએ અદ્‌ભુત પાઠ ભજવ્યો હતો, તેની તરફદીજ આ દીકરા એને સારો આવેલ હોવો જોઇએ."

ત્રીકમદાસ કૌતુહલ ઉદીપ્ત થઈ બોલ્યોઃ–"ગયા ગનીવારે હું બન્યું તેની હકીકત તને કોઈ જાતની કલ્પના ન હોય તો મને જણાવ, તે સાંભળવાને મારૂં મન બહુ ઉત્સુક થઈ રહ્યું છે."

મદનમોહન બોલ્યોઃ–"કહેવાને એને કોઈ જાતનો વાંધો નથી. તે બીનું હું નામ જાણતો નથી, તેનું ઠેકાણું જાણતો નથી એટલે તે અદ્‌ભુત વૃત્તાંત કહેવાથી તેના સંભ્રમની હાની થવાની સંભાવના નથી એટલે તારો આગ્રહ છે તો હું કહું છું. એટલું કહી મદનલાલે કહેવા માંડ્યું–"ગયા ગનીવારે રાતના પહેલેા એક ખાસ થવા બાદ અને એક અજાન રમણી તરફથી ચીઠી મળી. આ ચીઠીમાંનો સભાંજુતા ભાષાય ઉપરથી હું એટલું તો સમજી શકેયો કે, તે મારાપર અનુરક્ત થઈ હોવી જોઇએ. અર્થાત્ ધણો લાંબો વિચાર કર્યા પછી હું મારા મનને પ્રભુમાં રાખી શકેયો નહિ અને ખેલ ખાસ થયા બાદ તેણે જણાવેલ સંકેત સ્થળે રીપન થીએટરની પછવાડેની ગલીમાં હું ગયેા ત્યાં એક ફ્રાળા ચેાપાવાળી ઝુમ ગાડી ઉભેલી હતી. મને જોતાંજ કોચમેન મારી પાસે આવ્યેા અને મારેા હાથ પકડી ગાડી પાસે લઈ ગયેા. મંત્રમુગ્ધ નાગને જેમ મદારી નચાવે તેમ હું તેની સાથે ગયેા. તરતજ ગાડીનું બારણું ઉઘડી ગયું અને હું તેમાં દાખલ થયેા. ગાડીમાં ઘોર અંધકાર હતેા. તે અંધકારની અંદર હું જોવા લાગ્યેા પણ મને કંઈ દેખાયું નહિ. ગાડી ચાલવા લાગી. ઘેાડાના ડાબલાના ટપટપ અવાજ સિવાય કંઈ પણ સંભળાતું ન હેાતું. અંધકારમાં હું ચુપચુપ બેસી રહ્યેા એટલામાં કોઇ સ્ત્રીનાં રેશમી વસ્ત્રોનેા સ્પર્શ મારા હાથને થયેા. ચમકિત બની હું કંઇ પુછવા જાઉં એટલામાં નિર્મિષ માત્રની અંદર એક સ્ત્રીના સુકોમળ આલીંગનમાં હું આબદ્ધ થઈ ગયેા. તેના અધરે મારા અધરને સ્પર્શ કર્યો. તેનાં સ્તનયુગલેા મારા વક્ષસ્થલ સાથે સંલગ્ન થઈ જરા જરા કંપવા લાગ્યાં. કંપિત અને સુમધુર મૃદુ કંઠે તે સ્ત્રી બોલીઃ–"બધ પામશેા નહિ. હું તમને ચાહું છું !" રમણીના મધુર સ્વર સાંભળી હું તેને વારંવાર ચુંબન કરવા લાગ્યેા. રમણીએ પ્રતિ ચુંબનથી તેનેા ઉત્તર વાળ્યેા. ત્યાર પછી થેાડીકવાર સુધી બન્નેમાંથી કોઇ બોલ્યું નહિ."

ત્રીકમદાસે રહેજ હસી પુછ્યુંઃ–"ત્યારે તે તે બુદ્ધી હોવી જોઇએ. નહિ તેા આવી રીતે કપટ કરી તારી સાથે આમ વર્તે નહિ !"

મદનમોહન બોલ્યોઃ–"નહિ, નહિ. બુદ્ધી નહિ, પણ નવીના મુવતી હતી ! જો કે ગાડીની અંદર અંધકાર હતેા તથાપિ આલીંગનથી હું સમજી શકેયેા કે તેનાં પયેાધર અણનત હતાં, અને બન્ને બાહુઓ સુકોમલ હતા. ચુંબનથી સમજી શકાતું હતું કે, તેના સરળ અધરેાષ્ઠ સુધાસિક્ત હતા અને કેમળ કપેાળપરથી પ્રસન્નતની વાસ આવતી હતી અર્થાત્ તે સ્ત્રી પૂર્ણ રૂપસંપન્ન યુવતી હતી."

વિસ્મિત બની ત્રીકમદાસે પુનઃ કહ્યુંઃ–"આવી અદ્‌ભુત ઘટના યુક્ત વાત મારા જન્મમાં મેં કયારેય સાંભળી નથી. જો તારા અને મારા અકપટ બન્ધુ જેવેા સંબંધ ન હેાત તેા હું આ વાતમાં વિશ્વાસ રાખત નહિ કોઈ નવલકથાની વાત હું મારી પાસે કહી સંભળાવે છે, એમજ હું તેા માનત."

મદનમોહન બોલ્યોઃ–"ખરેખર, આજે હું ખરી સત્યઘટનાનીજ વાત કહી સંભળાવું છું."

ત્રીકમદાસ બોલ્યોઃ–"વાહ, ત્યાર પછી શું થયું ?"

મદનલાલ બોલ્યોઃ–"હજુ કોળ સુધી પ્રેમાનંદમાં લીપ્ત થઈ મેં સ્વર્ગ સુખનેા ઉપભોગ કર્યો. માણસ જેમ સ્વપ્નમાં સુષોપમોગ ભોગવે છે, તેમજ મેં પણ તેવીજ રીતે સ્વપ્નપ્રપુંચ અનુભવ્યું. કેટલાક વખત પછી મારાથી રહેવાયું નહિ એટલે મૌન ભંગ કરી હું બોલ્યેાઃ–

"સુંદરી ! તમે કોણ છે, એ હું જાણતેા નથી, કિન્તુ પ્રેમમુગ્ધ બનાવી તમે મને સ્વર્ગમાં લંઇ જતાં હેા, એમ જણાય છે !"

ત્રીકમદાસે પૂછ્યું:–"વાહ, તે સુંદરીએ શું ઉત્તર આપ્યેા !"

મદનમોહનઃ–"તે સુંદરી કાંઈ પણ બોલી નહિ, પરંતુ પુનઃ પુનઃ ચુંબન કરી મારાં બાંધપર કાળેા રેશમી રૂમાલ બાંધ્યેા. ત્યાર પછી ફ્રેાચમેને આવી ગાડીનું બારણું ઉઘાડ્યું. રમણી મારેં કાંઈ પકડી આગળ લાવવા લાગી. આ વખતે અનુમાનથી હું સમજી શકેયેા કે, ફ્રાટક પાર કરી અમે ઉદ્યાનમાં પ્રવેશ કર્યો હતેા. થેાડેક દૂર ગયા પછી રમણીએ મારેા હાથ છેાડી દીધેા. કટકટ શબ્દ થતાંજ એક બારણું ઉઘડ્યું. અને અંદર દાખલ થતાંજ બારણું બંધ કરી રમણીએ પુનઃ મારેા હાથ પકડ્યેા. જાણે કે મારા તરફ કેટલેાય પ્રેમ-અનુરાગ દર્શાવતી હેાય તેમ તે ધડી ધડી મારેા હાથ દબાવવા લાગી. અમે એક સીડી ઉપર ચઢવા લાગ્યાં. આવી રીતે તને એક સુગન્ધથી આમોદિત થયેલા ઓરડામાં લઈ ગઈ.

અપૂર્ણ.

[આ અદ્‌ભુત લેખનેા આગળનેા ભાગ આવતા તા૦ ૨૫–૫–૨૪ ના અંકમાં વાંચેા.]

પરલોકના પંથે.

લખનાર-રા. રમણીક કીશનલાલ મહેતા.

સાત વર્ષ ઉપરની વાત છે. યુરોપીય મહાસંગ્રામનો આરંભ થઇ ચુક્યો હતો. ભારત વર્ષમાં સર્વત્ર ધરપકડ ચાલી રહી હતી. તે ને સમયે ત્યાં—કે સ્થળની ઘટનાનું આ વર્ણન છે, પ્લેગ ચાલતો હતો. લોકો શહેરની બહાર મેદાનમા ઝુંપડીઓમાં પડ્યા રહેતા હતા.

સિપાઇઓની મોટરો દુર્ગન્ધ મોચવા તત્પર બનેલી માખીઓની માફક શોધ્યા કરતી હતી. આ ઉપરથી અનુમાન થયું હતું કે બ્રિટિશ રાજ્યની કમ્પાસ ધરાવાથી કરવાને કોઇ કેદીએ યુક્ત પ્રયત્ન થઇ રહ્યો હતો; અને તેની તપાસને અર્થેજ એટલું બધું પેટ્રોલ બગાડવામાં આવતું હતું. અસંત પરિચિત લોકોમા કોઇકોઇ વાર વાતો થતી હતી કે આમુક અમુક વ્યક્તિઓને જલદી પકડવામાં આવનાર છે; પરન્તુ કોઇ પોલીસ નોકર યા અન્યણી વ્યક્તિની ભાગ નજરે પડતાજ જેમ લાલ વાવટાને જોઇ આગગાડી બધ પડે છે, તેમ તે વાત અટકી પડતી. રામરાવને ખબર પડી કે તેને પકડવાનો છે. નરકારી ઑફિસમાંથી આ ખબર કેવી રીતે ફુટીને બહાર આવી તેની કોઇનિય ખબર ન હતી

રામરાવ પોષ્ટ ઑફિસનો નોકર હતો તેણે પોતાના મહોલ્લામાં એક અખાડો ખોલ્યો હતો, જેમાં બાળકોને લાઠી-સકડી વગેરેના દાવ, તથા કુસ્તી શીખવવામાં આવતાં હતાં સાર્વજનિક શાન્તિનો ભંગ કરનાર આ અપરાધ—જે તે અપરાધ લેખાતો હોય તેને-રામરાવને કર્યો હતો. કદાચ સરકારને પોતાના ગુપ્તચર વિભાગ તરફથી ખબર મળી હશે કે તે અખાડામા ગાન્ધવાદીઓની સેના તૈયાર કરવામાં આવે છે!

(૨.)

જ્યારે રામરાવને શાન્તિરક્ષાના પોલિસ અમલદારદાર મોટરમાં બેસાડવામાં આવ્યો, ત્યારે તેના કુટમ્બનમાં પહેલીજવાર' મોટરમાં બેસવાથી તેને સુખ થયુ કે દુ:ખ તે તો પોતેજ જાણે પરન્તુ આ આકસ્મિક વિયોગથી ઉભાની દશા બહુ શોચનીય થઇ.

રાત્રીને લઇને ઉભા ઘરને ચાલતી ચાલતી રાત્રિના બાર વાગે પોલિસ થાણા પાસે પહોચી. પોલિસની છાયામા યમરાજની વિકાળ પ્રતિકૃતિ જેનાર યશવંત ઉભાએ ઘણાયે પ્રયાસ કરવા છતાં યે થાણામાં ન ગયો સત્યાગ્રહના વિષમ માર્ગોથી અપરિચિત ઉભા, તે ચાંદની રાત્રિમાં આગળ વધ્યો. પહેરા ઉપરને સંત્રી આખો ખુલ્લી હોવા છતાં સ્વપ્ન અનુભવી રહ્યો હતો રામરાવ નિંદ્રા આવાહન કરી રહ્યો હતો, પરન્તુ નિદ્રાદેવી પોતાના ભક્તને કેવળ કામળપર આળોટતો જોઇને ચક્રિત થઇ રહી હતી.

* * * *

"શું તમને ખાટલો નથી આપવામાં આવતો?"

"હું સરકારનો જમાઇ થઇને અહિં આવ્યો નથી કે ખાટલા એટલો સત્કાર કરવામાં આવે."

"ઘેરથી ખાટલો અને કપડાં લાવી આપું?"

"શું તું ગાંડી થઇ છે? સરકાર મને જે ખાવાને આપે, તે ખાવું રહ્યું રહેવું જોઇએ. મને કોઇ ખોતનું કષ્ટ નથી. મારી ચિન્તા ન કરીશ. હું આનંદમાં છું."

'અહિં આનંદમાં છું' એ શબ્દો ઉમાને સ્તોષવા અસમર્થ નીવડ્યા. તેની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગી.

(૩.)

બે દિવસ પછી રામરાવને સેન્ટ્રલ જેલમા લઇ જવામાં આવ્યો, અને કેદીના પોષાકમાં એક એકાંત ઓરડામાં રાખવામાં આવ્યો. બીજા સમય પછી ઉમાને આ વાતની ખબર પડી. આ જેલમાં મળવા જઇ પહોંચવું એ તેના કલ્પનાસૈન્યની અંદર પણ વ્યવહારજ્ઞોનેજ બહાર હતું.

પતિપરાયણ ઉમાએ ઘરનેજ જેલના રૂપમા લાવી મૂકયું. પોલિસ થાણાથી પાછા ફર્યા પછી તેણે જમીનપર ક્રમબધ્ધ પાથરી સાવોનો આરંભ કર્યો હતો. હવે તેણે ખોરાકમાં પણ ફેરફાર કર્યો. કેદીઓને જે પ્રકારના આટાના રોટલા આપવામાં આવે છે તેજાજ પ્રકારનું તેને ભોજન કરતી

રામરાવપર જે આરોપ મૂકવામાં આવ્યો હતો, તેણે પ્રાયશ્ચિત જન્મ દેવાનિકાળ થા તે કમિશિથી થઇ હતુ હતું. બન્ને પણ તેમજ. રામરાવને જન્મપર્યન્ત કાળા પાણીની સજા થઇ. ઉમાના સ્વી, સ્વેતા, મિત્રોના પ્રયત્ન અને વકીલોનું પ્રગલ્ભ જ્ઞાન રામરાવને બચાવવામાં નિષ્ફળ નીવડ્યા.

જે વખતે ઉમા પોતાના આરોપ સ્વની અંતિમ મુલાકાત લેવા માટે જેલમાં જઈ પહોંચી, તે સમયનું દૃશ્ય બહુ કરુણોત્પાદક હતું. નિર્દોષ રામરાવ પ્રતિ જનતાની પ્રગલ્ભ ભાવનાઓ ઉછળી રહી હતી મિત્રોના હસ્તપર ગોકનું વાદળ છવાઈ રહ્યું હતું, પરન્તુ ઉમાના હૃદયમા અવિચ્છિન્ન શાન્તિ હતી. હજાર ચમુમાં નહોતું એક પણ અશ્રુબિન્દુ, કે નહોતો મુખમાં એક પણ કરુણાર્દ્ર શબ્દ! અપૂર્વ શાન્તિથી ભર્યા હૃદયે ઉમા રામરાવને વિદાય આપતી જોઈ રહી.

જ્યારે જેલયાત્રા તો દૂરદૂરની ભારતભૂમિનો તટ આપ આગનાથી દૂર થવા લાગ્યો રામરાવે ભર્યા હૃદયે અનિમિષ દૃષ્ટિએ તે તિહાડનો દેશ સેવાની પવિત્ર ભાવનાઓ પોતાના ઉજ્જ્વળ સ્વરૂપમાં તેના દૃષ્ટિ પથપર ખડી થઈ. હૃદયપટપર સ્નિગ્ધ ભાવ ઉત્પન્ન થવા લાગ્યા. અંતર્દૃષ્ટિ પ્રત્યક્ષ વિદ્યપસ્થિત સ્થાન ભુલવા લાગી. પતિપરાયણા ઉમાની એક એક વાત તેને યાદ આવી

પોતે હવે ઉમાને આ સંસારમાં નહિ મળી શકે એ વિચારતાં વિચારતાં રામરાવની દશા જેમ સીતાહરના વિરહથી રામચંદ્રજીની થઈ હતી તેવી થઈ અને તે ગદ્ગદિત થઈ જમીનપર ઢળી પડ્યો.

મુરઝાઈ દૂર થયા પછી રામરાવે પોતાને 'મહારાજા' જ્યાંજ્યાં બોલતો જોયો. ઘોડા સમેત રામરાવ જેલકર્મચારીનો આજ્ઞાંકિત બની ગયો. મનુષ્ય સ્વભાવજ એવો હોય છે કે તે પોતાને, પોતાની પરિ-

સ્થિતિને અનુકૂળ બનાવે છે; અને ગમે તેટલાં સંકટ પડ્યાં છતાંયે આથી ય મહાન સંકટ બીજા ઉપર પડે છે એમ માની તે સંતોષ પામે છે. એમનાં વસ્ત્ર, ભોજન, સ્થાન, વગેરેપરનો પહેલાંનો જે તિરસ્કાર આવતો હતો તે ક્રમે કરી દૂર થતો ગયો. હવેનો બીજા કેદીઓ સાથે સહજવાર વર્તતો ગયો.

(૪.)

દિવસ ઉપર દિવસ વીતવા લાગ્યા; અને પૃથ્વી સૂર્યની આજુબાજ એક પછી એક ચક્કર પૂરાં કરતી ગઈ. અદ્રિ ઉમાની તપસ્યા પણ સિદ્ધિ સમીપ પહોંચી.

એક દિવસ લોકોએ સાંભળ્યું કે ઉમા કુંવરી છોડીને કયાંક ચાલી ગઈ છે. પછી પૂછવું જ શું? જેટલાં મોઢાં તેટલી વાતો! 'કુલટા' 'પતિતા' આદિ અનેક વિશેષણો, જેમાંના કેટલાક તો કોઈ શબ્દકોષમાં શોધવાને જ જડે, એવાનો ઉપયોગ ઉમાને માટે કરવામાં આવ્યો. જે લોકો ઉમાનો પક્ષ લેતા હતા, તેઓ આ વખતે કાંઈએ બોલી શકતા નહિ. હવેને પણ લાગ્યું કે ઉમાને સાથેથી માનવામાં હવેની ભૂલ હતી. મનુષ્ય પોતે પોતાના હૃદયને પિછાની શકતો નથી; નહિ તો તે ભૂલ કરીને પશ્ચાત્તાપ ન કર્યા કરતા અને અગિયો પણ ઉપદેશ ન આપત કે 'પહેલાં હૃદયારી જનને ઓળખો.'

કાળા પાણીની જેલમાં રામરાવ પોતાનું જીવન વ્યતીત કરતો હતો; અને ફક્ત આશાના એક કિરણોજ મહાપુરુષ સમાપ્ત થયે સૌ રાજદ્વારી કેદીઓને છોડી મૂકવામાં આવશે એવી હવેને આશા આપવામાં આવતી. આશાનો એકજ તંતુ હવેને જીવનદોરી બનાવતો. સાથે એક ચિન્તા પણ હતી. આશાનું ધીમું પડતું સંગીત આ ચિન્તાનેજ આભારી હતું. ચિન્તા હવેનું હૃદય ડોરી ખાતી. એ ચિન્તા એને ગડિયા બનાવતી. એ ચિન્તા ઉમા વિષેની હતી. હવેને જે કાગળો મળતા હવેમાંના કોઇમાંયે ઉમાના સમાચાર જોતા આવતા.

રત્નવારના ચાર વાગ્યા છે. જેલના ચાર વાગ્યાનો ઘંટ વાયુ-મંડળના વક્ષ સ્થળને ભેદીને શાંત થઈ રહ્યો હતો. રામરાને આંખ ઉઘાડી જોયું તો મૂર્તિમતી ઉમા હવેની સમીપ ઉભેલી હતી. રામરાવ આ દૃશ્ય જોઈ અવાક્ બની ગયો. ઉમાએ કહ્યું, "નાથ, હવારો ને હવારો વિયોગ નહિ થાય. હવે હું એવા સ્વરૂપમાં છું કે હવે હવેને સ્પષ્ટ શકશો નહિ. હું હવારી છાયા બનીને પ્રતિક્ષણ હવારી-રીજ સાથે રહીશ." આટલું કહી જેમ વાયુના આઘાતથી ધૂમ્રપુંજ છિન્નભિન્ન થઇ જાય છે, હવેમ ઉમા અદૃશ્ય થઈ ગઈ. ભરાયેલા હૃદયે રામરાવ આ ઘટનાપર વિચાર કરવા લાગ્યો.

રત્નવારના હાજરીના વખતે જ્યારે સૌ કેદીઓ ઓકારા થયા ત્યારે રામરાવે સાંભળ્યું કે તે દિવસે જે સ્ત્રી આવી હતી તે પોતાના ઓરડામાં ફાંસો ખાઈ મરણ પામી હતી. રામરાવની દૃષ્ટિ આગળ-કરુણદૃષ્ટિ આગળ ઉમાની તે શાન્ત મૂર્તિ ફરી ખડી થઈ; અને તુરત જ તે અદૃશ્ય થઈ. રામરાવે મનમાં કહ્યું, "તો શું ઉમા આ સંસારમાં નથી?"

હૃદયના ઉંડા ખુણામાંથી કોઇએ જવાબ આપ્યો, "ના." વાયુ મંડળના પ્રત્યેક કણોએ હવેના અવિશ્વાસુ કર્ણને ખાત્રી આપતો હોય તેમ 'નહીં' ના પ્રતિધ્વનિ કરવા લાગ્યો. રામરાવની આંખે અંધારાં આવ્યાં. હવેના જીવનનું પ્રયોજન આં દુનિયા છોડી ચાલી ગયું. કારાગારમાંથી તે મુક્ત થાય તેપણ તેના હૃદયને આકર્ષણ કરે એવું કશુંજ સંસારમાં રહ્યું ન હતું.

તે દિવસે સાંજે જેલના ઉપરી અધીકારીએ રામરાવને બોલાવી એક પત્ર આપ્યો. ઉમાના મરણ પાખ્યા પછી હવેણી પાસેથી એ મળ્યો હતો તેમાં લખ્યું હતું:-

"નાથ! કાળા પાણીએ આવી તમારાં દર્શન કરી શકીશ, એવી આશામાં રહે તમારી ઘણી તપાસ કરી પણ તમારાં દર્શન થવાં મુશ્કેલ હતાં એ જોઇને હું આજે આત્મહત્યા કરું છું. હવારી પ્રભુને પ્રાર્થના છે કે તે મ્હને ગાઢ કરે; અને જન્મ જન્માન્તરમાં તમારી દાસી બનાવે! તમારી ઉમા!"

આશા દેવીનું મધુર સંગીત ગાતા ધ્વનિનો એકતો એક છેલ્લો તંતુયે તૂટી ગયો.

સંપૂર્ણ.

મોજ–મજાહનાં ગ્રાહકોને સુચના.

કવળ દુઃક સમયમાંજ આ આંકવાડિયું પત્ર એટલું બધું લોકપ્રિય થઇ ગયું છે કે, હમ્મેશાં તેના સંખ્યાબંધ નવીન ગ્રાહકો થાય છે. શરૂઆતથી ચાલતા આવેલા વેપીનો સંબંધ જળવાઇ રહે એ હેતુથી. સ્થાયી ગ્રાહકોની માગણીને માન આપી અમે અંક ૧-૨ છપાવી તૈયાર કર્યા છે. માટે નવીન ગ્રાહકોએ વગર વિલંબે નીચેને ઠિકાને લવાજમના રૂ. ચાર ભરી પાછલા અંકો અને ભેટ મેળવવાનો લાભ લેવો. બદારગામના ગ્રાહકોએ ભેટના પોષ્ટેજના ૦-૪-૦ મળી રૂ. ૪-૪-૦ નો મનીઑર્ડર મોકલી આપવો.

ખલાસ! ભેટનું પુસ્તક ખલાસ!!

ખુશ બહન નામનું જે ભેટનું પુસ્તક અમો ગ્રાહક બનારને આપતા હતા તે પુસ્તક ખલાસ થઈ ગયેલ છે. નવીન ગ્રાહકોને ભેટનું પુસ્તક નહિ મળવાથી નિરાશ થવને જવું પડયું છે, તેને માટે ઘણા ગ્રાહકોની ઇચ્છાને માન આપી જુના આખર સુધીમાં ગ્રાહક બનારને

આશકની આત્મકથા

નામની નવલકથા ભેટ આપવાનું નક્કી કર્યું છે. આ પુસ્તકની નકલો ઘણીજ થોડી છે. માટે વહેલો તે પહેલો, ખલાસ થયે અમોં આપવાને બંધાતા નથી.

મોજ–મજાહ કાર્યાલય

ગીરગામ ચર્ચ સામે ખટાવ બીલ્ડીંગ મુંબઈ નં. ૪

અમદાવાદના એજંટ:-

નંદલાલ દામોદરદાસ

બુકસેલર એજંટ

રતનપોળ નાકા નં. ૨૬—અમદાવાદ.

WE ARE SOLE AGENTS FOR

THE CELEBRATED


QUICKWAY BETHLEM SOCKET WRENCHES.

General Utility Sets For All Purpose.

Turned from solid Bar. Accurately, Broached, Cynade, & Hardened.

QUICKWAY SOCKET WRENCH SET (Set B.)

Special for FORD.




A general utility set. Just like (Set C) with handle but with 6 sockets only. This set takes care o most Nuts & Bolts on Ford car. A compact and powerful tool that will fit into the hard to get at spot with a minimum of trouble. Strong Hexagon handle gives great liverage.

Neatly packed in a neat & durable leather bag.

Price per set Rs. 7-8-0

QUICKWAY SOCKET WRENCH SET (Set C.)



A larger set (with handle like Set B) covering a wider range of sizes; packed in individual tin box ready for immediate delivery. Eight sockets; 5/16", 3", 7/16", 1", 9/16", 5", 11/16", 3".

This general set at popular prices sells on sight to mechanics, garrages and Car owners.

Price per set Rs. 10-8-0

QUICKWAY SOCKET WRENCH SET (C. Special.)




SOCKET WRENCH SETS.

Complete with Ratchet handle, and Extention Bar, a wonderfully fast selling set for the car owner, for private work. Eight sockets 5/16", 3/8", 7/16", 5/8", 11/16", 3/4" packed in a tin box.

Price per set Rs. 15-8-0

QUICKWAY SOCKET Wrench SET (Set D.)



The most practical mechanics' set. Takes care of all assembly and adjustment operations. Twentythree sockets, of deep type, ranging from 9/32" to 30/32"—by thirty seconds. Covers greatest range of nut and bolt heads. Regular bent handle. T-handle for smaller sockets, universal, extention bar and Bethlehem drop-forged ratchet wrench. Complete set, highly finished in copper-oxidized and beautyfully mounted in real heavy hard-wood box to withstand abuse. The most practical set ever offered to the mechanic.

Price per set Rs. 40-0.

LAXMIDAS & DWARKADAS.

Ismail Building, No. 1 Charni Road, BOMBAY No. 4.


આ પત્ર ગાંધરજી પીતાંબર ઠાકરે મુંબઇ નં. ૬૩ મીરાંપોકરી પરેલ રોડપર આવી નોર્થ કોટ પ્રિન્ટિંગ એાફીસમાં કે. એન. સેક્સર પ્રેસમાં છાપેલું છે અને તેની વ્યવસ્થા પ્રિંટીંગ પ્રિવેલેજ મુંબઇ નં. ૪ ઓફીસમાં પબ્લીશર ઓફીસમાંથી પ્રસિદ્ધ કર્યું છે.

ચિત્ર-ભૂષણ

[પુ. ૧ લું.]

[અંક ૭ મો.]

રસિલી રાધા



"ના—ના, કોઈ જાણે તો ફજેતી થાય." પૃષ્ઠ ૫

વાર્ષિક લવાજમ રૂ. ૪-૦-૦

જુદા નકલ સુબઈમાં ૨ આનો. બહાર ગામ સવા આનો

આજના લેખોના ક્રમ.

મુખપત્ર	૧
એક ગીત! (રા. છોટાલાલ)	૩
રસિલી રાધા (૨)	૪
મારી મિસિસનું પરેલું જાણવું (રા. મસ્ત ફકીર)	૭
આગ્રાકાલ્લાનાં ઐતિહાસિક નાટકો (મિસ કરવત)	૮
મુંબઇનું રાત્રિ-રહસ્ય (રા. ચૂતદૂત)	૧૦
પાંચા પરેલની પસ્તાઈ! (રા. સમન્ત)	૧૨
ચાર રેતીયામાં ચોપટે ચરો! (રા. રંદો)	૧૩

આ પત્ર બાયજી પીતાંબર હીરજી મુંબઇ નં. ૬૭ બીચિપોકલી પરેલ રોડપર જેથી નોર્થ કોટ હિન્દુ ઓર્ફનેજ કે એન. સેલર પ્રેસમાં છાપ્યું છે અને તેની વ્યવસ્થા [illegible] પ્રિંટરોએ

મોજ-મજાદ

રવિવાર તારીખ ૨૫ મી મે સને ૧૯૨૪.

અનુક્રમણિકા.

ગાંધીજી કુબ્યાલી.

મુંબઈના સહેરી બાબાઓ તમે આ મોજ-મજાદ વો.
ચાપલાશ ગાવાને તમે આ મોજ-મજાદ વો.
રાણીની રોનકને સહેરા અને મીનીસ્ટરનું ભાષણ,
એ બધાનું તમોને જોય તો મોજ-મજાદ વો.
કુણા તે મોપલા સબવાની જોડીએ ચાર પૈસામાં
બબુચકપણ રૂપૈયો આપો તમે આ મોજ-મજાદ વો.
જ્યાં છે મોદમણીના નાગોરિગ બેદ પણ આમાં,
રહ્યો' બબુચા માટે તમે આ મોજ-મજાદ વો.

તા. ક.—અમારા રૂપૈયાવાળાને આ ગજલ ગાવાની અમે સંપૂર્ણ છૂટ આપીએ છીએ.

એક ગીત !

(એક અદ્‌ભુત કાવ્ય.)

લખનાર—ના. છોટાણ

પ્રસુખ—"છોટાણ મંડળ"

વને વને રોણે,
જૂથે જૂથે ઝાળો
ડાળે ડાળે માળાઓ
કુદરતનાં દિવ્ય સંતાનનાં ચ્હાવાં પખીડાં
સ્વતંત્રતાનાં બાળકો સહીખડાં.
આનંદનાં, ઉદ્‌ગારનાં
ગાણ છે સ્વતંત્રતાનાં ગાનઃ
સ્વતંત્રતાના રાજુ
જ્ઞાનવિહીન દિંસારતો
નથી ગમ્મતાં સ્વતંત્રતાનો અન્યોઃ

એટલે ગોકણમાં કાંકરો ગણી
જેવા આવે છે તે સ્વાધીનોની જનની.
કવિયો ગાય છે
સ્વાધીનતા તો પખીડાંની
સ્વાતંત્ર્યવાંઓ
આદર્શ આપે છે ભોંયે પખીડાંનો
પણ પંખીડાં તો સ્વાતંત્ર્યથી ડરી
ભરાય છે બખોલમાં
કરેણુ ! તે સ્વાતંત્ર્ય નથી,
છે સ્વચ્છંદતા.
સ્વાતંત્ર્યમાં પણ તંત્ર તો છે જ—
પગ નહિ તો પ્રભા
સ્વાધીનતાનાં આંદોલના તો છે જ
પરની તહિ તો સ્વાની:
કારણ કે
સર્વ ઉપન્ન કરે છે
અધીનતા અને તંત્ર
રક્ષણ કરે છે બધે
સંપત્તિદ્રોહ વ્યક્તિસ્વાતંત્ર્ય
તો ક્યાં ! સ્વાતંત્ર્ય નહિ પણ સ્વચ્છંદતાઃ
બધન વિના
નિર્બંધ રમ હોઈ શકે ?
અધકાર વિના પ્રકાશ કે સંભવે ?
બધ તો બાંધવા છે કર્તવ્યોએ
પોતાને જ હાથે,
એને પણ સ્વીકારવાં પડ્યાં ગોરી શાસિકાનાં બ્બેદબધનો !
અને તે બધ માન્યે જ છુટ્ટો.

ઇતિશ્રી સ્વચ્છંદપુરાણે રેવાસ્વપ્ન અપરનામ્ય મહાકાવ્યે સ્વચ્છંદતા-પ્રતાપ નામક નવમોધ્યસમાપ્તોયાવલિ અધ્યાયઃ

☞ આ બ્રહ્માનદી કાવ્યનો કુર્તા સ્ત્રીખરો કવિદાસ છે. અંદરીના પ્રથમ રંગ પ્રેક્ષકમાંથી ચઢેલા કોઈક અતિશ પ્રેક્ષકોના બીજુમાંથી કાઢ્યોદીએ તદ્ તો કર્યું, ગા-ગા અને ગજલ. અવતીના નવે ખડોમાં ગાવું અને ગજવું. બિણા મજી અને મુસ્કેરાટ. એનાં ગ્રાજ્યોરનાં નયનોમાંથી વિજળી ઝબૂકી અને બોલી, 'ધન્ય પ્રભુજી! આવું અનુપમ રસઝરિત કાવ્ય નથી નથી સભાવું જનતમાં શેક્ષપીઅર અને કાલિદાસ મળી ગયા ચિત્રાયતા પિંજરામાં બીબી રીબીને, ઉત્તેજનના હાથોએ બ્બકાયા એ કાગમાં બેડીનાં બધનોથી. પણ અરે ! ઉપાદેશ્યિ તમને ગુજરાતમાં મોકલીને સ્વાતંત્ર્યનો પૈગામ મુબાવ્યો છે. એ મંગળ ઘડી એ સંતકુજના સંતો ! ધીરતાં પારણું ઝુલાવતા ઝુલાવતા નવ ડુબો વધાવવાનું ન ભુલતા. એ તો દેવોના આદેશ છે. ગાજે-ગાજો એ ધીરતાં પારણાં ઝુલાવતા !"

પછી ક્રિયા ઉઘી ગઈ અને હું.....

૨ સિ લી રા ધા

લખનાર:– ?

' કવિત્વ આ અહેને છે થયું કહું !
મરણની ન કાં ઓથપે વઉં ?
ન સુજ વિશ્વ ને વિશ્વની ન હું,
દિલે ન મૂકુથી આ નિવારવું !
કલાપી.

વાહ્લા ! જ્યારથી તમારા બહુ લાંબો નહિ પરંતુ કરુણાપૂર્ણ છે. હું બાલ્યવૃદ્ધાવસ્થામાં જન્મેલી, વૃદ્ધ વરને બનારે પડેલી એક વિશેષ કેળવણી વેગેરે રીતે વિલક્ષણતાની વારંવારિતા બની એ હેવાલ રજૂ કરવા માટે સાજરાજનને દેશવટો આપી દઈ લેખિનીને મેં હાથમાં લીધી છે.

ગરીબ માતાપિતાને ઘેર હું જન્મી હતી. જ્યાનપણથી રસિક ગ્રિસ્તજનો મારા સૌંદર્યની પ્રસંસા કરતાં હતાં. બાર તેર વર્ષની ઉમ્મર થતાં ગૃહીમાં જે ગુજરાતી પાંચ ચોપડીઓનો અભ્યાસ કર્યો હતો તથા સ્વાભાવિક રીતે હું વાંચનની રસિયણ બની હતી.

અણુસુધું ફૂલ, નખરો પણ અણુસુધી હતી, અણુસુધીમું મન, અણુપાખ્યું નવું મન એ સહુના જેવું મારું સૌંદર્ય કામ વગરનું હતું.

જોતી ઉમ્મરમાં સરખી ઉમ્મરની સખીઓ તથા સખાઓની સાથે વરવહુની રમતો રમી ભાવિ જીવનનું જોઈ એક કલ્પનામય બનેહર ચિત્ર મારા મનમાં અંકિત કરી રાખ્યું હતું.

હું જ્યારે ચૌદ વર્ષની ઉમ્મરની થઈ ત્યારે મારા પિતાએ બ્યાસી વર્ષ પુરાં કરી વતનમાં ગયેલા એક વૃદ્ધ વિધુર સાથે મારું લગ્ન કર્યું અને લગ્ન થતાંની સાથે જ સંસારજીવનનું જે રમ્ય કલ્પનામય ચિત્ર મેં મારા મનમાં અંકિત કરી રાખ્યું હતું તેના ઉપર કાળી સાડી ઢળી ગઈ.

મારા પિતા પાંચ હજાર રૂપિયા લઈ કન્યાદાન દઈ ઋણમુક્ત થયા અને હું મારા વૃદ્ધ પતિની સાથે અમે બરડીઓ વટ છત્યાં રે આનંદઅર્ણવ ના રમણીક ઉદ્ગારિત સંગીતધ્વનિ આંબળાની મુંબાઈ ગઈ.

મારા પતિ મુબઈમાં શેરબજારનું તથા રૂનું બીજનેસ કરતા હતા. પરના આનંદપ્રસંગે એમણે હું હજારો રૂપિયાની ઉચલપાચલની પત્નિ સાંભળતી હતી. હું એ વરની બીજી ગૃહિણી હતી. પહેલી બે ઓલાદી મારા પતિને એક પુત્ર અને એક કન્યા થયેલાં હોઈ એ પુત્રની ઉમ્મર મારા લગ્ન વખતે પચાસ વર્ષની તથા પુત્રીની ઉમ્મર બીજ વર્ષની હતી. પુત્રનું નામ રમણુભાઇ અને પુત્રીનું નામ કમળા હતું. મારા લગ્ન થઈ ગયેલાં હોઇ કમળા સાસરે રહેતી હતી અને રમણા મારા ઘરમાં જ મોટી-દિયોરી ભલી-બનાવીયા રૂપે સંસારજીવનના ખેમ રમતો હતો.

રમણુ અને બનલીલાની સંતાકૂકડીની રમત, એકાન્ત ગોષ્ઠી પ્રેમાલાપ કરવાનો તેમનો પ્રયત્ન અને નવજીવનના રસિકતાથી ભરેલા ઉભરાતાં કોઈ કોઈ વખતે છુપી રીતે હું જોઈ લેતી હતી. એ પ્રેમાલાપ જોઈ મ્હોં મરડી જતું કે સાથી મારાથી અજાણતા ઉદ્ગારોમાંથી આ નિષ્કર્ષ મારી દેવાતા હતા.

ઘરમાં રસોઇઓ તથા નોકર ચાકર હોવાથી મારે ઘરનું કોઈ કામકાજ કરવું પડતું નહોતું. મારા પતિના નિત્યક્રમનું પોષુન કરી પરવી હું મારા નિત્યક્રમનો ઉલ્લેખ કરીશ. તેઓ રસોવારે સ્નાન વગેરે ઉત્તમાવાન અને સ્નાન કરી ચા હરી નરેક વાગે દૂધ પીતા હતા. પછી બે કલાક બજાર ફરી આવી આઠ વાગે જમી એકાદ કલાક વામકુક્ષી કરી કોટમાં ચાલ્યા જતા. કોટમાંથી રહાંજે સાત વાગે ઘેર આવી જમીને દશ સાંજવાના જતાં અગિયારમાંથી રાત્રે દશ અગિયાર વાગે ઘેર આવી શય્યામાં સૂઈ રહી બે ચાર કલાકમાં જ રામરેહની બાકી જાગે હું કે નિદ્રાને બની જતા હતા !

હું સવારે અગિ વાગે ઉઠી દંતધાવન કરી સ્નાન કરતી હતી. પછી અડધા કલાક સુધી કેશસજન કરી સુંદર વસ્ત્રાલંકારો પહેરી દેવદર્શન કરવા જતી. ગુરૂદેવની ચરણરજ શિરે ચઢાવી ભક્તપૂજા સેવાથી તેમને સંતુષ્ટ કરી બપોરસુધાર કરતી કરતી હું ઘેર આવી કલાકેક રસિક નવલકથા વાંચી અને પતિ જમીને વામકુક્ષી કરતા એટલે રસોડામાં જઈ જમતી હતી. પછી બાકી આવજ એકાન્ત ઓરડામાં પલંગ ઉપર બિછાવેલી સ્વચ્છ શુદ્ધિમાળ શય્યામાં આવી કઈ વાર્તાઓ વાંચવી. બપોરે વાગે બળવા આવેલી રાધા, રમા, આત્રિકી વગેરે સખીઓ સાથે મેસી ત્યાં પી વાર્તાવિનોદ કરતી હતી. બનલીલા મારી પાસે કવચિત જ આવતી. બનતા સુધી તે મારાથી દૂર જ રહેવાનો પ્રયત્ન કરતી હતી.

પાંચ વાગે હું પુનઃ સુંદર વસ્ત્રો પહેરી, દ્રવ્યિકર જેવો કેશ-કલાપ સુવ્યવસ્થિત કરી તેમજ આગળના ભાગને કામદેવના બાંધા જેવો મરોડદાર બનાવી એકાદ સખાને ઘેર જઈ કલાકેક બેસતી હતી અને પછી દર્શન કરવા જઈ ફરતી ફરતી રાતે સાતેક વાગે ઘેર આવી જતી હતી. રાત્રે વહ પતિની સાથે ગ્રથનગ્રહ્યાં સઈ રહેતી વખતે ઇચ્છા નહિ હોવા છતાં હું એક રામાયણના ઉતારું પુસ્તકને પલંગ ઉપર મૂકી રાખી પતિદેવને ન્હારી ભક્તિવિષયતાનો પરિચય કરાવતી હતી.

રમણુ અને બનલીલાને વાર્તાનાં પુસ્તકો વાંચવાનો ઘણો શોખ હતો. રમણુ દિવસે કૉલેજમાં જેતો હતો ત્યારે બનલીલાના ઓરડામાંથી હું ગમે તેમનાં પુસ્તકો લઈ આવતી હતી.

ઉમ્મરના વધવા સાથે મારું સૌંદર્ય પણ વધવા લાગ્યું. કમળા વિકસવા થવા લાગ્યું; પરંતુ જોગી મધુર વસ્ત્રકુંજમાં ક્યાંક છુપાઈ ગયો હતો ! શ્રીમંતાનાં સદ્ભાગ્ય સાથેનો હોવા છતાં જ્યાં ન્હારી હાલત એક કૂપરે કરનાં પશુ વિશેષ કરુણ હોય એમ મને લાગવું હતું. મધ્યાન્હકાળના પ્રખર તેજના જેવું મારું સૌંદર્ય આપનામાં ખીલવે હું નિસ્સા ઉપર નિસ્સા મારતી હતી. વર્ષાઋતુનો ચરિતાર્થવાહ જેવા જોરથી આગર તરફ દોડી જવે તેવા જ જોરથી મારા શરીરનું

સાન્ટાક્રુઝ આવી. ધીમે ધીમે અંધારું પ્રાપ્ત તે જાણી ગઈ તથા તેણે મને પોતાને ઘેર આવની બંધ કરી દીધી. સગર્ભા થવા પછી, મારી ચિંતાની પાર રહ્યો નહોતો. મારા જેવા જાહ્યકુટુંબીજન એક વિધવાને સંતાનપ્રાપ્તિ થાય તો લોકો કેવી કઠોર નિન્દા કરે એ હું સારી રીતે જાણતી હતી.

વિધવા થયા પછી શોકપ્રદર્શને આવીને ઘઈ મારે મારા અંગત કારો કાઢી નાખી શોક પાળવો પડતો હતો. શોકસ્થાનમાં તથા ઘર-અભરની ચહેરીમાં મારા પતિને ઓટલી બધી ખોટ આવી ગઈ હતી કે, જેતેઓતામાં તેમની સભળા સ્થાવર અને જંગમ મિલકત વેચી-નાખી દેવું ભરવું પડયું. રમણે ઘરજંજાળનો સઘળો બોજો શિર ઉપર આવી પુગ્યાથી બી. એ. ની પરીક્ષા આપ્યા વિનાય જ અભ્યાસ છોડી દીધો તથા તેણે ઓફ દેશી રજવાડામાં નોકરી મેળવી, મુંબઇની સગળ જંજાળમાંથી મુક્ત થયા પછી અર્થાત્ એક મહિનામાં અમારે મુંબઇનો ત્યાગ કરવાનો હતો.

એ વખતે મારી પાસેની સિલ્વર-અલંકારો અને રોકડ મળી-આશરે બેએક હજાર રૂપિયાની હતી. રમણ તથા વનલીલાનો મારા તરફ પ્રથમથી જ સદ્ભાવ નહોતો એ પ્રકાર વાંચકથ બુઝો જાણે છે. વિધવા થયા પછી મારે એમનો જન્મનો તિરસ્કાર સહન કરવો પડતો હતો. પિતાનું દેવું ચુકવતાં રમણે મારી પાસે મારી પાનની સિલ્વરકની માગણી કરી હતી; પરંતુ તે મેં તેને આપેલી નહિ હોવાથી સ્વા-ભાવિક રીતે જ તે મારા ઉપર વિરક્ત રહેતો હતો. હજ સુધી મારી સગર્ભા હાલતની વાત કોઇના જાણવામાં આવી નહોતી.

અંતે વિકૃતવાદીમાં રહેતી એક મારી ઓળખીતી પાર્વતી નામની ગ્રેજ્યુએ સ્ત્રી એક દિવસે એકાન્ત લેવે મારી પાસે આવી. પાર્વતી વિધવા હોવા છતાં તેણે પોતાનાં સૌભાગ્યચિહ્નોનો ત્યાગ કર્યો નહોતો. બહિરંગથી શૌરી સર્વથે તેનો પરિચય થયો હતો. તેની કુટિલ સલાહથી હું વિકૃતવાદીમાં આવેલા તેના મકાને જઇ એક બે ગ્રીમત પ્રસંગોના આનંદી સહવાસમાં આવી હતી. બાસ્કિક વેપારી તારાસંદરી નામની એક નવયુવતી પાર્વતીને ત્યાં રહેતી હોઇ તે પાર્વતીને પોતાની માતા "તરીકે ઓળખાવતી હતી; છતાં હવે હું જાણી ગઇ છું કે, તારી કાળિયાકાકની અયસણ અને પાર્વતી-યુજરાનની એક વિધવા બાજણી છે. તારા આરંત પાર્વતી પુષ્કળ પૈસા પેદા કરતી હતી.

પાર્વતીએ એકાન્તમાં મને કહ્યું—"બહેન! વિધવા નારીની પરા-ધીન સ્થિતિ કેવી દયાજનક છે તેનો હું તમને નિત્યકુટુંબ અનુભવ નથી હજવે તમને જણાવી તેમજ કેવા દર્દ આપ્યું છે. જો પ્રયત્ન કરો તો હજ પણ તમે સુખી થઇ શકો તેમ છો."

આકાશારૂઢ કિંવા ધર્માધર્મનું શિરાંજું મને મળ્યું નહોતું. પાર્વતીનાં આ વેધન સાંભળી હું વિચારમાં પડી ગઇ. મારા અંગત જીવનનો બળુજ ઇતિહાસ એ જાણતી હતી. મેં તેને મારી સગર્ભા સ્થિતિની વાત કરી એટલે તેણે કહ્યું—"સુધાનીમાં એવી ભલા ઘણી વિધવાઓથી થઇ ગમ છે, પરંતુ કરવામાં આવેલી ભલ મારે જો પ્રથમથી સાવધાનતા નથી રાખવામાં આવતી તો જીવનપર્યંત તેનું વિષમ ફલિ ભોગવવું પડે છે."

આવી રીતે અનેક પ્રકારે સમજવી પાર્વતીએ અને પોતાના આશ્રયમાં જઈ રહેવાનું કહ્યું. એક રીતે આવી ભય મારા મનમાંથી દૂર થયો નહોતો તેથી બીજો કોઇપણ ઉપાય નહિ હોવાથી મેં પાર્વ-તીનું કહેવું કબૂલ કર્યું.

એક દિવસે રાત્રે રમણ અને વનલીલા નાટક જોવા ગયાં હતાં. હું ઘેર જ હતી. રસોઇઓ, રામો વગેરે સહુ કામકાજથી નિવૃત્ત થઇ ઘેર આવ્યા ગયા હતા. આજે રાત્રે જ મેં પોપના મારામાં મકાન પ્રસવોન કરવાનો નિશ્ચય કરી રાખ્યો હતો. રાત્રે એકાન્ત મળતાં કપડાંવતાં, અલંકારો મારી પાસેની રોકડ સિલ્વર વગેરે બાંધી લીધું હું ઘરની બહાર નીકળી પડી. મુખ્ય દ્વારની બે કુંચીઓ હોઇ તેમાંની એક રમણ પોતાની પાસે રાખતો હતો. હું દ્વારને તાળું મારી નીચે ઉતરી બાજાની વિક્ટોરિયામાં બેસી વિકૃતવાડીમાં પાર્વતીને ત્યાં આવી ગઇ.

પાર્વતી કેવા અધમ વ્યવસાયથી પોતાની આજીવિકા ચલાવતી હતી એ વિષયનું વર્ણન હું કરી ચુકી છું. નિરુપાયે મારે પણ એ વ્યવસાય સ્વીકારવો પડયો.

થવા સગર્ભ ગર્ભ એક પુત્રીની પ્રાપ્તિ થઇ. પાર્વતી વાળી તરફ પોતાનું નામ નોંધાવી એ મારી પુત્રીને—મારા પાપના ઉજ્જવલ ચિહ્નને એક અનાથાશ્રમમાં મકી આવી.

સુધાકરમાં મારા સૌંદર્યનો નાશ ન થઈ જાય એ માટે પાર્વ-તીએ ઇન્જેક્શનપૂર્વક ઘણી કાળજી રાખી. હું સુધાકરમાંથી જાહેર રોડ ઉપર ઉતરી એટલે બહેર પાંચેક પ્રથમનો ઘુઘુન વ્યવસાય ચાલુ કરવો પડયો.

ચારેક માસ સુધી મારી પાસે રહી અંતે પાર્વતીએ તથા તારએ મને બરાબર હાથવાટી આપી. મારી પાસેની સઘળી સિલ્વર, અલંકારો વગેરે મેં પાર્વતીને આપી રાખવાં સોંપું હતું. એ સઘળી મિલકત લઈ પાર્વતી અને તારા એક દિવસે ક્યાં અદશ્ય થઈ ગયાં એ હું સમજ શકી નહિ. હું દીવો લઈ ઢંઢોળાં-પડી હતી. હવે હું ભિખારિણી બની ગઈ. મારા શરીર ઉપર જે ચારેક પાંચસોની રકમના અલંકારો હતા તેજ મારા જીવનનો આધાર તરીકે રહ્યા.

પાર્વતી તથા તારાના ગુમ થઈ ગયા પછી બીજે દિવસે ઉપ-રોકત અનાથાશ્રમમાં જઈ મારી પુત્રીની મેં તપાસ કરી તો બધ્ય-વાત થયો. તેણે કહ્યું કે, "જે બાઇ એ કન્યાની વાલી હતી તે બે વિસ્સર્યા કન્યાને આઠીયો લઈ ગઈ છે." અનાથાશ્રમમાંથી મને વિશેષ કાંઈ માહિતી જાણી નહિ. મારી અજ્ઞાન શિશુક-જીવા ભવિષ્યની વિચાર આવતાં મારાં નેત્રોમાં અશ્રુજળ ભરાઈ આવ્યું. ઘેર આવી મેં ઘણા સમય સુધી રુદન કર્યું.

ઉપરોકત બનાવ બન્યા થયાને ચાર વર્ષ વીતી ગયાં છે. પાર્વતી, તારા કિંવા મારી પુત્રીમાંથી હું કોઇનો પત્તો મેળવી શકી નથી. હું ઉચ્ચ-કુલોત્પન્ન એક અભણા આજે વિકૃતવાડીની રાંધા તરીકે ઓળખાઉં છું અને દેવદિવસ કરી સુખે દુઃખે જીવનનો નિર્વાહ કરું છું. આ કોનો વાંક એ મારે કહેવાની જરૂર રહે છે ખરી કે? [સમાપ્ત.]

મારી મીસીસનું પહેલું ભાષણ!

લખનાર:—૨૧. મસ્ત-કુફીર.

(તા૦ ૧૧-૫-૨૪ ના અંકથી ચાલુ.)

(૨)

"ઠીક કંઈ નહિ, મીસીસ ચંચળ કહીશું," વળી અમારા કલ્પિત પેઢીઅન્સ તરફ ફરીને "ગૃહસ્થો, કાઠિઆવાડનાં આ જાણીતાં વકતા મીસીસ ચંચળ "ઓબ્લીગ કર્તવ્ય" અથવા એવાજ કોઈ ભરતા વિષયપર બે બોલ બોલશે તે શાંતિથી શ્રવણ કરશો."

"બે બોલ શું કરવા? કૂ તો લાંબું લાંબું બોલવાની છું!"

"અચ્છા વગરની, સમજે નહિ ને ડહાપણ ઘાની ડોલે છે?" કૂ ચીરાયો.

"સભામાં પ્રમુખ આમ વકતાને ગાળો ભાંડતા હશે કે?"

"તો ચૂપચાં સમજ, બે બોલ તો કહેવાના, એ શબ્દ તો વિવેક અને વિનય બતાવવા વપરાય છે. બે બોલના નામથી કેટલાક વકતાઓ બોલ્યા ઉપરાંત જ્યાં ત્યાં ચુપી પીંજણ કર્યા કરે છે. ઘરભરા અને મહેમાનગીરીમાં જેમ "કુલ નહીં તે કુલની પાંખડી" કહેવાય છે તેમ તે ભાષણમાં વકતા ગમે તેટલું બોલે તો પણ એ મજકૂર જ કહેવાય."

"ઠીક, સમજી ગઈ. આગળ ચલાવો પ્રમુખ સાહેબ!"

"હા, શું કહેતા હતો? ગૃહસ્થો! કાઠિઆવાડનાં જાણીતાં વકતા મીસીસ ચંચળ તમારી સમક્ષ બોલશે તો તેમને શાંતિથી સાંભળશો."

પછી જાણે કોઈ ખરેખરી જંગી સભામાં ભાષણ કરવા ઉઠતી હોય એવી અદાથી હાલવું મરોડ, રાખી ચંચળ ઉઠતી.

"મુઆ પગ ધ્રુજે છે, અને માથામાં તમ્મર આવે છે."

"કંઈ નહિ, શરૂઆતમાં દરેક વકતાને એમ થાય. મહાવરો પડ્યાં બધું મટી જશે, હવે ભાષણ આગળ ચલાવ."

ચંચળ ભાષણ શરૂ કરતી:—

"સદ્ગત પ્રમુખ સાહેબ, ભાઇઓ અને બહેનો, "ઓબ્લીગ કર્તવ્ય" એ વિષયપર હું બોલવાની હતી—અરે! નહિ રે બોલીશ,—અરે! અમથી બોલું છું. "ઓબ્લીગે એસોટ કરવી જોઇએ. પતિની સેવા કરવી જોઇએ, સાસુ સસરાની આજ્ઞા માનવી જોઇએ, નાની નણંદ ને નાની દેરને મોટી નણંદને મોટી દેરને, અને જેઠને સસરા જેવા તથા દીયરજીને નાના ભાઇ જેવા...

"તદન દિકૂયાની! એવું કોચવાની સાસવું શું બોલે છે? કંઈ નવું બોલ. નવું. એવા ઠોબીયુક વિચારો અને ચિંથામણવાળી વાત જેવાં વાયેથી આજનું "સોસાયટીનું ઓબ્લીગ્સ રીમે નહિ."

"પણ મને બીજું કંઈ આવડું નથી." ચંચળે નિર્દોષ ભાવથી એકરાર કરી નાંખ્યો.

"હજુ ઓ! અજાન પ્રકટ કરે છે? દરેક વકતાએ તો પોતાને મહાન નેતા જ સમજવો જોઇએ. આંખો અધૂકું ઢાંકીએ, અડધા છીપીએ, આધાતમાં આખી અને બૂરો ઘણી છે, એ તો સામાન્ય મનુષ્યોએજ જાણવું જોઇએ. ભાષણકારોએ તો પ્રથમ પોતાની શક્તિ માટે અભિમાન ધરવાનું શીખવું જોઇએ. બીજા બધા મૂર્ખ અને હું ઓહોહો! ઘણો એમ અમળવાર વકતા જનસમાજપર છાપ પાડી શકે છે. ઓડીઅન્સથી ડરાવું નહિ, તેને ગાફરીમાં સમજવાં અને એમ સમઝને કામ લેવાય તોજ અસર થાય. કંઈ નહિ, ગભરા નહિ. તારું મગજ ખાલી છે એટલે શું બોલવું તે તને ચટ પડતું નથી. તેમાં જાત જાતનાં ભાષણોરૂપી માલમસાલો આપણે વારશું. વાર, આજે સવારે છાપામાં આવેલું મીસીસ બેસંટનું ભાષણ જે તને વાંચવા આપ્યું તે ખોટે કર્યું છે?"

"આપ્યું થયું છે."

"કંઈ ફિકર નહીં, જેટલું વાદ હોય તેટલું બોલી લ."

"પણ એ મારું ભાષણ કેમ કહેવાય? એ તો મીસીસ બેસંટનું છે."

"સમજે નહિ ને ડહાપણ ઘાની કરે છે? ભાષણો એમજ થાય. પોતાના વિચારો બોલનારા વકતાઓ તો આંગળીને વેઢે ગણાય એટલા હોય છે, બાકીનાઓએ બીજાના વિચારોજ બોલે છે. ધારાસભાના કેટલાક ઓનરેબલ મેમ્બરો પોતાના સ્ટેકહોલ્ડરોના વિચારો બોલી જાય છે, અરે બોલી જવાતીથી શુદ્ધ હોતી નથી—એમ તેમ વાંચી જાય છે. ટાઉનહૉલ જેવી જંગી સભાઓમાં કેટલાક વકતાઓ અઢીકલાક ભાષણ કરતાં બકે અને મેકોલેના ગેરમોઢે બોલી જાય છે. તેમ ઘણા અસલદારી વકતાઓ ગાંધીઝમ્, નવજીવન કે કોઈ નેશનાલીટ છાપાનો અગ્રલેખ સભામાં ચટપટ બોલી જઈ સાંભળનારાઓને મુગ્ધ કરી નાંખે છે; એ તો એમજ ચાલે."

પછી બિચારી ચંચળ મોરી કરવી પડે છે એ ભાવ મનમાં યથાથી શરમાતી શરમાતી મીસીસ બેસંટનું ભાષણ બોલી જાય, અને જ્યાં વચમાં વચમાં તાળીઓ પાડવાનું હોય, "સાંભળો-સાંભળો" કહેવાનું હોય ત્યાં ઓડીઅન્સની વતી હું પોતેજ તેને ઉત્તેજન આપું.

"જોતી ચંચળ, ભાષણ કરતી પખતે એમ ગીધાં વાંસમ જેવાં ઉભાં રહીને, ઘાણી ફૂટતી હોય તેમ નદિ બોલવાનું, વચમાં વચમાં હસતી ન, ગુસ્સે થા, સાકરપાળા ખા, ફિલ્ટરીર થા, કોઈની માફક એક પગ આગળ લાંબી તાજવાની માફક ધ્રુજ, કાં કોઈની માફક વચમાં વચમાં ટટાર થઈ જઈ, કમ્મરમાંથી વળાવ ખાઈને ખાંચી ચારે બાજુ નજર ફેરવ, કાં કાનની માફક વારંવાર આડીની ગોદ તાણી વારે ઘડીએ માથાપર બેસ, ચિંથા ટેબલપર મુકી પગાર અગર તે દાંત ક્યાંસવાવ."

"ઋષ્યું, એવાં નાટક જેવાં નુખસાં કરવાં હોય તો કોમ બીજાને શીખવો; હું તો મારે કેમ બોલવું તેમ બોલીશ."

"ઠીક કંઈ નહિ, તારે ફાવે તેમ બોલજે."

આવી રીતે વરસેક દિવસ સુધી રીહરસલ અને તાલીમ આપી, શાલ રામમોહનરાય, અને નમ્રદાસકરથી માંડી મહાત્મા ગાંધી

મુંબઈના દરેક દરેક દેશનેતાઓનાં જુદા જુદા વિષય પરત્વેનાં અને ખાસ કરીને એમના સંબંધીનાં ભાષણો ચંચળને મ્હોંએ ફેરવી, તેને પંદરથી પચ્ચીસ મે તેને પોપટી બનાવી દીધી. પણ હવે બહાર કેમ પડું?

જાહેર તખ્તાપર.

• મારી ચંચળને બહાર પાડવા આ અપ-ટુ-ડેટ જમાનાનાં સંબંધમાં અપ-ટુ-ડેટ સાધનો, રીતિ, નીતિ વગેરેનો લાભ લીધો.

• પહેલાં તો માસિકોમાં લેખો અને કવિતાઓ હું પોતે છપી તેનાં નામથી મોકલાવી આપતો. કોઈ માસિકના દીવાળીના અંકમાં તેનો ફોટો પણ મુકાવતો. મારે ગમે તેમ કરીને તેને જાહેર પ્રજાની નજરમાં આબરૂવી હતી. ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ, સેવાસદન, વનિતા વિશ્રામ, રાજકીય કી સભા, જૈન મહિલા મંડળ વગેરે વગેરે મંડળોમાં મેં તેને મેમ્બર બનાવી અમારા વિભાગની કૉંગ્રેસ કમીટીમાં પણ તેને દાખલ કરી. પગાર બેકમાંથી સાડા ત્રણસોનો મળતો હતો, અને અમારાં એનું ખર્ચ ઓછું; એટલે ચંચળનું માન વધે તે માટે જુદાં જુદાં મંડળોનાં ફંડમાં કોઈ વખત ગજા ઉપરાંત પણ તેની પાસે નાણાં ભરાવતો. એક આગેવાન ડાપાના અધિપતિ જોડે દોસ્તી કરી મારી ચંચળ જે સભામાં ભાષણ કરવાની હોય ત્યાં રીપોર્ટર તરીકે બંદાજ હસી જતા અને પછી જોઇ લો ખીલ્વ દિવસના પેપરોમાં ચંચળનાં ગુણગાન! કોઈ ઓનાં મંડળમાં પક્ષાપક્ષી થતાં કે અંદર અંદર બેરાઓની વધવાઘ થતાં, જ્યારે જ્યારે ચંચળને એ બનાવ માટે બે ચાર શબ્દો પૂછી બીજે દિવસે છાપામાં તેનો મક્કમોટો ઇન્ટરવ્યુ મોકલી આપતો, અને તે આ પ્રમાણે હેડિંગથી પ્રગટ થતો.

મુંબઇ મહિલા સમાજમાં મારામાર.
પ્રમુખ અને સેક્રેટરીનાં કહેવાતાં રાજીનામાં.
તેની વાર્ષિક સભામાં સેવાયલાં છાજીયાં.
આ બનાવ વિષે જાણીતાં ગીરીસ ચંચળ શું કહે છે?

ઓવો ઇન્ટરવ્યુ પ્રગટ થતાં બોમ્બગોળા ફૂટતો અને સામા પક્ષ તરફથી ફુમલાઓ થતાં મારે જ જવાબ આપવો પડતો.

પહેલું ભાષણ.

હા! પણ વાચક મિત્રોદર, મારી મીસીસનું પહેલું ભાષણ કેવું થયું હતું એ તમને કહેતાં હું ભૂલી જ ગયો હતો; ભ્યો એ ભૂલ સુધારું.

મારવાડી વિદ્યાલયના વિશાળ ચોગાનમાં પંડિત માલવીયાના પ્રમુખપણા હેઠળ એ એક જંગી સભા મળી હતી. લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ માણસોની મેદની મળી હતી અને ખંદેરા પણ ત્રણસો ચારસો જેટલી હાજર થઇ હતી. હું પોતે કલાક વહેલો બેકમાંથી નાપત્રી મારી રીપોર્ટરોની ટેબલપર બેસી ગયો હતો. બેકમાં મારા ઉપરી શ્રી રસ્તમજી શેઠની એવી સન્માનની ભાવના અતિ તીવ્ર હતી. એ દિને ચાર વાગે તેમની પાસે જઈ એરંડીયા જેવું મ્હોંડું કરી મેં તોપ મારી કે "એરી મીક છે તેને માટે દવા લેવા જવું છે."

"કંઈ નહીં કચરાભાઈ, બેલાશક સીધારો! આજે ઢ્રેઢવરાતી ઠીકુ હોત ને નહીં આવ્યા હોત તો બી ચાલતે. કાલે સાડ યાય તોજ આવશો. હું મોટા સાહેબને કહેવરા."

સભામાં એક પછી એક ભણીતા દેશભક્તો આવવા લાગ્યા. અને હાજર રહેલું લોક તેમને તેમની યોગ્યતા પ્રમાણે વધાવી લેતું હતું.

પંડિતજી આવી પહોંચ્યા. માનનીય પંડિત મદનમોહન માલવીયા, પ્રખર દેશભક્ત પંડિત માલવીયાજી, વરસો થયાં એકજ સરખા લાગતા, સફેદ વસ્ત્રમાં શોભતા પંડિતજી પ્લેટફોર્મપર ચડ્યા અને સભામાં પુષ્કળ તાળીઓનો ગગડાટ અને હર્ષનાદ થઇ રહ્યો. પંડિતજી પ્રમુખ સ્થાને બીરાજ્યા. સભામાં ચુપકીદી પથરાઈ ત્યાં મહિલા સમાજની મંત્રી સાથે મારી ચંચળ આવી પહોંચી, અને પ્લેટફોર્મ પર ચઢી. મેં ધાર્યું હતું કે ચંચળને જોઈ સભા તેને તાળાઓથી વધાવી લેશે, પણ અફસોસ એક પણ તાળી તો શું પણ કોઈએ ચપકી સરખી પણ ના વગાડી. બ્હી ગએલી બકરી જેવી આંખે તેમ રેઢી કરતી બીચારી બીંહીની માફક તેણે પ્લેટફોર્મપર પાથરણાની છેલ્લી હારમાં જગા લીધી.

મુંબઇની જનતા કેવી બેદરદ? મારી ચંચળ જ્હેર તખ્તાપર પહેલવહેલી હાજર થાય અને તેનું ચોગ્ય સ્વાગત નહિ? અફસોસ! કંઇ નહિ; હું તેને જાહેર પ્રજાની જાણમાં લાવવાનો-બસ લાવવાનો.

પંડિતજીનું ભાષણ થયું. બીજા વકતાઓ બોલ્યા અને પછી મુંબઇની બહેનોએ તરફથી બોલવાને પ્રમુખે મીસીસ ચંચળનું નામ પોકાર્યું. મારી છાતી ધબકવા લાગી, કપાળે પ્રસ્વેદબિંદુ જન્મ્યાં, જીગરમાં ગીલી ગીલી થવા લાગી. એ! આવી! મારી ચંચળ આવી! મારી વ્હાલુડી, આવી! મારી કલેજાની કોર આખરે જાહેર તખ્તાપર આવી! આવી એ આવી!

(અપૂર્ણ)

(હાસ્યરસના વિખ્યાત લેખકના આ લેખનો આગળનો ભાગ અમારા આવતા તા૦ ૧-૬-૨૪ ના અંકમાં જરૂર આવશે.)

આજકાલનાં ઐતિહાસિક નાટકો.

લખનારઃ-મિસ કરવત.

સભ્યઃ છોકરાંઓ મંડળ.

મહાદજી શિંદે.

શ્રી "આર્ય" નાટક મંડળી તરફથી "મહાદજી શિંદે". નામક નવીન ખેલ મુંબાઈની રંગભૂમિપર ભજવાર પડશે. છે. એ સંબંધી કાંઈક લખવું અમને પ્રસંગોચિત લાગે છે.

ઉપરોક્ત ખેલ ઐતિહાસિક છે. ખેલના લેખક (જેમનું નામ

ચોપડી ઉપર છપેલું નથી) સદાશિવરાવ ભાઉને નેપોલિયન બોનાપાર્ટ સાથે સરખાવે છે! પરંતુ કયાં વિરશિરોમણિ નેપોલિયન બોનાપાર્ટ અને કયાં ઉતાવળીઓ અવિચારી ભાઉ! લેખકે આ ભૂલ ભરેલી તુલના કરી છે.

પ્રકૃતવર્તન થયા બાદ શાહ આલમની કચેરીનો સીન નજરે પડે છે. એ સીન પાછળ કંપનીના માણેકોએ ઘણું ખર્ચ કર્યું છે. મજૂરસર થયા કાળ પૂર્વે ચોરાઈ ગયેલું હોવા છતાં શાહ આલમની કચેરીમાં બતાવવામાં આવે છે એ સ્ટેજ મેનેજરની જાણીતું પરિણામ છે. છતાં કહેવું પડશે કે બીજા કંપનીઓની માફક આ કચેરીમાં ડરનીકર શોગ્મની પેઠે નહિ. ગોઠવતાં ઢીલી દરબારોને દેખાવ યાદ આપે એવી રીતે ગોઠવવામાં ખરેખર કમાલ જ કરી છે!

શાહ આલમ બાદશાહ ખુદાની બંદગી કરતો કરતો દરબારમાં હાજર થાય છે. શાહ આલમના પોષાક માટે કાંઈ પણ લખવું એ જાણ્યું નથી; કારણ એ દિલ્હીના છેલ્લો બાદશાહ હતો અને તેનો પોષાક બરોબર ન બને એ બનેજ કમ કે!

શાહ આલમનું કામ કરનાર મિ૦ વિઠ્ઠલરાવ આ સિંહ મંડળીનો એક સિંહ હોઇ પોતાના યુવંત પહાડી અવાજની ગ્રેક્ષકોને સ્તબ્ધ બનાવી દે છે. તેમની ગાવાની કળા અને તાનની ગમક આબાદ છે. "મહાદજી સિંદે" નાટકમાં ગાવાનું મુખ્ય કામ કરનાર માત્ર મિ૦ વિઠ્ઠલરાવ જ છે. છતાં તેઓ એક ગવૈયા તરીકે જ ગાયન ગાય છે. શાહ આલમના વેશમાં તેઓ અત્યારે ખુદાની બંદગી કરે છે. પાર્ટ કરનારે પોતાનું ખરું વ્યક્તિત્વ વિસરી જઈ પોતે જે વેશ ધારણ કર્યો હોય તેનું વ્યક્તિત્વ દર્શાવવા પ્રયત્ન કરવો જોઇએ. શાહ આલમને ઉપરે માગે દોરનાર વેણીમાધવનું પાત્ર ઇતિહાસમાં એકજ વખત નજરે પડે છે, છતાં તેને હાસ્યરસના મુખ્ય પાત્ર તરીકે ગોઠવી દેવામાં લેખકની વિચિત્ર કૂપ્રકારની કુશળતા જણાઈ આવે છે! વેણીમાધવનું કામ કરનાર મિ૦ લાલજી નંદા પોતાની ગાયન એકટીંગથી પ્રેક્ષકોમાં હાસ્ય ઉપજાવી શકતા નથી અને એક જગાએ ન્યારે મહીપત નામનું પાત્ર વેણીમાધવની કન્યાની માગણી કરવા આવે છે ત્યારે તે તદન અસંભવ અને મર્યાદાનું ખૂન થાય એવા શબ્દોમાં ઉત્તર આપે છે.

મૂર્ખીપતનો ઉત્તરઃ—વસ્તીનો વધારો કરવા.

વેણીમાધવઃ—તમો મને ઓળે બેસારો. મારે ઓળ મે જેરી છે. વરેર વરેર.

બીભત્સ અને હલકા શબ્દોનો ઉપયોગ કર્યા સિવાય હાસ્યરસ ન ઉપજવી શકાય એવી માન્યતા હોય તો તે તદન ખોટી છે તથા ઉપર દર્શાવ્યા છે એવા શબ્દોનો ઉપયોગ કરી હાસ્યરસને કલંકિત કરવો તથા બ્રહ્મસમાજ ઉપર હલકી છાપ પાડવી એ કોઈ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી.

પ્રવેશ ત્રીજામાં લેખકે ઐતિહાસિક પાત્ર લાલનને ખડી કરી છે. એક સાધુની કન્યા હોવા છતાં લેખક લાલનને તપસ્વિની તરીકે બતાવે છે તો લાલન ક્ષત્રિય કન્યા બતાવે છે. વળી અહમદશાહ દુરાની, તે કન્યાને મહાદજી સિંધીઓને સોંપી દે, લાલનને મહાદજીનાં ઘરમાં દાખલ કરવામાં આવે તથા લાલનને મહાદજી સાથે પરણાવવામાં આવે એ બધું ઇતિહાસથી તદન વિરુદ્ધ છે. જૂઠો ઇતિહાસ પ્રજા સમક્ષ ખડો કરવાનું પાતક લેખકે વહોરી લીધું છે. લાલનનું કામ કરનાર મિ૦ નાનજી અભિનયની દૃષ્ટિએ જોતાં પોતાની ભૂમિકા આબાદ રીતે ભજવે છે. લાલનનું પાત્ર ઇતિહાસથી તદન ઉલટું ચીતરવામાં લેખકે ગંભીર ભૂલ કરી છે. ઇતિહાસ તપાસતાં મહાદજી સિંધીયા સાથે તે લગ્ન કયારથી બંધાતી નથી.

મહાદજી સિંધીયા આ નાટકનું મુખ્ય પાત્ર છે અને તે ભૂમિકા ભજવનાર મુંબઇના માનીતા મિ૦ પ્રાણસુખ છે. તેઓ પોતાની ભૂમિકાને પૂરતો ઇનસાફ આપી પ્રેક્ષકોનાં મન આકર્ષે છે; છતાં કેટલીક વાર ગૂઢ ઉચ્ચારો અને પ્રત્યાઘાત પાડવામાં ભોલવામાં ભૂલ કરતા હોવાથી અર્થનો અનર્થ થાય છે. એકંદરે જોતાં મિ૦ પ્રાણસુખનું કામ ખરેખર લેવા લાયક છે. આ પાત્રને પણ ઇતિહાસથી ઘણોજ વિરુદ્ધ ચીતરી લેખક મહાશયે ઇતિહાસનું પોતાનું ભયંકર અજ્ઞાન પ્રસિદ્ધિ કર્યું છે.

વિશ્વાસરાવનું પાત્ર ભજવનાર મિ૦ કેશવલાલ પોતાનું કામ દરેક રીતે પાર પાડે જાય છે; પરંતુ એ પાત્રની આખરમાં પણ કેટલાક પ્રસંગો ઇતિહાસથી વિરુદ્ધ છે. રઘોબા કેદમાંથી છોડે ઇમર્જાં અમે એ બધાં પ્રમાણો આપી શકતા નથી.

પ્રથમ અંક બાદ પ્રવેશ ગયા પહેલાં સદાશિવરાવ ભાઉ નજરે પડે છે. એ ભૂમિકા ભજવનાર મિ૦ મુળજીભાઈ આ કંપનીના ડાયરેક્ટર છે. તેઓ પોતાની ભૂમિકા ભજવવામાં પ્રેક્ષકોને ચાહ મેળવવામાં આબાદ રીતે પાર ઉતરે છે; છતાં અશુદ્ધ ઉચ્ચારો સોનાની થાળીમાં લોટાની મેળ જેવા લાગે છે. સદાશિવરાવ ભાઉનો પોષાક રોશન ચેહેરા વખતનો બતાવવામાં આવ્યો છે તે ખોટું છે.

ઇબ્રાહીમ ગાર્દીની ભૂમિકા ભજવનાર શીંદે કેશુરાજને આપણે કોઇ રીતે બૂરી શકીએ તેમ નથી. તેઓનાં મુખમાંના શબ્દો મધુર લાગે છે. એમનો કંઠસ્વરજ પ્રેક્ષકોને મધુર લાગે તેવો છે. એમનું કામ પ્રશંસાપાત્ર છે. આપણા ખેલમાં તેઓ સારામાં સારૂં કામ કરે છે.

વેણીમાધવની નવી સ્ત્રીનો પાર્ટ ભજવનાર મિ૦ વિઠ્ઠલ પોતાની ઊપર એકટીંગથી હલકાપણાની છાપ પ્રેક્ષકવર્ગ પર વધારે પાડી શકે છે. આ બેહ ઇતિહાસિક છે અને તેને જ્યાં સુધાર આજથી કેટલીક આબતમાં ખોટો રજુ કરી ઇતિહાસનું ખૂન કરવામાં લેખકે કશું બાકી રાખ્યું નથી. આપે ખુરાશાહના પાદશાહને આ બેહમાં ઘણીજ દાનો ચીતરવા માટે લેખક પાસે ઇતિહાસનાં પ્રમાણો છે?

બાળકોસમાં બધાં ઐતિહાસિક નાટકોમાં જેવી રીતે ઇતિહાસનું ખુન કરવામાં આવે છે તેવીજ રીતે આ બેહમાં પણ ઇતિહાસને બાજુએ રાખી મનસ્વી વસ્તુસંકલના યોજવામાં આવી છે. એ અક્ષંત શોચનીય છે.

મુંબાઈનું રાત્રિ-રહસ્ય.

(લખનારઃ—રા. ગુપ્તદૂત.)

(તા. ૧૮–૫–૨૪ ના અંકથી ચાલુ.)

ત્રિકમદાસે કહ્યુંઃ—"ઓરડામાં પ્રવેશ કર્યા પછી એ રમણીએ તારી આંખો ઉપર બાંધવામાં આવેલા રૂમાલ છોડી નાખ્યો હતો કે? મ્હને લાગે છે કે, એ વખતે તું તારી એ બેઠી માણસનું મુખમંડળ જોઈ શકયો હોઇશ?"

મદનમોહને ઉત્તરમાં કહ્યુંઃ—"એ બેમાંની એક વાત બની હતી. રમણીએ મ્હારી આંખો ઉપરનો રૂમાલ છોડી તો નાખ્યો; પરંતુ હું કાંઈ જોઈ શકયો નહિ. જે અચુર ચમળાએ બધ ગાડીમાં બેસી છળ કપટથી મ્હને પણ એ ગાડીમાં સાથે લીધો હતો તથા ગાડી-માંથી ઉતરતાં પહેલાં જેણે મ્હારી આંખો ઉપર રૂમાલ બાંધ્યો હતો તે સહેલાઈથી મ્હને પોતાનું મુખ બતાવે ખરી કે? એમ બનવું સર્વથા અશકય હતું. એ ઓરડામાં ઘણો ઉકળાટ થતો હતો. ત્યાં એક પણ બત્તી નહોતી. ચમળાં ભારી બારણાં બધ હતાં. વળી એ રમણીએ પણ પોતાના મુખ ઉપર ઘુમ્મટો નાખ્યો હતો. એવી હાલતમાં હું કેવી રીતે એ ખુલ્લુલાલું મુખ જોવાનું ત્રીજાપણ પ્રાપ્ત કરી શકું? તેણે મ્હને એક સોફા ઉપર બેસાડયો. મ્હારી સામેના ટેબલ ઉપર દ્રાક્ષાસવની એક બૉટલ અને ગ્લાસ હોઇ એક ગ્લાસમાં થોડો દ્રાક્ષાસવ રેડી પોતાને હાથે મ્હને પાઈ દીધો. ત્યાર પછી એક સુંદર છપ્પનગમાં અત્યંત મુલાયમ શય્યામાં અમે બન્નેએ શયન કર્યું. એ પ્રસંગે મ્હેં જે સ્વર્ગીય સુખ અનુભવ્યું હતું તે આ જીવનમાં હું ભૂલી શકું તેમ નથી. એ રમણી ઉપર પુષ્પ-ધન્વાએ પોતાનો પ્રભાવ એટલો બધો બેસાડી દીધો હતો કે, તે ક્ષણ કાળ માટે સ્થિર રહી શકતી નહોતી."

ત્રિકમદાસની ઉત્સુકતા ધીમે ધીમે વધતી જતી હતી. તેણે કહ્યુંઃ—"એ બગલો એનો પોતાનો હતો કે તને સાથે લઈ જવા માટે તેણે ભાડે લીધો હતો? એ વિષય સંબધી તું શું ધારે છે?"

મદનમોહન બોલ્યોઃ—"એ સંબધી હું કાંઇ કહી શકું તેમ નથી. જે કાંઈ બન્યું હતું તે યથાક્રમે હું તને કહું છું. બીજી હકીકત સંબધી જેવી રીતે તું અજાણ છે તેવી જ રીતે હું પણ અજાણ છું. એ બગલો તેનો પોતાનો ન હોય એ કદાચ સંભ-વિત ન હોઈ શકે; પરંતુ એ બગલાના દરેક ભાગથી તે એટલી બધી જાણીતી હતી કે ત્યાં જતેનો ઘણો અવરજવર જરૂર હોવો જોઇએ. જે ઓરડામાં તે મ્હને લઈ ગઈ હતી તેમાં અંધકાર હોવા છતાં દરેક વસ્તુ તે ઘણી સહેલાઈથી શોધી શકતી હતી. એ રમણી કોણ હતી, તે શા માટે મ્હને બગલામાં લઈ ગઈ હતી, એ બગલો કોની માલેકીનો છે એ સબધીની કાંઈ હકીકત હજી સુધી મ્હારા જાણવામાં આવી નથી. હું કેવળ એટલું જ ધારૂં છું કે, મ્હારા તરફ તેને પ્રેમ ઉપજ્યો હશે તથા ઘણી સાવધાનતાથી ગુપ્ત રીતે તેણે પોતાની ઈચ્છાનુસાર કાર્ય કર્યું છે. ઘણા મ્હને એમ લાગે છે કે એ રમણી કોઈ સાધારણ નહિ હોય,—તેનું ઉચ્ચકુલોત્પન્ન હોવું જોઇએ. તેની શક્તિ અને સત્તા વિપુલ હોવાં જોઇએ."

ત્રિકમદાસઃ—પરંતુ એ ગાડીનો ડ્રાયવીન એ સુંદરીને ઓળ-ખતો હોવો જોઇએ. તેણે રમણીની ગુપ્ત આજ્ઞાનું પ્રતિપાલન કરેલું હોવાથી તે તેના સંબધીની સઘળી હકીકતથી વાકેફ હોવો જોઇએ.

મદનમોહનઃ—એ સંબધી મ્હારા મન સાથે મ્હેં પુષ્કળ વિ-ચાર કરી જોયો છે; પરંતુ એ રહસ્યનો સહજ પથ ભેદ હું ઉકેલી શક્યો નથી. જે રમણી એટલી બધી સાવધાનતા રાખે તે કેમનેમ કિંવા ભૈયા જેવા નોકરને પોતાનો ગુપ્ત ભેદ જણાવે એ નહિ બનવા જોગ છે. પ્રિય ભાઈ! મ્હારી વાત હજી સંપૂર્ણ પૂર્ણ થઈ નથી. બે કલાક સુધી હું એ રમણીના સ્વર્ગીય સહવાસમાં રહ્યો હતો. એ વખતે બીજા કોઈ વિષય તરફ મ્હારું લક્ષ્ય નહોતું. ઘણી વખત મ્હેં મ્હારા મન સાથે એવો પ્રશ્ન કર્યો હતો કે, એ ઘટના સત્ય હશે કે સ્વપ્ન? એ ઘટના સત્ય જ હતી. મનુષ્યના જીવનમાં કેવળ એક વખત માટે એવું સ્વર્ગીય સુખ ભાગ્યે જ પ્રાપ્ત થતું હશે એમ હું ધારૂં છું. હમણાં તું કહે છે તેવી રીતે એ વખતે કાંઈ તપાસ કરવા તરફ મ્હારું ધ્યાન નહોતું.

ત્રિકમદાસે અધુના મુખ તરફ તીક્ષ્ણ દૃષ્ટિ સ્થાપન કરી કહ્યું: "જેવી રીતે એ રાત્રે બે કલાક માટે તું એ અદ્ભુત બનાવનો નાયક થયો હતો તેવા નાયક બની વર્ષોનાં વર્ષ સુધી સુખ ભોગવવાની મ્હને ઈચ્છા થાય છે. મ્હને લાગે છે કે, હજી મ્હારું કથન સમાપ્ત થયું નથી."

મદનમોહનઃ—હવે મ્હારું કથન સમાપ્ત થવા આવ્યું છે. બે કલાક સુધી મ્હેં પ્રેમાનંદ અનુભવ્યો હતો. એ બે કલાક મ્હને બે મિનીટ જેવા લાગતા હતા.

ત્રિકમદાસઃ—એ બે કલાકનો સમય તું કેવી રીતે નક્કી કરી શકયો?

મદનમોહનઃ—એ બગલાના બીજા ભાગની અંદર એક ઘડી-આળ આવેલું હોઈ એ ઘડીઆળમાં જ્યારે પાંચ વાગ્યા ત્યારે રમ-ણીએ કહ્યુંઃ—"વખત થઈ ગયો છે."

હું આલિંગનમાંથી મુક્ત થઈ શય્યામાં બેઠો થયો. ઝપટથી મ્હેં મ્હારાં કપડાં પહેરી લીધાં. રમણીએ ફરીથી મ્હારી આંખો ઉપર કાળો રેશમી રૂમાલ બાંધી દીધો. પછી તે મ્હારો હાથ પકડી બગીચા સુધી મ્હારી સાથે આવી. વચ્ચે વચ્ચે, અંતરના આવેગથી તે મ્હારો હાથ દબાવતી હતી. મ્હારું શરીર રોમાંચિત થઈ જતું હતું. એક વખત આંખો ઉપર બાંધેલા રૂમાલ પર હસ્તસ્પર્શથી તેણે એવો સકેત કર્યો કે, એ રૂમાલ મ્હારે છોડી નાખવો નહિ. ખરી રીતે મ્હેં પણ આંખો ખુલ્લી કરવાનો કાંઈ પ્રયત્ન કર્યો નહોતો. રમણી કોણ હતી તથા હું ક્યાં જઈ ચડયો હતો એ જા-

યુવાની ત્યારી ઘુઘ્વા નહોતી. મૃદુકઠે નમ્રતાથી વિનંતિ કરતો હોઉં તેમ મેં કહ્યું, 'પુનઃ આવી અગાધ પ્રેમાનંદ સત્વર પ્રાપ્ત થાય એવી મ્હારી ઇચ્છા છે.' સંદેહ કરતા હો રમણીએ કહ્યું, 'પ્રિય મદનમોહન! આપણી મુલાકાત પુનઃ જલ્દી થશે, એનો ઉપાય હું જરૂર નહીં કરીશ.' પછી અમે બન્ને ચુપ થઈ ગયાં. દરમ્યાન નજીક અમે જઈ પહોંચ્યાં. તરતજ મ્હને ગાડીમાં બેસાડવામાં આવ્યો. ગાડી મ્હને લઈ જોરથી દોડવા લાગી. હું સ્વર્ગનિવાસની દૂર નીકળ્યો.

ત્રિકમદાસઃ—પછી તેં આંખો ઉપરનો રૂમાલ છોડી નાખી ગાડીની બહારની ચારે તરફ જોયું કેમ?

મદનમોહનઃ—ના. મ્હે રૂમાલ છોડી નાખ્યો નહોતો તથા કોઈ પણ દિશા તરફ જોયું નહોતું. ગાડીમાં બેસી પછી હું ગંભીર ચિંતામાં પડી ગયો હતો. મોહને વશ થઈ, બની ગયેલા અદ્ભુત બનાવ સંબંધી હું અનેકવિધ વિચાર કરતો હતો. મોહ ત્યારે દૂર થયો, એ વાત ખરી છે એમ મનને લાગ્યું ત્યારે ઝડપથી મ્હે આંખો ઉપરનો રૂમાલ છોડી નાખ્યો. એ વખતે પણ ગાડીની અંદર નિભિડ અંધકાર હતો. બન્ને તરફની બારીઓ પણ બંધ હતી. તેને ઊઘડવાનો પ્રયત્ન કરી જોયો; પરંતુ તે ખુલી નહિ. એ વખતે હું કેવો બદાવરો બની ગયો હોઈશ એ તું સહેલાઈથી વિચારી શકે તેમ છે.

ત્રિકમદાસઃ—આ વાત એક ભેદભરેલી અદ્ભુત નવલકથા જેવી છે. એ સાંભળી મ્હને ઘણો આનંદ થયો છે.

મદનમોહનઃ—અદ્ભુત અને ભેદ ભરેલી હોવા છતાં એ તદ્દન ખરી વાત છે. પછી જે કંઈ બન્યું હતું તે તું તને દૂંકમાં જ કહી દઉં છું. યથાસમયે ગાડી ઉભી રહી એટલે કોચમેને દ્વાર ઉઘાડ્યું. તેણે માથા ઉપર એવી ખૂબીથી ફેંટો બાંધ્યો હતો કે, તેનું મુખ જોઈ શકાય નહિ. વળી જે સ્થળે ગાડી ઉભી રાખવામાં આવી હતી તે સ્થળે પણ પુષ્કળ અંધકાર હતો. એ અંધકારમાં હું કોચમેનનું મુખ બરાબર જોઈ શક્યો નહિ. જે રૂમાલથી મ્હારી આંખો બાંધવામાં આવી હતી તેને સાથે રાખવાનો એક વખત મ્હે વિચાર કર્યો. એમ કરવાથી એ રમણીનો પત્તો કદાચ મેળવી શકાશે એવું મ્હને લાગ્યું. છતાં એ પ્રકારથી મ્હારી માદાશના મનમાં સંદેહ ઉપજવાનો સંભવ લાગવાથી, મ્હે રૂમાલને ગાડીમાં જ રહેવા દીધો. નીચે ઉતર્યા પછી ગાડીને બરાબર જોઈ લેવાનો મ્હે પ્રયત્ન કર્યો પરંતુ અંધકારના અસ્તિત્વને લીધે એ પ્રયત્ન સફળ થયો નહિ. વળી મ્હને નીચે ઉતારી કોચમેન ઘણી ઝડપથી ગાડી હાંકી અદૃશ્ય થઈ ગયો.

ત્રિકમદાસઃ—એ ગાડીનો રંગ કેવો હતો એ તું જાણી શકયો હોઈશ. ગાડીના ઘોડા કોઈ પ્રકારનું ચિહ્ન જોયામાં આવ્યું હતું કે?

મદનમોહનઃ—એ સંબંધી પ્રશ્નો પૂછવા હવે વૃથા છે. મ્હારા મનની એ વખતે અસ્થિર સ્થિતિ હતી. ગાડીમાં મ્હારે ઝડપથી બેસવું ઉતરવું પડ્યું હતું. કોઈ પણ વિષય તરફ એ વખતે હું ધ્યાન આપી શક્યો નહોતો. જો મ્હારી સ્થિતિમાં તું કોઈ વખતે મૂકાયો હોત તો મ્હારી આ દ્વારકાવતી સભ્યતા સમજી શકત છતાં હું એટલું કહી શકું છું કે, એ ગાડીનો રંગ કાળો હતો. કોચમેને જ્યારે મ્હને ગાડીમાં બેસાડ્યો ત્યારે મ્હારું ચિત્ત વિભ્રાન્ત બની ગયું હતું. બીજે દિવસે રવિવારે જ્યારે મ્હને ઉતારવામાં આવ્યો હતો એ સ્થળે અંધકાર હતો.

ત્રિકમદાસઃ—ગાડી તને ઉતારી ચાલી ગઈ પછી શું થયું?

મદનમોહને હસીને કહ્યું:—"હવે કંઈ બહુ કહેવાનું રહેતું નથી. પછી હું ધીમે ધીમે મ્હારે ઘેર આવ્યો હતો. એ બનાવ બન્યાને પંદર મહિના વીતિ ગયા છે; છતાં પુનઃ હું એ સુંદરીને જોઈ શક્યો નથી."

ત્રિકમદાસઃ—એ રહસ્યમયી ભેદ ભરેલી રમણીએ કૂંક સમયમાં જ તને મળવાનો માર્ગ શોધી કાઢવાનું જણાવેલું હોવા છતાં હજી સુધી તેમ બન્યું નથી કે?

મદનમોહનઃ—ના.

ત્રિકમદાસઃ—પણ અલબત્તીની વાત, હજી સુધી તને પણ એ વાત બરાબર યાદ છે. આપ્યે આ નાટકની ટિકીટ અને લાલ રંગનો સાફો મળતાં એ સઘળી બની ગયેલી વાત તને યાદ આવી છે એ પણ આશ્ચર્યજનક છે. યાદ કે એ બેઠી ઓરત દરીયો તારી સાથે પ્રેમ કરવા હાલ્યા બાદ તો એ આનંદ તું ન લૂંટે?

મદનમોહનઃ—ભાઇ! હું તને પ્રથમથીજ કહી ચુક્યો છું કે પાર્વતી ઉપર મ્હારો ખરો હ્રદયનો પ્રેમ છે. તું મ્હને હવે તે દુઃખી થાય એવે રસ્તે લઇ જવાનો પ્રયત્ન કરીશ નહિ.

ત્રિકમદાસઃ—ત્યારે તું લાલ રંગનો સાફો બાંધીને આ નવા ખેલમાં નહિ ઉતરે? એ રમણી પુનઃ તને મળવા ઇચ્છે છે એમાં કાંઈ સંદેહ નથી.

મદનમોહનઃ—ના—ના, હું એ ખેલમાં નહિ જ જાઉં. પ્રપંચ ભોગી મંડૂકની માફક અનેક પુરુષોમાંનું બધુ ચુસી લેવાના પ્રયત્ન કરે એ સાર નથી.

ત્રિકમદાસઃ—ભાઈ! અમે સહર્ષ જવા દે. તારી કંપનીની વિખ્યાત એક્ટ્રેસ રાધા સાથે તું પ્યારમાં નથી પડ્યો કે?

મદનમોહનઃ—ભાઈ! મ્હારી કોઈ પણ વાત તારાથી ગુપ્ત નથી. અંતઃકરણથી હું રાધાને તિરસ્કારું છું. તે અમારી કંપનીના એક મુખ્ય એક્ટર નંદલાલની માફક કોઈ તેને માટે લોકવાયકા સારી નથી. હું તો તેને દુરથી જ નમસ્કાર કરું છું. બ્હે હું તને સાફ કહું છું કે, હું આ સાફો બાંધી નાટક જોવા પણ જનાર નથી. પહેલાં મ્હે ઘણા મોજશોખ ખેલ્યા લીધા છે— ખૂબીની વાત કે હાથે પુષ્કળ પૈસા ઉડાવ્યા છે. હવે હું સંસારી થયેલા હોવાથી મ્હારે દરેક રીતનો વિચાર કરી વર્તવું જોઇએ. બ્હે કે આ સાફો એ ભેદી રમણીએ મોકલ્યો હશે. અને હું નાટકમાં ખેલ જોવા નહિ જાઉં તો તેથી મ્હારું મન ઘોડું દુખાશે. તો ખરું પરંતુ એ દુઃખ વેઠી લેવાયું જ હું સુખી થઈ શકું. તેમ છું.

આમ કહી મદનમોહને આવેલી ટિકીટ ગાડીને ફેંકી દીધી. બીજી જ ક્ષણે તેણે ફ્રાંસીંગ બેલ વગાડયો.

નોકર લક્ષ્મણ ધીમે પગલે એ ઓરડામાં આવ્યો. મદનમોહને પૈસો સાફો તેના હાથમાં આપી કહ્યું:—" લક્ષ્મણ! આ

ાાને હમણાં ને હમણાં લઇ જઈ બાળી નાખ. એને એક ક્ષણ ાં જ બાળી નાખવાની મ્હારી ઇચ્છા છે."

મદનમોહનનાં આ વાક્ય સાંભળવામાં આવતાં ત્રિકમદાસના મનમાં એક નવીન વિચાર ઉપજ્યો. તે ચમકી ઉઠ્યો. સાહેા બાળી નાખવામાં ન આવે એવી ઈચ્છાથી તેણે લક્ષ્મણના હાથ-માંના સાહેા તરફ પોતાનો હાથ લંબાવ્યો. તીવ્ર દૃષ્ટિથી ત્રિકમ-દાસના મુખ તરફ જોઈ લક્ષ્મણે સાહેા પકડી રાખ્યો.

ત્રિકમદાસને ઉદ્દેશી મદનમોહને કહ્યું:—"ભાઈ! તું એ સાહેા લઈ જા. જો હમણાંજ એને બાળી નાખવામાં ન આવે તો કદાચ મ્હારો વિચાર બદલાઇ પણ જાય. મનુષ્યનો સ્વભાવ ઘણો ચંચળ હોય છે."

હવે ત્રિકમદાસ કાંઈ બોલી શક્યો નહિ. તેણે ખુબી રીતે લક્ષ્મણ તરફ આંખનો એક ઇશારો કર્યો.

સાહેા લઈ બાળક ધીમે ધીમે બ્હાર ચાલ્યો ગયો. ત્રિકમદાસ પણ ચાલ્યા જવા માટે ઉઠ્યો. તે મદનમોહનની વિદાય લઇ બ્હાર નીક-ળ્યો. જતી વખતે તેણે છેક નીચે રસ્તા ઉપર લક્ષ્મણને હાથમાં એક બંડલ સાથે ઉભો રહેલો જોયેા. લક્ષ્મણની લોલુપદૃષ્ટિનો અર્થ સમજી જઈ તેણે તેના હાથમાં ઝડપથી એક દશ રૂપિયાની નોટ મૂકી પેલું બંડલ લઇ લીધું. એ પ્રકાર ગુપ્ત રાખવાની સૂચના કરી ત્રિકમદાસ ઝડપથી ચાલ્યો ગયો.

અપૂર્ણ

[આ અદ્‌ભુત લેખનો આગળનો ભાગ આવતા તા૦ ૧-૬-૨૪ ના અંકમાં વાંચો.

પાંચા પટેલની પટલાઈ!

લખનારઃ—ગુમનત.

એક ગામડામાં એક વાણીયાભાઇ રહેતા હતા. આસપાસનાં ગામડામાં તે ધીરધાર—હુંડારાનો ધંધો કરતા હતા અને તેથી ઘેર કરતાં ગામડામાં ફરવાનું તેને વધારે હતું. "ગરજ સમ કોઈ નથી" એ નિયમ પ્રમાણે બોળા પણ નાણાંના ગરજુ એકુલ (કબૂલી) બીચારા શેઠ તેમને ત્યાં જાય ત્યારે ભેમાનગીરી કરવામાં કંઈ મણા રાખતા નહિ. શેઠ પણ વાણીદ્વારા મોટાની બોળ ઉતા-રવામાં તેનાથી સવાઈ કરી બતાવતા. જ્યારે કોઇને ત્યાં પોતાના ધામા હોય ત્યારે સમ-સગરા મારા સમ-તમારા સમ વગેરેમાં તાણ બેતાણ ઓલ્લી તો કરી મકતા કે બોળા કબૂલી ભાઈ તો મિત્રારા ખુશખુશ અને આસારમાં ખુશી જતા. શેઠ સારી પેઠે સમજતા કે કબૂલી કાંઈ કામકાજ મૂકી આવનાર નથી જેથી મોટેથી જય સેવામાંજ તેમને એક પાઘની પણ ખપ થાય એમ નહોતું.

તે કબૂલી ભાઇઓમાં પાંચાભાઈ ગામના મુખી પટેલ હતા અને સારી રીતે ખાતા-પીતા હતા. જ્યાં મમ હોય ત્યાંજ માખી જાય એ નિયમાનુસાર શેઠને અને પાંચા પટેલને ઘણોજ ઘરવટ હતો. જ્યારે જ્યારે શેઠ તેમને ત્યાં જાય ત્યારે પટેલ તેમને જ્ઞાતભાતની સુંદર રસોઇઓથી જમાડી આનંદ પમાડી આનંદ માનતા. "અતિ સર્વત્ર વર્જયેત" એ નિયમ શેઠના ધ્યાનમાં આવતો તેથી કોઈ કોઈ વાર "વાણીયા તાબુ" ખૂબ કરતા અને કહેતા કે એકવાર તો પટેલ મારે ત્યાં જરૂર જરૂર પધારો. મારા સમ ન આવો તો વગેરે.

જગતમાં કોઈથી એક "કસોટી" છે અને તે દરેક મનુષ્યને કોઇ ને કોઇ બદાને સમયે કસી જાય છે. તે મુજબ દૈવયોગે પટેલને શહેરમાં જરૂરી કામ પડ્યું. પટેલ શેઠને ત્યાં ઉતર્યા. શેઠે મોટેથી ઘણા આગતા સ્વાગતા કરી અને પાણી પાન બીડી સોપા-રીની રેલમછેલ કરી મૂકી. પટેલ તો બીચારા ટાઢે પેટે રોટલાની રાહ જોઈ બેઠા.

શેઠે શેઠાણીને બોલાવી કહ્યું:—"સાંભળ્યું? ભાઈ આવ્યા છે. આજ તો મજાના લાડુ કરો. બેચાર જાતનાં શાક રસવાં, ચટણી પણ કરજો. શેઠાણી "વારૂ" કહી ઘરમાં જતાં રહ્યાં.

મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે, તેમ શેઠાણી પણ પાકાં હતાં. ડોઢપણ વાતની ના કરેતાંજ નહિ. વળી ચોઢી "બારે શેઠે કહ્યું:— "કાં સાંભળો છો કે? લાડુ ને તો વાર લાગશે જરા ભાપસી કરો લાપસી."

શેઠાણીએ કહ્યું:—"વારૂ."

વળી ચોઢીવારે શેઠે કહ્યું:—"કાં ક્યાં ગિયાં? ભાપસી કરતાં શિરો કરી નાંખોને કે ઘડીવારમાં થઈ જાય!"

શેઠાણી:—"વારૂ"

એમ બારે ઘડીએ શેઠાણીને બોલાવે ને જુદી જુદી રસોઇનો હુકમ આપે. આ દરમિયાન પટેલ સાથે પણ શેઠ ગામ ગપાટા ચલાવતા જાય. ભોળા દિલનો પટેલ આ બધો તકાદો એક બીલકુલ સમજી ન શકતો હોવાથી મનમાં રાજી રાજી થતો અને રસોઇની રાહ જોતો બેઠો હતો. બપોરવાર આખર જમવાનું તૈયાર થયું અને શેઠ તથા પટેલ જમવા ઉઠ્યા. બને જણા ઘરમાં જુદા જુદા ઓસરીની વચ્ચે થાળીમાં સુંદર રસોઇને બદલે ધુધરી (ઘઉંને આખીને બનાવે છે તે) પીરસાણી! પછી શેઠ બોલ્યા:—"જુઓને પાંચાભાઈ, આ ઘઉંમાંથી લાડુ, લાપસી, શીરો, રોટલી ભાખરી વગેરે બધી રસોઈ બને! ત્યારે મેં વિચાર કર્યો કે મારા વહાલા ભાઇને બધી રસોઈ એક સાથે જમાડું તો કેમ? જોયો ઉખ્ખુ યું? ગોળથી ગળ્યું ને સાકરથી મીઠું એમ ધારી આજ તો ધુધરી કરી. મેં પણ ઘણા દિવસથી ખાધી નહોતી, મને પણ પુરો ભાવ થયો હતો, ત્યારે મનમાં કહ્યું કે ઠીક છે. એક પંથ દો કાજ. એક તો તમે મારે ત્યાં સ્નેહના ને વળી અને થયેલો લાંબા વખતનો ભાવ। ઠીક તાલ જમ્યો" વગેરે

વગેરે વાતોથી શેઠ પેટ ભરવા મંડ્યા. પટેલ કંઈક બે ત્રણ ચોપડી ભણ્યા હશે પણ ખરૂં અગર તો તેમણે શીયાળા બગલાની વાત સાંભળી હશે. જેથી મનમાં લાવ્યું ન લાવ્યું કરી જેનું ભાવ્યું તેવું જ તરા જમી લાવેલું તે રાખી ઉઘ્યા અને હળી, ભળી રજા લઈ ચેર ગયા. કહે છે કે ચીજ વસ્તુઓ આપેલી મુકેલી જુદી જવાય છે, પણ પ્રસંગોપાત કાપેલા-સાંભળેલા વચનો છૂટ્ટાંગીર ભુલાતાં નથી: તેમ આ પટેલને પણ થયું. જેથી તેણે શીઆળા અને બગલાના પાઠનો ધડો શેઠને આવવાને મન સાથે નકકી કર્યું. જગતમાં ઈચ્છા બળવાન છે. તેનાં જેવું બીજું અચ્છ નથી. જે માણસ સુદ્ધાં અને તે અવસ્થ તેની ઈચ્છાઓ ફોજ. એ મુજબ આખરે સમય આવી લાગ્યો.

શેઠના દિકરાનાં લગ્ન લેવાયાં અને હાથ ગરણાને લેખે શેઠ પાંચા પટેલપર ખૂબ દબાણ કરી ! કેકાતરી લખી. પટેલે વિચાર્યું કે ઠીક તાલ આવ્યો છે. તરતજ ગામમાંથી તમામ ખેડુતોને અઢક ગાડાં સાથે સાથે આવવાને તૈયાર કર્યા અને લગ્નને દિવસે સોએક ગાડાંનાં સાથ સાથે પટેલ હાજર થયા. શેઠ તો આ જોઈ ખુશ ખુશ થઈ ગયા. મનમાં. વાર્યું કે અઢેકા પાંચ પાંચનું હાથ ગરણું કરશે તેથે પાંચસેનો તડાકો લાગશે. તેણે સરભરમાં કંઈપણ કસર ન રાખી બીજે દીવસે હાથ ગરણાનો વખત થયો ત્યારે પટેલે કહ્યું કે શેઠ મારા ગામના કણબી તરફથી હું બધાનું સાથે હાથ ગરણું કરીશ. શેઠે વિચાર્યું કે એ પણ ઠીક, એક ધણીનેજ રોખવો. પટેલે બધાને જમાડી સાથે ભાર્યા બધાયીને વળાવી દીધા. પછવાડે પોતે એકલાજ રહ્યા અને હાથ ગરણું કરવા બેસા.

માથે બાંધેલ ફેંટામાંથી ચોપું રૂ કાઢી કંકુવાળું કરી વરના હાથમાં મુકતાં પટેલે કહ્યું:-"જુઓને શેઠ, જેમ ઘઉંકમાંથી બધી જનતનાં પક્વાન થાય છે. તેમ આ રૂમાંથી પણ સાલો, ચુંદડી, બાયરો, કાપડુ, ધોતીમાં, પીછોડો વગેરે જનતજનતનાં લુગાં થાય છે, જેમ તમે તે દીવસ વિચાર્યું હતું કે મારા વહાલા ભાઇને એક સાથે બધી જનતની રસોઈ જમાડું તેમ મેં પણ આજ વાર્યું કે મ્હારા વહાલા ભત્રીજાને બધી જનતની એક સાથે પહેરામણી કરૂં. માટે આ ફૂલ નહિ તો ફૂલની પાંખડી માની લેજો અને હેત મહેરબાની છે તેવી વિશેષ રાખજો કહી પટેલ રજા લઈ ચાલતા થઈ ગયા.

આ પ્રમાણે શેઠને પાંચા પટેલની પટદાઈ બારે પડી ગઈ, સોપાળની પેઠે હવે શેઠની મતી ઉંધેરી આવી. અને હાથનાં કર્યા હવે વાગ્યાં એમ મનમાં સમજી બેસી રહ્યા. ગામના શેઠ આ ભેદ સમજી તો ગયાં નહિ, પણ બનાંવથી અનુમાને કંઈક કલ્પના તો થઈ. લાર પછી તે શેઠે કંઇક લોભની મર્યાદા ઓછી કરી અને કંઇક રીતસર રહેવા લાગ્યા. મનમાં સમજવા લાગ્યા કે જગત કંઈ બધું ભોળું બંબાર નથી. કોઈ કોઈ માણાના પણ મજે છે. શેઠને માથે સવા શેર હોય અને જેસે કુ તેવો એ પણ જગતનો કંઈક ન્યાય જવાય છે.

—:o:—

ચાર ઠોઠીયામાં ચાપડે ચઢો !

(જગપ્રસિદ્ધ નવલકથાકાર થઇ અમર થવાની કલા)

૨૦૧૯ ના કાયદા પ્રમાણે રજૂકર્તા !

લેખનારઃ—રા. "રૂંવાડા."

સભ્યઃ—છાલાલ્ય મંડળ.

જોવ મીં એડીટર, આ પાંચમો વેદ હું રચ તો કરૂં હું પણ મને વારંવાર અરીબુ ને ચંડુલપર મારો રાખવાનો શૌખ છે એટલે અઢવાડીયામાં સાત દહાડા બી ગુલ થઇ ગઈ તો તમારે મારી રજા મંજુર કરવીજ પડશે ને ચંચવાર બીરાદર, હું નહિ આવું તે વખતે તારે ખુદાને ખાતર અધિપતિનો બરડો દહાડા કરવાની પેરવી ન કરવી હોં !

* * * *

તમારે કામધેનુ ગાય જોઇએ છે ? તમારે શું બનવું છે ? અધિપતિ, રિપોર્ટર, તંત્રી, મંત્રી, સંપાદક, ગ્રાહક, વ્યવસ્થાપક, કે એડીટર, ગાયર, નોવેલીસ્ટ, કવિ નાટકકાર, આચાર્ય ઈત્યાદિ ઈત્યાદી ? ખોલો—જલ્દી ખોલો. તમારે કઈ કીર્તિના શિખરપર પહોંચવા જવું છે ?.....

* * * *

શું ? નોવેલીસ્ટ થવું છે ? ઓ મારા બાપ ! તમે વળી વાર્તા લખીને શું કરશો ? વારતા લખનારાઓ તો આજકાલ કાળી કોઠીના ભાવના થઈ ગયાછ ! જ્યાં કંઈ નહિ. તમારી મરજી મારે સાગતવળી જ જોઇએ.

* * * *

તારે સમજવે અને માની લેા કે તમે બાહોશ નવલકથાકાર થઇજ ગયા ! કરવી શે કે તમે સાન્તાક્રુઝ કે વીલાપારલામાં રહો છે. સ્થળ જરા વધુ સેનસેશનલ જોઇતું હોય તો ભૂલુ પસંદ કરજો; કારણ કે ત્યાં દરિયો નજીક હોવાથી "આપઘાત"નું પ્રકરણ લખતાં સરળતા થશે. સાંતાક્રુઝપરજ નજર કરે તો એ ચોકકુ ગીઝ નામ ના વાપરતા. એગ્લીયલ નામમાં કલા નથી. ગોળી રાખો અંતકુંજ !

* * * *

હવે વારતાની લેખક શરૂઆત કરો.

સખ્યા આવી ને મીલ્મનાં પ્રચંડ ચુમ્બનો ઠોક સભાવરણે નીલ આકાશમાં કિશોરી સંખ્યાએ અગ્નિ_વર્ષાવી. એની આછી ગુલાબી ઓઢણીની અંદરથી દેખાતા તારલાંઓ મને ને મારી પ્રિયાને આંખ મારી રહ્યા હતા ! (બીજા ઠોકને નહિ હોં ! મને ને મારી પ્રિયા-ને જ !) અને એ આંખલડીના અણમોલ ઇશારા પ્રેમપુના પ્રવાહ વહાવતા હતા.

ટીન ટીન ટીન! ઘડીકોળમાં સાતની ટકોરી પડી ને અચાનક એક ભયંકર કારમી ચીચીઆરીએ વાતાવરણને ભેદી નાખ્યું. હું ચમકીયો. મારી કવિતા ઉડી ગઈ. મારી ગ્રેરણું સુકાઈ ગઈ. મારી પ્રિયા મુગ્ધ ગઈ ને બીકથી મને બાઝી પડી. હું તેનું બહાદુર નેપોલીઅનની પેઠે સાંત્વન કરવા લાગ્યો. ને કે મારા પોતાના પગની હાલત તો ટાંણાંમાં વંચકર મુજરાં જવાનાં પાંડાં સભી હતી.

* * *

કેમ કંઠોદા આવે છે? અરે! શું મારા સાહેબ! એમ અગર ગચ્ચા જેવા કંઠાળી શું જ્યોછ? આગળ વધો—

પછી રામાને સાથે લો—દાનસ લઈ પેલી કાઠીઆરીની શોધમાં નીકળી પડો ને પ્રસંગ એવો ગોઠવો કે મુનશી ને ઠકુર, જબરિદારી ને બ્રુકર ડાચાંમાં હાથ નાખે! (દાંતમાં આંગળાં નાખવાનું કહિ ના સકતા—એ ગ્રામ્ય પ્રયોગ છે.).....હં! પણ પ્રસંગ શો ગોઠવશો?.....નાયક ચોઠેક દુર ખપ છે. જંગલની ઝાડી નજીક જતાં તેને પુનઃ અવાજ સંભળાય છે. તે ઝડપથી આગળ વધે છે ને ઓ! ઓહ! એક બદમાશ એક પોડશવર્ષીયા, સૌંદર્યજડિતા, કમલનયના રૂપસુંદરીપર બળાત્કાર ગુજારી રહ્યો છે. રામાને પાંચ રૂપિયાની લાલચ આપી બદમાશને જખીનદોસ્ત કરો. એ લડાઈ દરમ્યાન પેલી સુંદરીને એખાન બતાવો ને રામો બદમાશને નસાડી મૂકે તે પછી તમે પેલી રૂપસુંદરીના રક્ષક તરીકે તેનું માથું ખોળામાં મૂકી, તેને નમ્રતા કરવાનો પ્રયત્ન કરો. તેની આંખો ઊઘડે ત્યાર પછી પોપચાંનાં પાન જેવી ખુબે છે. ખુલવા દો! તમે જરા મીઠું હસો ને પછી કહોઃ "સુંદરી, નિર્ભય થાઓ. તમારી સીતા સાવિત્રી ને દ્રોપદી સભી આ પવિત્ર દેહલતા, નથી સરબાઈ બદમાશોનાં હવસી નયનો ફાડવા! એમાં તો વિધાતાએ બર્યા છે અનેરાં બાદુ! એ નબુના ઝંઝાર ને સાંભળી રહે અસરકારકીઓ....."

સુંદરી ભ્રમત થઈ-આભમાં આવી, જુવાનનો આભાર માન્યો ને પછી?.....સૌભાગ્યસુંદરીમાં હાથોથી ઝરી ગયલી સુંદરી સૌભાગ્ય આગળ કેવી રીતે નીચું જોઈ રહે છે તે જણોજાની? બસ તારે જરૂર કરો!

મારા તનમાં મનમાં ભર્યો છે હર્યો છે.....

* * *

આ તમારી વાર્તાનું નાંદી અથવા સાદી બાંધવામાં કહું તો વાર્તાનું પ્રકરણ!.....પછી તમે ને તે પ્યારમાં પડો છે-તમે પરણેલા હોવાથી તમારી બી તમારા ભાગમાં નરે છે-પેલીના બાપ કે ભાઈ કે કોઈ બીજો બાયક નરે છે—મારફાડ, ઇગાબાજી રીવોલ્વરના ધડાકા કડાકા ને અંતે તમારી પત્નીનું મરણ! ખબરદાર, એ પત્નીને સતી સીતા જેવી ચીતરવાનું સુકતા ના. એની પાસે મરતી વખતે એમ બોલાવજો કે: "પ્રાણેશ! હું જાઉં છું. મારા મૃત્યુ પછી તમે એ.....ની સાથે.....સુખી થજો....." બસ ખલાસ! તમે રડો છો, કકળો છો, ને સ્મશાનમાં જઈ આવો છો. વિરહનાં કાવ્યો સંભો છો. એક પત્નીવ્રતધારી રામને સંભારો છે ને અંતે કલાને ખાતર નહી પણ તમારી પુતિના મરણ વખતના ઉગ્રોદ્ગાર માનને માટે તમે પેલી સાથે.....હં! સમજી ગયાને?.....બસ પછી બાધું પીધું ને મોજ કીધી! ઇતી શ્રી નવલકથા લખવાની કલાનો પ્રથમ પાઠ સમ્પૂર્ણ:

* આ ચાર દેટીયામાં ચોપડે ચડી ચમર જુવાની કલા તમને કહી દીધી. આવી કલા કોઈ-ઉસ્તાદ, ગુરુદક્ષિણા વગર નહી શીખવે હો. પણ હું કહે વાર! બંદાના ઇતરેરાજાનાં પેલા જાહેરાતોએ એક ઇસ્તિહાર દીધું રાખ્યું છે એટલે લાગ જોઈ "મોજ-મજાહ"ના તંત્રીએ મને પંગામાં લીધો ને પાનની ચંદી તથા રૂ. લેમ્પ સીગરેટ માં સમજવી દઈ મારી પાસે આ કાહ્રકનનો ખજાનો ખાલી કરાવી લીધો! આવી લુચ્ચાઈ માટે અધિતિપપર. ઉદ્દીપન પીનકોડની ફ્રેમે ફોજદારી ડેસ માંડવાનું મને મન થઈ ગયું છે માટે કોઈ માખ-મારા વકીલ કે બીફોર્સ બેરીસ્ટર મારા તરફથી ખુલાપક્ષ કાયદાની કલમો ઉપસ્થાવવાને તૈયાર હોય તો મને લખી જણાવો—આવો સાહેબજી, સાડા નવ થવા આવ્યા—ઇનરદારોની દુકાનો બંધ થઈ જશે!

મોજ-મજાહનાં ગ્રાહકોને સુચના.

ઉપરા ઉપરી અનેક કામમના તથા છુટક ગ્રાહકોની પાછલા અંકોની માગણીને માન આપી અમે "મોજ-મજાહ" ના પાછલા અંકો ફરીથી છપાવી તૈયાર કર્યા છે; પરંતુ પોષ્ટમાં ગફલત થતી હોવાથી અંકો નહિ મળવાની દરરોજ ફરીયાદ આવે છે માટે અમે અમારા ગ્રાહકોને પાછલા અંકો અમારી ઓફીસમાં ૯ થી ૭ ના ટાઇમમાં આવી લઈ જવાની નમ્ર વિનંતિ કરીએ છીએ. પાછલા છુટક અંકો બીજી વખત છાપવા પડેલા હોવાથી ગ્રાહક નહિ હોય એવા માણસોને અમ્બે આનાની ટિકીટથી છુટક મળી શકશે.

નમુનાના અંક માટે અડી આનાની ટીકીટ મોકલી.

નવીન ગ્રાહકોએ વગર વિલંબે નીચેને ફોરમે લવાજમના રૂ. ચાર ભરી પાછલા અંકો અને ભેટ મેળવવાનો લાભ લેવો. ખ્યારબાદના ગ્રાહકોએ ભેટના પોષ્ટેજના ૦-૪-૦ મળી રૂ. ૪-૪-૦ નો મનીઓર્ડર મોકલી આપવો.

ખલાસ! ભેટનું પુસ્તક ખલાસ!!

ગુલબદન નામનું જે ભેટનું પુસ્તક અમો ગ્રાહક થનારને આપતા હતા તે પુસ્તક ખલાસ થઈ ગયેલ છે. નવીન ગ્રાહકોને ભેટનું પુસ્તક નહિ મળવાથી દિલગીર થવું પડ્યું છે, તેને માટે ઘણા ગ્રાહકોની ઇચ્છાને માન આપી જુના આખર સુધીમાં ગ્રાહક થનારને

આશકની આત્મકથા

નામની નવલકથા ભેટ આપવાનું નક્કી કર્યું છે. આ પુસ્તકની નકલો ઘણીજ થોડી છે. માટે વહેલો તે પહેલો, ખલાસ થયે અમો આપવાને બંધાતા નથી.

મોજ-મજાહ કાર્યાલય
ગોધરા ચર્ચ સામે ખાતાવ બીલ્ડીંગ મુંબઈ નં. ૪

અમદાવાદના એજંટઃ-
નંદલાલ દામોદરદાસ
બુકસેપર એજંટ રતનપોળ નાકા નં. ૨૯—અમદાવાદ

ચિત્ર-ચિત્રાવડ

[પુ. ૧ લું.]

તા૦ ૧લી જુન ૧૯૨૪

[અંક ૯ મો.]

વૈશાખ વદ ૧૪

ગરીબીનો ગજબ



તીરછી નજર ફેંકતી તે બારીબાંથી બહાર જોઈ રહી હતી.

વાર્ષિક લવાજમ રૂ. ૪-૦-૦

છુટક નકલ મુંબઈમાં ૧ આનો. બહાર ગામ સવા આનો

આજના લેખોનો ક્રમ.

જાહેર આશયને ગંભીર સૂચના	.....	મુંબઈનું રાત્રિ-રહસ્ય ...	(રા. ગુપ્તદૂત)
* * ને સંબોધન... ...	(રા. દીવાનો)	દુરબીનમાંથી એક નજર...	(રા. ચશ્મેચશ્મ)
ગરીબીનો ગજબ ...	(ચનચકોર)	એક સુંદરીનાં આદર્શ કર્મો	(રા. મં. ગો. દેસાઇ)
ગમે તેવો તમારો	(રા. વસન્ત)	મારી મીસીસનું પર્સ ખોવાણું	(રા. મરત કબાર)

આ પત્ર ભાદરણ પીતાંબર હંસરે મુંબઇ નં. ૯૩ ગીરગાંવકરી પરેલ રોડપર લેડી નોર્થ કોટ બિલ્ડીંગ ઓફીસેજ કે. એન. સેક્સર પ્રેસમાં [illegible]

મોજ-મજાહ

રવિવાર તારીખ ૧ લી જુન ૧૯૨૪.

જાહેર આલમને એક ગંભીર ચેતવણી.

આપણી આલમને અત્રેથી ચેતવણી આપવામાં આવે છે કે "મોજ-મજાહ" ની લોકપ્રિયતાનો લાભ લઈ કેટલાક નીચ બદમાશો અમારે નામે કોઇ કોઇ જગ્યાએ નનામા પત્રો લખી ગમે તેવા આક્ષેપો મુકવાની નીયતા કરી રહ્યા છે એવી અમને ખબર મળી છે. આવા બદમાશોનો પત્તો મળતાં અમે તેમને તરતજ વગર ભાડાની કોટડીમાં બેસાડી દઇશું પણ પ્રજા તેવા દુષ્ટોથી ન છેતરાય તે માટે એવા નનામા અથવા લોઢી પત્રો પર જરા પણ વિશ્વાસ ન રાખતાં જરૂર જણાતાં અમને રૂબરૂ મળવાની પ્રજાને ચેતવણી આપવામાં આવે છે. અધિપતિ—મોજ મજાહ.

*** ને સમ્બોધન.

(રાગ દિવાનો.)

કૂકડાના ભૂખ્યા ઓ કાળા કાગડા
ગાજી રહ્યાં આ માદળવાં ધમસાણ જો
લેજે આદ્યશક્તિ દેજે મુજ કંત ને
કહેજે 'હારા અંતરતણા પ્રભુમ જો
કૂકડાના ભૂખ્યા ઓ કાળા કાગડા. ૧

અક્ષરનાં તર્પણ અમરાપુર પાકજુ
તમે બને જેથી સહુ સૂર સમુદાય હો
અક્ષરને જીવના પ્રેમપુએ આપી નથી
અર્થ કરે અક્ષરના જે જ્યમ ચાલ્યા હો
કૂકડાના ભૂખ્યા ઓ કાળા કાગડા. ૨

કંટક તો છે સત્ય પરીક્ષા સ્નેહની
જેથી કાચુ પાકુ કનક ખુલખુલ ગરકાય જો
'ઘાસચુ' ને આટો ખાવો?' એ જ્યમ બને
કોટે કરતાં ગુલાબ નવ લેવાય જો
કૂકડાના ભૂખ્યા ઓ કાળા કાગડા. ૩

મંત્ર અનેરો 'અદોક્ષમદોક્ષાચે' તણા
તપથી સાધી પહોંચીશું બહુ દૂર જો
મરકાના ઉખ્યાઓ ગોલા બહુ થયા
સૂર લઈ હારા મેળવતાં સૂર જો
કૂકડાના ભૂખ્યા ઓ કાળા કાગડા. ૪

ગરીબીના ગજબ.

લખનારઃ— ઘનચક્કર.

રવિવારનો દિવસ હતોઃ ઉનાળાના દહાડા હોવાથી ગરમી સખ્ત પડતી હતી. મુંબઇની ચાલીની કબુતરખાના જેવી ઓરડીમાં પુરાઇ રહેતાં મારા લોહીનું પાણી થવા લાગ્યું ને બારે વાગે જમી ને ચોકીદારે આરામ લઇ હું ઘુપ તડકામાં બહાર નીકળી પડયો.

કર્યા જવું તેનો કંઈ નિયમ નહોતો. સુલેમ્બરથી નીકળ્યો ચોરાબજાર ગયો. ત્યાંથી ગામ પકડી.

"શેઠ, ક્યાંકર જવુંછ?" કંડકટરે આ ગોળી છોડી ત્યારે મને ભાન આવ્યું કે હું ગામમાં બેઠો છું ને મારે ક્યાં જવું તે જણાવવાની જરૂર છે.

"ગામ ક્યાંકર જવુંછ?"

"દાદર—"

"અચ્છા! દાદરકી ટીકીટ કે—" નીકલનો સીક્કો આપી દાદરની ટીકીટ લીધી ને હું ગામની બેંચપર વિચાર કરતો બેસી રહ્યો. ચર્નરિડ ગામ જંકશન પસાર થઇ ગયું. ત્યાં કેટલાક છોકરાઓ "મોજ-મજાહ" એક "આનો—" "નવજીવન" વગેરેની સુમો પાડતા હતા. મારા મગજનું કંઈ ઠેકાણે નહોતુ. મેં એક આનો કાઢી "મોજ-મજાહ" ખરીદયું ને ગામમાં વાંચવા બેઠો. "રાત્રિ-રહસ્ય"ના બે ચેપ્ટર વાંચ્યા એટલામાં કંડકટરનો કરડો અવાજ સંભળાયોઃ

"ઐસાચ રોડ, તારીવ ભાનેવાલા ઉતર જાવ—"

ફ્રેયરસ રોડનું નામ સાંભળતાંજ હું ભડકી ઉઠ્યો. મુંબઇના નીતિશાસ્ત્રીઓએ મને ખાત્રી આપી હતી કે આ રસ્તાનું નામ ફેયરમાં પણ પાપ છે. હું તો ખુદ એ રસ્તા પર જંઇ પુગ્યો. શિવ, શિવ, શિવ! આ પાપી રસ્તા પર આવવા માટે મને કોઇ જબરાદનો દૂત સ્વપ્ન ન કરે તે માટે મારે કોઇ સુલેમ્બરના બાદશાહને ચાર આના આપી "રામરક્ષા" નો પાઠ કરાવવો પડશે!

માણેકશ પાસેથી જે કાંઇ હકીકત સાંભળવામાં આવી તેથી પાલનજી ઉપરજ ડૉક્ટરો સદેહ વધી ગયો. કાલે રાતે ડ્રાઇવમાં બે હજાર રૂપિયા રાખ્યા હતા તથા રાતે વધમાં કોઇ રહેવાનું નથી એ વાત માણેકશએ કેવળ પાલનજીનેજ કહી હતી. વળી એ રાત્રેજ પાલનજીને રૂપિયાની ઘણી જરૂર હતી. રાત્રેને રાત્રે પોતાને પચિસ રૂપિયા જોઇએ છીએ એવું તેણે માણેકશને ભાર દઇને કહ્યું હતું. બનાવથી સ્વભાવ પણ બદલાઇ ગયા છે. આવી સ્થિતિમાં બીજો કોઇ માર્ગ નહિ હોવાથી પાલનજીને ચોરી કરવી પડી હતી— એવા વખતે ચોરીનજ તેના હેતુમાં અચાનકતાં થવાથી હનવાળી પાલનજીને એક બનાવ ગુન્હો છુપાવવા માટે ખૂન જેવો ભયંકર ગુન્હો કરવો પડ્યો હતો. આવી ધારણા બનેલા બનાવનો વિચાર કરનાર દરેક માણસના મનમાં દઢ થવાનો સંભવ હતો. માણેકશનો પાલનજી ઉપર અગાધ વિશ્વાસ હોવાજીજ તે તેના ઉપર દોષનો આરોપ મૂકતાં સંકોચાતો હતો. પ્રથમ તો ડૉક્ટરી પાસે પાલનજી સંબંધીની હકીકત છુપાવવાનો તેણે પ્રયત્ન કર્યો હતો. જો એ હકીકત જાણવાનો ડૉક્ટરે આગ્રહ દર્શાવ્યો ન હોત તો તે કદાચ તેને છુપાવી રાખત.

ઢાલ તરફ આ ખૂન સંબંધીની હકીકત વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ ન થાય એ વિષય તરફ ડૉક્ટર ખૂબ આપું. સંપાદકો આવા બનાવોમાં કલ્પનાને મરાઠો ઉમેરી પોતાના ગ્રાહકોની ક્ષુધા સંતોષવાનો પ્રયત્ન કરે છે; પરતુ તેમના આવા આમ-વ સ્વાર્થ માટે ખૂનની તપાસ કરવાનું કામ ઘણું કઠિન થઈ પડે છે. પરામર્શ કરી ગયેલો પુત્ર-ડૉક્ટર એથી કાયદાના પંજામાંથી છટકી જવાની યુક્તિ શોધી રાખે છે.

પત્થરના પુતળા સંબંધી કું ઘણો વિચાર કરવા લાગ્યો. અનતમાં ખૂનીના ખીસકામાંથી એ પુતળું પડી ગયું હતું એ ચોક્કસ હતું. એવું પુતળું સિનેમામાંજ બની આવતું હતું. ખૂની ગમે તે સિનેમાની રિટમમાં બેસી ગયો હશે એમ અત્રે આવેલો દોરો જોઇએ અત્રર તો સિનેમાથી બાજા હરેલા કોઇ રનેદી પાસેથી તેને એ મળ્યું હોવું જોઇએ. ગમે તે પ્રકારે આ પુતળું કઈ કાલે તેના હાથમાં આવેલું હોવું જોઇએ. ને તેમ ન હોય તો બે વરસ દિવસ પહેલાં એક શેર બજારનું આવું જ હોઇ[illegible] પુતળું' તે પોતાના ખીસકામાં રહેવા દઇ કર્યા કરે નહિ. ગમે તેમ હો. એક વખતે બરફ ઉપર જઈ તપાસ કરી આવવાનો કું વિચાર કર્યો. તે ઉપરાંત ખૂનીને શોધી કાઢવાનું બીજું પણ એક સૂત્ર બારા હાથમાં આવું હતું. એ માણેકશની ગુમ મોટી કિંમતી ચોરાયલી નોટો હતી. પ્રથમ નોટોની તપાસ કરવાનુંજ કને પ્રસંગોચિત જણાયું.

પેર આવી ભોજન કરી લઇ બે વાગ્યાના અરસામાં નોટોની તપાસ કરવા કું ડૉક્ટર નીકળી પાયો. ડૉક્ટરો જે પ્રયત્ન અત્રર

ફળ થયો. માણેકજીની ચોરાયલી ત્રીસ નોટોમાંની પાંચ નોટો એ રસે એકમાં જમા થયાની જાણે વધુ વાગે અજર મળી. કેવું આશ્ચર્ય! ખૂનીમાં એક બાળક જેટલી પણ બુદ્ધિ નહિ હોય! છતાં જ્યારે એમ જાણ્યું કે, એ પાંચ નોટો ત્યાંનાજ એક પ્રતિષ્ઠિત વૃક્ષમાં જમા કરાવેલી છે ત્યારે જાણે કે આનંદ થયો જોઇએ તેનાથી દસ ઘણું આશ્ચર્ય થયું. આવા એક ખૂની મામલામાં એવા એક સુનિષ્ણાત નરરત્નનો શો સંબંધ હોવો જોઇએ એ હું વિચારી શકયો નહિ. તે નરરત્નનું નામ કેશોભાઇ જમાસઇ હતું.

અપૂર્ણ.

(વધુ માટે જુઓ અમારો તા. ૨૨-૬-૨૪ નો અંક.)

ભોજ-મજાહના ગ્રાહકોને સુચના.

ઉપરા ઉપરી અનેક કાયમના તથા છુટક ગ્રાહકોની પાછલા અંકોની માગણીને માન આપી અમે 'ભોજ-મજાહ' ના પાછલા અંકો ફરીથી તૈયાર કર્યા છે; પરંતુ પોષ્ટમાં ગયલન થતી હોવાથી અંકો નહિ મળવાની દરરોજ સેંકડો ગ્રાહકો તરફથી ફરિયાદ આવે છે માટે અમે અમારા ગ્રાહકોને પાછલા અંકો અમારી ઓફીસમાં ૯ થી ૭ ના ટાઇમમાં આવી લઇ જવાની નમ્ર વિનંતિ કરીએ છીએ. પાછલા છુટક અંકો બીજી વખત છાપવા પડેલા હોવાથી ગ્રાહક નંબર હોય એવા માણસોને અમે આનાની ટિકીટમાં છુટક મળી શકશે.

નમુનાના અંક માટે અરધી આનાની ટીકીટ બીડવી.

નવીન ગ્રાહકોએ વગર વિલંબે નીચેને ફોરમમાં લવાજમના રૂ. બાર ભરી પાછલા અંકો અને ભેટ મેળવવાનો લાભ લેવા ખરાબામના ગ્રાહકોએ ભેટના પોષ્ટખરચા ૦-૪-૦ મળી ૩ ૪-૪-૦ નો મનીઓર્ડર મોકલી આપવો.

ખલાસ! ભેટનું પુસ્તક ખલાસ!!

ગુજનબદન નામનું જે ભેટનું પુસ્તક અમો ગ્રાહક થનારને આપતા હતા તે પુસ્તક ખલાસ થઇ ગયેલ છે. નવીન ગ્રાહકોને ભેટનું પુસ્તક નહિ મળવાથી નિરાશ થઇને જવું પડયું છે, તેને માટે ઘણા ગ્રાહકોની ઇચ્છાને માન આપી જુન આખર સુધીમાં ગ્રાહક થનારને

આરાકની આત્મકથા

નામની નવલકથા ભેટ આપવાનું નક્કી કર્યું છે. આ પુસ્તકની નકલો ઘણીજ થોડી છે. માટે વહેલો તે પહેલો, ખલાસ થયે અમો આપવાને બંધાતા નથી.

ભોજ-મજાહ કાર્યાલય

ગીરગામ ચર્ચ સામે બ્યાવ બીલ્ડીંગ મુંબઇ નં. ૪

અમદાવાદના એજંટ:-

નંદલાલ દામોદરદાસ

બુકસેલર્સ એજંટ રતનપોળ નાકા નં. ૨૯—અમદાવાદ.

પ્રેમ-સંન્યાસ

(લખનારઃ—રા. બ્રજવિહારી)

(ચિત્રકારઃ—રા. ગદાણી)

(૧)

"પિયરજી! હવે તમારાં બ્હાનાં ચાલવાનાં નથી."

"કેમ ભાભી! આજે એકદમ હુકમ કરવા આવ્યાં છો?"

"બ્હાનાબાજ! તમારે લીલાની સાથે લગ્ન કરવુંજ પડશે."

"ભાભી! બ્હારો નિશ્ચય જાણવાનું હોવા છતાં તમે શા માટે બ્હને આમ્રહ કરો છો? લીલાના લગ્ન માટે તમારે ચિંતા કરવાની જરૂર નથી. હું તેને માટે બ્હારા કરતાં પણ ઘણો સારો વર શોધી કાઢીશ."

"પણ બ્હને લાગે છે કે, તમારી સાથે લગ્ન થવાથીજ લીલા સુખી થઈ શકે તેમ છે.

"શા ઉપરથી તમે આમ કહો છો?"

"પ્રિયકાન્તભાઇ! એકાંતિ એના હૃદયને સારી રીતે સમજી શકે છે."

"બ્હને તો એમ લાગે છે કે, આ પ્રસંગે તમે ભૂલો છો. વળી બ્હારા નિશ્ચયને સારી રીતે જાણવાં હોવા છતાં તમે આવી વાત ઉચ્ચારી વિના કારણ લીલાના ચિત્તને ક્ષોભિત બનાવો છો."

"શું લીલા ખૂબસુરત નથી?"

"ઘણી ખૂબસુરત છે!"

"શું તે સદ્‌ગુણી અને સમજી નથી?"

"જરૂર છે. પણ હું સંસારમાં એના બંધનમાં બંધાવા ઇચ્છતો નથી લગ્ન એજ કાંઇ માનવજીવનનું સર્વોચ્ચ લક્ષ્ય નથી. મનુષ્ય જાતિ માટે કર્ત્તવ્યનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. વળી એમ. એ. ની પરીક્ષામાં પસાર થયા પછી હું ઇંગ્લેન્ડ, અમેરિકા, જર્મની વગેરે દેશોમાં જવાનો છું. બંધનમાં બંધાયા પછી હું બ્હારે કરવાનાઓને વ્યવહારમાં મૂકી શકું તેમ નથી."

"જો તમારા જેવા બધા પુરૂષો હોય તો બધી ઓઓને કુંવારી છુંદણા કાઢવી પડત. એકલા તરંગો દોડાવવા એ બ્યાજબી નથી. સંસારમાં સહચારિણીના સહચર્યથી ઘણું ઘણું કર્ત્તવ્ય કર્મ બજવી શકાય છે. લગ્ન એ બંધન નહિ; પરંતુ સ્નેહનું વેલુંજ છે, અને સ્નેહ વગરનું જીવન પશુના જીવન જેવું છે."

પ્રિયકાન્તને લૉજિકનો સારો અભ્યાસ કર્યો હતો. તેણે યુક્તિપૂર્વક તેની ભાભી નમનતાસને ઘણી વખતે વાર્તાચિતમાં પરાજય કરી હતી; પરંતુ આજે ભાભીએ તેની સાથે જ્યારે વાત ચાલુ કરી ત્યારે તે અભ્યાસમાં હીન હતો તેથી વાતને કુંઠામાં પડાવી દેવાના વિચારથી તેણે કહ્યું:—"ભાભી, હું કાંઇ જીવન પર્યંત કુંવારો રહેવાનું નથી કહેતો. કાળક્રમે તમારી ઇચ્છાનુસાર હું જરૂર તમને ગમતી કન્યા સાથે લગ્ન કરીશ."

"એટલે લીલાએ ત્યાં સુધી ટ્રેઇન લીધી કે? એ ઉમ્મર લાયક થઇ છે. તેને હવે ક્યાં સુધી કુંવારી રાખી શકાય?"

"હું એને કયાં કુંવારી રાખવાનું કહું છું? તમે જ્હારા મિત્ર રસિકચંદ્રને ઓળખો છો. એને ગેર મોજકર ચાકર, મોટર બધું છે. એ ગણું શ્રીમંત યુવક છે. બી.એ. સુધી તેણે અભ્યાસ કર્યો છે. તેનું ચરિત્ર પણ ઉત્તમ છે. જો લીલાનું લગ્ન એની સાથે નક્કી કરવામાં આવશે તો લીલા ઘણી સુખી થશે. એણે લીલાને જોઇ છે. તથા જ્હેં તેની સાથે ગર્ભિત ભાવથી આ વાત કાઢી જોઇ છે. લીલા જેવી ખૂબસૂરત સદ્‌ગુણી બાળાનો સ્વીકાર તે ઘણી ખુશીથી કરશે."

આટલું કહી પ્રિયકાન્તે પાછું અખબારમાં લક્ષ્ય આપ્યું નયનતારા અંતરના ઉંડાણમાંથી એક નિશ્વાસ મૂકી ચાલી ગઈ.

(૨)

હવે અમે પ્રિયકાન્ત અને નયનતારાની વાંચકને થોડી ઓળખાણ આપીશું. પ્રિયકાન્તના જ્હેડાભાઈનું નામ રજનીકાન્ત હોઇ બન્ને ભાઈ એકઠા રહેતા હતા. મુંબાઇમાં વાલકેશ્વર રોડ ઉપર તેમનો એક બેઠા ઘાટનો બંગલો આવેલો હતો. રજનીકાન્તે મેટ્રિક સુધીજ અભ્યાસ કરેલો હોવા છતાં તે ઘણો અવલોકનકુશળ હતો. ઘર સંસારનું અને ધંધાનું સઘળું કામકાજ તેજ તપાસતો હોઇ પ્રિયકાન્ત સઘળો વ્યવહાર ભાર ભાઇ ઉપર મૂકી નિરાંતથી અભ્યાસ કરતો હતો. તેનો ઘણોખરો વખત પુસ્તકોના વાંચનમાંજ વીતી જતો હતો. સ્વદેશી અને સ્વરાજ્યની ચિલચાલમાં તે ભાગ લેતો હતો તથા એ ઉપર કોઈ કોઇ વખતે માર્મિક સચોટ ભાષણ પણ કરતો હતો.

લીલા નયનતારાની દૂરની સગી ભત્રીજ થતી હતી. બન્નેની ઉમ્મર વચ્ચે પાંચેક વર્ષનું અંતર હતું. લીલાનાં માબાપની આર્થિક હાલત સારી નહોતી. તેની માતા તેને ઘણી નાની મૂકી મરી ગઇ હતી તથા તેનો પિતા પોતાના મૃત્યુ વખતે લીલાને તેની બ્હેન નયનતારાને સોંપી ગયો હતો. બાપા વરસાથી બન્ને વચ્ચે એટલો બધો સ્નેહ બંધાયો હતો કે, તેઓ ક્ષણ કાળ માટે પણ એક બીજાનો વિયોગ વેઠી શકતાં નહોતી. લગ્ન થયા પછી નયનતારા લીલાને પોતાની સાથેજ અમદાવાદમાં લઇ આવી હતી. એ વખતે લીલા દસ વર્ષની ખીલતી કુસુમકળી હતી. એ વિકસિત થતી યુવાવસ્થા જાણે કે પોતાની યુવાસને આસપાસના વાતાવરણમાં વિસ્તારવાનો પ્રયત્ન કરતી હતી. નયનતારાને સાદાઇ પસંદ હતી. વસ્ત્રાલંકારો પહેરી શણગાર કરવાનું તેને પસંદ નહોતું, છતાં તે નાની લીલાને સુંદર વસ્ત્રાલંકારોથી સજ્જિત કરીને મનમાં ને મનમાં મલકાતી હતી. નયનતારાની કાળજીથી લીલા માતૃઅવાનું સઘું જ્ઞાન મેળવી રહી હતી તથા પ્રિયકાન્ત પાસે તે ઇચ્છે ત્યારે અંગ્રેજી મેળવતી હતી. તે જ્ઞાનપ્રભુની બાળાપ્રભુમાં મોકેલી હોવા છતાં નયનતારાના અંતરને અપાર સ્નેહ તેને કોઇ પણ પ્રકારની ઊણપ જણાવા દેતો નહિ.

લીલા ઉમ્મર લાયક થઇ હતી. પોતાના સ્નેહની સામગ્રીને તથા પ્રેમની પુતળીને પારકે ઘેર ન મોકલવી પડે એ હેતુથી નયનતારા તેનું વ્હેલ સાથે લગ્ન કરી નાખવાની ઇચ્છા રાખતી હતી; પરંતુ પ્રિયકાન્ત પોતાના નિશ્ચય ઉપર દૃઢ હોવાથી નયનતારાની ઇચ્છા સફળ થતી નહોતી. પ્રિયકાન્ત લીલાના સદ્‌ગુણમાં રહેતો હોવા છતાં વિકાર વિનાના નૈષ્ઠિક બ્રહ્મચારી જેવું તેનું ચરિત્ર હતું.

(૩)

રહીજના પાંચ વાગ્યા હતા. લીલા પોતાના બેઠકખાનાનાં એક બારા ઉપર આરી પડી સરસ્વતીચંદ્ર વાંચતી હતી. તેનાં અંધળા નયનો વાચનકાર્યમાં સ્થિર થઇ ગયાં હતાં. ગુલાબી સાડીનો માથા ઉપરનો પાલવ ખસી જઈ ખભા ઉપર પડયો હતો. બારિક સિલ્કનો ચુસ્ત કબજો સ્તન યુગલ સાથે ચોંટી ગયેલો હોવાથી એક રતન પારદર્શક બની ગયો હતો. લીલા કદે ઉંચી, બાંધે પાતળી, રંગે ગોરી હતી. તેના દેહના પ્રત્યેક અવયવમાંથી જાણે કે લાવણ્ય ઝરતું હતું. તે બારા ઉપર બેઠેલી હોવા છતાં તેના બન્ને પગ વચ્ચે વચ્ચે હાલતા હતા અને ઝાંઝરનો રણકાર એ રમણે મધુર સંગીત રેલાવતો હતો.

એવામાં પ્રિયકાન્તે એ બેઠકખાનામાં પ્રવેશ કર્યો. તેને જોતાં લીલા ઝબકી ઉઠી માથા ઉપર પાલવ તાણ્યો અને તેણે સ્થિર ભાવ ધારણ કર્યો.

પ્રિયકાન્તે એક ખુરસી ઉપર બેસી ગંભીર ભાવથી કહ્યું:—

"જુઓ, આજે તમારી સાથે એક જરૂરી વાત કરવા હું ખાસ આવ્યો છું."

લીલા અજ્ઞે સ્વપ્નમાંથી જાગી ઉઠી. તેણે સ્થિર સ્વરે કહ્યું:—"શી વાત કરવા ધારો છો?"

"એ વાત સાથે તમારા આખા જીવનના હિતાહિતનો સંબંધ છે. હું જે પત્ર મૂકું તેનો ખરો ઉત્તર આપવાં ચમકીશ તો તેથી તમારે ખૂબ ગેરવું પડશે."

લીલા ગંભીર વિચારમાં પડી ગઇ. તે મુગ્ધ રહી. પ્રિયકાન્તે ઉત્તરની રાહ નહિ લેતાં ઉમેર્યું, "હું ધારું છું કે, તમે જ્હારા મિત્ર રસિકચંદ્રને ઓળખો છો?"

લીલાએ મસ્તક હલાવી હકારમાં ઉત્તર આપ્યો.

"તમારે એની સાથે લગ્ન થાય તો તે માટે રાજી છો?"

ક્ષણ કાળ માટે લીલાએ આડું જોયું. એ ક્ષણે તેના મુખ ઉપર જે નિરાશાનો ગંભીર ભાવ ઘવાઈ ગયો તે પ્રિયકાન્તના જોવામાં આવ્યો નહિ. તરતજ મનને વશ કરી લીલાએ બેઠક દૃષ્ટિથી પ્રિયકાન્ત તરફ જોયું. તેની દૃષ્ટિમાં દીનતા અને આજીજીના સુંદર સમાવેશ થયેલો હતો.

"હું તમારા વડિલ જેવું બારજર છું. જ્હારાથી તમારું કારજ નથી. રસિકચંદ્ર જાણી તથા સાધનસંપન્ન છે. એ તમને દરેક રીતે સુખી કરી શકે તેમ છે. તમારી સાથે તેનું લગ્ન થાય એમ હું ઇચ્છું છું. તમે તમારો વિચાર જ્હેદને જણાવશો?"

એક ડોક્ટર દરદીના અંગ ઉપર વધારાપ કરે અને તીક્ષ્ણ નેતરી વેદના થાય તેવી પણ વિકાર વેદના આ વાક્યો સાંભળતામાં આવતાં લીલાને થઇ. જ્યાં સ્વપ્નમાં પોતાના સ્વપ્નો જાણ મુખરાવતાં અજ્ઞત વ્યક્તિ પ્રકટે જોવી હોવાથી લીલાની વેદનાને પ્રિયકાન્ત સમજી શક્યો નહિ. લીલાનાથી ઉત્તર આપવાની શક્તિ નડી નહિ.

પ્રિયકાન્તના પ્રત્યેક શબ્દથી તેના મનમાં એક પ્રકારનું ગુપ્ત અભિમાન જાગી ઉઠતું. પ્રિયકાન્તે શબ્દો રૂપી છરીથી વહાલ કાપવું કામ આગળ ચલાવતાં કહ્યું; "લીલા! હવે તમે કાંઈ ન્હાનાં નથી. તમારા હિતાહિતનો વિચાર તમે કરી શકો તેમ છો. હું કાંઇ પણ રીતે તમને દુઃખી થયેલાં જોવાને ઇચ્છતો નથી. જે તમને જે પ્રશ્ન પૂછયો છે એ પ્રશ્નનો ઉત્તર આપતાં હરેક બાળાને લજ્જા થાય એ સ્વાભાવિક છે; પરંતુ એ લજ્જાને પરિણામે કાંઈ કાંઇ વખતે એવું દારુણ દુઃખ ભોગવવું પડે છે કે, જેનું નિવારણ કાંઇ પણ રીતે કરી શકાય નહિ. ન્હારાથી પડશે નહિ રાખતાં તમે ન્હને સરળભાવથી ઉત્તર આપો."

સહનશક્તિની પણ હદ હોય છે. એ હદ જ્યારે તૂટી જાય છે ત્યારે નેત્રોમાં આંસુ આવે છે અથવા તો મનમાં છુપાઈ રહેલું અભિમાન શબ્દોદ્વારા બ્હાર નીકળે છે. લીલાએ સહજ રોષ ભાવ ધારણ કરી કહ્યું:—"તમે ન્હારા શુભેચ્છક હોવાથી તમારે ન્હને કાંઈ પૂછવાની જરૂર નથી. તમે તમને જેમ ઠીક લાગે તેમ કરો." આટલું બોલી કાચ ઉપરથી ઉઠી લીલા ન્હાર ચાલી ગઇ. તેના નેત્રોમાં આ વખતે આંસુ ભરાઇ આવ્યાં હતાં. એ આંસુ પ્રિયકાન્ત જોઈ શક્યો નહોતો.

(૪)

પ્રિયકાન્તના પ્રપતનથી રસિકચંદ્ર સાથે લીલાનું લગ્ન નક્કી થયું હતું. લગ્નનો દિવસ નજીક આવતો હતો. નયનતારા ફૂટે હાથે પૈસા ખરચી જોઇતી વસ્તુઓ પ્રિયકાન્ત પાસે મંગાવતી હતી.

હવે લીલા પ્રિયકાન્ત સાથે વિશેષ વાતચિત કરતી નહોતી. તે બનતા સૂધી તેનાથી દૂર રહેતી યા તો એકાન્તમાં આંસુ સારતી હતી. આમ છતાં ન્હારથી તેની યથાર્થ સ્થિતિ કાંઇ સમજી શકતું નહોતું. હવે લીલાને વાંચવું ગમતું નહોતું. કાંઇ પણ કાર્યમાં તેનું દિલ ગોઠતું નહોતું.

યથા સમયે લગ્ન થઇ ગયું અને લીલાને સાસરે વળાવવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. પ્રિયકાન્તે લીલા પાસે જઇ સ્નેહપૂર્ણ કંઠે કહ્યું:—"લીલા! આ ક્ષુલ પ્રસંગે હું તને આ મોહનમાળા ભેટ આપું છું."

લીલા ચમકી ઉઠી. એક ક્ષણ માટે તેનાં નેત્રો લાલ બની ગયાં. તેણે કહ્યું:—"ન્હને ભેટની જરૂર નથી! તમે ન્હારા હિત માટે જે વ્યવસ્થા કરી છે એ કાંઇ જેવી તેવી ભેટ નથી! તમારીલાગણી હમ્મેશાં ન્હારા અંતરમાં કાયમ રહેશે!"

હવે પ્રિયકાન્ત સમજી શક્યો કે, લીલાના એ શબ્દોમાં હૃદય-વિદારક વ્યથા અને અભિમાન હતું. લીલા આજે જાણે રોષદર્શિકા બની હતી. તેણે ઘણો આગ્રહ કર્યો, પરંતુ લીલાએ તેની ભેટનો સ્વીકાર નજ કર્યો.

રહાંને પ્રિયકાન્તના અન્યાયગૃહમાં પ્રવેશ કરી તેની ભાભી નયનતારાએ કહ્યું:—"ન્હાના ભાઈ! આ શું? આનો કાંઇ ઉપાય અગાઉથી જ કરવો જોઇએ." નયનતારાનો ભાવ ભય અને શંકા-મિશ્રિત હતો.

પ્રિયકાન્ત ગંભીર ચિંતામાં પડી ગયો. તેણે વ્યાકુળતાથી પૂછયું "કેમ ભાભી, શું છે?"

"લીલા જે ટ્રેન તેની સાથે લઇ જવાની છે તેમાં તમારી મખ-મલની સ્લીપરો છે, એ સ્લીપરો જો રસિકચંદ્રના જોવામાં આવશે તો તે શું ધારશે?"

પ્રિયકાન્ત આઘો બની ગયો. નયનતારાએ ઉમેર્યું, "હું પ્રપ મથીજ નહોતી કહેતી કે, લીલા તમનેજ ન્હાય છે. તમે ન્હાર કહેવું સાંભળ્યું નહિ અને છેવટ આવું પરિણામ આવ્યું!" નયન-તારાનાં નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યાં.

ભાભીનું ઉતરી ગયેલું મુખ જોઇ પ્રિયકાન્તનું હૃદય ઘણું દુઃખી થયું. તેણે કહ્યું:—"લીલા છોકરવાદ છે. તમે ચિંતા કરશો નહિ હું હમણાંજ આ સંબંધીનો ચોક્કસ બંદોબસ્ત કરું છું."

આમ કહી પ્રિયકાન્ત લીલાના ઓરડામાં ગયો. એ ઓરડા-ની દિવાલ ઉપર પ્રિયકાન્તની એક ઑઇલ પેઇન્ટિંગ તસ્વીર હતી. લીલા હાથમાં ગુલાબ ગુચ્છ લઇ એ તસ્વીર તરફ સ્નેહ-ભીની હાસ્યપૂર્ણ દૃષ્ટિથી જોઇ રહી હતી. તેના મુખ ઉપર બિલ્કુલ ચિંતા નહોતી. બન્ને નેત્રો હાસ્યવિકસિત હતાં. થોડા સમય સૂધી તસ્વીરનું દર્શન કર્યા પછી લીલા નીચી વળી તસ્વીર-ને પ્રણામ કરવા જતી હતી એવામાં પ્રિયકાન્તે એ ઓરડામાં પ્રવેશ કરી કહ્યું:—"લીલાદેવી! આ શું કરો છો?"

"આવો પ્રશ્ન પૂછવાનું કારણ?"

"તમારી કેટલીક વર્તણૂંક છોકરવાટી જેવી છે."

"જિંદ્યા તરીકેના તમારી સાથેના સંબંધનો અંત આવી ગયો છે. ન્હારી વર્તણૂંક ઉપર નજર રાખવાનું કામ હવે ન્હારા પતિનું છે.'

"હું તમારો શુભેચ્છક છું."

"ન્હારા શિર ઉપર ઉપકારનો ભાર વધારવાની ન્હારી ઇચ્છા નથી"

"એક સ્નેહી તરીકે તમારે ન્હારી એક વાત માનવી પડશે."

"જો સ્નેહી હોવાનો દાવો કરતા હો તો ન્હારી ઇચ્છાને તમારે સંતોષવી પડશે."

"પણ એ ઇચ્છા અનુચિત કિંવા ધર્મવિરુદ્ધ ન હોવી જોઇએ.'

"હું પણ ધર્મને કાંઇક અંશે જાણું છું' ખરી!"

"જુઓ, ન્હારા જાણવામાં એમ આવ્યું છે કે, જે કપડાંની ટ્રંક તમે તમારી સાથે લઈ જવાનાં છો એમાં ન્હારી મખમલની સ્લીપરો છે! આ વાત ખરી છે?"

"હા તદ્દન ખરી છે."

"તમે મને એ સ્લીપર આપી દો."

"જેવી તમારી ઇચ્છા." લીલાનો કંઠસ્વર કોપથી ભર્યો હતો.

તેણે વિના વિલંબે બન્ને સ્લીપર ટ્રંકમાંથી બ્હાર કાઢી નાંખી. પ્રિયકાન્તે ગંભીરતાથી કહ્યું:—"લીલાદેવિ! ભવિષ્યમાં ફરીથી જો આવી ભૂલ કરશો તો કદાચ દુઃખી થશો. એક

પત્ની તરીકે તમારે તમારા ધર્મ અને વ્યવહારનો વિચાર કરી વર્તવું જોઇએ."

"ખરૂં છે."

તે દિવસે રાત્રે લીલા સાસરે ગઇ.

(૫)

ત્રણ દિવસથી લીલા સાસરે ગઇ હતી. જે દિવસે તે સાસરે ગઇ તેજ દિવસે રાત્રે ગઢ તાર આવવાથી જરૂરી કામને અંગે રસિકચંદ્રને બ્હાર ગામ જવું પડયું હતું. ચોથે દિવસે તે જ્યારે ઘેર આવ્યો ત્યારે તેનું મ્હોં લેવાઇ ગયું હતું.

આવતાંની સાથેજ તે એકાન્ત શોધી લીલા પાસે ગયો. તેણે કંપતા કંઠે કહ્યું:—"હું દિલગીર છું કે, મ્હારા શિર ઉપર તમને એક દુઃખદાયક વાત કહેવાની ફરજ આવી પડી છે."

વિના મેઘે વિજળી પડી. લજ્જા દૂર જતી રહી. લીલાએ ગદ્‌ગદ કંઠે પૂછ્યું:—"તમારે જે કહેવું હોય તે બેધડક કહો."

"સુઓ, એ વાત પ્રિયકાન્તે તમને કહે એવી મારી ઇચ્છા હતી; પરંતુ વિશેષ સમય સુધી તમને ભ્રમમાં નહિ રાખવાનો મ્હારો વિચાર હોવાથી હું જ કહું છું. એ વાતથી તમને ઘણું દુઃખ થશે એ હું જાણું છું; પરંતુ બીજો કોઇ ઉપાય નથી. મ્હને કહેતાં ઘણો અફસોસ થાય છે કે, તમે એક કલંકિની ઓનાં પુત્રી છો. તમને પત્ની તરીકે રાખતાં કાળક્રમે મ્હારે ન્યાતનગરથી અલગ થવું પડે તેમ છે તથા જનસમાજમાં મ્હારી ઘણી નિંદા થાય તેમ છે."

આ શબ્દો સાંભળતાં લીલા જેહોરા જની ધરા ઉપર ઢળી પડી. રસિકચંદ્રે તેની સારવારનો ઉચિત બંદોબસ્ત કર્યો.

એવામાં પ્રિયકાન્ત આવી પહોંચ્યો. બન્ને મિત્રો એકાન્તમાં ગોઠા એટલે તેમની વચ્ચે વાતચિત ચાલુ થઇ. વાર્તાલાપ કરતાં રસિકચંદ્રે કહ્યું:—"ભાઇ લીલા તમારાં ભાભીની બ્હેન નહિ પરંતુ એક કલંકિની રમણીની કન્યા છે. લીલાના પિતા નથનતારાના માસા થતા હોઇ તેઓ કલકત્તામાં સારી નોકરી ઉપર હતા. ત્યાં તેમની પત્નીનું મૃત્યુ થયું હતું. પછી તેમણે એક જાહેર વેશ્યાને ત્યાં જવા માંડયું હતું. એ વેશ્યાનું નામ રાસમણિ હોઇ તેણે લીલાને જન્મ આપ્યો હતો. લીલાના જન્મ વખતે રાસમણિ તેના જારની સાથેજ રહેતી હતી. લીલા બે વર્ષની ઉમ્મરની થયા પછી ક્ષયના દર્દથી રાસમણિનું મૃત્યુ થયું હતું. મરતી વખતે રાસમણિએ પોતાની પુત્રી લીલા પોતાના જારને સોંપી હતી. બે નવ વર્ષ પછી લીલાના પિતાએ નોકરી છોડી મુંબાઇ આવી લીલાને "પોતાની પ્રથમ પત્નીની કન્યા તરીકે ઓળખાવી હતી. મુંબાઇ આવ્યા પછી બે વર્ષે લીલાના પિતાનો મૃત્યુકાળ ઉપસ્થિત થતાં લીલાને તમારાં ભાભી સાથે રાખવામાં આવી હતી. આ સઘળી વાત આજેજ મારા જાણવામાં આવી છે. કલકત્તાથી મ્હારા પિતાના એક સ્નેહીએ લગ્નનું નિમંત્રણ મળતાં ઉત્તરમાં મને આ સઘળી હકીકત પૂરતી તપાસ કરી લખી જણાવી છે. હવે શું કરવું?" આમ કહી રસિકચંદ્રે કલકત્તાથી આવેલો પત્ર પ્રિયકાન્તના હાથમાં આપ્યો.

પ્રિયકાન્તે પત્ર વાંચી જોયો. પછી તેણે કહ્યું:—"ભાઇ! તમારે ચિંતા કરવાની જરૂર નથી. અજાણતાં જે ભૂલ થઇ ગઇ છે તેથી હું તમારી ક્ષમા ઇચ્છું છું. હું હમણાંજ લીલાને મ્હારી સાથે લઇ જાઉં છું."

રસિકચંદ્રે કહ્યું:—"ભાઇ! મ્હને લીલા માટે ઘણું લાગી આવે છે; પરંતુ લાચાર છું કે, એ વેશ્યાનન્દિનીને સદ્ધર્મિણી બનાવી હું મ્હારા કુળનું લોહી કલંકિત કરવા ઇચ્છતો નથી. આમ છતાં હું તેનાં ભવિષ્ય સંબંધી જરૂર કાંઇ ગોઠવણ કરી આપીશ."

પ્રિયકાન્ત ઉભેરાઇ ગયો હતો. તેણે કટાક્ષમાંજ કહ્યું:—"ના ના, લીલાની તમારે ચિંતા કરવાની જરૂર નહિ પડે. આજ સુધી જે ઘરમાં તે ઉછરીને મોટી થઇ છે એ ઘરમાં હમ્મેશાને માટે તેને આશ્રય મળશે. તમે લીલા પાસે જઇ જલ્દીથી મ્હારી સાથે આવવાનું કહી દ્યો."

લીલા મુર્છામાં આવેલી હોવા છતાં હજી સુધી તે કાંઇ સમજી શકી નહોતી—કાંઇ સમજવાની તેને જરૂર પણ લાગતી નહોતી. પ્રિયકાન્તે તેની પાસે જઇ કહ્યું:—"લીલારેવિ! મ્હને ક્ષમા આપજો. મ્હારે જે હકીકત કહેવાની હતી તે હું પ્રિયકાન્તને કહી ચુકયો છું. લાચારીથી મ્હારે તમારો ત્યાગ કરવો પડે છે એથી મ્હને ઘણું દુઃખ થાય છે; પરંતુ ભવિષ્યમાં તમને કોઇ પણ પ્રકારનું દુઃખ વેઠવું ન પડે એ હેતુથી આ પાંચ હજાર રૂપિયા તમને ભેટ આપવા ઇચ્છું છું." આમ કહી રસિકચંદ્રે નોટોનું બંડલ આગળ ધર્યું.

લીલાએ સિંહણની માફક ગર્જના કરી કહ્યું:—"આજથી આપણા પતિ-પત્નીના સંબંધનો અંત આવી જાય છે. ઇશ્વરે સારૂંજ કર્યું છે કે, હજી સુધી આપણે બન્ને એક બીજાના દૈહિક સંબંધમાં આવ્યાં નથી. તમે હવે મ્હારી નજરે પરપુરૂષ છો. તમે મ્હને કે'ગાંસિની—પાપની પુતળી જાણી ઉદારતાથી ભેટ આપવા આવ્યા છો? મ્હને એવી ભેટની બિલકુલ જરૂર નથી. એવી ભેટ સ્વીકારવા કરતાં ભીખ માગી પેટ ભરવું હું વિશેષ પસંદ કરૂં છું." આમ કહી લીલાએ રસિકચંદ્રના જે હાથમાં નોટોનું બંડલ હતું તે હાથ પાછો વાળ્યો.

પ્રિયકાન્તના આગમનની લીલાને ખબર પડી ગઇ હતી. તેણે સાસરેથી મળેલાં તમામ ઘરેણાં અને કપડાંઓ કાઢી રસિકચંદ્ર પાસે મૂકી દીધાં. પછી તેણે કહ્યું, "ગુલાબ કંઠીમાં, કમળ કાકવામાં ઉત્પન્ન થાય છે તેથી ગુલાબ અને કમળ તિરસ્કારપાત્ર છે કે? હું તમારી દયા ઉપર જીવવા ઇચ્છતી નથી." આમ કહી લીલા પોતાનો સરસામાન લઇ પ્રિયકાન્ત પાસે ગઇ.

બન્ને જણાં ગાડીમાં બેઠાં. લીલાના વર્તનથી રસિકચંદ્ર સ્તબ્ધ બની ગયો હતો.

(૬)

"લીલારેવિ! તમે મ્હારી એક વાત માનશો?" ચાલતી ગાડીમાં પ્રિયકાન્તે કરૂણ કંઠે પૂછ્યું.

"હવે તમારો મ્હારા ઉપર શો હક્ક છે?" લીલાએ ક્રુધાની રાગેલા રોષને શબ્દોથી દર્શાવવા માંડયા.

"હું મ્હારી ભૂલ સમજી શકયો છું. મ્હને ક્ષમા આપો."

"એટલે? તમે શું કહેવા ઇચ્છો છો?"

"રસિકચંદ્ર સાથે તમારું લગ્ન કરવામાં મ્હેં ગંભીર

ભૂલ કરી છે."

"હવે એ ભૂલ સુધારવાના નિમિત્તથી બીજી ભૂલ કરવાની તમારી ઇચ્છા છે કે?"

"ના, હું તમને દુઃખી થયેલાં જોઇ શકું તેમ નથી. હું તમારી સાથે લગ્ન કરવા ઇચ્છું છું." આવેગનો ઉભરો પ્રિયકાન્તને ખ્હાર કાઢ્યો.

"ખ્હારા જેવી એક પાપપંકિજની તમારા જેવા સાધુ મહાત્માજીની સહધર્મિણી થવા માટે તદન નાલાયક છે."

"હું તમને નિર્દોષ અને પવિત્ર માનું છું."

"વાસનાને વશ થવાથી તમારી દૃષ્ટિમાં એવો વિકાર થયો હશે!"

"ત્યારે તમે મ્હને દુઃખી કરવાને ઇચ્છો છો?"

"પ્રિયકાન્ત! દુઃખની વાત શા માટે કરો છો? તે દિવસે તમે ખ્હારી દૃષ્ટિમાંથી જ્યારે તમારી સ્ત્રીપર ખ્હાર કઢાવી હતી ત્યારે મ્હને કેટલું બધું દુઃખ થયું હશે?"

આ કટાક્ષનો પ્રિયકાન્તને ઉત્તર સુઝ્યો નહિ. થોડા સમય પછી તેણે પૂછ્યું:—"તમે વેર લેવા ઇચ્છો છો?"

"હું પ્રજાપુત્રી નથી. પ્રિયકાન્ત! રમણીના હૃદયને સમજી શકવાની શક્તિ તમારામાં હોત તો આજે ખ્હારે ગ્રેમ-સંન્યાસ સ્વીકારવો પડત નહિ. જે ભૂલ થઇ ગઇ છે તે હવે સુધરવી અશક્ય છે. હિંદુ કન્યાનું કેવળ એકજ વખત લગ્ન થઇ શકે છે. આર્ય નારી કેવળ એકજ પતિની સહધર્મિણી થઈ શકે છે.

"એ બધો હિંદુ સમાજનો ખોટો દંભ છે; ખ્હારું મન બળવાખોર બની ગયું છે."

"સમાજ જાતિ અને વ્યવહારનું રક્ષણ કરી વર્તવું એ માનવનું કર્તવ્ય છે."

"જોઇશે સમાજ, સ્વાર્થીધ જાતિ અને સંકુચિત વ્યવહારોનો નાશ થઈ જાઓ. મ્હને ખ્હારા સુખ આગળ એ બધું તુચ્છ જણાય છે."

"રાંકા પછીનું ડહાપણ શા કામનું?"

"ઉહમા ત્યાંથી રહવાર સમજી ભૂલ ન સુધારવી કે?"

"માફ કરો. હું તમારી ઇચ્છાને માન આપી શકું તેમ નથી. પ્રિયકાન્ત મ્હને ભૂલી જાઓ, ખ્હારી ચિંતા છોડી દો."

(૭)

પ્રિયકાન્ત પોતાના એકાન્ત અભ્યાસગૃહમાં લખવાના ટેબલ પાસે ખુરશી ઉપર બેઠો હતો. રાતનો વખત હોવાથી ગૃહમાં વિજળીની બત્તીનો પ્રકાશ ફેલાયો હતો. ટેબલ ઉપર શોભાની ફ્રેમમાં લીલાદેવીના એક તસવીર હોઇ હમણાં પ્રિયકાન્ત ચિંતાતુર ચિત્તે એકાગ્રદૃષ્ટિથી એ તસવીર તરફ જોઈ રહ્યો હતો. તસવીર ઉપર સુંદર મોગરા અને ગુલાબનાં તાજાં પુષ્પોની એક માળા હતી.

એવામાં લીલાએ પ્રવેશ કરી કહ્યું:—"આ શું કરો છો?"

"વેર વાળું છું."

"વેર વાળવાનો માર્ગ તો બહુ સારો શોધી કાઢ્યો છે. પ્રિયકાન્ત! હવે હું આ સઘળું સહન કરી શકતી નથી. તમે મ્હને કલંકિની તરીકે ઓળખાવવા ઇચ્છો છો?"

આટલું બોલી લીલા બેહોશ બની ગઇ. નિરુપાયે પ્રિયકાન્તે ઉઠી તેની પાસે જઇ તેનું મસ્તક પોતાના ખોળામાં લઇ તેને પંખાથી પવન નાખવા માંડ્યો.

"લીલા કયાં છે?" આમ બોલતાં નયનતારાએ આ ગૃહમાં પ્રવેશ કર્યો. જે દેખાવ તેની નજરે પડ્યો તેથી તે સ્તબ્ધ બની ગઇ. પ્રિયકાન્ત કાંઇ ખુલાસો કરે તે પૂર્વે એ ખ્હાર ચાલી ગઇ.

(૮)

ઉપરોક્ત બનાવ બન્યો તેને બીજે દિવસે લીલા તથા પ્રિયકાન્તમાંથી એકેકનો પત્તો લાગ્યો નહિ. રજનીકાન્ત તથા નયનતારાની સઘળી શોધ ફોગટ ગઇ. નયનતારાએ જોવામાં આવેલા દેખાવ ઉપરથી જે કલ્પના બાંધી હતી તેનો ધોરો આલાસ રજનીકાન્તને પણ મળ્યો હતો.

પંદરેક દિવસ પછી પ્રિયકાન્તનો નયનતારા ઉપર એક પત્ર આવ્યો. પત્રમાં ગામનું નામ કે ઠેકાણું નહોતું.

"માતાતુલ્ય ભાભી,"

તે દિવસે અચાનક લીલાને શોધતાં તમે ખ્હારા ગૃહમાં આવ્યાં ત્યારે તે બેહોશ બની ગયેલી હોવાથી હું નિર્દોષકાર ભાવથી તેને શુદ્ધિમાં લાવવાની મહેનત કરતો હતો. કાંઈ ખુલાસો સાંભળવા પહેલાં તમે આવ્યાં ગયાં. ખ્હારી લજ્જાનો પાર રહ્યો નહિ. શુદ્ધિમાં આવ્યા પછી લીલા પણ ઘણી શરમાઇ; છતાં તે સ્વમંનું પારિણામ હતી. લીલા સર્વથા નિર્દોષ નિષ્કલંક તેમજ પુણ્યની પ્રતિમા છે આપણા ગૃહસંસારની પવિત્રતાનું રક્ષણ કરવાના ઉદેશથી તે બીજે દિવસે રહેવાને કોઇ સ્થળે ચાલી ગઇ હતી. તે કયાં ગઇ હતી એની મને ખબર નથી; છતાં હું એની શોધમાં નીકળેલો છું. જ્યાં સુધી એ પવિત્રતાને આપણા ઘરમાં લાવી શકાશે નહિ ત્યાં સુધી એક અજ્ઞાત પ્રવાસી તરીકે ખ્હારું જીવન વ્યતીત કરીશ. એના લગ્ન સંબંધમાં ખ્હારાથી જે ગંભીર ભૂલ થઇ છે તેનું હમણાં હું પ્રાયશ્ચિત્ત કરું છું.

લી૦ ચરણરજ પ્રિયકાન્તના સવિનય પ્રણામ."

* * *

રજનીકાન્ત અને નયનતારાના મનમાં જે સંદેહની જે આછી વાદળી હતી તે એ પત્રરૂપી પ્રભાકરની ઉષ્ણતાથી દૂર થઇ ગઇ.

* * *

બે વર્ષ સુધી તપાસ કર્યા પછી પ્રિયકાન્ત લીલાનો પત્તો મેળવી શક્યો. લીલા.....શહેરમાં એક સ્ત્રીપોષયોગી સંસ્થાના આશ્રય સ્થાન ઉપર નિરવાર્થ ભાવથી કામ કરતી હતી તેની જાણકારી તે સંસ્થાએ છપાવી કાઢી હતી. તેની ચંચળતા દૂર થઇ ગઇ હતી. પ્રિયકાન્તે તેની મુલાકાત લઇ તેને પોતાને ત્યાં આવવાનો ઘણો આગ્રહ કર્યો— કાલાવાલા કર્યા; પરંતુ લીલા સંસારના બંધનમાંથી મુક્ત થઇ કર્તવ્યના સેવનમાં પ્રવૃત્તિ થયેલી હોવાથી પ્રિયકાન્ત નિરાશ થઇ પાછો ફર્યો અને જીવનપર્યંત તેણે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કર્યું.

સમાપ્ત

એક સુંદરીનાં સાહસ કર્યો.

(તા૦ ૧-૬-૨૪ થી ચાલુ.)

પ્રકરણ ૭ મું.

જાદુઇ મસ્તક.

મનોરમાએ અત્યાર સુધીમાં જે રમકાનવાળા ઓરડાઓ જોયા હતા તેના જેવાજ એક ઓરડામાં કાળા સંગેમરમરના પત્થરમાંથી બારીક કંડારેલી એક પ્રતિમા તેણીએ જોઇ.

જે શિલ્પકારે આ પ્રતિમા બનાવી હતી, તેણે મનુષ્યસ્વભાવના જાણીતી રેખાઓ એવી તો સરસ દર્શાવી હતી કે, તે જોતાંજ મનોરમા દિગ્મૂઢ થઇ ગઇ. તેણીને એમ લાગ્યું કે, જાણે હમણાંજ એ પ્રતિમા પોતાના મુખથી મ્હોટે સ્વરે બોલી તેને કંઇ કહી સંભળાવશે! આવી માન્યતાના ભ્રમમાં પડી તેણીએ પોતાની દૃષ્ટિ પ્રતિમા તરફથી પાછી ખેંચી લીધી અને એ ગુપ્ત ઓરડામાં આસપાસ જોવા લાગી.

એક બાજુ લોહાના સળીયા જડી લીધેલી એક ભારી આરસી હતી, ત્યારે બીજી બાજુ એક મ્હોટી ખુરશી આવેલી હતી. તેના ઉપર કબ્જાને મળતું એક કાળું કપડું અસ્તવ્યસ્ત પડેલું હતું. એક મેજ ઉપર દીવો, મ્હોટું પુસ્તક અને એક માણસની ખોપરી એટલી વસ્તુએ જોવાની હતી.

ખોપરી જોતાંજ મનોરમા કંપી ઉઠી; પરંતુ એ ભયની લાગણી ક્ષણિક હતી. તરતજ તેણીએ પેલાં ખુલ્લાં પુસ્તકનાં પાનાં તરફ નજર ફેરવી કે જેના ઉપર માણસની ખોપરી, પુસ્તકમાંના રહસ્યના ભયાનક પડદેરીગીર તરીકે મૂકવામાં આવી હતી.

પુસ્તક ખુલ્લું પડેલું જોવાથી મનોરમા તેની પાસે જઇ વાંચવા લાગી. પુસ્તકના મથાળે "જાદુઇ મસ્તકનું જ્ઞાન" એવા શબ્દો લખેલા હતા.

ધીમે ધીમે મનોરમાની જીજ્ઞાસાઓ ઉશ્કેરાવા લાગી. જિજ્ઞાસાના ઝપ્પને આખેઆખું વચનને વિસરી જઇ તે મ્હોટા પુસ્તકનાં ખુલ્લાં પડેલાં બે પૃષ્ઠ તેણીએ વાંચી લેવાનો નિશ્ચય કર્યો.

તેના હિયમાં જે કૌતુહલ વૃત્તિ ઉત્પન્ન થઇ હતી, તેના લીધે પુસ્તક ઉપરની ખોપરીને ખસેડ્યા સિવાય તે પુસ્તકના નીચેના ભાગમાં અવેલાં પેાનાં વાંચવે તે વાંચવા લાગી. જેમ જેમ તે વાંચતી ગઇ, તેમ તેમ તેને તેમાં વધારે રસ પડવા લાગ્યો અને ઉલ્લેખી પદ્ધતિઓ જ્યારે તેણીએ વાંચી ત્યારે તો આશ્ચર્ય, ભ્રમ અને ભયની લાગણીઓ તે અનુભવવા લાગી.

"જાદુઇ મસ્તક આ પ્રમાણે બોલવા લાગ્યું:—" જે જ્ઞાન જ્ઞાનીને માટે ઉપયોગી ઉત્પન્ન કરી આપે નહિ, તો તે શા કામનું! જે પુરૂષ ઐતિહાસિક વાતોમાં ઉંડા ઉતરી ઇતિહાસ આપે જે પુરૂષે દુનિયાની ઘણી ભાષાઓ ઉપર કાબુ મેળવ્યો હોય, તે પુરૂષ ઉચ્ચ પંક્તિની પ્રજ્ઞાપ્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે અને તેના જ્ઞાનની જેટલીજ તેનામાં દિવ્યમતિ હોય તો તે પોતાની ધારણા તથા પ્રયત્નમાં જરૂર સ્નેહ મેળવે; પરંતુ જે સ્ત્રી અગાધારણ ઐતિહાસિક કથાઓનું જ્ઞાન ધરાવતી હોય અને પોતાના વિશાળ જ્ઞાનના પ્રતાપે અનેક ભાષાઓ ઉપર સંપૂર્ણ કાબુ મેળવેલ હોય, તે સ્ત્રી જગતમાં સર્વથી ઉચ્ચ દરજ્જાની વિભ્યતિ મેળવવા કોશિશ, અને જો તેના જ્ઞાન કરતાં સૌંદર્ય તેનામાં હોય તો પોતાની ઇચ્છાઓને તે ઝાઝતાપૂર્વક પાર પાડી શકે."

એક દૈવી પ્રેરણા તરીકે આ અદ્‌ભુત શબ્દોનો ભાવાર્થ મનોરમાના અંતરાત્મામાં ઉંડે સુધી પહોંચી ગયો.

છતાં લાંબી ઓટકથો-તર્ક વિતર્કો કરવાનું છોડી કંઇ તેણીએ પુનઃ આગળ વાંચવા માંડ્યું:—

"જાદુઇ મસ્તક આ પ્રમાણે બોલ્યું:

"મારા પરપ્રદાદા હોકમાંથી અત્યની જેવા શબ્દો નીકળે છે. મારી જીભના જાદુના જેવી વીતળ છે, તીવ્રણ વિજળીના જેવી તેજસ્વી અને જવલંત છે. જે શબ્દો હું બોલું છું, તે એક પુસ્તકમાં લખી રાખવામાં આવે છે, જેથી તે હમેશને માટે કાયમ રહે. જગતની અંદર હું પહેલું અને છેલ્લું પત્થરનું જાદુઇ મસ્તક છું, કે જે જ્ઞાનવાણી ઉચ્ચારી શકે છે."

મનોરમા જ્યારે આ બીજો વિભાગ વાંચી રહી ત્યારે અત્યધ્યતા તથા વધતા જતા ભ્રમ અને ગાંભીર્ય સાથે તેણી પોતાની આંખો ઉંચી કરી આવું જાદુઇ મસ્તક બોલી શકે કેમ તેનો વિચાર કરવા લાગી.

મનની સ્નેહ્ડો વિરહ લાગણીઓથી વેરાએલા ભાગ સાથે મનોરમાએ મેજ ઉપરથી દીવો લીધો અને મહાન જાદુઇ મસ્તકને આરીકોરીથી તપાસવા માટે તે તેની પાસે નજીક ગઇ.

મનોરમા ઉંચી દેખાતી અને મજબુત બાંધાની હોવા છતાં તે રાક્ષસી મસ્તક આગળ ઉભી રહી ત્યારે એક બ્હાનાં બચ્ચાં જેવી દેખાવા લાગી. જેમ જેમ મસ્તકનું નીરિક્ષણ કરતી ગઇ તેમ તેમ તે પેલા પુસ્તકના પુરાવાથી તેના મગજની કલ્પનાઓ ઉત્તેજિત થવા લાગી. કારણ કે, તેને આવી ગઇ હતી કે, આ મસ્તક જાદુઇ શક્તિ અને વાચા ધરાવે છે.

થોડી વાર સુધી મનોરમા મૌન, આશ્ચર્ય તથા ભયમિત દૃષ્ટિથી તેના તરફ જોઇ રહી. તેની સુંદર આંખો ઉપરથી આવી હતી. તેના હોઠ ધ્રુજવા પડી ગયા હતા. તેની બાજોરા આવાજવિના રીતે ફરફર થઇ હતી. તેના સુંદર મુખમાંથી ગાલોની લાલી ઉડી ગઇ હતી અને હૃદય ધડકવા કરતું હતું.

જે ચીજ તરફ તે અત્યાર સુધી ભયભીત અને કૌતુહલ દૃષ્ટિએ જોઇ રહી હતી તે જાદુઇ મસ્તકની માફક તે પણ જાણે જાણે જડી ગઇ. દુઃખ અને નિરાશાયુક્ત ગમગીનીથી તે જાણે એક જડ પ્રતિમા હોય એવી દેખાતી હતી.

ચોડા વખતમાંજ એ જાદુઇ મસ્તકના હોઠ ફફડ્યા અને કોઇ હલકી ગુફામાંથી અવાજ આવતો હોય તેમ તેના નામનો ઉચ્ચાર તેણીએ સાંભળ્યો.

"મનોરમા!" ગંભીર અને ઉંડો સ્વરે પ્રતિમા બોલી.

આ શબ્દો સાંભળતાંજ મનોરમાના આખા શરીરે કંપારી છુટી, પરંતુ મનપર કાબુ રાખવાના અભ્યાસને લીધે તે પોતાની ભીતરની લાગણીઓને સંયમમાં રાખી શકી.

એ પત્થરની પ્રતિમા પુનઃ બોલવા લાગી:—"મનોરમા, એ મહોટા પુસ્તકમાં તેં શું વાંચ્યું?"

મનોરમાએ દઢ સ્વરે ઉત્તર આપ્યોઃ—"મેં એવા શબ્દો વાંચ્યા છે કે, જેનું સુચન તથા ભાવાર્થ મારા મનમાં મેં ઉતાર્યો છે."

જાદુઇ મસ્તક પુનઃ બોલવા લાગ્યું:—"એ શબ્દોને ફરીથી યાદ કરી બોલી બતાવ."

મનોરમા કહેવા લાગી:—"જે સ્ત્રી અસાધારણ ઐતિહાસિક કથાઓનું જ્ઞાન ધરાવતી હોય અને પોતાના વિશાળ જ્ઞાનના પ્રતાપે અનેક ભાષાઓ ઉપર સંપૂર્ણ કાબુ મેળવ્યો હોય, તે સ્ત્રી જગતમાં સર્વથી ઉચ્ચ દરજ્જાની વિધ્યાપતિ મેળવવા પ્રયત્ન કરે, અને જો—"

એકાએક મનોરમા બોલતી અટકી પડી તેના શરીર ઉપર રતાશ ચમકવા લાગી કે જે અત્યાર પહેલાં ભયથી ઉડી ગઇ હતી.

જાદુઇ મસ્તકે આજ્ઞાત્મક સ્વરે કહ્યું:—"ચલાવ, આગળ ચલાવ!" આટલા શબ્દોએ તે ભોંયરાના શાંત ઓરડામાં ભયાનક અને ગંભીર પડ્યો પાડી દીધો.

મનોરમા પુનઃ બોલવા લાગી;—"અને જો તેના જ્ઞાન જેટલુંજ તેનામાં ઝીન્દ્ય હોય તો પોતાની ઇચ્છાઓને તે સફળતાપૂર્વક પાર પાડી શકે."

જાદુઇ મસ્તકે કહ્યું:—"મનોરમા, તું ખૂબસુરત છે, તારૂં જ્ઞાન વિશાળ છે, શું તારા દિલમાં કોઇ પણ જાતની મહત્વાકાંક્ષા નથી?"

મનોરમાએ કહ્યું:—"જે શબ્દો હમણાં મેં ઉચ્ચાર્યા તે જ્યાં સુધી મેં વાંચ્યા નહોતા ત્યાંસુધી મહત્વાકાંક્ષા શું એ હું સમજતી નહોતી. એ શબ્દોએજ મારામાં મહત્વાકાંક્ષાની જ્યોત સળગાવી છે. આજ સુધી જ્ઞાનપ્રાપ્તિ માટે હું ઉત્સુકતા રાખતી હતી; પરંતુ હવે પછીથી હું અતુલ શક્તિ મેળવવા માટે પ્રયત્નો કરીશ."

જાદુઇ મસ્તકે કહ્યું:—"તારો હમણાનો નિશ્ચયજ તારા નસીબમાં લખાએલો છે. તું જ્ઞાન તથા સત્તાને માટેજ જન્મી છે. તેથી તારાં બધાં સામર્થ્યોને મહત્વાકાંક્ષાના ઉચ્ચ શિખરે ચડવામાં ઉપયોગ કરજે."

જાદુઇ મસ્તકના આવા શબ્દો સાંભળી મનોરમાની દૃષ્ટિ સમીપ સુંદર ભવિષ્ય દેખાવા લાગ્યું. ચોંટીક હિમત અને સાહસ કરી તે બોલવા લાગી:—"હે જાદુઇ મસ્તક! આવું મહદ ભાગ્ય પ્રાપ્ત કરવા માટે શું તું મને ચોગ્ય રસ્તો નહિ સુઝાડે?"

જાદુઇ મસ્તકે કહ્યું:—"આ પુસ્તકમાં લખેલું છે કે, જે તને દોરવાને શક્તિમાન છે તેઓની કદાપણ ભરી સલાહ લે તું ધૈર્ય અને જે કાર્ય ઉપરો તેમાં ધૈર્ય, ઉત્સાહ અને સાહસ દર્શાવી તો જરૂર તું વિજયને પ્રાપ્ત કરીશ. તારી મહત્વાકાંક્ષાની પ્રતિમા અનુકુળ હજારો બનાવ તારા જીવનના પ્રસંગોમાં બનશે અને વખ આવ્યે સંકટોમાંથી પસાર થઇ તારે તારો માર્ગ નિષ્કંટક કેમ કરી તે તારી બુદ્ધિજ તને બતાવશે. મારે મનોરમા, હવે અધિકા ચાલી જ અને તારે કામે લાગ. હવે હું વધારે બોલીશ નહિ."

જાદુઇ મસ્તક બોલતું બંધ થઇ ગયું. તેના આખરી શબ્દો પડ્યા તે શાંત ઓરડામાં વિલીન થઇ ગયા. પુનઃ ત્યાં નિસ્તબ્ધતા પ્રસરી રહી.

જાદુઇ મસ્તકે ભાખેલું ભવિષ્ય સાંભળી હર્ષ અને વિજયને આનંદ તથા ઉચ્ચ અભિલાષાના ખિયાલો તેના મગજમાં ઉત્પન્ન થઇ હતા, તે કરતાં તેની વિસ્મય વૃત્તિ ઘણી બળવત્તર રહેવા પામી હતી.

મનોરમાએ આશ્ચર્યચકિત બની મેજ ઉપર દીવો પાછો મૂક્યો અને જાદુઇ મસ્તક પાસેથી તે ચાલી ગઇ.

ઉજ્જડ ઓળંગી જેવી તે બહાર વિશાળ ખંડમાં ગઇ કે તરતજ તેણીએ પ્રકાશ જોયો અને જે દિશાએથી પ્રકાશ આવતો હતો તે દિશા તરફ દૃષ્ટિ ફેરવતાં તેણીએ એક મેજ ઉપર દીવો બળતો જોયો અને તેની પાસે એક આસનપર પેલા વૃદ્ધ પુરૂષને બેઠેલો તેણીએ જોયો.

(અપૂર્ણ.)

મહમદ કલ્પ્રમાં ખાધ અને સારી રીતે દારૂને ઇન્સાફ આપી રાતના દોઢ વાગે ફાંફળા–ફાંફળા ઘેરે આવી પહોંચ્યો. ઘરના દરવાજાને અંદરથી બંધ કરેલો નહિ હોવાથી તે બારણું ઉઘાડી દીવાનખાનામાં દાખલ થતાંજ તેની પત્ની કુલસુમનો અવાજ તેણે સાંભળ્યો. કુલસુમનો પ્રલાપ મહમદ ઉપર ધણોજ પડતો હતો એટલે તે તેનાથી બીતો હતો. કુલસુમનાં પગલાંનો અવાજ સાંભળતાંજ મહમદ ત્યાંજ એક ટેબલ ઉપરથી કોઇ ચીજ ઉપાડી નજીકની આરામ ખુરશી પર બેસી ગયો.

કુલસુમે ગુસ્સામાં આવી જઇ પૂછ્યું:—"આમ મોડી રાત બહાર રખડવા કરતું અને પછી અહિં બેસી રહેવાને શરમ આતી નથી?"

"અરે! હું તો આ ચોપડી વાંચું છું! આ ચોપડી લાઇબ્રેરી માંથી લાવ્યાને બે મહિના થઇ ગયા છે, માટે આજને આજ મે તે પુરી કરી નાખવાનો નિશ્ચય કરેલો છે. માટે તું શાંત બન. હું તો વાંચીને અહિંજ સુઇ રહીશ!"

"અરે વાહ!" કુલસુમના ગુસ્સાનો પાર રહ્યો નહિ. મહમદને તે દોઢો કહેવા લાગી. "વાહ! વાહ! કોને બનાવો છો? જરા આંખો મારીને જુઓ તો ખરા કે, તમારા હાથમાં વાંચવાની ચોપડી છે કે બુદ્ધિબળની પેટી?"

મુ બાઈનું રાત્રિ-રહસ્ય

(લેખનાંકઃ—૨૫. ગુપ્તદૂત)

[ગતાંકથી ચાલુ.]

(૬)

વિનોદચંદ્ર પુષ્કળ સંપત્તિનો માલિક હતો એ વાર્તા વાંચીને જાણી છે. તેના મોટા ભાઈનું નામ રમેશચંદ્ર હોઈ બને ભાઈઓના સ્વભાવમાં આસમાન અને જમીન જેટલું અંતર હતું. રમેશચંદ્ર સમજુ, દૂરદર્શી અને વ્યવહારચતુર હતો સારે વિનોદચંદ્ર ઉઘાઉ, બેપરવા તથા વિલાસી હતો. ઉમ્મરમાં બાપક થયા પછી ટૂંકો હિસાબ કરી તેણે વડિલપણું પાસેથી મિલકતનો અડધો ભાગ કજીયે કર્યો હતો. વિનોદનાં માતાપિતા બહુ કાળથી સ્વર્ગવાસી થયાં હતાં તથા રમેશચંદ્રે નહાના ભાઈની ઉછેરપ્રધાન મતિમતિને સુધારવાનો બહુ પ્રયત્ન કર્યો હતો; છતાં તેનો પ્રયત્ન બિલકુલ સફળ થયો નહોતો. વિનોદે મેટ્રિક સુધી અભ્યાસ કરી પાઠશાળાને સાષ્ટાંત પ્રણામ કરી પાણીપૂરી આપ્યું હતું. એ વખતે તેની ઉમ્મર વીસ વર્ષની હતી. યુવાવસ્થા, સંપત્તિ, અને સ્વતંત્રતાનો યોગ એ એક સાથે થાય છે તો તેનું પરિણામ ઘણું અનિષ્ટકારક આવે છે. વિનોદને મોજશોખ કરવા માટે પૂરતા પૈસા મળતા હોવાથી તથા કેટલાક સ્વાર્થી—આપ-મતલબી કહેવાતા દોસ્તોની પ્રપંચ જાળનો, તે ભોગ થઈ પડેલો હોવાથી દિવસે દિવસે તેના અધઃપતનનો માર્ગ નિશ્ચય સાફ થતો હતો. સાધુ વેશધારી ચતરાનો અથવા ગરીબ બદમાશો મુખ્યત્વે કેટલાક ગર્ભશ્રીમંત નવયુવકોને શોધી કાઢી તેમને પોતાની સોનેરી જાળમાં કેવી ખૂબીથી સપડાવે છે એ કેવળ અનુભવીજ જાણી શકે તેમ છે. વિનોદચંદ્ર પણ એવા એક ગરીબ બદમાશની જાળનો શિકાર કેવી રીતે થયો હતો એ અત્રે જણાવવાની જરૂર છે

હાનપણથીજ વિનોદને નાટકો જોવાનો બહુજ શોખ હતો. દર રવિવારે તથા રવિવાર તે અમુક મંડલીમાં મિત્રોને સાથે લઈ નાટક જોવા જતો હતો અને તેના વિશેષ આવરજવરને લીધે તે નાટક કંપનીઓના બહુખરા માણસો સાથે પરિચિત થઈ ગયો હતો.

• ઈશ્વરદાસ નામના એક માણસનો ગુજરે હિતવર્ધક નાટક કંપની સાથે ગાઢ સંબંધ હતો તે એકે વેપાર કરતો હતો; પરંતુ ગુજરે હિતવર્ધક નાટક કંપનીને પ્રસંગોપાત ઉછીની રકમો મેળવી આપી નેકાવી રાખવામાં તેનો ખાસ હાથ હતો. ગુજરે હિતવર્ધક કંપની બહારગામથી જ્યારે મુંબાઈ આવી હતી ત્યારે તેની હાલત ઘણી ખરાબ હતી તથા થોડા વખતમાંજ એ કંપની રામકરણ થઈ જતે એવી સહુની માન્યતા હતી. કંપનીને એ પ્રસંગે ઈશ્વરદાસેજ લાગવગ વાપરી બહારથી ઘણા ઉંચા ભારવાળી બાજે પૈસા અપાવ્યા હતા. આથી કંપનીનો માલિક ઈશ્વરદાસનો અંગત સંબંધી જની ગયો હતો.

આપણું આ રહસ્ય આલેખવામાં આવે છે એ વખતે ઈશ્વરદાસની ઉમ્મર લગભગ પાંત્રીસેક વર્ષની હતી તેનું શરીર મજબૂત લાગતું હતું. એ ઈશ્વરદાસે વિનોદચંદ્રને કેવી રીતે પોતાની પ્રપંચ જાળમાં સપડાવ્યો તે વસ્તુવંતાં પહેલાં તેનો થોડો અંગત પરિચય વાંચકોને જણાવવાની જરૂર છે.

ઈશ્વરદાસ બહારથી એક બુદ્ધરય જેવો આકર્ષક ચમત્કૃતિ હોવા છતાં તેનું ખરું સ્વરૂપ કાળા નાગ જેવું હતું. તે કાઠિયાવાડી હતો. પોતાની બહાની ઉમ્મરેજ તે મુંબાઈમાં આવી પડ્યો હતો, આરંભમાં તે કેવળજ શૂન્ય નામનો એક શ્રીમંત બાપારીની પેઢી ઉપર ગુમાસ્તા તરીકે રહ્યો હતો. કામકાજમાં ચબળતા બનારી શેઠાજ વખતમાં તે શેઠના બાનગી સ્ટેનેટરીની જગ્યા અને પ્રભુપત્નીના પ્રેમ સંપાદન કરી શક્યો હતો તેની એ પ્રભુપત્નીબાંનીજ એકનું નામ રૂપાળી હોઈ તેનું રૂપ તેના નામને છાજે એવું હતું. રૂપાળી રોડ્ય ઉપર આવી હતી. કેવળજી શેઠ અને રૂપાળીની ઉમ્મરમાં લગભગ પચીસેક વર્ષનું અંતર હતું અર્થાત્ રૂપાળી જ્યારે પચીસ વર્ષની પૂર્ણ યૌવના હતી ત્યારે કેવળજી શેઠ પ્રૌઢાવસ્થાના છેલ્લા પગથીએ જઈ પહોંચ્યા હતા. કેવળજી શેઠનું શરીર કાંઈ જેવું અને નાક ચીબું હતું. દરરોજ રહવાને આવ્યા અગીઆર વાગ્યા સુધી તેઓ પોતાની જુની પત્નીને નિરાસ રાખે છે ઉપરને મજલે રાખેલી ઑફિસમાં નામાકામનું કામ તપાસતા હતા. દુકાન તથા પેઢીના અમુક બેચાર નોકરો સિવાય બીજા બધા નોકરોને એ વખતે શેઠની પાસે હાજર થઈ આગલા દિવસના સપળા કામકાજનો હિસાબ આપવો પડતો હતો તથા શેઠની નવી સૂચનાઓ સાંભળી લેવી પડતી હતી. અગીઆર વાગે સ્નાનસંધ્યાદિથી નિવૃત્ત થઈ ભોજન કરી બરની ગાડીમાં બેસી શેઠ પોતાની નવીન વૃદ્ધિણી રૂપાળીના નિવાસસ્થાને આવ્યા જતા હતા. ત્યાં બે વાગ્યા સુધી આરામ લીધા પછી બ્રહ્મ પી તેઓ પુનઃ ગાડીમાં બેસી પેઢી ઉપર જતા હતા. દુઃખેજ ત્રણેક બીજી બેવડદેવડ સંબંધી મુખ્ય મુખ્ય મુનીમ સાથે વાત કરી સાધારણ ઘણીજ બહુ-નાર ઈશ્વરદાસને સાથે લઈ કેટલાંક બૅન્કો વગેરેનું કામ આટોપવા વાહ્યા જતા હતા. કેટલું કામ પરવાર્યા પછી તેમની ગાડી સમભગ છ વાગે ચર્ચગેટ રેલ્વે ક્રૉસિંગ ઓળંગી સમુદ્રતટ ઉપર જતી હતી તથા કલાકેક તાજી હવા ખાઈ તેઓ પોતાની નવીન પત્ની રૂપાળીને ત્યાં જતા હતા અને રાત્રેજ ત્યાંજ જમી રાત્રિ પસાર કરતા હતા કોઈ કોઈ વખતે શેઠના હુકમથી ઈશ્વરદાસ પણ ત્યાંજ રાત પસાર કરતો હતો હજી સુધી શેઠને એકે સંતાન થયું નહોતું.

ધીમે ધીમે ઈશ્વરદાસની મહત્વાકાંક્ષાઓ વધવા લાગી. લક્ષ્મી અને સત્તા મેળવવા માટે તેનું ચિત્ત સદા સર્વદા બ્યાકુળ રહેતું હતું. બીજા વરસથી કેવળજી શેઠની જુની પત્ની દીવાળી કે જેની ઉમ્મર ૪૫ વરસની પાંત્રીસેક વર્ષની હતી તે શેઠને પોતાની સત્તામાં કેવી રીતે લાવવા તેની ચિંતા કર્યા કરતી હતી. ધીમે ધીમે ઈશ્વરદાસ સાથે દીવાળીને પરિચય થયો તથા એ પરિચય દિવસે દિવસે વિશેષ દઢ થવાલાગ્યો. દીવાળી ભણેલીગણી નહોતી તેનામાં વિચારશક્તિનો અભાવ હતો ઈશ્વરદાસે ચક્રનોની માફક તેના કબજામાં મુકવાને પૂરો ધીમે ધીમે તેને પોતાને વશ કરી નાખી અને શેઠ હયાત હતે અને એ

સમય દરમ્યાન રૂપાળીને દૈવયોગથી પુત્ર સંતાનની પ્રાપ્તિ થશે તો દીવાળીને ઝોકવની આધીનતામાં રહી એક ગરીબ ખિખ્યારણી માફક પોતાનું જીવન વીતાડવું પડશે એવી દક્ષરાજ પુત્રી ઈશ્વરદાસને તેને સમજાવી દીધી. દીવાળીએ ઈશ્વરદાસને આત્મસમર્પણ કર્યું' તથા બન્નેએ મળી કેશવજી શેઠનું' કાટલું ઉઘાડી દેવાનો ગુપ્ત નિશ્ચય કર્યો.

ઈશ્વરદાસનું' ચરિત્ર પ્રથમથીજ ખરાબ હતું. ઘણા મવાલીઓ પહાડો વગેરેની સાથે તેનો સંબંધ હતો. પોલિસખાતાના કેટલાક માણસોનો પણ ઈશ્વરદાસ સાથે પરિચય થયે હતો. આમ હોવાથી તે ગમે એવું ભમ'ડર કાર્ય કરતાં ડરે તેમ નહોતો.

પછી દીવાળીના મકાનમાંજ ઈશ્વરદાસે કેશવજી શેઠને એવી રીતે રામશરણ પહોંચાડી દીધા કે તેના જેહની કોઇને ખબર પડી નહિ. આ કાર્ય પાર પાડવા બદલ દીવાળી તરફથી ઈશ્વરદાસને સારી એવી રકમ ઇનામ તરીકે મળી.

શેઠના અકાળ મૃત્યુ પછી છ માસ સુધી તો વિશેષ કાંઇ ગડબડ કે તકરાર ઉભી થઈ નહિ; જ્યાં સુધિમાં રૂપાળી અને દીવાળી શેઠની સંપત્તિને કેવી રીતે હસ્તગત કરવી એ વિષયના વિચારોમાંજ પોતાના દહાડો પસાર કરતી હતી શેઠની મિલકત આઠ દશ લાખ રૂપિયાની ગણાતી હતી; પરંતુ શેઠ નવી બી રૂપાળીને ઘરેણ ચઢાવતા હોવાથી ઘણાંખરાં ઉપયોગી ઝોકરીયાં, ઘરેણાં ગાંઠાં તથા રોકડા સિત્તેર હજાર રૂપાળીના કબ્જામાં હતાં ઈશ્વરદાસે પૈસાના પ્રલોભથી એક બે વકિલ બૅરિસ્ટરને પણ પોતાના કબ્જામાં રાખ્યા હતા. તેણે દીવાળી પાસે રૂપાળી ઉપર દાવ રેલ્વે મિલકતનો ભાગ મેળવવા માટે દાવો નોંધાવ્યો. દાવાના ખરચનું નિમિત્ત દર્શાવી ઈશ્વરદાસ પોતાના બૅરિસ્ટરનું તથા પોતાનું ઘર તર કરવા લાગ્યો. દીવાળીને શેઠની મિલકતનો ભાગ મળે ત્યારે તેમાંથી ચોથા ભાગની રકમ પોતાને મળે એવી ઈશ્વરદાસે દીવાળી આગે પ્રથમથીજ ગુપ્ત શર્ત કરી હતી.

લગભગ બે વર્ષ પછી કેસનો નિકાલ આવ્યો. બન્ને પક્ષની પુષ્કળ રકમ ખરચાયા પછી કોર્ટે દીવાળી તથા રૂપાળીને આપી આપ્યા મિલકત મળે એવો ચુકાદો આપ્યો. યથા સમયે ઈશ્વરદાસને પણ શર્ત પ્રમાણે તેના ભાગના રૂપિયા ગણ્યા; પરંતુ એકલાથી તેની મહત્વાકાંક્ષા તૃપ્ત થાય તેમ નહોતું. દીવાળીએ તેને પ્રથમથીજ આત્મસમર્પણ કરેલું હોવાથી હવે કોઇ પણ રીતે તેની પત્નીની તમામ મિલકત મેળવી તેને નિખારણું બનાવી દેવાનો ઈશ્વરદાસે સંકલ્પ કર્યો તથા દીવાળી જેવી એક ભોળી મૂર્ખ અબળાને છેતરવાનું કામ ઈશ્વરદાસ જેવા કપટી, દગાબાજ નરપશુ માટે ઘણું સામાન્ય હોવાથી પોતાને સંકલ્પ પાર પાડવામાં તેને વિશેષ પરિશ્રમ કરવો પડ્યો નહિ. તેણે દરેક પ્રકારે દીવાળીને ચુસ્તી લીધા પછી તેનો ત્યાગ કર્યો.

આમ છતાં સક્ષ્મી જેમ જેમ પ્રાપ્ત થતી ગઇ તેમ તેમ ઈશ્વરદાસનું ચરિત્ર વિકૃત બનવા લાગ્યું. અર્થમાં આવીને, જોરમાં નરનારીઓને રમાડીને તથા ગુપ્ત હત્યાઓ કરીનેજ વિશ્વમંચારમાં માનવ ઘણ ઘણામ છે એવી ભાવના એના અવિચારી મનમાં દઢ થઇ હતી. પૈસાના જોરથી તેણે મુંબાઈ શહેરમાં જબરી લાગવગ જમાવી દીધી હતી. તે મવાલીઓનો સરદાર, બદમાશોનો મદદગાર હોવા ઉપરાંત ફ્રૉર્ટ માન્ટ્રેશ, ફેરાસ રોડ, કમાઠીપુરા, ગિરગામ, કંધુસવાડી, કે'ચપૂલ વગેરે સ્થળોની લગભગ તમામ ગુનાદારીઓ અને બદમાશ સુંદરીઓનો સરદાર હતો. આવાં સ્થળોએ એ દરમ્યાન બહુ ફરતો હોવાથી તેને પુષ્કળ મદ્યપાન કરવાની ટેવ પડી હતી. ઘણા શ્રીમંત યુવકોનો નાદક કંપનીમાંથી પરિચય કરી ધીમે ધીમે તેમની સાથેનો સંબંધ વધારી છેવટે એ કળિયુગનો કાળો નાગ તેમની પાયમાલી અને ખાનાખરાબી કરી નાખતો હતો.

[આ રહસ્યપૂર્ણ લેખનો આગળનો ભાગ વાંચવા માટે અમારો આવતા રવિવારનો અંક વાંચો.]

(અપૂર્ણ.)

"ઉસ્તાદજી! મારો અવાજ કેવો છે?" પોતાના અવાજના મધુરપણા માટે અભિમાન રાખતા એક અલીમાની શૂરવીર એક પ્રખ્યાત ગવૈયાને પૂછ્યું.

ગવૈયાએ બિલકુલ જવાબ આપ્યો નહિ.

"મારા અવાજનો કાંઇ ઉપયોગ થશે એમ તમને લાગે છે શું?"

ગવૈયાએ શાંત રીતે જવાબ આપ્યોઃ—

"હા. તમારી ચામડી ને બીજા લાગે તો 'આગ—આગ' એમ મોટેથી બૂમ મારી શેઠોને બોલાવવા માટે તમારો અવાજ બહુ સરસ છે!"

* * *

લોભીલાલ ખીજવું' લેવું' એ આપી દેવામાં બહુ ઢીલ કરતો અને તેના આ ગુણોને લીધેજ સર્વત્ર તે પ્રખ્યાત હતો. એક દિવસે તે એક દરજીની દુકાનમાં ગયો અને ત્યાં જઈ પોતાના કાટને માટે એક કપડાંને તાકો પસંદ કર્યો અને દરજીને કહ્યું:—

"આ કપડાંને મારે કોટ કરાવવો છે, પણ તેના પૈસા હું એક વર્ષ પછી આપીશ. કહો, તમોને છે કબૂલ?"

દરજી—હા, કબૂલ છે.

લોભીલાલ—ત્યારે તમે કોટ કયારે આપશો?

દરજી—એક વર્ષ પછી!

* * *

પાત—બધી ઓરતોએ તરતાં શીખવું જોઇએ એવો શાસ્ત્રોનો હાકમો થયો જોઇએ.

પત્ની—કેમ?

પતિ—તેથી તેમને એક પ્રકારની સારી ટેવ પડવાનો સંભવ છે.


પત્ની—તરવાથી ઓરતોમાં કેવી કયી સારી ટેવ પડવાની હતી?

પતિ—તરતી વખતે મોટું બંધ કરી રાખવું જોઇએ અને એ ટેવ ઓરતોને પડે તો તેમના પતિને કેટલો બધો આનંદ થાય!

Registered No. . 1825

ચિત્ર-વિચિત્ર

જવ અને ઝેમી



મોર ઝેમા ઠીબરા તુ મારો પાસ પ્યાર પ્યુન ખી
માંગે મેહલતવતી મહા દાર થયે ૬ ૨

૬ પવાજમ રૂ ૪-૦-૦

છુટક ન ૫ મુંબઈમાં ૧ આનો
બહાર ગામ બધા આનો

આજના લેખોનો ક્રમ

સ્વતુગમા . (નાસ મ્યુનત)
ચલિ ા ન (રા નીમનાનદી ા ાતીજીમા)
પત્યવતુ પુનતુ (ના મ જ ૧૬૨)

મુબાઈનું રાત્રિ-૨૬૨૫ (૨૮ મુબાદુન)
એક સુદરીના સાતન ખ્યો (રા મજુલાલ ો રેલાઈ)
એકબ આઠ બઉ . (ગ ૬ા)

આ પત્ર બાદરજી પીતાબર ૧૬૨૬ મુંબઈ ન ૬૩ ગીરગાંવમાંથી

મોજ-મજાહ

રવિવાર તારીખ ૨૨મી જુન સને ૧૯૨૪.

કલ જુગ માં.

(બીજી ગઝલ.)

તાર:—[મિસ કરવત

સૂચ્ય:—છોલછ મંડળ.

શું કહું કે કેવાં નારી નર ભર્યાં કલજુગમાં,
દેવનાં મંદિર મિલન મંદિર ભર્યાં કલજુગમાં.

દેહતાં જે જે કહી ભીંસાણ જબને ભીંડમાં,
હાથ મંદિર પ્રેમનાં આલય ભર્યાં કલજુગમાં.

લાજને લજ્જત વીંટાની ખીંટીએ મૂકી દીધી,
ભાવતાં શયતાન કેરાં ચર ભર્યાં કલજુગમાં.

આંધળાઓ માનીને પોતે પ્રભુને આંધળો,
હાય રે ઈશ્વર તણાં ઈશ્વર ભર્યાં કલજુગમાં.

થાય મંદિરમાં ઈશારા જ્યાં મળે મંદિર ખ્હાર,
પાપ પુતળાં સાધુનાં સરવર ભર્યાં કલજુગમાં.

માનુષોની લાજ મૂકી પશુ પ્રભુની તો ફરે,
માણસાઈ છોડી કાં વાનર બન્ય કલજુગમાં.

અભિનંદન.

(લખનાર:—રા. રમણલાલ ડી. શાં ઇનેરીયા)

[રાગ—સરૈયા]

મોજ-મજાહના લોગી બંધુઓ, વાત જરા મારી સુણજો,
મોજ-મજાહની મોજ ગાળીને, મોજ મજાહ નિતર્યું તે કરજો.
મોજ-મજાહમાં મોજ ભરી છે, મોજ ન કરશો બે જે કયા,
"મોજ" તાંજમાં લોજન કરજો, દર રવિવારે મન ગમતાં.

"ઘટિયાના"ની કલમ દિવાની, દિવાના સૌને કરની,
"બુધતદૂત"ની જોદી દૃષ્ટિ, જોઇ બધ—સૌ વિસ્તરતી
ચંચળ ચપળા, રસિકલી તાપ્યા, ગોવાલણ કોડ દુધરાણી,
ગુલાબ, લીલા, જોડે નારી, નિજ ઉચ્ચત સૂત્રનાતાં.

સહુ સભ્યો છોલછ-મંડળના, જે વા અનેકી કરતા,
નીતિ રાતિ ॥ રૂડી કૃતિથી, દિલ રંજન જોતુ કરતા.
હાસ્યરસ તણી ઠરે ખાણ ખરે, બીજી બાબત બહુ સારી,
વાંચો વારો! "મોજ મજાહ" ને, કોક દોષને હણનારી.

પત્થરનું પુતળું

(ડિટેક્ટિવ વાર્તા.)

લખનાર,—રા. મજાલાલ ભાદરણ ૬૬૬૨.

[ગાયકવાડી મધુ.]

કેવળ મુંબાઈ શહેરમાંજ નહિ; પરંતુ આખા હિંદુસ્તાનમાં કેમાભાઇ બ્રમમેલ્હનું નામ પ્રખ્યાત હતું. એ કે ખુલ્લી રીતે તેમની સાથે સ્હારી ઓળખાણ નહિ હોવા છતાં તેમના નામ અને દેહદિવેણી કાર્યોથી હું બ્હાણીતા હતો. પાંચ વાગ્યાના અરસામાં હું તેમને બ્હને બ્હને બ્હળે મળ્યો. તેઓ બ્હને માન આપી તેમના બેઠકખાનામાં લઇ ગયા પછી બે ત્રણ સંબંધી કોઈ વાતનો ઉલ્લેખ નહિ કરતાં મ્હે પ્રથમ પેલી પાંચ નોટોની વાત કાઢી.

સ્હારે મુખે નોટોની વાત સાંભળી તેમણે સ્વજ પણ ચંચળતા દર્શાવી નહિ. તેમણે કહ્યું:—"જે પાંચ નોટો મ્હે મોકલી જમા રાખી છે એમાં કાંઇ હરકત જેવું હોય એમ હું ધારતો નથી."

મ્હે કહ્યું:—"સાહેબ! આપની ધારણા યથાર્થ નથી એ નોટો સંબંધી ખરે સરનડ ઉભી થઈ છે એમ તેમ ન હોય તો હું આપને કટલોક આપવા અત્રે આવત નહિ."

"ઠીક છે, તું તપાસ કરજ" આમ કહી તેમણે ટેબલ ઉપર પડેલા ઇલેક્ટ્રિક બેલ ઉપર જણ વખત આંગળી દબાવી. તત્કાળ એક નોકર તેમની પાસે હાજર થયો તેમણે નોકરને કહ્યું:—"હરમજીને સ્હારી પાસે મોકલ."

નોકર આવ્યો ગયો. કેમાભાઇ મને કહ્યું:—"મને લાગે છે કે, હરમજીએ પહું કોઈ બાકું બજાવ્યું હોય કર્યું છે. પણ દિવસથી એ સ્હારી પાસે રહે છે ધીમે ધીમે તેની પ્રકૃતિ સુધરી એમ ધારી મ્હે એને બાજ સુપી દિધાયો છે; પરંતુ હવે બ્હાયી એમ બની શકશે નહિ. ગમે તેમ હો, આ વાત આપ બ્હાને કરેલો નહિ."

મ્હે કહ્યું:—"એને જરૂર નહિ હોય તો એ વાત હું મુખેજ રાખીશ. હું એક ડિટેક્ટિવ છું. કેવળ કૌતૂહલતું સમાધાન કરવાના ઇરાદાથી હું અત્રે આવ્યો નથી. બ્હાપનો ઉદ્ધાર કરવા માટે જરૂરી પગલાં ભરવે અવશ્ય લેવાં પડશે."

તેઓ કાંઈ બોલવા જતા હતા એવામાં બારણું ઉઘડી એક યુવક પોલીસ બેઠકખાનામાં પ્રવેશ કર્યો યુવકને દેખી કેમાભાઇ ઉભા થયા તેના મુખ ઉપર સંકોચ અને ચિંતાની છાયા સ્પષ્ટ દેખાતી હતી. એનું નામ હરમજી હતું. સંકુચિત દ્રષ્ટિથી એક પળ સામો તરફ જોઇ પછી તે કેમાભાઇના મુખ તરફ જોઈ રહ્યો.

કેમાભાઇ બોલ્યા:—"હરમજી! આ ગ્રહસ્થ પોલિસખાતાના અમલદાર છે આપે ખરેખર ના પાડ કરેલાની જે પાંચ નોટો હું અને આપી હતી એ નોટોને લગતી બરાબર ઉભી થઇ છે એમ તેમનું કહેવું છે."

હરમજીએ કપાળ ચોળતા કહે કહે—"બાબત, મોટી વાત છે એમાં બરાબર જેવું કાંઇ નથી." આટલું બોલતાં

બોલતાંમાં તેનું મુખ ક્ષણ કાળ માટે લાલચોળ બની પાછું મલિન થઈ ગયું.

ડૉ૰ તેને પૂછ્યું:—"એ નોટો આપને કયાંથી મળી હતી?"

કૃરામજીએ ઉત્તર આપ્યો:—"ડૉ૰ારી બ્હેને મ્હને આપી હતી."

"કમારે આપી હતી?"

"આજે રહ્યને રે."

"કેટલી નોટો આપી હતી?"

"પાંચસ."

"આપે શા માટે એ રકમ આપનાં બ્હેન પાસેથી લીધી હતી?"

કૃરામજીએ આ પ્રશ્નનો કાંઈ ઉત્તર આપ્યો નહિ. ઉતરી ગયેલે મુખે તે ડોકાબાદ તરફ જોઈ રહ્યો.

ડોકાબાદે કહ્યું:—"કૃરામજી! હવે ડૉ૰ારા મુખ તરફ જોઈ રહેવાથી શો લાભ છે? શા માટે તું એ રૂપિયા લાગ્યો હતો તે કહે. જો એ પાપ છુપાવવા જતાં તું બીજું પાપ કરીશ તો ડૉ૰ારા દુઃખનો પાર રહેશે નહિ. હવે ડૉ૰ારા હાથમાં વાત નથી."

મુખ ભાવથી કૃરામજીએ કહ્યું:—"ના—ના, બ્હે૰ કાંઈ ગુ-હો કર્યો નથી." આમ કહી ડૉ૰ારા તરફ જોઈ તે બોલ્યો, "મહાશય! હું અત્રે એક કારકૂનનું કામ કરું છું. થોડા વખત માટે બ્હને રેસકોર્સમાં જવા લાવવાનો નાદ લાગ્યો હતો. એ કુટેવને લીધે ડૉ૰ારે માથે પાંચસો રૂપિયાનું દેવું થયું હતું— એ રૂપિયા ભરી દેવાનો કાંઈ માર્ગ નહિ હોવાથી બ્હને દુષ્મંતિ સૂઝી હતી અને એ આવા ઉઘરચિત માલિકની રાહ જોઈ કલાક-બાંધી એ રકમ લીધી હતી. એ વાત કાલે જબુબાઈ આવતાં તત્કાળ એ રકમ ભરપાઈ કરવાનું તેમણે બ્હને કહ્યું હતું. જો એ રકમ બાકી તો બ્હને ક્ષમા આપી નોકરી ઉપર કાયમ રાખવાનું જણાવ્યું હતું. બીજો કાંઈ ઉપાય નહિ હોવાથી ૨હે ડૉ૰ારી બ્હેન પાસે ૨કમ તેને એ વાત જણાવી. ડૉ૰ારી બ્હેનની આર્થિક સ્થિતિ સારી નહિ હોવા છતાં બ્હને સંકટમાં પડેલો જોઈ પાંચસો રૂપિયા આપવાનું તેણે કહ્યું હતું. તેની પાસે સમવડ નહિ-હોવાથી એ રકમ તેણે પાલનજી પેસ્તનજી પાસે માગી હતી પાલનજીએ એ રાજેજ તેને પાંચસો રૂપિયા લાવી આપ્યા હતા. એ રૂપિયા રહ્યવાર લઈ આવી બ્હે ડૉ૰ારા શેઠને આપ્યા હતા. પછી તેમણે એ રકમ બેંકમાં જમા કરાવી છે. આમાં ગરબડ જેવું શું છે એ હું સમજી શકતો નથી."

બ્હે૰ પૂછ્યું:—"પાલનજી સાથે આપનો શો સંબંધ છે?"

કૃરામજીએ ઉત્તર આપ્યો:—"ડૉ૰ારી બ્હેન સાથે તેઓ પરણ્યાર છે."

"આપનાં બ્હેનનું નામ શું છે?"

"બી ખાય."

"તેઓ કયાં રહે છે?"

"ખેતરવાડીમાં"

અત્યાર સુધી જે ભેદ ઊંધો હતો તે કૃરામજીના ખુલાસાથી બ્હે૰ે ખુલ્લો થયો. હવે હું એમ ખાત્રીપૂર્વક સમજી શકયો કે, પાલનજીએજ પૈસા માટે શીરીનબાઈનું ખૂન કરેલું છે. ચહેર કરતાં બ્હે૰ કાંઈ કારણ રહ્યું ન હોતું. પાલનજી કેરો મર્મ માણસ! એક સામાન્ય બાંધું મન સાચવવા માટે તે બીજી એક સુંદરીનું ખૂન કરી બેઠો. મનમાં ને મનમાં બ્હે૰ વિચાર્યું, હમણાં ધીરાબાઈને મળવાની કાંઈ જરૂર નથી. હતભાગી પાલનજીનેજ પ્રથમ નિરાકરણ કરવાની જરૂર છે. આ સઘળી વાત એકદમ પાલનજીના જાણવામાં ન આવે એ માટે ડોકાબાદ અને કૃરામજીને સાવધાન કરી બ્હે૰ કહ્યું:—"ઓછામાં ઓછા ચોવીસ કલાક સુધી કૃપા કરી આ વાત ચોથા કોઈના જાણવામાં ન આવે એ માટે ધ્યાન રાખજો. જે કારકૂ માટે ૨હે આ તપાસ કરવી પડે છે એ ઘણી લાંબી વાત છે. એ વાત બ્હેનાં ઘણો વખત લાગે તેમ છે. હવે હું અત્રે રોકાઈ શકતો નથી. એક બે દિવસમાંજ સઘળી હકીકત આપ જાણી શકશો."

વ્યાકુળ બનેલા કૃરામજીએ પૂછ્યું:—"ડૉ૰ારી બ્હેન ઉપર કોઈ સંકટ આવી પડે તેમ છે કે?"

બ્હે૰ કહ્યું:—"ના, એ માટે તમે ચિંતા કરશો નહિ."

ડૉ૰ારો ઉત્તર જાણે સાંભળ્યો ન હોય એવા ભાવથી કૃરામજીએ કહ્યું:—"અરેરે! ડૉ૰ારી બ્હેન—"

વચ્ચેજ બ્હે૰ કહ્યું, "આપ શા માટે ચિંતા કરો છો ડૉ૰ારા ગ્રન્થ ઉપર વિશ્વાસ રાખો. આપના અગર તો આપ બ્હેન ઉપર કોઈ સંકટ નહિ આવે. એ માટે હું ડૉ૰ારાથી બનતું બ્હેનને જરૂર કરીશ. ફિકર કરશો નહિ. જો કમાણ ધ્યાન દો તો હાલ તરત આ વાત ગુપ્ત રાખજો."

પછી હું મહાશય ડોકાબાદ શેઠની વિદાય લઈ ડૉ૰ાર નીકળ્યો.

બીજે દિવસે મેજરટ્રેટ પાસેથી પાલનજીના નામ ઉપર એક વૉરંટ મેળવ્યું. પાલનજીની વિરૂદ્ધ જે પુરાવાઓ મળ આવ્યા હતા તે તેને ફાંસીને લાકડે ચઢાવવા માટે બસ હતા નોટોનો પુરાવો ઘણો દૃઢ હતો. આમ છતાં જો પેલું પત્થર પુરાણું પાલનજીનું હોવાનું જો હું સાબિત કરી શકું તો મારે ગરજ રહે તેમ નહોતી.

વૉરંટ મેળવી હું પાલનજીને ઘેર જઈ પહોંચ્યો. ડૉ૰ાર ભાગ્યમનનું ડૉ૰ારું બ્હે૰ તેને જણાવ્યું. તેણે અત્યંત આશ્ચ પામી એ ડૉ૰ારું સાંભળ્યું. કોઈ પણ પ્રકારે તેણે પોતાનો ગુ-હો કબુલ કર્યો નહિ. બધી વાતો ઉઘાડી દેવાની મહેનત તે કરવ લાગ્યો. તે જાણે કે કાંઈ જાણતોજ નહોતો. તે પોતાનો ગુ-હો કબુલ નહિ કરે એમ હું પ્રથમથી જ જાણતો હતો; પરંતુ તે આવી રીતે પોતાને અત્યવધાનો પ્રયત્ન કરશે એમ પણ બ્હે૰ ધાર્યું નહોતું.

પાલનજીએ ઘણા ઉદ્વેગ ભાવથી કહ્યું:—"મહાશય! આપની ભૂલ થયેલે શા ઉપરથી આપ બ્હને ગુ-હેગાર ઠરાવો છો એ હું સમજી શકતો નથી. ડૉ૰ારે શા માટે શીરીનબાઈનું ખૂન કરવું પડે? એ ખૂનની વાત સાંભળી ડૉ૰ારા ૨ોટલું આશ્ચર્ય બીજા કોઈને નહિ થયું હોય. પકેલાં તો હું એ વાતને સાચી માનતોજ નહોતો."

"જે દિવસે ખૂન થયું તે દિવસે રાત્રે તમે મારે બ્હને મેર ગયા હતા?"

"હા, ત્યારે આ માટે એ વાત નકામુંજ કરવી જોઇએ! હું ચેતે ત્યારે નિર્દોષ સમજું' હું એટલે ત્યારે કોઇ વાત છુપાવવાની જરૂર નથી."

"લ્યો, હું તમને પ્રથમથી ચેતાવું' છું. કમનું તમારા મુખમાંથી જે દમાકત ત્યારે નીકળશે તેજ પછી તમારી વિરુદ્ધ પ્રમાણ રૂપે ગણાશે. જે કાંઇ કહો તો સમજી વિચારીને કહેજો."

"એ માટે મને ચિંતા નથી. હું ત્યારે બચાવ કરી શકું' તેમ છું. ખૂન થયું એ રાત્રે મ્હેં ત્યારા સ્નેહી માણેકજી પાસે પાંચસો રૂપિયા માગ્યા હતા; એ રૂપિયા—"

"—હીરાબાઇને આપવા માટે!'

કમળા ઉઠીને પાલનજીએ ત્યારા મુખ તરફ જોયું. બાપુળ કરે તેણે કહ્યું:—"કેવી રીતે આપ એ વાત જાણી શકયા?"

મ્હેં કહ્યું:—"હીરાબાઇના ભાઇ પાસેથી મ્હેં એ વાત સાંભળી છે. જે પાંચ નોટ મોકલી હતી તે ફોગાવટ કરેલ જોકમાં જમા કરાવી હતી. આટલી બધી ઉતાવળથી એ નોટો ત્યારે કાઢી તમે ગફલત બાખી છે. ચુ-હો છુપાવવા માટે તમારે વિશેષ બાવબ રહેવાની જરૂર હતી ભતાં તમે શું કર્યો? જે એ રૂપિયા તરત ન આપવામાં આવ્યા હોત તો હીરાબાઇના ભાઇ ફરામછને જોકમાં જવું પડત."

અત્યંત ભયાનક ભાવથી ઉત્તેજીત બની પાલનજી બોલી ઊઠયાઃ—"એક ગૂઢરમ્ય માણસનું માન બળવી આપ વાત કરો. હજી પણ કહું' છું મ્હેં ખૂન કર્યું નથી. હું આપની માફકજ નિર્દોષ છું. હીરાબાઇની વિનતીથી તેમના ભાઇનું અમુક કષ્ટમાંથી રક્ષણ કરવા માટે જ મ્હેં ત્યારા મિત્ર માણેકજી પાસેથી પાંચસો રૂપિયા ઉઘીના લીધા હતા."

"પરંતુ માણેકજીજ એમ કહે છે કે, તેમણે તમને રૂપિયા આપ્યા નથી."

અગ્નિની સાથે ઘાસનો સયોગ થાય ને તે જેવી રીતે ભભકી ઉઠે તેવી રીતે પાલનજી ક્રોધથી સળગી ઉઠયો. દઢ સ્વરે તેણે કહ્યું:—"એ એવું હોય તો એ દગાબાજ જુઠો છે. તેણે આપને જુઠી દમાકત કરી છે. વાંદરા સ્ટેશને તેની સાથે મારી મુલાકાત થઈ હતી. મ્હેં તેની પાસે પાંચસો રૂપિયા માગ્યા એટલે તરત તેણે આપવાની હા પાડી; પરંતુ એ વખતે વિશેષ રૂપિયા નહિ હોવાથી તે આપી શકયો નહિ. તેણે કહ્યું, તેની પાસે રૂપિયા સિલકમાં છે. હું પછી ત્યારે માણું ત્યારે તે આપી જશે તેમ છે. મ્હને એજ રાત્રે રૂપિયાની જરૂર હતી. હું તેમને બંગલે જઈ તેમની બી પાસેથી રૂપિયા મેળવી કરું એવો એક પત્ર લખી આપવાનું મ્હેં કહ્યું—"

"પરંતુ માણેકજીએ તમને પત્ર લખી આપ્યો ન હોતો."

મ્હેં વચ્ચે કહ્યું:—

"ના—ના, એ બોટી વાત છે. તરતજ પાંચસો રૂપિયા આપવા માટે તેણે મ્હને તેની બી ઉપર પત્ર લખી આપ્યો હતો; જેમ વખતે પત્ર લખું હું માણેકજીને બરાબર જરો હતો. પતિનો પત્ર મળતાં શારીનબાઇએ મ્હને પાંચસો રૂપિયાની થેલી તોડી આપી હતી. એ વખતે રાતના લગભગ નવ વાગ્યા હતા. એ રકમ રાત્રે ને રાત્રે મ્હે હીરાબાઇને પહેાચાડી હતી."

ઘંટડીવાળ ભવથી મ્હે કહ્યું:—"આજ સુધીમાં તમારી માફક પોતાનો બચાવ કરે એવો એકે માણસ મ્હે જોયો નથી. તમે જે કાંઇ કહો છો એ સપળી વાત માણેકજી નામુંજ કરે છે. તેઓ કહે છે કે, એ રાત્રે તેમણે તમને રૂપિયા કે પત્રબાંધુ કાંઇ આપું' ન હોતું"

હું જ્યારે કે તેનો ઉપહાસ કરું' છું એમ ધારી પાલનજી અત્યંત કઠિન ભાવથી ત્યારા મુખ તરફ જોઇ રહ્યો. તે જાણે કે ત્યારી વાત સાચી માનતો નહોતો. ક્ષણક્ષણ પછી એક ઘોર નિરાશ મૂકી તેણે કહ્યું:—"આશ્ચર્ય! મ્હને પત્ર નહોતો લખ્યા આપ્યો એમ તે કહે છે?"

"હા, તમે મ્હને એ પત્ર બનાવી શકતા!"

"ના, મ્હે એ પત્ર શારીનબાઇને આપ્યો હતો."

"વધારા વખતે એ પત્ર મળી આવ્યો નથી. તમારું કરેલું ખરું હોત તો બ્યવહાર સૂધીમાં એ પત્ર જરૂર બહાર દાબમાં આવ્યો હોત. વળી શારીનબાઇને એ પત્રનો નાશ કરી નાખવાનું કાંઇ કારણ ન હોતું."

"આપ ત્યારાં વચન ઉપર વિશ્વાસ નથી મૂકી શકતા?!"

"વિશ્વાસ મૂકવા જેવું કાંઇ કારણ દેખાતું નથી. માણેકજી કહે છે કે, એ રાત્રે તેમણે તમને રૂપિયા આપ્યા ન હોવા બતાં ચેારાયલી નોટોમાંની પાંચ નોટ કમનું તમારી પાસેથી મળી આવે છે. આવી સ્થિતિમાં હું તમારાં વચન ઉપર કેવી રીતે વિશ્વાસ મૂકી શકું?"

"હજી પણ માણેકજીનું એવું કહેવું છે કે તેણે મ્હને રૂપિયા આપ્યા નથી?"

"હા."

નિરાશ ભાવથી પાલનજીએ કહ્યું:—"ત્યારે તે જરૂર બાજ બની ગયો દેખાય છે. તે ત્યારો મિત્ર હોવા બતાં ત્યારી વિરુદ્ધ આવી બોટી વાત કેમ કહે છે?"

વિના કારણ નકામી વાતચિતમાં વખત વીતાડવો હિતકર નથી એમ વિચારી મ્હે કહ્યું:—"ચર્ચા કરવાની જરૂર નથી. હું તમારી સાથે ચર્ચા કરવા આવ્યો નથી. કરીથી હું' તમને યાદ આપું' કે, હજુ ત્યારી પાસે તમે જે કાંઇ કહેવા તે બધાથી તમારી વિરુદ્ધ પ્રમાણ તરીકે ગણવામાં આવશે. બ્યવાર ચાલી ઉભો છે. તમારે ત્યારી સાથે પોલિસ સ્ટેશન ઉપર આવું' પડશે."

"ભલે ચાલો." કહી પાલનજી ઊભો થયો એટલે ત્યારી સાથે બ્યવાર નીચળી ગાડીમાં બેઠો.

ગાડી પોલિસ સ્ટેશન તરફ જવા લાગી.

[વાંચનાર! શું ખરેખર પાલનજી ખૂની હશે કે નીલો કોઇ? ખરો ખુની કેવી રીતે પકડાયો કે જાહુથી માટે ત્યારો આવતે અંકે વાંચો.]

(આવતા અંકમાં આ વાર્તા પૂરી થશે.)

મુંબાઈનું રાત્રિ-રહસ્ય

(લખનારઃ—રા. ગુપ્તદૂત)

[ગતાંકથી ચાલુ.]

(૭)

ગુજરે દિનવદ્દક નાટક કંપની આથે ગાઢ સંબંધ હોવાથી ઈશ્વરદાસના અનુયાયીઓનું મંડળ ઘાણું વધી ગયું હતું. તે એ મંડળનો નેતા હતો અને પોતાના ઝાગિરીની સહાયતાથી તેણે ઘણાં ભપ્પંદર કાર્યો કર્યાં હતાં. તેના ગુપ્તચરો અમુક અમુક ચોક્કસ શ્રીમંત સંતાનોની પાછળ ફરી બેસેલી બાનગી મેળવતા હતા તથા એ બાતમી જાણી લઈ ઈશ્વરદાસ નવા નવા શિકારોને ભાળમાં ફસાવી તેમને ઉઘરની બાદક ફેલી ખાતો હતો. નાટક કંપનીના સબંધના નોકરો ઈશ્વરદાસથી બ્બીના હતા. માલિક કરતાં, પણ તેમને ઈશ્વરદાસનો ઘણો ભય લાગતો હતો.

ઈશ્વરદાસની સાથે ચંપકલાલ નામનો તેનો એક મિત્ર વારંવાર જોવામાં આવતો હતો. બન્નેની પ્રકૃતિ સમાન હોવાથી તેઓ એક બીજાના અંગત સ્નેહી બની ગયા હતા. ચંપકલાલ પણ કોઈ રીતે ઈશ્વરદાસથી ઉતરે તેવો નરોતો. બન્ને મિત્રો સાથેજ સુરાપાન કરતા હતા, તવાયફને ત્યાં જતા હતા અને જુગાર પણ ખેલતા હતા.

વિનોદચંદ્ર સાથે ઈશ્વરદાસે નાટકમંડળી જ પરિચય કરી લીધો હતો તથા ઈશ્વરદાસ અને ચંપકલાલે વિનોદચંદ્રને સર્વાંશે પોતાના કબ્જામાં લીધા હતો. ઈશ્વરદાસની સલાહથી વકિલ લાલ સાથે તકરાર કરી વિનોદચંદ્રે મિલકતમાંથી પોતાનો ભાગ મેળવી લીધો હતો. બીજી તરફથી નવી રાધા ઉપર મોહિત થયેલો હોવાથી વિનોદચંદ્ર ઈશ્વરદાસને બેસેલા રકમો કોઈ પણ પ્રકારનું લખાણ કર્યા સિવાય ઉછીની આપતો હતો. ઈશ્વરદાસ અને ચંપકલાલની સલાહ સ્વીકારી વિનોદચંદ્રે પોતાના અગાઉના સઘળા ખુશામદીઆ દોસ્તોનો સંપર્ક છોડી દીધો હતો.

વિનોદચંદ્રનો બંગલો મહાલક્ષ્મી ઉપર આવેલો હતો વિનોદની પત્ની સુશીલાબાનીની ઉમ્મર આ પ્રકારના પ્રસંગે પંદરેક વર્ષની હોઈ તે યુવસ્ત્રિના નવયુવની હતી. તેનામાં રૂપ પણ હતું; છતાં અશક્ત સ્વામીના અસર લાવનારી વિનોદ પોતાની પત્નીની અવગણના કરી નવી નવી રૂપમુંદરીઓના સ્નેહનો રવાદ ચાખવા આતુર રહેતો હતો. સુશીલાના પતિના દુરાચારોથી અજાણી છે.ના છતાં તે એક સેવિકા તરીકે પતિસેવા બજાવતી હતી. તેણે પતિને ઉપરોક્ત આવી સુધાવવાની પદ્ધતિ બદલવા કરી જાઈ; પરંતુ ઈશ્વરદાસ અને ચંપકલાલની સોબત આગળ સુશીલાબાનીનો ઉપરોક્ત વૃથા થઈ જાતો હતો.

ત્રણે સ્નેહીઓ રહાંને સાથે બહાર ફરવા નીકળી પડી રહે, ત્યારે કે બાલ કોઈ બારમાં પુષ્કળ સુરાપાન કરી, પુલાંવ, બિરિયાની, ચૉપ, કટલેસ વગેરે પદાર્થોથી પેટ ભરી જાનવરોના જલસામાં ઉપડી જતા હતા તથા આવા કુછંદમાં એકજ રાતની અંદર વિનોદચંદ્રના સો બસો રૂપિયા ખરચાઈ જતા હતા. વિનોદ રાતના વખતે ઘેર આવે જ જતો હતો. સુશીલાના બીચારી એકલી જમામાં સુધ રહી પતિની મતિ ગતિ સુધારવાની ઈશ્વરને પ્રાર્થના કરતી આંસુ સારતી હતી. તે શ્રીમંતકન્યા હોવાથી ને તેણે ધાર્યું હોત તો પતિના ઘરનો લાગ કરી પિયરમાં જઈ સુખમાં રહી શકત; પરંતુ પતિસેવા એજ આર્યનારીનું પરમ કર્તવ્ય છે એવી ભાવના એના અંતઃકરણમાં દૃઢ થયેલી હોવાથી ચુપકીદીથી તે સઘળું કષ્ટ સહન કરતી હતી.

ઈશ્વરદાસ અને ચંપકલાલ કોઈ કોઈ વખતે ઈશ્વરદાસને બંગલે આવતા હતા તથા ઈશ્વરદાસ સુશીલાબાનીને જોતાં જ પ્રથમ દર્શને તેના ઉપર મોહી પડ્યો હતો. સુશીલાના ઈશ્વરદાસની ક્રામાતુર દૃષ્ટિને કળી ગયેલી હોવાથી તેના મનમાં તેને માટે તિરસ્કાર ઉપજ્યો હતો; આમ છતાં વિનોદની આજ્ઞા થતાં નિરૂપાયે, તેને સહુની સમક્ષ હાજર થવું પડતું હતું.

એક દિવસે રાત્રે ઈશ્વરદાસે પોતાનો દુષ્ટ હેતુ પાર પાડવાની ગળ ગિલાની લઈને હૉટેલમાં તેણે વિનોદને એકલો બધો દારૂ પાયો કે વિનોદ કાબૂમાં રહી શકયો નહિ. પછી ઈશ્વરદાસ તેને એક વારાંગનાને ત્યાં લઈ ગયો. ત્યાં પણ ઉપરા ઉપરી પ્યાલીઓ ફરવાથી હોશહવાસ ગૂમાવી વિનોદ એ રથળેજ સૂધ ગયો. એ વખતે રાતના લગભગ બાર વાગ્યા હતા.

ઈશ્વરદાસ મહેનત બની ગયો હતો. આજે કોઈ પણ પ્રકારે તેણે પોતાનો દુષ્ટ સંકલ્પ પાર પાડવાનો નિશ્ચય કર્યો હતો. તે વારંગનાને ત્યાંથી બહાર નીકળી પડી કૉન્ટ્રે ઑટરૉડ ઉપર ઉપસ્થિત થયો તથા એક ટૅક્સીમાં બેસી પળની જરૂરથી તે મહાલક્ષ્મી ઉપર આવેલા વિનોદચંદ્રના બંગલે જઈ પહોંચ્યો.

બંગલાની આસપાસ જાનવરો ભગીચો હતો. બાળી પોતાની ઑરડીમાં સુધ ગયો હતો. દ્વાર ઉપરનો ભૈયો રાતના દશ વાગ્યા પછી દરમ્યાન બે ચાર કલાક છુપી રીતે કોઈ સ્થળે ચાલ્યો જતો હોવાથી આજે પણ તે ગેરહાજર હતો. મહાલક્ષ્મીનો રસ્તો એકાંત હોવાથી ત્યાં માણસોનો અવરજવર બારા મધ્યરાત્રિના વખતે બિલકુલ નહોતો. બગીચાના કંપાઉન્ડના દ્વાર નજીક એક બેંચ લૅમ્પ સળગતો હતો; પરંતુ તેનો પ્રકાશ ગૅસના અભાવે ક્ષીણ થઈ ગયો હતો. આજે ઈશ્વરદાસને સારો સુયોગ મળ્યો હતો તથ મદિરાપાનની વિશેષતાથી તે વિશેષ કામોન્મત બન્યો હતો. તે કંપાઉંડ ઑળંગી બગીચામાં થઈ બંગલાના દ્વાર નજીક ગયો. ભૈયાની ગેરહાજરીમાં દ્વાર ખુલ્લું હતું. ઈશ્વરદાસે આવેલાં જ ઈશ્વરદાસે બંગલામાં પ્રવેશ કર્યો તથા પગલાંને અવાજ ન થાય એવી સાવધાનતાથી તે બીજા માળ ઉપર આવેલા શયનગૃહમાં ગયો. શયનગૃહનું દ્વાર પણ ખુલ્લું હોઈ અંદર વિજળીની બત્તીના પ્રકાશનો વિસ્તાર થયેલો હતો. સુંદર પલંગ ઉપર મખમલ જેવી મુલાયમ શય્યામાં સુશીલાબાની નિદ્રાને વશ થઈ પડી હતી, તેના

રતન ઉપરનું વસ્ત્ર સહજ ખસી ગયું હતું. બારીક ચાળીમાંથી તેના દેહનું લાવણ્ય જાણે કે બ્હાર પ્રકાશી નીકળવાનો પ્રયત્ન કરતું હતું. છુટ્ટા કૃષ્ણકેશકલાપ ઇન્દ્રિયરની માફક સપ્પામાં ગુંચળું વળી પડ્યો હતો. એના અર્દ્ધમુખ ઉપર બત્તીનો પ્રકાશ પડતો હતો. એ મુખ અને મીંચેલા નેત્રો ઉપર સરળતા, પવિત્રતા અને ઉમાપ્રતોનો સ્પષ્ટ ભાવ દેખાયો હતો.

ધીમે પંગલે ઇશ્વરદાસે અંદર પ્રવેશ કર્યો. સુલોચનાનું સુપ્ત ચૈતન્ય ચૌન્દ્રિય' નેહી કામીની કામબાણોના ભણકારે ઉઠી. તેનું સર્વાંગ ક્ષણ્ણ માટે રોમાંચિત થયું. સ્વાભાવિક રીતજ તેનાથી બોલી જવાયું કે:—

"તકદીર ખુલા તસ્વીર નજર આતી હય,
મેરે માશુક તુંહી બુલબુલ મુજે ભાતી હય;
તેરે ગાલ ગુલાબી નૈન અજબ કાતીલ હય,
તેરી પતલી કમર જેસી કમાન મીલ જાતી હય;
હુરનોપે તેરે મંદ ભવર કમર ખિલ હારા,
તેરી નાજુક અદાને મુજે લ્હાને મારા;
તેરી આંખ ચમકતી રાત દિન દો તારા,
તુને મારા ચશ્મ સમશેર દો ધારા."

આમ બોલી ઇશ્વરદાસ પલંગ તરફ આગળ ધસ્યો એવામાં તો સુલોચના જાગી ઉઠી. ઇશ્વરદાસ નજરે પડતાં તે પ્રસંગ સમજી ગઇ અને પલંગ ઉપરથી નીચે ઉતરી બોલી ઉઠી, "ઇશ્વરદાસ! અત્યારે તમે અહીં કયાંથી!"

"જનોઇબર! જ્યારથી તું સુલોચનાબાઇ બુલબુલ જ્હારે નજરે પડી છે ત્યારથી જ્હારું દિલ બેચેન બની ગયું છે. હું તહારા પ્યારનો સ્વાદ ચાખવા માટે લાગ સાધી હમણાં છુપી રીતે અત્રે આવ્યો છું." કથતાન ઇશ્વરદાસે પોતાનો મનોભાવ સ્પષ્ટ શબ્દોમાં દર્શાવ્યો.

ક્રોધથી સુલોચનાનું મુખ લાલચોળ બની ગયું. તેણે તિરસ્કારયુક્ત સ્વરે કહ્યું:—"બેશરમ લપલાન! જેને તું મિત્ર કહીને બોલાવે છે તેની પત્નીને મા બ્હેન સમજવાને બદલે તેનું અપમાન કરે છે? ધિક્કાર છે તને. કામાંધ કુતરા! તું મરો મરો અહીંથી ત્હારું કાળું કર અને અત્રે એક ક્ષણ પણ નહિ રોકાતાં ત્હારે રસ્તે પાછા ફર."

ક્રોધની વિકરાળતાથી સુલોચનાનું શરીર કંપતું હતું. ઇશ્વરદાસે ઉત્તેજન કરે કહ્યું:—"સુલોચને! પ્રિયતમે! તું આજે ત્હારા ગર્વે ઝટપટ તિરસ્કાર કરીશ તો પણ હું ત્હારા યૌવનરસનો આસ્વાદ લીધા સિવાય પાછો ફરનાર નથી—આજે ત્હને કોઇ રોકનાર કે ટોકનાર નથી. જો સાંભળ, ત્હારા રૂપનું દર્શન કરી ત્હારું દિલ બેચેન બની ગયું છે,

દિલ આ દિવાનું છે બન્યું, ત્હારા મનોહર રૂપથી;
રંજા ન્હારું કે મેનકા, ઉપમા કયી મળતી નથી.

સુલોચને! ત્હારા પતિ મદ્યપાન-કરી બાનસાન ગુમાવી એક વેશ્યાને ત્યાં પડી રહ્યા છે તથા એ સેનેરી તકનો લાભ લઇ આ આશક હમણાં ત્હારી પાસે આવી ચઢ્યો છે. જે નાતન ત્હારા જેવી રૂપસુંદરી પત્નીના ત્યાગ કરી વેશ્યાના પ્યારમાં પડી રહે છે તે પતિથી તું શું સુખ પામી શકનાર છે? હું ત્હારા સ્નેહનો ગુલામ થઇ રહીશ; એક વખત તું ત્હારી થા."

ધીમે ધીમે સુલોચનાનો ક્રોધ વધતો હતો. તેણે ક્રોધથી કંપતા કંઠે કહ્યું:—"બવસના ગુલામ! આજે ત્હારી બુદ્ધિ ગુમ થઈ છે તેથી જ તું આમ બકે છે.

આકાશમાં રવિ એક છે ને સિંહની ગતિ એક છે,
છે વચન નરનું એક તેમજ નારની રતિ એક છે;
વિશ્વાસ ત્હારો એક છે, કિરતાર ત્હારો એક છે,
તેવીજ રીતે નારનો, સંસારમાં પતિ એક છે;
નારી સતી ધનમાલની પરવા જરી કરતી નથી,
જે વરી એક જ નાથને તે અન્યને વરતી નથી.

પાપી નરપિશાચા! ઇશ્વર આજના ત્હારા પાપની તને ક્ષમા કરનાર નથી નરકમાં પડ્યા તને આશ્રય મળનાર નથી.

ઇન્સાન નહિ પશુ માનવીના વેશમાં ચરનાર છે,
ધર્મ નીતિને ભૂલી તું હવસમાં ગુલતાન છે;
આ લોક કે પરલોકમાં સન્નારીનાં સન્માન છે;
નિજ ધર્મ આગળ આબરૂ ને પ્રાણ પશુ કુરબાન છે.

તું વિશ્વાસઘાતક દગાબાજ નરાધમ છે. હું હમણાં જ ભૈયાને બોલાવી તને ત્હારા પાપનું ફળ ચખાડું છું."

"હું હવે વિશેષ લવારો સાંભળવા ઇચ્છતો નથી. આજે ત્હારો મારી સાથ છે— ભૈયો કે'વા બીનું? કોઈ ત્હારી મદદે આવી શકે તેમ નથી." આમ કહી ક્રોધોન્મત્ત રાક્ષસ સુલોચનાના અંગ ઉપર ધસ્યો. હવે સુલોચનાના મનમાં ભય ઉપજ્યો. તે મદદ માટે ઘૂમ મારવા જતી હતી; પરંતુ ઇશ્વરદાસે બીસામાંથી રૂમાલ ત્હાર કાઢી તેના મુખનાં દબાવી દીધો. બન્ને વચ્ચે ઘેરાબાજી થવા લાગી. એવામાં "બવસના! ઇશ્વરદાસ! આજના ત્હારા વિકારમાં ત્હારો પશુ ભાગ છે,' કહેતો ચ પકારાતે ત્યાં ચવનગૃહમાં પ્રવેશ કર્યો. ચંપકલાલનું મુખ લાલચોળ બની ગયું હતું. તેના બન્ને પગ થથરતા હતા.

"કેમ ચંપકલાલ! તું ત્હારો મિત્ર હોવા છતાં શા માટે અત્યારે ત્હારા કામમાં હરકત કરવા આવ્યો છે?"

"દોસ્ત! તું તને એકલાને જ સુલોચનાના પ્રેમનો ઉમેદવાર ધારે છે? હું પણ એ રસિકાની રસમસ્તિમાં રનાન કરવા ધપ્પુ છું. તું આ તરફ આવો છે એવી ખબર ત્હને ગુલબારને ત્યારી મળી હતી. વળી એ વખતે વિનોદચંદ્ર ત્યાં બેઠેલા હાવભાવ સમજી રહ્યો હતો. એ ઉપરથી તું શા હેતુથી આ તરફ આવ્યો હોઇશ એ સમજી જઈ હું પણ ત્હારા વિકારમાં ત્હારો ભાગ પડાવવા આવ્યો છું. કહે દોસ્ત! તું ત્હને શો ઉત્તર આપે છે?"

ઇશ્વરદાસે આંખ ફેરવી કહ્યું:—" ભે તું ? હારો મિત્ર હોય તો હારા માર્ગમાંથી ખસી જા; નહિ તો આજે આપણી મિત્રતાનો અંત આવી જશે. હું કોઈ પણ પ્રકારે હારી ઇચ્છા બાર પાડવા સિવાય આ સ્થળનો ત્યાગ કરનાર નથી."

ચંપકલાલનું ચિત્ત આજે ઠેકાણું નહોતું. તેણે પણ તુમાખીમાં કહ્યું:—" નહિ—નહિ, જે તું હારી આગળી કબુલ નંહ કરે તો હું આંધળા કલામાં જ ટંકીમાં બેસી ગુજનારને ત્યાં જઇ વિનોદને ગમે એવી સ્થિતિમાં અત્રે લઇ આવીશ તથા હારી બાજીને ધૂળમાં મેળવીશ."

"આજથી તું હારો મિત્ર નહિ પણ દુશ્મન છે. ઉગતા શત્રુ અને ઘડે થતા રોગનો આરંભમાં જ નાશ કરી નાખવો એ જ ઇશ્વરદાસની નીતિ છે." આમ કહી ચિત્તની ઉત્તેજિત સ્થિતિને વશ થઇ ઇશ્વરદાસે ખીસામાંથી રિવોલ્વર હાર કાઢી તથા ચંપકલાલ પોતાને બચાવ કરવા જાય એ પહેલાં જ તેણે ગોળી છોડી. એ ગોળી કપાળમાં વાગતાંની સાથે ચંપકલાલ નીચે ગબડી પડ્યો તથા "મેર-બાપલો" શબ્દ ઉચ્ચારી ગોલ વખતમાં જ તે મરણને શરણ થયો.

ચંપકલાલે ગયનગૃહમાં પ્રવેશ કરી હારને બંધ કરી દીધું હતું. સુલોચના ભયથી મુંજતી એક ખુણામાં ઉભી રહી આ બધો પ્રકાર જોયા કરતી હતી. તેને આ ભીષણ પ્રકાર જાણે કે સ્વપ્ન હોય એમ લાગતું હતું. તેની વાચાશક્તિ બધ થઇ ગઇ હતી.

ચંપકલાલને જહન્નમનો મુસાફર બનાવી દીધાપછી સુલોચનાને ઉદ્દેશી ઇશ્વરદાસે કહ્યું:—"સુલોચના! હારે માટે આજે હારે હારા મિત્રની સાથે કાયતા કરી તેનું ખુન કરવું પડ્યું છે. હજી પણ કહું છું કે, દુરાગ્રહ નહિ કરતાં તું હારી મરજીને તાબે થા, નહિ તો હું શું કરીશ એ કહી શકતો નથી. એક કલાક જેટલો સમય હારી આંખે ગુલારી હું અહીંથી ચાલ્યો જઇશ તથા ચંપકલાલના મુર્દાનું ઠેકાણું પાડી નાખવાનો બદોબસ્ત કરીશ. વળી જો આ ખુનની ખરી હકીકત તું કોઈને પણ કહીશ તો તેથી હારી ઇજ્જત આબરૂને બદો લાગવા ઉપરાંત તું અને હારા ધણી જેવી ગુ-હેગાર તરીકે સપડાઓ એવી ભીતિ હું પાયરીશ. ખુબ કરી સહાયથી બચી જવું એ હારા હાથના ખેલ છે, સમજી? કહે, હવે તું મને શો ઉત્તર આપે છે?"

રાક્ષસના ભનમાં દયા ઉપજવવાના હેતુથી મહા મહેનતે હિમ્મત લાવી સુલોચનાએ કહ્યું, " દયા લાવો,—એક અબળા ઉપર દયા લાવો. ‘હું તમારું અપમાન કર્યું છે એ માટે હું દાય જોડી માથું મું. આજે જે તમે હારી ઇજ્જતનું—હારા જીવળ ધમનું; રક્ષણ કરશો તો તમે કરેલા આ ખૂનની વાત હું કોઇને કહીશ નહિ. હારા પતિના આવતાં પહેલાં જો તમે મરનારના દેહનું ઠેકાણું કરી નાખશો તો હારા પતિ પણ તમારા અત્રે થયેલા આગમનની અને તમે કરેલા ખૂનની વાત જાણી શકશે નહિ."

ચંપકલાલનું ખૂન કર્યા પછી ઇશ્વરદાસનું ભેજું કંઈક ઠેકાણે આવ્યું હતું. સુલોચનાની હાજરીમાં પોતે ખુન કર્યું હોવાથી એ માટે તેનું મન હરે તેને ખંખું હતું. પરિસ્થિતિનો વિચાર કરી તેણે કહ્યું:—"સમજી વાત ગુપ્ત રાખવાની તું પ્રતિજ્ઞા કરે છે?".

રાક્ષસના જડબામાંથી છૂટવાનો બીજો કોઇ ઉપાય નહિ હોવાથી સુલોચનાએ કહ્યું:—"હા, પ્રતિજ્ઞા કરું છું."

એક બે મિનીટ સુધી સ્વસ્થ કાંઇ વિચાર કર્યા પછી ઇશ્વરદાસે ઉમેર્યું:—" એકલી પ્રતિજ્ઞા ઉપર હું વિશ્વાસ મૂળ શકું તેમ નથી. તે સાથે હારે હું કહું એવો એક પત્ર લખી આપવો પડશે." એમ કહેવા વિશેષ વખત નથી." આમ કહી ખીસામાંથી કાગળ પેન્સિલ હાર કાઢી સુલોચનાના હાથમાં આપી તેણે તેને પત્ર લખવાની આજ્ઞા કરી કહ્યું, " હું બોલું તે પ્રમાણે વધારાનો એક પણ શબ્દ હારે લખવો નહિ એ ખાસ લક્ષમાં રાખજે."

(અપૂર્ણ.)

[આ રહસ્યપૂર્ણ લેખનો આગળનો ભાગ વાંચવા માટે અમારો આવતા રવિવારનો અંક વાંચો.]

અગત્યની સૂચના.

ઉપરા ઉપરી અનેક કારણના તથા છુટક ગ્રાહકોની પાછળા ઓર્ડરની માગણીને માન આપી અમે ‘ભેજ-મજાક’ ના પાછળા ઓર્ડર કરીથી તૈયાર કર્યા છે; પાછળા છુટક ઓર્ડર બીજા વખત જાહેર પડેલા હોવાથી અમે આનાની ઉમ્મતથી છુટક મળી શકશે.

નમુનાના અંક માટે અડી આનાની ટીકીટ બીડવી.

નવીન ગ્રાહકોએ વર્ષ-વિગે નીચેને સિરનામે લવાજમના રૂ. ચાર ભરી પાછળા ઓર્ડર આપવા.

અમારા જુના ગ્રાહકોએ બેટના પ્રેઝેન્ટના ૧૯૬૪ ના રૂ. ૪-૪-૦ નો મનીઓર્ડર મોકલી આપવો. હિંદુસ્તાન બહારના ગ્રાહકોએ સાત શિલીંગ ૭ છ પેન્સ મોકલવા.

જલદી ગ્રાહક થાઓ! બેટના પુસ્તકની થોડીજ નકલો સિલ્લકે છે.

આશાકની આત્મકથા

નામની સચિત્ર ઇતિહાસ નવલકથા બેટ આપવાનું નક્કી કર્યું છે. આ પુસ્તકની નકલો ઘણી જ થોડી છે. માટે વહેલો તે પહેલો, ખવાસ થયે અમો આપવાને બંધાતા નથી.

ભેજ-મજાક કાર્યાલય
ગીરગામ ચર્ચ આગે બહાદુર મુંબઈ નં. ૪

અમદાવાદના એજંટઃ—
નંદલાલ દામોદરદાસ
ન્યુસપેપર એજંટ રતનપોળ નાકા નં. ૨૬—અમદાવાદ.
સુરતના એજંટઃ—
વૃંદાવનદાસ નારણદાસ
અમારા.

આઠ સુંદરીનાં સાહસકર્મો

પ્રકરણ ૮ મું.

વૃદ્ધ પુરૂષ.

આ તેજ વિશાળ ઓરડો હતો કે જ્યાં તે વૃધ્ધ પુરૂષ અને કંચનકુમારી બેઠા વખત પહેલાં મળ્યા હતાં અને તેમની વચ્ચેનો વાર્તાલાપ એક પડદા પછવાડે છુપાઇને મનોરમાએ સાંભળ્યો હતો. આ ઓરડામાં સુંદર સામાન ગોઠવેલો હતો.

ઇતર૪ંડ, ભીંતો ઉપરના પડદા અને ગાલીચા કાળા મખમલના હતા. ખુરસીઓ અજબ્રુસ જેવા કાળા લાકડાની હતી. ઉપરની છત પૈસા કાળા રંગની હતી.

મનોરમા બારણું બંધ કરીને તે વિશાળ ઓરડામાં આવી ત્યાં બેઠેલા વૃધ્ધ પુરૂષને જોઇને પ્રણામ કરી ઉભી રહી. વૃધ્ધનું વય આશરે ૭૦ વર્ષનું લાગતુ હતું–

ખુરસીમાંથી બેઠા થઇને તેણે મનોરમાને નજીક આવવા ઇશારો કર્યો; જ્યારે તે નજીક આવી ત્યારે પાસેની ખુરસી ઉપર બેસવાને તેણીને કહ્યું. ખુરસી-ઉપર આવી પહોંચી લઇ તેણીના અંતરના ઉંડાણમાં જવા માગતો હોય તેમ અનિમિષ દૃષ્ટિએ તેના તરફ જોઇ રહ્યો.

" મનોરમા," આખરે તે બોલ્યો, અને તેના મુખમાં પોતાનું નામ સાંભળી મનોરમા ચમકી– " આજે તે ઘણી નવાઇ-ભરી ચીજો જોઇ છે અને તેના વિષે સાંભળ્યું છે."

" માનનીય પુરૂષ, આપનું કહેવું અક્ષરશઃ ખરૂં છે, " આપણી નાયિકાએ પ્રત્યુત્તર આપ્યો; " પણ આ સઘળા ભેદનું રહસ્ય જણાવવાની આપ મારા ઉપર કૃપા કરશો ?"

" ના, હજુ તે સમજવાનો પ્રસંગ તારે માટે પ્રાપ્ત થયો નથી," વૃધ્ધે ગંભીરતાથી જણાવ્યું. " પણ કયા આશ્ય ભેદનું રહસ્ય સમજવા તું આતુર છે? ખુલ્લા દીલે સત્ય કહે. તે જે જોયું છે અને સાંભળ્યું છે તે સઘળું હું જાણું છું. માટે જોઇતું કાંઇ પણ છુપાવીશ તો હું તરત તે જાણી જઇશ."

મનોરમાએ પોતાની ગુંચમાંને અત્યંતમાં પોતાના મનની મોટી અને પછી પૂછવાં માંડ્યું, " પ્રથમ તો સૌ કન્યા ઓ વિષે જે બહુજ ભયંકર બાબું છું, અને મને અને મારા સાથીને બાંધ કરીને અહીંજ રાત્રે ઉતારો આપવો એ પોતાના હાથનું ભોજન એકવા જેવું છે એનું ભીમસિંહે શા માટે કહ્યું ? બીજું પ્રથમની ઓરડીમાં બાજ બરછી વિગેરે શસ્ત્રોત્પાદક અને કિમતી વસ્તુઓનો શા માટે સંગ્રહ કરવામાં આવ્યો હશે તેનું યથાર્થ કારણ જાણવા ઇન્તેજાર છું. ત્રીજું બીજી ઓરડીમાં બહુ દ્રાક્ષિ જરો શા કારણથી ઉભી કરવામાં આવ્યાં છે તે હું જાણવા ઇચ્છું છું, અને તેમાંનું પહેલું પોતાની બેવડી ભાંજ વગરની આંગળીઓમાં પકડેલું બંજર કથી શક્તિથી ઉડું કરી શકે છે? બીજું જે બહુજ શક્તિમાં અને અત્યાર સુધી જરા પણ વિશ્વાસ ન હતો તે બહુજ શક્તિથી પોતા પુતળાના બોલતા મુખના પ્રભાવ વિષે જ્યારે વિચાર કરૂં છું ત્યારે હું એટલી બધી મુંચવણ અનુ છું કે છેવટે હું મારા મનનું કાંઇ પણ સમાધાન કરી શકતો નથી: અને છેવટે" મનોરમાએ કાંઇક અચકાતા બોલ્યું. "તમે પોતે કાંઇ છો અને આવા એકાંતમાં કયા કાર્યમાં પ્રવૃત્ત થયા છો? કારણ કે કિલ્લાના આ ભાગમાં તમે એકલાજ છવતા જાગતા માણિક જણાવ છો"

" હું કરી કરીને કહું છું કે, " મનોરમાની બધી મુંઝાએ ઉપર મુજબ ધીરજથી સાંભળ્યા પછી તે વૃધ્ધે કહ્યું, " આ બધી બાબતોનો રહોટ કરવાનો સમય હજુ આવ્યો નથી. આ બધામાંથી કેટલ તો કન્યાઓ અને ભીમસિંહના ભય વિષેનીજ તારી મુંઝાએનું જ સમાધાન કરીશ; અને આને માટે હું તને તેટલીજ દક્ષિણત કહીશ કે જેટલી આ પ્રદેશનો કોઇ પણ રહેવાસી તને કહી શકશે. પણ." વૃધ્ધના મુખ ઉપર દિલગીરી છવાઇ ગઇ છતાં તેણે આગળ ચલાવ્યું, " આ પ્રદેશનો કોઇ પણ રહેવાસી આ બાબત વિષે વાતચીત કરવા નારાજ હોય છે."

" આ બાબત વિષે જ્યારે અમે ભીમસિંહને પ્રશ્ન કર્યો ત્યારે તે બહોળ હસ્કારાઇ ગયો હતો." મનોરમાએ કહ્યું.

" ખરેખર, તે રખવાળને આ બાબતથી બહુ લાગી આવે છે," લઇ કે આ વિષમ સંબધી વાતચ તેને ન ગમતી હોય તેમ અધી-રાઇ બતાવતાં તે બોલ્યો; અને પછી સ્વસ્થતાનો માત્ર દેખાવજ કરી તે આગળ બોલ્યો, " મનોરમા, માગધી ભાષામાં લખેલો લેખ તેં વાંચ્યોજ હશે ?"

" જે વાંચ્યો છે, " તેણીએ પ્રત્યુત્તર વાળ્યો, "તે લેખ અને માનસિંહની ચાદગીરીમાં પત્થર ઉપર કોરેલા લેખમાં પણ સો કન્યા ઓની હકીકત છે."

" સાંભળ," ગંભીર ગંભીરતા અને દિલગીરીથી વૃદ્ધ બોલ્યો, " રાજા ગોરાપાલ અને રૂપસુંદરીના વારસ માનસિંહ આ પ્રદેશની કેવી રીતે રાજા થયો એ તો તેં વાંચ્યું છે; અને જ્યારે મુસલમાને આ પ્રદેશ ઉપર હુમલો કરવાની તૈયારી કરી ત્યારે તેણે તેમની સાથે કેવી બહાદુરી ભરી સલાહ કરી તે પણ તેં વાંચ્યું હશે."

" અને પછી સો કન્યાઓની ભરતવાળી સલાહ," મનોરમા બોલી ઉઠી. " પણ એ સલાહનો મુખ્ય મુદ્દો શું હતો ?"

" હવે હું તેજ સમજાવીશ," તે વૃધ્ધે કહ્યું. " જ્યારે મુસલમોનોના રાજા બબુ રહેમાન પોતાના લશ્કર સાથે આ રાજ્યની સરહદ ઉપર આવી પહોંચ્યા ત્યારે આ પ્રદેશના રાજા માનસિંહે સલાહની ભરતો માટે કહેલ મોકલ્યું. તેમાં મુસલમાનના રાજાએ ઓરો ઉત્તર આપ્યો કે જ્યાં સુધી દરયે ઉંચા કુળની એકસો કુંવારી કન્યાઓ અને બહુણી પેટ આપ્યા કરો ત્યાં સુધી તમારા આ પ્રદેશને જરા પણ નુકશાન ન કરવાનું હું વચન આપું છું. રાજા માનસિંહે આ નામોથી ભરેલી ભરત કબુલ રાખી અને તેથી બબુ રહેમાન તેના લશ્કર સાથે પાછા ફર્યો.

"એ અનાવ જ્યારે આજથી તેતાળીસ વર્ષ થયાં હશે. આથી રાજા માનસિંહે પોતાની ગાદી ખોઈ. આ બંધને આ પ્રદેશના લોકો એટલા બધા ઉદ્વેગાઈ ગયા કે તેમણે મેગા મળી રાજા અને તેના અંગરક્ષકોની સામે બળવો દાખ્યો; અને તેમાં સફળ થયા. પણ રાજાએ કબુલ કરેલી ખંડણી આપવાની ના પાડીને મુસલમાન રાજા તરફ પોતાનું વેર બતાવતાં તેઓ બીધા. આથી તે વખતથી હમણાં સુધી દર વર્ષે નિયમિત રીતે ખંડણી ભરવાનું તેઓએ ચાલુ રાખ્યું છે.

"પણ મુસલમાન રાજા અબુ રહેમાનના મરી ગયા પછી તેમના પુત્ર, અબુ રહેમાન બીજા, એવું નામ ધારણ કરીને ગાદી ઉપર બેઠા. હમણાં પણ તેજ ગાદી ઉપર છે. તે ગાદીએ બેઠા ત્યારે આ પ્રદેશના લોકોએ અરજીઓ કર્યાથી તેમણે એવું ફરમાન કર્યું કે હવેથી તેમણે વાર્ષિક ખંડણી પેટે પચાસ કન્યાઓ ઉચ્ચ વર્ગમાંથી અને પચાસ સાધારણ વર્ગમાંથી પસંદ કરીને મોકલવી અથી દરેક શરદઋતુમાં આ પ્રદેશના રાજા કન્યાઓની ચુંટણી કરવાને માટે બે અમલદારોની નિમણુંક કરે છે; અને તેથી દર વર્ષે સો કુટુંબોને રોતાં કકળતાં રાખીને તેમની પાસેથી તેમની વ્હાલી પુત્રીઓને જોર જુલમથી લઈ જવામાં આવે છે.

"આ પ્રમાણે ચુંટી કાઢેલી કન્યાઓને થોડીક મોટી ઉમરની સ્ત્રીઓના તાબામાં તેઓ મુસલમાની રાજ્યની રાજધાની સુલતાનપુર પહોંચે ત્યાં સુધી રાખવામાં આવે છે; અને તેમની આ મુસાફરી દરમ્યાન દરેક શહેર, ગામડું કે કિલ્લો જ્યાં તેઓ રાત ગાળે ત્યાં તેમના ઉપર સખત દેખરેખ રાખવામાં આવે છે.

"ગમે તે જગાએ તેઓ ઉતરે પણ જ્યાં સુધી તેઓ ત્યાં રહે ત્યાં સુધી કોઈ પણ બી કે પુરૂષ મુસાફર કે અજાણ્યાને ત્યાં ઉતરવા ન દેવા માટે સખત હુકમ છે; કારણ કે જ્યારથી તે કન્યાઓને પસંદ કરવામાં આવી ત્યારથીજ તે મુસલમાન રાજાની માલિકીની થઈ ચુકી એવું માનવામાં આવે છે; અને તેથી તેઓ તેમના કોઈ બહેનપણી, સગા વહાલા, કે પ્રિય પુરૂષ જોડે કોઈ પણ જાતનો જરા પણ વ્યવહાર ન રાખે તેની ખાસ દેખરેખ રાખવામાં આવે છે.

"આ બાબતમાં જો કોઈ ગુન્હેગાર હોય તો પછી તે ગમે તેવી મોટી પદવી ધરાવતો હોય તો પણ તેને ફાંસીનીજ સજા કરવામાં આવે છે. આ કિલ્લામાં સો કન્યાઓએ પહેલીજ વાર રાત ગાળી છે; કારણ કે અહીંથી નજીક આવેલા વીરપુર ગામમાં બેત્રા દિવસ પહેલાં આગ લાગવાથી ઘણાં સારાં સારાં મકાનો બળી ગયાં તેથી બધા માટે ત્યાં સગવડ થઈ શકી નહિ.

"આ કારણથી એક વહેલી સાથે કેદરીકને અહીં મોકલવામાં આવી છે; આયોજન અહીં ઉતારો આપવામાં જુદંગીનું જોખમ છે એવું ભીમસીંગજી કહેવું તમે સમજ્યાં હશો."

(અપૂર્ણ.)

અધિપતિ એદલજી આદુખાઉ.

(એક ફારસ)

લખનારઃ—રા. રદ્દો

સન્મ, 'છોલણ મંડળ'

કવેળા પકડીને હસો—બસ હસો, હસો ને ખુશ હસો ને હસી હસીને ૭૨ મણુના ને બાવીસ વરસના જોજવાન થઈ રહો—

સીન ૧ લો.

સ્થળઃ જવાનજોધના નવાબનો બાનગી દરબાર.

પાત્રોઃ નવાબ, એદલજી આદુખાઉ, દીવાન, નાચનારીઓ, ખુશામતીઓ અને શહેરીઓ વિગેરે.

નવાબ—અબ રંગરાગ લેને દો.

નાચનારી—જી હજુર. (ગાયન શરૂ કરે છે).

નાચનારીઓઃ

મોહે પનઘટ પે
નંદલાલ છેડ ગયો રે.
મોરી નાજુક કલૈયાં
મરોડ ગયો રે,
મોહે પનઘટપે નંદલાલ છેડ ગયો રે!

નવાબ—શાહબાશ પ્યારી શાહબાશ! ચાલ હવે તારા કોમળ હાથે શીરાઝી શરાબની એક પ્યાલી પાઇ મને આ જગતમાં જન્નત બતાવ!

નાચનારી—જેવી આપ નામદારની મરજી, હજુર! (શરાબ પાય છે.)

નવાબ—And now મી· દિવાનજી, આજના બાનગી મેળાવડામાં પધારેલા મહેમાનોને સાથે મને introduce કરાવો

દિવાન—જેવી આજ્ઞા નામદાર! આ બાજુએ કે આપણા શહેરના બાહોશ અને બહાદુર અધિપતિ મી· એદલજી આદુખાઉ—(આદુખાઉ રાજાને શેકહેન્ડ કરે છે.)

આદુખાઉ—આપ નામદાર જેવા ઉદાર રાજકરતાઓ આપ આવા એ-ટ્વેન્ટીમે સૈકામાં બહા સાથે જીવીને બેસાઈ રાજનું ધેન્નું કામ બાદશાહીથી હંકારી નાખે છે.

દિવાન—આ મી· નવલરામ નખ્ખોદીઆ—મનુષ્યસંહારક અને પરાની રક્ષક કમીટીના આંખના બેસ સેક્રેટરી.....આ સુધારા વરધમ સમાજના પેટભરા મંત્રી.

આદુખાઉ—અને આમ બેરીઓના ખીલ મટાડવાની દવા બોરી કાઢનાર જનીતા સાયન્ટીસ્ટ અને મારા જનોઇયાર કેન્દ્ર મી· કેપરબરસ આન્ટોનીઓ—વિગેરે વિગેરે બધા નામદારો અહિં હાજર છેજી.

નવાબ—વેલ, ભૌ॰ આદુખાઉ! હવે હું જાણવા માગું છું કે આજકાલ મારી સામે દુનિયામાં વધુ પોકાર થાય છે તેનું કારણ શું?

આદુખાઉ—કારન? કારન? મારા નામદાર! શું આપ નામવર જનતા નથી કે દુનિયાનો છેલ્લો દહાડો જેને હિંદુઓ પલય કહેય, મુસલમીનો કયામત કહેય અને અમે સૌથી નામીચા પારસીઓ રસતાખેજ કહીએય તે કમબખ્ત દિવસ નજીક આયેચ—મારા નામદાર!

નવાબ—તેની સાખીતી?

આદુખાઉ—તેની સાખીતી? નામદાર! ગઈ કાલેજ રાતે પોણાતેર વાગે આય સેવકે આકાશના તારાની ગનતી કરી તો તેને માલુમ પરીયું'ચ કે દુનીના તારાનો પદહથી રાહુપર પડવાને લીધે અને બીજા બે તારાઓને પૂછડી આવવાથી દુનિયાનો અંત આવી રહ્યોચ, મારા નામદાર!

નવાબ—ત્યારે તમારું' ગાડું' તો હવે અટકી પડ્યું' હશે!

આદુખાઉ—મારું' ગાડું'! મારા નામવર! તમો નામદારની રહેમદીલીથી આજવેર તો બહું' ચીકચાક ચાલીયું. પન—પન—નામદાર! હવે આય ભર્યકર વરતારો કાઢીયા પછી મને માલમ પરેજ કે આય સેવકના અને સાહે સાહે નામદારનાખી દાહડા ભરાઇ ચૂક્યા સમજજોજી, મારા નામદાર!

દિવાન—કેમ?, કેમ? ભૌ॰ આદુખાઉ! તમે આટલાં બધા નરવસ કેમ થઇ જાઓ છો? "અપ્સ" એન્ડ "ડાઉન્સ" ચઢતી ને પડતી બધાને આવે છે—જરા હિમ્મત રાખો હિઝ્મત.

આદુખાઉ—અરે! દિવાન સાહેબ! તમે "જર્મનીકમ"ખાં શું સમજો? હિમાલયના "આર્ક્ટી માઉન્ટન" પર, ચીનની રાક્ષસી દીવાલ પર, મીસરના પીરામીડના મધ્ય ભાગમાં, નાઇલ નદીના ભર્યંકર પોથમાં ને કાશ્મીરના કરાખના બગીચામાં વીગેરે વીગેરે જગાયોઓમાં પાકી અને ઘડીના છેલ્લા ભાગમાં બોહતેર વરસના જુવાને પચીસ વરસનો નવજવાન બનાવી નાખતી, પેલા તમારા હિંદુઓ કહેય તેમ મહાત્માઓ તરફથી મલેલી, ખાસ-ખાસ હજારો વરસની મહેનત પછી હાથ કરેલી ગેબી જડીબુતીઓ અને બાદશાહી દરોદીની આબરૂદાર દવાઓ, મારા નુસ્ખામાં છાપીને હું જાહેર પરજપર જે ઉપકાર કરીયો જાઉંછ—ઓ—જે મુગે બોહતેનેની સેવા કરેમ્પી હાંસલ વગર બજવીયો જાઉંછ—તેનો બદલો વાળવાની વાત તો બાજુએ રહી નામદાર! પન હાલે વખત એવો આવી પુગ્યોચ—ઓ—અને મુજરાં છૂટેછ—વખત એવો આવી પુગ્યોછ કે એ નબુની, બેશરમ પરજા હવે મારા દેદીદીતકારી ને રાજભકત છાપાને ફીસ આઉટ કરી નાખી મારી બધી વરસોની જરનાલીસ્ટીક કારબારી પાનીમાં નાખવા માગેચ, નામદાર! આ ગેરીબ પરવર! છાપા પરવર નામદાર! આય સેવક પર દયા કરી કંઈ નીકાલ કરી દો મારા નામદાર!

નવાબ—દીવાનજી!

દિવાન—જી નામદાર!

નવાબ—ભૌ॰ એદલજીને રાજના બજનામાંથી પાંચ હજાર રૂપિયા આપવાનો હુકમ કરો અને બીજાં જે વર્તમાનપત્રો એમની વિરૂદ્ધ હોય તેમની સામે સખત પગલાં લો.

આદુખાઉ—(કુરશીન કરતો) ધન્યું ધન્યું જીવો મારા નામદાર! આય સેવક આપ નામવરની દીલસોજી, ઉદારતા, મોલું મન ને લાંબુ જ્ઞાન, ઉંચું દીલપન ને તુંડ અદ્યાન એના પર એક જુરસ્તાદાર અને રપીરીટ્યુ લીડરેટ આવતી કાલના પેતાના પેપરમાં છાપીને આય નામચીન બેતની વધુ નામચીન કદર બુઝવામાં કોયમી જનતી કચાસ કે બાખી નહિ રાખસે મારા નામદાર!

નવાબ—ભૌ॰ આદુખાઉ!

આદુખાઉ—જી.

નવાબ—આપણા રાજ્યનો ઇતિહાસ બહાર પાડવાનો છે તે માટે કોઇ હીસ્ટોરીઅન.....

આદુખાઉ—હીસ્ટોરીઅન! અરે! નામદાર! આય સેવક એવા તો કચ કંઈ કામ પેતાની માંકડ્યાવી ખુરશીપર બેયા બેયા ઓદાયની ખરૂગીયો ને મારી બુથ્થી કલમની કારસાજ્થી પાર પાડીયોજ. નામદાર! ઇતિહાસ! હીસ્ટરી! એમાં શું' મોહતી ધાર મારવાની છે! ચીતેરના રાજા આલ્ફ્રેડ ધી ગ્રેટનું' જીવન ચરિત્ર જ્યારે મહાન શાયરશાન શાયર શીરદોસીના રામાયણ નામના પુસ્તકને આધારે આજથી ૧૨૦ વરસ ૭ મહિના ૭ ઘડી પહેલાં આય સેવકે તાડપતર પર લખીને જાહેર પરજા આગલ રજુ કરીયું તાહરે ઇતિહાસના સ્કોલર ઓનરેબલ ભૌ॰ ભીખા બાવાએ આય સેવકને વગર માગવે ઇતિહાસના પરોફેસરનો ઉંચકાટ દીસે આપી દીધોચ મારા નામદાર!

નવાબ—એમ! ત્યારે એ કામ તમેજ કરજો.

આદુખાઉ—જેવી આપ નામદારની મરજી, મારા નામદાર! હવે વખત ગનો થઇ જવાથી તે આવતી કાલે એક કમબખતને દુનિયાની બદસીસીએ ચારી નાખવાનો હોવાથી આ સેવક ખાસોઆખની રજા લઇ રજા મળવા વગર ચાલી જવાની રજા લેતા મારા નામવર. (આદુખાઉ જાય છે.)

સીન ૨ જો.

સ્થળ: અધિપતિ ભૌ॰ એદલજી આદુખાઉની ઓફીસનો ઓરડો.

પાત્રો: ભૌ॰ આદુખાઉ, તેની મેકી મિસ ઝેની અને જાલ રિપોર્ટર.

(ભૌ॰ એદલજી આદુખાઉ એકઝીમીટ છાપાની તીખી તમતમતી આર્ટીકલો વાંચતા ઘડીકવર પર પડ્યા છે.)

ભૌ॰ એદલજી આદુખાઉ—યુ સ્ટુપીદ ગધ્ધાઓ! આકલા ને દહાપણ વગરના વિચારોથી પેતાના વરસ કાંય વેચી મરતા હોસે યુ બ્રુટ્સી એકરટ્રીમીસ્ટસ! એકરટ્રીમીટી એકરટ્રીમીટી ને એકરટ્રીમીટી—જરા ધીરા પરો, બધ્ધા! ધીરા પરો.

ઝેની—કાકુને ધીરા પરવા કહેોય, પપ્પા?

આદુ—તારા જેવી ચરકેલ દુકતીઓને!

એમી—કાંય ? અમે શું તમારો બાપ મારીયો ?

આદુ—ચુપ રહેજ, યુ ડીસ ઓબ્લીડીયંટ રકપીડ ગર્લ ! આવા પવારેલવ વિચાર મારી આગલ જાહેર કરવાની શેખી કરેછ યુ કમબખત દુકતી ?

એમી—પન પપા ! મેં શું શેખી કાધી ?

આદુ—બસ-યુકિડપ-મરી રહેજ-નહિ તો—

એમી—નહિ તો શું કરીશ ?

આદુ—નહિ તો શું કરીશ ?—હું-હું—ગુસ્સે થઇ જવસ-એકદમ ખફા થઇ જવસ.

એમી—ગુસ્સે થઇને શું કરશો ?

આદુ—ગુસ્સે થઇને-હું શું કરસ ? કે'-હું શું કરસ-મને બોલાવતી ના—નહિ તો નહિ તો હું મારૂં માથું છુતું મારસ સમજી ?

એમી—સમજી-સમજી-પપ્પા ! મને તો હવે લાગેચ કે તમારૂં કાટરીયું હવે દહાડે દહાડે જરા જરા ગેપ થતું જાયચ.

આદુ—યુ રકપીડ ગર્લ ! તું આંધળી છે. તું જાહેરી છે-તું જોતી નથી કે હું એક પેપરનો માલીક ને એડીટર છું—તેની સાથે આવા અપમાનભર્યા બોલ ! ચાલ નીકળ અહિંથી-કાલું કર તારૂં.....સીપાઇ—!

સીપાઇ—જી સાહેબ.!

આદુ—જલેજર શેઠલા બોલવ.

સીપાઇ—અરેછા .સાંભ !

(જલેજર આવે છે.)

મી૦ આદુભાઇ—જેન્ટ્સ મી૦ જલેજર, આપ સર કલીમાનદાસ શું કહેચ તે વાંચીયું ? કેડ, ભંગી, ચમાર એ બધા આપના ભાઇબેાજ છેની ! શાબાશ છે. સર સાહેબને ! એવણના એકે એક વિચાર બાવલના-બરે ! ગુલામના પુલ જેવા છે-જેલ ! કેડ-ભંગી વગેરે ડીપ્રેસ્ડ કલાસના મેમબરોનેબી આપના જેટલાજ હકક છેની ? હાઉ ક્યુરીયુલ આઇડીયાસ ? વૉટ એ નાધસ સોરીઅસ રીફોર્મ ! જબ્બો-એકદમ જબ્બો ને સર કલ્યાણદાસના વિચારોને વધારી લેવ-તેમની જાહેર હિમ્મતનાં વખાણ કરો ને તેવણને મુબારકબાદી આપી જાહેર પરગ્રપર વીધીપાચલ પર્યંત જેવડો ઉપકારનો બોજો નાખો—

જલેજર—સાહેબ ! કેડ ભંગી ચમાર એ બધા માણસો છે ખરા પણ તેઓ અણપઢ, ગંઠા ને અભણ છે. તેમને કેળવવાની જરૂર પર ધ્યાન ખેચું કે ?

આદુભાઇ—નહિ નહિ. સર સાહેબના વિચારોની આબેહુબ નકલ કરો—એકદમ એ બધા આપના ભાઇ બહેનોને આપણી સાથે ભેલી દેવાની વાત કરો.

જલેજર—તેથી તો આપણા કહિંક ધરાકો છેડાઇ પરસે ને આપણો કલાર્ક ધરાક કબી કરતાં કરતાં થાકી જશે.

આદુભાઇ—અરે ! મારા સાહેબ ! તમે કંઇજ જાનતા નથી. જેથી ધરાક ઘટશે નહિ પન વધશે કારણ કે આપણને એ આરટીકલ છપાતા કોઇ એવા તેવા છાપા સાથે તકરાર થશે ને પછી લડાઇ સલગ્યા પછી ધરાક ! મીરંટરર્રર ! એ રે એક ચૂપેા ભેદ છે—

જલ—પન એવી તકરાર કરવાથી લાભ શું ?

આદુ—એ જેન્ટ—એવી વાહીયાત વાત ના કરેા. મોહતા માનસોને પગલે પગલે ચાલવાની આપરી પોલીસી છે, સમજ્યા ?

એમી—તે પપ્પા ! તમેબી મોહતા માનસ જેવ કનીન્ન આપ પેપરના અધીપટીશજ એ કંઇ જેવી તેવી પદવી છે કે ! તમે તમારાજ વિચાર પરમાને પબ્લીકને લીધ કાંય નહિ કરતા ?

જલ—પેર યુ આર એગી ! આઇમીન મિસ આદુખાઉ.

આદુ—એ દુકતા ! એ શું બકેછ ? શું પેર યુ આર—એ દુકતીને વાગે ચાલશે તેા તારાબી બાર વાગી જશે—એમી ! અહિંથ ચાલું નહિ કરતી કે ?

એમી—નહિ.

આદુ—વાહ વાહ, હું હમનાજ તાકે ગરમ બોઇલર ચંડુ કરેચ-વેલ-મી૦ જલ ! જાઓ, જલદી કરેા-ચરચર ચાર બોલ ચીતરી કાઢો.

જલ—શું ચીતરી કાઢું ?

આદુ—આરટીકલ !

જલ—પણ સર કલ્યાણદાસ તો સુધારાવાળા ને આપણે તો ઓરથોડોકસ યાને કે સોલમી સદીના જૂના વિચારના.

આદુ—એ વરી તમે શું નવું આટો બાકીછ ? આપણે સોલમી સદીના અરે ! મી૦ જલ ! જરા આંખ અને કાન ઉઘાડા રાખીને ફરો ભાવા ! આપરે-મીન્સ વી-વેટ ઇઝ-આપ, ધી એડીટર ઓફ ગેઝેટ—તો આય વીસમી સદીના એન્જીનના વ્હીલની માફ ગજરતા જમાનાના આગલ વધેલા ને બીલકુલ પાછળ નહિ હટેલા કેારા ફકરતા વિચારના છે—સમજ્યા ?

જલ—પન સાહેબ ! આપરે ગીયે અથવાદીએ પેલા જુદીજીવા પારીસ્મા—મસલાણીયાઓને ઝાટકી નાખી સાવ-સાવ જૂનાપર ખતાવી દીધું તેનું કેમ ?

આદુ—ઓ જેન્ટ ના જલેજર ! એમાં તમે નહિ સમજો. આપરે જૂના વિચારના પારસી છેએ પન નવા વિચારના હિંદુ છેએ.

જલ—એમ ?

આદુ—બસ-યુ સી માય ડીઅર ફ્રેંડ ! આય ટૉક અબાઉટ ધી હીંદુઝ ધીઝ હીંદુઝ આર વેરી બેકવર્ડ ! એ હિંદુઓ જો જમાના ભરના ફેરફારો નહિ કરશે-તો તેમની પ્રકતીના બાહુ ધના વેલ વખતમાં તેમની નજરે પડયા વિના રહેશે નહિ.

એમી—એ બાવાજી ! તમે એમ પરફેકટ એસ્ટ્રોલોજર ના થઇ જાવ નહિ તો બીચારા જ્યોતીબાદાજીનો પેટ પર લાત પરશે.

આદુ—મુગી ભર-દુકતી ! મુગી ભર. તું હમનાં અહીં કાંઇથી આ મુધ ?

એમી—આય તમારા અફલાતુન જનાંથીઝમનો સ્વાદ ચાખવા આવીછ, પપ્પા !

આદુ—ચાલ-ચાલ, નીકેલ અહિંથી—મી॰ જવેજર, શું વિચાર કરીછ ?

જવલ—એ મારાથી નહિ બનશે.

આદુ—શું ? નહિ બનશે ? નોકરી કરીછ કે મરકરી ?

જવલ—હું નોકરીને માટે મારૂં અંતઃકરણ વેચવા માગતો નથી.

આદુ—એટલે ? શું અમારા વિચારો ખરાબ છે ? શું ઠકરી કોમનાં ઉદ્ધાર બહેનોને આપવા જેવા હક્ક નથી ? મી॰ જવેજર ! for the sake of humanity you should not protest against the worthy ideas of Sir Kalyandas.

જવલ—પન કોન કહેય કે એ હયુમેનીટી છે ?

આદુ—હું કહું ચ—આજવેર આય મારૂં સારવજનીક પત્ર આખી દુનીયામાં બહોળો ફેલાવો પામેલું નીખપક્ષપાટ પેપર ગનાતું આવીચુંક તો તમે કોન એવા તેવા તેની પોલીસી સામે પ્રોટેસ્ટ ઉઠાવનારા ? યુ રહુમીઠ ! મે આય મારા પેપરમાં મુલાખાગીરીનું નખ્ખોદ કહાવવા નવનવ કોલમની આરટીકલો લખેલી છે ને તે આરટીકલોએ આટલાંટીક ને પાસીફીક, હિંદી મહાસાગર ને બંગાલના ઉપસાગરનાં પાણી ઉછાળી નાખ્યાંછ, સમજ્યો ?

જવલ—સમજ્યો. એ તમારી પેટભરૂ પોલીસી છે. મારાથી એવું કામ નહિ બને.

એહલજ—તો જવ-હું તમને રજા આપુંછ.

જવલ—મારેથી રુનજર જોઇએછ. માણસાધપણાને નાતે, પ્રજાના આગેવાનને નાતે પ્રજાને ધોળે દહાડે દગાવાર તમારા જેવા ધુતારાને ત્યાં હું વધુ વખત નોકરી કરી તમારા પાપી વાટાવરણમાં હેવે રહેવા માગતો નથી. માણસાધપણાની નીતિની નેકાની કલાકમાં સાહ વખત ખુમ મારનારા તમારા જેવા પેટભરા પંતુછઓ જ્યારેર આ દેશમાં છે ત્યારેર કર્બીનબપત્રો પ્રજાને ખરે રસ્તે દોરી શકવાનાં નથી.

એહલજ—સીપાઇ-જેવા-ગાહાર કાંઈ આમ બહમાશને.

જવલ—મારો પગાર ચુકવી આપો.

એહલજ—આહા ! કમબખટ આય મારા શ્રી ખોંટની ઑફીસમાં તું કાંઇ મને નરવા આંયો ! બદમાસ ! તાહરી હવે બરાબર ખબર લેવી જોઇશે નહિ તો તું મને ભવિષ્યમાં સતાવશે એવાં નથાનાં ચી-ઠો મારી નજરે હમનાંયેજ દેખાવા લાગ્યાંછ. એની ન દીકરા અંદી ! આવા પવારેરાવોને પહેલાંયેજ રાજેરા કામના

(જવા તૈયાર થાય છે.)

એમી—પપા ! પપા ! કાંઇ જવાછ ?

એહલજ—કેમ ? શું કહેચ ! હસી મર જલદી.

એમી—પપા ! ઓ મારૂં તમારાં પરથી ! તહમે પેલું છુતાપના પર લાપણું આપીયું કેની તે મને પન્નુ-પન્નુજ ગમીયું ને જેવા નીકા છુટાપનાનો લાભ લેવાનો મે તેજ પહે કેલાવ મુકીછ પપા !

એહલજ—એ શું બોચ ? છુટાપનું ? તારે મારે નહિ, પણ એ છુટાપણું મારા સાંભળનારાઓને કામનું છે.

એમી—તે હુંથી એક સાંભળનારી ઉભી કેની ?

એહલજ—નહિ-નહિ-નહિ. હું તને એક આટલું-શાઈ કેટલું થી છુટાપનું આપવા ધસોને ના પાડું ચ.

એમી—ને હુંથી આય તમારા હોકમને માન આપવા ધુસીને હા-ભાર મુકીને ના પાડું ચ-અસ, હુંથી તો ખરી કે તમને કેહાને લાવી નાખું—(જાય છે.)

અસ્ટી—નખ્ખોદ ! દીકરા અંદી ! નખ્ખોદ ! વાદલ મારે બાલુથી ચેરાયું ચ એ દીકરા નખ્ખોદ ! નખ્ખોદ !

(પગ. અથાળીયો જાય છે.)

સીન ૩ જો.

જવેજર—(સ્વગત) ચલાવ-ખરી જવ-બાલુ જવ-મારા ભવિષ્યના સસરા મી॰ એહલજ આદુખાડેતુ પોતાનાસહેર કરાચવાળું ઉમદા કાટરીયું લીબાંડીથી ભાટે આપવુંચ-ચાલો આવા ! બીજ આપો-બીજ આપો .....ઓહ ! બચ્ચા જવલ ! સીનારો ચમકેછ—તેબી એ બુદ્ધા વાંદરને થીક મહીદે આપી દીધો આહ ! ગજવામાં થીચારાવાળો કોપાયોછો. સસરો ને કોમરા-પોલીશથી ચલકતા બુટમાં વારે વારે મોહવું જોઇ મલકાતી એની આદુખાડે જેવી અપ-ટુ-ડેટ બાઇડી ! એ સસરાને જમાઈને બાઇડીના પતી-આય તમારો સેવક મી॰ જવલ જે॰ જુસરીયા બનતે પોતે-પછી જોઇએજ શું....પન-બોલોચ-સાયલ'સ-મારા ભવિષ્યના સસરાના દીકરીની માનવંતી પબ-ગમથી થાયછ... ..સાયલ'સ—

(એમી ગાયન ગાતી આવેછ).

(બચ્ચા કચરા—એ રાગ.)

એમી—હું છેલ છબીલી, બહુ સુપરેલી સુંદર છું હિલહાર,
જાંગુ મારા વ્હાલો પ્યારો જવિયનો ભરથાર.
પપ્પાજી આખી દુનિયાના પ્રખ્યાત એહિતસ્ટર
ને ચરચર લખતાં મેજું એમનું થઈગયું ચકરર.
હે સુંદર ગુલ મુજ નામ,
જાંગુનું બુલબુલ બાઉં;
જોબન ખીલેલું માર,
જાંગુ પર વારી જાઉં.....હું-છેલ છબીલી.

આહા ! મરેરે ! હવે હું તે કરૂં શું ? મરૂં કે બાંદી પરૂં ?

જવલ—(છુપાબને) મરજી ના ને બાંદીજી ના પર.

એમી—મારો વ્હાલો જાંગુ કહેછ કે જલદી જલદી પતીજ-ને પપ્પાજી ધસીને ના, પારેછ કે કોટમી નવા વિચારને ઉતારલ અને આલસાપણાથી અમલમાં મૂકવાનું બોહું ખભરદાર કામ કરીબા કરવું નહિ-ત્યારે હવે મારે પનવું કે ના પનવું.....

જાલ—(જાહેર) પનવું–દોકરી ! પનવું–અલબત પનવું. એક શાયરને શાયર પોક મૂકીને પોતાની અમર કોતારમાં કહી ગયોછ કે:–

છે પન્નેલી જીંદગી જહેન્નત સમાન,
ને જહેન્નતનું ભુલભુલ છે સુંદર એક નારે.
દુનિયાના દુઃખ બધાં દુર એ કરે,
માશુકની મોહબ્બત છે મીથ્યી ખરે.
માતે પત્ની જ લવ, મારી પત્ની તું જ,
દુઃખી આ દીલડાની રાહબર તું થા.

એમી—અરે ! વાહરે ! જંગુ ! તું તો હવે શીરેસી તુસીનિબી કુદાની જવાનો ને શું ?

જંગુ—એમી, મારી વ્હાલી એમી ! તાહરા આય ભુલભુલી સરોદ ને ચમકતી આંખો, આય સીધું, સરોવર જેવું બદન ને ગુલાબી સાડીથી આય સેવકના સગેમરમર જેવા ચળકતા મગજ પર એવી નહિં ભુંસાય એવી તારી છબી ચીતરાયછ કે અગર જો ફરહાદની કબરમાંથી શીરીન જીવતી થઇ બહાર નીકળે તોબી આય મારા રોંઢાનં જીગરમાંથી તારી મોહબ્બતની યાદ કદી પણ ઝાંખી પડવાની નથી તેની ખાતરી હું આય આનાના સ્ટેમ્પ પર મારી સહી સીક્કા સાથે લખી આપવા તૈયાર છઉ. ઓ એકેતીન રેનોના વૈભવથી શોભતી મારી હુરી ! સમજ–આય દીલ તારી મોહબ્બત વિના ટવળી રહ્યું છ–તાહરા વિના આય દુનીયા મને ખારી ખારી ખારી મીઠા જેવી ને કવરી કવરી તારી જેવી લાગેચ—માટે બોલ, એમી ડીઅર ! તું મારો પાક પ્યાર કબૂલ કરી મારી મોહબ્બતવંતી મોહોદરદાર થશે ?

એમી—નહિ, મીં॰ જાલેઝર–તેમ નહિ બનશે.

જાલ—ઓ એમા ડીઅર ! માઇ કલેમ ! માઇ હાર્ટ ! માઈ સ્વીટ ! તું આય તૃસેલા જીગરના તુકડે તુકડા ના કરી નાખ–મારા દીલના તારા, મારી આંખોના સીતારા, મારા અંધારા દીલના અજવાળા, જો તું મારી માગનીની ના પાહશે, જો તું મને તારો ભરથાર નહિ નીમશે તો આય જલ આખી દુનીયાને વેરાન જંગલ ગણી દીવાનો દીવાનો ફરીયા કરશે. માટેજ આય નામવર બાનુ ! સમજ–સમજ ને આય મોહબ્બતથેલી આંખોમાં જરા કાતિલ તુજ નયનને મીલાય લેને.

એમી—ત્યારે શું તમે મને પનવા માગોછ ?

જાલ—હા, અમ સુંદરી–અય–સુલતાના ! આય તમારો સેવક તમારો ધન્ની થવા માગેછ.

એમી—વેરી વેલ, હું એ બાબદપર વિચાર કરસું પન તમે મને ઉવટવેર વાહસો કે ?

જાલ—વાહવસ—તું તને નહિ–વાહવસ એમ માનવાને તારી પાસે શું પુરાવા છે ! માઇ સ્વ્લી ! તું તને આય દીલના ઉંડલા ધપકારા વેર ને આંખના લાસ્ટ પલકારા વેર ચાહીયાજ કરસ તને હું મારા રાજની રાની બનાવશ. ને આય મારી કોલાહપુરી પ્રમિણ જેમ જરાની અટકાયા વિના ચાહીયાજ કરેછ તેમ તું જેમ ચાંવી આપશે તેમ હું ઘર્યાનીના જેલની પેઠે સીધા દોર ચાલીયાજ કરશ.

એમી—એમ ! ત્યારે તો તમે મારે લાયક્ જેવ ખરા.

જાલ—હું તારે લાયક છેલ્લીની ને નહિ હોવસે તો બજરમાંથી મોંઘામાં મોંઘી કિમતેબી ઘટતી લાયકાટ ખરીદવાની હું જરાબી આનાકાની નહિ કરશ બાનુ !

એમી—ઠીક, જાનુ ! હું તારો મોહબ્બતવંતો હાથ સ્વીકારૂંછ.

જાલ—ને મારી વ્હાલી એમા ! તાહરી એ મોહતા મનની ઉદારતાની લાયક કદર કરવા હું તને "મોજ–મજાહ"ની એક નકલ ભેટ ધરશ—બસ ગા—ને—ગજવ—

(બન્ને ગાય છે.)

પન્નીને ફરશું સાથે
સોસાયટી લઇશું માથે,
કરશું ભાષન મોટેથી
પેપરમાં જશ ગપારો.
દિલબર દીલદારની સાથે
કાસી લઇ, ફરવા જશે—
મોહબ્બતની મીઠી વાતો
તુંજ પેપરમાંહી છપારો.
પન્નો, તમે નરનાર
મડિા, તમે ઘરબાર
પન્નો બધા બસ પન્નો
માંડો બધા સંસાર....

(સમાપ્ત.)

મોજ–મજાહ એટલે શું ?

(લખનારઃ—રા. વિનોદી.)


હસાહસમાં કરે ઠઠ્ઠા ન મોજોને પીછાને છે!
હીહીહીહીં કરે બહુએ વિનોદોને ન જાણે છે!
બને નાટક મહીં રાજા હુકમપર હુકમ ત્યાં ચાલે
ઉતાર્યો ડ્રેસ કે પાછો કરમ ખીચડાજ ભાણું છે!
નકલ તે છે નકલ ને છે અસલ તેને અસલ જાણો
આ દુનિયા નકલ થઇ છે અસલ એ કોણ જાણે છે!
જ્યાં ચાહયો ચાલ હંસાની પોતાની કાગડો ભૂલ્યો,
છે આ કહેવત પુરાણી ને જગત તેને વખાણે છે.

નાં, નાટક અને સીનેમાના શોખીનો માટે દર રવિવારે પ્રગટ થતું સાપ્તાહિક. Registered No. B. 1829

ભાઈ-મહારૂ

[પુ. ૧ લું.]
૧૦ મી જુન
૧૯૨૮

[અંક ૧૨ મો.]
૨૬ વર્ષ ૧૯૦૨



નવી ટીનું ચાલુ અઠવાડીયું

અહા રાષ્ટ્ર કુંવરની સતી પદ્મિની

વાર્ષિક લવાજમ
રૂ. ૪-૦-૦

૧૮૦ નવલ મુંબઈમ
૬ આનો
બહાર ગામ
સવા આનો

મોજ-મજાહ

રવિવાર તારીખ ૨૬ મી જુન સને ૧૯૨૪.

To Let—ભાડે આપવાનું છે.

(લાવણી)

ભાડે દેવું, ભાડે દેવું,
મકાન મંદિર બહુ કે'છે;
સસ્તાં ભાડાં, સુંદર ઘર ને,
બ્હોંક માળીયાં બહુ દેછે.
ઘર નહિ, મંદિર કે નહિ મેડી,
પણ નિર્જન દેવું ભાડું;
સુંદર, શોકીન, જન શાણાને,
તે છે ભાડે દેવાનું.
અજવાળી ગોભીતું કીધું,
હૈયાના ખરા કુચીરા;
સાફસફ સહજેથી કરીને,
છે ભાડે દેવા રાખ્યા.
વિશાળ છે, યા ન્યાન છે,
કે વસવા લાયક છે સજ્જન;
છે કે નહિ તે જોવા માટે,
તમને આવું પરમીશન.
હુંકાણું એવું છે સારું,
ટાઢ નહિ તમને નડશે;
ધૂપ છાંવમાં વસવા માટે,
તમને મોજ બહુ પડશે.
ગ્રીષ્મ, શીત કે વર્ષામાં પણ,
અળગું થાવું નહિ ગમશે;
કંઈ મળશે એળવવા કાજે,
સજ્જન સહુ અહીંઆ રમશે.
એવું મમ મન મંદિર આ,
છે ભાડે દેવા કાજે;
આવો વિરલા સજ્જન રહેવા,
મુકત ગઢા છે તમ માટે.
કુસુમ સમી કોમળ શય્યા છે,
એ મન મંદિરમાં ઓરા;
અરતું ભીતું અચ્યુત તેમાં,
ચાળો એ સજ્જન પ્યારા.

બુલબુલ.

પત્થરનું પુતળું

(ડિટેક્ટિવ વાર્તા.)

લખનાર,—રા. મગનલાલ ભાઇચરણ ઠક્કર.

[ગતાંકથી ચાલુ.]

(૮)

કીરીટમાધવું ખૂન કરવા માટે પાલનજીને પકડવામાં આવ્યો હતો એ વાત બોલ બોલમાં આખા મુંબાઈ શહેરમાં અને આસપાસનાં પરાંઓમાં ખળેર થઇ ગઇ. સહુ કોઇના મુખે હવે પાલનજીની વાત સાંભળવામાં આવતી હતી. તે સાથે લોક ન્હારી કાર્યકુશળતાનાં વખાણ પણ કરતા હતા. બીજે દિવસે સવારે લગભગ તમામ દૈનિકપત્રો જોવા કે, બ્રોમ્બે-સમાચાર, પ્રજામિત્ર, મુંબાઇ સમાચારમાં એ હકીકત પ્રસિદ્ધ થઈ. કીરીટરાએ પણ ન્હારી કાર્યકુશળતા અને ચાકચોકીની ઘણી પ્રશંસા કરી. આવી પ્રશંસાથી ખુશી થાય એવા ઘણા ડિટેક્ટિવો, હોય છે; પરંતુ હું એથી બિલકુલ સંતુષ્ટ થયો નહિ. કારણ, પાલનજીએ એવી દૃઢતાથી પોતાની નિર્દોષતા સાબિત કરવાનો પ્રયત્ન કર્યો હતો કે, એથી મ્હારા મનમાં સહજ ચિંતા ઉપજી હતી. કવચિત્ કવચિત્ બનવો સંદેહ દૂર ખસી જાય તે રીતી નથી એવો વિચાર મ્હારા મનમાં ઉપજતો હતો; પરંતુ તેની વિરુદ્ધ ને પ્રમાણો મળી આવ્યાં હતાં તે ઘણાં મજબૂત હતાં. ખૂન થયું એ રાત્રે પાલનજી માણેકબ્હેને મળવાને ગયો હતો એ વાત તેણે પોતાને મુખે કબૂલ કરી હતી. છતાં માણેકબ્હેએ તેને જે પત્ર લખી આપ્યો હતો તે મળી આવતો નહોતો. એ પત્રની હકીકત તદ્દન ખોટી હોવા એમ ન્હને લાગે છે. પાલનજી સરૂપાબ્હેની પોતાનો બચાવ કરવા ઇચ્છે છે. જે એ વાત તેણે કબૂલ કરી છે તે તેને ન કબૂલ કરી હોત તો પણ સહેલાઇથી તપાસતે અને માલૂમ પડી આવત.

પાલનજીને ખૂનના ગુન્હા માટે પકડાવ્યો ત્યારથી માણેકબ્હેને ઘણું ચિંતાતુર બની ગયો હતો. પાલનજી ઉપર તેનો અત્યંત વિશ્વાસ હતો. પહેલાં તો તે તેને કોઈપણ રીતે ગુન્હેગાર માનતો ન હોતો. ત્યાર પછી ન્હારે મુખે તેણે જ્યારે સઘળી હકીકત સાંભળી ત્યારે તેને ન્હારી વાત ઉપર વિશ્વાસ મૂકવો પડ્યો. તેણે કહ્યું:—"પાલનજીને હું ઘણો સદાચારી માનતો હતો. સામાન્ય રકમ માટે તે આવું ભયંકર કાર્ય કરે એવા વિચાર કદાપિ મ્હારા મનમાં ઉપજ્યો ન હોતો. અરેરે! જે ગ્હે' શહેરમાં નહિ જતાં એ વખતે એની સાથે જંગલે જઈ રહેવા આગ્રહ કરત તો મ્હારી હતભાગીની આ બધી જાત ત્યને પાલનજીને ફિગીને બાકી ચહવું પડત નહિ."

ગ્હે પૂછ્યું:—"હમણાં પાલનજી પોતાના બચાવમાં જે કાંઈ કહે છે, એ સંબંધી આપ શું ધારો છો?"

માણેકજીએ કહ્યું:–" તદન ખોટી વાત. એમાંનો એક પણ અક્ષર ખરો નથી. ૨હે તેને રૂપિયા માટે ૨હારે બંગડીને જવાનું કહું' ન હોતું તથા કોઇ પત્ર પણ આપ્યો ન હોતો. બંગડીને કોઇ નથી એવું બબુલો હોવા છતાં હું તેને શા માટે પત્ર લખી આપું ?"

૨હે કહ્યું:–"એ રાત્રે નિમંત્રણ ઉપર નહિ જતાં આપ ઘેર પાછા ક્યાં હોત તો આવો દુઃખદાયક બનાવ બનત નહિ."

માણેકજીએ સંમતિસૂચકભાવથી મસ્તક ધુણાવીને કહ્યું:–" ખરૂં છે. હવે એ માટે ૨હને ઘણું લાગી આવે છે. જે આવું બનશે એમ જાણતો હોત તો તે દિવસે હું શહેરમાં નજ જાત. ૨હારા પરમ બંધુ ડૉક્ટર દોશાજી જીવનજીને ત્યાં ૨હને નિમંત્રણ હતું. એમની સાથે ૨હારે ઘણો ૨નેહ છે. તેઓ બન્ને આવી ૨હને નિમંત્રણ કરી ગયા હતા."

૨હે કહ્યું:–" આપે પેલું પત્રરૂપું પુતળું પાલનજી પાસે કોઇ વખતે લેપું હતું ?"

માણેકજીએ કહ્યું:—" ના, કોઇ પણ વખતે લેપું ન હોતું. આ વાત આપ કેમ પૂછો છો?"

૨હે કહ્યું:–" જો એ પત્રપરનું પુતળું પાલનજીનું ન હોય તો તે જરૂર નિર્દોષ છે. ૨હારી આ વાત સાંભળી આપ વિસ્મિત બની જશો નહિ. હું ૨ાજા દશને કહી ચુકું છું કે, જે માણસનું એ પત્રપરનું પુતળું છે એ માણસજ શીતોપાલનું ખૂન કરેલું છે.

(૬)

માણેકજી ૫.સેથી ઘેર આવ્યા પછી એક બી ૨હને મળવા આવ્યાની ખબર તેમને કહી. એ બી ઉપરના એક ઓરડામાં ૨હારી રાહ જોતી બેસી હતી. તેને મળવા માટે ઝાપથી હું ઉપર ગયો. ત્યાં જતાં જણાયું કે તેની ઉમ્મર કાંઇ ૨ોઢી ન્હોતી. તેના અંગ પ્રત્યંગ પર સૌન્દર્ય ઝળકે. વિકાસ થયેલો હતો. સ્વનિર્મિત રૂપ લાવણ્યથી તેનું સર્વાંગ ઝગમગું હતું. અત્યાર પૂર્વે ૨હે એ સુંદરીને જોઇ ન્હોતી; છતાં આજે પ્રથમ દર્શન પ્રસંગે પૂર્વે કોઇ વખતે તેને જોઇ હોય એમ જ મનમાં થવા લાગ્યું. વિચાર કરી જોતાં હું ૨હારો ભ્રમ સમજી ગયો. કોકેશાઇ જાતિસોબતના કારણે ૨ામભક્તના મુખ સાથે એ સુંદરીનું મુખ ઘણું બધું મળતું આવતું હતું. એ ઉપરથીજ હું અમુક અનુમાન કરી ગયો. ૨હે તેને પૂછ્યું:–"તમારૂં જ નામ દીરાબાઇ કે ?"

"હા, હું દીરાબાઇ છું. પાલનજી સંબંધી હું આપને એક બે વાત કહેવા આવી છું." આમ કહી દીરાબાઇએ ઉદાસ દૃષ્ટિથી ૨હારા મુખ તરફ જોયું.

એની દૃષ્ટિ ઉપરથી એના મનની આકુળતા સમજી જઇને ૨હે કહ્યું:–"હવે પાલનજીને બચાવી શકાય એવો એક પણ ઉપાય નથી."

દીરાબાઇએ કહ્યું:–"એમ કહેશો તે નહિ ચાલે. પાલનજીને કોઇ પણ રસ્તે આપે બચાવવા પડશે."

૨હે કહ્યું:–"એ ખૂનના ગુન્હામાં તેઓ એવી રીતે સપડાઇ ગયા છે કે—"

વચ્ચેજ દીરાબાઇ બોલી ઉઠી:–"તમે એમને ગુન્હેગાર છો કે ?"

૨હે કહ્યું:–"તેમની વિરુધ્ધ જે મજબૂત પુરાવાઓ આવ્યા છે તે ઉપરથી હું તેમને ગુન્હેગાર નહિ તો ધારૂં."

દીરાબાઇએ ક્ષુબ્ધ ભાવથી કહ્યું:–"પુરાવાની કોઇ સાબિતીવાની ૨હારી ઇચ્છા નથી. હું તેમને ઘણી સારી ઓળખું છું. સેંકડો પ્રમાણો મળવા છતાં તેમણે ખૂન કર્યું એ વાત હું માની શકું તેમ નથી. બોટું લગાડશો નહિ. એમને ઓળખતા નથી. આપ ૨હારા શબ્દો ઉપર વિચારો. ૨હારી તેમજ આપની માફક તેઓ નિર્દોષ છે."

૨હે કહ્યું:–"પાલનજીને હું ન ઓળખી શકું એ બનવા છે, પરંતુ તેમના બધુ માણેકજી ઘણા દિવસથી તેમને ઓળખે છે. તેઓ પણ હવે પાલનજીનેજ ગુન્હેગાર ધારે છે."

તિરસ્કારથી મીઠ દિશા તરફ મુખ ફેરવી દીરાબાઇ કહ્યું:—"માણેકજી! બરાબર છે! હવે તેઓ પાલનજીને ગુનેગાર ધારે એમાં નવાઇ જેવું કાંઇ નથી."

૨હે કહ્યું:–તમે માણેકજી ઉપર બોટો દોષ મૂકો છો. પાલનજી ઉપર અગાધ વિશ્વાસ હતો; પરંતુ જે પુરાવાઓ આવ્યા છે તેથી એમનો વિશ્વાસ બદલાયો છે. ખૂનના ૨ માટે પાલનજી પકડાયા હોવાથી ઉદાસ તેઓ વિશેષ દુઃખી થયા છે."

દીરાબાઇએ ક્ષણકાળ મૂંઝી ચુપચાદીથી કાંઇ વિચાર કર્યા પછી તેણે કહ્યું:—આપ ૨હારા કથન ઉપર વિશ્વાસ મૂકો એવો હું આગ્રહ કરતી નથી. આપની દૃષ્ટિ અને કાનનો ભ્રમ દૂર કરે એમજ હું હવે કરીશ. એક વખત આપે કૃપા કરીને ૨હારે ત્યાં આવવું પડશે. પાલનજી દોષિત છે કે નિર્દોષ એ હું આપને બતાવી આપીશ."

૨હે કહ્યું:–"તમે તમારી ચોતાની ભૂલ સમજી શકાય તે તમારી મહેનત નકામી નિવડશે.

દીરાબાઇએ દૃઢ સ્વરે કહ્યું:–"એ પછી જોઇ લેવાશે. પણ તમને બચાવવા માટે હું આ તુચ્છ જીવન સુધ્ધાં અર્પવા તૈયાર છું. તેમને માટે હું ૨હારી આબરૂ નારી બુદ્ધિથી જે કાંઇ બનશે તે કરીશ. હું ખાત્રીપૂર્વક જાણું છું કે, તેઓ નિર્દોષ છે. દુર્દૈવને લીધે તેઓ આવા ગંભીર ગુન્હામાં વિનાં ગોવે સપડાયા છે. તેમણે ખૂન કર્યું જ નથી. આવા બનાવોમાં સંકટમાંથી તેમને બચાવવાનો કોઇપણ ઉપાય નથી કે? આવા ખરાબ વખતમાં આ ૨હને કાંઇ મદદ નહિ કરો કે?"

૨હે કહ્યું:—"હું બની શકતી મદદ કરવા તૈયાર છું."

દીરાબાઇએ કહ્યું:—"આપનો ઉપકાર માનું છું. એ બન્ને સંબંધી આપ જે કાંઇ જાણતા હો તે ૨હને કહો. પાલનજીનું રક્ષણ કરવા માટે હું ૨હારા શરીરના લોહીનું બુંદ નિબુંદ આપીશ. એ ઉપરાંત જે કાંઇ કરવા જેવું હશે તે કરીશ. મારા જીવનની ૨હને પરવાહ નથી."

પછી રહે ખૂનના કેસ સંબંધી આજ સુધી જે કાંઈ કર્યું હતું તે બધું વર્ણવીને હીરાભાઈને કહી સંભળાવ્યું. તેણે ઘણા ખાનધી રહારી હકીકત સાંભળી લીધા પછી બેાડા સમય સુધી પેાતાના મનમાં કાંઈ વિચાર કર્યો. પછી એકાએક ઉભી થઈ તેણે કહ્યું:—"આપ મને એ પત્થરનું પુતળું આપેા. આવતા રવિવારે સંધ્યાકાળ પછી આપ રહારે ઘેર આવજો. ત્યાં હું રહારે જે તૈયારી કરવાની છે તે કરી રાખીશ. આપ પણ ખરા ગુન્હેગારને પકડવાની તૈયારી કરી આવજો."

રહે સંમતિ દર્શાવી એટલે હીરાભાઈ વિદાય થઈ. તેના મુખ અને દૃષ્ટિના ભાવ ઉપરથી પાલનજીને જણાવતા હેાય તેવું કેાઈ ગંભીર વિચાર કર્યો હેાય એમ હું સ્પષ્ટ સમજી શકયેા હતેા. હું બુદ્ધિધમાન છું એવી રહારી જે ધારણા હતી તે હીરાભાઈને ત્યાં ગયા પછી રહે જે દેખાવ લેવેા તેથી દૂર થઈ ગઈ. રહને એમજ લાગ્યું કે, હીરાભાઈની તુલનામાં હું તદ્દન મૂર્ખ છું. હીરાભાઈએ તે દિવસે એવા કેાશલથી કામ કર્યું કે તેની બુદ્ધિની પુરેપુરી પ્રશંસા કરી શકાય. એ દિવસની વાત હમેશાં રહારા સ્મરણમાં રહેશે.

(૧૦)

રવિવારની ઘટના આ પ્રમાણે છે:-

સંધ્યાકાળ પછી હું હીરાભાઈને ઘેર હાજર થયેા. તે એક બેડા ઘાટના મકાનમાં રહેતેા હેાઈ ઉપર તથા નીચે મળી ચાર ઓરડા હતા.

હીરાભાઈ વ્યાકુળ ભાવથી રહારી રાહ જોતેા હતેા. રહને જોતાંની સાથે ઝપથી આવી તે રહને ઉપલા માળના એક ઓરડામાં લઈ ગઈ. ઘરના એક ખુણામાં એક ખુરસી હતી. હું એ ખુરસી આગળ ખેંચી તેના ઉપર બેઠેા.

હીરાભાઈએ કહ્યું:—"ખૂની બેાડા વખતમાંજ અત્રે આવી પહેાંચશે. આપ જરૂરી તૈયારી કરીને આવ્યા છેને?"

આ પ્રશ્નના ઉત્તરમાં ખીસામાંથી એક ઉજવળ હાથ બેડી બહાર કાઢી રહે તેને બતાવી. એ જોઈ તે સંતુષ્ટ થઈ. ક્ષણ ક્ષણ પછી રહે કહ્યું:—"પાલનજીને કેસ સેશન્સ કમીટ થયેા છે કેમ?"

રહે કહ્યું:—"હા. તેઓ બચાવ માટે કાંઈ માહેનત કરતા નથી."

હીરાભાઈએ દૃઢ સ્વરે કહ્યું:—"હવે તેમને કાંઈ કરવાની જરૂર નથી. હું જ તેમના પક્ષનું સમર્થન કરીશ. તેમના છુટકારા માટે રહને હવે સરકાર પણ સહેલ નથી. તેમણે રહારા ભાઈના સંકટમાંથી ઉદ્ધાર કર્યો છે હવે હું તેમનેા તેમના આ સંકટમાંથી અવશ્ય ઉદ્ધાર કરીશ." આટલું બેાલતાંમાં તેનાં બન્ને નેત્રેા ઉજ્વળ બની ગયાં.

રહે તેને પૂછ્યું:—"તમે કાંઈ બાતમી મેળવી શકયાં છેા?"

હીરાભાઈએ કહ્યું:—"સઘળી બાતમી મેળવી શકયા છું. ચુપ થઈ જાઓ. રહને લાગે છે કે, ખૂની ગાડીમાં બેસી આવી પહેાંચ્યેા છે. હવે આપ એક કામ કરેા. આપ આ પાસેના ઓરડામાં છુપાઈ રહેેા. હું જ્યારે બહાર આવવાને સંકેત કરું ત્યારે બહાર આવજો."

હીરાભાઈએ શી યેાજના કરી હતી એ હું સમજી શકયેા નહિ.

વિશ્રમ બની હું પાસેના ઓરડામાં જઈ: રહેા. બીજી જ ક્ષણે બહાર દાર ઉપર કેાઈનાં પગલાંનેા અવાજ સંભળાયેા. છેવટે એ માણસે પહેલાં હું જે ઓરડામાં બેઠેા હતેા એમાં પ્રવેશ કર્યો.

પછી જે અવાજ થયેા તે ઉપરથી હું જે ખુરસી ઉપર બેઠેા હતેા તેના ઉપર જ એ બેઠેા એમ હું સમજી શકયેા. એ માણસે કહ્યું:—"હીરા! કેમ શું છે? આ સેવકને હેં એકાએક કેમ યાદ કર્યો છે?"

કંઠસ્વર પરિચિત લાગ્યેા, પરંતુ તે સહજ જડ થયેા હતેા. બેલનાર માણસે પુષ્કળ શરાબ પીધેા છે એમ માલૂમ પડયું. એકાએક એ કેાનેા અવાજ છે તે હું નક્કી કરી શકયેા નહિ.

હીરાભાઈએ પ્રત્યુત્તરમાં કહ્યું:—"નિરૂપાય બની રહારે આપનેા આશ્રય લેવેા પડે છે. પાલનજીના ઉછરાનેા કેાઈ પણ ઉપાય આપે કરવેા પડશે. આ વખતે આપ મદદ નહિ કરેા તેા ઘણું ખેાટું થશે.

આવેલેા માણસે વિસ્મિત ભાવથી કહ્યું:—"હું કેવી રીતે તને મદદ કરું? એ સમજી શકતેા નથી. રહારે મદદ કરવી જોઈએ; પરંતુ ઉપાય નથી. એ રહારી શક્તિ બહારનું કામ છે."

હીરાભાઈએ કહ્યું:—"રહને એવું લાગતું નથી —"

એ માણસ વચ્ચે જ બેાલી ઉઠેાઃ—"ના પ્રિયતમા! રહારાથી કાંઈ બની શકે તેમ નથી."

"કેવળ મુખેથી જ આપ પ્રિયતમા કહેા છેા. જો ખરા હૃદયથી આપ રહને ચહાતા હેાત તેા આવા દુઃખદ પ્રસંગે જરૂર રહને મદદ કરત."

સહજ ઉત્તેજિત કંઠથી એ પુરુષે કહ્યું:—"કેવું આશ્ચર્ય! પાલનજીને બચાવી લઈ રહારા વિવાહનેા ભંગ કરું એવેા તું રહને મૂર્ખ સમજે છે? તું પાલનજીને પરણી મેાજ-મજાહ ઉઠાવે અને દૂરથી તમારું સુખ જોઉં? કૃતાર્થ થાઉં? કેવેા ભ્રમ! એ કદાપિ નહિ બને. પ્રાણવિહારિણી હીરા! ભલેાભેાળા! તું રહને એટલેા બધેા મૂર્ખ ન સમજતી. હું તને રહારા જીવ કરતાં વિશેષ ચહાઉં છું. હું તને પરણવા—"

વચ્ચે જ હીરાભાઈ બેાલી ઉઠીઃ—"આટલી ઉતાવળે રહારી સાથે પરણવાની વાત કરશેા તેા બેડાંનું શું થારશે?"

"હીરા! બેહેાની વાત સાંભળવાની રહારી ધરજ નથી. હું તને સાચા હૃદયથી રહા—રહાઉં છું."

આ શેાક સંતાપપૂર્ણ દુનિયામાં આવા પ્રેમિક પુરુષને લેવા માટે રહાર મન અધીરું બની ગયું. હું સ્થિર રહી શકયેા નહિ એ ઓરડામાં હું છુપાયેા હેાવા તેનું એક દ્વાર સહેજ ઉઘાડી રહે ઘણા આશ્ચર્ય સહ એ પુરુષને જોયેા. એ માણસ કેવેા ભયંકર હતેા! જે એના કંઠહાર ઉપરથી પ્રથમથીજ રહે અમુક અનુમાન ન બાંધ્યું હેાત તેા આ વખતે રહારા આશ્ચર્યનેા પાર રહેત નહિ. એ માણસ બીજો કેાઈ નહિ પરંતુ હીરીન બાઈનેા પતિ માણેકશા પેાતે હતેા!

અપૂર્ણ.

(વાંચેા! હીરાભાઈએ કુની સીફતથી ખરા ખૂનીને સપડાવ્યેા તે જાણવા માટે અમારેા આવતેા અંક વાંચેા. રમણ સંકેતને લીધે આ વખતે અમે આ વાર્તા સંપૂર્ણ આપી શકયા નથી. આવતા અંકમાં આ વાર્તા પૂરી થશે. પછી ગા. રમણીક ભા. ભેતાની કલમથી લખાયેલી ઝેરી નાગણ નામની ડીટેકટીવ વાર્તા શરૂ કરવામાં આવશે.)

સુરાપાન કર્યા પછી વિનોદચંદ્રનું ચિત્ત વિશેષ વિહ્વળ બની ગયું—જાણે પડેલું હારમોનિયમ જોઈ તેને ગાવાની ઇચ્છા થઈ આવી. વિના વિલંબે તે ખુરસીને હારમોનિયમ પાસે ખેંચી ગયો તથા સુર મેળવી મધુર કંઠે તે નિમ્નલિખિત ગીત ગાવા લાગ્યોઃ—

ચોરી સૌંદર્ય ત્હારૂં સુંદરી વસંત ને પ્રાણે,
વસંત આ પ્રકાશે;
વસંત હા પ્રકાશે.
કુસુમિત દ્રુમલિની. કુસુદ, કેતકી, કેશર, કંજર;
કુસુમાયુધ કનકદંડ રૂપ, કામિની, કંઠહાર;
તુજ સ્વરૂપ ને સુગંધ ચોરી સહુ વિકાસે;
આ ચોરી સહુ વિકાસે;
હા ચોરી સહુ વિકાસે.
'કુહૂ કુહૂ' કરી કુંજ કુહૂ મદનમંત્ર ગાઈ,
મનમથની માનિનીનાં મન-મથની દઈ દુહાઈ;
તુજ સ્વર હરી, કલરવ કરી કોકિલા ઉલ્હાસે,
આ કોકિલા ઉલ્હાસે
હા કોકિલા ઉલ્હાસે. (દિવાનો.)

ગંભીર રાતનો સમય હોવાથી નિસ્તબ્ધતામાં વાયુની અંદર સંગીતનો ધ્વનિ નૃત્ય કરવા લાગ્યો. ગીતના તાને તાને રસિક રાધાનું રસિયું સંચેતન હૃદય અપૂર્વ ભાવથી ધબકવા લાગ્યું. રેવતાની વાયરલેસ રેસિપ્રાફિક સર્વિસ ચાલુ થઈ ગઈ.

પછી વિનોદના આમ્રથી રાધાએ એક સંગીત ચાલુ કર્યું" તથા એ સંગીતની જરૂરની પૂર્તિ થયા પ્રસંગે વિનોદે કરીઃ—

રાધાઃ—' પ્રેમ મોતીનું પરોણી તપાસતાં
પાણી ગુમાવ્યાં કંઈક અંવેરીએ;
એનાં શું કરીએ ભૂલ,
વિનોદઃ—ખોટે ભાગે તે કર્યું'ર્.
રાધાઃ—હીરાનાં ઝેર હરી, લીધાં વેરીને,
મન માયાની મીરાંય ભરી,
હૈયે ની હોંશથી રોપ્યો આ હીલ્લો,
ઉપર હેતની પેરૂ કરી,
આંહો અલબેલા ભૂલ;
વિનોદઃ—ભૂલમાં જીવન ધૂલ.

સંગીતના તારથી પ્રેમિક પ્રેમિકા એક તાર થયાં. બન્ને હારમોનિયમ પાસેથી ઉઠી સોફા ઉપર આવે બેઠાં. વિનોદ ભાવના આવેશથી કહેવા લાગ્યોઃ—"પ્રાણેશ્વરી! ત્હારૂં સૌંદર્ય ત્હારા હૃદયમાં અંકિત થઈ ગયું છે. જેમ જેમ હું તેનું વિશેષ દર્શન કરું છું તેમ તેમ ભાન ભૂલું છું. કવિએ ખરેજ કહ્યું છે કે,

કરે લાખો પ્રયત્નો તોય પણ કાગર સહુ થાકયાં;
ખિલ્યાં મુગ્ધા તણાં અંગો એ ઢાંકવા નવ રહે ઢાંચાં.
થયાં જે નેત્ર અણીયાળાં ભરેલાં પૂર્ણ મદવાળાં;
ચરણ પગલાં હવે હળવાં વળે રતિનાથનાં હૂંકયાં.
ચઢી ચાળે ઉઠાણે એ થતાં પગલાં જુવાનીનાં;
અનંગે અંગ ઢાંકી અંગ ભાખ્યું ચિત્રમાં આંકયાં."

રાધા નટી હોવાથી તે વાચાકૂશલતામાં તથા રસિકતામાં વિનોદને કોઈ પણ રીતે ઉતરે એવી નહોતી, પણ કવિયો રાયરોનાં નાટકો તેને મુખપ્રત્યે થઈ ગયાં હતાં. તેણે કહ્યું, "ઓ પ્રકૃતિજ્ઞ! શ્રી લતિની ખોટી ખુશામદ કરવાની છે. ખુશામદ કરી જેને અજાણ્યાઓને ભરમાવી ભમરની માફક રસ ચુંટી તેઓ ગુમ થઈ જવાને

ઉડી જટ જાય છે ભમરા કુસુમરસ જ્યાં લીધા ચાખી.
ન પાછા પાસ આવે વીતી જાતાં જિન્દગી આખી.
હવસના લેશમાં જ્યાં ગયે તેનું બહે મોટે,
હુયે ઠોઠક મજનૂએ વફાને જળની રાખી.

વિનોદચંદ્ર બોલી ઉઠ્યોઃ—"તમારી સમજ ફેર થાય છે."

વફાની પુતળી લયલા સમી છે તું,
વફાદારીમાંહી મજનૂ સમો હું હું;
નિસાસૂ જોન થઈ ફરહાદ ત્હારાપર,
મને શીરીં જીગરમાંહી ગમી છે તું.

માટે હવે મહને ન તરસાવો—લજ્જાને હાંકો—તથા તમારા એ પ્રેમના પૂજારીને રનેહસુધાનું પાન કરાવો."

રાધા ગમે તેમ તો પણ એક સ્ત્રી હતી, ધૂળ પાસે અગ્નિ ધરવામાં આવે અને તે જેવી રીતે પીગળી જાય તેવી રીતે તેનું દિલ પીગળી ગયું હતું. તેણે કહ્યુંઃ-

"મને વાંધો નથી બ્હાલા જીગરમાં ઘર કરી બેસો;
તમારો ફેર છે આખો, મહને સર કરી બેસો."

આમ કહી રાધા આવેશને વશ થઈ વિનોદના ગળામાં હાથ નાખી વળગી પડી. વિનોદે તેના અધર રસનું પાન કરતાં કહ્યુંઃ-"પ્રિયા! આજના આનંદજનક મિલન પ્રસંગે ત્હારે ત્હારી સાથે બીજી પણ કેટલીક મહત્વની વાતચિત કરવાની છે. જીવન! તું હવે નાટકમાં નોકરી કરે એવી ત્હારી ઇચ્છા નથી."

રાધાએ ગંભીર ભાવ ધારણ કરી કહ્યુંઃ-"જો નોકરી ન કરૂં તો ત્હારે ત્હારે તથા ત્હારી માતાનું ગુજરાન કયી રીતે ચલાવવું?"

વિનોદે કહ્યુંઃ-"એ માટે તું ચિંતા કરીશ નહિ. હવેથી દર માસે ત્હારા તરફથી પાંચસો રૂપિયાની રકમ તને મળ્યા કરશે. તે ઉપરાંત એક બે દિવસમાં આપણે કોટમાં જઈ કોર્ટ સાક્ષ અરેરીને ત્યાંથી તને મનગમતાં પાંચેક હજાર રૂપિયાનાં ઘરેણાં લઈ આવીશું. આટલી વ્યવસ્થા થયા પછી નાટકની નોકરી છોડી દેવાને તો કશ્કજ નથીને?"

"ના—ના, ત્હારા કોન્ટ્રેક્ટની મુદત પણ એક માસ પછી પૂરી થાય છે; પરંતુ હું નોકરી છોડી તમારા આશ્રયમાં રહું અને

અવિષ્યમાં કદાચ તમે રહારો ત્યાગ કરો તો રહારી કેવી દશા થાય !" રાણાએ ભવિષ્યનો વિચાર કરી ભીતિનું કારણ દર્શાવ્યું.

"જોટલા માટે જ હું હારા સંબંધી બધી ગોકાસ વ્યવસ્થા કરીશ."

"તમે એને તમારે ભંજને સર્વ જાણે રાખો તો શી હરકત છે?" રાણાએ પોતાની ઇચ્છા પ્રકટ કરી.

"મેર રહારી બીનો સ્વભાવ બરો વિચિત્ર છે. હું હમેશાં હારી સાથે એકાન્તમાં પ્રેમરસનો સ્વાદ ચાખવા ઈચ્છું છું વળી તું રહારા ભંજસામાં આવીને રહે તો તેથી સર્વ સંબંધીઓ અને ઓળખીતાંઓ. રહારી નિંદા કરે તથા તેથી આપણને બન્નેને દુઃખ થાય !" વિનોદે નારાજી દર્શાવી.

"તમારી બીનું નામ શું છે?"

"સુશોચના."

"તે બહું ખૂબસૂરત છે?"

"હારા જેવી તો નહિજ."

"તે તમને રહાય છે?"

"કેવી રીતે રહાવું તે એ જાણતીજ નથી."

વિનોદને આવી વાતમાં રસ પડતો નથી એવું જણી રાણાએ પ્રસંગ ફેરવી કહ્યું:—"તમારૂં સૌંદર્ય પણ હરકોઈ સુંદરીનું મન હરી લે તેવું છે."

"હશે કદાચ."

વાર્તાલાપમાં રસિકતા આવતી જોઈ રાણાએ પુનઃ વિનોદચંદ્ર ને પોતાને હાથે સુગંધાન કરાવ્યું. સ્નાનાદિ આદિ બાબો આ આદર્શ માણસ તૈયાર થયો. -

અપૂર્ણ.

(આ રહસ્ય પૂર્ણ સેખનો આપણો ભાગ વાંચવા માટે અમારો આવતો અંક વાંચો.)

બોરસિયા નવલકથાકાર મગનલાલ ભાઈચંદ હકર કૃત

કમનસીબ કુસુમ

અથવા

વિધવાની વેદના.

[આવૃત્તિ ૨ જી

મૂલ્ય પોણોજ સાધે ૭ આના.

નીચેને સિરનામે ટીપીને મોકલો:—

ભુદાભા-બોરસિયા, અમદાવાદ.

જૈન-મિત્રના કાર્યાલયમાંથી આ પુસ્તક મોટા ભાગનું મળશે.

ચોર-સુંદરીનાં સાહસ ક્રમો

પ્રકરણ ૮ મું. (ચાલુ)

વૃધ્ધ પુરૂષ.

"અમને અહીં રાખવા કરીને આવી ભેખમારી ભોગવિંજ તથા તેની બીજો મારે લીધી છે તે બનવું હું તેનો ઉપકાર માનું છું," મનોરમા બોલી. "પણ કંચન-તે સુંદર કુસુમ-કિરણવિહોની પ્રિયતમા—"

"તેને અવાવરીજ જોજો," વૃધ્ધે બારણાને બન્ધાવ્યું. "હું બન્ધુ છું કે કંચન અને મારી વચ્ચે જે વાતચિત થઈ તે હે સાંભળી છે અને તેનીતા દુઃખની તારા હૃદય ઉપર બહુ અસર થઇ છે. તે ભોળ અને બરો આનંદ થયો છે. મનોરમા," બોલી વાર અટકીને વૃદ્ધ બોલ્યો, "તું ભોનિ, માન અને સત્તા મેળવવા તૈયાર થઇ મન છે; તો તારે તેવી કાર્યવત બહુ સુંદર રીતે કરવી જોઇએ. આ તકનો લાભ લેવાનું તારે મૂર્ખું ભોગ્યે નહિ"

"બહુઇ મરતો તેના શબ્દોથી મારા અંત:માં અજબતાની નવી જ્યોત જગાવી તે પરેલા જ" મનો મને બોલ્યા, "જ્યારે કંચન તેનીનું દુઃખ તમારી પાસે રડી હતી અને તેથી તમે દયા લાવીને તેને મારા કરવાનું વચન આપ્યું ત્યારેજ તેણીને મારા કરવાની મને તિવ્ર ઇચ્છા થઇ આવી હતી માટે મને કોઇ રસ્તો બતાવો." આપણી નાયિકાએ જુસ્સાથી કહ્યું "અને મને તે પ્રમાણે વર્તવા દૃઢ કરાવો."

"આ બાબત વિષેના મારા વિચાર અને ઇચ્છાઓ હું તને એકદમ જણાવી શકીશ નહિ" તેમણે કહ્યું "પ્રથમ તો કુસુમ એટલું ધ્યાનમાં રાખજો કે આ સો કે-બાઓમાંની એકને આપણે ગોતવી છે અને આ કામ કરવાં પડાશે જવાના યુદ્ધાની શિરા મેનેજર છે આ ભેખમારી ગામે મેનામાં કુસુમ ગોતનો બહુ છે એટલુંજ નહિ પણ તેમાં પુષ્કળ સાવચેતી રાખવાની પણ બાબ બહુ છે. તારે બધાવત કસેટીઓમાંથી પસાર થવું. મનોરમા, વધી બુદ્ધિ, નિપુણતા અને કદાચકથી તારે પ્રત્યેક કસોટી બારવું છે. પણ ને હું મારી યુકતીચો કમબંધ તને વિસ્તારપૂર્વક કહ્યું" અને જે ભેખમારીમાં તારે ઉતરવું પડશે તે કમકાંગિક તને સમજાવું તો તારો આત્મા ભરથી કંપી ઉઠશે. તું આ કાર્યમાંથી પાછી હઠશે, અને તું તે કાર્ય કરી રહેશે."

"ના-કરી નહિ!" વીર યુવતીને ઉત્સાહ કર્યો અને જે બોલ્યાં. તેણીની ઉત્સાહ અને ઉત્સાહ ઉદારતા આગ અટકેથી તે કાંઇક ડરશે થઈ હતી, પણ અને રસ્તે બનાવી છે એવા બહુ કોની બહાર લેવી એવી બહુઇ મરતાની ઉત્સાહભરી ઘટ આવાજ ઉઠી નમ સ્વરે બોલી, "તમે મારી સાથે આ પ્રમાણે કાર્યમાંથી વર્ત કરો છો તે બહુજીજ છે."

"મનોરમા, મને તારામાં અશ્રદ્ધા નથી," એક પિતાને છાજે એવાં પ્રેમાળ વચનો તેમણે ઉચ્ચાર્યાં. "નહિ તો આવું જોખમ ભરેલું કાર્ય તારા હાથમાં સોંપવાનો હું સ્વપ્ને પણ ખ્યાલ ન કરું. પણ યાદ રાખજે કે તારા હાથમાં મહત્વાકાંક્ષારૂપી અગ્નિને પ્રગટાવીને હજી પૂરો એક કલાક પણ નથી થયો. તેને દહીભૂત કરવાને તને લાંબો સમય પણ નથી મળ્યો. કીર્તિ અને સત્તા મેળવવા માટે જે નવું જીવન તું શરૂ કરવાની છે તેના આ પ્રથમ પગથીઆં માટે શાંત ભાવને લાયક બનાવે તે પહેલાં આ જાજરમાને મજબુત કરવાને તેમાં એક તાર બની જવાને, તેને તાંય પોતાના રંગે રંગી નાખવાને તારે પુષ્કળ વિચાર કરવાની જરૂર છે. જે મહાભારત કામનો બોજો તું માથે લેવાની છે તેની તૈયારી માટે શાંત ચિત્તે ઉંડો વિચાર કરવાની તારે માટે જરૂર છે. કંચનકુમારીને છોડવવાનું કામ તે તારી માળાનો પ્રથમ મણકો થશે. હવે બીજી એક વાત-તારો સાથી-તારો પ્રિયતમ—"

આપણી નાયિકાના લાવણ્યયુક્તવદન ઉપર લાલ સુરખી ચઢી આવી, અને તેણીએ શરમથી નીચે જોયું; કારણ કે પ્રસન્ન પોતાને પતિ છે એવું પોતે મગરૂબીથી તે દૃઢ પણે જાહેર કરી શકે એવું ન હતું-તેઓ શાસ્ત્રાનુસાર લગ્નવિધિથી જોડાયાં ન હતાં.

"મનોરમા મારી પાસે શરમાઇશ નહિ," વૃધ્ધે એકદમ કહી નાખ્યું." મોહ એક એવો વિકાર છે કે જે અમર્ય યોગીને પણ નમાવે છે-મોહ એક એવો ભાવ કે સામર્થી છે કે જે મહાદુર ને નમતો બનાવે છે. જે તેમાં ફસાય છે તે અનુકંપાને પાત્ર થાય છે, નહિ કે ધ્રુણાને-તેઓ દયાને લાયક છે, નહિ કે નિંદને. પ્રસન્નશિરિ-"

"શું તમે તેનું નામ પણ જાણો છો?" શરમાતે ચહેરે, અર્ધઆંખી ભરેલી પણ ગભરાતી આંખો દૃઢ પુરૂષના મુખ ઉપર ફરતીને તેણીને ઉદ્દગાર કાઢયો. "પત્ર આજે મેં એટલું જ વાંચી ભરેલું જોયું અને સંબોધ્યું છે કે મને કોઈપણ બાબતની નવાઇ લાગી નજ જોઇએ. ઓ પૂજનીય પુરૂષ. જો તમે અમારો જોડ જાણતા હો તો, તમને તે તમ રા મનમાંજ રાખવાની હું વિનંતિ કરૂં છું."

"મનોરમા," ખાતરી ભર્યા, દયાવાળા, સ્નેહભીના નયને જોતાં દૃઢ બોલ્યા, "તારો જોડ હું જાણું છું અને તેને સાચવી રાખવાનો હું સોગન ખાઉં છું. તે બદલ મસ્તક પાસેથી પ્રસન્ન અને તારા વિષે મેં બધુંજ સાંભળ્યું છે; અને તમારા બધા કાર્યોથી હું પુરેપુરો માહિતગાર છું અને તેનો હું એકજ પુરાવો આપું—તને ભવભીત કરવાનીં નહિ-પણ દૃઢ કરવા તારી ખાત્રી કરવાને કે નજીક ભરતા વર્તમાન સાથે ભવિષ્યકાળની પણ હકીકતો કહી જાઉં છે."

"અને તમે કહો છો તે પુરાવો," મનોરમાએ ભયથી ધ્રુજતી છાતી ઉપર હાથ મૂકતાં પુછ્યું.

"પ્રસન્નશિરિ એક મહત્ત-ઋષિ" દૃઢ ગંભીરતાથી બોલ્યો.

"બસ કરો, બસ કરો," આપણી નાયિકા વચ્ચે ઉઠી. જાણે જિંદગીને પણ કાન હોય અથવા તો કોઈ છુપ ! સાંભળતું હોય એવી બીકથી તેની આંખો ચોતરફ ફરતી હતી. "હા-તમે બધુંજ જાણો છો—તમે એક અજબ અતિ છો."

"કૃત મારે વિષેજ હું કાંઇ બોલતો નથી;" મંદ દૃષ્ટિ બધાએ જોઇ જોઇને જોયા. "મેં કંચનને કહેવું તે તેં સાંભળ્યું કે હું અહીંઆ એક કેદી છું અને આ કિલ્લામાં કે બહાર પાસે તમારે માટે નામ પણ ન લેવું. બદલ મસ્તક પાસેથી હું જ્ઞાન મેળવું છું અને બનાવ ભરી ચીજો વિષે સાંભળું છું, પણ તે બધું અમુક હદમાં રહીનેજ હું બોલતને કહી શકું. મનોરમ, મેં તારી જોડે અંતઃકરણ ખોલીને વાત કરી છે. હવે આપણે જુદાં પડવું જોઇએ. પણ જતાં પહેલાં તને ખાસ કરીને એક વાત કરવ નો મેં નિશ્ચય કર્યો છે."

"હું ધારું છું કે તમે પ્રસન્ન વિષે કહો છો". મનોરમાએ આતુરતાથી ઉમેર્યું.

"બરાબર" વૃધ્ધે જવાબ આપ્યો. "હું તને એમ કહેવા માગું છું કે આજના બનાવો વિષે તારે તેને ધીમે ધીમે વાત . વળી કંચનને છોડાવવા વિષે જે વચન તેં મને આપ્યું છે અને તેમાં જે જોખમ રહેલું છે તે પણ તેને ધીમે ધીમે સમજાવું. આ બાબતમાં તેની સંમતી કેવી રીતે મેળવવી તે તારા જેવી રીતિ અને ચતુર બોને મારે વધારે સમજાવવું પડે એમ નથી.

"પૂજ્ય પુરૂષ, હું બરાબર સમજું છું." મનોરમા બોલી. "પ્રસન્ની પાસે હું સાવચેતી અને નમ્રતાવાળા ઉપાયોથી કામ કરીશ. પહેલાં તો તે કરાવ્ય ચમકારો પણ પછી આ કાર્યની મહત્તા જરને તેનું ઉદાર મન ધીમે ધીમે આપણા તરફ વળી જશે."

"આ કાર્યમાં વિજય મેળવવા કેવી રીતે વર્તવું તે તું જાણે છે," વૃદ્ધ બોલ્યા. "અને હવે જે સલાહ હું તને ઉચ્ચરતી આપું તે તું ધ્યાન દઈ સાંભળી લે. આવતી કાલે તું આ કિલ્લો છોડીને જાય તે પહેલાં પ્રસન્ન ને જાણે તેવી રીતે તારી ઓરડીમાં બેસીને જાઓ તું પહેરો ઉંચો કરીને ઉભો હશે ત્યાં તપાસ કરજે. ત્યાં તે આરબોના ઉમરા પાસે એક સીક્રેટ કરેલું પાકોટ તું જોઇશ. તે તારા ગજવામાંજ રાખજે અને તારો મુસદ્દારી દરમ્યાન તે બોચામાં નહિ તેની ખાસ સાવચેતી રાખજે. પણ હું શ્રીરંગપટ્ટણ પહોંચે ત્યાં સુધી તેને ઉઘાડીશ નહિ."

"ત્યાં પહોંચ્યા પછી હું ઉઘાડીશ તો તેમાંથી તને એક કાગળ મળી આવશે. તે કાગળને તેવા ઉપર ધરજે એટલે તેમાં અક્ષરો ઉપસી આવશે. કંચન કુમારીના છુટકારા માટે કયા ઉપાયો લેવા તે તું તેમાં તને જણાવીશ. પરંતુ તે કાગળ પુરેપુરો વાંચ્યા પછી પણ તે કાર્ય માં એકદમ ઝંપલાવનાં પહેલાં અને તારા કિમતી જીવનને જોખમમાં નાખનાં પહેલાં તારા ઉપર પુરો વિચાર કરજો હું તને સલાહ આપું છું. તને પ્રથમ તો ભય લાગશે પણ લોહી ઠિમનથી કામ કરીશ તો તને ચોક્કસ વિજય મળશે.


(-અપૂર્ણ.)

રાજસ્થાનની રૂપસુંદરી.

(ઐતિહાસિક કુંડી વાર્તા)

પચિસો પ્રીટની ઉંચાઇએ આવેલા અરવલ્લી પહાડ ઉપરનો ચિત્તોડનો દુર્ગ હજી પણ ભૂતકાળના વીરતાપૂર્ણ ઇતિહાસને આપણી દૃષ્ટિ સમક્ષ ખડો કરે છે. જે વીરભૂમિમાં બાપ્પારાવ, ખોમાનસિંહ, પ્રતાપસિંહ વગેરેના જેવા વીર સપુતોએ ઉત્પન્ન થઇ સ્વદેશની સ્વતંત્રતા અને સ્વધર્મના રક્ષણ માટે પોતાનાં વીરત્વભર્યા સમર્પણો કર્યાં હતાં એ વીરભૂમિ-રાજસ્થાનની રૂપસુંદરી તે આ કૂંડી વાર્તાની નાયિકા પદ્મિની છે.





પદ્મિની મેવાડ-ચિત્તોડના રાણા લક્ષ્મણસિંહના કાકા ભીમસિંહની પત્ની હોઇ તેનું સૌંદર્ય દેવદુર્લભ હતું. કેટલાક ઐતિહાસિકોએ એ રૂપસુંદરીને રાજસ્થાનના સુલતુસ તરીકે ઓળખાવી છે.

(૧)

દિલ્હીના મોગલસમ્રાટ અલાઉદ્દીન ખીલ્જીનો દરબાર ભરાયો હતો. દરબારનું કામકાજ ખત્મ થવા આવ્યું હતું ઓટલાપર એક ચિત્રકારે આવી બાદશાહને કુર્નિસ બજાવી કહ્યું:-"બાદશાહ સલામત! હું એક અત્યંત રૂપવતી રમણીનું ચિત્ર આપ નામદારની સેવામાં રજૂ કરવા ઉપસ્થિત થયો છું."

આમ કહી ચિત્રકારે એક ચિત્ર નમ્રતાપૂર્વક અલ્લાઉદ્દીનના હાથમાં મુક્યું. અલ્લાઉદ્દીન એ ચિત્ર જોઇ સ્તંભિત અને આશ્ચર્યચકિત બની ગયો. થોડા સમય પછી તેણે ચિત્રકારને ઉદ્દેશી પૂછ્યું:- "તું આ જે સુંદરીનું ચિત્ર લઈ આવ્યો છે તે સુંદરી હયાત છે કે કાલ્પનિક છે?"

ચિત્રકારે ઉત્તરમાં કહ્યું:- "બાદશાહ નામદર! આ સુંદરી ચિત્તોડના રાણા લક્ષ્મણસિંહના કાકાની સ્ત્રી થાય છે. તેનું નામ પદ્મિની છે."

"ઠીક છે." આમ કહી અલ્લાઉદ્દીને ચિત્રકારને પુષ્કળ પુરસ્કાર આપી વિદાય કરી દીધો.

પછી અલ્લાઉદ્દીન પોતાના વિશ્રામ ગૃહમાં આવ્યો ગયો. પદ્મિનીની તસ્વીર જોવામાં આવ્યા પછી તેનું દિલ બેચેન બની ગયું હતું.

એ સુરસુંદરીને પોતાના જનાનખાનામાં લાવવા માટે તે વ્યાકુળ બની ગયો હતો. તેણે સ્વગત કહ્યું:- "મ્હારી સત્તા અને પ્રભુતા અપાર છે. કોઈ પણ ભોગ્યે પદ્મિનીને હું બાદશાહી જનાનાની મુખ્ય બેગમ બનાવીશ. આહ! કેટલી બધી સુંદરતા! એ સૌંદર્યની દેવીને હું જ્યાં સુધી મ્હારા રંગમહાલયમાં લાવીશ નહિ ત્યાં સુધી મ્હારા હ્રદયમાં જાગેલી ઝરકની આતશ બુઝારી નહિ. એ ગુલેબુલાબ સુલતુસને મેળવવા માટે જો મ્હારે હજારો રોહીલાઓના કિમતિ પ્રાણનો ભોગ આપવો પડશે તો તેમ કરવામાં પણ હું પાછો હઠીશ નહિ.

સૌન્દર્ય પૂજક પ્રેમહા આ દિલ દિવાનું થઇ ગયું; મનમોહનના માયુક વિના આ હૃદય સૂનું થઈ રહ્યું. હું ઇરફ્રેયેલો ને દિવાનો ઓ મોહિનીના રૂપપર; જોતાં પ્રતિમા લાગતાં, આ જગર પર શા કામગર. થાઉં કૃના તો છો ભલે, લાવું તને સહવાસમાં; તુજ પ્યાર ખેળવા ફરું હું એક જમીને આસમાં.

બસ હવે મ્હારો એજ નિશ્ચય છે."

તત્કાળ અલ્લાઉદ્દીને અનુચરદ્વારા સેનાપતિને બોલાવી હુકમ કર્યો કે, આજે ને આજે તમે ચિત્તોડના રાણા લક્ષ્મણસિંહ તરફ તેની કાકી પદ્મિનીનું માગું મોકલો તથા જણાવો કે, દિલ્હીશ્વર પદ્મિનીને પોતાના જનાનાની મુખ્ય બેગમ બનાવવા ઇચ્છે છે. આ બાબતમાં કબૂલ ન રાખી શકતા હો તો યુદ્ધ કરવા તૈયાર થઈ જાઓ. "જેવા જહાંપનાહના હુકમ." આમ કહી નમન કરી સેનાપતિ ચાલ્યો ગયો.

(૨)

ચિત્રકારને અમે હવે રજપુતોના દરબાર બતાવીએ છીએ. દરબારમાં રાણા લક્ષ્મણસિંહ, ભીમસિંહ, વીર બાદલ, ગોરા વગેરે ઉપરાંત સુબટો અને સામતો બેઠા હતા. લક્ષ્મણસિંહ નવયુવક હતો. ભીમસિંહ પ્રૌઢાવસ્થા વીતાવી વૃદ્ધાવસ્થા ભોગવતો હતો. બાર વર્ષની ઉમ્મરનો વીર બાળક બાદલ અભિમન્યુના જેવો લાગતો હતો.

સહુના મુખમંડળ ઉપર આજે ગંભીર ચિંતાની છાયા ઝગડી રહેલી જોવામાં આવતી હતી. અલ્લાઉદ્દીને કરેલી અવિચારી માગણીની વાત સાંભળી કેટલાક રોહીલાઓની આંખો લાલચોળ બની ગઇ હતી. વૃદ્ધ ભીમસિંહે ગંભીર ભાવથી કહ્યું:-"રાજસ્થાનના ગુરા સુબટો! દિલ્હીશ્વરને શી જવાબ આપવો તેનો નિર્ણય થઇ

આવે હબ્શણ સુંદરી તુરાન તુર્કસ્તાનથી;
જાપાનથી, સીલોનથી, તાતારથી, ઈરાનથી;
કચ્છમીરથી, નેપાલથી ને ચીન અરબસ્તાનથી;
તે હાવતી કિરની વરેલી પ્રેમના સામાનથી;
એ પ્રેમ નામી માલ મારા હાથથી વેચાય છે;
એની દલાલીથી તિજોરી તર અમારી થાય છે !

હારૂનઃ—ચાલો ત્યારે આપણે પણ ફરીએ એ પૂંજી વગરની દલાલી !

મીરજાંઃ—અરે શાબાશ રે મારા શાયર મવાલી ! તેં તો ચાલતી ગાડીને ઠીક લીધી ઝાલી ! પણ કાંઈ વસીલો છે ?

હારૂનઃ—પરવરદિગારનો !

મીરજાંઃ—કાંઈ હથ્થમ કે જલ્દ ?

હારૂનઃ—અલ્લાહ અલ્લાહ અને ખપરસાલા !

મીરજાંઃ—ફિકર નહીં, હું તને આસરો આપીશ; મારા મકાનમાં રહી બિસ્મિલની કવ્વાલપર હાથ ચલાવજે અને મારી નોજવાન હસીના દીકરી ગુલ્જારને શાયરીના સબક શીખાવજે !

હારૂનઃ—જેવી હુજૂરની મરજી !

મીરજાંઃ—ચાલ ત્યારે મારી સાથે આવ અને મારા ઘરનેજ મુસાફિરખાનું સમજી ત્યાંજ તારો અડ્ડો જમાવ.

હારૂનઃ—પણ મારો સામાન કબ્રસ્તાનમાં છે.

મીરજાંઃ—તો જા—તે સામાન લાવ અને મોતી બેગમના ચૌટામાં પ્રેમના દલાલ મીરજાં મહમ્મદના આલીશાન મકાનમાં પૂછતો પૂછતો ચાલ્યો આવ.

હારૂનઃ—તસ્લીમાત !

મીરજાંઃ—સલામ ! (મીરજાં જાય છે.)

હારૂનઃ—અરે બેલગામ ! એક વાર આવે મારા પંજામાં તારી દીકરી ગુલઝાર, તો પછી જોજે કે, પલકારા જેટલા સમયમાં તેને કેવી રીતે સબ્જપરી બનાવીને આ હારૂન જલી જાય છે મિયાં ગુલામ ! વાહ વાહ-વાહ વાહ.

મજાનાં ખાનપાનોને, વળી આરામ પણ મળશે;
હસીના મારૂઘરે, ફિરમને દામ પણ મળશે !
ગયો હારૂન કિસ્મતનો, સિતારો ઔજ પર તારો;
હવે મનની મુરાદો, (હવ્વહી નગરીમાં બધી ફલશે !

(ગાયનં.)

દરદહાર મુસુક મજનૂ જેનાં આશકોમાં નામ,
તે સર્વને બનાવું હ્યારા ઘર તણા ગુલામ,
બૂમાબૂ જાય દુનિયામાંથી સબ્જનો બુલબુલમ,
બસ હ્યારી સાથે આશકીનું નામ પણ તમામ
[કોરસ.]

એકદર કનિ બધા, રસહીણા રસ લઈ શું આ;
લખ્યા છે હ્યારના કિસ્સા, પણ મુજ પ્રેમથી અલાજુ

* * *

હલમ બનાવી અસ્તેરા કરવા બન્યા હજામ,
ઝાડીઝૂંડી મુંડી નાખ્યો પ્રેમને તમામ
કિતાબખાનું ચાલું હવે કટીંગની દુકાન
જેમાં ન હ્યારા પ્યારનું કંઈ નામ કે નિશાન.

અગત્યની સૂચના.

ઉપરા ઉપરી અનેક કામમા તથા છુટક ઓર્ડરોની પાછવા ઓર્ડાની માગણીને માન આપી અમે 'મોજ-મજાહ' ના પાછવા અંક કરીથી તૈયાર કર્યા છે; પાછવા છુટક અંકો બીજી વખત આપવા પોસાવા હોવાથી અમ્બે આનાની કિમ્મતથી છુટક મળી શકશે.

નમુનાના અંક માટે અડી આનાની ટીકીટ મોકલી.

નવીન ગ્રાહકોએ વગર વિલંબે નીચેને સિરનામે લવાજમના રૂ. ચાર ભરી પાછવા અંકો અને ભેટ મેળવવાનો લાભ લેવા. ભદ્રગામના ગ્રાહકોએ ભેટના પોષ્ટેજના ૦-૪-૦ મળી રૂ. ૪-૪-૦ નો મનીઓર્ડર મોકલી આપવો. હિંદુસ્તાન બહારના ગ્રાહકોએ સાત શિલિંગ છ પેન્સ મોકલવા.

જલદી ગ્રાહક થાઓ ! ભેટના પુસ્તકની થોડીજ નકલો સિલ્લકે છે.

આશકની આત્મકથા

નામની સચિત્ર ઇતિહાર નવલકથા ભેટ આપવાનું નક્કી થયું છે. આ પુસ્તકની નકલો ઘણી જ થોડી છે. માટે વહેલો તે પહેલો, બ્યાસ થયે અમો આપવાને બંધાતા નથી.

મોજ-મજાહ કાર્યાલય

ભીરગામ ચર્ચ સામે ખાદાવ બીલ્ડીંગ મુંબઈ નં. ૪

અમદાવાદના એજંટઃ—

નંદલાલ દામોદરદાસ

ન્યુસપેપર એજંટ રતનપોળ નાકા નં. ૨૬—અમદાવાદ.

સુરતના એજંટઃ—

વૃંદાવનદાસ નારણદાસ

ભાગા તળાવ. સુરત.

આજના લેખોનો ક્રમ.

To Let—ભાડે આપવાનું છે.

(ચા. બુસબુસ.)

પત્થરનું પુતળું. (રા. રજનીકાન્ત નાનાલાલ ઉપર)

મુંબાઇનું રાત્રિ દરશન. (રા. ધુપ્તદૂત.)

એક સુંદરીનાં સાદસ ક્રમો (રા. મં. ગો. દેસાઈ.)

રાજસ્થાનની રૂપમુંદરી.

કવા કવિની પ્રેમકથા. (રા. ત્રિવેણી.)

ગુજરાતના જાણીતા લેખક
રા. કનૈયાલાલ મુન્શીની
પ્રખ્યાત ઐતિહાસિક
નવલકથા
પૃથ્વિ વલ્લભ
ઉપરથી
ઉપજાવેલી સુદર્શન ફીલ્મ.

ગુજરાતનું ગૌરવ

સીનેમેટોગ્રાફના હુન્નરમાં

અશોક પીકચર્સ

રાખવાનો દાવો કરે છે.

વડોદરા સરકારની ખાસ
પરવાનગી અને મદદથી
ઉતારવામાં આવેલી પહેલી
ઐતિહાસિક ફિલ્મ જેમાં હાથી
ઘોડા, ઉંટ તથા તજ્જ્ઞો
માણસો
કામ કરી રહ્યાં છે.

ખાસલી તવારીખના ખાસ દેખાવો–ટ્રેસો તથા રીતભાતોની શોધખોળ કરી, અને તેવાંજ ચોગ્ય પાત્રોને શોધી આ ફીલ્મ ઉતારવામાં આવી છે.

વીસમી સદીમાં પ્રગટ થયેલી આ વાર્તા ઘેરઘેર વંચાણી છે.

પૃથ્વિ–વલ્લભ

યા ને

"માલવપતિ મુંજ"

THE LORD OF LOVE & POWER.

ગુજ્જ કરેલી જીંદગી
પુનઃ પ્રેમાળ કેમ થાય
તેનો રસ્તો કોઈ
હમારી બાળ વિધવા
મૃણાલવતીને
બતલાવશે?

પ્રેમ એ શું ચીજ છે?
ભાલા તે કોઈ હમારી
અજ્ઞાન અને નિર્દોષ
વિલાસવતીને
સમજાવશે?

ખરાં હાથીની નીચે
કચરાતો ખરેખરો
મનુષ્યનો હિંદુસ્તા-
નમાં પ્રથમ બનાવ
તેની હુમા તમોને
ખરેખરી આવી
આપીએ ઝીએ.

દુનિયાની મહાન મુશ્કેલીઓ અને આફતો આવવા છતાં પોતે–એક મનુષ્યને મુખી થવાનો જન્મ સીદ્ધ હક્ક છે અને તેથી હમેશાં આનંદમાં રહેવું એ રીતી તમોને હમારો–અરે નહિ, માળવા નગરીનો રાજા મુંજ જરૂર શિખવશે.


મી૦ મણીલાલ ડી. ભોપીએ
આસ ડાયરેક્ટ કરેલી
મહાન ફિલ્મ.
મી૦ વી. બી. ભોપી
હિન્દુસ્તાનના પ્રખ્યાત
સીનેમા ફોટોગ્રાફરની કુશળ
ફોટોગ્રાફી તમોને આફ્રીન
પોકારાવશે.

થોડાજ વખતમાં રજુ થશે
તમારા માનીતા સીનેમા
મેજેસ્ટીકમાં
ગીરગામ–મુંબઈ.
તારીખ માટે છાપાં તપાસજો.

પ્રખ્યાત નટીઓ.
બેગમ કમલાબા–મૃણાલવતી
બેગમ ગુલનાના–જડકલાદેવી
બેગમ જુબેદા–વિલાસવતી
બેગમ જેબુ–લક્ષ્મીદેવી
તે ઉપરાંત હુનરી જાણીતા
નટ, નટીઓનો બહોળો
સંગ્રહ.

આ પત્ર લાઈથ્ઝ પીતાલર ટ્રક્કરે મુંબઇ નં. ૬૭ ગીરગામની પરલ રોડપર લેટી નાર્ટ કોટ હિન્દુ ઓર્ફનેજ કે. ઝેન. રોડપર પ્રેમમા છાપ્યુ છે અને, તંત્રી અબ્બાકર ઓદીલ દ્વિરેદાએ મુંબઇ નં ૪ ગીરગામ ખટાવ ભીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કર્યું છે.

બાર્તા. નાગ્ર અને મીત્રમાના ગોબળીમા નાદે ૬૮ ઇવિવારે પ્રસ્ર ધ્રુ આપવાદિ. Registered No. B. 1829



[૫. ૧ લું.]
તા૦ ૬ ઠી જુલાઇ
૧૯૦૪

પત્થ્રનુ પુતળુ.



હીરાબાઈ—હુ આપની સાથે પનહ તો આપ પાવનદ્રને ગ્રથારતા'
(જુઓ પાનુ ૩ જુ)

[અંક ૧૩ મો.
ચાર નાર
ચાર્ષિક લવાજમ
રૂ. ૪-૦-૦
ચાર નાર્ષ મુંબઇમા
ર આના
બહાર ગામ
૩ ચા આનો

મોજ-મજાહ

રવિવાર તારીખ ૬ ઠ્ઠી જુલાઈ સને ૧૯૨૪.

WANTED

જોઇએ છે

એક ખાલી હૃદય કોઇ-
ભાડે જોઇએ છે.—

હૃદય કોઇ ભાડે જોઇએ છે,
અમોને ભાડે જોઇએ છે.—

જીવનનો કંટ્રાટ કરીશું,
મનમાન્યું ભાડું એ ભરીશું;
મનગમતી જે હોય સહુ સોટ*
ભાડે જોઇએ છે—જોઇએ

આસપાસ વસતી હોય સારી,
હવા પાણી પણ આનંદકારી;
ઉચ્ચ વર્ણ ભાટેજ અલગ કોઇ,
ભાડે જોઇએ છે.—જોઇએ છે

વીશાળ કે રહેતાં ઓ ફાવે,
મકાય જેમાં પૂરેપૂરા આવે;
ખડકીમાંહે નજરોનજરે જોઇ,
ભાડે જોઇએ છે.—જોઇએ છે.

જગમાં ઉઠ્ઠુંદાર ગણાવા;
ગૃહસ્થના પાડોશી થાવા;
નિજ માલેકીની વસ્તુ ખોઇ,
ભાડે જોઇએ છે.—જોઇએ છે

દિવાનો.

* સોટ=સમવડ

પત્થરનું પુતળું

(ડિટેક્ટિવ વાર્તા.)

લખનાર,—રા. મજરાલ ભાવસર ૪૪૬૨

[ગતાંકથી ચાલુ.]

(૧૧)

દીરાબાઇએ પરિહાસથી કહ્યું:—"આપ કેવા માણસ છો? આપની ઓતો અમાપ રનેહ આટલા ગોપાલ કાળમાં આપ કેવી રીતે ભૂલી ગયા?"

માણેકબાઇએ કહ્યું:—"દીરા! એ વાત જોડી દે. એ જન્મ-જન્મમાં ગઇ છે. હવે તેની વાત શા માટે કરે છે?"

દીરાબાઇએ કહ્યું:—"પરંતે એમ સાંભળ્યું છે કે, આપનો એના ઉપર ઘણો પ્રેમ હતો.—

વચ્ચેજ માણેકબા બોલી ઉઠીઃ—"તદન ખોટી વાત. હું કેવળ તને જ ચાહતી હું. જે દહાડે તને જોઇ છે તે દહાડેજ હું તને ચાહું છું. હું ખરી પ્રભુના સૃષ્ટિનું એક માત્ર સુખ યાને બાજે નિદિધ્ય છે. મારી ઓનું ખૂન થયું છે એ ખૂનના ગુન્હા બદલ પાલનહાર કોમાં છે. હવે કંઈ દરકત જોવું છે? હું સહે લાખ્યો તને પરણી શકું તેમ છું."

દીરાબાઇએ કહ્યું:—"તમે કદાચ સહેલાઇથી પરણી હો; પરંતુ હું તમને સહેલાઇથી પરણીજ એ આપે કેવી રીતે ધારવું? ઠીક છે, જો હું આપની સાથે પરણું, તો હું—"

વિનાકારણ માણેકબા દા દા દા અવાજથી હસી પડયા. તેણે કહ્યું:—"જો-તો હું જાણતો નથી. મારી ખાત્રી છે કે, હું મહને પરણીજશ" એમ કહી અટપણી ઉઠી માણેકબાએ દીરાબાઇનો હાથ પકડયો.

દીરાબાઇએ સહજ પણ ચંચળતા દર્શાવ્યા વિના કહ્યું:—હું આપની સાથે પરણું તો આપ પાલનહારને ભયંકરતો!"

"ના, હવે મારાથી કંઈ બને તેમ નથી. તેની વિરુદ્ધ પણ મજબૂત પુરાવાઓ પોલીસને મળી આવ્યા છે."

"પરંતુ આપ સારી રીતે જાણો છો કે એ નિર્દોષ છે."

"ના, ના, ખોટી વાત છે. મારી ખાત્રી છે કે, એ પાલનહારે જ મારી ઓનું ખૂન કર્યું છે."

દીપના અગ્નિથી દીરાબાઇ સળગી ઉઠી. તેણે કહ્યું:—"પાપિષ્ટ! તું શું એમ માને છે કે, પાલનહારે તારી ઓનું ખૂન કર્યું છે?" આમ કહી ગાલો મારી પોતાનો હાથ ઉઘાડી તે કરી ખસી ગઇ. ત્યાર પછી વસ્ત્રની અંદરથી પત્થરનું પેલું પુતળું બહાર કાઢી માણેકબા તરફ આવતા બોલી તેણે કહ્યું:—

"વિશ્વાસ! તું શું એમ માને છે કે, તારી ઓનું ખૂન કરનારી વખતે પાલનહાર પાસેથી આ પુતળું ત્યાંથી ખસી ગયું હતું?"

"એ પુતળું જોઈ ભમતીત બની. બે ચાર ક્ષણો પાછળ હઠી જઈ માણેકજીએ કહ્યું:—"ના-ના, એ હું જાણતો નથી આ પુતળું પહેલાં ક્યાં કદાપિ જોયું નથી."

હીરાભાઇ સિંહની માફક ગર્જના કરી બોલીઃ— "નરાધમ! હજી પણ તું ગુન્હો છુપાવે છે! બરાબર વિચાર કરી જો. તારી સ્ત્રીનું ખૂન કર્યું તે દિવસે રાત્રે તું આ શહેરમાં ડૉક્ટર દોરાબજીને ત્યાં નિમંત્રણ સાચવવા આવ્યો હતો કે? એ રાત્રે ડૉક્ટર દોરાબજીના ક્લિોનથી આવેલા એક મિત્ર પણ ત્યાં હાજર હતા કે? તેમની પાસેથી આ પુતળું કાયું માગી લીધું હતું એ ત્યારે તને યાદ કરાવવું પડશે કે?"

માણેકજીએ કહ્યું:—"ક્યે જ માગી લીધું હતું. તેથી શું થઈ ગયું?"

હીરાભાઈ કહેવા લાગીઃ—"મૂર્ખ! ત્યારે કહેવું બરાબર સાંભળી લે. આ પુતળું એ વખતે માગી લઈ ક્યે તારા ખીસ્સામાં મૂકયું હતું. ત્યાર પછી તારા જેવામાં કાંઈ આવતાં બધાં માણસોની નજર ચુકાવી તું ઘેર જઈને તારી સ્ત્રીને મળ્યો હતો. ત્યાર પછી ક્યે પહાથી પણ અધમ કામ—તારી સ્ત્રીનું ખૂન કર્યું હતું અને કપાટમાંના બાકીના રૂપિયા કાઢી લીધા હતા. ઘરનો સરસામાન ક્યે વેરણ છેરણ કરી નાખ્યો હતો. એ ત્રણેય કાર્ય કરી તું પાછો ડૉક્ટર દોરાબજીને ત્યાં આવી પહોંચ્યો હતો. આમ છતાં તારા પાપની તને સજા મળે એટલા માટે ખૂન કરતી વખતે આ પુતળું તારા ખીસ્સામાંથી પડી ગયું હતું. એ પ્રકાર તું જાણી શક્યો નહોતો. પિશાચ! હવે તું બચી શકે તેમ નથી. તું તારા પાપનું ફળ ભોગવવા તૈયાર થા." આમ કહી રોષાવેશમાંજ એ પુતળું હાથમાં રાખી હીરાભાઇ માણેકજી તરફ આગળ વધ્યો. માણેકજી તેની ભયંકર મૂર્તિ જોઇ પાછળ હઠી જવા લાગ્યો.

કમે હું જ્યાં ઉભો રહ્યો હતો ત્યાં માણેકજી ખરતો ખરતો આવી ચઢ્યો. એવા સુયોગનો ત્યાગ કરવો ઉચિત નથી એમ વિચારી ગુપ્તસ્થાનમાંથી ખજર નીકળી પાછળથી ક્યે તેને પકડી લીધો. તે નાશી જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તેનો એ પ્રયત્ન વૃથા થયો—થોડી રકઝક આવ્યા પછી ક્યે તેના હાથમાં લોખંડી બેડી પહેરાવી દીધી.

(૧૨)

જમીન ઉપર આળોટતાં આળોટતાં માણેકજી ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યોઃ— "ખોટી વાત છે—ખોટી વાત છે, હું એમાંનું કાંઈ જાણતો નથી."

હું પણ પુષ્કળ ક્રોધે ભરાઈ બોલી ઉઠીઃ— "દુરાત્મા! પુરૂષ વેશધારી પિશાચ! હવે તારી ચાલાકી ચાલવાની નથી. તું ગોતેજ તારી સ્ત્રીનો ખૂની છે. ચુપ રહે—એ બૂમ મરાડ પાડીશ તો જીવથી જઈશ." આમ કહી ક્યે ખીસ્સામાંથી પિસ્તોલ ખજર કાઢી.

ક્યે જ્યારે માણેકજી ઉપર ઝુમલો કર્યો ત્યારે તેના ખીસ્સામાંથી તેની ચાદરી નીચે પડી ગઇ હતી તથા તેમાંના કેટલાક કાગળ પત્રો ખજર નીકળી પડયા હતા. એ કાગળ પત્રોમાંથી હીરાભાઇએ સુકાઈ ગયેલા લોહીના ડાઘવાળો એક પત્ર ઝડપથી ઉંચકી લઈ તે જોઇને કહ્યુંઃ—"જુઓ, આ એજ પત્ર છે. પાલનજી અસત્યવાદી નથી. એના નામ ઉપર માણેકજીએ આ પત્ર લખી આપી પાલનજીને રૂપિયા લાવ આવવા મોકલ્યા હતા. જુઓ, પત્રમાં પાંચસો રૂપિયાનો ઉલ્લેખ સુદ્ધાં કરેલો છે."

માણેકજી સમજી શક્યો કે, હવે કોઈ પણ રીતે છટકી શકાય તેમ નથી. ઉપરે લગ્ન કરે તેણે કહ્યું:—"હાય! મારી બધી મહેનત વૃથા થઈ છે. હીરા! ક્યેજ શીશીનું ખૂન કર્યું છે. કેવળ ઘાંટો લીધેજ ક્યે એ કામ કર્યું છે. તને ક્યાંઈ હું મારું સર્વસ્વ ગુમાવી બેસે પણ મરવા જેટો હું. ક્યારી ઓ ક્યને ખુંચતી હતી. તેના પિતાની સંપત્તિના લોભથી ક્યે તેની સાથે લગ્ન કર્યું હતું. દ્રવ્ય લોભથી હું ઉપર ઉપરથી તેના તરફ પ્રેમ દર્શાવતો હતો; પરંતુ ક્યારી મનમાં તેને માટે અતિશય તિરસ્કાર હતો. બીજા એક માણસ તરફ પણ ક્યારી ઘણી ઇર્ષ્યા હોઇ તે પાલનજી હતો. એક બાજુથી બે પંખી મારવાનો બેત ક્યે રચ્યો હતો; પરંતુ બધું વૃથા થઈ ગયું. ક્યારા મનની આશા મનમાંજ રહી ગઈ છે. પાલનજી આ પત્ર લખી આપી હું ડૉક્ટર દોરાબજીને ઘેર ચાલ્યો ગયો હતો. ત્યાં અચાનક જાણી મુલાકાત કરી ક્રરી પાછો બંગલે ગયો હતો. ત્યાં જઈ ક્યારી આંને મુખે પાલનજીએ રૂપિયા લઇ ગયાની વાત ક્યે સાંભળી હતી. ક્યે એ સુયોગનો લાભ લેવાનો વિચાર કરી કપાટમાંથી કટાર કાઢી તેનું ખૂન કર્યું. થયનગૃહમાંનો સરસામાન ઉથો ઉતો કરી નાખ્યો. કોઇ જાએ તો લૂંટ અથવા ચોરી થઈ હોય એમ ધારે એવો દેખાવ ક્યે કરી દીધો. કલાકકમાં બધું કામ આટોપી ઘુસ: હું ડૉક્ટર દોરાબજીને ત્યાં જઈ બધાં માણસોમાં ભળ્યો. હું એટલામાંજ હોઇશ એમ સહુએ ધાર્યું. કોઇના મનમાં સંદેહ ઉપજ્યો નહિ. જો આ પત્રને ડાયરીમાં નહિ રાખતાં બાળી નાખ્યો હોત તથા આ પત્રરૂપું પુતળું અજાણતાં ક્યારા ખીસ્સામાંથી પડી ન ગયું હોત તો ક્યારી ઉમેદ બર આવત અને ક્યારી આશે દુર્દશા થાત નહિ. સદ્દેહાધીપ પાલનજીને ફાંસીને લાકડે લટકાવી હું ક્યારા અતુલ સૌંદર્યનો ઉપભોગ ભોગવત."

હીરાભાઇના મુખ તરફ પ્રશ્નાર્પણ દૃષ્ટિયો જોઈ ક્યે કહ્યું:— "તમારા ઉદ્દેશ સાદ્યન થયો છે. માણેકજીમ ખૂની છે એમ તમે કેવી રીતે જાણી શક્યાં હતાં એ હવે કહેશો?"

હીરાભાઇએ કહ્યું:—"આપે તે દિવસે આપને ઘેર જ્યારે પત્થરના પુતળાની વાત કાઢી ત્યારેજ ક્યારા મનમાં ખટકો લાગ્યો હતો. એટલાજ માટેજ આ પુતળું એ દિવસે ક્યે તમારી પાસે માગી લીધું હતું. આપે જે હકીકત કહી હતી તે ઉપરથી હું કલ્પના કરી શકી કે, ખૂનના રહસ્ય સાથે માણેકજીનો ઘેરો ઘણો સંબંધ જરૂર હોવો જોઇએ. ખૂનની રાતે માણેકજી ડૉક્ટર દોરાબજીને ત્યાં ગયો હતો. એ ડૉક્ટરને હું ઓળખું છું. તેમની સ્થિતિ ત્યારી એક વખતે ઘણી ગંભીર બીમારીમાંથી હું બચી હતી. તેઓ ક્યારા ઉપર ઘણો પ્રેમ રાખે છે. આપને માળી હતી તે દિવસે રહ્યાજ ન હું તેમને મળી. આ પુતળું ક્યે તેમને બતાવ્યું.

પુતળું' જોનારની સાથે તેઓ ઓળખી શકયા. તેમના સિપાઇનથી આવેલા એક બંધુએ આ પુતળું' માણેકબ્હેને આપ્યું હતું' એવી બધર મળતાં હું' તેમના એ બંધુનું' ઠેકાણું' જાણી લઈ તેમને ઘેર ગઈ. તેમને પૂછી જોતાં સદેહે જેવું કાંઈ રહ્યું' નહિ. પછી મ્હેં માણેકબ્હેનને અહીં આવવા માટે પત્ર લખ્યો. તે પછી જે કાંઈ બન્યું' છે એ આપ જાણો છો. આપે અરજ કરી હતી કે, જોવું' આ પુતળું' હોય તેજ ખુશી છે. જો આ પુતળું' આપની પાસે ન હોત તો માણેકબ્હેને ખુશી હશથી પાલવજ્હે મૃત્યુના મુખમાંથી હું' બચાવી શકત નહિ.

મ્હેં કહ્યું:—"બરૂં છે. દેવની મરજી સિવાય આપણી તરવાથી કાર્યનો ઉદ્ધાર થતો નથી."

પછી માણેકબ્હેને લઈ જઈ મ્હેં ઠેકાંમાં નખાવ્યો. પાલવજ્હ છુટો થયો. ઇન્સાફને અર્થે માણેકબ્હેને ફરિયાદી સજા થઈ.

દીરાબાઈનું' પાલવજ્હ સાથે ગુપ્ત લગ્ન થયું'. આ કેસના રમરણવિન્દ તરીકે આ પત્થરનું' પુતળું' મ્હેં મારી પાસે રાખ્યું છે.

સંપૂર્ણ.

અગત્યની સૂચના.

ઉપરા ઉપરી અનેક કારણના તથા છુટક માઠાંની પાછલા અંકની માફગીને માન આપી અમે 'મોજ-મઝહ' ના પાછલા અંકો ફરીથી તૈયાર કર્યા છે; પાછલા છુટક અંકો બીજી વખત બાધવા પડેલા હોવાથી બધ્યે આનાની ડિપ્રમતથી છુટક મળી શકશે.

નમુનાના અંક માટે અડી આનાની ટીકીટ મોકલી.

નવીન ગ્રાહકોએ વગર વિલંબે નીચેને ચિરનામે લવાજમના રૂ. ચાર ભરી પાછલા અંકો અને ભેટ મેળવવાનો લાભ લેવા. બ્હારગામના ગ્રાહકોએ ભેટના પોસ્ટેજના --૪--૦ મળી રૂ. ૪-૪-૦ નો મનીઓર્ડર મોકલી આપવો. હિંદુસ્તાન બ્હારના ગ્રાહકોએ સાત શિલિંગ છ પેન્સ મોકલવા.

જલદી ગ્રાહક થાઓ! ભેટના પુસ્તકની થોડીજ નકલો સિલ્લકે છે.

આશ્રકની આત્મકથા

નામની સચિત્ર ઇતિહાર નવલકથા ભેટ આપવાનું નક્કી કર્યું છે. આ પુસ્તકની નકલો ઘણી જ થોડી છે, માટે વહેલો તે પહેલો, બ્હલાસ રાખે અમો આપવાને બધાતા નથી.

મોજ-મઝહ કાર્યાલય

જીરાગામ ચર્ચ સામે બ્હાવ બીલ્ડીંગ મુંબઈ નં. ૪

અમદાવાદના એજંટ:-નંદલાલ ઠાકોરદાસ

ન્યુસપેપર એજંટ રતનપોળ નાકા નં. ૨૬—અમદાવાદ.

સુરતના એજંટ:—વૃંદાવનદાસ નારણદાસ

ભાગળ તળાવ, સુરત.

નવસારીના એજંટ—દોલતરાય મુલાબ્હરાય દેસાઈ.

પીર મ્હેદાલ્લે-નવસારી.

પરાભાં ધાડ!

(લખનારઃ—રા. મસ્ત ફકીર.)

રાતના બે એક બાજે એ બનાવ બન્યો હતો. ઓચિંતો કોલાહલ થયો. માણસો-ચોર-લુંટારા-ધાડની ધૂમ ચારે ને મારી બારીએ પણ મને પડખામાં કોણી મારી જગાડીને તથા મોહું' મારું' કે, લાયસન્સ મેળવી રાયફલ લઈ આવ્યા છો તે પડે મ્હવાને! હું' ફફડાળાની દુકાનેથી કારતુસ લાવતાં ભૂલી ગયેલો હોવાથી અને ભારે રાયફલ હાથમાં ઉપડી શકતી નહિ હોવાથી મરણીયા થવાનો વિચાર મે માંડી વાળ્યો પણ શું બન્યું' છે એ જોવા ભાર ઉપાડી ગેલેરીમાં ઉભો.

નીચે લોકોનું' જમઘટ્ટ ટોળું' જોયું' પરંતુ' હું' ઉતરના હાથમાં હોવાથી, કોઈના હાથમાં લાકડીઓ, કોઈના હાથમાં ભરી, બે ચાર ફેરીકન સેમ્પ એ બધો બાયલો મ્હેં જોયો. ટોળું' અમારી વાડીમાં રહેનાર માણસોનું' જ લાગ્યું' હોવાથી ધાડપાડુઓ ગયા હશે એમ સમજાઈ ગયું'. એટલે મુળ પર તાર દેતા બીજા પણ 'શું છે,' કહેતા નીચે ઉતર્યા.

ભયંકર બનાવ.

નીચે ઉતરતાં વાડીમાં ભયંકર બનાવ બન્યાની ખબર પડી. ભજનસાલાની રૂમ જે વાડીને નાકે આવેલી હતી તેનું' તાળું' એક લુહાર તોડતો હતો. ભજનની બૈરી રમણા અંદરથી ધ્રુમે મારતી હતી અને બહારના લોકો આશ્વાસન આપતા હતા. તાળું' તુટ્યું', દરવાજાને સાટ્સમાં રમણાનો ગભરાયલો અવાજ સાંભળ્યો. ઓપ મા ઓ કયાં ગયા?" એમ બોલ પાડી તે તેની પાડોશણ સંચાલના હાથમાં સોંપાત થઈ પડી.

"એ કોણ?" બે ચાર જણના મોંદામાંથી આ શબ્દ નીકળી પડ્યા અને હિંમત હોવાથી તરતજ સમજી ગયા કે, ભૈયાઓ જોને બે-ઓ ૪-૬' સંજોગવશથી સંભોધી તેને તેનો પતિ સમજીને બોલ્યો. અમારું ધ્યાન પણ વાડીના કાઉન્ડમાં ઓરડી નંબર પડેલા ખાણી બાટલા તરફ ખેંચાયું અને તરતજ સમજવું કે, પાડોશીએ ઘાડ પાડી ભજનની ઓરડીનું' તાળું' તોડ્યા બદેવત કરી હતી. કબજાએ ખુબજ કરવાથી આજુબાજુનું લોક જાગી ઉઠ્યું' અને ભીડું' કંઈ હાથમાં નહિ આવતાં અકબાકી ખાતા માર્ગ ભજનને દોરી નાખી ગયા હતા. અમારા બચાવ લોકો પહા લઢારૂ અને ધાંધલીઆ! ધાડપાડુ ગયા એ ખબર્યા પછી બારે આબરૂથી લોક અમારી વાડીમાં દોડી આવ્યું અને ધાડપાડુઓ કયાં ગયા હશે, દરિયાર બાજુ હશે કે ડાકી સામે આવ્યા હશે, ભજનના ઘરીર ઉપર કોણ પોહ્યું હતું કે કેમ, ભજન બ્હાર સુતો હતો ત્યારે પછી તેની ઓરડીને તાળું' કયારે મારે મ્યું' હતું' એ બધી પૃછાપ્રશ્ન થવા માંડી ને ડેબુરેજનના આકારમાં ઈન્સ્પેક્ટર સાહેબને જાગવે પરના મેસાજે જઈ તેમને એ કિસ્સો સંભળાવ્યો તથા અમારા પરના કોજદાર મહા મણરાવ એરિસ્ટર મહાના દોવાથી મોટરમાં આવે બાબુ ગુમાનીની બાજા હાકવા પોલિસ પાર્ટીઓને મોકલી આપી.

મુંબાઈના છાપગ્રોમાં પણ અમારા પરામાં પડેલી ધાડના દિલ ધબકાવનારા અને દમ રૂંધી નાખનારા હેવાલો પ્રગટ થયા અને સાથે એ પણ છપાયું કે, બદમાશો છગન નામના એક યુવાન ઉઠેડુને ઉઠાવી ગયા હતા. ગામની સેવા કરવાની આ એક તક છે જાણી મેં અને મારા પાડોશી દલસુખભાઇએ ધરતીને આળુ એક કરી મૂક્યાં. હું અને દલસુખ વહેરે મુંબાઇની ધારાસભાના એક સભ્યને મળી આવ્યાં અને મુંબાઇ કાઉન્સિલની આવતી સભામાં અમારા પરાની ધાડ સંબંધી સરકારને સવાલો પૂછવાની તેમને વિનંતિ કરી.

બપોરે પોલીસ કમીશનરને મળી આવ્યા. જેમણે એ બાબત લક્ષમાં લેવા વચન આપ્યું અને ત્રણ ચાર વાગ્યે સી૦ આઇ૦ ડી૦ માં કામ કરતા અમારા એક પરિચિત માણસને અમારી ઓરડીમાં લઇ આવ્યા તથા છગનની ઓરડી, ખાલી ખાટલો, ભાંખેલું તાળું એ સહુ બતાવ્યું.

રઘુનાથરાવ કડકે પણ ચુંચી આંખ કરી આખી વાડી તપાસી વળ્યા. આઇ ગ્રાસથી છગનલાલનો ખાટલો તથા તેની આસપાસની જગ્યા તપાસી, વાડીના કંપાઉંડની ભીંત પણ આઉંડાસથી જોઇ અને ગંભીર ડાબું કરી પોતાનો અભિપ્રાય જાહેર કર્યો કે, ધાડપાડુઓ જાતના આદિવી પહાણો હોવા જોઇએ; કારણ કે માણસોને ઉઠાવી જવાની આસિયત એજ જાતમાં હોય છે. તેમની સંખ્યા ૮ થી ૧૦ ની અંદર હોવી જોઇએ. તથા ઘણું કરીને તેઓ હથિયાર સાથેજ આવેલા હોવા જોઇએ. થાણાને રસ્તે થઇ પાછા મુંબાઇમાં ગયા હોય એમ અનુમાન થાય છે; કારણ કે મ્હારા એક આસિસ્ટન્ટ બોરીબંદર રેલ્વે સ્ટેશને રહવારે સાડાસાત વાગ્યે આવતી થાણા લોકલમાંથી એક એવી ટોળીને ઉતરતાં જોઇ હતી.

"ઠીક ત્યારે પકડો."

"કયા પકડે?" એમ કહી રઘુનાથરાવે જરા આંખ મારી અને મરાઠી હોવા છતાં શુદ્ધ ગુજરાતીમાં અમને સમજાવ્યું કે, એ પકડાવાનાં કામ કાંઇ સહેલાં નથી. ઘણી મુશ્કેલીની વાત છે. અમે એવી ઘણી ટોળીઓ પકડેલી છે."

* * *

આખરે છગનના અંગ ઉપર શાં ઘરેણાં હતાં વગેરે બાબતની પોલીસ અમલદારને નોંધ કરાવવા અમે સઘળા મારી ઓરડીમાં ભરાણા. કમળાને બોલાવી, એ બીચારી ગઇ રાતના અનુભવથી અડધી ગાંડા જેવી થઇ ગઈ હતી. ડરકાં ખાતાં ખાતાં અને રડતાં રડતાં તેણે એટલીજ માહિતી આપી કે, છગનની આંગળીએ એક તોલાની સોનાની વીંટી, ગળામાં એક જોડો, એક ચાંદીનો કંદોરો તથા હાથે કડું હતું. આ લિસ્ટ થતું હતું તથા છગનનાં બાપને ટેલીફોનથી તાર કરી બોલાવવા કે કેમ એ સંબંધી દલસુખભાઇ અને છગનના સસરા મસલત કરતા હતા, એટલામાં ધીમેથી મુળા જેવો છગન જ હાથરો ખાવરો ઓરડીમાં ચાલી આવ્યો. તેના શરીર ઉપર ફક્ત ગંજીફરાક, ધોતીકું અને ખમે મોટું કાળું બુતજ હતું.

કમળા તેને જોઇ ચમકી રોતી હતી તે મુંગી થઇ ઉભી થઈ ગઈ અને ચેહ્યાં નાટકમાં આવે છે તેમ 'કોણ હ્યારા જ્હાણા તમે?!' એમ કહી છગનને ભેટી તો નજ પડી. તે લાજ કાઢી બાજુની રૂમમાં ચાલી ગઈ.

"તને માર્યો? તારાં ઘરેણાં કયાં? પેલાઓએ તને કયાં છોડ્યો? તું કેવી રીતે છટકી શકયો? એવી પ્રશ્નપરંપરા ચાલુ થઇ.

"એ સાળી ચાવી અને વરસાદની મોહકાળુને શું કહું?" છગન બબડ્યો તથા બનુસ નીચે નાખી તેના ઉપર બેઠો.

"પણ તું આવ્યો કયાંથી?"

"રહામેના જંગલમાં હું ભરાઇ ગયો'તો."

"પેલા બદમાશો કયાં ગયા?" રઘુનાથે ઑફિસરની અદાથી પૂછયું.

"કયા બદમાશો?"

"તને ઉઠાવી ગયા હતા તે!"

"કોને ક્હેને? બદમાશો ઉઠાવી ગયા? આ બધું તમે શું બોલો છો?"

"અરે, પણ કાલે રાતે ધાડ પડી હતી ને?"

"ધાડ? આપણી વાડીમાં? કોણે કહ્યું?"

અમે મુંચાવા લાગ્યા અને અમારા પરામાં ભજવાયલા નાટકનો મુખ્ય નાયક પોતેજ આવું સદ્દિગ્ધ કેમ બોલે છે!

છગન વિશેના મુંચાવાથી મેં તેને ગઇ રાતે બનેલા અથવા બનેલા ધારેલા-અમે કલ્પેલા અનાવની કહાણી અથથી તે ઇતિ સુધી કહી અને એક સાડ્રસિક ભાષાંએ અમારી પરાસ્ત થયેલી તેની પાસે રાતના ને રાતના પહોંચી જવાથી એ બનાવનો છાપેલો સવિસ્તર હેવાલ ક્હે છગનને વંચાવ્યો ને તેથી ચમકવાને બદલે તથા રડી પોતાના ઉપર વીતેલી હકીકત કહેવાને બદલે તે પેટ પકડી હસવા લાગ્યો.

"અલ્યા તું હસતા કસાલા, વેડ્યા સારખે આહે." રઘુનાથે ચારડાઇને કહ્યું.

"અરે વેડ્યા તો તમે બધા છો કાંઇ બન્યુંજ નહોતું."

"એટલે?"

"એટલે એજ કે, કાલે ધાડ પડી જ નહોતી. આ બધી તમારી ખોટી ધામધુમ છે."

"હેં!!!" ચાર પાંચ ડાચાંમાંથી આવો આશ્ચર્યનો ઉદ્ગાર નીકળી પડ્યો.

"ત્યારે આ બધું થયું તું શું?"

"ક્હે શરઆતમાં જ તમને કહ્યું ને, કે સાળા વરસાદ અને ચાવીની મોહકાળુ!"

"કેવી રીતે?"

"હ્યો ત્યારે હું તમને હ્યારી વીતક કહું."

છગને કહેલો કિસ્સો.

બાદ છગને જરા લહેરમાં આવી નીચે પ્રમાણે આગલી કિતની પોતાની વીતક ગમ્મત સાથે કહી સંભળાવી. અને તેની વાત સાંભળવાને કમળા તથા આલુબાલુનાં બૈરાંઓ પણ ઓરડીની બ્હાર બેગાં થયાં.

"અય થૅંનથનપુર પરાના ખોટી બામણ્ય કરનારાં નરનારીઓ! વાત એમ બની હતી કે, ગઇ રાતે આસમાનમાં ચાંદની ચમકની હોવાથી બ્હારને જરા કંપાઉંડમાં ખાટલો નાખી સૂવાનું મન થયું. કમળાએ ન્હાને પણ વાર્યો તથા બધ પણ બતાવ્યો કે, વરસાદ આવશે તો માડી થશે, પણ પવનની ધ્રુજા હોવાથી તથા અમૃત વર્ષાવનારી ચાંદનીનો આવવાદ લેવાની પ્રજળ વૃત્તિ હોવાથી કમળાનું કહેં માન્યું નહિ.

પોતાનો કલાક તો અમે બે માટી મૈરીએ આકાશ રહાસું જોઇ આખરે વરતારો કાઢીયો કે, વાદળાં આઘાં આઘાં અને બહુ ઉંચે હોવાથી પવન બહુ જોરમાં ફુંકાતો હોવાથી, વાદળાંઓ વિખરાઇ જશે, હોજ દૂરના દેશમાં વરસાદ જરી માટે બ્હાર ચાલ્યો જશે એમાં બધ નથી.

આખરે કમળાએ કંપાઉંડમાં ખાટલો બીછાવ્યો, પરંતુ મને તેમ પણ ઓ હરખને! હું ખાટલામાં જરાક આડે પડખે થાઉં એટલામાં બારણું ખખડાવે તે વળી પાછી બ્હારી પાસે આવી અને પોલી કેઃ—"વરસાદ આવશે તો નહિ; પણ કદાચ આવશે તો શું કરશો?"

"અરે! એમાં ગભરાવાનું શાનું? દોડીને બહારુરીયો ઘરમાં પેસી જઇશ."

"પણ બ્હારી ઉંઘ બહુ ખરાબ છે."

"હા, મને પણ બરાબર અનુભવ છે. તે દિવસે નાહક માંથી આવ્યા પછી મારે અડી કલાક સુધી બારણાં ખખડાવવાં પડેલાં અને આખી વાદીના લોક્યા પછી તું ઉઠી હતી."

"તમારે તમે બ્હારયો તાળું મારો."

"હા, એ ઠીક છે."

બાદ અમ મિજલસના નરનારીઓ! કમળા અંદર ઓરડીમાં ગઈ ગઇ તથા દ્રમને બંદર બ્હારથી તાળું મારી કંપાઉંડમાં પોહોંચ્યા. એક કલાક સુધી તો ચાંદાને નિરખતાં નિરખતાં તથા કલ્પનાના ઘોડા દોડાવતા દોડાવતા પવનની ધીમી લ્હેરોમાં ધમધમાટ ઉંઘ આવી ગઇ.

આશરે બે કે ત્રણ વાગ્યા હશે ત્યાં ઓચિંતો હું ચમકી ગાગી ઉઠ્યો. નાક ઉપર બે ત્રણ પાણીના છાંટા પડ્યા તથા આસમાન તરફ નજર કરતાં વાદળ ઘેરાયલું જણાયું, 'કાંઇ નહિ– એકાદ ઝાપટું પડી જશે તો હરકત નથી; તેથી તો ઉલટી ઠંડક થશે.' એમ માની અનુસ માથા સુધી ઓઢી હું પાછો સૂઈ ગયો, પણ ત્યાં તો મેઘરાજાને બ્હારા ઉપર ચીડ ચઢી હોય તેમ ઓચિંતો વરસાદ પૂરજોશથી તૂટી પડ્યો. પવારી અને અનુસ બગલમાં મારી કૂદતે કૂદતે ઓરડી આગળ પટ્ટોન્યો અને 'નવી ઓ ઉઘાડ–ઉઘાડને–વરસાદ આવે છે. કર્યા મરી ગઈ! સાંભળે છે કે!' એવી બૂમો મારતાં મેં બારણું ઠોકવા માંડ્યું. પણ એ રાંડ સાંભળે શાની! એની ઉંઘ કુંભકર્ણની! એટલામાં બારણું ઠોકતાં ઠોકતાં હાથમાં તાળું આવ્યું તથા જેમ વિજળીનું બટન દબાતાં શાની લાઇટ થાય તેમ મોજમાં લાઇટ થઇ કે, તાળું ન્હેજ માથું હતું' તથા મારી બ્હારે ઉઠિને ઘરી હતી. ઓ ન્હેરીબા! મુખા દ્વારા પધારી બારણાને અરેરી મૂકી અનુસ ઓદી હું ખાટલા આગળ ગયો પણ ત્યા ખુદા! કમા જુલમ! મારી બૂમ!

મારે ચોગાનની માફક અનુસ ઓદી રીઝની મૈદક અમારામાં ખાટલાની આસપાસ ફેર ફુદડી ફરી ચાલી રોપેલા લાગ્યો, પરંતુ તે હાથ શાની આવે! વરસાદ પણ ભલે બ્હારા ઉપર વેર લેતો હોય તેમ જોરમાં વરસેજ જતો હતો. બે ત્રણ વખત તો પહેલી જવાના બધથી ગભરાઇ બારણા આગળ આવી ઉભો રહ્યો. હવે કરવું કેમ? કમળાને ઉઠાડું તે પણ નકામું હતું. પાસેવાળા સદગુમાડને ઉઠાડું કે શું કરું? ફરી પાછો ચાનીની શોધમાં નીકળ્યો તથા વરસાદમાં ખાટલાને આખેખેમ ખેંચવા-તાની મારક ચારે બાજુ તપાસ કરી; પણ ચાવી મળી જ નહિ. હવે કરવું કેમ? બ્હાર' તો બરાબર ફસાઇ ગયું! આખી રાત અગસમાં પધારી રાખી પછવ્યા કરું કે શું કરું? એટલામાં એક બીજો વિચાર ચમકો અને તેનો તરવત અમલ કર્યો. પત્થર લઇ હું તાળું તોડવા લાગ્યો. એટલામાં નવી આફત! અંદરથી કમળાએ ચીસ પાડી કે, "ઓય મા ચોર!"

મ્હેં ચુપ મારી કે, "પ્રિયા કમળા, મન ગભરા, એ તો હું ગજન છું."

પરંતુ કમબખ્ત ગાજવીજ અને ગગડાટમાં બ્હારા શબ્દો તેજે સંભળાયા નહિ. હું તાળા ઉપર પત્થરના ઘા લગાવે જતો હતો એટલામાં કમળાની ચીસથી આજુબાજુના સદગુસાઇ જાગી ઉઠ્યા તથા દેકારેન લેમ્પ હાથમાં લઇ બારણામાંથી ડોકું બ્હાર કાઢ્યું. ત્યાં બ્હારં કાળું અનુસ જોઇ તેઓ પાછા ઘરમાં પેસી ગયા તથા બારણાને બે ત્રણ સાંકળ ચઢાવી તેઓ પણ કમળાની સાથે 'ચોર–ચોર'ની ચુમ મારવા લાગ્યા.

હવે કરવું કેમ? મ્હેં સદગુમાઇના ઘર પાસે જઈ બારણું ખખડાવી ચુમ મારી:–"અરે સદગુમાઇ! એ તો હું ગજન છું." પણ સાંભળે કોણ? એક બાજુ વરસાદ, બીજી બાજુ ગાજવીજ અને ગગડાટ. એટે બાજુ ચાવી ચુમ અને મોર ચોરની ચુમો! એ બધા સંજોગોમાં બ્હારે કરવું શું? મ્હેં બાજી સુધરે અવાજે ચુમ મારી 'કમળા' એ તો હું ગજન છું—ગભરા નહિ, પણ કોણ સાંભળે!

સદગુમાઇની ચુમથી તેની બાજુવાળા બાઇસાહબાઇ, બાજીસાહબાઇની બાજુવાળા નથ્થુમાઇ, નથ્થુમાઇની બાજુવાળા કરસનમાઇ અને કમરાનો પડિયો અમથો પરમી બેસોનેમ, 'બાજુ–ચોર–મારો કાપો' ની ચુમો પાડવા લાગ્યા.

બાકીની ઉપલા માળેનાં બારણાં ઉઘડ્યા માંડ્યાં. રહાનિના ચામમાં ગોબે માણે રહેતો એક બંગાળી જાગી ઊઠ્યો પરમથી બ્હાર નીકળતાં બ્હને કેમાગી. તેની સાથે એ મળ્યા પુનઃ ચીજ

એવો કોઇનો અનુભવ તને થયો હોય એ શક્ય છે? તારી પ્રતિજ્ઞા માફ કર—અથવા તો આપણા વચ્ચેની પ્રેમગ્રંથી કેવળ દુઃખદ-અપવિત્ર—"

"મનોરમા," પોતાના હૃદય સાથે તેણીને દાબતાં તે ધીમેથી બોલ્યો, "માફ બોલવું તું સમજતી નથી. તને ત્યજવા માટે હું પરતાતો નથી. આપણા પ્રેમમાં આદિ અને અંત સુધી હું અવિચ્છિન્ન સુખ અને આનંદ સિવાય બીજું કાંઇ પણ જોતો નથી. કોઇ દૈવ આકાશમાંથી ઉતરી આવીને અને એમ કહે કે "મનોરમાના ઉપરનો તારો પ્રેમ છોડી દે, તારા આત્માને પવિત્ર બનાવ અને શાશ્વત સુખને પ્રાપ્ત કર; પણ આ મોહ જળમાં જો ફસી રહીશ તો તારી અધોગતિનો પાર નહિ રહે, તો હું તને શું ઉત્તર આપું તે તું જાણે છે? હું એટલુંજ કહું કે મનોરમાના પ્રેમ અને સંગને માટે તે શાશ્વત સુખોનો પણ ભોગ આપવા હું વધારે પસંદ કરું છું."

"પ્રસન્ન, પ્રસન્ન, મારા પ્રાણ!" ફક્ત હોઠજ હાલતા હોય એટલે ધીમે તે બોલી, અને તેના ઉપર ચુંબનોનો વરસાદ વરસાવ્યો. તેણીની આંખોમાં અશ્રુધારા ચાલી રહી હતી.

"જો કે આટલા ભાવથી હું તને ચાહું છું," તે આગળ બોલ્યો, "અને ત્હલી! તારે માટે લૌકિક કે પારલૌકિક કોઇપણ સુખોના સંપૂર્ણ રીતે ભોગ આપવાને હું તૈયાર છું, તોપણ મારા ગુરૂઓ-મારા ગ્રોહ મને રોકે છે. મારા મનને ગભરાવી મૂકે છે. મારી સઘળી મનોવૃત્તિઓને પણ દબાવી મારા આત્માને દહે છે. આ મારી એક પ્રકારની માનસિક નબળાઇ છે; માટે ભવિષ્યમાં આની અસરથી જ્યારે મારા મુખ ઉપર દિલગીરીનું વાદળ છવાયું હોય ત્યારે હું કોઇ શબ્દ કદાચ અળખામણાં તને ચુસ્તો લાગે એવો બોલી જાઉં તોપણ તારે તે તરફ દુર્લક્ષ કરવું."

"તેં મને તારૂં હૃદય બોલીને આપું ચોકખે ચોકખું કહ્યું તેથી મને ઘણો આનંદ થયો," નજર અને પ્રેમાળ અવાજે મનોરમા બોલી. "હવેથી જ્યારે હું તને દિલગીરીમાં ગરક થયેલો જોઇશ ત્યારે મારી પ્રેમની લાગણીઓથી તને વધારે સુખી કરવાને હું પ્રયત્ન કરીશ. પણ હું તને વિશ્વાસથી પૂછું છું, કે નહિ એવો પ્રશ્ન ફરીથી કદાપિ ન પુછીશ; કારણ કે તારા ઉપરના મારા નિર્મળ પ્રેમ અને સતત ભક્તિભાવનું હું તેથી ભયંકર અપમાન થયેલું માનું છું."

"હું જાણું છું, મનોરમા, કે તું મને ખરા અંતઃકરણથી ચાહે છે;" પ્રસન્ને જવાબ આપ્યો. "અને જો મેં તારે માટે કાંઇ પણ આત્મભોગ આપ્યો હશે તો તેં પણ તેટલોજ ભોગ આપીને તારી ફરજ બજાવી હશે. મનોરમા, પ્રિય દેવી, ત્રણ વર્ષ પહેલાં તારા પિતા મરણ પામ્યા. તારી માતા તો તે પહેલાંજ મરી ગઇ હતી. અને એવી તારી નિરાધાર સ્થિતિમાં તમોના લક્ષાધિપતિ વૈદ્ય રાજકિશોરે તારી પાસે લગ્નની માગણી કરી એ બધું શું હું જાણતો નથી? અને-

"પણ હું તો તે વખતે મારા પ્રસન્નતુંજ ધ્યાન ધરતી તેની સુંદર આંખો તરફ સ્નેહથી જોતાં મધુર અવાજે "જો કે તે મને ચાહે છે કે નહિ તેની તો મને ખબર પણ હતી. પણ જે તો મારા અંતઃકરણમાં પ્રતિજ્ઞા લીધી હતી એક વખત પ્રસન્નને આશા પછી હું મારો હાથ બીજા કોઇને ન જ આપી શકું. વળી રામકિશોર જેવા ધનવાન અને આદર ગૃહસ્થ સાથે મેં પરણવાની ના કહી તેથી મારા કુટુંબ અને સ્નેહીઓ બહુ અચંબો પામ્યા, પણ તે પાડવાનું કારણ હું કાંઇ પણ બતાવી શકી નહિ. જો તે વખતે મને પણ એમ કહ્યું હોત કે જેમ તું પ્રસન્નને ચાહે છે તેમ તે તને ચાહે છે તો તું એટલોજ જવાબ આપત કે પ્રસન્નનો દેવી છે. હું તેને માટે લાયક નથી.

"મનોરમા, આપણે એક બીજાને માટેજ ઘડાયાં છીએ. પ્રસન્ન હસતાં હસતાં બોલ્યો. "આપણી ભાવનાઓ આપણું આપણા રાગ એકજ ભૂમિકા ઉપર વિહાર કરે છે."

"પણ અભ્યાસ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાની લગની તો મને લગાડી હતી," આપણી નામિકા વચ્ચે બોલી ઉઠી, "એક દિવસ, તને સાંભરે છે, ત્હલા, કે જ્યારે આપણે સાથે એક પુસ્તક વાંચતાં હતાં ત્યારે આપણા ચક્ષુઓ મળ્યાં ઉછળ્યાં-આપણું તારામૈત્રિક રચાયું."

"અને તારા ઉપરનો મારો લાંબા વખતનો સ્નેહ મેં કહેવાની હિંમત કરી" તેણે કહ્યું, "અને આવી અચંબા અને અણધારેલી મંગળાષ્ટી તું ચુસ્તો ન થઇ—"

"બસ કર!" ઉમળકાથી તેના મુખ ઉપર હાથ મુકતાં તે બે "તારી માગણી ધરીત કે અથડીત હતી તેનો વિચાર કરવો કરવા હું ન રહી. પણ તરતજ તેં કબુલ કર્યું. તે ઘડીઓ કેટલી સુખમય-મારા અંતરમાં અવનવા આનંદની કે બધી ઉર્મીઓ-જેના તરફ મારો કેટલા વખતથી સતત ઢળી રહ્યો હતો-જેની તરફ મારા હૃદય મંદિરમાં પ્રેમ મૂર્તિ તરીકે હમેશને માટે મેં સ્થાપના કરી હતી તે મને ત્હાતો એમ મે જાણ્યું. તુજ મારી ઇચ્છેલી મૂર્તિ હતો. જ્યારે મેં ભક્તિભાવપૂર્વક પરમેશ્વરની પ્રાર્થના કરેલી ત્યારે તારીજ ઇચ્છા કરેલી. તારા થોડા પણ પ્રેમને માટે હું સ્વર્ગના સુખને પણ લાંતે મારવા તૈયાર હતી."

"આપણી આ કબુલાતો આનંદભરી તો પણ કંઇક અબખે કરતા દેખાડે છે." છલકાઇ જતાં રનેહના અશ્રુ આનંદથી પોતાના હૃદય સાથે તેણીને જોરથી દાબતાં તે તેમના અસાધારણ વીર પ્રેમનું આ નિર્દોષ લક્ષણ હતું.

અપૂર્ણ

મુંબાઈનું રાત્રિ-રહસ્ય

(લેખનાર:—રા. ગુપ્તદૂત)

[ગતાંકથી ચાલૂ.]

(૬)

રાધા વધુ ચાલાક નહી હતી. કામિની ચરિત્રમાં તે પારંગત હોવાથી દૂંક સમયમાં જ તેણે વિનોદચંદને વશ કરી લઈ તેની કપતિથી મોજ-મજાહ ઉડાવવા માંડી. મહાલક્ષ્મી ઉપર આવેલો વિનોદચંદનો બંગલો હવે સુખ્યત્વે કરીને બંધ રહેતો હતો. એ બંગલામાં ધણખરાસને હાથે ચંપકલાલનું ખૂન થયું ત્યારથી સુશીલાના પથ કમાં એકલી રહેતાં ડરતી હતી. નિરુપાયે તે પોતાના પિતાના ગ્રાથયમાં જઈ રહી હતી.

બીજી તરફથી વિનોદચંદ્રે વાલકેશ્વર ઉપર એક સુંદર બંગલો ભાડે લઈ તેમાં તેણે રાધાને રાખી હતી. રાધાની જન્મદાયિની કર્તા પોતાના અસલના રહેણાંકે રહેતી હોઇ વિનોદચંદ્ર તરફથી તેને માસિક સો રૂપિયાની રકમ મળ્યા કરતી હતી.

હવે રાધાનો હાથમાં વધ્યો વધી ગયો હતો. વિનોદ તેની પ્રેક ઈચ્છા પૂર્ણ કરતો હતો. પાણીની માફક પૈસા ઉડાવતો હતો. ઘોકલાલનો ત્યાગ કરી તે રાધાની સાથે છડે ચોક શહેરમાં ફરવા ખીજતો હતો.

રાધા ચાલાકીથી વિનોદ પાસેથી પુષ્કળ રકમ મેળવતી ती तथा એ બધી રકમ તે પોતાના નામ ઉપર બેન્કમાં જમા રાવતી હતી. કોઈકોઇ વખતે ગુજરે હિતવર્ધક નાટક કંપનીનો પેસો નંદકુમાર નામનો એકટર વિનોદચંદની ગેરહાજરીમાં ધાને ત્યાં આવી જતો હતો. પછી ધીમેધીમે તેણે વિનોદચંદ્ર ાયે મિત્રાચારી કરી લીધી. નંદકુમારની સોબતથી વિનોદચંદ્ર ને રાધા ચોકીદાની ગર્જના દિવસોમાં મુંબાઇ તેમજ પુના જવા ાગ્યાં અને ખંડોલા મહોલા ફાવ લગાડી વિનોદચંદ્ર પોતાની તિજો ીનું તળીઉ સાફ કરવા લાગ્યો.

એક વર્ષ જેટલા સમયમાં તો વિનોદચંદ્રે લગભગ બે લાખ પિયાનું પાણી કરી નાખ્યું. તિજોરી ખાલાટ મંડાણ થઈ જવા ાંગી; છતાં એ મૂર્ખમતિ સાવધાન થયો નહિ. રેવું કરોને પણ મોજ-મજાહ ઉડાવવા લાગ્યો. અને એક વખતે તેણે રાધા પાસે દશહજાર રૂપિયાની માગણી કરી. એ વખતે બેન્કમાં રાધાના ામ ઉપર પચીસેક હજાર રૂપિયા હોવા છતાં તેણે વિનોદને એક ાઇ પણ આપી નહિ. પરિણામે આવક માટીક વચ્ચે ભયંકર કરાર થઇ. રાધા વિનોદના સહવાસનો ત્યાગ કરી તેનો માતા સે જઈ રહી. હજ સુધી નંદકુમાર સાથેનો તેનો ગુપ્ત પ્રેમ ંબંધ ચાલુ હતો.

લેણદારોએ વિનોદચંદ્રના નામ ઉપર દરિયાદો ગોઠવી; ણકદર દના થઇ ગયેલી હોવાથી તે લેણદારોને પૈસા ચુકવવાને અશકત હતો. આવા દુઃખદ પ્રસંગે પત્નિપ્રેમાળ સાબી સુશીલા મનાએ પોતાનાં ઘરેણાં ગાંઠાં વેચી નખશીખ પતિને જેલમાં જતો બચાવ્યો. છેવટે સામાન્ય સ્થિતિમાં પત્ની સાથે રહી વિનોદ પોતાના દિવસો પસાર કરવા લાગ્યો. ભૂતકાળનો સ્વપ્ન સમાન વિભવ વિલાસ ચાર દિવસની ચાંદની માફક અદૃશ્ય થઈ ગયો. સ્થિતિમાં આવો ફેરફાર થવા છતાં સુશીલાના પાતિવ્રત્યમાં લેશ માત્ર ન્યુનતા આવી નહિ. ઉલટું પતિને ગુમાવું ન આવે એવી સંભાળથી તે વિશેષ પ્રેમથી પોતાનો ઘરસંસાર ચલાવવા લાગી.

લક્ષ્મી એવી વસ્તુ છે કે, તે જેવા માર્ગથી આવે છે તેવા જ માર્ગે ચાલી જાય છે. નંદકુમારની સલાહથી રાધાએ પોતાના જે રૂપિયા બેન્કમાં જમા કર્યા હતા તે ખરચી એક નાટક કંપની ઉભી કરી; પરંતુ છ માસમાં જ એ નાટક કંપની માસિક ત્રણસોના પગારથી નોકરી કરવા લાગી. નંદકુમાર પણ ગુજરે હિતવર્ધક નાટક મંડળીની નોકરી છોડી રાધાવાળી કંપનીમાં નોકર તરીકે જોડાયો.

White Lane—યાને ભવનું દોજખ.

(૧)

ગોખલેનું હોટલ મૂક્યા પછી ફોર્ટર ગ્રાન્ટરોડથી મજગાવ જતી ટ્રામનો રસ્તો હવે આપણે વેગનો છે. રસ્તાની જમણી બાજુએ આવેલી લગભગ બે ફર્લાંગ જેટલી જગ્યામાં જે થીએટરો અને ઈરાની હોટેલો આવેલી છે. જમણી બાજુએ એક સિનેમાનું થીએટર તથા પચરંગ્યા સામાનની દુકાનો આવેલી છે. ડાબી બાજુએ આવેલી ઇસ્લામી હોટેલો બ્રાગણ કુટુંબો ઉપર પડેલી બે-ત્રણ ઓસી રાતના વખતે ઠેકઠેકાણેથી ચાલ્યા એ મોટરકારના ચોકીદારો અને ઘરબાર વિનાના લહેરી લાલાઓ કામમે અને કરી ચારસ ખાતા નજરે પડે છે. ડાબી બાજુના ઉંચા ઉપર આવેલી મહત્ત્વની હોટેલ પાસેથી આ White Lane અથવા તો સફેદ ગલીની શુરુઆત થાય છે. આ ગલી પૂરેપૂરી પ્રાપ્ત, ક્રિશ્ચિયન, ખ્રાપારીઓ, ચીનાઓ, દરિયાઈ ખારોઓ, ગેવાનીઓ, મુસલમાનો, હિંદુ, તેમજ જુદી જુદી જાતિઓના નાની મોટી વારવિલાસિનીઓથી ભરપૂર છે. આ ગલીનો દિવસનો દેખાવ ખાસ ધ્યાન ખેંચી શકતો નથી; પરંતુ રાતના આઠ વાગ્યાથી બે વાગ્યા સુધીનો એનો દેખાવ ખરેખા અવર્ણનીય જેવો હોય છે. વિક્ટોરિયાઓ, મોટરો, ટૂકીઓ વગેરેનો ઠેકાઠેક જતા આવતા માણસોને ગભરાવી મૂકે એવી હોય છે. વેશ્યાવિલાસ, આખા દિવસ નોકરી કરી પગીનો ઉતારી બે રૂપિયા કમાનારા, બજાર ગામથી મુનર્ષ જેવા આવેલા કેટલાક ગામડીઆ, ટ્રાંસેજમાં અભ્યાસ કરનારા વગેરેથી માંડીને મોટા મુરોપીઅનો ઇન્ડિયનો, પખાજીઓ, પોરસો ને ચીનીઓ પણ અનારા મદેશીઓ, ઉંચા પગારદાર હિંદુઓ, પારેશ્યો આવેલા સ્ટીમરોમાં જન્મ પોતાના ખલાસીઓ વગેરે પણ આ ગલીમાં નજરે પડે છે. કામદેવના આ ખુલ્લા બજારમાં લોકલજ્જાનું ચિહ્ન સર્વાંશે નથી. દરસનાં પુનર્ગ નરકની આશેમાં ભલું સ્વરૂપનું

મુખ ભોગવવા આતુર બન્યા હોય એવા ભાવનો ત્યાં વિસ્તાર થયેલો જોવામાં આવે છે. તથા એ દેખાવ જોતાં આ પૃથ્વી ઉપર જ જીવતા દોજખનું અસ્તિત્વ હોય એવો સ્પષ્ટ ભાસ થાય છે.

મુખ્યત્વે કરીને શનિવારે રાત્રે આ ચેમનું બજાર વિશેષરપે ગરમ રહે છે. આઠ આનાથી માંડી પચીસ પચાસ રૂપિયાનું પાણી કરી નાખવા નીકળેલા વિલાસી કામોન્મત્ત પુરૂષો તીક્ષ્ણ કાકદૃષ્ટિથી પોતાના વ્યસનું પાત્ર શોધતા નજરે પડે છે.

રસ્તે જતાં તમે જો હેટ, પેન્ટ, કોલર, ટાઇ આદિ વિદેશી વસ્ત્રોમાં સજ્જ હશો તો ' Come here ! Dear ! Come on ! ' એવા શબ્દોથી જીવતા દોજખની પુતળીઓ તમારૂં સ્વાગત કરતી તમારી વિકેટારીયા ઉપર હોંકી આવશે અને જો તમે પગે ચાલતા હશો તો તમારી બાજલમાં ભરાશે. આ વખતે એ હસાની મ્હોકી સુંદરીઓના મુખ ઉપર તમે પદ્મપાઉડરના લપેડા જોઇ શકશો. બાજલગિરી કરવા આવેલી સુંદરી તરફ જુલ્મે ચુકમે જો તમે સહજ દ્રિમત કરશો તો તે તમારા અંગને અંગ અડાડી તમારી નાથટ કેપને ઉંચકી જઇ તમને પોતાની પાછળ આવવાની ફર્જ પાડશે.

ગલીની શરૂઆતમાં ડાબી બાજુએ એ મજલાનું એક જુનું શીર્ણ મકાન ઓડયા પછી એવા ઘાટનાં ચાર પાંચ મકાનો આવેલાં છે. એ મકાનો કિંવા વિલાસ મંદિરની વિલાસિનીઓ બાલને સમારી, છાતીની ઉપરનો ભાગ ઉઘાડો રહે એવા રતિરસોત્પાદક વિભ્રમ પોષાક પહેરી બ્હારના ભાગમાં આરામખુરસીઓ ઉપર આડી પડી હશે અગર તો શિકારને જલ્દી ગિરફતાર કરવાના હેતુથી એટલામાંજ ક્વિક માર્ચ કરતી હશે.

થોડે દૂર આગળ વધતાં જમણા હાથ તરફ ચીનાઓનું જુગારખાનું આવેલું છે. ચીનાઓના ધર્મશાસ્ત્રમાં જુગાર રમવાની છૂટ હોવા થી બ્રિટિશ ગવર્નમેન્ટ તેમનો એ વ્યવસાયની આડે આવતી નથી; પરંતુ એ જુગાર ખાનામાં ચીનાઓ સિવાય બીજી કોઇ કોમના માણસથી દાખલ થઈ શકાતું નથી. એ જુગાર ખાનાની બ્હારના રસ્તા ઉપર જ બે ત્રણ ચીનાઈ અને જાપાનીઝ હોટેલો આવેલી છે. ત્યાંથી આગળ વધતાં સાબરમતી, બરોડા કે કુડેરીની બ્હેલ્લી લોખંડના સળીઓવાળી બેઠા ઘાટની કોટડીઓ નજરે પડશે. કેરોસીન લેંપના ઝાંખા પ્રકાશમાં કેટલીક ગરીબ અર્થલોલુપ દૃષ્ટિથી 'ફિડરે યે' 'કુદે જનતા ?' એવા પોકાર કરી જાણે તમારી દયા ઉપર દહાડા ગુજરતી હોય એવો ભાવ દર્શાવતી. આસપાસ આવેલી કામાટી પુરાની હસાની મ્હોકી કદરૂપ અંગવાળી પિશાચિનીઓ ઝિભરત હાવભાવ દર્શાવતી તમારી પાસે આવશે. એ વખતે જો તમે તમારા મનનો સહજ પણ કાબૂ ગુમાવ્યો તો તમારો તબેલો સાફ થઇ ગયેલો સમજવો.

વાંચક ! ભોગભોગે તું એવી કોઇ પિશાચિનીના પંજામાં ફસાયો તો તે તને નછટ્ટ આવેલા પોતાના ખર્ચાકમાં લઇ જશે. એવા ઘાટનું વગર માળનું એ મકાન ત્રજીમામાં વહેચાયલું હશે. બંદીખાનાની જાણી ઉઘાડી અંદર પ્રવેશ કરતાં તને ડાબા કે જમણા હાથ તરફ એક માસિક ચાર રૂપિયાના ભાડાનો પલંગ દેખાશે. પલંગ ઉપર કે પલંગની નીચે ફેતરજી ઉપર તું એક પ્રૌઢ ઉમરની સ્ત્રી તથા પુષ્ત ઉ એક મવાલી જોઈ શકીશ. એ પ્રૌઢા સ્ત્રીની આંખોમાંથી અને રોમેનો ભાવ દેખાશે. તેના બન્ને ગાલ ઉંડા ઉતરી જણાશે. પાનપટ્ટીના તથા તમાકુ સુનાના સતત ઉપયોગને લીધે મુંઢાની ભરાઈ જવા ઉપરાંત દિવાલ ઉપર પૂણ્ય ગાય પો દેખાશે. દિવાલને અડતી એક રમની બાટલી અને બે ચા. ટીગ્લાસ પડયાં હશે. જે મવાલીનો ઉલ્લેખ કરવામાં છે તે જાણે નરકમાંથી સાક્ષાત શયતાન તરીકે કુટી નીક હોય એવો નજરે પડશે. એ પિશાચરૂપધારી શયતાન કુરૂ. ઉન્તેજન આપનાર હથવાન હોય અથવા જીવતો પશુ હોય લાગશે. ચોરી, લુચ્ચાઇ, મારફાડ અને છેવટે ખુન મરામી કરવા પણ તે પાછી પેહાની કરશે નહિં. તેની ઉંડી ગયેલી આંખોમાં વચ્ચે પ્રકારની વિલક્ષણ ભપ્રેકરતા તરી આવશે. તેની પાસે પડેલો જુગાર રમવાની તેની કુટેવનો પરિચય કરાવશે. એ મવાલી દેહવિક્રય મંદિરનો રક્ષક ગણાય છે. તે ચોતીસે કલાક પે એ પાપ મંદિરમાં પડયો પાંથરીને રહે છે.

મુંબાઈ શહેરમાં કાયદા પ્રમાણે લંડન હોટેલ રેલ્વે હોટેલ ને કેટલીક હોટેલો રાતના બાર વાગ્યે બંધ થઈ જાય છે અને ત્યાર બ્યસની મદપી મનુષ્યોને પેગ સપ્લાય મળી શકતી નથી; આ સદ્દેહ ગલીમાં, કેટલાંક એવાં સ્થળો છે કે જ્યાં આખો દિ. અને આખી રાત વ્યસની પદાર્થો મળી શકે છે. ફક્ત માત્ર એટ જ છે કે, એવા સ્થળે બજારબાર કરતાં દોઢી કે બમણી કિં આપવી પડે છે.

આ લખનારના જાણવા પ્રમાણે વારંવાપિતાઓના વ્યસ માટે રાતના બાર વાગ્યા સુધીનો વખત નક્કી થયેલો છે; અ. જતાં કેટલીક વિલાસિનીઓ જે તેમને ત્યાંનાં માગ્યા પૈસા મળે તે તો કાયદાનો ભંગ કરી કબજાનુસાર વર્તે છે. ઉપર જે બ્લોકનું અમે વર્ણન કરી ચુક્યા છીએ તેવા એક-એક બ્લોકમાં બબ્બે ત્રણ ત્રણ-ભાગમાં ત્રણથી ચાર વિલાસિનીઓનો મુકામ હોય છે. કેટલીક વખતે તો એક બ્લોકમાં બન્ને બાજુએ બે આકર્ષ આવેલાં નજરે પડે છે !

કોનર ગ્રાન્ટ રોડના પ્રસંગમાં વારંવાપિતાઓનું જે વર્ણન અમે કરી ગયા છીએ તેનું અત્રે પણ સમજવાનું છે. White Lane માં કિંવા આ જીવતા દોજખમાં ફરનાર પુરૂષો અને તો રહેતી વિલાસિનીઓનો સોદો લગભગ તેનું ટકા જેટલો હાજ ગરજીનાં ચેપી દર્દોનો ભોગ થઈ પડેલો હોય છે. પાશ્ચવર્તિને વ્ય થઇ અનેક બી પુરૂષો અપમાત્યર આયરી પોતાના સમરત જીવનની પાયમાલી અને ખાના ખરાબી કરી નાખી પરિણામે અપર દુઃખ ભોગવે છે.

આ સ્થળે બનતા કેટલાક રોમાંચકર અદ્‌ભુત પરંતુ યથાર્થ બનાવો હવે અમે વાર્તારૂપે વર્ણવીશું. અપૂર્ણ.

(આ રહસ્યપૂર્ણ લેખનો આગલો ભાગ વાંચવા માટે અમા આવતો અંક વાંચો)

કડકા બાલુસ કવિની પ્રેમકથા.

(એક પ્રહસન.)

લખનાર:-ર૦ દિવાના.

પાત્રો.

હારૂન—કડકા બાલુસ કવિ.
મીરઝાં—પ્રેમનો દલાલ.
ગુલઝાર—મીરઝાંની પુત્રી.
ફૂહીમન—મીરઝાંની પત્ની.

ગુલઝાર— ઠોલે ચઢયું ચકડોલે,
આ લોખનું
ઠોલે ચઢયું ચકડોલે.

મનમાં શું થાય તે આ મુખથી કહેવાય નહીં,
ઠોઈ કોઈ છૂપી છૂપી બોલે—આ૦
માણે તે જાણે મુંગાં ખેરાં તણી વાત એ,
બેહુ વીનાં ભરમ કોણ બોલે—આ૦

હવે મારે શું કરવું? આ જવાની એજે જાય છે, માટે વરવું કે ચરવું?

ફૂહીમન—કમ બેટી, શું થાય છે?

ગુલઝાર—અમ્મા, હવે તો મારા શરીરમાં ન ખમી શકાય તેવું ભીનું ભીનું દર્દ થતું દેખાય છે!

ફૂહીમન—બેટી, ચિન્તા ન કર. મેં એક શાયરને તને શાયરી શીખવવા માટે બોલાવ્યો છે; તારા બાપા તેને લાવશે, તે તને શાયર બનાવશે અને ત્યાર પછી આ ફૂહીમન તને એકાદ નવાબની બેગમ બનાવશે!

ગુલઝાર—મારે શું શાયરી શીખ્યા વિના નવાબની બેગમ ન થઈ શકાય?

ફૂહીમન—નવાબોને શાયરીનો ઘણો શોક હોય છે; તેથી જો એ હથીયાર તારા હાથમાં હોય; તો ગમે તેવો નવાબ તારો ગુલામ બની જાય!

ગુલઝાર—પારે અમ્માજાન શાયરને કયારે લાવશે?

(મીરઝાં પ્રવેશ કરે છે.)

મીરઝાં—તસલીમાત મારી મંજૂરે નજર ફૂહીમન અને બરોબર ગુલઝાર!

ફૂહીમન—કમ, કઈ શાયરને લાવ્યા કે ખાલી હાથ હીલાવતા જ આવ્યા આપા!

મીરઝાં—કિસ્મત શાયરોનો એક મુશીયર આવી પહોંચ્યો છે; રખડતો ને ભટકતો એક શાયર આવી પહોંચ્યો છે.

ફૂહીમન—તે કયાં છે!

મીરઝાં—પેલાના જોરદાર અવાજને કમસ્તનમાં મોકલ્યો છે!

ગુલઝાર—પણ તે કયારે આવશે, અબ્બાજાન!

મીરઝાં—દમકુંયો પદેલાં અને પદેલાંની પેરવા!

(હારૂન પ્રવેશ કરે છે.)

હારૂન—મીરઝાં મદમસ્તનું કયાં છે મકાન!

મીરઝાં—આવો, આવી પદોંચો! ઝરૂર શાયરને ઇંતજાર!

હારૂન—તસલીમાત, આવો આવી આનજાન!

ફૂહીમન—તસલીમાત, ગુલઝાર, અમ અદેરબો. શાયરો જોયઝે પાનદાન!

ગુલઝાર—જેવું રૂપાળું, રંગીલું, અને છબીલું જોબનવાન છે!

ફૂહીમન—જેવો નખશીખ, અમ્મલેસો, જવાન આશીકાન છે!

ગુલઝાર—અમ્મા, જે આ હાજિર પાનદાન છે.

મીરઝાં—આપ સાદેમ શાયરોના ઉસ્તાદ છે અબ્બાજાન વિદ્વાન છે!

ફૂહીમન—તો હું કયાં કહું છું કે, એ હજામ છે!

ગુલઝાર—જોયું આપને આપણનું માન, આવડુંજ અમ્મા હવાન, આમણ માન કેવું કે જાણીયે તે તો ખરેજ અજાન!

ફૂહીમન—પણ કરિશ્મા! તમને પ્રેમની શાયરી આવી છે ખરી કે?

હારૂન—પ્રેમની શાયરી? હે—હે—હે પ્રેમની શાયરી એ તો મારા ડાબા પગનું કામ છે! પ્રેમના શાયર તરીકે જાહેરનું મેળવ્યું આખી દુનિયામાં નામ છે!

શાદીની કિસ્મત અને, ફિરદૌસીનો કાબ,
દુશ્મન છું હાફેઝનો, જમીનો ખાનસાબ!
મૂજે મારા નામથી, કરે ગોમર ખત્યામ,
બાજે મારા નામનો, ડંકા ઓડે જામ!
મારી શાયરીનો કરૂં, જે પૂરો વિસ્તાર,
બીજી જાય જબાનમાં, વર્ષો અઢા બાર!

મીરઝાં—પણ ઉસ્તાદ! અબ્બાજાન ખુશામતનો કિંમત વધારે વખણાય છે!

હારૂન—ખુશામત! અરે ખુદાના તે મારા ખાનની કે આપની!

મીરઝાં—બસ તે-
અલાહ છે એજ મારી કે ખુશામતમાં કમાલી કરજ;
મરોની ઝેક કરવુત ની ખુશ મઝ કરે કલાકી કરજ!

ફૂહીમન—ચારે ઉસ્તાદ તમે મારી ગુલઝારને કવિતા તો કમ આપો.

હારૂન—જેવું કર્મણ, આવી પરેરહન ચાલે! તમે મેરા ને બંને આપો.

ફૂહીમન—અચ્છા, લઢાણી હવે તમારી ગુલને કર હારૂન. બજારમાં આવતા કરવા અને કલાકી કરજ નજર આપે.

મીરઃ—પણ ભૂલી કે, મારા પહેલાં તો તારે નવ્વાબ જુલપુકરની બેગમના મહેલમાં હાજર થવાનું છે!...

કૃદીમનઃ—હા, ઠીક યાદ અપાવીઃ તારે તો બુદ્ધી આવી!

(કૃદીમન અને મીરઝાં જાય છે.)

હારૂનઃ—ચાલો તારે હસીના ગુલજર, શાયરીનો સાથક ખવા ચાલો!

ગુલજરઃ—ઉસ્તાદ! મારી અમ્મા છે બાગલ અને મારો પ છે બાગવખાનામાં મોકલવા લાયક ગરિા!

હારૂનઃ—એથી તમે શું કહેવા માગો છો?

ગુલજરઃ—એજ કે, તમે ફક્ત પ્રેમનાં પોથાંજ ઉથલાવ્યાં કે કાંઈ અનુભવ પણ પ્રેમનો મેળવ્યો છે?

હારૂનઃ—આ તમારા બન્દાએ પ્રેમની ધાણીમાં પોતાને અઢાર વરસ સુધી કેળવ્યો છે! બાદિમ પ્રેમના અનુભવને તો માતા ાંથીજ સાથે લાવ્યો છે!

ગુલજરઃ—તારે તો તમને પ્રેમના ફરિસ્તાએ ધણોજ સારો ાયો લગાવ્યો છે! (ગુલજર હારૂનના ગાલપર તમાચો મારે છે.)

હારૂનઃ—ઉસ્તાદના ગાલ પર જમાવ્યો તમાચો?

ગુલજરઃ—જી હાં, ઉસ્તાદ! હવે પ્રેમના તજ્ઞાના તાલ ા નાચો!

હારૂનઃ—આશક, બસ જરૂર આશક; મનમાં તો કંઈ કંઈ થાય ; પણ જરા દાબુને વધારે દાબવો જોઇએ; કારણ કે, વધારેનું ા વધારે છે. હું તમારો ઉસ્તાદ છું—ઉસ્તાદની જરા શરમ ો!

ગુલજરઃ—એ રાંડ નકટી શરમને હવે ચૂલામાં નાખો; મનો મીઠો રસ ચખાવો અને ચાખો.

હારૂનઃ—આખ્યો'તો ઉસ્તાદ થવા પણ બનાવી દીધો ચેલો; ગુલજરઃ—નસીબ મારૂં સારૂં કે આ વાર મળ્યો અલબેલો;
હારૂનઃ—પાઠ પ્રેમનો જાન, તને હું ગાલી હાથ શીખાડું;
ગુલજરઃ—નાખી ગળામાં હાથ રસીલા રંગ રોજ રમાડું!

ખીલેલું જોબન કુસુમ આ
સરસ સુગંધિત ભ્રમર વિના કરમાય;
ભૂખી ચોળી નવ અંગ સમાય,
મનડાંમાંય નવીન કાંઇ મધુર મધુર દરદ થાય;
કોઈ તખીબ કરે તેનો ઉપાય,
કમલિની ગુલઝાર પ્યારી તારો કાળો,
હું ભ્રમર વાહ હકીમ—ખેલેલું—જોબન.

હારૂન—પણ જો જે આજના કેફને ભૂલી ન જરો.

ગુલજર—મારા બાપના જ્યાંથી કે મારી અમ્માના ફરેબમાં ાંથી મારા પ્રેમથી ડૂલી ન જરો.

હારૂન—આજે તો સારો ચાલ્યો આ શાયરીનો પાઠ!

ગુલજર—જો જો કે આ પાઠથી આપણો કેવો વધે છે ાઢ ! અરે પણ જો મોરાં મા બાપ આ વાત જાણશે, તો જરૂર ા બાંધી લાગશે.

હારૂન—બંદા લગ્ન કરવા માટે કાજીને બોલાવશે.

ગુલજર—ત્યારે તો—

પ્યારા મારા રંગેથી સાથે રમીશું,
હારૂન—પ્યારી મારી થાળીમાં સાથે જમીશું;
ખૂબ કરીશું આરામ બાદાના ભરીને જામ,
ગુલજર—સાડી બનારસની હું મંગાવું;
શાલ ઓઢું કાશ્મીરી હું બાસ,
હારૂન—પ્યારી તારી બધી પૂરૂં હું આશ-પ્યારા
આશક માશુકની લીલા કરીશું;
ગુલજર—ગાડી ઘોડામાં ફાંકે ફરીશું;
હારૂન—ચોક ચાંદનીની રહેલો કરીશું;
ગુલજર—મોજ માણીને,
હારૂન—સાથે મરીશું.
ગુલજર—એવી ન વાણી વદો રેલાણી,
મરે દુશ્મનને આપણે હસીશું—પ્યાર
અપણું.

(ત્રીને પ્રવેશ આવતા અંકમાં)

વગર ઈજાએ બાલ કાઢવા માટે

બાદશાહી સાબુ.



વાપરો

બાદશાહી સાબુ વાપરવાથી ચામડીને કાંઇ પણ નુકશાન થતું નથી પણ સુંવાળા બનાવે છે.ગુપ્ત ભાગોના વાળ સહેલાઈથી કાઢે છે

કિંમત બાક્સ ૧ નો રૂ. ૧)
પોસ્ટેજ ૦।

બાક્સ ચારના રૂ. ૩)
પોસ્ટેજ માફ

દરેક કેકાણે વેચાય છે.

સી. સી. મહાજન એન્ડ કું૦
શેખ મેમણ સ્ટ્રીટ મુંબઈ ૨.


આ પત્ર જાદવજી પીતાંબર હસ્કર મુંબઈ નં. ૯૩ ગીરગોકાણી પરેલ રોડપર વેદી નોર્થ કોટ પ્રિન્ટિંગ પ્રેસ જે. એન. ફેસર પ્રેસમાં છાપું છે અને તંત્રી જ્યશંકર ખોડીદાસ દ્વિવેદીએ મુંબઈ નં. ગીરગામ ખેતવાડ બીજીગલીમાંથી પ્રસિદ્ધ કર્યું છે.

મુંબઇનો માનીતો આલીશાન પીકચર મહાલ
"મોજ-મજાહનું" માનીતું મંદીર ગ્લોબ સીનેમા સેન્ડહર્સ્ટ રોડ.

પ્રજાપ્રીય પરીચયકર સીરીયલ સ્ટાર

રૂથ રોલેન્ડ

ના દીલ ધુજાવનારાં અદ્‌ભુત પ્રાકમો.



મુંબઈમાં પહેલ વહેલાજ વાર થતુ થતો નવલ નવી "પાથે" સીરીયલ જેણે ગાજે ત્રણ ત્રણ અઠવાડયાં થયાં લોકોમાં જબરી ચકચાર જગાડી છે.

નવલ નવી સીરીયલ તીલેસ્માતી ટેકડી કેરૂ આવ્યું.

એપીસોડસ—૧૦-૧૧-૧૨ નવા છ ભાગો સાથે નવલ નવી પાથે કોમીક "પોપસકુલ એન્ડ."

હિંદુસ્તાનમાં પહેલો બનાવ ! એક મહાભારત અનુપમ ચિત્રપટ !

—કારણો—

૧. જાણીતા લેખક શ્રી. કનૈયાલાલ મુન્શીની ઐતિહાસિક સુપ્રસિધ્ધ નોવેલ પૃથ્વિ વલ્લભનું અદ્‌ભુત ચિત્રપટ.
૨. લંડના અને જાણીતા આર્ટીસ્ટોના ભેગા મળથી ઉતારવામાં આવેલી પહેલીવાર મહાન ઐતિહાસિક ફિલ્મ.
૩. જાણેલાં, ગણેલાં અને કેળવાયેલાં, ખાનદાની નટ અને નટીઓનો ખ્હોળો સમૂહ.
૪. ઈંગ્લેન્ડની લાઇટથી લીધેલાં ચોકસ ચિત્રો- મુંબઇમાં પહેલીવાર.
૫. બરોડા સરકારના અમર્ય હાથી, ઘોડા, ઉંટ, જનાવરો તથા લશ્કરી માણસોની મહાન મદદ.

આ કંઈ આઠ દહાડામાં ઉતારેલી ફીલ્મ નથી-પણ મહીનાઓની તૈયારી પછી જર અને જેહમતની દરકાર કર્યા શિવાય, હજારો આફતો અને મુશ્કેલીઓ પસાર કરી ઉતારવામાં આવેલી મહાભારત ફિલ્મ; તમોને ખરેખર આશ્ચર્ય પમાડશે.

પૃથ્વિ વલ્લભ

PRITHVI VALLABHA

બાળ વિધવા મૃણાલવતીના
મુકાયેલા હૃદયને પુનઃ
પ્રેમાળ કરનાર રાજા
મુંજને શું બહલો ભાગ્યો
તે આ ચિત્ર તમને કહેશે.



જાણીતા આર્ટીસ્ટો:
મી૦ મણીલાલ ડે. જોશી—
પ્રખ્યાત ડાયરેક્ટર
મી૦ વી. બી. જોશી—
કાબેલ ફોટોગ્રાફર
મી૦ આર. જી ટાર્ન્સ—
અનુભવી સુપરવાઇઝર
મી૦ શીરર—સીનારીસ્ટ
મી૦ રમાશંકર ચોધરી—
અન્ડા આર્ટીસ્ટ
તે ઉપરાંત
મી૦ કનૈયાલાલ મુન્શીની જ
ગીતી ઐતિહાસિક કલમ

આવે છે ! આવે છે!

ટુંક સમયમાં આવે છે !—

માલવપતિ મુંજ

The Lord of Love & Power.

અજ્ઞાન અને નિર્દોષ વિલાસવતીને પ્રેમનો પાઠ શિખવનાર રસનિધી (રાજા ભોજ) ને શું ઇનામ મળ્યું તે તો ફિલ્મ જોવાથીજ ખાત્રી થશે.

પ્રખ્યાત નટ નટીઓ.
રાજા મુંજ—મુંબઇના જાણીતા સેન્ટ્રો મી૦ ચાગજે
મૃણાલવતી—બેગમ ફાતીમા
વિલાસવતી—બેગમ ઝુબેદા
જક્કલદેવી-બેગમ ગુલતાના
લક્ષ્મીદેવી— મીસ જેનુ
તે ઉપરાંત જાણીતા અને માનીતા નટ, નટીઓનો ખ્હોળો સમુદ.

બુકીંગ માટે

સીનેમા મેજેસ્ટીક

ગીરગામ—મુંબઈ.

અશોક પીક્ચર્સ

મુંબઇ.

વાર્તા, નાટક અને સૌનિમાના શોખીનો માટે દર રવિવારે પ્રગટ થતું સાપ્તાહિક. Registered No. B. 1829

ચિત્ર-ચમત્કૃતિ

[પુ. ૧ લું.]
તા૦ ૧૩ મી જુલાઇ ૧૯૨૪.

કટકા કવિની પ્રેમ કથા



ગુલબાઇ.

[આંક ૧૪ મો]
અષાઢ સુદ ૧૪

વાર્ષિક લવાજમ
રૂ. ૪-૦-૦

છુટક નકલ મુંબઇમાં ૧ આનો
બહારગામ સવા આનો

આજના લેખોનો ક્રમ.

For Sale ... ... (રા. લિખીતો)
એક સુંદરીનાં સાહસ કથો. (રા. મંજુલાલ ગો. દેસાઇ)
ગો-રેડ બેડી રાણીસિંહ..... (૨૫. ભરતખમ)
લાવણ્યમયી ... ... (૨૫. બ્રજ વિહારી)
કટકા કવિની પ્રેમ કથા.... (રા. લિખીતો)
મુંબઇની રાત્રિ-નજારા ... (૨૫ મુખ્તાર)

મોજ-મજાહ

રવિવાર તારીખ ૧૩ મી જુલાઈ સને ૧૯૨૪.

FOR SALE

વેચવાનું છે

જીગર એક વેચવાનું છે;
મળે કોઇ ખરીદનાર,
જીગર એક વેચવાનું છે —૧

હજૂ ઉઘડ્યું, ન ઉઘડ્યું છે,
અછૂતું છે, અમૂલું છે;
છે નિર્મળ આયના જેવું,
જીગર એ દર્દ જ્યાં જવાનું છે —૨

સુકેમળ પુષ્પ શું, છે—
મસ્ત મદિરા શું, અને ભીનું;
મધુરું દ્રાક્ષ શું, ને—
રંગમાં રંગત નવાનું છે.—૩

નથી કંઇ આકરી શરતો,
નથી કંઇ આકરા ભાવો;
શરત 'ને ભાવમાં એ, કે—
ભૂલાશી ભૂલવાનું છે.—૪

ખરીદી ત્યાં ગયું રહાર,
જઈ રહાર થશે રહાર;
પછી રહાર અને રહાર—
સહુ તેનું થવાનું છે.—૫

દિવાનો.

એક સુંદરીનાં સાહસ કર્મો

પ્રકરણ ૯ મું. (ચાલુ)

સ્વીકાર અને યાદગિરિઓ.

"ફક્ત આપણા આંતરિક પ્રેમથીજ આપણે એક બીજાને આટલાં બધાં ચાહતાં થયાં છીએ એવું નથી." તેટલામાં ભાવથી પોતાનો સ્નેહ બતાવતી તે મુગ્ધા બોલી ઉઠી; "પણ આપણી સામે આવેલા ભણે.—આપણે ખેડેલા ખેમણે—આપણે લીધેલા કડવા અનુભવો—આ બધાએ આપણા પ્રેમને વધારે ગાઢ અને દ્રઢતર બનાવ્યો છે. આપણે બે વર્ષ સુધી આપણા પ્રેમ છૂપો રાખ્યો પણ તેટલા વખતમાં આપણા ઉપર શી શી આફતો આવી. તારા ઉપર કેટલી બધી આંખો દેખરેખ રાખતી હતી—તારા નજવા કામ પાછળ કેટલા બધુસો યુગતા-તારી દ્રષ્ટિ પાછળ કેટલી નજરો-તારા મુખમાંથી બહાર પડતા નજવા શબ્દો કેટલા કાનને ચમકાવતા, પણ આપણા ઉપર આવી સખત દેખરેખ રાખનારાઓને પણ આપણે લાગ બે વર્ષ સુધી દઈ આવ્યા-હજાત કર્યા અને તેમની બધુસોની બળને તદ્દન બિનહિસ્યાર કરી નાખી."

"તેજ બતાવી આપે છે, મનોરમા, કે આપણો પ્રેમ કેવો મજબૂત હતો," પ્રસન્ને કહ્યું. "મારા પ્રત્યેક કાર્ય ઉપર નજર રાખનારા હજારોને મેં છેતર્યા. પણ છેવટે તેની હદ આવી રહી અને આપણો પ્રેમ સંજોગ બહેર થઈ ગયો."

"પેલા રામકિશોરે તો મને કોઇ પણ ભોગે પરણવાના સોગન લીધા હતા," પોતાના સુંદર અવયવો ચમકાવતાં પૂછ્યા કર્યાવતી તે બોલી. "પણ ઈશ્વર જે કરે છે તે સારાનેજ માટે," તે મૃદુ સ્વરે તરતજ બોલી; "કારણ કે આપણા ઉપર બધ્ધાં રાખીને તેનો હેતુ આપણને શિક્ષા કરાવવાનો હતો પણ તેથી તો આપણને ઉલટું વધારે સુખ મળ્યું; તેની ઝેવી વર્તણુકથી આપણે ત્યાંથી નાસવું પડ્યું; પણ હવે તો આપણા પ્રેમ ઉપર હાક પોકારો કરવાને બદલે આપણે ખુશી રીતે એક બીજાને ચાહીએ છીએ એવું દુનિયાને જણાવવાનું આપણું હરીફ નહિ. કેમ ખરું કે નહિ, દ્રલાલા!"

"બરાબર છે, મારી રૂપ મૂર્તિ!" તેબુનીસા દર્યા-માદને વધાની તેનાં તે બોલ્યો. "અને આપણે એ પણ બૂરી જવું જોઇએ કે રામકિશોરનાં આવાં વર્તનથીજ આપણે નાસી જવું પડ્યું અને તેથી આપણને આવું સ્વતંત્ર સુખ ભોગવવાની તક મળી. તેથીજ જુદા જુદા દેશ, તેમની ભાષા, જુના ઇતિહાસ, સાહિત્ય, કળા વિગેરેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો લાભ મળ્યો. કેટલા દિલગીરી એટલીજ કે કોઇ પાછળ પડી પકડી પાડશે એવો ભય હોવાથી આપણે કોઇ દેશોનો લાંબો વખત મુકામ રહી શક્યાં અને તેથી કોઇ કોઇ દેશોનો ખાસ જોવા જેવાં દ્રશ્યોનો લાભ ન લેવાયો."

"પણ હવેની આપણી મુસાફરીમાં જે કદરેક આપણે તે ઓમાં છે કે તું ત્યાં તેનું વળતર વાળી શકશે. આપણે સુલતાનપુરમાં ચોરો વખત પધારે રહીશું?" મનોરમાએ આતુરતાથી પૂછ્યું.

"હા! એ તો મુસલમાનોનું પાટનગર છે. તારી ઇચ્છામાં આવે ત્યાં સુધી રહીને બરાબર જોજે અને ફરજે. આ પ્રદેશ સારી રીતે જોયા પછી મારો વિચાર કાશ્મીર તરફ જવાનો છે. જ્હાલી ત્યાંના કુદરતી આનંદનો ખ્યાલ કર. ત્યાંનું અલૌકિક સૃષ્ટિ સૌંદર્ય-પ્રત્યેક પ્રકારની વિપુલતા-ત્યાંના પાટ નગરની જાહોજલાલી-સમસ્ત હિંદુસ્તાનની રસિક કળા અને સાહિત્ય સ્મને કુદરતની રેલછેલના ઇતિહાસ ક્રમના ભિન્ન ભિન્ન વતું-લોનું આ શહેર એક મધ્યબિંદુ છે."

"ખરેખર, જ્યારે સમય આવશે ત્યારે જરૂર આપણે આ શહેરને જોઈશું," વિચાર કરતાં બીજા બહાર તે બોલી.

"જ્યારે વખત મળશે ત્યારે?" પ્રસન્ન કહ્યળ ઉાયો. "આપણી મુસાફરીમાં આપણને હવે કોઈ અટકાવે એવો તને ભય છે?" પ્રસન્ને પૃચ્છા કરી.

"મારા કહેવાનો ભાવાર્થ એવો છે કે આ પ્રદેશ એક વખત સારી રીતે જોયા પછી આપણે તે તરફ જઈશું." મનોરમાએ પ્રત્યુત્તર આપ્યો પણ આમ કહેવામાં તેણી પહેલી જ વાર પ્રસન્નને ઉતરતી હતી એવા વિચારે તેનું પ્રફુલ્લ વદન જરા કરમાયું.

"મનોરમા, તું ખુલ્લા દિલથી મને બધું બરાબર સમજ પાડીને કહેતી નથી," આશ્ચર્ય અને ખ્યાલથી તેની તરફ જોઈ રહેતાં કપકાલર્યા ધીમા અવાજે તેણે કહ્યું " મને લાગે છે કે તું કાંઈક છૂપાવવાનો પ્રયત્ન—"

"એક સ્વપ્ન- મારા જ્હાલા, એક સ્વપ્નની અસર!" નાજુક ડોક નીચે નાખી પોતાનું મુખ છુપાવતાં તે બોલી.

"સ્વપ્ન કયારે આવ્યું?" પ્રસન્ને પ્રશ્ન કર્યો.

"કાલે રાત્રે," તેણીએ જવાબ આપ્યો. "જાણે કે એક દૈવ પૂજનીય પુરૂષ મારી પથારી પાસે આવીને ઉભા, મને ઉઠાડી અને મને ખાનદી સાંભળવા કહ્યું. પછી તે કાંઈક એવા અર્થનું બોલ્યા કે મારી ભવિષ્યની કારકીર્દી બહુ ઉજ્વળ થવાની છે— મહાન કાર્યો કરવાને હું જન્મી છું—થોડા અવાડીઓ કે દિવસ-માંજ મારા નવા જીવનનું પગરણ શરૂ થશે. વળી તે બોલ્યા કે સો કન્યાઓની બાબત જાણવાની જે ઉત્કંઠા મને થઈ છે તે એક આધારણ બનાવ નથી—અણધાર્યો સંજોગ નથી. પણ મારા વિચાર અને કાર્યોથી મારૂં જે ભાવી ઉજ્વળ થવાનું છે તેની તે શુભ નિશાની છે. જાણે કે આ બધું હું ગંભીરતા, રસ અને આનંદથી સાંભળી રહી. પછી તેણે ઉંઘતી ભવિષ્યવાણી કહી તેમાં એવું બન્યું કે જે બનાવો મારા નવા જીવનમાં બનવાના છે તેમાંના પ્રથમનો સંબંધ આ બેવાળી સો કન્યાઓ અથવા તો ઉંઘટે તેમનામાંની એકના જીવન સાથે હશેજ."

"મારી દેવી," હસતાં હસતાં પ્રસન્ન બોલ્યા; "હકત સો કન્યાઓના બેદનોજ વિચાર કરતી કરતી તું સુતી એટલે તને એવું સ્વપ્નું આવે એમાં કાંઈજ નવાઈ જેવું નથી."

"પ્રસન્ન, તને સ્વપ્નમાં શ્રદ્ધા નથી?" પોતાના શબ્દોને પુરતો ટેકો આપવા માટે મનોરમાએ ધીમેથી પૂછ્યું. અમારો વાર્તાલાપ સમજી ગયો હશે કે રાત્રે જાગેલા બનાવોનો ધીમે ધીમે રફેદફે કરવા માટે તેણીએ સાવચેતીથી આ વાત શરૂ કરી હતી. "અપાર ઉંડાપણવાળા ઋષિ મુનિઓ અને તત્વજ્ઞાનો જેની ના પાડી શકતા નથી એવી આ દૈવી ભવિષ્યવાણીમાં શ્રદ્ધા નથી?

"હા—ચોકકે ઘણે અંશે મને તેમાં શ્રદ્ધા છે," પ્રસન્ન પ્રત્યુત્તર આપ્યો. "પણ આવી ભવિષ્યવાણી દૈવીને બદલે કુદરતી હોય તોજ તેમાં કોઈ ખરાપણું છે એમ હું માનું. તારીજ દાખલો લઈએ તો સો કન્યાઓનો ભેદ જાણવાના તને નિત્ર ઉત્કંઠા થઈ; અને તેથી તેનાં સ્વપ્નાં તને આવે એમાં નવાઈ નથી; અને તારાં મનોરથ એક વીર પુરૂષ જેવું અને તારી કલ્પનાઓ ઉત્સાહી અને પ્રચંડ છે; તેથી તારાં સ્વપ્નાંઓ ઉજ્વળ કારકીર્દીનું ભવિષ્ય સૂચવે એમાં અચંબો પામવા જેવું નથી."

"અને આવાં મહાન કાર્યો કરવા હું બહાર પડું" પ્રસન્નના હૃદય ઉપર અસર કરે એવા મીઠા અવાજે પોતાને ખેદપૂર્વક જવાબ મેળવવા તે ગણગણ હસતી બોલી, "તો મારા આથાર માટે ઉત્કર્ષથી તું ખુશી થઇશ કેટલીવાર થઇશ?"

'મારો આનંદ ખરેખર અવર્ણનીય થશે," તેણે ઉત્સાહથી જણાવ્યું'. ભારી સુખસૂચ તેના હૃદય આગળને ઉભરાતા હતો અને તેનાં તેજસ્વી કિરણો તેની મુખશોભાને ઉજાળી રહ્યાં હતાં. પોતાની ઉન્નતમાના જ્વલંત મુખમંડળ ઉપરની રેખાઓ જોતાં પહેલીજ વખત અત્યાર સુધી નહિ જોયેલો ભાવ તેનામાં પ્રત્યક્ષ કર્યો. લાંબો વખત વિચાર કર્યા પછી તે બોલ્યો; "મનોરમા, તું મહત્વાકાંક્ષી બની છું?"

તે ચુપતી તેના હાથમાંથી છુટી પડ-ઉભી થઈ-અને પોતાના ઉંચા બાંધીદા શરીરનો ખ્યાલ આપતાં ગંભીર વચને બોલી, "હા! પ્રસન્ન ખરેખર હું મહત્વાકાંક્ષી થઈ છું."

પ્રસન્ન માન ભરેલા પણ દુઃખી ચહેરે તેના તરફ જોઈ રહ્યો. આવું સુંદર શરીર બહાદુર હતું તેથી તેના તરફ તેને માન ઉપજ્યું; પણ મહત્વાકાંક્ષા તેના તરફના પ્રેમને ઓછો કરશે એ વિચારે તે દુઃખી થયો.

પણ આ ભય તો ક્ષણિકજ હતો. આ સ્વાર્થી વિચાર અને અવિશ્વાસથી તેને શરમ આવી. તે કૂદીને રમણીને પોતાના હાથમાં લીધી-અને સ્નેહથી પોતાના શરીર સાથે તેને દાબવાં હવે જુસ્સાથી બોલ્યો, "એ૯કસ મનોરમા, મહાન કાર્યો કરવાને માટેજ તું સરજાઈ છે."

થોડા વખત પછી બીજમિત્રિ ઝાતીને તેમને સમાચાર કહ્યા કે રૂમી મુસાફરો ક્રિલ્લામાંથી ગયાં છે અને તેથી તેમને જવાને હવે કોઈપણ જાતની હરકત નથી.

પ્રસન્ન અને મનોરમા તરતજ એક બીજનો હાથ પકડી રખે-વાળ સાથે બહાર આવ્યાં. ત્યાં તેમના ઘોડાઓ પણ તૈયાર રાખ-વામાં આવ્યા હતા.

પ્રસલેનિરિએ ત્યાંના રખવાળ બીજમિત્રિ અને તેના પરિવારનો સારૂં ઇનામ આપ્યું. અને મનોરમાએ તો બીજી તથા પુત્રને ખુશ કર્યા. આ પછી આપણા નાયક અને નાયકાએ વિદાય લીધી અને પોતાની મુસાફરી આગળ શરૂ કરી.

અપૂર્ણ

વૉન્ટેડ લેડી ટાઈપીસ્ટ-

(જોઇએ છે ટાઇપ કરનારી તરૂણી)

(લખનાર-રા. મસ્તરામ.)

મારી ઉમ્મર સુલસો નહિ હોઉં તો બારથી ભમણી અને એને છથી ચાર ગણી. શું સમજ્યા? હીસાબ મનમાં સમજી લેજો (તેઢલી હોની જોઇએ) એમ બાર વર્ષની બાળા સોળ વર્ષની ઉમરે 'સુંદરી' નામની આકર્ષક હીન્દી બામવા ભાગ્ય-શાળી નીવડે છે, તેમ હું પણ બરાબર સોળ વર્ષની ઉમ્મરે મેટ્રીકયુલેશન એક્ઝામીનેશન પસારતું ફોતરૂં (બેગવાળાને પટીયું બાંધવા માટે વગર કિમતે આપવા લાયકનું) જેજવલ્ય કમનશીબ-નીવડ્યો! તેમજ મારી પૂરેપૂરી વીસ વર્ષની ઉંમરી તારીખે હનુમાન જેવી જાડ્ય 'ફ્લર્ક મારી બી. એ. ની લંકા રૂપી ખાઈ પણ વગર ઠોકર ખાધે પીને આબાદ ઓળંગી ગયો.

પણ અફસોસ! હાય હળતાવાર અફસોસ કે પેલા વીર હનુમાનની કદર સત્યુગના ભગવાન સીતારામે કરી હતી પણ મારા જેવા એસેસર ઓફ એસ! અરે ભુત્યો એનું નખોદ જાય! એસેસર ઑફ આર્ટ (બી. એ.) બનેલાની કદર કલકજીનના કલેકટમ જુગમાં અને આ ભ્રષ્ટ એન્ડ ૭ક્ષાદ જેવી વીસમી સદીમાં કરનાર કોઇ માબનો પુત હજી પેદા થયોજ નથી.

મારી ફ્રેન્ચ કટવાળી મોહિની મૂરતા સોનત ખાધને ખુલ્લાં ડીલે જણાતું છું કે હું બી. એ. થવા માટે ભણ્યો ખરો પણ મારા મેહરબાન પેલા પાદીવાળા જેટલું પેદા કરવા સરખું એ ગણ્યો નહિ, એટલીજ માત્ર મારા નસીબની બલીહારી! તે ઉપરાંત જરા-વધુ બે ફરસાં-ચના ડીસ્ટન્સ ઉપર આળળ પંપી જણાવવાની રંજ લઇ છું કે આ આલમની તમામ લીમીટેડ અને અનલારપોરેટેડ ધન હૈવન-ની કુંપનીઓમાં અને ઇન્સોલવન્સી ઑપીસોમાં અને ઇંડી કચરાપટ્ટી પેદીઓમાં મારી બી. એ. ની ડીગ્રીનો ઉધ્ધાર કરવા (અને એના વડે જગતેજ મહાસાગરમાં ડૂબી મરવાના મહાન હેતુથી) ન્યાસીન્યાસની ગ્રાહક અરજી ઉપર અસંખ્ય અરજીઓ કરી મારી ગ્રેજ્યુએટ જીંદગીનું એવું તો લીલામ કરી નાખ્યું કે જાણે રેસકોર્સનો દીવાકેવાદીયાળ ગ્રેમપીયન ઘોડો થઈ કલાસની પીક્ટોરીયાને એ ચે તેમ હું આખી મુંબઇ આલમને બેગી રહ્યો હતો! બોજ મારા તીવ્રસમાદી તકદીરની મહાન તારીફ સમજને!

અને હું ઉપરોક્ત સ્થિતિમાં અને ૧૯૨૦ થી ૧૯૨૪ સુધી માત્ર ચાર વર્ષ દીમ્મતથી જરી શકયો! પણ એક કમબખ્ત મારવાડીએ મને સુખે જીવવા ના દીધો! મારી પાસે ચારસોની ચોકી લખાદી રૂપીયા એકસો આપવાની ઉદારતા વારંવાર બે બતાવતો હતો. હું એનો ઉપકાર માનતો હતો. એ જમાનો બ્યુસ-કમાડી પુરાની ૭ઠ્ઠી ગલીવાળા મારવાડીના કપાળનાં પીળા ચાંલ્લાના સોનલ ખાટલે કહું છું કે, એ મારા પૂર્વના સ્નેહુતર મને મારી નાખવાનોજ ઉપાય-સોધો અને કમદેસર આપ્યો હતો, તોપણ મારા બી. એ.ના ભણ્ણારનાં પરીણામે મરતાં કે જીવતાં કબંધણ મને આવતું નહોતું તેથીજ હું બચી શકયો અને વાલકેશ્વરના પથ્થર જેવા દુનીયામાં કામ રહ્યો!

સાહેબ એટલું ખરૂં કે બી. એ. ના મહાન ભણ્ણતરે મને એક મોટો લાભ કર્યો હતો. અને તે એ કે-જે મારવાડી આખી દુનીયાનું ઓહીયાં કરી સાફ દાનતથી-ચાલ જોગ કહેવાતી દુનીયામાં ફરે તે મારવાડી પાસેથી આ ગ્રેજ્યુએટ બહાદુર છ. આર. પી. સરદારે દુઃખુભી કાપડા કાનુનના આધારે-પીનલ કોડના પ્રતાપે-ધોળાભાઈ ઓકાવ્યાં હતાં. એટલે કે સમજો ને કે-કારટમાં મારવાડીનું ચાર વર્ષનું દેવું ખોટું કરાવી એ મારવાડીને મારવાડ તરફની દીશામાં ઉભો રખાવી મુંબઇથી તગાવમાં નવસાંથી સાફ કરી નાખ્યો હતો.

પણ મારા મહેરબાન, સેવકે બહાદુરીથી અજાવ્યું છે કે બી. એ. થયો પણ પાદીવાળા જેટલું પેદા કરવાનું ગપ્યો નહોતો એ અત્ય છે. પણ મુંબઇમાં પ્રાપ્ત થયેલા સીવીલીયન ગુરુ સાહેબના દીક્ષણે સેવકનામાં એટલું તો ઝવેરાત-પાણી-અથવા તો ભીનું આપ્યું હતું ખરૂં કે "ચેન કેન પ્રકારેણ-ગોઠીયાં પાણી પેદા કરતિ"! શું સમજ્યા? મુંબઇ નગરીમાં એવા ગ્રંથસાથી કમાનારા કારીગરોની અછીયા અને ઉપર કિમત આંકાય છે!

હું ગ્રેજ્યુએટ એટલે મારૂં પોઝીશન અને ગેટઅપ હાઇક્લાસમાં હોય એમાં તમારે પૂછવાનું રહે ખરૂં કે? અને તેમાં વળી હું મુલાની મહેરબાનીથી વગર ધંધા રોજગારને હતો એટલે તો મારૂં પોઝીશન અપ-ટુ-ડેટ-સહેજ બગલા જેવું રાખવું જ જોઇએ. તેમાં જરા પણ મારી નીકળે તો મારે પોતીયા કલાકમાં મુંબઇ છોડવું પડે. જરા મહેરબાની કરી મારી ૬ પેથની સ્ટાઇલ ઉપર ધ્યાન આપશો તો સેવક ઉપકાર માનશે. જીએનો, મારી પાસે દુનીયાને બુકાવવા પુરતો જરા ચોટો ધબ્બો સરંજામ હતો. જુના ટાઈસ્સનાં એસાર છાપાં, એકાદ વળી ચીકણી છાપું, કંઇક ફેલ થયેલી કંપનીઓના રીપોર્ટ-પાંચ સાત ડીક્ષેટ થયેલી ખોલીના તથા લીકવીડેશનમાં ગયેલી બેન્કોના જુના શેરો-કંઇક વીમાની કેન્સલ થયેલી પોલીસીઓ વગેરે વગેરે લેખમાની-કાગળો ને પાકેચરીયાંની ભરેલી એક ગ્રેન-હજામ ભાઇ રાખે છે તેવી નહિ-કેક! અને ખીસ્સામાં-અરે એ તો પૂછશોજ નહિ-શું કહું? મારા પોતાના વીઝીટ કાર્ડસ ને ચાર રીફ્યુસ્ડ થયેલા ચેક, એક ચેક બુક, સેકન્ડ હેન્ડ ફાઉન્ટ પેન, મફત ઉપાડી આણેલી અમરી અને સીગાર કેસ એટલો અસબાબ ખીસ્સામાં રહેતો. રોકડા પૈસા રાખવાની તકદીર ઉઘડતા ન હોતો એટલુંજ માર! આ હમામથી મને લાભ એટલો મળ્યો કે ગ્રામ લોકસની ટીકીટ કોઇ મુગતું નહિ? બાકીના મોહર ખંડેલા ફેંકી હોટલનાં બીલ ચુકાવવામાંથી મુક્ત થઈ જતો! અને સાંજમાં રોજને રોજ કોઇ દહીંનો લાલ મળી જતો તેની પાસેથી દમદાટી પાથરી દાદાગીરી ખતારી ચંજ રહ્યારૂની કુપન ખડાવી લેતો!

ને નાટક સીનેમામાં તો આ ખુદાબક્ષ બંદાની હેમેજાંજ યારી હતી! બસ આજ બંદાનું બીઝનેસ!

ખુદાની ખાતર મારૂં આ બીઝનેસ કાયદાની વીરૂદ્ધ ગુન્હા-રેલું—હુબ્બણ નહિ મારી લેતા—સમજ્યા મહેરબાન? કારણ કે ાવા ચોલીસી ભરેલા તરેહવાર બીઝનેસમેન મુંબઈ શોભી રહી —એ માટે તમારે ચેસેન્જ માગવાની તકલીદમાં ઉતરવાની જરૂર ી. કારણ કે આ તો મુંબઈની એક ખુબી છે—વળી દુનીયાની ્ય ખરી!

બસ હવે તો હદ થવા આવી. મુંબઈના લોકો એટલા અપ-ક બની ગયા કે બંદાનું બીઝનેસ એકદમ સ્લેક પડી ગયું. ાવસે દીવસે મંદી પર મંદી આવવાથી કારનર તૂટી પડ્યું. સેવકના ીઝનેસનું ગાડું અટકી પડ્યું!

ટાઈપ્સિસ અને ક્લાર્કોસમાં સીત્યુએશન વેકન્ટ—એટલે નોકરી ાટે ખાલી જગ્યાની જાહેરાત રોજ વાંચતા પણ બંદાનું બાણ ્ટકી જતું. એક દિવસે સહવારના રેકોરાનીતા બાહ્ર ઈંચી ચીરોટ ,કયા પછી ટાઈપ્સમાં તમામ જાહેરાત વાંચી ગયો. તેમાં "વેન્ટેડ ોડી ટાઈપીસ્ટ" એટલે ટાઈપ કરનાર તરૂણી જોઈએ છે. એ જાહેરાતે મારૂં દીલ ખેંચ્યું અને ચીરૂટનો દમ લેતાં મનમાં વિચાર ઈ આવ્યો કે આજ કાલ લેડીતા ભાવ પૂછાય છે. લેડીનો ભાવ ાઈ પૂછ્યું નથી, તો લેડના લેડી બની, આની નોકરીમાં ઘુસી જવું એ શું ખોટું છે? મુંબઈમાં જેમ હાંકે રાખીએ તેમ ચાલશે. આવા આવા આત્મકલ્યાણના અમોઘ વિચારો કરવામાં મારો સહવારનો રોનેરી સમય પસાર થઇ ગયો.

બંદાએ એકજ ઘાસે નિશ્ચય કરી નાંખ્યો કે લેડીના લીબાસમાં ટાઈપીસ્ટની નોકરીમાં દાખલ થઈ રા. બાસોનો પગાર બહાદુ-ી એંચવા માંડવો.

આખરે મેં ખોફ નંબર ૦૦પા માં અરજી મોકલી આપી. લુઓને સાહેબ, મેં મારો હાઈસ્કુલ અને કોલેજનો અભ્યાસ વડોદરામાં કરેલો હતો. વડોદરે એટલે કવિ શ્રી પ્રેમાનંદની જન્મ ભૂમી—વીરશેત્ર ભૂમી—એ ભૂમીમાં પાકેલાં રત્નો પાણીદાર નીવડે છે. બદો જરા દેખાવમાં સારો એટલે—કહેવાનું એજ કે નામે મરદ-ગોહન પણ જો જેવા જેવી તો કોઇ નવજવાન મોહિનીની સુંદરતાના મુકાબલામાં પાર ઉતરે તેવો! જ્યારે કોલજમાં બદો હતો ત્યારે સોશીયલ ગેધરીંગમાં કંઈક એમેચ્યુઅસ' કલાકના ખેલમાં ડીબેટીંગ સોસાયટીના ડાયલોગમાં પણ બંદાને લેડી પાર્ટ કરવાનો ભોગ આપવો પડતો હતો. અને જ્યારે લેડી પાર્ટ' ધારણ કરી સ્ટેજ ઉપર ઉતરતો ત્યારે મહાદુર એકટરો બાળ ગાંધર્વ' તેમજ મી. જયશ્કરની લેડી કેરેક્ટર આગાદ રજુ કરતો અને સભાજનોનાં હૃદીલ ચકડોળે ચડાવતો. મારો કોલેજના વાંદા કીસ્સા મીત્રો એ વખતે મારા ઉપર આફ્રીન પડી કોઇ કીસ્સા—ચુંબન લઇ દીલ ખેદેલાવતા. વળી વિશેષમાં પ્રીન્સેલ કેરેક્ટર જમાવી રાખવાની આબાદ આર્ટ' પેહી જુની જમીનદોસ્ત થયેલી સુરતની સુંદર વીલાસ નાટક કંપનીના એક દલસુખ નામના એકટરૂ પાસેથી નાનપણમાં જાણી લીધી હતી એટલે લેડીનો વેશ ભજવવાની બંદાને અચપણથીજ આદત પડી ગઇ હતી— અને તેથીજ આ બંદાને એ કામમાં મુશ્કેલી લાગી ન હોતી.

માત્ર ચાર દીવસમાંજ મારી એપ્લીકેશનનો જવાબ કરી વળ્યો કે કુમરમાં ઑફીસમાં ઑફીસ ટાઇમ પછી સાંજના ૬ થી ૮ ની અંદર મળી જાઓ. આ યુગના પ્રતાપજ એવા છે શું' સમજ્યા સાહેબ! કે ઈમેલની જરૂરીયાતો તરફ પખ્ખીકનું પુરતું ધ્યાન વફાદારીથી હમેશાં રહે છે—તેની માંગણીને પ્રથમ પહોંચી વળવાની શક્તિ હમેશાં જાગ્રત રહે છે—તેમજ તેની ગમે તેવી આજ્ઞાતને તુરત માન મળે છે. ટૂનમાં, ટૂમમાં, ગાઇ-સમાં, ને ઈઅરમાં લેડી માટે રપેશીયલ જગાઓ રીઝર્વ રહે છે એ ઓછી ખુબીની વાત છે!

બીજે દીવસે મેં ઈમેલ સ્ટાફ—ધ્યાનીનો અપ-ટુ-ડેટ તમામ સરંજામ ભેગો કર્યો. એલુનની મુલાકાત લઇ છતવાં મા આપે મૂકને એથકોટ કરી અને તમામ તૈયાર કરી હું ગનીવારના સાંજના સાડાપાંચે કંપનીટ હિંદુ લેડી મીસ મોહિની બની ગયો. મારા ગામની બાજોળે આવેલા છબીલા હતુમાનને યાદ કરી મેં ઑફીસ તરફ રવાનગી લીધી.

વીકટોરીયામાં બેઠાં બેઠાં—મારાં લેડી લીબાસમાં છુપાઇ રહેલાં મરદ-જેવાંએ વિચાર ચલાવ્યો કે "બંદા મોહન હોશીયાર! સાવધાન! આ પ્લૉટ જેવો તેવો નથી! ગંભીર અને ભયંકર છે. કોમીકમાં મીક્ષ કરેલી ટ્રેજડીની હાઇકલાસ કેરેકટર મોહન જેવા મરદને મોહિની નામના લેડી લીબાસમાં આરટીસ્ટીક્સ-આબાદ રીતે ઠેકે સુધી ખેંચી જવાની છે! પણ ફીકર નહિ. પીઠ ઉપર ગુરૂનો હાથ છે—દીલમાં નેપોલીયન જેટલી ગજબ તાકાત છે. માટે કુ ખા-એક બાજુથી હાંકે રાખો. બસ જો—ખેત! બંદાનો ચેહેરો ચીનીજ પોરટ ઉપર આવી ગયો સમજવો. અને કુશુકમાં ભાવ-ઓગણીસ હજર કરતાં પણ કોમ કાંકડો કાઢેલો સમજવો!

એટલામાં વીકટોરીયાએ ફાઉન્ટન આગળ મને લાવી મૂક્યો. અને ત્યાંથી હાજકાટની ગલીમાં મને ઉતારી દીધો. હું ઑફી-સમાં જવ પહેલવેલા અને સાહેબની મુલાકાત લીધી-વાતચીત કરી-સરવીસનું સાટું જમાવ્યું અને આરંભેલું કામ આબાદ ઉતાર્યું! તેમજ મારા મોહિની ભરેલાં નયનોએ-અમૃતભરી વાણી-એ-અને નકલી આનુનાં નકલી નખરાંએ સાહેબનું દીલ પણ ચક-ડોળે ચડાવ્યું! મારી સરવીસ શરૂ થઈ. રોજનો મારો ડ્યુટી ટાઇમ ૧૨ થી ૪—બાસ સવા ભરેલો હતો. સાહેબ મહેરબાન મારા નામ ઉપર કુરબાન થઇ મારા માટે ૧૨ થી ૪ રાખેલો હતો. બીજા કલાર્કો માટે ૧૦ થી ૬—શું સમજ્યા? ખરી ખુબી તો અહીંયાં હે! મારૂં ટેબલ સાહેબે એમના રૂમમાંજ રાખેલું હતું; એટલે સાહેબની સામા મારે બેસવાનું હતું—કામકાજમાં બે ચાર કાગળા ટાઈપ કરી બાર્બા વાંચી નોકરી પૂરી કરવાની હતી. સાહેબની મારા તરફ સીત્યુથી અને હદપાર માનભરેલી લાગણી તેમજ (સોરી મોટરા ભરી) વિવેક મર્યાદા અને ચોલાઇટનેસ, એટલી

બધી દીન પર દીન વરસવા લાગી કે જેમ તાવનું રેન્પ્રેચર હ૯ થી ઉપડી એકદમ ૧૦૬ ઉપર વધી જાય અને કાંટાની સ્થિતિ ભયંકર જણાય તેવી રીતિ; મારા સાહેબની મારા ઉપર હદપાર ગમતા વધી જેથી મને શંકા થવા લાગી કે કાંઈ દાળમાં કાળું છે !

અને બેલ પણ એવોજ ભજવાયો ! સાહેબના ગુણ મારા જાણવામાં આવી ગયા ! એમના ચેનચાળા અને નયનોમાંથી તરી આવતો હૃદયનો મલેચ્છ ભાવ હું વાંચી ચુકેલો ! મને સ્પષ્ટ શબ્દોમાં કહેવા લાગ્યા કે—રોઝ મારા ઉપર આશક થયા હતા ! અને માત્ર પંદર દીવસમાં એવા તો લટ્ટુ બની ગયા હતા કે ઓરીસ કલાકોને પણ વર્ષમ પડવાં લાગ્યો !

પણ મજા એ હતી કે સાહેબ મારો ૭૩ વેષ જરા પણ જાણી શકયા નહોતા ! એમની કાળી-કામાતુર કલ્પનામાં, એમના અરબી બજાર જેવા મનોપ્રદેશમાં હું મન હરનારી મોહિની જ છું એવું દ્રઢી ગયું હતું; પણ સાહેબને કયાં ખબર હતી કે મોહિનીના લીબાસમાં આ મોહન મવાલી છે. જૈસલે રાજમાં ગજલ કવાવી છે. મારા સાહેબ-જંતે ઉચ્ચ કોટિનું ગૃહસ્થ હતા. એમનું બીઝનેસ કોટોની કળ્યના દલાલીનું હતું અને પોતાના રહેવાનું મથક પેઢર પ્રોડ ઉપર એક સુંદર બંગલામાં હતું. પોતે એક સાધારણ અને અસાધારણ વચ્ચેની રૂપવંતી ભાર્યાના હકકદાર હતા, અને તેના કહેવાતા ભરથાર હતા. સાહેબ મને પોતાના બંગલે પણ વારંવાર લઈ જતા હતા. અને હું મોહન મોહિનીના નામે લલીતા લલનાના લીબાસમાં સાહેબના મહેરબાર સાથે એટલી તો મહેબ્બતથી લપટાઇ ગયો હતો માને માથામાં વીંટળાઈ ગયો હતો કે એક હાથણીના પગે સાંપ વીંટળાઇ રહે તેમ !

પણ એ બેમ મહેરબાનો ? આથી મારી સારૂ દાનત ઉપર ભરોસ લાવતા ના ? જો કે હું સાહેબના મહેરબારને જ્યારે મળું અને વાતો કરું ત્યારે મારા પુરૂષ શરીરમાંથી પરસેવાનાં બીંદુ ઝરતાં અને મારા દીલમાં કંઇનું કંઇ થઈ જતું. તેમજ મારૂંમન સાહેબના મહેરબાર સાથે પ્રેમની તેજ મૂર્તી ખાવા—લગાડવાનો સટ્ટો કરવાને તૈયાર થઈ જતું. અને વળી એ પચુ ખરં હતું કે સાહેબનાં મહેરબાર પણ-જો હું પુરૂષ વેશમાં પ્રગટ હોત તો મારી સાથે પ્રીતિનો સોદો કરવા અંતરથી આતુર હતાં ! હોત તો પણ હમારા અરસપરસના બજારની રૂખ બંધબેસતી નહોતી-તો પણ હું મોહિની અને એ મહેરબાર બંને જણી સહચરીઓનાં અરસપરસ સાટાં થવાથી હોવાથી માત્ર મોહનોના કાચો સોદો કરતાં અને હું એના ગાલની લાલીમાં મારા અધરામૃતનાં બીંદુઓ વરસાવતો.

અરે ! પણ આ તો બેઉ ભરમનો બેલ ચાલી રહ્યો છે એ મોહન સિવાય કોણ જાણે તેમ હતું ! સાહેબ જાણતા હતા કે હું મોહિનીપર આશક થયો છું—પણ પુરૂષ આશકનો બેલ જાણેલો છે તે બેઉ સાહેબને છેવટે જણાઈ ત્યારે એમનું કોઈ પંચના નમુનેદાર કારકુન જેવું થશે !

એ વખત આવવાનો હવે નજીકમાં છે. ગરમીના સીતમ દીવસમાં કંઇ પીધું પીનાર બુકની સોડા પીવા માટે બાટલી ફોડવા જેટલા આતુર અને તેટલા આતુર મારા સાહેબ એમની ઇચ્છાઓની સોડા બાટલી ફોડવા આતુર બની રહ્યા હતા.

એક સારા દીવસે શુભ મુહુર્તે શુભ ચોઘડીયે અને મંગળ વહી પળે રોઝે પોતાના ડ્રોઈંગરૂમની વાતો મારી સાથે કરવાની રૂપેરણ એપોઇન્ટમેન્ટ શનીવારની રાત્રીના નાટકમાં રાખી હતી. નાટકમાં અમે બે જેમાં થયાં. સાહેબે બુગરની વાતો જણાવી. મારી પાસે વચન માંગ્યું—મેં એક સરત ઉપર કોલકરાર કબુલ કર્યા !

સાહેબે મને પોતાનું એક અંગત વસ્ત્ર રાખવા નીયમ કર્યો હતો જે બાબત કેટલીક રકઝક મેં માન્ય કરી. એમનો અંગત વસ્ત્ર તરીકે ત્રણ વર્ષ મારે ગુપ્ત રીતે રહેવું અને તેની ઉચ્ચક રકમ સાત હજાર ત્રણ હજાર ત્રણ વર્ષના ખર્ચના મળી દશ હજારની પર્સ પહેલીજ તકે મારા વારણામાં રજુ કરવી. એ સરત હમેશ ઉમયને મંજુર થતાં કબુલાતો વીગેરે પાસ થઈ અને નાટકનો ત્રીજો અંક પણ ભજવે !

સાહેબ પાસેથી રૂા દશ હજાર તો રોકડા ફેરા ગણી લીધા. પ્રથમની રાત્રીનો આનંદ ભોગવવા સાહેબે માયેરાન જવા તકડી કર્યું હતું. મેં પણ હામાં હા ભીકારી રોઝને ખુશ કર્યા ! સાહેબે બીજે દીવસે બપોરે એક વાગે જવાની તૈયારી કરી.

* * *

સાહેબના દશ હજાર-મોહિનીના લીબાસમાં આ બાંહ્ય મોહને પડાવી લીધા. મોહિનીના લીબાસ દૂર કરી શુદ્ધ સ્વરૂપી મોહન બની મુબઇમાં બીજે દિવસે બહાર પડયો ! સાહેબની મોહિનીને લઇ હનીમુન કરવા સારૂ માયેરાન જવાની ઉમેદ મોહને આબાદ પાર પાડી ! ગમે તેમ કહો પણ સાહેબને દાનત તેવી બરાબર મોહિનીના પ્રતાપે મળી !

પણ ભલા વાંચક બીરાદર ! લેડી ડાયપીસ્ટની જાહેરાતો છાપી લેડી રાખવામાં શોર સાહેબોનો આવો બેઇ ભરમ હોય છે તે તારા અનુભવી જોણ-એ જાણજો ખરૂં કે ? બંધાને તો ઠીક તમારા પડી ગયો. માત્ર સવા મહીનાના રંગરાગમાં મોહિનીબાને દશ હજારનો ડાલો હાથ લાગી ગયો. આપણે કાસ્સો તો કોઇ નાટક કંપનીના એકટર એકટ્રેસને વાતો રાજ દરબારમાં મુજરો કરનારી નાયકાને પણ દશ જન્મે કોઇ નહિ—તેવો કાસ્સો આ કોકડા મોહનીયાને કુળ્યો !

ત્રાબાસ ત્રાબાસ મોહનના મવાલી ભેજાને અને તેની ૬૮ હતી દીમતને અને ચેન્જ મટે છે મુખ પોનાના મોહિની સ્વરૂપ મુખડાને ! ત્રાસો સાહેબ રામ રામ ! ખુશાલીમાં સાજની ચાહ પીવા "બાંદા બાજે-દિલાતિરૂકમીં" ગ્રેટરબાની કરી પધારજો. આ કોરસાની પ્રીલમ ઉતારવાની ઇચ્છા ધરાવનાર સીનેમા કું૦ વાતો નાટક રટજ કરનાર બુકર કું૦ શુકન જોઇ મારી સાથે મસલત કરી કામ સાધવો તો તેમને પણ મળશે મદાન ભેરી બજવનો ! સલામ !

લાવણ્યમયી.

(સંપૂર્ણ કૂંકી વાર્તા.)

લેખનારઃ—રા૦ પ્રજવિહારી.

રહે તેને કૃશ તે દિવસ માટે જોઈ હતી. એનું નામ લાવણ્યમયી હતું એ પણ કેવળ ન્હાર અનુમાન છે. પરંતુ જે દિવસે રહે તેને જોઇ તે દિવસે તેની સખીએ તેને 'લારી' કહીને બોલાવી હતી.

એ બે દિવસના દર્શનથી તેની ભવી મ્હારા મનની અંદર હમેશનિ માટે અંકિત થઇ ગઇ છે તેનું શરીર ઘડેલું હતું કે શ્યામ એ હું જાણતો નથી તેનું મુખ લાંબુ હતું કે પહોળું એ પણ હું જાણતો નથી. જો તમે તેની દેહકાન્તા ન્હને ચીનરી બનાવવાનું કહો અને હું ઉસ્તાદ ચિત્રકાર હોઉ તો પણ તે મ્હારાથી આંકી શકાય નહિ. તે એક અપૂર્વ લાવણ્યમૂર્તિ બની મ્હારી દૃષ્ટિ સમક્ષ પ્રકાશી નીકળી હતી. આજે પણ એ મૂર્તિ મ્હારા મનમાં જાગૃત છે.

એ વખતે હમ્મેશાં પ્રભાતકાળે હું ગંગાસ્નાન કરવા જતો હતો. કામશા ઘાટ ઉપર જઈ હું સ્નાન કરતો હતો. કોઇ કોઈ વખતે સૂર્યોદય થતાં ન થતામાં સ્નાન કરી હું પાછો ફરતો હતો તથા કોઈ દિવસે વિલંબ પણ થઇ જતો હતો. આઠ નવ વાગ્યા પહેલાં હું રહેવાનુંની જ્હાર નીકળી શકતો ન હતો.

ફાગણ માસનો દિવસ હતો; નવીન વસંતની હવા દક્ષિણ તરફથી વિહરવા લાગી હતી; ઠંડી દૂર થઇ ગયેલી હોવા છતાં હજી ગરમી પડવા લાગી ન હોતી. એ દિવસે હું સહજ મોડો સ્નાન કરવા નીકળ્યો. હું ઘડેલો નીકળતો ત્યારે રહેટે રસ્તેથી જતો હતો; પરંતુ આજે મોડું થયેલું હોવાથી હ્મેં બારી કુંચી બોલાવો દૂકા રસ્તો લીધો.

એ રસ્તે વેશ્યાઓનાં કેટલાંક મકાનો આવેલાં હતાં હ્મેં બે મજલાના એવા એક મકાનમાંથી બે સુંદરીઓને નીચે ઉતરી મ્હારી આગળ સ્નાન કરવા જતી જોઈ. મ્હારા મનમાં આશ્ચર્ય લાગ્યું. એવી પતિતા ઓએ શા માટે ગંગાસ્નાન કરવા જતી હશે? કેટલાક લોકોની વાતચિત ઉપરથી હું એમ સમજી શક્યો હતો. કે, એવી સુંદરીઓ ગંગાસ્નાનનો દેખાવ કરી લોકને શોધવા નીકળી પડે છે એ વાત મ્હને હમણાં પણ યાદ આવી. તેમની વાતચિત સાંભળવાના વિચારથી હું તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

બન્ને સુંદરીઓ સુવાવસ્થાના પૂરમાં આવેલી હતી. બન્ને રૂપવંતી હતી. બન્નેનાં શરીરોના બાંધા બાંધીલા હતા. કોણ જાણે કે શા કારણથી તેમણે બન્નેએ એક વખત પાછળ નજર કરી. મ્હારી નજરે તેઓ બન્ને રૂપવતી દેખાઇ. એ બન્નેમાંથી એકના મુખ ઉપર રૂપ કરતાં લાવણ્ય વિશેષ હતું તેને જોઇ મ્હારું મન સહજ નરમ થયું.

લાવણ્યમયીને ઉદ્દેશી બીજી સુંદરીએ કહ્યુંઃ—લાલિ ઘરવાળી તમારી સાથે તકરાર કેમ કરતી હતી?

"એ મઠિયાનું ઘર ભાડું ચડી ગયું છે. એમાં એનો શો છે. ઘરબાપાની આવકમાંથીજ તેનું ખર્ચ આવે છે."

"એ વર્ષથી તો ચડયે ચડયું ભાડું આપવામાં આવ્યું હવે કદાચ એકાદ માસ ચડી જાય તો એનાથી પીરજ ન રા શકાય કે, તેને માટે એટલો બધો બકવાદ કરવાનું મું ારા મ્હારાથી તો એવું બેવી શકાય નહિ."

"બેવીએ નહિ તો શું કરીએ ઇશ્વર જે વખતે જે તિમાં રાખે તે સ્થિતિમાં રહેવું જોઇએ."

"હારા ઇશ્વર તને એક સારો રોહ કેમ મેળાતી નથી? એમ બને તો હારું ણાળું દુઃખ દૂર થઈ જાય. તું રૂપવતી છે."

લાવણ્યે કિંવા લારીએ આ વાક્યોના ઉત્તરમાં કાંઈ નહિ. થોડા સમય પછી તેની સખીએ કહ્યું:—"વળી પણ કેમ દોષ દઈ શકાય. તું રાત દિવસ ઘરના ખુણામાંજ રહે છે. જો તું બેચારની નજર પડી હોત તો ચિંતા કરવાનું રહેત નહિ, તથા અત્યાર સુધીમાં હ્મેં સારી રકમ એકઠી કરી હોત."

લાવણ્ય કાંઈ બોલી નહિ. ચૂપકીદીથી તીયું જોઇ તે ચાલવા તે જાણે કે સની હોય એમ લાગતું હતું. મ્હેં તેની પ્રાપ્તિથી અ વધી જઈ પાછળ નજર કરી તે તેનું મુખ દીનતાથી ગ્લાનિ ગયું તેનાં નમણાં પદ્મ નયનમાંથી બે અશ્રુબિંદુઓ સરી પડતાં એ ભાવ જોઇ મ્હારા મનમાં શું ચું થયા લાગ્યું મ્હારી શંકિત ભારે વ્યાયી સીધે રસ્તે ચાલવાનું કામ મ્હારે માટે બન્યું રસ્તાની બાજુએ એક ગાડી ઉભી હતી. હું એ બેસી મ્હારે રહેવાણે પાછો ફર્યો.

(૨)

ઘણા દિવસ સુધી એ મુખ મ્હને યાદ રહ્યું. ઘણી વ મુખ જોવાની ઇચ્છા થઇ, પરંતુ તેને જોવાથી મ્હારા મનની સ્થિતિ થશે એ હું વિચારી શકયો નહિ. એ લપને લીધે રસ્તેથી ગંગસ્નાન કરવા જવાનું મ્હેં માંડી વાળ્યું, પરંતુ ઘાટ કે રસ્તે જ્યારે કોઇ સ્ત્રીનું મુખ જોવામાં આવતું ત્યારે લારીનું મ્હને યાદ આવતું હતું. એ મુખ ઉપર તે દિવસે ટ્રેજેડીની જે જોવામાં આવી હતી તેનું રહસ્ય જાણવા માટે વચ્ચે વચ્ચે મન ઘણું ઉત્સુક બની જતું હતું. આમ છતાં તેની સાથે સાધી વાતચિત કરવાનું સાહસ હું કરી શક્યો નહિ. તથા તેના ભયને લીધે હું તેમ કરી શક્યો નહિ.

(૩)

બે વર્ષ પછી મ્હારા ગુરૂદેવ પાછા કલકત્તા આવ્યા. હું તેમની પાસે જતો. હતો. ઘણા ગ્રાહકોઓ પણ જતા હતા. બે ગુરૂજી તેમની સાથે જ રહેતા હતા. એમાંના એક કાંઈ જરૂરને સંન્યાસ લીધો હતો. એ વખતે એ નવીન યુવક તેના ભાગવાન દેહમાંથી જાણે કે અકાયર્ય પ્રકૃતિ નીકળતું હતું.

લાવણ્યમયી.

(સંપૂર્ણ દૂંકી વાર્તા.)

લખનારઃ—રા૦ બ્રજવિહારી.

રહે તેને હજુ બે દિવસ માટે જોઈ હતી. એનું નામ લાવણ્યમયી હતું એ પણ કેવળ ‘હજુ’ અનુમાન છે. પરંતુ જે દિવસે રહે તેને જોઇ તે દિવસે તેની સખીએ તેને ‘લાવી’ કહીને બોલાવી હતી.

એ બે દિવસના દર્શનથી તેની બબી મારા મનની અંદર હમેશાંને માટે અંકિત થઇ ગઇ છે તેનું શરીર ઘડવું હતું કે શ્યામ એ હું વ્યાખ્યા નથી તેનું મુખ લાંબુ હતું કે પહોળું એ પણ હું જાણતા નથી. જો તમે તેની દેહલતા મહને ચીતરી બતાવવાનું કહો અને હું ઉસ્તાદ ચિત્રકાર હોઉં તો પણ તે મારાથી ઓછી સ્વરૂપ નહિ. તે એક અપૂર્વ લાવણ્યમૂર્તિ બની મારી દૃષ્ટિ સમક્ષ પ્રકાશી નીકળી હતી. આજે પણ એ મૂર્તિ મારા મનમાં જાગૃત છે.

એ વખતે હમેશાં પ્રભાતકાળે હું ગંગાસ્નાન કરવા જતો હતો. કોયલા ઘાટ ઉપર જઈ હું સ્નાન કરતો હતો. કોઇ કોઇ વખતે સૌભિય થતાં ન થતાંમાં સ્નાન કરી હું પાછો ફરતો હતો તથા કોઈ દિવસે વિલંબ પણ થઇ જતો હતો. આઠ નવ વાગ્યા પહેલાં હું રહેવાલુની બજાર નીકળી શકતો ન હતો.

ફાગણ માસનો દિવસ હતો; નવીન વસંતની હવા દક્ષિણ તરફથી વિહરવા લાગી હતી; ઠંડી દૂર ગઇ ગયેલી હોવા છતાં હજી ગરમી પડવા લાગી ન હોતી. એ દિવસે હું સહજ મોડો સ્નાન કરવા નીકળ્યો. હું પહેલો નીકળતો ત્યારે રહેઠે રસ્તેથી જતો હતો; પરંતુ આજે મોડું થયેલું હોવાથી રહે ગલી કુંચી ગોવાળા દૂંકો રસ્તો લીધો.

એ રસ્તે વસ્ત્રાએ-નાં દેકલાક માલનો આવેગાં હતાં રહે બે મજલાના એક મકાનમાંથી બે સુંદરીઓને નીચ ઉતરી મારી આગળ સ્નાન કરવા જતી જોઈ. મહારા મનમાં આમ કાંઈ લાગ્યું. એવી યુવતિના આંખો શા માટે ગંગાસ્નાન કરવા જતી હશે ? દેકલાક લોકોની વાતચિત ઉપરથી હું એમ સમજી ગયો હતે કે, એવી સુંદરીઓ ગંગાસ્નાનનો દેખાવ કરી રાક શોધવા નીકળી પડે છે એ વાત મહને હમણાં પણ યાદ આવી. તેમની વાતચિત સાંભળવાના વિચારથી હું તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

બન્ને સુંદરીઓ યુવાવસ્થાના પૂરમાં આવેલી હતી. બન્ને રૂપવંતી હતી. બન્નેનાં કપડાંએ બાંધી ઘાટીલા હતો. પ્રથમ જાણે કે આ કારણથી તેમણે બન્નેએ એક વખત પાછળ નજર કરી. મારી નજરે તેઓ બન્ને રૂપવતી દેખાઇ. એ બન્નેમાંથી એકના મુખ ઉપર રૂપ કરતાં લાવણ્ય વિશેષ હતું તેને જોઇ મહારું મન સહજ નરમ થયું.

લાવણ્યમયીને ઉદ્દેશી બીજી સુંદરીએ કહ્યું:—લાલિ કાંઈ ઘરવાળી તહારી સાથે તકરાર કેમ કરતી હતી?”

“ બે મહિનાનું ઘર ભાડું ચઢી ગયું છે. એમાં એનો શો દોષ છે. ઘરભાડાની આવકમાંથી જ તેનું ખર્ચ ચાલે છે.”

“ બે વર્ષથી તેં ચઢયે ચઢયું ભાડું આપવામાં આનું છે હવે કદાચ એકાદ માસ ચઢી જાય તો એનાથી ધીરજ ન રાખી શકાય કે, તેને માટે એટલો બધો બકવાદ કરવાનું શું કારણ ! મહારાથી તો એવું વેઠી શકાય નહિ.”

“ વેઠીએ નહિ તો શું કરીએ ઘબ્બર જે વખતે જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં રહેવું જોઇએ.”

“ હહારા ઘબ્બર તને એક સારા રોક કેમ મેળવી આપતા નથી? એમ બને તો હહારું સઘળું દુઃખ દૂર થઇ જાય. તું ઘણી રૂપવતી છે.”

લાવણ્યે કિંઇ લાલીએ આ વાકયોના ઉત્તરમાં કાંઈ કહ્યું નહિ. ઘેાડા સમય પછી તેની સખીએ કહ્યું:—“બળી ભગવાનને પણ કેમ દોષ દઈ શકાય. તું રાતદિવસ ઘરના ખુણામાંજ બેસી રહે છે. જો તું બેચારની નજર પડી હોત તો ચિંતા કરવાનું કારણ રહેત નહિ, તથા અત્યાર સુધીમાં હહે સારો રકમ એકઠી પણ કરી હોત.”

લાવણ્ય કાંઇ બોલી નહિ. ચૂપચાપ દીવો નીચું જોઇ તે ચાલવા લાગી. તે બબી કે સતી હોય એમ લાગતું હતું. મહે તેની પ્રસંસી બાબત વધી જઇ પાછળ નજર કરી તો તેનું મુખ દીનતાથી નમી ગયું હતું, તેનાં નમણાં પદ્મ નયનમાંથી બે અશ્રુબિંદુઓ સરી પડતાં હતાં. એ દેખાવ જોઇ મહારા મનમાં શું શું થવા લાગ્યું મહારી દૃષ્ટિ શક્તિ ક્યારે પલાયી સીધે રસ્તે ચાલવાનું કામ મહારે માટે કઠિન બન્યું રસ્તાની બાજુએ એક ગાડી ઉભી હતી. હું એ ગાડીમાં બેસી મહારે રહેઠાણે પાછો ફર્યો.

(૨)

ઘણા દિવસ સુધી એ મુખ મહને યાદ રહ્યું. ઘણી વખત એ મુખ જોવાની ઇચ્છા થઇ, પરંતુ તેને જોવાથી મહારા મનની કેવી સ્થિતિ થશે એ હું વિચારી શકયો નહિ. એ ભયને લીધે એ રસ્તેથી ગંગાસ્નાન કરવા જવાનું મહે માંડી વાળ્યું, પરંતુ ઘાટ ઉપર કે રસ્તે જ્યારે કોઇ સ્ત્રીનું મુખ જોવામાં આવતું ત્યારે લાવીનું મુખ મહને યાદ આવતું હતું. એ મુખ ઉપર તે દિવસે ટ્રેજેડીની જે છાયા જોવામાં આવી હતી તેનું રહસ્ય જાણવા માટે વચ્ચે વચ્ચે મહારું મન ઘણું ઉત્સુક બની જતું હતું. આમ છતાં તેની સાથે સંબંધ સાધી વાતચિત કરવાનું સાહસ હું કરી શકયો નહિ. સમાજના તથા તેના ભયને લીધે હું તેમ કરી શકયો નહિ.

(૩)

એ વર્ષ પછી મારા ગુરુદેવ પાછા કલકત્તા આવ્યા. હું વારંવાર તેમની પાસે જતો હતો. ઘણા ગુરુમાઇઓ પણ જતા હતા. એક બે ગુરુબંધુ તેમની સાથે જ રહેતા હતા. એમાંના એક જણે કાશી જઇને સંન્યાસ લીધો હતો. એ વખતે એ નવીન યુવક હતો. તેના ભળવાન દેહમાંથી જાણે કે બ્રહ્મચર્ય ટપકી નીકળતું હતું. તેની

તહારા ગર્વનું ખંડન કર્યું છે. મનુષ્ય મ ત્રની જે ભક્તિ ન કરી શકે તે ખીજાં ગમે એવાં ધર્મ કર્મ કરવા છતાં કદાપિ પરવરને મેળવી શકતું નથી."


આ વચનો ગેારાએ સાંભળ્યાં કે કેમ તે હું કહી શકતેા નથી. તેણે વિશેષ બાકળ બનીને કહ્યું:—"તહારા સર્વસ્વનેા નાશ થયેા છે. આવું મન લઈ હું આ બેખ કેવી રીતે રાખી શકું?

ગુરૂદેવે કહ્યું:—"બ્રહ્મચારી, બ્હીક નહિ. ભગવાનના રાજ્યમાં કેાઇ નકામું જતું નથી; એક પણ સાધુઇચ્છા નષ્ટ થતી નથી. યથા સમયે તેનું ફળ અવશ્ય દેાશે. જેને જોઇ તહાર ચિત્ત ચંચળ બની ગયું હતું એ કાંઈ સામાન્ય વ્યક્તિ નથી એના હૃદયની જે વાસ્તવિક વસ્તુએ તહારા પ્રાણને સ્પર્શ કર્યો હતેા, તેને કામ સહેલાઇથી નષ્ટ કરી શકે તેમ છે. પરંતુ કેાઇ દિવસે તે તેને ઉત્પન્ન કરી શકે તેમ નથી. સાધારણ રકતમાંસના આકર્ષણથી તે તને આકર્ષી શકત નહિ. વળી તને આવી ઠેાકર વાગવાની જરૂર હતી. સંન્યાસ લઈ સ્વભાવને શુદ્ધ કરવાને બદલે તું ઇંધી નાખવા ધ્રુચ્છતા હતેા, તેથી તહારી પ્રકૃતિએ આ બદલેા લીધેા છે એ મીઠાંની અસારતા દેખાડવાને જ ઇશ્વરે તહારી આવી દશા કરી છે. જે અધકારે આજે તને ઘેરી લીધેા છે એ અધકારમાંથી જ સત્યનેા પ્રકાશ પ્રકાશી નીકળશે. એ પ્રકાશથી તું સાધનાનેા માર્ગ શેાધી શકીશ. આજથી તુ નામની સાથે એ રૂપનું પણ ધ્યાન ધરજે. એ રૂપથી જ તું સિદ્ધિ મેળવી શકીશ."

(સંપૂર્ણ.)

વગર ઇજાએ બાલ કાઢવા માટે

બાદશાહી સાબુ.



વાપરેા

બાદશાહી સાબુ વાપરવાથી ચામડીને કાંઇ પણ તકશાન થતું નથી પણ સંવાળા બનાવે છે. ગુપ્ત ભાગેાના વાળ સહેલાઇથી કાઢે છે

કિંમત બાક્સ ૧ નેા રૂ. ૧)
પેારટેજ ૦।

બાક્સ ચારના રૂ. ૩)
પેારટેજ માફ

દરેક ઠેકાણે વેચાય છે.

સી. સી. મહાજન એન્ડ કું૦
શેખ મેમણ સ્ટ્રીટ મુંબઇ ૨.

કડકા બાલુસ કવિની પ્રેમકથા.

(એક પ્રહસન.)

પાત્રનામ:—રાજા દિવાનેા,
પ્રવેશ ત્રીજો.

હારૂન—આદાબ અર્જ છે, સાહાબાને મજલિસ! આ દિલ્લીમાં આવતાંજ નસિબાએ એવેા તા ચમત્કાર બતાવ્યેા કે એક મુફલિસ મુસાફિરને સાતમા આસમાન પર ચઢાવ્યેા. અથવા આસમ બેાલાવાય છે, પ્યારી ગુલજારના પ્રેમનેા રસ પીવાય છે, અને શાદી દરબાર સુધી બન્દાનું નામ એક મશહુર શાયર તરીકે પહેાંચી ચૂકેલું સંભળાય છે. આજે વળી એક નવિન ચમત્કાર થવાનેા રંગ દેખાય છે. મીરજા પ્રેમના દલાલ રાત સુધી આવવાના નથી અને શાહી જનાનખાનામાં ગયેલ ગુલજારના કદમ પણ અદ્ધિ થવાનાં નથી ઉસી ફહીમને મને આ વખતે અહિં બેાલાબ્યેા છે; ખુદા જાણે વળી એના મનમાં શેા વિચાર આવ્યેા છે.

ગુલજાર—કામણગારાની કેવી નજર લાગી,

નજર લાગીરે નજર લાગી,—કામણગારાની
આ ઉદ્યતે તેા ખાન પાનને હરામ કરી
ઉમ્મીદે વસ્લની છે હાયરે ગુલામ કરી;
પ્રજાળી પ્રેમના આ પાવકે તમામ કરી,
વિયેાગે પ્રેમીના મારી મરણનું નામ કરી,
વાગી આ કારી વ્હાલા વિરહ કટારી વ્હાલા,
શાને વિસારી વ્હાલા, આવેા હું વારી વ્હાલા,
નડે અલિહારી વ્હાલા, નજર લાગી. કામણગારાની

મુઘરે રાંડ માની થતી, મને શાદી જનાનખાનામાં બેાલાવી, આપાને રાત સુધી ન આવવાની ચાવી આપી અને મારા પ્યારા હારૂનને અહિં પેાતાના ખાનગી ઓરડામાં બેાલાવવાની જળ ફેલાવી. સારૂં થયું કે, દાસીએ આ બધી વાત મને જણાવી એટલે હું મારા આપાને બેાલાવવાનું દાસીને કહીને પેાતે અહિં આવી. હવે જોવાનું છે કે શું થાય છે; હારૂન વફાદાર નીવડે છે કે, લાલચના પૂરમાં તણાઇ જાય છે.

હારૂન—ઓહેા!–ફહીમન નખરેદાર પધારે છે!

ગુલજાર—શબતાનની બ્હાલી, દિલદાર પધારે છે!

ફહીમન—જોને લેાકેા સખી અને ઉદ્ધાર કહે છે તે ખુદા તઆલા તેા ગને બડેા બખીલ, કંજુસ અને મખ્ખીચૂસ દેખાય છે. કાગડાને તેજી સેા વર્ષની ઉમ્ર આપી જીન્દગીના જામને દીધેા ભલ કાવી, અને ઇન્સાનને ઉમ્ર આપવામાં આટલી બધી બખીલી શા માટે બતાવી? સાઠ સીત્તેર કે એંસી વર્ષનું આયુષ્ય તે કાંઈ આયુષ્યના હિસાબમાં છે? પહેલાં પંદર વર્ષ ખેલવા કૂદવામાં વીતિ જાય છે! અને બીજાં પંદર કે વીસ વર્ષમાં બે ત્રણ છેાકરાંની અમ્મા થાય, તેા બાપડી બુઢ્ઢી બેાખડ કહેવાય છે!

હારૂન—ખરી વાત છે. જેવાં કે તમે! ચાલો, હવે તમારે આપણે જાહેર થઇએ અને આ મુલાકાતનો અંજામ શું આવે છે તે જોઇએ. કેમ બાનો, મને અત્યારે અહિં શા માટે બોલાવ્યો છે?

ફહીમન—ભલે પધાર્યા. આ ખાદિમા તમને એમ પૂછવા માગે છે કે શું ચાલીસ કે પીસ્તાલીસ વર્ષની ઉમ્ર થતાં બૈરાંની જીવાનીનો બગીચો સૂકાઇ જાય છે?

હારૂન—(સ્વગત) બેટા હારૂન, સાવધાન! લઇ લે નામે મુબહાન અને મચાવી દે ખુશામતનું તૂફાન; નહિં તો જનની નથી જરા પણ અમાના! (પગટ) બિલ્કુલ ખોટી વાત છે; બીજા કેમ કેમ ન્યૂના થતા જાય છે તેમ તેમ તેમાં વધારે સ્વાદ આવતો જાય છે! દાઢ પણ જુનેજાદ વખાણાય છે.

ગુલજાર—અફસોસ-મારો પ્યારો બેવફા થતો જાય છે!

ફહીમન—કૂરબાન કૂરબાન મારા શાયર કદરદાન!

હારૂન—તમને જુઠ્ઠી કહેનાર હરો કોઇ હયવાન! વલ્લાહ! તમારી આ ઉછળતી જીવાની મને તો દેખાય છે અહારે પરસ્તાન!

ગુલજાર—ખરૂં પૂછો તો જીવતું શૈતાજ અથવા ભય'કર કબરસ્તાન!

ફહીમન—હજી મારા ગાલ ભમરા જેવા કાળા છે!

હારૂન—અને લટકાં મટકાં પણ-હાયરે મારા ગાલા-બહૂજ રૂપાળાં છે!

ફહીમન—મારા ગાલ ગુલાબી છે!

હારૂન—અને આંખો પણ હજી ખરાબી છે!

ગુલજાર—એ ખરાબી આંખોજ તારી હવે ખરાબી છે!

ફહીમન—પડી આ ચામડીમાં પણ હજી એટ્રે ન કરચોળી;

હારૂન—ન મારો તીર આશક તો કહે છે હાથ બે ઝોળી.

ગુલજાર—અરે એ બેવફા આશક, બધી તેં આબરૂ ઝોળી; ઠગાઈ પ્યારથી તારા, નવેલી નાર હું બોલા!

ફહીમન—હજી તો ફૂલતી ફૂલતી નવી મારી જવાની છે;

હારૂન—જવાની પર તમારી આ બધી દુનિયાં દિવાની છે!

ગુલજાર—દિવાનાને દિવાનીની કૂરબતી બસ થવાની છે; હવે બોલાવું આપાને અહીં પર જિન્દગાની છે!

ફહીમન—નહિં બદલો મળે બીજો, અજબ આ કદરદાનીનો; તમારી છું ફહીમન, લૂંટી લ્યો રસ આ જીવાનીનો!

ગાયન.

ફહીમન—નાખ્યું ઘુસબીહું દુરમનની આંખમાં,

હારૂન— પ્યારી રંગેલ તું;

ફહીમન— રંગીલેા છેલ તું;

હારૂન— ડાકણી ચૂકેલ તું;

ફહીમન— રંગીલેા છેલ તું.

હારૂન—મારી અને લાડી બેઉ લાયુ હું ઉઠાવું પ્યારા; નાખ્યું.

ફહીમન—જુગતી જોડી જોડે નીકળે રૂપાળી, જ્યારે જુગતી જોડી જોડે નીકળે રૂપાળી, ત્યારે નગર જુવતિ જાય સર્વ રંગથી ચાલી.

હારૂન—પ્રેમ જુઠ્ઠીનો લાવ્યો દમ નાકમાં-નાખ્યું.

(ખીરજાં દાખલ થાય છે.

ખીરજાં—અરે નાલાયકો, આ શો ધંધો ચલાવ્યો છે?

હારૂન—કામદેવના બાલદમાં પ્રેમનો સોદો કરી બતાવ્યો છે!

ફહીમન—હાલા, જરા પણ ડરશો નહિ, આ ફહીમન હવે આપની જ છે!

ખીરજાં—બસ બેટા, એમજ માની લે કે આ બેરી તારો બાપની છે!

ફહીમન—એ જુઠ્ઠા, મારો તને ત્યાગત સાથે તલાક આપીને આની સાથે નિકાહ કરવાનો વિચાર છે.

ખીરજાં—અને મારો પણ તને અત્યારેજ આ ઘરમાંથી હાંકી કાઢી બીજી કોઇ છેલ છબીલી બીબીને લાવવાનો નિર્ધાર છે!

ગુલજાર—આ બાડાની લડાઈમાં આડતો એ થાય છે. મારા જિગરનો યાર મારા હાથમાંથી લૂંટાય છે!

ફહીમન—કેમ મારા ફ્રેંડ્સ કવિરાજ, આ ડોકરાને તલાક-નામું આપીશ તો શું કોઇ મારૂં ધરાક નહિ થાય?

હારૂન—એક હજાર!

ખીરજાં—અને મારી પ્યારી બેટી, જો હું તારી આ પુરાણી ખરાબ ગાડી જેવી અબ્માને તલાક આપીશ, તો કોઇ બેરીનું મન મારી બીબી થવાને નહિ લલચાય?

ગુલજાર—તમારી બીબી તો આજે દસ હજાર ઔરતો આવીને થઇ જાય!

હારૂન—(સ્વગત) આપણે તો આ ડોશીને બનાવતા હતા, પણ આ તો મામલો બગડી ગયો; વાત તલાકનામા સુધી આવી. આ હાકુની નાનીએ તો મારી ગદ્દનને લોઢાના સકંજામાં કસાવી. આ ડોશીની ચ્હોકાબુમાં મેં તો મારી ગુલજારને પણ ગૂમાવી!

ખીરજાં—અલ્યા મવાલી કયા, મેં તને અત્યાં બચ્ચા બોગો કરવાની ઉદારતા બતાવી તો તેં મારા ઘરમાંજ આંટી ઘમાચકડી મચાવી?

ગુલજાર—(પગટ) અલ્યા મવાલી કયા, પોતાની મા જેવી બુઢ્ઢી સાથે પ્યાર કરતાં તને કંઇ લાજ કે શરમ ન આવી?

હારૂન—પ્હેલાં તો તેંજ મને લટ્ટુ બનાવ્યો હતો!

ગુલજાર—એ તો મેં તને જરા અજમાવ્યો હતો, પણ પછી તો ભાઇ કહીને બોલાવ્યો હતો.

ખીરજાં—ત્યારે આ મારો જમાઇ છે કે તારો ભાઇ છે?

હારૂન—સસરાના જમાઇ અને બાયડીના નણદના ભાઇની એકજ સગાઇ છે!

ખીરજાં—નણદનો ભાઇ કે બાયડીનો ભાઇ?

હારૂન—ભાયડા અને ભાઇની પણ એકજ સગાઇ!

ખીરજાં—ઓ પાજી, તેં આવી રીતે પરાઈ નારથી પ્રેમનો રંગ જમાવ્યો અને અંજામનો પણ જરા વિચાર ન આવ્યો? કયાં છે મારા કંડોજાર મવાલી?

(મવાલીઓ દાખલ થાય છે.)

મવાલી ૧—શું ફરમાન છે, જનાબે આલી?

મીરજાં—આ બદમાશ બુઢ્ઢી અને આ કમબ્ત કબાની કુદ્દી બનાવો!

મવાલી ૧—કઈ જાતના અને કેટલા ફટકા લગાવીએ?

મીરજાં—એટલે?

મવાલી ૨—એટલે એમ કે જૂની જૂની જાતના ફટકાના ભાવ જુદા લેવાય છે!

મવાલી ૧—સાધારણ દરેક ફટકાના રૂપિઓ, લોહી કાઢનાર ફટકાના બ્ણ રૂપિઆ અને માથું ફાડી નાખનાર ફટકાની કિંમત એક અશરફીની થાય છે!

મવાલી ૨—અને કોઈને જનથી મારી નાખવો હોય તો એકસો અશરફીના હુબ્બા સોદો કરાય છે.

મીરજાં—હું દલાલ છુ, માટે એમાંની દલાલીના ટકા બાદ કરાશે.

મવાલી ૧—નથી બે ભાવ એકજ વાત એકજ બોલ કારી છે,

મવાલી ૨—ન વળતર કે દલાલી કંઈ, અમારા ભાવ સારી છે!

મીરજાં—ભલે ત્યારે આ બુઢ્ઢીને પાંચ સાધારણ ફટકા લગાવો અને આ કબાના બદન પર ત્રણ ચાર લોહી કાઢનાર ફટકા જમાવો!

મવાલી ૧—જેવા હુકમ. મહેરબાન બાનો અને કવિરાજ, તમારા બદનને જરા ટટાર બનાવો અને કંઠાને અમારા જરા માનપૂર્વક ગોતીરે વધાવો.

કૃહીમન—મારા પર શાહનશાહની મહેરબાની છે, માટે જો પકડશો તો સાત સાત સાતને માટે કેદખાનામાં જશો.

મવાલી ૧—કેદખાનું તો અમારૂ સાસરીયું છે. દશ દશ વાર ૪૪ આવ્યા છીએ અને આ અગીયારમો ફેરો થશે.

હારૂન—જોહુ કુંડાળુ અમને મારે છે.

મવાલી ૧—ચૂપ. કટકા પડયા પહેલાં ગુમ થાની મારે છો

ગાયન.

હારૂન—દોડો દોડો કરેબાએ માર મારવા આવ્યા છે,

મીરજાં—મારો ખૂન ખૂન હાથે આવ્યો છે એ પાજી,

ગુલજાર—દોડો અમારાં રંગે રમવામાં બહુ સારાં કાવ્યાં છે,

મીરજાં—પીટો

કૃહીમન—ના ના

ગુલજાર—ચરણી એની તાવો તાજી,

દોડો દોડો ગામર બદમાસ બન્યો બુઢીનો દાસ,

કર્યો જેવો વિલાસ, એને દો એવો ત્રાસ.

કૃહીમન—તમને મઝબ્બતુ રોણે,

મવાલીઓ—વળતે ના કાંઈ કહેજે;

ગુલજાર—જેવા છે ઉસ્તાદ કવાજ, પ્રેમ કૂલનો વાસ-દોડો

(ચોથો પ્રવેશ આવતા અંકમાં)

મું ઈ નું રા ત્રિ—૨ હ સ્ય

(લખનારઃ—રા. ગુપ્તદૂત)

[ગતાંકથી ચાલૂ]

શીમાળાની રાત્રિ હતી. રાત્રિના લગભગ આઠ વાગ્યા હતા. ઠંડો પવન ફુંકાતો હતો. White Lane અથવા સફેદમ-લીનું બજાર ગરમ બની ગયું હતું. અમે એ ગલીનું રાતના સમયનું વર્ણન કરી ચુકેલા હોવાથી તેનો અત્રે પુનરૂલ્લેખ કરવાની જરૂર નથી.

એવામાં એક ટેક્ષીએ એ ગલીમાં પ્રવેશ કર્યો. ટેક્ષી ગલીમાં પ્રવેશ કર્યા પછી ધીમી ગતિથી ચાલવા લાગી. ટેક્ષીમાં એક ગુજરાતી તરૂણ અપ-ટુ-ડેઈટ પોષાકમાં સજ્જ થઈને બેઠો હતો તેનું માથું ખુલ્લું હોઈ બારીના વાળ હવાના સપાટાઓ સાથે ઉડતા જોવામાં આવતા હતા. તેની પાસેની સીટ ઉપર એક ગરમ ઓવરકોટ, બૅગોલાન ટોપી પડયાં હતાં. તેના હાથ ઉપર ગ્રેનેમ કંપનીનું એક સોનાનું ઘડીઆળ હતું. તેનું શરીર પ્રમાણસર તેમજ દેખાવડું હતું. શરીર ઉગ્રવળ વહુ વર્ષ હતું. તેની ઉમ્મર લગભગ ત્રીસેક વર્ષની લાગતી હતી.

ટેક્ષી ગલીના પેલી તરફના નાકા ઉપર હેરાસ રોડના રસ્તે જ પહોંચી એટલે ડ્રાઈવરને તરણે બોબવાની આજ્ઞા કરી. ટેક્ષી ઉભી રહી એટલે ડાબા હાથમાં ઓવર કોટ લઈ ટોપી પહેરી તરણ નીચે ઉતર્યો તથા રૂલ પ્રમાણે તેણે બાકી ચુકતી ડ્રાઈવરને રળ આપી દીધી.

તરણ ડ્રામના રસ્તા ઉપર જમણા હાથે આવેલા એક મજલાના મકાનમાં ગયો તથા ડાબ્યથી દાદર ચઢી તે નીચે માળ જઈ પહોંચ્યો. એ વખતે લગભગ અઢારેક વર્ષની એક રૂપસુંદરી તેનું સ્વાગત કરવા દાદર પાસે આવીને ઉભી રહી હતી. બન્નેનું નેત્રમિલન થતાં બન્નેએ નેત્રકટાક્ષ ફેંકી સ્મિતહાસ્ય કર્યું. પછી તરણુનો હાથ પકડી નવયુવતી તેને પોતાના બેઠકખંડમાં લઈ ગઈ. એ બેઠકખંડ બે ઓરડા અને એક ઓરડી મળી ત્રણ ભાગમાં વહેંચાયેલો હતો. બને ઓરડાની ડાબા હાથ તરફની બારીઓ બહાર રસ્તા ઉપર પડતી હતી વિજળીની બત્તી તથા પ બાઓની બને ઓરડામાં બબરચા હતી અંદર પ્રવેશ કરતાં જે ઓરડો પહેલો આવેલો હતો એ ઓરડાની સાજસજ્જા ચિત્તાકર્ષક, રતિરસોદ્દીપક અને વિલાસિતાથી ભરપૂર હતી દિવાલને અડતાં બે સુંદર કાચનાં કબાટો હતાં મધ્ય ભાગમાં એક રાઉન્ડ ટેબલ હોઇ તેની આસપાસ આરપાર ખુરસીઓ પડેલી હતી રસ્તા તરફ પડતી બારીઓ તરફ જે ખુણે એ નેતરની આરામ ખુરસીઓ હતી. એક નાના ટેબલ ઉપર પાનદાની, થુકદાની વગેરે સામગ્રી ગોઠવી રાખેલી હતી ઉંચે દિવાલ ઉપર શૃંગારભાવ પરિપૂર્ણ કેટલીક દેશી વિદેશી છબીઓ વ્યવસ્થાપૂર્વક ટંગિલી હતી રસ્તા ઉપર પડતી બારીઓ ઉપર ઈન્સી પર્દા ઝૂલી રહ્યા હતા. એ ઓરડાના મધ્ય ભાગમાં આવેલા બારણામાંથી બીજા ઓરડામાં જઈ શકાતું હતું. એ ઓરડામાં

બારીની નજીકજ એક બાજૂએ એક ભવ્ય પલંગ બિછાવેલો હોઈ તેના ઉપર મખમલની નાખેલી હતી. પલંગપરનું બિછાનું ઘણું જ સ્વચ્છ હતું. પલંગની રક્ષાને એક મહોટા બિલોરી કાચનો આધાર હતો. આપના નીચે એક કાષ્ઠાધાર ઉપર સુશોભિત તેજની ગીરી, બે ફ્લાસ્કોઓ વગેરે રેઝ વ્યવસ્થાની વસ્તુઓ પડેલી હતી. એ ઉપરાંત ત્યાં રસોઈ કરવાનાં સાધનો તથા બે ત્રણ પીતળના પાણીયા ભરેલા ગોળા પીતળની બાજી, રકાબ વગેરે વ્યવસ્થાપૂર્વક ગોઠવી રાખ્યું હતું. જે ઓરડીનો ઉલ્લેખ અમે કર્યો છે તે બાથરૂમ (સ્નાનગૃહ) તરીકે ઉપયોગમાં આવતી હતી.

અત્રે અમે આવેલા તરણની ગોળબાણ આપીશું. એ તરણ બીજો કોઈ નહિ; પરંતુ રાત્રિ રહસ્યના લેખની ગ્રંથાતમાં હીરાલાલ-નામક બૅરિસ્ટરનો અમે વાચકોને પરિચય કરાવ્યો છે તેજ હતો. એક બિઝનેસ બૅરિસ્ટર તરીકે તે પ્રખ્યાત હતો. આમ છતાં મહિને દિવસે તે ત્રણચાર આસેસે રૂપિયા જેટલી રકમ પેદા કરી શકતો હતો. સ્વસ્થારનું કોઈ ખાતનું બંધન નહિ હોવાથી તથા ન્યાતજાતમાં બેસવા માત્ર પ્રતિષ્ઠા નહિ હોવાથી તે 'કૃષ્ણરામ ગિરધારી' હતો. તે જેટલું કમાતો તેટલું ખરચી નાખતો હતો.

આ પરિચ્છેદમાં જે વિલાસિનીનો અમે પરિચય કરાવીએ છીએ તેની સાથે હીરાલાલની ગોળબાણ તેના એક મિત્રે બે ચાર દિવસ ઉપર કરાવી હતી.

એ નવયુવતીનું નામ કમળા હતું. તે દેખાવમાં ઘણી ખૂબસૂરત હતી. તેના બન્ને હાથ ઉપર બાજૂએ સોનાની બજરાઓ, કંઠમાં એક સોનાની મોહનમાળા અને પગમાં ઈન્સી સાંકળાં હતાં. તેની બન્ને કપોળોઓ તથા પગની પાનીઓ મેંદીથી રંગાયલી હતી. પોતાના લાંબા ચોટલાની સુગંધિત તેલ નાખી તેણે વેણી ગુંથી હતી. બન્ને હાથમાં સુવર્ણની બંગડીઓ ઉપરાંત મોંઘવારીનાં ડુમોના ગજરા હતા. તાત્પર્ય કે, તેનું રૂપસૌન્દર્ય પણ આકર્ષક હતું.

હીરાલાલે અંદર પ્રવેશ કરી એક આરામ ખુરસી ઉપર સ્થાન લઈ સિગારેટ સળગાવી. કમળાએ સામેની એક ખુરસી ઉપર બેસી લાક્ષણિક પાન બનાવવા માંડ્યું.

સિગારેટ પીતાં પીતાં હીરાલાલે કહ્યું:— "કમળા ! આજે બ્હાર ફરવા જઈશું કે ?"

"જેવી તમારી ઇચ્છા. તમે કહેને ક્યાં લઈ જાઓ ત્યાં હું તમારી સાથે આવવાને તૈયાર છું." કમળાએ એક બેહદ કટાક્ષ ફેંકી કહ્યું.

હીરાલાલે કાંડા ઉપરના ઘડીઆળમાં જોઈ કહ્યું:— "હજી આપણે આઠ વાગ્યા છે. વિક્ટોરિયા લઈ એ એક કલાક ફરી આવ્યા પછી આપણે શાન્તિથી શયન કરીશું."

"ભલે, હું તૈયાર છું." આમ કહેતાં કમળાએ એક પાન હીરાલાલના હાથમાં મૂક્યું અને બીજું પાન પોતે ખાધું.

થોડા સમયમાંજ હીરાલાલ અને કમળા મકાનની બ્હાર નીકળી રસ્તા ઉપર આવ્યાં અને એક વિક્ટોરિયામાં બેઠાં. કમળાએ કહ્યું:—"આપી હંડીમાં બ્હાર જવા કરતાં ફ્લાસ્કમાં જોઇએ તો કેવું?"

"તારી મરજી હોય ત્યાં જઈએ. તને ઇચ્છીયા હિલ્મ જોવા ગમે છે?"

"એમાં મને વિશેષ સમજ પડતી નથી. કમળા પેશી પતિવ્રતાઓની દેશી હિલ્મ આવી છે તે આપણે જોવા જાવીએ."

દેશી હિલ્મો જોવાનો હીરાલાલને કંટાળો હોવા છતાં તેણે કહ્યું:—"ચાલો ત્યાં જઈએ."

વિક્ટોરિયા ચાલુ થઈ તે સાથે હીરાલાલે સીનેમાની વાત આગળ ચલાવતાં કહ્યું:—"અમેરિકા અને ઇગ્લેન્ડનું અનુકરણ કરી આજ કાલ હિંદુસ્તાનમાં પણ કેટલાક માણસો સીનેમા કંપનીઓ કાઢે છે; પરંતુ જોઈતા જ્ઞાનના અભાવથી દેશી હિલ્મોમાં જેવો બગડો વાળવામાં આવે છે કે, જેમાં ચક્રવાકમનું સ્થાનજ ન હોઈ શકે. ગાંધીજી પ્રવાહ જોરી પ્રજાને અમલદારિક જનારો બતાવી પૈસા કેમ પ્રાપ્ત કરવા એ હેતુને વશ. થઈ સીનેમા કંપનીઓ આજ કાયની નાટક કંપનીઓ કરતાં પણ વિશેષ અધમ સ્થિતિને પ્રાપ્ત થઈ છે. આજ કાલનાં ધધાપાયક નાટકોમાં, રેડીયો. સુદર્શન ચક્ર, ખાદી, ધર્મ પૂંઠા વગરનો સ્વદેશાનુરાગ, વિશુદ્ધ પ્રેમને બાજૂએ હડસેલા મારનાર જેવી રીતે જોવામાં આવે છે તેવાજ રીતે દેશકાળ, પરિસ્થિતિ અને સંયોગો લક્ષ્યમાં રાખ્યા સિવાય સીનેમામાં પણ ઓરોપેન, ગોદરેજની ચર્ત, ગોદરેજની રોડાદોડની હરિફાઈ, ડાકનાં પીકો વગેરે બતાવવામાં આવે છે."

કુતૂહલને વશ થઈ કમળાએ કહ્યું:—"ત્યારે શું બધી દેશી પ્રીલ્મ કંપનીઓ એવી છે?"

હીરાલાલે કહ્યું:—"ના, અપવાદરૂપે માત્ર આંગળીને ટેરવે ગણાય એટલી સિનેમા કંપનીઓ સારૂં પ્રશંસનીય કાર્ય કરે છે. એમાં મહારાષ્ટ્ર હિલ્મ કંપની મુખ્ય હોઈ તેના ચાલકો સારા અનુભવી છે."

આ વાતમાં કમળાને વિશેષ રસ પડતો નહિ હોવાથી તેણે કહ્યું:—"હશે, ગમે તેમ હો; આપણે કયાં ત્યા આખી રાત બેસી રહેવું છે?"

વિક્ટોરીયા થીએટર આગળ જઈ પહોંચી બન્ને જણે ઉતર્યાં. હીરાલાલ ટિકીટ કઢાવી કમળાની સાથે બૉક્સમાં જઈને બેઠા.

બે કલાક પડી બને જણાં પાર્ક મુકામ ઉપર આવ્યાં. હીરાલાલે બજારમાંથી કેનેસી ગ્રી સ્ટાર્સની એક બાટલ ખરીદી લીધી હતી. મુકામ ઉપર આવ્યા પછી હીરાલાલે અને કમળાએ સુરાપાન કર્યું. કમળાની ઇચ્છાએ રસોઈ તૈયાર કરી રાખી હતી. સુરાપાન કરી બન્નેએ જમી લીધું. ઇચ્છા બ્હાર બબર્યાં સાર્વરી.

કમળાએ અંદરથી દ્વાર બંધ કરી દીધું.

પાન ખાતાં ખાતાં હીરાલાલે કહ્યું:—"કમળા! તારા જેવી એક ઉચ્ચકુળમાં ઉત્પન્ન થયેલી રૂપવતી સુંદરી આવા અધમ વ્યવસાયમાં શા માટે પડી છે એ જાણવા માટે મારું મન અધીરું બની ગયું છે. તું મને એક વખત તારી જીવનકથા કહી સંભળાવ. ભવિષ્યમાં તારે આવો અધમ વ્યવસાય ન કરવો, પડે તથા તું શાન્તિમાં રહી તારા જીવનનો નિર્વાહ કરી શકે એવી ગોઠવણ કરવાની મારી ઇચ્છા છે; પરંતુ તું તારા જીવનની સઘળી સત્ય હકીકત મને કહેજે. તારે માટે મારા અંતરમાં ઘણો પ્રેમ ઉપજેલો હોવાથી, સંયોગોને વશ થઇ હું એવો અનુચિત કાર્યો કર્યા હશે તોપણ હું તે તરફ લક્ષ્ય આપનાર નથી."

કમળાએ હીરાલાલની નજીક બેસી પોતાની જીવનકથા કહેવાની શરૂઆત કરી:—"હું પરમ પ્રભુ શ્રી રણછોડજીના તીર્થધામ ડાકોરમાં બ્રાહ્મણ કુળમાં જન્મી હતી. મને નાની ઉમ્મરની મૂકી મારા પિતા પરલોકવાસી થયા હતા. મારી માતા યજમાનવૃત્તિ કરીને અમારા પરસોસારનું ખરચ ચલાવતી હતી. મારો વિવાહ ડાકોર ગામમાં જ કરવામાં આવ્યો હતો તથા મારા સસરા સામાન્યતઃ આર્થિ પીધિ સુખી હોવા છતાં તેઓ પણ ડાકોરના બીજા બ્રાહ્મણોની માફક યજમાનવૃત્તિ કરતા હતા. મારું લગ્ન થયું એ વખતે મારી ઉમ્મર બાર વર્ષની અને મારા પતિની ઉમ્મર દશ વર્ષની હતી. વિવાહનો ઘણોખરો ભાગ હું મારી માતા પાસે રહેતી હતી તથા રાતના વખતે બહલવાનું બીજું એક વસ્ત્ર લઈ સાસરે જતી હતી. મારી સાસુ તથા સોળ વર્ષની ઉમ્મરની નણંદનો સ્વભાવ ઘણો ડોસી તેમજ ઉગ્ર હતો. તેઓ મને બોજ ભણી જતી હતી. બીજા તરફથી હું ઋજુ ધર્મમાં આવી ગયેલી હોવા છતાં કજોડાને લીધે રતિ સુખથી વંચિત રહેતી હતી. મારા પિયરમાં તેમજ સાસરે હરેક માણસ પુનમના અરસામાં ઘણા યજમાનો રેવરન્સ કરવા આવતા હતા, તથા તેઓમાંના બે ચાર નવયુવકોના નેત્રો શિકારી જેવાં તીક્ષ્ણ હોવા છતાં હું મારા ધર્મથી લેશ માત્ર ચલિત થઈ નહોતી.

"એવી સ્થિતિમાં બે વર્ષ બેટલો ક્રમય પસાર થઇ ગયો. મારા પતિની ઉમ્મર બાર વર્ષની થઇ; છતાં સંસાર સુખ કોને કહે છે એ વિષયનું તેને બિલકુલ જ્ઞાન નહોતું. માતા તથા બહેનની શીખવણીને વશ થઈ તેણે વખત વિચાર્યે મારા ઉપર લાકડીઓ ચલાવવા માંડી. મારા સસરા એકભાગી અને વરસાસરની અટપટોથી વિરકત રહેતા હોવાથી તેમણે કોઈપણ વિષય તરફ ધ્યાન આપ્યું નહિ. ઉલટે પિયર જવાની મારે માટે મારી સાસુ તથા નણંદે બંધી કરી. રહવાથી રાતના દશ અગીયાર વાગ્યા સુધી હું ઘરનું તથા આવતા જતા યજમાનોનું તમામ કામ કરવા લાગી.

"મારી નણંદ મને કોઇ પણ રીતે નિરાંત બેસવા દે તેમ નહોતી. તે મારા ઉપર ખોટાં આળ ચઢાવવા લાગી. બોમાની ઉપર પાણી ભરવા જઈ હું કુલાણાની સાથે કુપણે વાતચિત કરું છું, કલાણા પુરૂષ સાથે હું પત્રવ્યવહાર ચલાવું છું એવા તદ્દન અસત્ય કલ્પિત આરોપો મૂકી તે મને જે અસહ્ય દુઃખ દેવા લાગી તેનું વર્ણન નિર્બળ શબ્દોથી હું કરી શકું તેમ નથી." આટલું બોલતાં બોલતાંમાં કમળાનું હૃદય ભરાઈ આવ્યું તથા તે મૌન રૂદન કરવા લાગી.

હીરાલાલે આસન ઉપરથી ઉઠી ખીસ્સામાંનો રૂમાલથી તેનું અશ્રુજળ સ્વચ્છ કરતાં કરતાં કહ્યું:— "ગઇ ગુજરી સંભારી શોક કરવાથી હવે શું કૂળ છે? તું શાન્ત થઈ આપી હકીકત સ્વસ્થ ભાવથી મને કહી સંભળાવ." આમ કહી તેણે કમળાના કપોળ પ્રદેશ ઉપર સહાનુભૂતિસૂચક ચુંબન કર્યું.

કમળા પુનઃ શાન્ત થઇ કહેવા લાગી:— "હું નિષ્પાપ હોવા છતાં મારે બહોરે સઘળું કષ્ટ સહન કરતી હતી. એક બે વર્ષમાં પતિ સમજણો છતાં મારા સકળ દુઃખનો અંત આવશે એવી મને આશા હતી; પરંતુ પતિનો વ્યવહાર દિવસે દિવસે વિશેષ જુલમી બનતો ગયો. તે માતા તથા બહેનને વશ થઇ હું જાણે ઘરનું એક ઢોર હોઉં એમ માનતો હતો. ઉલટે સહુના ત્રાસથી કંટાળી જઈ હું મારા પિયેર મારી માતાના આશ્રયમાં જઇને રહી.

"મારા ઉપર ગુજરતા જુલમની વાત જાણવામાં આવ્યા પછી સાસરેથી તેઓ આવતાં હોવા છતાં મારી માતા મને સાસરે મોકલતી નહોતી. એવામાં એક એવો ભયંકર બનાવ બન્યો કે, જેથી મારા જીવનની પાયમાલીનો પાયો નખાયો. (અપૂર્ણ.)

(આ રહસ્યપૂર્ણ લેખનો આગલો ભાગ વાંચવા માટે અમારો આવતો અંક વાંચો.)

"ઉંચી બનાવટના ટકાઉ રેડીયસ સ્ટવ્સ."



બેહદ સસ્તા ભાવે વેચાય છે.

પ્રાયમસ, ઓપટીમસ તથા બીજા બધા સ્ટોવની બનાવટના સુલાઓ સાથે રેડીયસ જબરી હરીફાઇ કરે છે કારણ કે રેડીયસની ઉંચી ક્વોલીટી સ્ટીલીસ ગર્વનમેન્ટથી પુરવાર થઇ ચુકી છે. રેડીયસ સ્ટવ્સ દરેક વેપારીને ત્યાં વેચાય છે.

એજન્ટસઃ—ફ્રીઆ સ્ટવ્સપોર્ટ એન્ડ એક્સપોર્ટ કું૦
૬૬, ટેમરીન્ડ લેઇન, ફોર્ટ મુંબઇ.

આ પત્ર ભાદરણ પીતાંબર કેશ્વર મુંબઇ નં. ૬૭ બીચપોકળી પરેલ રોડપર લેવી નોર્થ કોટ હિન્દ ઓઇનેજ કું. એન્ડ સેલર પ્રેસમાં છાપ્યું છે અને તેની જગ્યા કેર ઓફીસ દિવેદીએ મુંબઇ નં. ૪ ગીરગામ ખાતા બીલીંગમાંથી પ્રસિદ્ધ કર્યું છે.

મોજ-મજાહ

રવિવાર તારીખ ૨૦ મી જુલાઈ સને ૧૯૨૪.

મેમ્બરી માતમ.

મેમ્બરી હમ પર દીદા છે,
અમને પ્યારી મેમ્બરી;
જાન જાએ તો ભલે,
ના જાય પ્યારી મેમ્બરી.

હૂંક ઉઠે આ કલેજે,
ને જીગર ચીરાય છે;
ખ્યાલ આવે કે તરત,
ચાલી અમારી મેમ્બરી.

લાંબા ચોડાં લેકચરો,
કરતાં અમે કાંઠ-સીલ્ક માં;
વાહ વાહ સાથે થતી,
પ્યારી દુલારી મેમ્બરી.

"એઝ યુ પ્લીઝ ઇર, વેરીવેલ સર,
વેલ મી લૉર્ડ" કહેતા અમો,
અકૂમરીથી પણ વકી,
પ્યારી અમારી મેમ્બરી.

જાણ્યું આ ઘમસાણ શાથી?
ગાંધીજીએ શું કર્યું?
કોઇ ના કરતું ફકર,
સ્વર્ગે સિધરી મેમ્બરી.

લોકમાં ઇજ્જત હતી,
સૂબાગીરીથી પણ વધુ;
અકૂસોસ ના કોઇ માનતું,
હાવાં મધુરી મેમ્બરી.

મરતા નથી, ટળતા નથી,
નાદેરવાદી અહીં થકી;
મોકલી આપી મસાણે,
હાય દુલારી મેમ્બરી.

ખુલ્લમખુલ્લા.

એક સુંદરીનાં સાહસ કર્મો

પ્રકરણ ૧૦ મું.

નવી ઓળખાણ.

આપણા મુસાફરોએ આખો દિવસ મુસાફરી ચાલુ રાખી. રસ્તામાં કાંઇ પણ જાણવાજોગ બનાવ ન બન્યો. સાંજ પડયા આવી ત્યારે તેઓ અટક નામના એક ગામમાં પહોંચ્યા. ધવલગિરિની ટેકરીઓ ઘણી પાછળ રહી ગઇ હતી. રસ્તો સારો હતો અને આસપાસનો પ્રદેશ ઘણો રમ્ય અને સુંદર આવતો જતો હતો.

સૂર્ય આથમ્યો—ધીમાં ધીમાં અને મેદાન ઉપર અંધકારની છાયા પથરાવા માંડી—સૃષ્ટિસૌંદર્ય ધીમે ધીમે લુપ્ત થવા માંડ્યું. પક્ષિઓનો કલરવ થઇ રહ્યો હતો અને તેઓ તેમના માળાઓની શોધમાં કિલકિલાટ કરી રહ્યાં હતાં.

અંધકાર વ્યાપી ગયો; પણ તરતજ પૃથ્વિમાંનો ચંદ્ર મલકી રહ્યો—આખું વન રૂપેરી રંગમાં તરતું લાગ્યું—સુંદર વસ્તુઓ વધારે સુંદર દેખાવા લાગી.

અટક ગામ દેખાવા લાગ્યું. તેના પુરાણા ભવ્ય મંદિરનું ઉંચું શિખર તારાની માફક ચળકતું હતું. આપણા મુસાફરોએ તેમની આખા દિવસની મુસાફરીનો મુખરૂપ અંત આવવાથી પરમેશ્વરનો આભાર માન્યો. એટલામાં દૂરથી પવન વેગે દોડી આવતા એક ઘોડેસ્વારના ઘોડાની ખરીનો અવાજ તેમનું ધ્યાન ખેંચ્યું.

"આપણી પાછળ કોઇ પડ્યું હોય એવું તને લાગે છે?" પોતાને માટે નહિ પણ પોતાના વ્હાલા પ્રસન્નની ખાતર મૃદુતા જેણીએ પ્રશ્ન કર્યો.

પણ આ પ્રશ્નનો પ્રસન્ન વિચાર કરે તે પહેલાં તો તે ઘોડો તેની પીઠ ઉપર બેઠેલા એક યુવાન ઘોડેસ્વારને લઇને એકદમ ચારે પગે ઉછળતો દોડતો આવતો હતો. આટલા બધા તેજસ્વી અને તોફાની ઘોડા ઉપર બેસનાર ઘોડેસવાર જો કે નાનો હતો તો પણ દરતા, શાંતિ અને ધીરજ રાખી તેના ઉપર તે બેસી રહ્યો હતો.

પ્રસન્ન અને મનોરમા જો કે બાળકો બની ગયાં કે જેથી અયશ્કરનો ભય ન રહે; પરંતુ તે ઘોડો એકાએક અટકી ગયો અને તેના બેસનારે કુદીઆરીથી તેના ઉપર કાબુ મેળવી લીધો. ઘોડો તદ્દન થાકી ગયો હતો. બેહોશી જેવું બાકી હતું. પરસેવે બન્ને નીતરી રહ્યા હતા. નવો મુસાફર ઘોડી વારે રસ્તા વચ્ચે ઉભો રહ્યો.

એટલામાં બન્ને જણ્યા નવા મુસાફરની પાસે આવી લાગ્યાં. તેનો પોશાક સાદો હતો. તેની મુખમુદ્રા આકર્ષક હતી. ચંદ્રપ્રકાશમાં તેના મુખ ઉપરની અનુપમ સુંદરતા સ્પષ્ટ દેખાતી હતી. તેનું શરીર પાતળું પણ ઉંચું અને એકસરખા બાંધાવાળું હતું. તેના વદન ઉપરની રેખાઓ તેના ઉંચા કુળ અને સોજન્યની સાક્ષિતી રૂપ હતી.

"ભાઈ, તમારો ઘોડો જરા હાંફતો અને દુરાગ્રહી લાગે છે," પ્રસન્ને નજીક આવતાં પોતાના ઘોડાની ઉતાવળી ચાલને અટકાવીને

નવા મુસાફરને ઉદ્દેશીને કહ્યું. "મને તો અકસ્માત થવાનો ભય હતો."

"ધોડાનાં પગલાં એક સરખાં હતાં એટલે કોઈ પણ જાતનો ભય ન હતો," યુવકે મીઠા અવાજે હંમેશની નમ્ર રીતભાતથી કહ્યું. "જો ધોડો પોતે લપસી ન પડે તો મને તો પડવાની કોઈ પણ જાતની ધારતી ન હતી. પણ," મનોરમા તરફ જોતાં તે બોલ્યો, "તમે જો આજ દિશામાં અણુ મુસાફરી કરવાના હો, તો મને તમારી સોબતથી ઘણો આનંદ થશે. તમને તેથી કાંઈ હરકત કે અંતરાય તો નહિ નડે ને?"

"બીલકુલ નહિ, ભાઈ," યુવકના મુખ ઉપરની ઉદાર ભાવના અને નિખાલસપણું જોઈ તેણે પુશ્ય થતાં કહ્યું. "અમારી આજની મુસાફરી તો પૂરી થઈ છે કારણ કે આજની રાત તો અમે અટકમાંજ ગાળવાનો નિશ્ચય કર્યો હતો."

"ત્યારે તો જો તમારી ઈચ્છા હશે તો આપણે સાથેજ રહીશું," યુવકે કહ્યું. "તમે આને લાંબી મુસાફરી કરી છે?"

"લગભગ પોણાસો માઈલ," પ્રસન્ને પોતાના ધોડાને જરા ઉતાવળથી ચલાવતાં કહ્યું.

"તમે આખો દિવસ આ મોટા રસ્તેજ મુસાફરી કરી છે?" યુવકે પૂછ્યું. પ્રસન્ને ડોકું ધુણાવીને હા કહી એટલે તે આગળ બોલ્યો, "તમે જાણો છો કે સો કન્યાઓ આ રસ્તેથી ગઇ છે અને ત્યાં તેઓ ઉતરે છે ત્યાં ખીજા કોઈ પણ મુસાફરને કોઈ પણ જાતની સગવડ મળી શકતી નથી!"

"ગઇ કાલેજ તેમને લીધે અમારે ઘોડી ઘણી અડચણ ભોગવવી પડી હતી." જીમસિંહ કે અજયગઢનું નામ ન આવે તેની ખાસ સંભાળ રાખતાં પ્રસન્ને જવાબ આપ્યો. "પણ આખરે એક રાત માટે અમને ઉતરવાની સગવડ મળી તેથી આજે રાત્રે સો કન્યાઓ કયાં રહેવાની છે તેની અમે ખાસ તપાસ કરી છે. અમને ચોક્કસ ખબર મળ્યા છે કે અટકથી આઠ માઇલ દૂર એક મઠમાં તેઓ આજે રાત્રે રહેશે."

"બરાબર!" નવો મુસાફર બોલી ઉઠ્યો. પછી ઘોડી વાર જાણે કાંઈ ઉંડા વિચારમાં ડુબી ગયો હોય તેમ ચુપ રહ્યો; પછી આગળ બોલ્યો, "ભાઇ, માફ કરજો. જો કે અમારી ભાષા તમે ઘણી સારી રીતે બોલી જાણો છો તો પણ તમારા ઉચ્ચાર ઉપરથી હું કહી શકું છું કે તમે આ પ્રદેશના રહેવાસી નથી, પણ તમારા પોશાક ઉપરથી લાગે છે કે તમે ઉત્તર તરફના રહેવાસી છો."

"તમારું ધારવું ખરું છે," પ્રસન્ને જવાબ આપ્યો. પ્રસન્ને પોતાનો દેશ જાહેર કર્યા પછી પોતાનું નામ બદલીને ચંદ્રસિંહ રાખ્યું હતું. તેથી તે નામ તેને કહ્યું.

"ભાઈ ચંદ્રસિંહ! જો આપણે સાથેજ મુસાફરી કરીશું તો નકી આપણે મિત્રો થઈશું," યુવકે કહ્યું. "મારું નામ વીરપાલ છે. તમે લાંબે સુધી મુસાફરી કરવા માગો છો?"

"તેનું કાંઈ ચોક્કસ કહેવાય નહિ," પ્રસન્ને જવાબ આપ્યો. નવા મુસાફરની વર્તણુંક તેને ઘણી ગમી ગઇ હતી તો પણ તે બધી વાતો ખુલ્લી કરવા માગતો ન હતો. દુનિયાદારીના એક બિનઅનુભવી અને નિખાલસ હૃદયના યુવકને જાણે એવી રીતે તે વાર્તા કરતો હતો અને પ્રશ્નો પૂછ્યા કરતો હતો.

"મારે પણ કયાં સુધી મુસાફરી ચાલુ રાખવી એ હજી ચોક્કસ નથી," ઉંડા નિશ્વાસ નાખતાં તેણે ઉત્તર કરી; પછી ઘોડી વાર અટકી કંઈક ગભરાતા અવાજે તે બોલ્યો, "તમે સો કન્યાઓને તમારી મુસાફરીમાં જોયે છે? ફક્ત જાણવાની ઈન્તેજારીખાતર હું પૂછું છું. લોકો કહે છે કે આજ સુધી મોકલાવેલી બધી કન્યાઓમાં આ વખતની બધી ઘણીજ ખુબસુરત છે. રાજા માનસિંહને આ કૃત્ય માટે હજારો વાર ધિક્કાર હજો."

"અમે કન્યાઓને જોયે નથી," તેણે જવાબ આપ્યો. "અને ખરું કહું તો તે બાબતથી અમે હજી તદ્દન અજાણ્યાં છીએ." ચાંપકવર્ણ સમજી જશે કે મનોરમાએ અદ્યાપિ અજવગઢના કિલ્લાના તેણીના સાહસનો કાંઇ પણ વૃત્તાંત પ્રસન્નચિત્તને કહ્યો ન હતો.

"શું આ શંકેય છે?" વીરપાલે તેમની અજાણતા વિષે અચંભો બતાવતાં કહ્યું. "તમે નથી જાણતા કે બાદશાહના જનાનખાનામાં એક ખંડણી પેટે તેમને મોકલવામાં આવે છે?"

"આ બેહદું આઘાતું પણ રહસ્ય આજે મેં પહેલી વાર જાણ્યું," પ્રસન્ને કહ્યું. "આ દેશનો ઇતિહાસ મેં વાંચ્યો હતો અને તેને માટે હું તો એટલું જ જાણતો હતો કે માનસિંહ નામનો રાજા પહેલાં અહીં થઇ ગયો હતો."

"અને તે દુષ્ટ રાજાએ," ગંભીર ધૂણ્યું અને તિરસ્કાર બતાવતાં વીરપાલ બોલી ઉઠ્યો, "ખીકણુ અને વિશ્વાસઘાતી હતો. તેણેજ આવી શરમભરેલી સલાહ કરી અને તેથી અમારે દર વર્ષે એવો સુંદર કન્યાઓ બાદશાહના જનાનખાનામાં કલ્પ તેની અધમ વિષય વાસનાની તૃપ્તિ કરવા મોકલવી પડે છે; પણ રાજા માનસિંહને તો તેના ગુરુનું ચોગ્ય ફળ મળ્યું છે. તેને તરતજ પદભ્રષ્ટ કરવામાં આવ્યો, કે જ્યાં તે આખરે મરણ પામ્યો."

"પણ શા માટે આ પ્રદેશના લોકો એવી બદનામી ભરી ખંડણી ભર્યા કરે છે?" પ્રસન્ને પૂછ્યું. એક બાજુ નિર્દોષ બાળાઓનો ખ્યાલ અને બીજી બાજુ તેમની લિજ્જતનો ખ્યાલ આવતાં તેનું લોહી તપી આવ્યું. "ખરેખર તે સો સુંદર બાળાઓના દેખાવજ આ પ્રદેશના ગમે તેવા બીકણ માણસના હૃદયને પણ ઉશ્કેરી મૂકે એવા હશે!"

"તમે મારા દેશવાસીઓને કાયરતા માટે દપ્પો આપો છો તે બ્યાજબીજ છે;" ગુસ્સાથી ઇતિ કચકચાવતાં તે બોલી ઉઠ્યો. ક્રોધથી તેના ગાલ થયેલા ગાલ અને તેજસ્વી મુખ મનોરમાએ ચંદ્રના અજવાળામાં જોયાં. "એક દિવસ જરૂર એવો આવશે કે જ્યારે આ પ્રદેશના લોકો તેઓની સામા એકસંપ કરીને ઉઠશે, તેમણે સહન કરેલાં દુઃખોનો બદલો લેશે અને ભવિષ્યમાં આવી અધમ ખંડણી ભરવાની બલામાંથી પોતાનો છુટકારો મેળવશે. સામો થવાની શક્તિ હોવા છતાં જેઓ કેવળ ભિરતા અને સ્વસ્થતાથી શાંત બેસી રહ્યા હોય તેમના ઉપર પરમેશ્વરનો કોપ ઉતરી પડશે. આ અસહ્ય જુલ્મને કાયરોને નિર્મૂળ કરવાની જેનામાં જરા પણ શક્તિ હોવા છતાં જે સહન કરતા હોય તેમના ઉપર શાપનો વરસાદ વરસશે."

"જો હું આ પ્રદેશની રહેવાસી—અને એક પુરૂષ હોત તો હું તમારા જેવાજ ઉદ્‌ગાર કહાડત. એટલું જ નહિ," અતિ ઉત્સાહપૂર્વક મનોરમા બોલી, "પણ જ્યાં સુધી આપણા દેશને તેમની બહાનાંતું ભાન ન થાત ત્યાં સુધી જંપીને બેસા વગર બધે ફરીને બધાને જણત કરત"

"ખરેખર, આવી કડક ભાષા, આવા અસરકારક શબ્દોમાં બોલનારી એક વીર સ્ત્રી—એક રેવતીજ હોવી જોઇએ," વીરપાળ ગાજી ઉઠ્યો, "ભાઇ, પ્રસન્ન તરફ ફરીને તેણે પૂછ્યું, "આ તમારી કોણ છે કે બહેન—"

"ઓ," પ્રસન્ને જવાબ આપ્યો. તેના આ જવાબથી મનોરમાના મુખ ઉપર લાલાશ આવી કારણ કે તેણીની પ્રતિષ્ઠા સાચવવા તે અસત્ય બોલ્યો હતો.

"તારે તો ઇશ્વર તરફથી મળેલી એક અત્યુત્તમ બહિશ તરીકે તેને સંભાળપૂર્વક ઉછેરો," તે યુવકે સલાહ આપી; "પૃથ્વી ઉપરના કોઇ વખારે મુલ્યવાન રત્નની પેઠે તેનું જતન કરી તેની યોગ્ય કદર કરો. જે બીજા હૃદયમાંથી આવી ભાવનાવાળા ઉદ્‌ગારો નીકળે છે તે બીજી સામાન્ય સ્ત્રીઓ કરતાં ઉંચી ભૂમિકાએ વિહરે છે—તે એક દેવી છે; અને એક સામ્રાજ્યથી મહારાણી કરતાં આવા યુવતી રત્નને અંતઃકરણપૂર્વક માન આપવામાં હું વધારે ગૌરવ માનું છું."

"ભાઇ વીરપાલ, તમારા વખાણથી મને ઘણો આનંદ થયો છે," ગોદા શબ્દોથી પ્રસન્ન બોલ્યો; "કારણ કે મારી પ્રિય મનોરમા દરેક રીતે તેને લાયક છે." આટલું બોલતાં રત્નેદરીની આંખે તેણે તેણીના તરફ લીધું.

"આવી સ્ત્રી મળવાથી તમે પુરેપુરા સુખી અને ભાગ્યશાળી છો," યુવાન વીરપાળ બોલ્યો; "તમારા પ્રેમનો ઝરો અખંડીત રીતે વહ્યા કરે છે. તમારા પ્રેમની અભિલાષાની તમારી સાર્થક છે. તમારું ભાગ્ય અદેખાઇ કરવે એવું છે. મારૂં એવી ઉલઝુંજ છે. તમારા જેટલાજ પ્રેમથી હું એક જણને ચાહું છું. તે સ્ત્રી અનંગ સુંદર—દરેક કળામાં પૂર્ણ અને સદ્‌ગુણોનો ભંડાર છે. તે પણ મને તેટલાજ પ્રેમથી ચાહે છે, પણ દુર્દૈવે અમને દુઃખોને માટે છુટા રાખવાનો નિશ્ચય કર્યો છે. તેમ છતાં," જાણે કે દુઃખના ઉંડા વિચારોમાંથી જાગ્યો હોય તેમ આવેશથી તે આગળ બોલ્યો, "મારી કમનસીબ કહાણીથી તમને દુઃખી નહિ કરૂં. તમે મારી સાથે મુસાફરી કરવાની અહેરબાની કરી છે તેથી હું તમારો આભાર માનું છું. મોટે ભાગે જેમ બને તેમ વધારે આનંદ આપવા હું પ્રયત્ન કરીશ."

"તમારી ખૂબી વાત જાણવા અમે રજપણ ઇચ્છતા નથી," પ્રસન્ન બોલ્યો. "પણ ભવિષ્યમાં જ્યારે તમને અમારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ બેસે ત્યારે કહેજો, અને અમારાથી બનતો તેટલો તમારા દુઃખમાં ભાગ લઇશું."

"જ્યારે આપણે એકબીજાને વધારે સારી રીતે ઓળખતાં થઇશું ત્યારે મારી પ્રેમની હૃદયભેદક વાત તમને કહીશ;" વીરપાલે જણાવ્યું. "પણ આ અટક ગામનું પાધર આવ્યું. આ ગામ ચતુર્ભુજ-નિવિની ઠકરીઓમાં રહેતા બહાદરવડીયા મહેન્દ્રપાલની જન્મભૂમિનું સ્થાન છે."

અપૂર્ણ.

ઉફ્! ખૂન!!

યાને

જ્યારે લોહી ઉકળી આવે ત્યારે!

(લખનાર:—ર. ભરત કુદીર.)

વાંચક બીરાદરો! જીવનમાં કેટલાક પ્રસંગોમાં કેટલાક બનાવો એવા બને છે, કેટલાક સંજોગો એવા આવી જાય છે, કે જે વખતે માણસના લમેલા ઉદ્‌ગારો નાટકના ટ્રેજીક એકટરની અદાથી આપણા મુખમાંથી બહાર નીકળી પડે છે. આપણા જિવનના જીવન વ્યવહારની ઘટનાઓમાં કેટલીક વખત એવા બનાવો બની જાય છે કે જે વખતે આપણે ગુસ્સાના આવેશમાં ખૂન પર આવી જઇએ છીએ.

હિન્દમાં હથિયારો રાખવાની છૂટ હોત તો તે વખતે

ઉફ્! ખૂન!!

જેવા પ્રસંગો બનતી વખતે કેટલાં ખૂનો થાત, કેટલી કેટલી લોહીની નદીઓ વહેત, કેટલી કેટલી હિંચા થાત, કેટલી કેટલી ધીંગાચકડી અને ફેરફુદડી થાત, એ વિચાર કરતાં મારૂં મગજ ભમે છે.

હવે આપણે આ પ્રસંગો કયા, તે જોઇએ.

ટૂનમાં બેસા હોઇએ. કંઇક સુંદર ખપૂ કે માસીકે લઈ વાંચવાનો વિચાર કરીએ ત્યાં કોઇ અજાણતાને ઓથમીર યા ધુહેકો મારવાને આપણી પરવાનગી વગર જરા પણ આપણને પૂછ્યા વગર બે મહાનુભવો આપણું ખપૂ ઉઘું કરે અથવા આપણી બેગો ચંપાય એવું આપણા માથું આપણા નાક સુધી લાવી બેગો વાંચવા માટે અથવા આપણને પૂછ્યા ગાછ્યા વગર એના બાપનું ખપૂ હોય તેમ બેધડક બેશરમીથી ઉપાડી વાંચવા મંડી જાય તે વખતે લોહી ઉકળી આવી જોઇએ જ્યારે નીકળી પડે કે,

ઉફ્! બસ ખૂન!

વાંચકો! મારો એક એવોજ અનુભવ તમોને કહી સંભળાવું છું. ગરીબીથી હું ટૂનમાં ગયો, સ્ટેશનપર પોસ્ટમેને આપેલું "મોજ-મજાહ"નું રંપર તોડી જ્યાં પડેલું પાનું વાંચવાની શરૂઆત કરું છું ત્યાં એક જણા કાર્યેલા શ્રીમાન શેઠે 'જરા લાવજોજી!' કહી માગી લીધું! મને ગોઠ તો ઘણી ચડી કારણ કે, મને બીજો સમય નહિ મળવાથી માસીકો, વર્તમાનપત્રો, પુસ્તકો આદિ લોકલ ટૂનમાંજ વાંચવાને વખત મેળવી શકું છું- ના પાડવાથી નાટ લાગ્યું એમ થારી હું ન આપતાં બંનાયો અને વાંચવા તરફી રહેવો છતાં "મોજ-મજાહ" એ શ્રીમાનના હાથમાંઆપ્યું. પેલી કહેવત મુજબ મેં 'આપ્યું' કે, નામ વાંચીને આપી દેવે પણ મગ્યું નહિ એટલે 'ધાપું' કે, જરા ફેરવીને આપી દેવો, પણ બેદીનો બાપ પેલો શ્રીમાન પણ માથાનો મળ્યો, લવાજમ મેં ભર્યું' હતું. હું તેને લટકાવ્યા રહ્યો ને મારા બેટાએ વાંચ્યું-વાંચ્યું તે છવટ ચવચેટ સુધી! મારા હિસની તલપપડ કબાબોના બીલ્લાઓએ લેખે હતી, તે લેખે ગઇ. મૂળમાં

અને બૅરાં ગાલમાં હસતાં હતાં. ચર્ચગેટ સ્ટેશન પર ઉતર્યા પછી જરૂર મારા પર ઉપકાર કરતા હોય, તેમ કટાણું મોઢું કરી તેમણે મને 'ચેન-મજાહ' પાછું આપ્યું અને સાથે સાથે ટીકા કરી કે ધંધુજ વહમ! મને મનમાં થયું કે જવાબ આપું તારા બાપનું કપાળ! અત્યાર સુધી વાંચતો'તો શું કરવા? ભર્તા મેં તમને અત્યંત વિનયથી પૂછ્યું:—"શેઠ આપની ઑફીસ ક્યાં?"

"કેમ?" વિજળીનો ઝટકો લાગ્યો હોય તેમ ઝબકીને શેઠ બોલી ઉઠ્યા.

"એટલુંજ કે, હું આપની સાથે આવું અને એક પાનું આપને વાંચવાનું બાકી રહ્યું છે તે પૂરું કરું!"

શેઠ ચાટ પડી ગયા અને બાજુવાળા બકબક હસી પડ્યા.

વાંચક બિરાદરો! આવા બિરાદરો ટ્રેનમાં મળી આવે છે, ત્યારે ઉદ્દ! ખૂન! એવા ઉદ્ગારો મુખમાંથી નીકળી પડે છે અને લોહી ઉકળી આવે છે.

ટેલીફોન પર.

પાછલા પહોરે ત્રણ વાગે શેર બજારમાંથી આપણા ભાગીદારનો કિંવા આપણા દલાલનો ચોક્કસ શેરની રૂખ માટે અગત્યનો ટેલીફોન આવે, હરખપદુડા થવાથી યા ભાન ભૂલી જવાથી ચોક્કસ શેરો આપણા ગળામાં નાક સુધી ઓળવાયા હોય, શેર બજારમાં સારો ભાવ આવે તો કાઢી નાખવા આપણે તૈયાર હોઈએ, જ્યાં બીજાનેસની બહુ ગંભીર વાત ચાલતી હોય, આપણે ધક્કાતી છાતી સાથે સમાચાર સાંભળતા હોઈએ ત્યાં કમબખ્ત સેન્ટર કનેક્શન તોડી નાખે અને અધુરી વાતને પૂરી સાંભળવા માટે એલાત-એલાવ કરી આપણું ગળું બેસી જાય ત્યારે

ઉફ્! ખૂન!

એવા ઉદ્ગારો નીકળી પડે કે નહિ? એ વખતે ટેલીફોન કંપની, એના ડાયરેક્ટરો, ટેલીફોનનો નંબર એલ્ફાવાળી છોકરીઓ, મુંબઇની મ્યુનિસિપાલિટી, સરકાર ને પ્રજા એ બધાને એજ સ્થળે ગરદન મારવાનું મન થઈ જાય છે!

ઘરમાં!

સવારે ઉઠી દાતણપાણી કરી પડોશમાં લત્તુભાઇને ત્યાં પત્તાં એકલવા ગયા હોઇએ. બાજીમાં રેસ આવતાં આઠ વાગ્યાના બેરેલા તે સાડા દસ થઇ જાય! ગોરીસનો ટ્રાફમ યા કક્કડ વાંકાશેઠ—એ બધું યાદ આવતાં કુદકા મારી આપણી ઑરડીમાં દોડીએ ત્યાં ખુલ્લામાં બેરેલાં ઘરવાળાં ટ્રોકાબાના ખજર આપે ને, 'હાય એલ્ફા નથી! હાય એલ્ફા નથી!! આકાશમાંના સમન, પાકશાસ્ત્રી તરીકેનું આપણું અપાર અજ્ઞાન, ઑરીસનાં દુષ્ટ મેનેજરનો ભય એ બધાની એક સામટી પ્રતીતિ થતાં મુખમાંથી ઉદ્ગાર નીકળે

અથ કમબખ્તે પાણી પીધાના
તેને ઊત દગા દીધા.

ત્યારે જરૂર ઉદ્ગ પ્રગટે નાખેલા ઉદ્ગાર બોલી જવાય કે,

ઉફ્! ખૂન!

અમાસને દહાડે!

આખા મહિનાનું વૈતર કર્યા પછી ઓગણત્રીસ, ત્રીસ દહાડા કાપડ માર્કેટમાં વાણી પીવા પછી, આરામ અને રજાનો એક દહાડો આવે, બપોરે જમ્યા પછી આરામથી, ચેનથી, હોંશથી, મુખલસાં, બે ઘડી આડે પડખે પડવાનો વિચાર કરીએ અને પથારીમાં લાંબા પડી માથાથી પગ સુધી ચોદ્દાળ ઓઢી આંખે મીંચવાની તૈયારી કરીએ એટલામાં પાશેવાળા કચરાભાઇ મોઢામાં દોઢીઆની દક્ષણાળી બીડી વાળી—"કાં દાસ સૂતા!" એમ બોલતો ગધેડા જેવો આપણું આરામમાં ખલલ કરવા આવી પહોંચે તે વખતે એની ગીડ ચડે કે દાસ બોલનાર કચરાને એજ પથારીમાં ગરદન મારીએ!

ઉતાવળમાં

એક દોસ્તની પાસે દોઢસો રૂપીઆ માંગતા હોઇએ, એ દુષ્ટ આજ રાત્રે પલાયન થતો હોય—બપોરે એની ઑફીસમાં જઈ બબ્બે શરમાવાથી એ વચન આપે કે રાત્રે કોલાબા સ્ટેશન ઉપર ગુજરાત મેલમાં બેઠાં બેઠાં તને પૈસા ચુકવી આપીશ. ઑફીસમાં કમબખ્ત કામ વધારે આવી પડવાથી આપણને સાડા સાત વ્યર્ણ થઇ જાય, સાડે પાંચ વાગી, દોસ્તનાં કોલાબાવાળી ટ્રામ પકડીએ અને ડોક દિવસ નહીં ને તેજ દિવસે ટ્રામના કંડક્ટર જોડે વૈધાર વાગ્યુધ્ધ ચાલે, આપણે તલપાપડ થઇ રહ્યા હોઇએ, જલદી પહોંચવાની ઉતાવળ હોય તેને પહેલે ટ્રામ ખટાશની ઝપટે ચાલે. જેમનેમ કરતાં કોલાબે દોડીને પહોંચતાં ધૂંવા, ધૂંવા પ્લાટફોર્મ પર ધસી જતાં—બેધને આપણીજ નાકની ડાંઈ સામે પક્કર થતો જોઇએ ત્યારે વખતે ઉદ્ગાર નીકળી પડે કે, ઉફ્! ખૂન! અને નીચે તો એવી ચડે કે ટ્રેન, પેસો દોસ્ત, ટ્રામ અને ટ્રામનો કંડક્ટર અને આપણું સ્ટેશન જન્મીને કાટી તેમાં ગરક થઇ જાય તો અહેતર છે.

મેળાવડામાં!

જગતને બનાવી-છેતરી લખ્યો રૂપીયા એકઠા કર્યા હોય, હરમ ડંખવાયા ખુદો અને ખુદાનો ડર લાગવાથી એ પરમેશ્વર પાસે શું જવાબ આપશું એ બાબતી સાંજીદ તરીકે ચોડી સખાવત કરી હોય અને આપણીજ લાગવગ અને આપણાજ વગ્ગે—આપણાજ માણસો દ્વારા આપણનેજ માનપત્ર આપવાનો મેળાવડો થયો હોય, આપણા ગુણગાન ગંજાણી આપણે માટે બનતા ણાણીઓના અવાજે અને જબ્બેજીસો સુણી આપણી તારીફ પ્રભુએ તરફનું ધ્યાન ગંજાણી ઉત્સાહના આવેશમાં આપણે જવાબ આપવાને ઉભા થઇએ અને ખીસ્સામાં હાથ નાખતાં બબ્બે પડે અનેકાક થાય કે ખીસીસે વાંચવા લીધેલું ભંડાનું બાપનું પાનું બીજામાં મૂકેજ નથી! માંડ માંડ કોક આકર દોસ્તને સમજાવી, 'મનારી બાકી રંજેબેંગી જવાબ લખારી લાવ્યા દોઢ્ઢો તે ગેરહર રહી ગયો છે એમ બબડ પડે ત્યારે ઉદ્ગ! લોહી ઉકળી આવે! અને બીજું ખૂનકરવું મન થઇ જાય!

ન્યાતવરામાં!

વર્ષો સુધી ન્યાત જોડે કજીયો હોય, શ્રીમંત થયા પછી ન્યે અને ન્યતમાં સન્માને વર્ષે એવી ઇચ્છા થાય, દીકરાના લગ્ન પ્રસં મેળી લાખરૂપ કરી માંગવો બાંધીએ, સુરતના પ્રખ્યાત બેરેલે બોલ

બીએ, દરેક દરેક ન્યાતિલાને ત્યાં ધક્કા ખાઇ ખુશામતથી માથું ઝુકાવી રોઇ દુખાની દઇએ અને નાતમાં પરચો બતાવતા સુનંદા પચીસ રસોયાને રોકી પચીસ મણ દુધપાક, અને બીસ મણ માલપુા તૈયાર કરાવીએ અને નાતને ટાણે કાગડા પણ ન ઉડે હારે ઉદ્! એવી ચીડ ચડે કે કુદરત કોપાયમાન થઇ આ દુધપાકના પૂર લાગી શાંતિસા-ઓને ધસડી જાય તો બહેતર છે!

કોર્ટમાં!

ઘણી મહેનતથી સાક્ષીઓને ફોડી આપણી મરજી મુજબ બોલા-વવાની તેને તાલીમ આપી હોય, ધુરંધર બેરીસ્ટર અને ધારાસાસ્ત્રીઓને રોકી મુળાનાં પતીકાંગોની માફક રૂપીયા વેરી કેસ લડવા રોકવા હોય, આ જન્માનાની ન્યાયી અદાલતમાં ચાબુકવ બુદ્ધિથી આગાહ બાજી ગોઠવી દીધી હોય, પણ સાક્ષી ધરવું બેઠેજ તકીમ આપવાની ગફલતને લીધે આપણોજ કબજો ગુલ કરે એવું કોર્ટમાં ભરડી મારે ત્યારે ઉદ્! મોહી ઉઠવી આવે.

પરણેલા!

નવાં પરણ્યાં હોઇએ, વહુને પીયરથી તેડી લાવ્યા હોઇએ, કૉલેજમાં વેકેશન હોય; શીયાળાની કડકડતી ઠંડી હોય, બધા મનોગો અનુકુળ હોય, કાઠીયાવાડના મધ્ય પ્રદેશમાંથી આવેલી એ મનોહર મુગ્ધાને મળવાને મન ઘનઘન ઘનઘન નાખી રહ્યું હોય, રાત્રિના દસ અગીયાર વાગે મુરબ્બીઓની નજર ચુકારી મેડીમાં ભરાઇએ અને માનુની જોડે જ્યાં મન મેલી વાત કરવાની શરૂઆત કરીએ ત્યાં મેડીનું બાર ખખડે અને કુણવાનો કર્કશ સ્વર સંભળાય કે મોટા, મારી બજરની દાનડી કયાં મૂકી? આ વખતે ઉદ્! ખૂન પર ચડી એ ફફડા, એ મુરબ્બી, બજરની દાન્ડી અને એની માતા એ બધાને કુવામાં પધરાવી દેવાની ઇચ્છા થાય અને ઉદ્ગાર નીકળી પડે છે કે ઉદ્! ખૂન!

વરસની રાત!

વાંચકો, ગાઇ કરશો, જરા ખીજીતા ખીજીતા લખું છું, પણ સખ્યા વરસ ચાલતું નથી.

વરસની રાત હોય, (તમે સમજ્યાને-પરણ્યા પછીની પહેલી રાત) રેશમી સુકર સાડીમાં સજ્જ થયેલી, ઝાંઝરના ઝણકાર કરતી, તસતસતી ચોળીવાળી, માથામાં ગુલાબની જેને વેણી શોભી રહી છે, અત્તર અને અગરબત્તી જેની પાસેથી સુગંધ ચોગરદમ ફેલાઈ રહી છે એવામાં પાસે જતાંજ ના નાં, કહેતી માનીતીના હાથ પકડી, મુખ્ય ઓસતાં, મુખચંદ્ર નીરખતાં, પડશે એંચતાં, અમૃત વર્ષાવવાને બદલે ગભરાઇ જેમ મરી, નયનોમાંથી પ્રેમની વીજળી ચમકાવવાને બદલે શ્રાવણ ભાદરવો વરસાવવા માંડે અને જ્યાં અપ્સરા પ્યારી લાગી, ત્યાં રોતી સુરત બોલી નીકળે ત્યાં વાંચક તુજ કહે કે,

ઉદ્! ખૂન થાય કે નહિ?

જોએ છે-મુખ્ય વગેરે દેશવરના પાણી લાગી સંબદ્ધણી તથા વાતુસ્થના વ્યાધિવાળા દર્દીઓ. અમારી દવા માટે સેંકડો બરડીકેટો મળ્યાં છે. લખો અથવા મળો.—વૈદ્યરાજશ્રી જીજાભુલાલ બીહારીલાલ મુ॰ રાજવરાડી-વાયા વડવાળ કૅમ્પ.

ઝરી નાગણ.

(ડીટેકટીવ વાર્તા)

લખનાર-રા. રમણીક અ. ગેલેરા.

ડેનીયલની ડીટેકટીવ તરીકેની લાંબી કારકીર્દિમાં ઘણાં કેસો તેના હાથમાં આવ્યા હતા અને ઘણામાં તેને યશ મળ્યો હતો. પરંતુ બધાય કેસોમાં તે ફત્તેહમંદ નીવડ્યો હતો એમ ન હતું. જ્યાં તેને નિષ્ફળતા મળી હતી તે વાત પણ તેણે પોતાની નોંધપોથી અને પત્રોમાં નોંધી રાખી છે. અને તેટલું તેણે ડેનીયલ માણસ હતો તે કંઇ દેવ ન હતો. તેનું કામ ઘણું ભારીક બુદ્ધિનું હતું અને તે કામની શોધ મનુષ્ય જીવન ધીરી કે સરિયામ રસ્તામાં નહિ પરંતુ જીવનની આડી તેડી, વાંકા ચુકા ગલીગુંચીઓમાં હતું. કારણ કે એઓ ગુન્હે-ગારો છે તે કદિ સીધી વાટે જનાર હોતા નથી. ડેનીયલ પોતાના કામમાં ખરેખર એક જોડી વસ્તરનો માણસ હતો એમ કહેવામાં અતિશયોક્તિ નથી. કુદરતે તેનું ભેજું એવા પ્રકારનું બનાવ્યું હતું કે જ્યાં સામાન્ય માણસને ગુન્હાની સબ્જ પડે નહિ ત્યાં તે ક્ષણમાં મુદ્દો અને મર્મ સમજી શકતો હતો. ડીટેકટીવના ધંધાની તેનામાં સ્વયંભૂ પૂર્તિ હતી. અથવા તો એમજ કહીએ કે ડીટેકટી-વના કામમાં જોઇતી બુદ્ધિ તે જન્મથી લઇને અવતર્યો હતો તો તે ખોટું નથી. તે તેના આ પ્રિય વ્યવસાય સિવાય બીજા ધંધામાં પણ તે સારી નામના મેળવી શક્યો હોત અને ખાસ કરીને તેણે નાટકના તખ્તા પર સર્ નામ દીપાવ્યું હોત. જુદા જુદા વેષ લે ની છટા અને તે વેષ પ્રમાણે વાણી બદલવાની ખૂબી અને વેષને અનુરૂપ ભાવ દર્શાવવામાં તે એવો તો નિપુણ હતો કે તેની જોડી મળવી મુશ્કેલ હતી. હું જે કેસની હકીકત તમને સંભળાવ-નાર છું, તે કેસ એક બહો વિલક્ષણ હતો એમ ડેનીયલે પોતેજ મને કહ્યું હતું. મનુષ્ય પ્રાણી પૈસાની ખાતર કેટલી નીચતાની હદે જાય છે તેનો એ નાદર નમૂનો છે. આપણે ત્યાં સ્ત્રીઓ જાહેર જી-વનમાં સમાનતા ના ભાવે છુટથી વ્યવહારમાં ભાગ લેતી નથી પરંતુ પાશ્ચાત્ય મુલકોમાં સ્ત્રીઓ જ્યાં સમાજમાં અમુક પ્રકારની છૂટ ભોગવે છે ત્યાંના બહુ નીચ કામ કરતાં અટકતી નથી.

એમ બન્યું કે ઉનાળાના દિવસોમાં દરિયાના સૈન્યનો એક ભાગ મોરક્કા તરફ સમપને ગાટે મોકલવામાં આવ્યો હતો. એ લશ્કર-ના એક કુકડીનો નાયક કર્નલ પ્રબનેટ હતો. આથી સાંજ બ્હાર ફરવામાં કાઢી, મોડો મેરકમાં આવ્યો અને આવવાની વાર તેણે લશ્કરી ખાતાના તબીબને બોલાવવાને માણસ મોકલ્યો; કારણ કે તેની તબિયત એકાએક બગડી આવી હતી. તેની આવી અમસ્તી મુશ્કેલી કરોડ મીનીટ ચાલી હશે. કારણ કે લશ્કરી ડૉકટર લશ્કરના મથકમાંજ હોય છે. કર્નલની ઓરડીમાં આવતાં ડૉકટરને દશ મીનીટ લાગી હશે પણ ત્રીજી મીનીટમાં તો કર્નલ બેભાન થઇ ઢળીઓ કરી, બહો પડી ગયો અને બેહાલ સ્થિતિમાં માલમ પડ્યો. જે સિપાઇ ડૉકટરને તેડવા ગયો હતો તેને પુછતાં જણાયું કે કર્નલ

સાહેબ એમ કહેતા હતા કે પેટમાં જાણે આગ આગ બળતી હોય એમ થાય છે. ડૉક્ટરે દવા આપી તેનાથી જરા આરામ માલુમ પડયો કારણ કે દરદી શુદ્ધિમાં આવ્યો અને તેની આવી સ્થિતિનું કારણ પુછતાં તેણે જણાવ્યું કે :—

"હું બ્હાર જમવા ગયો હતો. ત્યાં મેં મરઘીનો સેરવો બરફમાં રાખી મુકેલ કરવામાં આવે છે તે લીધો હતો અને ત્યાર પછી મારી આ સ્થિતિ થઈ છે. કદાચ માછલી તાજી હોવાને બદલે સડેલી કે ઠારેલી હશે જેને તેનું આ પરિણામ છે." એટલું કહેતામાં ફરીથી ઉલ્ટીનો ઉછાળો આવ્યો અને તે પાછો બેશુદ્ધ થઈ પડયો. દવા ફરી આપવામાં આવી; પરંતુ કંઈ અસરકારક નીવડી નહિં અને દરદી બે કલાકમાં મરણ પામ્યો. દર્દીની પરીક્ષા કરતાં કંઈક ઝેરનું ચિન્હ જણાતાં હતાં તેથી તેના મરણ બાદ પેટ ચીરી તપાસ કરવાને હુકમ કરવામાં આવ્યો અને તપાસના પરિણામે એમ જાહેર થયું કે ખોરાકમાં એક પ્રકારના ઝેરને લીધે હોજરીમાં સોજો થઈ આવવાના સબબે કર્નલ મરણ પામ્યા હતો.

મચ્છીનો સેરવો જે કર્નલે લીધો હતો, તેને રૂશિયામાં એક સામાન્ય વાની લેખવામાં આવે છે અને ઘણા જણ હોંસથી તે લે છે. તે જાત જાતની માછલીમાંથી બનાવવામાં આવે છે. પ્રથમ માછલીને ભાવા જેવી થઈ જાય ત્યાં સુધી ઉકાળવામાં આવે છે, અને પછી એના પર મલાઈ ચઢાની મલાઈ જેવો, તેલ નાંખી, એ સર્વેને એક રૂપ કરી બરફમાં રાખવામાં આવે છે. આ એક ઘણી હલેજતદાર વાની બને છે તેથી ઘણા ખાવાને લલચાય છે; પરંતુ તે પચાવવાને હોજરી પણ મજબુત જોઇએ છે. આ વાની ઘણી ખરી ઉન્હાળામાં બનાવવામાં આવે છે, અને તેથી તે બનાવવામાં ઘણી સંભાળ રાખવી પડે છે. જો-જૂવે ચુકે માછલી તાજી ન હોય કે સડેલી હોય કે હલકા પ્રકારનું તેલ વાપરવામાં આવ્યું હોય તો ઘણી ભયંકર બિમારી ઉત્પન્ન કરે છે. રૂશિયાનો ગરીબ ખેડૂત વર્ગ જેને આ ભાવતી વસ્તુ છે, તે ધનીવાર આ ખાવાથી રોગનો ભોગ બની જાય છે એટલું જ નહિ પણ ઘણીવાર પોતાની જન પણ ગુમાવે છે.

આ માન્યતાને લીધે જ હાલતે પોતાની તપાસમાં જણાવ્યું હશે કે કર્નલ સેરવો ખાવાથી મરણ પામ્યો હશે. વળી કર્નલે પોતે પણ એ ખાધા પછી તરત પેટમાં દુખાવો થવાનું જણાવ્યું હતું. કર્નલ કયાં જમવા ગયો હતો તેની તપાસ કરતાં વિગત મળી આવી ન હતી પરંતુ ડૉક્ટરોને માછલી સડેલી હોવાનો સંશય જણાયો હતો અને તેથી પેટમાં એકાએક સખ્ત આવવાથી દર્દી મરણ પામ્યો હતો એમ જાહેર કર્યું હતું. આ બીના આટલેથીજ પતી. કર્નલને લશ્કરી રૂબાબથી અને માન અકરામથી દફન કરવામાં આવ્યો. ભાષણો થયાં, તારીફ થઇ,તેની નોકરીની,વફાદારીની પ્રશંસા કરવામાં આવી, વિગેરે સર્વ થયું. કર્નલના અંગત મિત્રો જાણતા હતા કે કર્નલ સાહેબ પરણેલા હતા, પરંતુ તેમના અને તેમની બીના સ્વભાવમાં હિમાલય પર્વત જેટલો અણબનાવ હતો અને તેથી બન્ને જણ એક મેકથી જુદાં રહેતાં હતાં. કારણ કે સાચે જ્તાં બિલાડીની માફક રોજ રોજ લઢવું એ કર્નલ સાહેબને રૂચીકર ન હતું. કર્નલ સાહેબે સ્વર્ગે સિધાવતા પૂર્વે પોતાની જે કંઈ ઇરકેબાત હતી, તે તેમના ભાણેજ પીટર બારોનોફને લખી આપી હતી. પીટર પણ રૂશિયાના સૈન્યમાં તોપ ખાતામાં કેપ્ટન હતો અને તે પણ તે વખતે મોસ્કો હતો.

એ તો જાણીતી વાત હતી કે કર્નલ પાસે બે પૈસા હતા—ચોકાટ ન હતો, પરંતુ તેના મરણ પછી બ્હાર આવ્યું કે કર્નલ કંઈ ઝાઝું મૂકી ગયો ન હતો. આર્ને માટે ઘણી ચકચાર થવા લાગી અને એમ વાત બ્હાર આવી કે કર્નલ સાહેબ એક માણકાની પાછળ ઘીલા હતા અને તેની પાછળ તેમણે પોતાનો પૈસો પાણીના રેલાની માફક ઉડાડયો હતો. આવી બીના તો સાધારણ છે, કારણ કે લશ્કરના અમલદાર કંઈ સાધુ મહાત્મા શોભા હોય છે ! આ બીના વિસારે પડી. દુનિયાનો પ્રવાહ ચાલતો હતો તેમ ચાલવા લાગ્યો; પરંતુ કર્નલની વસ્તી નહિ થઈ હોય એવામાં એક બીજો બનાવ બન્યો, જેણે મોસ્કોમાં પાછી ચકચાર કરી મૂકી. કર્નલ સાહેબ કંઈ ઝાઝો પૈસો મૂકી ગયા ન હતા છતાં પીટરને રોકડા ત્રણ હજાર પાઉન્ડ એટલે ૪૫૦૦૦ હજાર રૂપીઆ, કંઈક દાગિના અને રાચરચીલું આપી ગયા હતા. પીટર રંગીલો માણસ હતો. ઇરક-મીજાજી હતો. એક કવિ પુછે છે કે:—

ઇરકેજીપતાં કરૂં યા ચાદે ખૂદા કરૂં ?
કો હિન્દી જી દગી કહોજા મેં કયા કરૂં ?

કેપ્ટન પીટરને ઇરકેબૂતાં વસ્ત્ર હતું. તેની વર્તણુક જરા વધારે છૂટથી બ્હાર પડી જતી હતી; અને હદ બ્હારની જવાના પ્રસંગ આવી ગયા હતા. લુગારમાં પણ નાણું ગુમાવતો હતો, આથી લશ્કરી સત્તાવાળાઓને તેને ચેતવણી આપવાની જરૂર પડી. તેમને જણાવી દેવામાં આવ્યું કે જો તેઓ પોતાની વર્તણુક સુધારશે નહિ તો લશ્કરી ખાતું તેમને પાણીચું આપશે વિગેરે પરંતુ એક બનાવે પીટરની આવા પ્રકારની વર્તણુક હમેશને માટે બંધ કરી દીધી અને મોસ્કોમાં તેની ઠેકડા થવા લાગી.

એક મોડી રાતે મોસ્કોમાં ફેમલીન ફોટના કરવાળ બ્હાર એક માણસ બેશુદ્ધ હાલતમાં પડેલો જોવામાં આવ્યો. તેને ઉચકી પોલીસની ચોકી પર મોકલાવી દેવામાં આવ્યો. તે ઘણો પીધેલ હાલતમાં હતો અને તેની ઝડતી લેતાં તેના ખીસ્સામાંના કાઠ પરથી તે પીટર બારોનોફ છે એમ જણાયું. આ બીના લશ્કરી ખાતાવાળાને પહોંચાડવામાં આવી પણ તેમનો જવાબ આવી પહોંચે ત્યાર પૂર્વે તેની હાલત એકાએક બગડી આવી, ડૉક્ટરો મદદ આવી સારવાર પહોંચી. તોજુસારવાર કરવા પ્રયત્ન કર્યો પણ જોત જોતામાં તે મરણ પામ્યો

આ બનાવે સારા મોસ્કોમાં હાહાકાર ફેલાવ્યો; અને કેપ્તાન એમાં નવાઇ ન હતી. મરનાર સારા કુટુમ્બનો હતો. સમાજમાં તેની અમુક પ્રતિષ્ઠા હતી અને જો કે તેનું વર્તન સાદું સીધું ન હતું, છતાં લશ્કરી ઓહદાને લીધે તે જાણીતો હતો. વિગેરે કારણોને લીધે તેનું મરણ એ સમસ્ત ગામની ચર્ચાનો વિષય થઈ પડયો. તેના મરણનું કારણ ન જણાવાને લીધે તેનું શરીર ચીરી તપાસ કરતાં જણાયું કે એમ તેના મામાના પેટમાં સોજો આવ્યો હતો તેવાજ પ્રકા-

રનો ગ્રેજ્યુએટ તેની હોજરીમાં અને આંતરડાના ભાગોમાં હતો. ઉપરાંત તેની હોજરીમાં બાષ્પેથી માઝલીના અર્ધપચન ભાગ મળી આવ્યો હતો. આ સિવાય તેણે સારી પેઠે ચોકલેટ પીધેલ હતો—જેથી તે બેહુદ્દ હાલતમાં પડી ગયો હતો, પણ આ કંઈ તેના મોતનું કારણ ન હતું. તે શરીરે સુદૃઢ અને સારા બાંધાનો કદાવર ફ્રેશિયન હતો. એ તો જણાતી વાત છે કે શારીરિક સંપત્તિમાં ફ્રેશિયનો આપણા પહાણુ જેવા છે. તેથી એના માલુસનું મોત આમ આકસ્મિક કારણુ વગર બનવા સંભવ ન હતો. ડૉક્ટરોએ પોતાના રીપોર્ટમાં જણાવ્યું કે તેણે બજારેથી ખોરાક ખાતાંથી પેટમાં એક પ્રકારનું ઝેર ઉત્પન્ન થયું હતું. જેની પરિણામે હોજરીમાં સોજો આવ્યો હતો અને બેહુદ્દપણે લીધે તે એકદમ તીવ્ર રૂપથી પટેવાયો હતો. આ કારણુને લીધે પીટરનું મૃત્યુ થયું હતું. તે બેહુદ્દ હાલતમાં મળી આવ્યો ત્યાર પહેલાં તે કયાં ગયો હતો અને તેણે શું કર્યું હતું તે જાણવાની આકાંક્ષા બહુાને હતી. અનુમાન એમ ફેરવામાં આવ્યું હતું કે તે ઓલ્ગા બાઈ પરાંથી, છાંડો પાછો લઇ પોતાની ચિંતા દૂરાવતાં લાવવામાંય સહાયતા મહાનપર ગયો હતો. યુવાનોને પોતાની જળમાં સપડાવવાને મોરક્કામાં એવો રવાજોનો તોટો નથી. આ બાત અનુમાન જ હતું. તપાસમાં તો એટલું જ માલમ પડી આવ્યું હતું કે તે પોતાના સ્થાનપરથી છ અને સાતની વચ્ચે ચાલી નીકળ્યો હતો. તે પોતાના લશ્કરી પોશાકમાં નહિ પણ સાદા પોશાકમાં બહાર ગયો હતો અને તેના મિત્રને જણાવ્યું હતું કે તે ઑપેરામાં જવાર છે અને ત્યાર બાદ તે પોતાની ઑફિસી ખિમતને ત્યાં ભોજન લેવાર છે. તે ઑપેરા હોલમાં ગયો હતો, પરંતુ તે પૂરો થવા પહેલાં ઉઠી ચાલી ગયો હતો અને ત્યાર બાદ તે બેહુદ્દ હાલતમાં મળી આવ્યો, તે વચ્ચેનો સમય કયાં ગાળ્યો હતો તે જણાયું ન હતું.

બોલને આ પરિણામ કંઈ કાળું ધોળું જણાયું હતું. માંગે અને ભાણેજ એકજ રીતે મરણ પામે એ જરા આશ્ચર્ય જનક હતું. તેને દફન કર્યાને એક અઠવાડીયું નહિ થયું હોય એટલામાં તો એક હેડિયાટ તબીબી કૉલેજના વિદ્યાર્થીએ મોરક્કાના નવીનતા વર્તમાન-પત્ર 'મોરક્કા ગેઝેટ'માં એક ચર્ચાપત્ર લખ્યું. એમાં તેણે સ્પષ્ટ રીતે દેખાડી આપ્યું હતું કે જૉક્ટર પીટરની હોજરીમાંના પદાર્થો તપાસી રીપોર્ટ કર્યો.તેણે પોતાની ફરજ બરાબર રીતે અદા કરી ન હતી. મરનાર માલુસોની હોજરીમાંથી મળી આવેલા પદાર્થોને રસાયણીક રીતે પરખ-વધુ કરી જોવા જોઇતા હતા. અને તેમ ન થવાનો એક ગંભીર પ્રકારની ફરજ બજવવામાં ગફલતી થઇ છે. અને તેણે સૂચના કરી હતી કે બન્ને માલુસોના મરણનું કારણ કોઈ બેઠ અને પ્રપંચ ચલાવ્યા જીલું સંભવતું નથી.

આ ચર્ચાપત્ર પ્રથમ તો હસી કાઢવામાં આવ્યું, પણ લોક-લાગણી એકાએક બદલાઇ ગઇ અને લોકો એમ કહેવા લાગ્યા કે બન્ને માલુસો ઝેરજ પ્રકારનો ખોરાક જ જેવાથી મરણ પામે એવા માનવામાં આવે તેમ નથી. ડૉક્ટરોએ પૂરી તપાસ કરી માટે કરી નહિ એમ પોકાર થયો. અમલદાર વર્ગમાં આ વિષય પર ચર્ચા થઈ અને એમ ઠર્યું કે અનુમાન પર આવ્યા હતા તેના પુરાવા માટે ફેરજ કારણે દફનિયાં ન કાઢવાં. આનું પરિણામ એ આવ્યું કે આ અસાધારણ બનાવ હતો અને વિદ્વાનની ખાતર અને સેનિકોની શ્રદ્ધગી એવા લેખમાત્રમાં ન આવી પડે તેની ખાતર એની પૂરતી વિગતવાર અને દ્રષ્ટીયે મેડાનિક તપાસ થવી જોઇએ એમ લોક બાપવું દેખાયું.

[આમા આગેજળાં ખૂનનો પત્તો જાણવા માટે અમારો આવતો અંક વાંચો.]

અપૂર્ણ.

* ફ્રેશિયામાં સામાન્ય રીતે મચલિત બીજ જેવી એક જાતનો દવા દાર.

પૈસાદારની પુત્રી.

કૃંદ્રા સંપૂર્ણ પાર્ટ.

(લખનાર:—રા. ઝમ્બર.)

સાહિત્ય ક્ષેત્રમાં કીર્ત્તિ મેળવવાના હેતુથી હું કંઈ આજે આ વાર્તા લખતી નથી ! આ વાર્તાના પ્રત્યેક શબ્દ સાથે મ્હારા હૃદયની ભયંકર જ્વાળા જોડાઈ રહેલી છે—મ્હારા શોકનાં આંસુ તથા યુ-હૈયાર આત્માને દાહકાર એમાં સમાઇ રહેલાં છે.

હું જાણું છું કે, મ્હારી આ વાત તમે સાંભળશો તેથી કંઈ મ્હારા હૃદયમાં રાત દિવસ સળગતી આગ શાન્ત પમાની નથી. વળી મ્હારા દુઃખમાં તમારી સહાનભૂતિ કિંવા દયા પણ હું મેળવી શકું તેમ નથી; આગ છતાં હું એ વાત કહું છું ! અભિમાન ઐશ્વર્યના રાજસિંહાસન ઉપરથી રહિતતાની દીપતા મુ'ઝાતા પ્રેમને એક વખત તરછોડી એ ઉચ્ચ સિંહાસન ઉપરથી પુનઃ તેવી રીતે પ્રેમના સ્મશાનમાં આળોટે છે એ મહ સ્પષ્ટની જીવતી જાગી ભી હું તમને ન જણાવું તો મ્હારા પાપનો ભાર વધી પડવાનો સંભવ છે !

હું મ્હારાં માતપિતાની બહા લાડોમાં ઉછરેલી એકની એક કન્યા હતી પુષ્કળ ઐશ્વર્યની અંદર માતાપિતા મ્હારી દરેક ઇચ્છા પૂર્ણ કરી શકતાં હતાં. દરતાં કૂદતાં મ્હારી જીવન કથી ખીલવા લાગી. મ્હને એમ જ લાગતું કે ઐશ્વર્યની પ્રખર જ્યોતિ પાસે દુઃખની સ્થાન છાયા રહી શકતી નથી. વિશ્વસારનું સમસ્ત સુખ પોતાનો માટે નિર્માણ થયું છે અને નિર્ધનો માટેજ દુઃખની ઉત્પત્તિ થયેલી છે.

હું બહુ દેખાવડી નહોતી તો પણ પિતાના અગાધ ઐશ્વર્ય પાસે મરીનના રૂપ સૌંદર્યને હું તુચ્છ સમજતી હતી ! આપનારી અંદર કદાચ મ્હારો કદરૂપો ચહેરો નજરે પડતો તો હું નિરાશ બની જતી નહિ. હું વિચારતી કે, 'પિતાજી પાસે પુષ્કળ પૈસા છે.' એવી સ્થિતિમાં હું સુંદર વર પ્રેમી શકું એ મ્હને અઘરૂપ લાગતું હતું. મ્હારી પાડોશમાં રહેતી એક ખૂબસૂરત છોકરી કદરૂપા જગલી જેવા પુરૂષને પરણી સાસરે ગઇ ત્યારે શરૂએ મ્હારો અફસોસ કર્યો હતો—કેવળ મ્હેં એકલીએ જ અફસોસ કર્યો નહોતો. મ્હને એમજ લાગ્યું કે, 'એ સારૂં જ થયું છે ! ગરીબના નસીબમાં એવું જ થવું જોઇએ. ગરીબના રૂપની કિમ્મત કંઈ જ નથી !' એ વર્ષ વીતિ ગયા પછી એ બાળિકા એક ન્હાના સુબ્બાર ભાળને લઇ—મા બની છે એવું અમારે જોવામાં આવ્યું ત્યારે વિધાતાની એની અદ્ભુત ભૂલ જોઇ હું ખડખડાટ હસી પડી હતી ! જે રમણે 'મેસિન્સ ૪૩' નથી, શ્રીયુત મોટલ' નથી, જે રમણે નેનરથી ભરેલું પારણું નથી, મેરેન્ગુલેટર નથી, જે રમણે 'નિપ્પ' નામે રમનની ચુસવાની ટોપી નથી. જે રમણે આયા નથી, જેની જગ્યા ઝાંને દિવસે પુષ્કળ કવિતાઓ ઉપાવાતી સંભવ નથી, જે રમણે મહિનામાં બે વખત ફોટો પડાવવાનો જરીપણ વધ થાકે તેમ નથી તે રમણે એવો સુંદર પુત્ર લા માટે જન્મ્યો ! મ્હારા પિતા પાસે પુષ્કળ પૈસા હોવા જ્યાં વિધાતાએ મ્હને ચૌદી સુંદરતા આપવા જોઇતી ઉદારતા પણ ન કરવી ! જિંતા નહિ; પિતાના પૈસાના જોયથી બધું થઇ રાકશે એમજ મ્હે માનું.

(૨)

ઘણી શોધખોળ થયા પછી અને પંચાંગો તેમજ દીપણુંઓ તપાસવામાં આવ્યા પછી મ્હારા વિવાહનો દિવસ આવ્યો. ધનવાનની કન્યાને કરડયી બનાવી વિધાતાએ જે પાપ કર્યું હતું,તેનું આટલા દિવસ પછી પ્રાયશ્ચિત થયું. પતિનું મનોહર રૂપ જોઇ મ્હે વિચાર્યું, આ દેવતાની પુત્ર હું શું આપીને કરીશ ? મ્હારી પાસે શું છે ?— ક્ષણ માત્રમાં મેઘ દૂર થઇ ગયો. મ્હેં વિચાર્યું, હું ધનવાનની કન્યા છું. મ્હને શી વાતની ખોટ છે ? મ્હારી દૃષ્ટિમાંથી દીનતા દૂર થઈ ગઈ. ગર્વનો ભાવ પ્રકાશી નીકળ્યો ! ત્યાર પછી મ્હેં જ્યારે સાંભળ્યું કે, મ્હારા પતિ દરિદ્ર છે, તેમના ઉપર ઇશ્વર સરસ્વતીની જ પ્રસન્ન દૃષ્ટિ છે ત્યારે વિજયના ગર્વથી મ્હારૂં હૃદય નાચી ઉઠ્યું ! પછી જ્યારે મ્હેં એમ સાંભળ્યું કે, તેઓ સ્વસુર ગૃહમાંજ આશ્રમ લેવાના છે ત્યારે દારૂણ તિરસ્કારથી મ્હારી ભ્રકુટી સંકુચિત થઇ ગઇ હતી.

પરંતુ જ્યું જ્યું બહલાઇ ગયું ! મ્હારા સ્વામી દેવતા બહારથી જેવા કોમળ હતા તેવા અંદરથી કઠોર હતા ! તેઓ જ્યારે મને શાસન કરવા આવતા ત્યારે મ્હારાથી હસીદેવાતું હતું ! મ્હારા બાપના મકાનમાં એમણે મ્હારા બાપના અન્નથી પેટ ભરી તેઓ મ્હને શું ભેખને ધમકાવતા હશે ! તેઓ કઠોર હતા તો હું પણ કયાં તેમનાથી ઉતરું એવી હતી ! અમારી બન્નેની વચ્ચે તકરારો ચાલવા લાગી. આર્યભર્મા એ તકરારોને ક્ષમણગૃહમાંજ સમાપ્ત જતી હતી; પરંતુ મ્હારા ગરમ મિજાજને વિશેષ દિવસ સુધી હું કાબુમાં રાખી શકી નહિ. ધીમે ધીમે એ તકરારોની બાતની માતા પાસે અને ત્યાંથી પિતા પાસે જઈ પહોંચી. મ્હારા પિતા કમ્મેશ્વર એકતરફી ન્યાય કરતા હતા તેઓ મનમાં ને મનમાં જમાઇ ઉપર ઘણા ખીજવાતા હતા. પછી એક દિવસે તેમણે જમાઇનો મધુર તિરસ્કાર કર્યો. મ્હારા પતિએ બિલકુલ નમતું આપ્યું નહિ. વિવાદના તેજની તેમણે ધનવાન પાસે સ્થિર ઝુકાવ્યું નહિ. તેમણે સ્પષ્ટ શબ્દોમાં પિતાને કહ્યું :—" હું તમારે ઘેર ગુલામી કરવા આવ્યો નથી ! " ઉત્તરમાં પિતા સહજ હસ્યા. એ હાસ્યથી જ સર્વસ્વનો નાશ થયો. બીજે દિવસે સ્વસુરગૃહની દરેક વસ્તુનો ત્યાગ કરી સ્વામીને પોતાને ઘેર આશ્રમ જવાની તૈયારી કરતા મ્હેં જોયા ! ઘરનાં માણસોએ તેમને સમજાવવાની ઘણી મહેનત કરી; પરંતુ તેમનો વિચાર બદલાયો નહિ.

જતી વખતે તેમણે મ્હને પોતાની પાસે બોલાવીને કહ્યું :—" હું જાઉ છું ત્હારે મ્હારી સાથે મ્હારે ઘેર આવવું હોય તો આવ." મ્હારૂં નસીબ જ ફૂટેલું હતું, મ્હેં મશ્કરીના ભાવથી હસીને કહ્યું :—"સસરાએ આપેલી સઘળી વસ્તુઓ જ્યારે છોડી જઈશ ત્યારે પછી ઇશ્વર આ એક વસ્તુનો બોજા કેમ દબાવી છે ! "

" બહુ સારૂં." કહી તેઓ ચાલ્યા ગયા. હું ઉભી હતી ત્યાંજ ઉભી રહી. હ્રદયથી તથા અર્ધિભાગની મ્હારૂં આખું શરીર કંપવું હતું. હું તેમને પ્રણામ કરવા કરી શકી નહિ.

(૩)

વિધાતાએ રૂપ ન આપ્યું તેની સાથે જો અભિમાન પણ ન આપ્યું હોત તો મ્હારૂં જીવન આવું દુઃખરૂપ-ભારરૂપ-ચિંતાપૂર્ણ બની જાત નહિ. એ અભિમાનથી હું બળીને ખાકસાર બની ગઈ! તેમના તરફથી ઉપેક્ષાનો જે પત્ર આવ્યો હતો તેને મ્હેં અગ્નિમાં હોમી દીધો. એ પત્રમાં શું લખ્યું હતું તે આજે મ્હને કાંઇ કહી શકે તેમ છે ? એ પત્ર માટે આજે હું કુબેરનો ભંડાર લુંટાવી દેવા તૈયાર છું ! આજે હું આવો હાહાકાર કરૂં છું; પરંતુ તે દિવસે મ્હેં શું કર્યું હતું ? તે દિવસે પત્રને પાછો વાળી મ્હેં ગર્વ અનુભવ્યો હતો. પાછોફામની એક બ્હેનપણીએ પાછળથી કહ્યું હતું કે, બ્હેન ! તેં પત્ર પાછો વાળ્યો એ ઠીક કર્યું નથી. તું એક પત્ર લખી ત્હારા ગુન્હાની માફી માગ ! એ વખતે એ બ્હેનપણીને એ યથાર્થ લાગવી દેવાની ઇચ્છા થઇ આવી હતી. મ્હેં ઉત્તરમાં કહ્યું હતું, ' શું હું ભિખારિણીની માફક મારી માગું ! હું કાંઇ ત્હારી માફક ધણીની ગુલામડી નથી.' બ્હેનપણીએ કહ્યું હતું, 'અરી જાતને આવું અભિમાન ન શોભે' મ્હેં દ્રઢતા શબ્દોમાં તેને કહ્યું હતું, ' જેનો બાપ જમાઇને પગે પડી કન્યાને સાસરે મોકલે તેને જ અભિમાન ન શોભે ! ' પછી એ બ્હેનપણી રડવા જેવું મ્હેં કરી મ્હારી પાસેથી ચાલી ગઇ હતી. હરે ! હું સમજી શકી હું કે મ્હારી એ બ્હેનપણી સતી સાધ્વી હતી—એ સૌભાગ્યવતી સ્વામીના સ્નેહને સાથે -લક્ષ સ્વર્ગવાસી થઈ છે. તેણે મ્હને જે કહ્યું હતું તે તદ્દન ખરૂં હતું !

(૪)

ત્રણ વર્ષના વિયોગ પછી પ્રાણવિનાશક અભિમાની પિતા ચુકાઈ ગઇ. મ્હારી આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. મ્હને જોઇ માતા પિતા મ્હેં ચકાવતાં હતાં. આમ છતાં કાંઇ મ્હને સાસરે મોકલવાની વાત કાઢતું નહિ. એ ડોશીપાડોશી એ વાત કાઢવાં એવી મા બાપ નિશ્વાસ મૂકતી હતી. હું કાંઇ સમજી શકતી નહોતી.

અંતે મ્હેં મ્હારા ગર્વને પત્ર નીચે ઝગડી નાખી પતિને એક દયાજનક પત્ર લખ્યો. ઉત્તર નહિ મળવાથી ઉપરા ઉપરી ત્રણ પત્ર લખ્યા; પરંતુ એકકે પત્રનો ઉત્તર મળ્યો નહિ. પછી અંતે મ્હેં એ પત્ર લખ્યો તે પિતાના હાથમાં જઇ પડ્યો. તેમણે મ્હને પોતાની પાસે બોલાવી કરગ્રહ કર્યો કહ્યું, " હવે વિના કાબુ પત્રો લખવાથી શો સાર છે ? " એ વાક્ય સાંભળી હ્રદયથી મ્હારા શરીરનું પ્રત્યેક હાડકું સળગી ઉઠ્યું હતું. મ્હેં વિચાર્યું ' જે અભિમાન મ્હારા નારી જીવનને ધૂળમાં મેળવે છે તે વિનાશકારક અભિમાનને પિતા પોતે ભરાસ હ્રદયમાં પાળું સળગાવે છે ! વિશ્વનું સર્વસ્વ સુખ તથા સફળ સ્નેહ એ અભિમાન દૂર બેઠી જાય છે એ વાત પિતાજી ન જાણતા હોય પણ માતાએ તો જાણવી જોઇએ ને ! તે મ્હને પતિની રંક ઝુંપડીમાં સ્વર્ગિય સુખ ભોગવવા નહિ મોકલતાં ઐશ્વર્યના આ ધનવાસમાં શા માટે રાખી મૂકે છે ? પિતા કરતાં માતા ઉપર મ્હને વિશેષ ક્રોધ ઉપજતો હતો. અંતે મ્હેં નક્કી કર્યું " કે, હવે પત્ર નહિ લખું. કું પોતેજ જઇ તેમના ચરણોમાં હાજર થઇશ; પછી જોઇશ કે તેઓ કેટલા કઠિન રહી શકે છે ! પરંતુ તેમની પાસે મ્હને કાણુ લઇ જાય ! મ્હને રમેશચંદ્ર યાદ આવ્યો. તેના જેવા દેવચરિત્ર વ્યક્તિની સાથે જવામાં બિલકુલ ભય ન હોતો અને કદાચ ભય લાગે તેમ ન હોવું.

(૫)

સ્નાનપણામાં હું અને રમેશ સાથે રમતાં ફરતાં હતાં. કોઈ કોઈ વખત લડતાં પણ હતાં. રમેને જબ્બરવાળી જવાબદારી તેના ઉપર હતી. હું જબ્બરી નહિ તો તે રમેને મારતો અને રડતી તો રમકડું લાવી આપતો તેની સાથે રકતસંબંધ નહિ હોવા છતાં હું તેને બધા ભાઈ કરતાં વિશેષ ચાહતી હતી. રમેશનાં વખાણ તેના શત્રુઓ સુદ્ધાં કરતા હતા. તે પાન ખાતો નહિ, તમાકુ પીતો નહિ તથા કોઈની સાથે વિશેષ બળતો નહિ. પુખ્તવય અભ્યાસ કરી તેણે માબાપનાં મુખ ઉજ્વળ કર્યાં હતાં. એમ. બી. માં પસાર થયા પછી તેનાં માબાપ સ્વર્ગવાસી થયાં હતાં; એ વખતે રમેશના વિવાહની ખટપટ ચાલતી હતી તથા મારા વિવાહની ખટપટ પણ ચાલતી હતી. મારો વિવાહ થયા પછી ૭ મહિને મારા પતિ જ્યારે કોઈ બરાર ચાલ્યા ગયા ત્યારે પણ રમેશના વિવાહનો પ્રયત્ન ચાલુ હતો. પછી એકાએક પોતાને હૃદયનો રોગ હોવાથી પોતે વિવાહ કરનાર નથી એમ કહી રમેશે વિવાહના પ્રયત્નને બંધ પાડ્યો. તેની માતા બધું કર્યાત કરતી હતી એવામાં બે દિવસ તાવ ભોગવી તે સ્વર્ગવાસી થઈ એટલે રમેશને વિવાહ માટે આગ્રહ કરનાર કોઈ રહ્યું નહિ. રમેશ પુખ્તા સંપત્તિનો માલિક હતો. પ્રથમ તો સહુને એમ લાગ્યું કે, કુંવારો રહી રમેશ 'મોજ-મજાહ' ઉડાવવામાં પોતાની મિલકતનો ખુમાડો કરી નાખશે તથા તેનું ચરિત્ર બગડી જશે; પરંતુ રમેશનું વિશુદ્ધ ચરિત્ર નિષ્કલંક રહ્યું. તે પોતાનો બધોખરો વખત સદ્ગ્રંથોની ચિંતન-મોજ ઊડાવતો હતો. દ્વિતીયોમાં તેનું નિર્બળ ચરિત્ર લેશ કલંકિત અને આનંદિત થયા તથા નિરાપેરોના આશીર્વાદનો પાર ન રહ્યો. રમેશના સંસારમાં ચાકર, રસોઇયો તથા કેટલાક ગરીબ વિદ્યાર્થીઓ પણ હતા.

(૬)

રમેશચંદ્રને જ્યારે મારા વિચાર જણાવ્યા ત્યારે તેના મુખને એકાએક કોઈ થયા પછી ઉતરી ગયેલું જે લેખું, ક્ષણકાળ સુધી ચુપ રહ્યા પછી તેણે મને કહ્યું:— "કાકાને (અર્થાત્ મારા પિતાને) આ વાત કરી છે ?"

મેં કહ્યું, "ના."

રમેશ ચુપકીદીથી મારા મુખ તરફ જોઈ રહ્યો. પછી તેણે કહ્યું:— "તેમની જાણ્યા સિવાય તારે આ કામ કરવું છે ?"

"હા."

"કાકાને આ વાત કરી છે ?"

"કરી નથી—આ વાત કોઈને કહેવી નથી."

"ઠીક છે, વિચાર કરી કૂ ઉત્તર આપીશ."

મેં કહ્યું:—"વિચાર કરવા જેવો વખત નથી. તારા જેવો ભાઈ મારાં આટલું કામ નહિ કરે?" આ વખતે મારા હૃદયવમાં રહામાના હૃદયને રપર્શ કરે એવી દીનતા હતી.

રમેશે પ્રથમની માફક ઉદાસ ભાવથી મારા તરફ જોઈ એ કામ કરવાની હા કહી.

રમેશની એ દૃષ્ટિથી મારો અંતરાત્મા ક્ષણ માટે મૂર્છા ઉઘ્યો; પરંતુ તેજ વખતે મને મારા ભવિષ્યની ભયંકરતા જણાઈ, "ના — રામ રામ ! કોને માટે હું કેવો વિચાર કરું છું !"

ત્યાર પછી હું પતિ પાસે પત્ર પત્ર કરી ત્યાંને ત્યાં રોકાવા લાગી.

તે દિવસે પિતાજી બિમાર હતા. માતા તેમની ખૂબ ઊંસી રહી હતી. હું રમેશને જણાવી આવી કે, "આજે જોઈએ એવો લાભ મળ્યો છે."

એ વખતે રહ્યાના બાત વાગ્યા હતા કે એક વાગે ઘરમાંથી બધાં નીકળી ગયાં. મારા પત્ર કંપી ઉઠ્યા રમેશના મકાન આગે ગાડી તૈયાર હતી. આગળ પાછળનો વિચાર ન કરું કે ગાડી ચડી બેઠી. એ વખતે મારા મનમાં વિલક્ષણ આનંદ નહોતા - ભયંકર ઉદ્વેગથી મારું હૃદય ભરાયું કે ઘાટી જતું હતું ગાડી ઘોડે દૂર ગઈ એટલે હું બોલી ઉઠી:—"ના—ના, રમેશભાઈ ! મને પાછી ઘેર લઈ જા. તેમની પાસે જવાની મારી ઇચ્છા નથી." રમેશે જવાબ કોર કરે કહ્યું, "હવે કશું બને તેમ નથી. પ્રથમથી તારે વિચાર કરવો જોઇતો હતો !" ગાડી તીર વેગે દોડી જવા લાગી.

(૭)

રસ્તે જતાં જતાં મેં કહ્યું, "રમેશભાઈ ! મને કયાં લઈ જાય છે ? આ મારા સ્વમુગ્ધર તરફનો રસ્તો નથી !"

રમેશે ગંભીર ભાવથી કહ્યું :—"હું તને બોલ્યમ રમવે . . . લડું છું."

હું ભયને ઉભાવી શકી નહિ. મેં કહ્યું:—"મારા મનના ન ધ ઉપરે છે !"

"સરેહ શાનો ?" આ પ્રશ્ન રમેશે એવા કોર અ ય પૂછ્યો કે હું તેનો ઉત્તર આપવાનું સાહસ કરી શકી નહિ. આપ કેટલાક પછી ગાડી એક નિર્જન રસ્તે જઈ ઉભી રહી. રમેશે કહ્યું: "ઉતરો નીચે ઉતર."

ગાડીનું બારણું ઉઘાડી હું ચમકી ઉઠી. અંધેકારમય નિર્જન પ્રદેશમાં એક બંગલો આવેલો હતો. વિકૃત કંઠે મારાથી બોલી જવાયું, "રમેશ ! તું મને આ કયાં કેદખાને ઉતરવાનું કહે છે ?"

રમેશે ગંભીર ભાવથી ઉત્તર આપ્યો:— "આ મારું સ્વાસ્થ્ય-નિવાસ છે. પ્રથમ તું નીચે ઉતર પછી હું તને બધી વાત કહીશ."

મારા પગ થરથર કંપવા લાગ્યા. હું નીચે ઉતરી. એ વખતે હું શું કરું ! હું એ બંગલાના એક ઓરડામાં જઈ બેઠી. એ ઓરડો સ્વચ્છ તથા સુસજ્જિત હતો. દિવાલ ઉપર જુદા જુદા ભોગી ઋષિઓ ધ્યાનમાં બેઠેલા તેવા ચિત્રો પડ્યા હતા.

રમેશે મારી સાથે એ ઓરડામાં પ્રવેશ કરી કહ્યું:— "હવે રસોઇ તૈયાર છે. તું જમી લે; પછી હું બધી વાત કહું છું."

કોઈ અને ભયથી મૂર્છિત મૂર્છિત હું કહ્યું: "રમેશ ! આપના તારા વર્તનને હું સમજી શકતી નથી. હવે કહ્યા વાત જેવું તારા ઉપર વિશ્વાસ રાખ્યો હતો—આ અનુચિત પરિણામ કે ?!"

"ઇદુ ! તું આ શું બોલે છે ? તારો ભાઇ રમેશ એવો નીચ નથી ! રહે વિવાહ શા માટે નથી કર્યો એ તું જાણે છે ?"

"હવે જાણીને કાંઇ કામ નથી. મ્હારી ભૂલ માટે હવે મ્હને ઘણો પશ્ચાતાપ થાય છે."

"ઇંદુ ! તારી સમજફેર થાય છે. તું એવા મલિન વિચારોથી મ્હારા તરફ જોઇશ નહિ. રહે શા માટે વિવાહ નથી કર્યો તે હવે તું સાંભળ !"

મ્હે પુષ્કળ ગુસ્સે ભરાઇ કહ્યું:—"મ્હારા આવી રીતે સર્વ નાશ કરવા માટે વિવાહ નથી કર્યો કેમ ?"

"ના—એમ નથી ! પતિ તરફનું તારૂં વર્તન જોઇ એ જાત માટે મ્હારા અંતરમાં ઘણો તિરસ્કાર ઉપજ્યો છે !"

ક્રોધનું દમન નહિ કરી શકાવાથી મ્હે કહ્યું:—"એમજ હતું તો તારે ઘરના ખુણામાં પડી રહેવું'તું. મ્હારી સાથે તું આવો પ્રપંચ કેમ કર્યો ? મ્હને કલંક લગાડવા શા માટે તું અત્રે લઇ આવ્યો ?"

ઉત્તેજિત બની જઇને રમેશે કહ્યું:—"ઇંદુ ! હું તને કલંક લગાડવા અત્રે નથી લઇ આવ્યો—હું તને તારા પતિ પાસે લઇ આવ્યો છું; આ કોણ છે—તું ઓળખે છે ?" આમ કહી તેણે પેટી ઠંકાયલી છબીઓમાંની એક છબી ઉપરનો પરદો ખસેડી નાખ્યો. આશ્ચર્ય સાથે મ્હેં જોયું કે, એ છબી મ્હારા સ્વામીની હતી !

ભયભીત અને ચકિત બની જઇ મ્હે કહ્યું:—"આ છબી અહીં કયાંથી ?"

બકુટી સંકુચિત કરી રમેશે કહ્યું, "એ સાંભળવાને ઘણો વખત મળશે. હવે આ બીજી છબી જો—" આમ કહી તેણે બીજી એક છબી ઉપરનો પરદો ખસેડી નાખ્યો ! એ છબીમાં મ્હારા સ્વામી રોગશય્યા ઉપર સુતા હતા !

કંપતાં કંપતાં મ્હે કહ્યું:—"શંકાના અગ્નિમાં તું મ્હને આવી રીતે ન બાળી નાખ. કહે જોઇએ કે, શું થયું છે ?"

રમેશે કરડ્યું કહે કહ્યું:—"તારે ત્રીજી છબી પરનો પરદો તું જ ખસેડી નાખીને જો—બેદીલા ન બની જતી."

મ્હે કહ્યું:—"મ્હારે એમાંનું કાંઇ જોવું નથી. જે બન્યું હોય તે તું જ કહે !"

રમેશે કહ્યું:—"કહેવાનું નથી—બતલાવવાનું છે. તું મ્હારી સાથે ચાલ."

બન્ને જણા બગલાની બ્હાર નીકળી ખુલ્લા મયદાન તરફ જવા લાગ્યાં. કેટલેક માર્ગ કાપ્યા પછી થોડે છેટે બાંધેલા ઘોડું કાંઇ દેખાયું. હું રમેશની પાછળ પાછળએ બાંધેલા તરફ જવા લાગી. એ બાંધેલા પાસે ગયા પછી તીવ્ર દૃષ્ટિ મ્હારા તરફ જોઇ રમેશે કહ્યું:—"આ લે-તું તને તારા સ્વામી પાસે લઇ આવ્યો છું. અદ્ધી વર્ષ ઉપર તેઓ રોગી સ્થિતિમાં હવાફેર માટે અહીં આવ્યા હતા—પરંતુ અહીંથી પાછા જઇ શકીજ નથી ! આજે નિરુપાયે મ્હારે તને આ ખબર જણાવવી પડી છે !"

ત્યાર પછી શું થયું એ મ્હને ખબર નથી. જ્યારે શુદ્ધિમાં આવી ત્યારે મ્હેં મ્હને સ્વામીના સ્મશાન સ્મારકસ્તંભ પાસે પડી રહેલી જોઇ ! હાય-હાય ! મ્હને ક્ષમા માગવાનો અવસર પણ મળ્યો નહિ !

(સંપૂર્ણ)

મુંબઇનું રાત્રિ-રહસ્ય

(લખનારઃ—રા. ગુપ્તદૂત)

[ગતાંકથી ચાલુ.]

૬ખળાની આત્મકથા.

"પિયરમાં મ્હારા એક મામા રહેતા હતા. તેમની એક ભત્રિજીને તેમણે મ્હારા કાકા સસરાના છોકરાની સાથે પરણાવી હતી. મ્હારા મામાનું અંગત સગું સંબંધી કોઇ નહિ હોવાથી તેમની ભત્રિજી જ્યારે તેમની પાસે જે બે ત્રણ હજાર રૂપિયાનો ઝવ હતો તેની માલિક હતી. જ્યારે ઘણી ઘણી બદમાસ અને લફંગા હતી. બાળપણ કુળમાં તે જાણે કે પિશાચનો બીજો અવતાર હતો તે જ્યારે અનેક પ્રકારે હમરાહ કરી ત્યારા કાકા પાસેથી અમુક રકમ લાવ.' એ ડોસો શા માટે તને કબાણી વસ્તુ લાવી આપતો નથી ? એવાં ઉધરાણીનાં વાકયો સંભળાવતો હતો. જ્યાં પાસે જે કાંઇ હતું તે બધું તેના ઉઘાડ ઘણીએ મોજ શોખમાં ઉડાવી દીધું હતું તેથી જ્યારે હવે તેને એક પાઇ પણ આપવાને રાજી નહોતી. તેનો ધણી તેને જ્યારે કાંઇ લાવવાનું કહેતો ત્યારે તે ચોખ્ખો ઉત્તર આપી દેતી હતી કે, મ્હને કાકા કાંઇ આપતા નથી તથા મ્હને કોઇ વસ્તુની જરૂર પણ નથી. તમને જરૂર હોય તો તમે તેમની પાસે જાઓ માગો.'

"હું આ વાત કુંવરબાઇ પનાનું છું એક દિવસે જ્યારે પતિએ જ્યારે કાકા ઉપર ગુસ્સે ભરાઇ તેને ઘેર જઇ ઝરીથી તેના ઉપર હુમલો કર્યો. ડોસો ખુરશા શરીરે દિવ્યકા ઉપર બેઠો હતો. બદમાસ નરરાક્ષસ ભત્રિજી જમાઇએ વાધની માફક તેના ઉપર તરી પડી તેના ખભા ઉપર છરીના એક બે ઘા કરી દીધા. ડોસાએ જ્યાં જવાના ભયથી બૂમ પાડી. પાડોશમાં હું ઘેર હોવાથી મામાની બૂમ સાંભળી હાજરી આવી બની તેમને ઘેર ગઇ. મ્હને હાજર થયેલી જોઇ પકડાઇ જવાના ભયથી એ ખૂની નાશી ગયો.

એ બનાવનો ચેમ્બિલ કેસ થયો. તેમાં મ્હારી સાક્ષી રાખવામાં આવી. મ્હારી સ્થિતિ સુદી વચ્ચે સેાપારી જેવી હતી. એક તરફ સાસરિયાં અને બીજી તરફ મામા હતા. જો હું કોર્ટમાં ખરી હકીકત કહીશ તો છંદગી સુધી મ્હારો ત્યાગ કરવામાં આવશે એવી મ્હારાં સાસરિયાં તરફથી મ્હને ધમકી પણ આપવામાં આવી.

"ખરી રીતે જોવા જતાં મ્હારાં સાસરિયાંએ મ્હારો ત્યાગ તો કરેલોજ હતો એટલે મ્હેં તેમની ધમકીને નહિ ગણકારતાં ન્યાય મંદિરમાં ખરી હકીકતો કહી. મ્હારી સચોટ જુબાનીથી ગુન્હો ચોકકસ પુરવાર થયો. 'જીવતેજીવ' ધર્મ કરવાના ગુન્હા બદલ ગુન્હેગારને પાંચસો રૂપિયાનો દંડ થયો. તે ઉપરાંત પાંચ વર્ષ માટે સારી ચાલચલગતના જીંમે તરફથી જામીન માગવામાં આવ્યા.

"આ બનાવથી વિરોધ વધી ગયો. એટલાં કુટુંબિઓની દુશ્મનાવટથી મ્હારી માતાનો પણ પરલોકવાસ થયો. સમસ્ત વિશ્વ સંસારમાં મારૂં કોઇ રહ્યું નહિ. આ પ્રસંગે મ્હારા સસુર પક્ષ તરફથી

મ્હને અનેક પ્રકારે સમજાવી તેમને ત્યાં લઈ જવામાં આવી. મ્હારી માતાનો ધોડો થોડા જીવારો હુતો તે પણ ચાલાકીથી તેમણે પોતાને કબ્જે કરી લીધો. આવી રીતે હું પાછો જુલ્મી સાસરિયાંઓની કપકલ્પનાનો શિકાર થઈ પડી.

"આંહિંયાં આવ્યે છ માસ ચૂપી તો મ્હને સારી રીતે રાખવામાં આવી પછી પાછો સાસરિયાનો જુલમ ચાલુ થયો. મ્હારા ઉપર પુનઃ ઉપરાઉપરો ખોટાં કલંક મૂકવા લાગ્યાં. છેવટે હું જીવનથી કંટાળી ગઇ તથા આત્મહત્યાથી જીવનો અંત લાવવાનો નિશ્ચયથી હું કુવામાં પડી.

"જો એ પ્રકારથી મ્હારા દેહનો અંત આવ્યે હોત તો મ્હારે પાપની નરક ભાગૂમાં પડી જીવનને કલંકિત કરવું પ્રાપ્ત નહિ; પરંતુ વિધિના વિધાનને અથવા લલાટના લેખને કોણ મીથ્યા કરી શકે?

"કૃપાથીથી મ્હને જીવતી બ્હાર કાઢવામાં આવી. આખા ગોકુર ગામમાં મ્હારી ચર્ચા થવા લાગી. સાસરિયાંઓએ બ્હાર એમજ કહેવા માંડ્યું કે, 'એ તો એવું કલંક મ્હોં બતાવવાં શર્માતી હોવાથીજ તે કુવામાં પેઠી હતી.

"દિવસે દિવસે મ્હારૂં દુઃખ વધવા લાગ્યું. આમ, નણંદ અને ધણીનો ત્રાસ મ્હારે માટે અસહ્ય થઇ પડ્યો. હું જીવનથી કંટાળી ગઇ હતી; પરંતુ આત્મહત્યાથી પણ જીવનનો અંત લાવવાનું કામ મ્હારે માટે કઠિન થઈ ગયું હતું.

"એવામાં મુંબાદનિવાસી એક તરૂણ વયમાન તરીકે અમારે ત્યાં આવીને ઉતર્યો. બાહ્ય દૃષ્ટિથીએ તરૂણ શાન્ત, શિષ્ટ અને સજ્જન જણાતો હતો. બ્હારનાં માણસોને મુખે મ્હારા દુઃખની વાત જાણવામાં આવતાં તેણે મ્હારો કૃસાનવાની માવાળવા નિકાળી. એ વખતે મ્હને સંસારની દુષ્ટિકૃતિ તથા છળ પ્રપંચોનો વિશેષ અનુભવ નહોતો. એ તરૂણે એકાન્તો સુધેલ મનાતાં મ્હને એમ સમજાવ્યું કે, મુંબાઇમાં આવેલા એક નિરાધાર બ્રીઓના આશ્રમનો તે વ્યવસ્થાપક છે, તથા એ કુ ઇચ્છે. તેની સાથે મુંબઇ આવી જવાની મ્હારી કબુલી થઈ ગઈ હોવા છતાં મ્હેં તેના કહેવા પ્રમાણે વર્તવું ઉચિત માયું' છતાં છુપી રીતે મ્હારે અસુરમ્હનો ત્યાગ કરવાનો હોવાથી હું ખુશી રીતે તેની સાથે જઈ શકું તેમ નહોતું. આમ છતાં શું કરવું અને કેમ વર્તવું એ સઘળી દહીકાત તેણે મ્હને કહેવા બ્હાર નહિ એવી રીતે સમજાવી દઇ દઇ દયા દર્શાવાની ત્રણ નોટો તેણે મ્હને ખરચ માટે આપી. આટલી ગોઠવણ કરી આપી કારવેલા દિવસે ચોક્કસ વખતે સ્ટેશન ઉપર આવવાનું અભિવચન આપી તે મુંબઇ ચાલ્યો ગયો.

"બીજા તરૂણથી મ્હારૂં મન સ્વમુસ્થરૂઢતો ત્યાગ કરવા તદ્ન પાપક્ષ બની ગયું હતું. મ્હારાં સાસરિયાંઓએ મ્હારા પર ચલાવેલ જુલમ ગુજારેલો હોવાથી તથા મ્હારી માતા પાસે જે ચોરી નિકલત હતી તે સુખ્યાંથી તેમણે પચાવી પાડી હોવાથી મહને લેવા માટે મ્હારૂં મન અધીર બની ગયું હતું. એવામાં મ્હને અનુકૂળ સંયોગ મળી આવ્યો. જે દિવસે મુંબઇ ઉપડી જવાનું નક્કી કરવામાં આવ્યું હતું, તેને આગલે દિવસે નજદીક ઉમરેઠ ગામમાં અમારી જ્ઞાતિ હતી. ઉમરેઠ સાસું ને દીયર એવો ભાવ દર્શાવી અમોએ હું રાખ્યામાં પડી રહી. રહ્યાંજે ચાર બારે સહુ જમવાં જવા ગયાં અને હું ઘેર જ રહી. મ્હારાં સાસુ પેટીપટારાની કુંચીઓ કયાં રાખતાં હતાં તેની મ્હને ખબર હતી. લાગ જોઇ મ્હેં જે પેટીમાં જર જોખમ હતું તે ઉઘાડી તથા તેમાંથી જે કાંઈ મળી આવ્યું તે એક રૂમાલમાં બાંધી લીધું. પછી સભ્યાગતના અરસામાં પરને તાબું આવી હું સ્ટેશન ઉતર ગઇ. ઉમરેઠ ગામમાં મ્હારાં ઓળખીતાં બહુ હોવાથી મ્હને કોઈ ઓળખી શકે નહિ એટલા માટે મ્હેં ઘુમટો ખેચ્યો હતો. સ્ટેશને જઈ આબુરોડ તરફ નહિ જતાં મ્હેં ગોધરાની ટિકીટ કઢાવી તથા એ રાતે હું ગોધરા ગઇ.

"પછી ગોધરાથી બારોબાર મુંબઇ જતી ટ્રેનમાં બેસી ત્રીજા દિવસે થયા અમારે હું માન્દરોડ ઉપર ઉપસ્થિત થઇ પેલા તરણનું નામ સાંકળચંદ હોઇ તે સ્ટેશન ઉપર હાજર હતો. મારા માટેની તેની બ્હારથી દેખાતી આવી પરોપકાર વૃત્તિ મ્હેં મ્હારા મનમાં તેને ઘણું માન ઉપજ્યું.

"તમને હું કહી ચુકી છું કે, એ વખતે હું મુંબઇ બહેરથી તદ્ન અજાણી હતી મ્હેં વત્તર વિચારે એ કાંઈ નહેને આત્મ સમર્પણ કર્યું હતું.

"તે મ્હને પોતાની સાથે ગાડીમ બેસાડી તેણે અમારાથી નકામા કરી રાખેલા રથને લઇ ગયો. એ રથમ એકાન્તમાં આવ્યું હતું. ત્યાં એક પ્રૌઢ સ્ત્રી હાજર હતી. એ બેમાં વાતના મ્હારા મકાનમાં મને મુકામ આપવામાં આવ્યો. પછી પેલી પ્રૌઢા દાસીને કામ સોંપ્યું બ્હાર મોકલી સાંકળચંદે ગંભીર ભાવથી મ્હને કહ્યું, 'કમલા તમારા જેવી એક ખૂબસૂરત નવયુવતી નિરાધાર સ્ત્રીઓના આશ્રમમાં રહે એ બ્હને ઠીક લાગતું નથી. વળી આજ સુધી સંસારસુખનો તને લેશ પણ અનુભવ મળેલો નહિ હોવાથી તમારી સ્થિતિ માટે મ્હારા મનમાં દયા આવે છે. વળી જે રથને તમારાં લગ્ન થયું હતું એને ખરી રીતે લગ્ન કહી શકાય તેમ નથી તથા છુપી રીતે તું અત્રે આવી આવેલી હોવાથી તમારા તે પુનઃ ઉકોર જઈ શકાય તેમ નથી. આવી હાલતમાં તમારા જેવી એક નિરાધાર બાળાને ઉત્તર પર્યન્તના એક સેલ્લાની કે બાઇ જરૂર છે એ તું સમજી શકે તેમ છે. એ તું ધ્યમેવાને માટે મ્હારા સદ્ગતમાં રહેવાને ઇચ્છતી હોય તો હું હરેક રીતે તને મદદ કરવા તૈયાર છું. હું કુમારો છું. ઈશ્વર કૃપાથી બ્હારો પાસે પૈસા પણ પુષ્કળ છે એટલે જો તું મ્હારે કહેવું માનીશ તો આપણે બન્ને સુખ દુઃખમય સંસારમાં સ્વર્ગિય સુખ બે ભરી શકાશું.

"સાંકળચંદનાં વચનો સાંભળી પ્રથમ તો હું ગંભીર વિચારમાં પડી ગઇ, પરંતુ એ ગંભીરતા વિશેષ સમય સુધી કાયમ રહી નહિ. સ્વાભાવિક રીતેજ સંસારસુખ ભોગવવાનો સમય મળી આવેલો હોવાથી હું મ્હારી ચિન્ત વૃત્તિને ઝાપુમાં

રાખી રહી નહિ, તથા તે દિવસથીજ મ્હે તે પથના નરક કુંડમાં પ્રવેશ કર્યો.

" વાસનાથી પ્રવૃત્તિથી કામ દેવતાનું જોર એવું તો બધે છે કે, મનુષ્ય એક વખત તેમાં લપટાય છે ઝેટલે પછી તેમાં તેને દિવસે દિવસે વિશેષ લપટાવાનું મન થાય છે. દિવસનો ઘણો ખરો વખત સાંકળચંદ કામકાજનું નિમિત્ત દર્શાવી ગેરહાજર રહેતા હતા તથા રાતના નવેક વાગ્યે તે ન્હારી પાસે આવતા અને રહવારે અઢીએક વાગ્યે પાછા ચાલ્યા જતા હતા.

" દિવસે હું અને પેલી પ્રાઢા દાસી એકલાંજ રહેતાં હતાં. અમારા ખરચની, મકાન ભાડાની, વાસણ કુસણ તથા બિજા ના વગેરેની સઘળી જોગવાઇ સાંકળચંદે કરી આપી હતી વળી તે ન્હને ઠાઇ ઠાઇ દિવસે અમુક સુંદર વસ્ત્રાલકાર પણ લાવી આપતો હતો. આમ છતાં સાસરેથી જે ઘરેણાં હું ન્હારી સાથે લઈ આવી હતી તે સંબંધીની વાત મ્હે ઠાઇને કહી નોતી એ ઘરેણાં મ્હે છુપારી રાખ્યાં હતાં.

" સાંકળચંદને મદ્યપાન કરવાની ટેવ હતી. સોબતને લીધે તેની ટેવની ન્હને પણ અસર લાગી તથા એ ટેવ પડવાથી ન્હારા વિનાશનો માર્ગ વિશેષ ખુલ્લો થયો.

" સાંકળચંદ સાથેના સહવાસમાં એક વર્ષ જેટલો સમય પસાર થઈ ગયો. એ સમય દરમ્યાન તેણે ન્હને દોઢ હજાર રૂપિયાનાં ઘરેણાં ગાંઠાં કરાની આપ્યાં હતાં. સાંકળચંદ શેરસટ્ટાનો વેપાર કરતો હોવ તેને મદ્યપાન કરવાનું વ્યસન લાગ્યું હતું. તથા તેની સોબતને લીધે ન્હને પણ એ વ્યસન લાગ્યા પડ્યું હતું. સુવાવસ્થા, સ્વતંત્રતા તથા ધનિકત ભોગવિલાસની પ્રાપ્તિ થતાં ન્હારા હૃદયમાંનું ધર્મબંધન સ્વાભાવિક રીતિએ શિથિલ થતું ગયું હતું: આમ છતાં હું સાંકળચંદ સિવાય બીજા કોઈ પણ પુરુષના સમાગમમાં આવેલી નહોતી. સાંકળચંદ ન્હારી દરેક ઇચ્છા પૂર્ણ કરતો હતો. રવિવારને દિવસે કે તહેવારે તે ન્હને બહાર જોવા લાયક સ્થળોએ તથા હવા ખાવાનાં સ્થળોએ પોતાની સાથે લઇ જતો હતો અને તેવી મુંબઇના કેટલાક મુખ્ય રસ્તાઓ અને સ્થળોથી હું જાણીતી થઇ હતી.

" એનામાં પુનઃ ન્હારાં દુર્ભાગ્યે દર્શન દીધું. સાંકળચંદને તેના ધંધામાં એકાએક ઝેટલી બધી ખોટ આવી કે તે એ આઘાતને સહન કરી શક્યો નહિ. ચિંતામાં ને ચિંતામાં તેનું શરીર ખવાઈ જવા લાગ્યું. માનસિક ચિંતા દૂર કરવા માટે તે પુષ્કળ મદ્યપાન કરી ન્હારે ત્યાંજ પડી રહેવા લાગ્યો. તેણે ન્હારા ઉપર કરેલા ઉપકારોનું સ્મરણ કરી હું તેના ખાનપાન તથા ઔષધાદિનું બરાબર નિભાવવા લાગી; છતાં સાંકળચંદને આરામ થયો નહિ. બે માસ સુધી બીમાર રહી તે મૃત્યુ પામ્યો.

" આવી સ્થિતિમાં હું કરવું એ હું નક્કી કરી શકી નહિ. ડોક્ટરમાંથી ન્હારા સસરના ગુજમાંથી બે જરુરીખમ હું સાથે લઇ આવી હતી તેની વાત ન્હારા સિવાય બીજું કોઇ જાણતું નોતું. સાંકળચંદના મૃત્યુ પામ્યા પછી ન્હારા ધરના કામકાજ માટે જે દાસી તેણે રાખેલી હતી તેને ' હું હવે મુંબઇ રહેવાની નથી. ' એમ કહી રજા આપી દીધી. અઠ્ઠાવીસ અને શોકમાં હું ન્હારા દિવસ પસાર કરવા લાગી.

" એ દાખીને ગયા પછી લગભગ આઠેક દિવસ નીકિ ગયા પછીના રવિવારે હું અફસોસ કરતી બિજાનામાં સુતી હતી. ઘાયાળાનો દિવસ હોઇ કરી પવન ફુંકાતો હતો. પરેલ તરફનો રસ્તોજ એવો છે કે જ્યાં રાતના દસ વાગ્યા પછી ગંભીર શાંતિનું રાજ્ય ચલાઇ રહે છે જે રાત્રિની હું વાત કરું છું તે રાત્રે લગભગ બાર વાગ્યે ન્હારા મકાનનું બારણું કોઇએ ખખડાવ્યું. વેરાતણી ઓખીને ચોંકી પથારીમાં બેઠી થઇ મ્હે પૂછયું, " કોણ છે ? " પરંતુ ન્હારા પ્રશ્નનો ઉત્તર મળ્યો નહિ. પુનઃ સઘળું શાંત થઈ ગયું' થયું અને નિંદ્રા આવી.

[આ રહસ્યપૂર્ણ લેખનો આગલો ભાગ વાંચવા માટે અમારો આવતો અંક વાંચો.] અપૂર્ણ.

વગર ઇજાએ બાલ કાઢવા માટે

બાદશાહી સાબુ.

વાપરો



બાદશાહી સાબુ વાપરવાથી ચામડીને કંઇ પણ નુકશાન થતું નથી પણ સંવાળા બનાવે છે. યુક્ત ભાગોના વાળ સહેલાઇથી કાઢે છે

કિંમત બાક્સ ૧ નો રૂ. ૧)
પોસ્ટેજ જા

બાક્સ ચારના રૂ. ૩)
પોસ્ટેજ માફ

દરેક ઠેકાણે વેચાય છે.

સી. સી. મહાજન એન્ડ કું૦
શેખ મેમણ સ્ટ્રીટ મુંબઇ ૨.

" ઉંચી બનાવટના ટકાઉ રેડીમેડ સ્ટવ્ઝ. "



એકદમ સસ્તા ભાવે વેચાય છે.

પ્રાયમસ, ઓપ્ટીમસ તથા બીજા બધા સ્ટવીનની બનાવટના ચુલાઓ સાથે રેડીમસ જરુરી ફરીયાદ કરે છે કારણ કે રેડીમસની ઉંચી કવોલીટી સ્ટવીડીસ ગવર્નમેન્ટથી પુરવાર થઈ ચુકી છે. રેડીમસ સ્ટવ્ઝ દરેક વેપારીને ત્યાં વેચાય છે.

એજન્ટસ:—ઇન્ડીઆ સપ્લાય એન્ડ એક્સપોર્ટ કું૦
૬૬, રમણદાસ સદન, ફોટ મુંબઇ.

આ પત્ર જાદવજી પીતાંબર દરજી મુંબઇ નં. ૯૨ મોચીગલી પરેલ રોડ પર બેઠી નોર્થકોટ પ્રિન્ટીંગ એન્ડ પ્રેસ નામે એ. એન. સેલર પ્રેસમાં છાપ્યું છે અને તંત્રી જમશેદજી જીજીભાઇ દ્વિરેદીએ મુંબઇ નં. ૪ ગીરગામ ખટાવ બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કર્યું છે.

રાખી શકી નહિ, તથા તે દિવસથીજ એ તે પથના નરક કુંડમાં પ્રવેશ કર્યો.

" વાસનાથી પ્રવૃત્તિથી કામ દેવતાનું જોર એવું તો બધે છે કે, મનુષ્ય એક વખત તેમાં લપટાય છે એટલે પછી તેમાં તેને દિવસે દિવસે વિશેષ લપટાવાનું મન થાય છે. દિવસનો ઘણો ખરો વખત સાંકળચંદ કામકાજનું નિમિત્ત દર્શાવી ગેરહાજર રહેતા હતા તથા રાતના નવેક વાગ્યે તે જ્યારે પાસે આવતો અને રહેતો અડીખમ ત્યારે પાછો ચાલ્યો જતો હતો.

" દિવસે હું અને પેલી પ્રોઢા દાસી એકલાંજ રહેતાં હતાં. અમારા ખરચની, મકાન ભાડાની, વાસણ કુસણ તથા બિછા ના વગેરેની સઘળી જોગવાઇ સાંકળચંદે કરી આપી હતી વળી તે જ્યારે કાંઇ કાંઇ દિવસે અપૂક સુંદર વસ્ત્રાલંકાર પણ લાવી આપતો હતો. આમ છતાં સાસરેથી જે ખરેખાં હું જ્યારે સાથે લઈ આવી હતી તે સંબંધીની વાત ત્યારે કાંઇને કહી-હોતી જે ખરેખાં જ્યારે છુપાવી રાખ્યાં હતાં.

" સાંકળચંદને મદ્યપાન કરવાની ટેવ હતી. સોબતને લીધે તેની ટેવની જ્યારે પણ અસર લાગી તથા એ ટેવ પડવાથી જ્યારે બિનાઓનો માર્ગ નિરોધ ખુલ્લો થયો.

" સાંકળચંદ સાથેના સહવાસમાં એક વર્ષ જેટલો સમય પસાર થઈ ગયો. એ સમય દરમ્યાન તેણે જ્યારે દોઢ હજાર રૂપિયાનાં ખરેખાં ગાંઠ કરાવી આપ્યાં હતાં. સાંકળચંદ શેરસટ્ટાનો વેપાર કરતો હોઇ તેને મદ્યપાન કરવાનું વ્યસન લાગ્યું હતું, તથા તેની સોબતને લીધે જ્યારે પણ એ વ્યસન લાગ્યુ પડ્યું હતું. યુવાવસ્થા, રવતંત્રતા તથા ધનિકતા જોગવિલાસની પ્રાપ્તિ થતાં જ્યારે હૃદયમાંનું ધર્મબંધન સ્વાભાવિક રીતેજ શિથિલ થતું ગયું હતું; આમ છતાં હું સાંકળચંદ સિવાય બીજા કોઈ પણ પુરુષના સમાગમમાં આવેલી નહોતી. સાંકળચંદ જ્યારે હરેક બાબતો પૂછી કરતો હતો. રવિવારને દિવસે કે તહેવારે તે જ્યારે જુદાં જુદાં જોવા લાયક સ્થળોએ તથા હવા ખાવાનાં સ્થળોએ પોતાની સાથે લેઇ જતો હતો અને તેથી મુંબઇના કેટલાક મુખ્ય રસ્તાઓ અને સ્થળોથી હું જાણીતી થઈ હતી.

" એવામાં પુનઃ જ્યારે દુર્ભાગ્યે દર્શન દીધું. સાંકળચંદને તેના ધંધામાં એકાએક એટલી બધી ખોટ આવી કે તે એ આઘાતને સહન કરી શક્યો નહિ. ચિંતામાં ને ચિંતામાં તેનું શરીર ખવાઈ જવા લાગ્યું. માનસિક ચિંતા દૂર કરવા માટે તે પુષ્કળ મદ્યપાન કરી જ્યારે ત્યાંજ પડી રહેવા લાગ્યો. તેણે જ્યારા ઉપર કરેલા ઉપકારોનું સ્મરણ કરી હું તેના ખાનપાન તથા ઔષધોદિનું બરાબર નિરીક્ષણ કરવા લાગી; છતાં સાંકળચંદને આરામ થયો નહિ. બે માસ સુધી બીમાર રહી તે મૃત્યુ પામ્યો.


" આવી સ્થિતિમાં શું કરવું એ હું નક્કી કરી શકી નહિ. ઘરેણામાંથી જ્યારા અઙ્ગરના શૃંગમાંથી જે જરજેવાખમ હું સાથે લઇ આવી હતી તેની વાત જ્યારા સિવાય બીજું કોઇ જાણતું નહોતું. સાંકળચંદના મરણ પામ્યા પછી જ્યારા મરના કામકાજ માટે જે દાસી તેણે રાખેલી હતી તેને ' હું હવે મુંબઈ રહેવાની નથી. ' એમ કહી રજા આપી દીધી. અફસોસ અને શોકમાં હું જ્યારા દિવસ પસાર કરવા લાગી.

" એ દુર્ઘટનાના ગયા પછી લગભગ આઠેક દિવસ શાંતિ ગયા પછીના રવિવારે હું અફસોસ કરતી બિછાનામાં સુતી હતી. સમા-ચારોના દિવસ હોઇ કેટલો પવન ફૂંકાતો હતો. પરંતુ તરંગના રસ્તોજ ઓલો છે કે જ્યાં રાતના દસ વાગ્યા પછી ગંભીર શાંતિનું રાજ્ય છવાઇ રહે છે જે રાત્રિની હું વાત કરું છું તે રાત્રે બરાબર બાર વાગ્યે જ્યારા મકાનનું બારણું કોઇએ ખખડાવ્યું. વેરાયલી અગિનેચેતી પથારીમાં બેઠી થઇ જ્યું પૂછ્યું, " કોણ છે ? " પરંતુ જ્યારા પ્રશ્નનો ઉત્તર મળ્યો નહિ. પુનઃ સઘળી શાંત થઈ ગયું જ્યારે મને નિંદ્રા આવી.

[આ રહસ્યપૂર્ણ લેખનો આગલો ભાગ વાંચવા માટે અમારો આવતો અંક વાંચો.] અપૂર્ણ.

વગર ઇજાએ બાલ કાઢવા માટે

બાદશાહી સાબુ.



વાપરો

બાદશાહી સાબુ વાપરવાથી ચામડીને કાંઈ પણ નુકશાન થતું નથી પણ સુંવાળા બનાવે છે. ચુસ્ત ભાગોના વાળ સહેલાઇથી કાઢે છે

કિંમત બાકસ ૧ નો રૂ. ૧)
પોસ્ટેજ ના

બાકસ ચારના રૂ. ૩)
પોસ્ટેજ માટે

દરેક ઠેકાણે વેચાય છે.

સી. સી. મહાજન એન્ડ કું૦
શેખ મેમણ સ્ટ્રીટ મુંબઇ ૨.

" ઉંચી બનાવટના ટકાઉ રેડીયસ સ્ટવ્સ. "



બેહદ સસ્તા ભાવે વેચાય છે.

પ્રાયમસ, ઓપરીમસ તથા બીજા બધા સ્ટીવનની બનાવટના સુલાઓ સાથે રેડીયસ જબરી હરીફાઈ કરે છે કારણ કે રેડીયસની ઉંચી કવોલીટી સ્ટીડીસ ગવર્નમેન્ટથી પુરસ્કાર થઇ ચુકી છે. રેડીયસ સ્ટવ્સ દરેક વેપારીને ત્યાં વેચાય છે.

એજન્ટસ:—ઇન્ડીઆ સ્ટવ્સપોર્ટ એન્ડ એક્સપોર્ટ કાં૦
૬૬, ટેમરીન્ડ લેઇન, કાલ મુંબઇ.

આ પત્ર ભાલવળ પીતાંબર ઠક્કરે મુંબઇ નં. ૬૭ ગીરગાંવવાડી પરેલ રોડપર રોયી નોર્થ ઇંડિયન ઓઇલ કંપની કે. એન. સેવર પ્રેસમાં છાપ્યું છે અને તંત્રી જ્યમઇકર ગોવીંદજી દ્વિવેદીએ મુંબઇ નં. ૪ ગીરગામ ખટાવ બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કર્યું છે.

નીતિબોધના શોભનીય ભારે દર રવિવારે પ્રગટ થતું સાપ્તાહિક. Registered No. B. 1829

બાળ-મિત્ર

[પુ. ૧ લું.]
તા૦ ૨૭ મી જુલાઇ ૧૯૨૪.

પ્રેમનું બલિદાન



સરલા

[અંક ૧૬ મો]
અષાઢ વદ ૧૧

વાર્ષિક લવાજમ
રૂ. ૪-૦-૦

પુસ્તક નકલ મુંબઇમાં ૧ આનો
બહાર ગામ સવા આનો

આજના લેખોનો ક્રમ.

મુખપત્ર.....
બાકી આપવું છે. .... (રા. હીમત)
ખર્ચા બાકે લખ ચારીત ?.... (રા. વિશ્વપ્રેમી)
એક સુંદરીનાં સાહસ કર્મો. (રા. મંજુલાલ મે. દેસાઈ)
કરસા કવિની પ્રેમ કથા.... (રા. વિરાગી)
પ્રેમનું બલિદાન ... (રા. ત્રલ્લવિહારી)
મુખર્જીનું રાત્રિ-રહસ્ય ... (રા. ચુનીલાલ)
ક્રૂરી નારણ ... ... (રા. રમણીક અ. મેના)

મોજ-મજાહ

રવિવાર તારીખ ૨૭ મી જુલાઇ સને ૧૯૨૪.

TO BE LET.

ભાડે આપવું છે.*

એક ખાલી હૃદય અમારે,
ભાડે દેવું છે;
હૃદય અમારે ભાડે દેવું છે,
અમારે ભાડે દેવું છે.

૧

જે આવું દેશે તે લેશું,
મળ્યો ઘરાક ગણી ખુશ રે'શું;
સગવડ સોઇ સર્વ પ્રકારે,
ભાડે દેવું છે—અમારે.

૨

આવો જાઓ મરજી પ્રમાણે,
પૂછ પરછ કરશું ન પરમાણે;
ખુલ્લું દ્વાર બધેર સવારે,
ભાડે દેવું છે—અમારે.

૩

ઘૂંટ નથી છે પસંદ કરવા,
અધિકારી નવ——ના ઉચ્ચરવા;
તમ્મું WEL COME નિશાનદ્વારે,
ભાડે દેવું છે—અમારે.

૪

આ માટે મરજાદ વિનાનું,
સહુ પણ જીવન દૌ દુનિઆનું;
વિશાળ એવા ઉર વિચારે,
ભાડે દેવું છે—અમારે.

દીમત.

છતાં ભાડે લઈ શકશો ?*

ખરા હૃદયનો ગુમાનીને, હૂંડો ચોરો તમે ભાડે;
ભલો ના એ તો આજારૂ, છતાં ભાડે લઈ શકશો ?

કરી મળશે હૃદય ભાડે, તો ખાલી એ કરો કયાંથી ?
જગતમાં વાત છે અઘિર, છતાં ભાડે લઈ શકશો ?

અને કરશો કે ખાલી છે, ન માનો કે પુરૂં આખું;
પરન્તુ એક ખૂણો છે, છતાં ભાડે લઈ શકશો ?

વળી યે દૃઢ તમારો ત્યાં, ભરાએ આવું ક્યાં સૂધી;
બીજે મળતાં કરો ખાલી, છતાં ભાડે લઈ શકશો ?

ન ઇજ્જત કે ગૃહસ્થી છે, જે આપનું તે આપનું;
કહો મન કેમ ત્યાં માને ? છતાં ભાડે લઈ શકશો ?

ન સુખ શાન્તિ ન છે આરામ, સતા રોવું મુવાં કરવું;
"હૃદય" બેલા વિનાના થઇ, છતાં ભાડે લઈ શકશો !

અને ભાડે હૃદય લેતાં, હમેશાં દિલની હરસાટ;
પછી ક્યાંથી સુખાકારી, છતાં ભાડે લઈ શકશો !

કુના થઇને કુના કરવું, કુનામાં આખરે રોવું;
બધે એ રાહમાં જોવું, છતાં ભાડે લઈ શકશો !

હજારો મૂંકયા અક્કડ, ગયા એ સહમાં દુર્ગા;
દુઆ તે કેમ કુબી મૂચા, છતાં ભાડે લઈ શકશો !

ન છે એ કામ ગૃહસ્થોનાં, "વાસિ રહાબ" જુઓ વાંચી;
તમારા "મોજ-મજાહ"માંહિ, છતાં ભાડે લઈ શકશો !

ખરે બાઈ અસીત સમઝો, બીકાઈ એ છે લગાર;
મુસાફિ, સ્વાહ, કંઈ છે ના, છતાં ભાડે લઈ શકશો ?

ન વિશ્વપ્રેમી.

---

* નોંધ:—"મોજ-મજાહ"ના અધિપતિ ઉપરોક્ત મથાળે આવી કવિતા "Wanted" ના જવાબો ઘોકવા. પણ બાઈ "વિશ્વપ્રેમી" અને "દીમત" ને જણાવવામાં કે તમારા પ્રેમની દીમત બન્નેથી દેવા જતાં મને લેનારી પણ તેમાં જણાતી નથી તે આ ઉપરોક્ત કવિતા વાંચશો તો પણ જણાશે. બા, તમે બાકી આવતા કાર્યમાં હાથ મારો હમારા "મુંબઇની ગરીબ રહાય"નું કોઇ પણ તેવું કામ તે આપે !

તંત્રીશ્વર—દિવાનો.

એક સુંદરીનાં સાહસ કર્મો

લખનારઃ—રા. મંજુલાલ ગોપાલરાય દેસાઈ.

પ્રકરણ ૧૦ મું. (ચાલુ.)

નવી ઓળખાણ.

"એ બહારવટીયો કોણ છે? પ્રસન્ને પૃચ્છા કરી.

"શું તમે આ પ્રદેશના પ્રખ્યાત બહારવટીયા મહેન્દ્રપાલ વિષે હજી સુધી કાંઈ પણ સાંભળ્યું નથી?" વીરપાળે અચંભાથી પૂછ્યું.

"પણ તમારી આ અજાનતા માટે મને કાંઈ પણ નવાઈ લાગતી નથી; કારણ કે સૌ કન્યાઓની હકીકત પણ તમે અત્યાર સુધી જાણતા ન હતા. મને હર્ષ થાય છે કે મારો સદ્વવાસ તમને નકામો નહિ થઈ પડે; કારણ કે આ પ્રદેશના એક રહેવાસી તરીકે હું તમને માહીતી બનરો તેટલી જાણવા જેવી વાતો કહીશ. આ મહેન્દ્રપાલમાં આમારી આશા અને યવન લોકોનો ભય રહેલો છે. લોકો તેને એક લુંટારાને નામે ઓળખે છે એ વાત મને તો છેક હસી કઢાવવા જેવી લાગે છે. કારણ કે તેની પાસે વીર સીપાઇઓનું બનેલું એક લશ્કર છે, અને તેની ખાખા-ખોરાકી વિગેરેના ખર્ચ માટે તેને કાંઈ કાંઈ વખત પેસાદાર લોકોને લુંટવાની જરૂર પડે છે; પરંતુ પોતાના દેશના ભાઇઓને લુંટીને જે ધન તે એકઠું કરે છે તે સઘળું તેઓ ખરાબ રસ્તે ફેંકાઇ ખર્ચાઈ જાંખતા નથીઃ કારણ કે તેઓ તે વડે યવન લોકોના પ્રદેશ ઉપર બહારવટ હુમલા કરી તેમની સત્તાને તોડી નાંખવાના પ્રયત્નો કરે છે. આથી મહેન્દ્રપાલ લોકપ્રિય બન્યો છે. તેથી મોટા મોટા અમીરે અને ઉમરાવોએ તેની ઉપર અદેખાઈથી આ પ્રદેશના હાલના રાજા કામસેન પાસે તેને પકડ-વાનો પરવાનો કઢાવ્યો છે. પરિણામે આ વીર નર મહેન્દ્રપાલ અને તેના બહાદુર સિપાઇઓએ ધવલગિરિની ટેકરીઓ અને ખીણોનો આશ્રય લીધો છે. તેનું માથું લાવી આપે તેને મોટું ઇનામ આપવાનું રાજા કામસેને જાહેર કર્યું છે. વળી તેની લોકપ્રિયતાથી ડરીને મુસલમાન રાજા અજુ રહેમાને તેના પકડનારને એક વધારે મોટું ઇનામ આપવાનું જાહેર કર્યું છે. પણ મહેન્દ્રપાલ તો બન્ને તરફ તિરસ્કારથી હસ્યા કરે છે. આ પ્રદેશના રાજાની ધમકીથી તે ડરતો નથી અને મુસલમાન લોકોનાં કાવતરાંથી તે પકડાતો નથી. રાજા અજુ રહેમાન તો આ રીતે કન્યાઓની ખંડણીને બદલે મહેન્દ્રપાલને પકડવાની વધારે ઇતેજારી બતાવે છે."

"અને આ પરાક્રમી પુરૂષમાં ખાસ ગુણો કયા કયા છે?" પ્રસન્ને પૂછ્યું. "વળી તેનો દેખાવ તથા ચહેરો કેવો છે?"

"પૈસાદાર અને દુરાગ્રહીઓ, ગાંભીન અને મગરૂર, આળસુ અને મિથ્યાભિમાની, સત્તાધારી અને દેશદ્રોહી લોકોને પૂછો તો તેઓ તમને એવો જવાબ આપશે કે મહેન્દ્રપાલ કુરતાનેં અવતાર, લુંટારા, બ્યભિ-ચારી અને ભયંકર ખૂનામરકીને કરનારો છે. તેઓ તમને કહેશે કે તેનું મોઢું ભિહામણું અને કરરૂપ છે. પણ તમે જો તેને માટે પ્રજા વર્ગમાં પૂછશો તો તેઓ તમને કહેશે કે તે વીર અને ઉદાર છે, અને સુંદર પ્રતાપી અને ભવ્ય મુખમુદ્રાવાળો છે.

"પણ તે બહારવટીયો છે એટલે ઘણા મોટા માણસો પણ તેને ઓળખતા હશે; અને પ્રજામાંથી પણ ઘણા તેના સંબંધમાં આવ્યા હશે તો પછી તેને માટે આવા જુદા જુદા વખારા પડતા તદન વિરૂદ્ધ મત કેમ હોઇ શકે?" પ્રસન્ને શંકા બતાવી.

"તમે માત્ર તમારી સાધારણ બુદ્ધિથીજ આવા પ્રશ્ન પૂછો છો. પણ અનુભવમાં ઝેથી ઉલટું જ છે." વીરપાળે સમજવતાં કહ્યું. "જ્યારે અંગત સ્વાર્થ કે અંધશ્રદ્ધા આડે આવે છે ત્યારે આંખે જોયેલી અથવા તો બુદ્ધિએ ખરી માનેલી સત્ય વાતો પણ કબુલ ન કરે એવા માણસો દરેક દેશમાં જોવામાં આવે છે. ધવલગિરિના બહાર-વટિયાને પણ આ બાબતજ લાગુ પડે છે. આ પ્રદેશના ઉમરાવો, ઘણું-ખરા પૈસાદાર માણસો, પ્રજા ઉપર સત્તા ધરાવનારા સત્તાધીશો અને ધનવાન વેપારીઓ ચોક્કસ રીતે એવું માને છે કે મહેન્દ્રપાલ અને તેના વીર અનુયાયીઓ મુસલમાન લોકોની સાથે લડાઇ જાહેર કરીને તેમને તેઓએ કુતેલા પ્રદેશમાંથી હાંકી કઢાવવાને શક્તિવાન છે, પણ ઉપર કહેલા વર્ગ તેમના ખિતાબો, રાજદ્વારી માન, પૈસો, રાજકીય હક વિગેરેથી એટલા બધા સંતુષ્ટ છે કે તેમની માતૃભૂમિને મોટા ભાગે મુસલમાનોએ જીતી લીધી છે અને ૬૨ વર્ષ સુધી કન્યાઓની શરમભરી ખંડણી તેમને આપવી પડે છે, તો પણ કદાચ લડાઇ તેમને થોડું ઘણું નુકશાન ખમવું પડે એટલીજ બીકને લીધે કેમ ચાલે છે તેમજ ચાલવા દેવામાં તેઓ રાજી છે. બીજી બાજુએ પ્રજા વર્ગ મુસલ-માન લોકો સાથે લડાઇ કરવાને તૈયાર છે; અને આવી બાબતમાં મહેન્દ્રપાલજ તેમનો સરદાર થવાને લાયક છે એવી તેમને શ્રદ્ધા છે. દુઃખમાં પ્રજાનો કેવળ સ્વાર્થી અને દેશદ્રોહી વર્ગ તેને રાક્ષસ જેવો ગણી નબળા અને અજ્ઞાન લોકોને બીવડાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે બાકીનો પ્રજાવર્ગ તેને એક ધર્મવીર અને તારણ પુરૂષ તરીકે પૂજે છે. કદાચ આ બન્ને પક્ષમાં અતિશયોક્તિ હશે—પણ આ મુસાફરખાનું આવ્યું!"

શોડાક વખતમાં ત્રણે મુસાફરો શહેરની મધ્યમાં આવેલા મુસા-ફરખાનામાં ઉતર્યા.

પ્રકરણ ૧૧ મું.

મુસાફરખાનું.

જુના વખતમાં આજના જેવી સગવડો, વીશી કે મુસાફર-ખાનાંમાં મળતી ન હતી. દરેકને જુદો જુદો મનગમતો ખોરાક આપવામાં આવતો ન હતો.

વળી હિંદુરતાનના ખીજા ભાગો કરતાં અહીંનાં મુસાફરોની સુખ સગવડ તરફ બહુ ઓછું ધ્યાન અપાતું તે ઉપરાંત મુસાફરખાનાં જોઇએ તે કરતાં ઘણાં ઓછાં હતાં કારણ કે તેના માલિક પાસેથી ત્યાંનો રાજા દર વર્ષે મોટી રકમનો કર લેતો. આથી પરિણામ એ થતું કે જે મુસાફરો વધારે પૈસા આપે એવું હોય તેમની વધારે સારી સંભાળ રાખવાને દરેક વીશી કે મુસાફરખાનાના માલિકો પ્રયત્ન કરતા.

આપણા બધુ મુસાફરો–પ્રસન્નગિરિ, મનોરમા અને વીરપાળ ઘોડા ઉપરથી ઉતર્યા કે તરતજ તેમની ઇચ્છા પ્રમાણે બે ઓરડીઓ તેમને આપવામાં આવી, પણ તેમના ભોજનની વ્યવસ્થા તો બીજા બધાંની સાથેજ થશે એવું કહેવામાં આવ્યું.

આ તેઓએ કબૂલ કર્યું. પછી પોતાના ઘોડા એક નોકરને સોંપી તેઓ વીશીના માલિક સાથે જમવાના ઓરડામાં ગયા. વીશીનો માલિક બારે ગરિરવાળા અને હસમુખો હતો.

જમવાનો ઓરડો લાંબો હતો. અજવાળું ઘણું ઝાંખું હતું અને ચુસ્વડાતું નામ નિશાન પણ જડતું નહતું. બેસિતળીયું માટીથી લીપેલું હતું અને જમનારાઓ માટે ઘોડા પાટલા પડેલા હતા. એકી સાથે આશરે પંદર માણસોની સગવડ થઈ શકે એવું હતું. નવા મેમાનો બેઠા એટલે બધું વિચાર ભરાઇ ગયું.

તરતજ પીરસનારું કામ શરૂ થયું. મુસફરખાનામાં મળેલી બીજી બધી સગવડોની સાથે સરખાવતાં ખોરાક ઘણો સારો હતો.

જમનારાઓમાં પ્રથમ જગ્યા તે વીશીના માલિકે લીધી હતી. ત્યાર પછી મનોરમા બેઠી હતી, તેની બાજુએ પ્રસન્ન અને વીરપાળ બેઠા હતા; અને તે પછી હારબંધ બીજા બેઠા હતા. બીજા બધાઓમાં ઘણુખરા વેપારી હતા અને વેપારને અંગે મુસાફરી કરતા હતા. આથી તેઓની વાતો મુખ્યત્વે કરીને રેશમ અને મખમલ, કિનખાબ અને મલમલ, શાલ અને ભરતકામ, ભાતભાતનું કાપડ, જવાહીર, ઘોડા, બખતર વિગેરે ચીજોની કીંમત સંબંધી હતી.

આ બધા જમનારાઓમાં એક માણસ વયોવૃદ્ધ હતો અને જે વાતો ચાલતી હતી તેમાં તેનો વિશાળ અનુભવ અને ડહાપણ સ્પષ્ટ દેખાય આવતાં હતાં. દરેક બાબત માનભરી નજરે તેનો અભિપ્રાય પૂછતું. કુંકામાં વેપાર સંબંધી કોઇ પણ બાબત એવી ન હતી કે જેમાં તે પૂરેપૂરો જાણીતો ન હોય. વળી આંખે દેખની બનાવટનું કાપડ, દાઢાની મલમલ, કાશ્મીરી શાલ, પરદેશી મખમલ, શિરોહીની તલવાર અને બખતર વિગેરે પરજીઓની જુદી જુદી જાત અને બનાવટનું પણ તેને અદ્ભુત જ્ઞાન હતું.

જો ઘોડાએ વિષે તેને પૂછીએ તો ભિન્ન ભિન્ન દેશના જુદી જુદી જાત અને ચાલવાળા ઘોડાઓના ગુણની સરખામણીવાળું મુદ્દેદાર વર્ણન અસ્ખલિતપણે કરતો. જો ચિત્રકળાની વાત કઢાઈએ તો જુદા જુદા પ્રદેશમાં કેવળ કળાને પોષણ આપે એવા કરેલા ઉમદા ચિત્રોના આબેહૂબ વર્ણનથી શ્રોતાઓને ચિંગચઢ કરતો. શિલ્પકળાનો વિષય હાથ ધરીએ તો જુદા જુદા દેશના શિલ્પ કામનું રસભરી છટાથી વર્ણન કરી છેવટે વિવેક બુદ્ધિથી તેના ઉપર પોતાના સ્વતંત્ર વિચારો જાહેર કરતો. કુંકામાં તેની સાથેના વાર્તાલાપ એટલો બધો આનંદી અને સંખ્યાબંધ વિષયો સંબંધી માહિતી આપનારો હતો કે દરેક બાબત વિષે તેના અભિપ્રાયો આતુરતાથી પૂછવામાં આવે અને માનપૂર્વક તેને સાંભળવામાં આવે તો તેમાં કાંઇ પણ નવાઇ પામવા જેવું ન લાગે.

પણ તેનો ચહેરો વિષમ હતો. તેના મ. અને દાઢી તેની મોટી ઉંમર છતાં કાળા હતા વાળમાં રૂપેરી વાયરા ચમકતા હતા. વાળનો રંગ સુખરો હતો અને તેજ વગર ઓજલા હતા અને તેના કપાળને ઢાંકી દેતા ચારે તરફ પથરાયેલા હતા. તેની મૂછો ભરાઇ અને દાઢી સાથે જોડાએલી હતી.

લાંબી પાંપણ ભમરની નીચે આવેલી વિશાળ ચળકતી આંખો વડે તેના મુખ ઉપરની વિષમતા અને કરાલપણામાં વધારો થતો હતો અને વૃધ્ધાવસ્થા છતાં તેની આંખો તેજસાજ ગૌરવથી ચળકતી હતી.

તેનું ૭ ફીટ ઉંચુ કદાવર શરીર ટટાર રહેતું' અને તેનો અવાજ સત્તાવાહી દૃઢ અને સ્પષ્ટ હતો. આ બધા દેખાવ ઉપરથી તેનું વય પાંસઠ વર્ષથી ઓછું કોઇ ન ધારે.

તેણે કાળો સાદો પોશાક પહેર્યો હતો. આથી જન સમાજ તરફથી જે માન તેને મળતું હતું તે કેવળ તેના અદ્વિતીય બુધ્ધિબળને આભારી હતું.

વિશીના માલિક સાથે વાતચીત કરતાં મનોરમાએ જણવ્યું કે આ માણસ પોતાના ખચ્ચર ઉપર માલ ભરીને એક ગામથી બીજે ગામ ફરીને વેચવાનો ધંધો કરે છે.

એવી અફવા આવે છે કે પટેવાં દૂરના એક ગઢેરમાં તે એક ધનાઢય વેપારી હતો પણ દૈવયોગે બહુ ખોટ આવવાથી તે ગરીબ દશામાં આવી ગયો. તેથી તેની પાસે જે થોડી ઘણી પૂંજી રહી તેના વડે તેણે આ પ્રમાણે ગામેગામ ફરી ફરીને વેચવાનો ધંધો શરૂ કર્યો અને પોતાનું ગુજરાન કરવા માંડ્યું. મુખ્યત્વે કરીને અવેશતના હલકી કિંમતના દાગીનાઓ અને લાયક ગરજોનું તે વેચાણ કરતો. તેનો ચહેરો જોતે ઉદાસી અને બીદામણો લાગે એવો હતો છતાં પણ જે માલ તે વેચતો તે સારો અને તેની ઓલી મીઠી, સ્વભાવ નમ્ર અને મન ઉદાર હોવાથી તે ઘણોજ લોકપ્રિય થઇ પડ્યો.

તેને રહેવાને કોઇ મુકરર જગ્યા ન હતી; પણ તે હંમેશાં મુસાફરી કર્યા કરતો તેથી જ્યાં જામ ત્યાં પોતાનો મુકામ થોડો વખત વીશીમાં રાખતો. તેને દરેક બાબત વિષે પૂછવરછ કરવાની ટેવ હતી અને તેની યાદશક્તિ ઘણી સારી રીતે હતી તેથી તેની મુસાફરીમાં તે જે કંઇ જોતું જોતું જોતો અથવા સાંભળતો તે બધું ફરીફરીને સારી રીતે કહેતો અને બધાને હસાવતો. કુંકામાં પ્રત્યેક માણસ તેને ઓળખતું અને ચાહતું. તેને બધા મોતીચંદ શેઠ કહેતા.

તેમની વચ્ચેની વાતચીત થોડી વાર અટકી એટલે એક જણે પૂછ્યું, "મોતીચા શેઠ, આ વખતે તમે અટક ગામમાં કયારના આવ્યા છો?"

"ગઇ કાલે સવારે;" તેણે જવાબ આપ્યો. "અને હાલમાં અહીંના બરાબરી એટલી બધી ચાલે છે કે બે દિવસ વધારે રહે હું ધારું છું."

કડકા કવિની પ્રેમકથા

(એક મહસન.)

લેખનારઃ—રા૦ દિવાનો.

પ્રવેશ ચોથો.

મવાલી ૨—અરે દોસ્ત! આજે બે દિવસથી ગરાબનો એક ઘટો પણ ટપ્પાને નથી અડકાવ્યો!

મવાલી ૨—અને હું પણ અફસોસ સાથે કહેવાની રજા લઉં છું કે, આપણે પણ-સાડા બે દિવસથી ચંદૂલખાનાની ચટાઈ પર પોતાનો અડ્ડો નથી જમાવ્યો!

મવાલી ૧—અને હું પણ દિલગીરી સાથે જણાવું છું કે, મને પણ બે દિવસથી રોજ્જે છોડવાનો લાગ નથી મળ્યો!

મુસલમાનો કરે રોજા ફક્ત રમજાન મહિનામાં,
પરંતુ આપણા માટે સદા રમજાન ચાલે છે!

મવાલી ૨—બેજ દે, બેજ દે, મેરે મઓલા! કાંઇ માલ-મારીકા મામલા બેજ દે!

મવાલી ૧—બેજ દે, બેજ દે, મેરે મઓલા! કાંઇ ડંડા ખાનેવાલી બોપરી બેજ દે!

(હારૂન પ્રવેશ કરે છે.)

હારૂન—લયલી લયલી પુકારૂં મર્યે બનસે;
મેરી લયલી બસી મેરે મનમેં!

મવાલી ૧—આ વળી કોનો અવાજ?

મવાલી ૨—અરે! એ તો પેલા મીરજાંના કહેવાથી આપણે જેને કટકાવ્યો હતો તે છે!

મવાલી ૧—જરા લપાઈને સાંભળીએ તો ખરા કે એ શું કહે છે?

હારૂન—લયલી લયલી પુકારૂં મર્યે બનસે;
મેરી લયલી બસી મેરે મનમેં!

મવાલી ૧—આલાપ અજબ છે દોસ્તેમન!

હારૂન—અરે લાલદેવ ઈસ તરફ જલ્દ આ;
બત્તા દે હમારી પરીકા પત્તા!

મવાલી ૧—બિચારાની વાવડી બિલકુલ બસકી ગએલી દેખાએ છે!

મવાલી ૨—એ ઉલ્લૂના સરદાર! આ કટકટ બગાવી છે ત્યાંથી?

હારૂન—કોણ! પેલા ભાડૂતી મારામારી કરનાર ચાંદની ચોકના મવાલી?

મવાલી ૧—હાજી, તેજ મવાલી કે જેમણે તમારાં હાડકાંને ખોખરાં કર્યાં હતાં, મારા જ્યાંથી આવી!

હારૂન—આજે તમારે કોઇ સાથે મારે પણ એક કામ છે!

મવાલી ૧—ચેલા હોય તો આ મવાલીઓ તમારા તાબેદાર ગુલામ છે. કહો, કોઇને કટકાવવો છે?

મવાલી ૨—કે કોઇને જાનથી મારવો છે?

હારૂન—કોઇને કટકાવવો પણ નથી અને જાનથી મારવો પણ નથી. આ કબરસ્તાનના રસ્તામાં એક નાટક ભજવવાનું છે નાટક!

મવાલી ૧—નાટક!! નાટક વળી શાનું!?

હારૂન—સાંભળ; જરા કાન ઉલ્લા કરીને સાંભળ.

મોહીનીના મોહમાં; મન—
સાનં ભાન ભૂલી ગયું છે.

મવાલી ૧—અરે તારું સત્યાનાશ જજ્યે કવા! હવે સમજ્યો. આશકીની આગ લાગી છે!

હારૂન—હા દોસ્ત!

આશક હું ગુનાહગાર તલબગાર હું ઉસ્કા,
બાળારે ઈશ્કમેં મર્યે બરીદદાર હું ઉસ્કા!

મવાલી ૧—પણ એ માટે નાટક ભજવવાનું શું કારણ છે?

હારૂન—છે, બાપ છે. એનું પણ કારણ છે. જુઓ, થોડીક વારમાં આ રસ્તેથી મારી જનોઇજીગર ગુલજાર જિન્દા પીરની દરગાહ પરથી જિયારત કરીને પાછી વળવાની છે, સમજ્યા કે કંઇ?

મવાલી ૧—સમજ્યા, આગળ ચલાવો, કુંકામાં પતાવો!

હારૂન—તમે અહીં છુપાઇને ઉભા રહેજ; તે આવે એટલે તેને એકદમ દમ ભરાવો અને ઢાળીના ઉતારી મારી નાખવાનો ડોળ બતાવો!

મવાલી ૨—પછી?

હારૂન—પછી તે બૂમ પાડીને બોલશે કે "રેઢાઈ આવો, આ લુટારાના પંજામાંથી મને બચાવો!" આનાં જવાબમાં હું બોલીશ કે,..."નાજુક બદન હસીના! ન ગભરાઓ—તમારો મદદગાર આવી પહોંચ્યો છે!" આમ કહેતાંજ બહાર નીકળી આવીને હું કાંઇના પેટ પર લાત તો કાંઇના માથા પર ઠોડો જમાવીશ, ધામધૂમ અને બૂમા-બૂમ સાથે ધમાચકડી મચાવીશ અને તેના દિલમાં મારી બહાદુરીની છાપ જમાવીશ.

મવાલી ૨—પણ તું કમાંક ખરો ઠોડો માથા પર જમાવે તો અમારા તો "રામ બોલ...લો ભાલ રામ" થઈ જાય!

હારૂન—અરે મર, એ તો બધી ખોટી બોટી બાજી રમવાની છે!

મવાલી—૧ ઠીક; પછી?

હારૂન—પછી શું? તમે ગભરુને પોબારા ઓટલે તે મારી બહાદુરી પર આફીન આફીન થઇને કહેવાની કે, "મારા દેવ, તમે આજે મને કાળના મોઢામાંથી બચાવી છે!" એટલે આપણે બાકાસરીથી સર લુકાવીને જવાબ આપીશું કે, "જી, કાંઇ નહીં; એ તો બાકસારે દસ્ત પોતાની ફરજ બજાવી છે!"

મવાલી ૧—પછી?

હારૂન—પછી પછવાડે ને આગળ ભીંત! કમબખ્ત, માર બચાવને શાહનામું સમજ્યો કે અલ્લ્ લયલાનું દાસ્તાન! પછી મારે જે ઠોકવાનું હશે તે ઠોકી લઇશ. તમારું આટલું જ કામ; અને નાટક તમામ!

મવાલી ૨—સારે આ નાટકમાં નાચવાની મજુરી શી આપશો?

હારૂન—તમે શી મજુરી લેશો?

મવાલી ૧—એક અશરફી મારા સરદાર!

હારૂન—લ્યો આ અશરફીને હલાલ કરો, દૂર વગાડ કરો. બસ-તૈયાર, કારણ કે જાજ મયા આવેલી હોવાથી હમણાંજ અહીં

આવી લાગશે, તે મારી દિલદાર પ્યારી ગુલજાર! આહ! આવી, બસ મારી સબ્જપરી આવી!

(ગુલજાર પ્રવેશ કરે છે.)

ગુલજાર—(સ્વગત) પૈસા પીટ્યા મારા આશક કરાવ્યે તો ત્રણ મહિનાથી મોઢું પણ ન બતાવ્યું અને આ માણ નેત્રન કુલ્યું તો સુધાણા વગરજ સકાર જવાની અણી પર આવ્યું! પીરની દરગાહ પર રોજ જઇને ફુલ ચઢાવું છું અને મને મારો ધણી આપવા માટેની અરજી સંભળાવું છું! લેકિન કે હવે શું થાય છે; નસીબનો દરવાજો ખૂલે છે કે બધનો બધજ રહી જાય છે.

મવાલી ૧—બજારદાર!

ગુલજાર—આ વળી શી આફત માથ પરવરદિગાર!

મવાલી ૧—તમારા ખખા ફાડીના ઉતારો.

મવાલી ૨—અને પછી તમારૂં લોઢી ચાટશે અમારી તલવારની ધારો!

હારૂન—(સ્વગત) ખજરનું નામ નથી ત્યાં તલવારની વાત સંભળાવે છે; પણ આ ગાંઠી દુનિયા આમજ ફરેબના રસ્તાયી આવે છે!

ગુલજાર—તમે કોણ છો?

મવાલી ૧—અમે લુટારા છીએ અને આ જંજીરના સુલતાન!

ગુલજાર—ઓ ખુદા! મારી મદદે આવ, મને આ લુટારાના પંજામાંથી બચાવ.

હારૂન—(સ્વગત) બસ, બહાદુરી બતાવવાનો વખત આવી લાગ્યો. (પ્રગટ) લાચાર ઔરત બનને કોણ સતાવે છે? પોતાના ભોતને પોતેજ કોણ બોલાવે છે?

મવાલી ૧—લાલન, અમારા કામમાં શા માટે આડા આવે છે!

હારૂન—બહાદુરો હંમેશાં ઔરતોને જીલ્મમાંથી બચાવે છે.

મવાલી ૨—આ શિકાર અમારો છે!

હારૂન—શું બોલોને સતાવવાનો તમારા બાપદાદાનો ધન્ધો છે?

મવાલી ૨—મોઢું સંભાળને બોલ, નહિ તો ટાકણી રંગાઈ જશે!

હારૂન—બાકી બબાડાટ ન કરી બતાવો; જો હિંમત હોય તો આ મારા જંજીરાની ટેકાની સામે મવાલબાજ નીકળી આવો!

મવાલી ૧—ત્યારે હવે આને પણ આપણા કંઠનો જરા ચમત્કાર બતાવો!

હારૂન—આવો, આવો, ચાર આવો, બાર આવો, હજાર આવો, બેસુમાર આવો! બન બમાવો, ટાકણી રંગાવો!

(હારૂન ઠેકો દેરવે છે-મવાલીઓ બદાસી બય છે.)

ગુલજાર—લુટારા તો બદાસી બયા, હવે જરા શાંત થાઓ.

હારૂન—હાસી ગયા? બહીબધુ, બાબલા, બાલબરાના અવતાર!

ગુલજાર—અરે આ તો મારો જૂનો આશક હારૂન, મારા બચવને બાર!

હારૂન—(સ્વગત) પત્થર પસીજે છે. બચ્ચા હારૂન! તારી દાળ સીજે છે! પણ જરા બેબે ચને, નહિ તો વધારા રેવાઈ જશે ને બજાર્યા તળાઇ જશે!

ગુલજાર—મારા મદદેબાન! આપનું નામ?

હારૂન—મારા નામ સાથે કોઇને શું કે કામ!

ગુલજાર—નામ એટલા માટે લબૂવું જોએ કે, મને આ આફતમાંથી બચાવનારનો નામ સબને ઉપકાર માની યાદ અને કોઇ વાર એ ઉપકારનો બદલો વાળી શકાય.

હારૂન—બદલાની મને આશા નથી, કારણ કે મેં માત્ર મારી ફરજ બજાવી છે!

ગુલજાર—બહાદા હારૂન, તમે મને નેકદર લાગી છે!

હારૂન—કોણ ગુલજાર?

ગુલજાર—હા, મારા દિલદાર! આ ઉપકારનો બદલો પ્રેમથી વાળી આપવાને આ ગુલજાર છે એમ માને તૈયાર!

હારૂન—જેમી માણાની હવે આ હારૂનને જરા પણ નથી દરકાર! તારી મા સાથે મહરબાની આજ ચલાવી, તેથી તને કંઇ આવી અને પોતાના બાપને લાવી મવાલીઓને બોલાવી તેં મારી બોપરી રંગાવી!

ગુલજાર—ત્યારે શું એ બધી હતી મહરબાની બાજ!

હારૂન—હા, હાજ.

ગુલજાર—ત્યારે તો ખરેખર મેં બોટી કંઇ બતાવી!

હારૂન—એટલા માટે આપણે આ કાની ચાલી; પ્રેમની કોમળ મળાયી કબરસ્તાનની ભૂમિ વધાવી અને બૈરાના નામની ધૂળ બડાવી!

ગુલજાર—કું મારા ગુનાહની પગે લાગીને માફી માગું છું!

હારૂન—તો બન-લાબમ દિલથી એક વાર તને તારા ગુનાહે બદબમની કું માફી આપું છું—તારા પ્રેમને ફરી એક વાર મારા હૃદયમાં સ્થાપું છું!

ગુલજાર—નવાજિશ!

હારૂન—બદેરબાની!

ગુલજાર—કું સદા કું કુરબાન માય દિલદાર બની!

હારૂન—પણ દિલબન, તારા ઘરમાં આવવાની મને મનાઈ છે, તો હવે આપણો મેળાપ યથા મુકિકલ છે!

ગુલજાર—કાશ બિચારો શું કરશે, જ્યાં આવા માણોનાં એક દિલ છે!

હારૂન—ઓ, મવલાન મારા!

ગુલજાર—છ હા, મારા નસીબના ચમકના સિતારા!

કમાણી જિન્દગીની તનબદનની તે લુંટી લીધી;
જગત્ નેરો લુટારાથી બચાવી; તેં તૂટી લીધી!

ગાયન.

તૂટી તૂટી તૂટીર મને તૂટી,
પાઇને પ્રેમ બૂટી;
હાલ લગની લગ વી,
સ્નેહ સાંકળે સપડાવી;
પ્રેમ બંધનથી બાંધી કરે લૂટી—લૂટી!

હારૂન—વાણીની લળણાં દિલને કુસાવી,
બન કંચૂકીની હસે ગળું ઘૂંટી;
કયાંનો એ ન્યાય ચોર કરે કોટવાળને,
ગુલજાર—કેવો ચોર આવું લૂંટી—લૂટીર.

(પ્રવેશ પૂંબણી આવતા બંકમાં.)

પ્રેમનું બલિદાન.

(સંપૂર્ણ કૌટુંબી વાર્તા.)

લેખકઃ—રા. બ્રજવિહારી.

એ વખતે મહેં પુનામાં ડૉક્ટર તરીકે નવુંજ દવાખાનું ખોલ્યું હતું. રોગી મળી આવતાં હું ઘણા ઉત્સાહ અને લક્ષ્યપૂર્વક શરીર તપાસી. ઔષધની વ્યવસ્થા કરતો હતો.

હું કુંવારો હતો. જ્હારે એક બ્હેન હતી તે પણ હમણાં મુંબાઇ નજીક આવેલા એક ગામડામાં રહેતી હતી. બ્હને સંસારનું કાંઇ બંધન ન હતું. રહ્યારે ઉઠી હું એકલાં થયેલાં રોગીઓને મૃત્યુ લીધા સિવાય ઔષધ આપતો હતો, મધ્યાન્હકાળે જ્યાં લીધા પછી ગાઢ નિદ્રા સુખ અનુભવતો હતો અને સાંજકાળે રટેશન ઉપર જઇ જતી આવતી ટ્રેનનું દર્શન કરતો હતો.

શીયાળો હતો. તે દિવસે ઘણી ઠંડી લાગતી હતી. એક કપ ચ્હા પી, આખા શરીરને એક ગ્હેરા ઑવર કોટથી ઢાંકી, આરામ ખુરસીમાં પડી રહીને હું એક દૈનિક વર્તમાનપત્ર વાંચતો હતો. એવામાં નોકરે આવી સલામ કરી કહ્યુંઃ—"ડૉક્ટર સાહેબ! જ્હાર એક બાઇ આવ્યાં છે." એ બ્હેને અંદર્ આવવાની રજા આપી હું ખુરસી ઉપર બરાબર ટમામથી બેઠો. તથા વાંચવામાં વિશેષ ધ્યાન આપ્યું. અલ્પ કાળમાંજ નોકર પહોં ઉંચો કરી એક બ્હેને જ્હારી પાસે લાવ આપી ચાલ્યો ગયો.

આશ્ચર્ય ક્રિયા વિસ્મય ઉપજવાથી ચસમાં ઠીક કરી મહેં લક્ષ્યપૂર્વક તેના તરફ જોયું. એ બ્હેી કાંઇ ગૃહસ્થ કુટુંબની હોય તેના અંગ ઉપર મૂલ્યવાન અલંકારો શોભી રહ્યા હતા.

જ્હારૂં આશ્ચર્ય વધતું હતું એવામાં તુપરનો ધ્વનિ સાંભળી મહેં દ્વાર તરફ જોયું તો પહોંની પાસે એક અપૂર્વ રૂપલાવણ્યમયી કિશોરી જ્હારા તરફ ચંચળ દૃષ્ટિથી જોઈ ઉભી રહેલી જ્હારી નજરે પડી. જ્હારી ચંચળતાને સમજી જઈ અવગુંઠનવતી પ્રૌઢાએ કહ્યુંઃ—"આઇ! અમે બ્હેાડી મુસ્કેલીમાં આવી પડ્યાં છીએ. અમે અમારા સંબંધીની સાથે પુના આવતાં હતાં રટેશને હું તથા જ્હારી પુત્રી ટ્રેનમાંથી ઉતરી પડ્યાં; પરંતુ અમારા એ સંબંધી ટ્રેનમાં જ રહી ગયા છે. આ રણળાયી અમે તદ્દન અજાણ્યાં છીએ. તમે પરોપકારી છો એમ જણાયી રટેશન માસ્તરે એક કુલીની સાથે અમને તમારે ત્યાં મોકલ્યાં છે. તમે જ્હારા પુત્ર સમાન છો. તમે આ સંકટમાંથી અમારો ઉદ્ધાર કરો. ઇશ્વર તમારું કલ્યાણ કરશે.

મહેં માતા સંબોધનથી ઐ પ્રૌઢા ખ્રીને આશ્વાસન આપી કહ્યુંઃ "તમે ચિંતા કરશો નહિ. જ્હારાથી જે કાંઇ બની શકશે તે હું જરૂર કરીશ. તમે પ્રવાસના શ્રમથી થાકી ગયાં છો માટે હમણાં જે."

આમ કહી નોકરને બોલાવી, તેમના વિશ્રામનો બરાબર બંદોબસ્ત કરી આપી રટેશને જઈ આગળનાં ટ્રેલાક રટેશનોએ મહેં ટેલીગ્રામ કરી દીધા. પછી હું જ્યારે ઘેર પાછો ફર્યો ત્યારે વખત ઘણો થઇ ગયો હતો. ઉતાવળમાં ને ઉતાવળમાં હું વિશ્રામગૃહમાં પ્રવેશ કરતો હતો એવામાં કરકંકણનો ખડખડાટ સાંભળી ચમકીને હું ઉભો રહ્યો. પછી મહેં જે કાંઈ જોયું તેથી જણે કે જ્હારા આખા અંગમાં વિજળી નૃત્ય કરી ગઇ. તરતજ હ્યાંથી, છૂપી રેલીવાળી પેલી કિશોરી જ્હારી આરામ ખુરસીમાં અર્ધજાગ્રિતાવસ્થામાં એક પુસ્તક વાંચતી પડી હતી. શીતળ પવનના તરંગો તેની કેશકલાપની લટો સાથે સુંદર રમત કરતા હતા.

હું ડૉક્ટર હતો—સૌંદર્યની ઉપાસના મહેં કદાપિ કરી નહોતી. કૉલેજમાં અભ્યાસ કરતી વખતે અનેક સુંદર મનોહર દેહોને તીક્ષ્ણ ધારવાળાં હથિયારોથી કાપી કાપીને મહેં પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. માતાપિતાની હયાતીમાં બ્હને વરમાળા આરોપવાની ઇચ્છા રાખનાર કેટલીક સુંદર કિશોરીઓને મહેં નિરાશ કરી હતી; પરંતુ આજે આ શું થયું?! એ અજ્ઞાત કુળશીલા કિશોરીએ ક્ષણ કાળમાંજ જ્હારા મનોરાજ્યની અંદર કેવો ફેરફાર કરી નાખ્યો! હું સ્થાન તથા સમય ભૂલી લુબ્ધ દૃષ્ટિથી એ સરળતા અને મધુરતાની જીવંત મૂર્તિનું દર્શન કરતો હતો; એવામાં પેલી પ્રૌઢાએ બોલાવ્યાથી પુસ્તક નીચે મૂકી ઉઠતાંની સાથે કિશોરીની નજર જ્હારા ઉપર પડી. એથી તે ઘણી શરમિંદા ગઇ. નીચું જોઈ ચંચળ ગતિથી તે જ્હાર ચાલી ગઇ.

ધીમે પગલે મહેં ઓરડામાં પ્રવેશ કર્યો. એ વખતે બ્હેં મહેં જોયું તેથી જ્હારા વિસ્મયનો પાર રહ્યો નહિ. એ કિશોરી જે પુસ્તક વાંચતી હતી તે સંસ્કૃત હતું. હું પેલી પ્રૌઢા અને તેની તનયાની ઓળખાણ મેળવવા માટે અધીર બની ગયો; છતાં મધ્યાન્હ ભોજન કર્યા પછી વિશ્રામ લેતી વખતે એ વિષયની વાતચિત કરવાનું મહેને ઉચિત લાગ્યું.

રેલ્વે પાસે ઉભો રહી હું વિચારો કર્યા કરતો હતો એવામાં નોકરે બે ગૃહસ્થોના આગમન સમાચાર બ્હને જણાવ્યા. ડાબથી જ્હાર જઇને મહેં જોયું તો એ બે ગૃહસ્થો તદ્દન અજાણ્યા જણાયા. બ્હને જોઇ તેઓમાંના એકે બ્યાકુળતાથી એક ટેલીગ્રામ બતાવીને પૂછ્યું:—"આ ટેલીગ્રામ આપે મોકલ્યો હતો કે?" બ્હેં સંમતિ દર્શાવી એટલે ગાડીમાંથી નહિ ઉતરવા સંબંધીનું એક લાંબુ ભાષણ સંભળાવી દીધું. પછી તેણે કહ્યુંઃ—"શ્રીમાં કહ્યું છે કે, પ્રવાસમાં નારીનો ત્યાગ કરવો, એ કાંઇ ખોટું નથી." એનો નિરાશાજનકી ગંભીર ભાવ જોઇ બ્હને હસવું આવતું હતું. મહા કષ્ટે હાસ્ય રોકી મહેં તેને આસન ઉપર બેસવા કહ્યું. તે આસન ઉપર બેઠો. પછી તે માર્ નામ ગ્રામ પુછી પેલી પ્રૌઢ રમણી અને તેની કન્યા સંબંધીની તેમની ઉતેઢા અને ચિંતાનું વિસ્તારથી વર્ણન કરવા લાગ્યો. તેની વકતૃતા પૂર્ણ તેજથી ચાલતી હતી એવામાં પેલી કિશોરીએ દ્વાર નજીક આવી પર્દા પાછળથી કહ્યુંઃ- મામા! બા તમને બોલાવે છે."

પુનઃ જલ્દી આવવાનું આશ્વાસન આપી તે તેની ભાણેજ સાથે ચાલ્યો ગયો. અત્યાર સુધી હું પેલા બીજા ગૃહસ્થ તરફ ધ્યાન આપી શક્યો ન હતો. હવે મહેં તેને તેના આગમનનું કારણ પૂછ્યું.

તેના એકના એક પુત્રને ફ્લેગેસ થયો હતો. તે મ્હને પોતાની સાથે લઇ જવા આવ્યો હતો. તેનું નિવાસસ્થાન શહેરથી ચાર ગાઉને આંતરે હતું.

તેને ચેરીટી વખત રાહ જોવાનું સુચવી હું મ્હારાં અતિથિઓ પાસે વિદાય લેવા અંદર ગયો. ઉતારવળથી જમી લઇ ચેલી પ્રૌઢા રૂમઝુણી તથા તેના ભાઇ પાસે મ્હે આવેલા માણસના એકદની વાત કહી, તથા તેમની સેવા માટે હાજર નહિ રહી શકવા બદલ મ્હે તેમની ક્ષમા માગી. પ્રૌઢાએ સ્નેહ ગદ્‌ગદ કંઠે માતૃહૃદયના આવેગ સહિત ઉત્તરમાં કહ્યું, "તમે અમારા ઉપર જે ઉપકાર, કર્યો છે તે જીવન પર્યંત સ્મરણમાં રહેશે. મ્હારો પોતાનો પુત્ર પણ આ કરતાં વિશેષ કાંઇ કરી શકત નહિ. મ્હારા સ્વામી સરકારી નોકરી કરે છે. થોડા દિવસથી તેમની અત્રે બદલી થઇ છે. અવકાશે તમે જરૂર મળવા આવજો."

વિદાય થતી વખતે પ્રૌઢાએ તેની કન્યાને ઉદ્દેશીને કહ્યું:—"સરલા, ડૉક્ટર મહાશયને પ્રણામ કર."

લીલી માકુપમથી લતિકાની માફક કટિ દેશમાંથી નમી સરલાએ મ્હને પ્રણામ કર્યા. મ્હે તેની માતાને પૂછ્યું, "આ સરલા તમારી એકની એક કન્યા છે કે ?" ઉત્તરમાં પ્રૌઢાએ કહ્યું:—"જોજ અમારું જીવન સર્વસ્વ છે. એને થોડા વર્ષને પરણાવ્યા પછી મ્હારા જીવનની સઘળી ધરપતો સમાપ્ત થશે."

મ્હે ખ્હાર જઇ નોકરને થોડા સૂચના કરી પેલા ગૃહસ્થની સાથે હું ચાલ્યો ગયો.

* * *

લગભગ પંદર દિવસ પછી હું પાછો ઘેર આવ્યો. બે ત્રણ દિવસમાં પાછા આવવાની પહેલાં મ્હને આશા હતી, પરંતુ રોગીને સંકટમય સ્થિતિમાં રાખી ઘેર આવ્યા આવવા જેટલું કઠિન હૃદય હું કરી શક્યો નહિ. રોગીની જીવન રાંકા સર્વાંશે દૂર થઇ ત્યારેજ હું અધીર ચિત્તે ઘેર પાછો ફર્યો.

ઘેર આવ્યા પછી પુનાની અંદર મ્હે સરલાના પિતાની તપાસ કરી. તપાસ કરતાં જે હકીકત સાંભળવામાં આવી તેથી મ્હારા તરજ્ઞ જીવનની સઘળી આશા અને ઉત્સાહ ઉઠી ગયાં. ત્રણ દિવસ સુધી તાવ ભોગવી તેના પિતાએ પરલોકવાસ કર્યો હતો તથા તેમની કન્યા અને બ્રી. ભાઇની સાથે પોતાને ગામ ચાલ્યાં ગયાં હતાં.

સરલાના પિતા થોડા દિવસપ્રીજ પુનામાં નોકરી ઉપર આવ્યા હતા. તેમનો કોઇની પણ સાથે વિશેષ પરિચય થયો ન હોતો. આમ હોવાથી પત્રો પ્રયત્ન કરવા છતાં હું તેમના ઠેકાણાનો પત્તો મેળવી શક્યો નહિ.

તેમનો પત્તો મેળવવાની આશા સર્વાંશે નિરાશાના સ્વરૂપમાં પરિણામ જતી હતી એવામાં મ્હારા નોકરે એક ચુંથાયેલો પત્ર આપી કહ્યું:—"સાહેબ! મ્હારી ભૂલ થઇ છે. પેલાં જે ભાઇ અત્રે આવ્યા હતાં તેમણે આ પત્ર આપને સોંપવા માટે મ્હને આપ્યો હતો. બહથી એ ચીઠ્ઠી આપવાનું મ્હને યાદ ન રહ્યું એ માટે હું માફી માગું છું."

મ્હે કવર ખોલી અંદરનો પત્ર વાંચી લેવો તો તે સરલાના પિતાના મૃત્યુ પછી લખેલો માલૂમ પડ્યો. વ્યાકુળ ભાવથી પેન્સિલથી એ પત્ર લખેલો હતો. બે ચાર શબ્દોમાં પોતાના ઉપર આવી પડેલા દુઃખની વાત જણાવી નાસિકમાં તેમણે મ્હને મળવા માટે લખ્યું હતું, પરંતુ દુર્દૈવને લીધે ઠેકાણું અદ્દશ્ય થઇ ગયું હતું. ઠેકાણું એટલું બધું અસ્પષ્ટ થઇ ગયું હતું કે, ઘણી મહેનત કરવા છતાં હું તે વાંચી શક્યો નહિ.

મ્હારી ચિંતા વધી ગઇ. કામકાજ ઉપરથી મ્હારું મન ઉઠી ગયું. ચેલી ત્રિશારીની મનોહર મૂર્તિ લગરઘડીમાં, શયનમાં અને સ્વપ્નમાં જાણે કે મ્હારી પાસે તરવરવા લાગી.

દિવસો ઠોકની રાહ જોતા નથી. મ્હારા દિવસો પણ નિરાશાના ધિક્કારમાં પસાર થઇ જવા લાગ્યા. પાંચ વર્ષ જેટલો વખત વીતિ જવા છતાંએ લજ્જાવતી ત્રિશારીની સ્વચ્છ સુંદર સ્મૃતિ ક્ષણની માફક મ્હારી સહચરી થઇ હતી. નવીન યૌવનની આશા અને ઉદ્યમ મ્હારા કલાન્ત વ્યથ જીવનમાં વચ્ચે વચ્ચે નવીન શક્તિ અને ઉત્સાહ ઉપજાવતાં હતાં. એ નવીન શક્તિ અને ઉત્સાહ વિરોધ સમય સુધી કાયમ રહ્યાં નહિ. વિદેશવાસથી હું ઘણો કંટાળી ગયો હતો તેથી દેશમાં જવાથી આરાધ્યા દેવીનું દર્શન કરવાનો પ્રસંગ કદાચ પ્રાપ્ત થશે એમ મ્હારી દવાખાનું બંધ કરી દઇ પુનાનો ત્યાગ કરી હું પાછો નાસીક ગયો. તથા ત્યાં નવું દવાખાનું કાઢી દિવસો વીતાડવા લાગ્યો.

* * *

વર્ષા ઋતુ હતી. સંધ્યાકાળ થયો હતો. આકાશમાં વાદળાંઓ જામી ગયેલાં હોઇ વચ્ચે વચ્ચે વૃષ્ટિ પણ થતી હતી. અડધા કલાક પછી એક માણસે મ્હારે ત્યાં આવી મ્હને અભિવાદન કરીને કહ્યું:—"ડૉક્ટર સાહેબ! મ્હારા એક સંબંધીની કન્યા ઘણી બિમાર છે. એના જીવનની આશા નથી એમ કહું તો પણ ચાલે. એ કન્યા કુમારિકા હોઇ તેની માતા પણ તદ્દન ગરીબ છે. એથી જો આપ કૃપા કરી નજીવી ફી લઇ તેને તપાસવા આવશો તો આપનો અમારા ઉપર ઘણો ઉપકાર થશે."

આવેલા માણસે પહેરેલાં વસ્ત્રો વર્ષાથી ભીંજાઇ ગયાં હતાં; આમ છતાં તેણે રોગિણી કન્યાની જે સ્થિતિનું વર્ણન કર્યું એ સ્થિતિમાં તેને એકાદી વિશ્રામ આપવાનું મ્હે ઉચિત ધાર્યું નહિ. મ્હે તરતજ ઉઠી કપડાં પહેર્યાં તથા નોકરને ઓકાની તેને ઓષધોનો બેગ ઉંચકી લઇ સાથે ચાલવા કહ્યું. હું નોકરને સાથે લઇ આવેલા માણસ સાથે જવા લાગ્યો.

નાસીકથી ત્રણ માઇલ દૂર આવેલા ગામડામાં જવાનું હોવાથી અમે એક ટાંગા ભાડે કરી લીધો. ટાંગાવાળાને વિશેષ લાડું આપવાનો મ્હે લોભ દેખાડ્યો એટલે તેણે ઘણી ઝડપથી ગાડી હાંકવા માંડી.

થયારબાદ જ્યારે મ્હારો મ્હે ઇભાવ જોયો તેથી મ્હારા કરીરમાં વહેતા લોહીના પ્રવાહ જાણે કે કલ્પિત થઇ ગયો. ઉતરી ગયેલા મુખે હું રોગિણીની મસિન સ્થા પાસે ગોઠ.

જે મ્હારી કમ્મેલિની સાધનાની વસ્તુ હતી, અપૂર્વ વાસના અને ગંભીર વેદના હૃદયમાં લઇ કમ્મેલાં અપાર ઝામ્મહથી હું જેની રાહ જોતો હતો તે આજે આકળથી શીર્ણ બની ગયેલી

જતાની માફક જીવન મૃત્યુના સંધિ સ્થળમાં જ્હારી નજરે પડી. જ્હાર ઉતરી ગયેલું જ્હેં જોયું ને જ્હાંથી કંપતા હૃદયે કોઈએ પુછયું:—"ડાક્ટર સાહેબ, જ્હારી સરસ્વા જીવતી રહે એવી આશા નથી કે?" સ્વર્ગમાંથી જાણે ઉતરી હોઉં એવા ભાવથી જ્હેં દૂર તરફ જોયું તો પુનાની અંદર જે અપરિચિતા પ્રૌઢાએ જ્હને પોતાનો પુત્ર કહી બોલાવ્યો હતો તે સ્નેહમયી રમણી જ્હારી નજરે પડી.

જ્હેં સ્થિર થઈ વિધવાને પ્રશ્નમ કરી પુછયું:—" મા! જ્હને ઓળખી શકો છે? તમારી સાથે પુનામાં જ્હારો મેળાપ થયો હતો."

અશ્રુથી રૂંધાઈ ગયેલી આંખોએ ઉઘડતા હૃદયે આશીષ આપી, રાણિણી કન્યાની જાણ પાસે મેસી એ બી કન્યાને નામ દઈ બોલાવવા લાગી. બે ચાર વખત બોલાવ્યા પછી સરસાએ ક્ષીણ કંઠે ઉત્તર આપ્યો. વિધવાએ ડામણ સ્વરે પુછયું, "હવે કેમ છે, ખ્હેન? એક વખત આંખો ઉઘાડી જો જોઈએ કે, કોણ તને જોવા આવ્યું છે?"

વિરાગ્ય નસિનીની માફક બન્ને સ્નાન નયન ઉઘાડી સરસાએ ધીમેથી જ્હારા મુખ તરફ જોયું. તેના પ્રીક્ષા પડી ગયેલા કપાળે અસ્વભાવિક રૂપ ધારણ કર્યું". મેં પૂછયું:—"સરસા! તને કેમ લાગે છે?" આ પ્રશ્નનો ઉત્તર મળ્યો નહિ તેની બન્ને આંખમાં કેવળ અશ્રુજળ ભરાઈ આવ્યું. એ દેખાવ જોઈ સ્નેહથી માતાનું હૃદય ભરાઈ આવ્યું. તેને મુક્ત કરી રૂદન કરતી જોઈ એ સ્થળેથી દૂર જવાની જ્હેં સંકેતથી સુચના કરી. તેના દૂર ગયા પછી મેં એક બે મૃદુ વચનથી સાંત્વન આપી સરસાને પુનઃ તેની શારીરિક સ્થિતિના સમાચાર પૂછ્યા. જ્હારા પ્રશ્નનો ઉત્તર નહિ આપતાં સરસાએ મૃદુ કંઠે કહ્યું, "તમે પરજન્મને માનો છો?"

જ્હારું શરીર રોમાંચિત થઈ ગયું. સરસાની માનસિક સ્થિતિ સમજી જઈ દયાના આવેશથી જ્હેં કહ્યું, "સરસા, જે દિવસથી તહારું દર્શન થયું ત્યારથી એટલે કે પાંચ વર્ષ થી તુંજ જ્હારા ધ્યાન અને ધારણાનો વિષય હતી, જ્હારી મધુર સ્મૃતિએ જ્હને હરેક પેગને સજીવનની ગ્રહિત આપી છે. કુદરતને આજે આવી સ્થિતિમાં જોઈશ એવી સ્વપ્નમાં પણ જ્હને કલ્પના નહોતી."

અત્યંત મૃદુ સ્વરે સરસાએ કહ્યું:—"હવે હું થોડા સમયની મહેમાન છું; પરંતુ આજનો દિવસ જ્હારે માટે ઘણો સુખનો છે. મન વચનથી આટલા દિવસ સુધી ઇશ્વરને જ્હેં જે પ્રાર્થના કરી હતી તે આજે સફળ થઈ છે."

આટલું બોલતાંજ તેને શ્વાસ ચઢી આવ્યો. તેનું મસ્તક ઢળી પડ્યું.

દૃષ્ટિક્ષિતિ દૂર થઈ ગઈ. જ્હેં નિરૂપાય બની સરસાની માતાને હાક મારી બોલાવી. ઝિકારીના બાકુથી ધીમેથી હરિફોની માફક તે કન્યાની રોગશય્યા પાસે ઢળી પડી. હૃદયવિદારક આક્રંદ કરવા લાગી. હું પત્થરના પુતળાની માફક પરબોલાવેલી સરસાના દેહ પાસે બેસી રહ્યો. વચ્ચે વચ્ચે જ્હારે કાને જાણે કે સરસાના કાનો અમ્યસાવા લાગ્યા:—"તમે પર જન્મને માનો છો?"

(અપૂર્ણ.)

સીનમા મેજેસ્ટીકમાં એક ડાકિયું.

સ્વર્ગસ્થ હાજીમહમ્મદ અલારખીયા પોતાના પ્રજાપ્રિય

"વીસમી સદીદ્વારા" કે કેટલાંક ઝબકી રત્નોને પ્રકાશમાં લાવ્યા

તેમનાજ એક રા. મુન્શી પણ છે. આજે તેઓ ગુજરાતમાં સિદ્ધ હસ્ત નવલકથાકાર મનાય છે. તેઓની આ—"પૃથ્વી વલ્લભ" નામની નવલકથા પ્રથમ 'વીસમી સદી' માંજ પ્રગટ થઈ હતી અને લોકાદરને પાત્ર બની હતી.

પૃથ્વી વલ્લભને ઐતિહાસિક નવલકથા કહેવા કરતાં હમારી દૃષ્ટિથી તેને રંગીન અને શણગારોનો સંગમ કરતી ગુપ્ત સરસ્વતીનાં વિવેકી મહાત્મ્યથી સભર ત્યાગ અને રાગનો સંગમ કરતી રાજપીયન ઉપનામવાળી ગદ્યકાવ્ય કહીએ તો વધારે ઉત્તમ છે. (જો કે તેને કાવ્યની સંજ્ઞામાં લેતાં હમને અપવાદગદ્યનાં જૂતની તથા રા. ઉમાશંકરના ઊંઝણી ખટકે છે.) પરંતુ એ મતમાં તો હમારી સાથે દરેક એકમત થશે કે જે શુષ્ક જીવન અને રસાત્માનાં મહામુદ્દાનું રૂપક છે. અને તેથી વરસો સુધી ચવાએલાં-પીંખાએલાં ચિત્રોને બદલે આવું ભાવવાહી ચિત્રપટ પસંદ કરવા માટે હમે તે ચિત્રપટ પસંદ કરનાર રા. મણિલાલને જોઈને ખરાં હૃદયથી મુબારકબાદી આપીએ છીએ.

બાસ્કેટની આંખોનાં બનાવેલાં ચિત્રોજ્ઞન અને પાંચ કુંવારીને તૈયાર કરેલા બગીચા કરતાં વડોદરા સરકારના મહેલ અને બગીચાએ રાજકુળની કથા માટે યોગ્ય સીનેરી હોય તેમાં તો કહેવુંજ શું છે.

પક્ષીમાં પણ પુરાતનપણું બતાવવાની ડાકીશ કરવામાં આવી છે એ આદરણીય છે. જો કે ભાલવા અને તૈસંગમાં એ બન્ને પ્રદેશોનું ભિન્નત્વ બતાવવામાં આવ્યું હોત તો વધારે યોગ્ય હતું એવો હમારો નમ્ર અભિપ્રાય છે.

પાત્રો ઉત્તર જોતાં તેઓ તેમને જેટલું કામ સોંપવા આવ્યું છે તેને સારો ન્યાય આપે છે. જો કે સીનેરીયો રાઈટર લેખના આત્માને સમજી ન શકેવો હોવાથી કેટલાક પ્રસંગો ઉપરછટ અને ઔચિત્ય જેવા લાગે છે પરંતુ પાત્રો પોતાનું વ્યક્તિત્વથી તે છાનાને છૂપાવી નાખે છે. છતાંએ હમે આટલું ધ્યાન જેઁચવું તો ચોગ્યજ ધારશું કે મુંજાતું પાત્ર બાજવબરોબર હાસ્યનો Study—અભ્યાસ કોઈ રાજકુટુંબમાંથી નહીં પરંતુ રોયલ કલાસના મહાત્મા પાસેથી કરેલો દેખાય છે, અને સત્તા ગ્રમની ઉતાવળી ચાલ કોઈ સીધું લેવા દોડતા ભટકી મહારાજની પાઘ અપાવે છે.

આટલું જણાવ્યા પછી "પૃથ્વી વલ્લભ" ની શ્રીમતે દેવી શ્રીમતની કળામાં એક પગલું આગળ ભર્યું છે એમ તો હમે વીના સંકોચે ભાતી કોઈ કહી શકશું અને આ સમાલોચના પૂરી કરતાં જુનાં ચીંથરાં ન ચૂંથતાં કે જુના નવાનું કચુંબર કરી પ્રજાની માન્યતાનો ખોટો લાભ લેવાના લોભમાં ન પડતાં આવાં સ્થાયી ચિત્રો ભજાર પાડવાની "અશોક પ્રીક્રમ્સ" ના માલિક હને ભલામણ કરશું કે જે ભલામણ સાથે પ્રજાને દરેક વર્ષ મળતો જે એમ હમે આનીપૂર્વક માનીએ છીએ.

"સમાલોચક."

મુંબઇનું રાત્રિ-રહસ્ય

(લખનારઃ—રા. ચુનેદૂલ)

(ગતાંકથી ચાલુ.)

કમળાની આત્મકથા (ચાલુ.)

"પછી એક ભયંકર અવાજે મને જગાડી. હીરોકન્ લેબ્બના પ્રકાશની અંદર હું જાગ્રત થઇને પાસે હાથમાં ખુલ્લી કટાર લઇને ઉભેલા એક પઠાણને જોઇ શકી. એ પઠાણના બીજા બે સાથીદારો પુષ્પોમાં ઉભેલા મારી નજરમાં પડ્યા. આવો પ્રસંગ મ્હારા જીવનમાં પહેલવહેલો હતો. અત્યંત ભયથી મ્હારી જીભ બેચાઈ ગઇ તથા હોઠ ચોંટાઇ ગયા. છતાં લઇ ઉભેલો પઠાણ કાંઇ બોલ્યો. તેના બોલવાનો અર્થ હું સમજી શકી નહિ. મહા મહેનતે હૃદયમાં હિંમત લાવી ગરીબડી ગુજરાતીમાં મ્હેં તેને કહ્યું, 'તમે શા માટે મ્હને બીવડાવો છો? હું તમારે પગે પડું છું. મ્હારી પાસે કાંઇ નથી.'

"શયતાને છરો કમરપટ્ટામાં ખોસ્યો અને તેણે તેના જમણા હાથથી મ્હને એવો ધક્કો માર્યો કે તેથી હું જમીનદોસ્ત થઈ ગઇ. પછી એ રાક્ષસે પુષ્પોમાં ઉભેલા પોતાના બે સોબતીઓમાંના એકને કંઇક ઇશારો કર્યો. એ દુષ્ટતાથી શયતાનનો સાથી ધરતી ઉપર નીકળી પેલી જુની ઢાસી પાર્વતીની સાથે અલ્પવાળમાંજ પુનઃ અંદર દાખલ થયો, તથા બારણું તેણે બંધ કરી દીધાં.

"પાર્વતિને જોતાંજ હું સ્તબ્ધ જેવી બની ગઇ; પરંતુ ભયની મારી કાંઇ ઓછી શક્તી નહિ. પાર્વતીએ મ્હારા તરફ જોઈ કહ્યું, 'મ્હારી પાસે જે કાંઇ જરુરીયાત હોય તે આ લેણદેને આપી દે; નહિ તો જીવથી જઇશ.'

"બીજો કાંઇ ઉપાય નહિ હોવાથી મ્હેં મ્હારા અંગ ઉપર પહેરેલી ચારસો પંચાસી રૂપિયાની જ્વેલરી ઉતારી નીચે મૂકી અને કહ્યું, 'આ સિવાય મારી પાસે પુરી બરાબર પણ નથી.' પાર્વતીએ મ્હારી પાસે ઉભેલા રાક્ષસને સંકેત કર્યો. એ પાછો મ્હારી નજીક આવી બળાત્કારથી મ્હને પકડી રાખી તીવ્ર અંધારાના કારણે મ્હારા મ્હોં આગળ ધર્યો. એકજ મિનિટમાં હું બેહોશ બની ગઇ.

"રહવારે આઠ વાગ્યે જ્યારે મ્હને ભાન આવ્યું ત્યારે જાણે કે બે મહિનાની લાંબી ભયંકર બીમારીમાંથી હું ઉઠી હોઉ એવી રીતે મ્હારું શરીર લેવાઇ ગયું હતું. ભાન આવતાં રાત્રે બનેલો ભયંકર પ્રસંગ મને યાદ આવ્યો. હાવરીબાવરી બની હું ઉઠી ઉભી થઇ અને બારણાને ધક્કા મારતાં તે ખાલી બંધ હોવાથી આપોઆપ ઉઘડી ગયું. મ્હેં છુટકારાનો એક શ્વાસ લીધો એ વખતે પણ પેલા પઠાણો પેલી કટાર અને પેલી પાર્વતી મ્હારી આસપાસ જાણે કે ઉંડીવ નૃત્ય કરતાં હોય એવોજ મ્હને ભાસ થતો હતો. મ્હારું ચિત્ત ભમતું હોવાથી ઘણી સંભાળથી બારણાને બંધ કરી હું પુનઃ શય્યા-વશ થઈ.

"રહાંજે પાંચ વાગ્યે હું કરી શુદ્ધિમાં આવી. હાથ મ્હોં ધોઇ મ્હે ચ્હા બનાવીને પીધી. એ રહવાને રાત પડતાં પહેલાં કાંઇ પણ રીતે ત્યાગ કર્યા સિવાય અંતરાત્મને ચેન પડે તેમ નહિ હોવાથી જમીનની અંદર છુપાવી રાખેલું જરુરીયાત ભર્યું ગાદી તે સાથે લઇ હું ભયની મારી વિક્ટોરીયામાં નહિ બેસતાં ફાયમાં બેસી સેન્ટ્રલસ્ટ રોડ પર આવેલા પ્રાર્થના સમાજ નજીકના એક હિંદુ લૉજમાં ગઈ તથા લૉજના મેનેજરને મળી મ્હારાનો રૂપ રૂપિયાના ચાર્જથી એક મ્હાની ઓરડી લઇ ત્યાં રહી.

"બે દિવસમાંજ પરેલ ઉપરની જગ્યા ખાલી કરી હું મ્હારો સઘળો સરસામાન લૉજમાં લઈ આવી. લૉજમાં બે કે મ્હને ચોર બદમાસોનો કે લુંટારાઓનો ભય નહોતો; પરંતુ લૉજમાં પડી રહેતા કેટલાક પુરૂષ વેશધારી લુંટારાઓની લોલુપ દૃષ્ટિ મ્હારા યૌવન ઉપર આકર્ષણ કરવા ઇચ્છતી હોય એમ હું મ્હેલાઇથી સમજી શકી. ખાસ પ્રયોજન સિવાય હું લૉજની બ્હાર નીકળતી નહોતી તથા પ્રયત્નપૂર્વક બને ત્યાંસુધી મ્હારું બાહ્ય મ્હને મ્હારી દ્રષ્ટમાં મળે એવો મ્હેં બંદોબસ્ત કરેલો હોવાથી મ્હારે રસોડામાં પણ જવું પડતું નહોતું.

"લૉજમાં દશ બાર દિવસ પીતિ ગયા એટલે આસપાસની કુળોમાં રહેતા કેટલાક કામો-મત પુરુષો મ્હારી ગેરહાજરીમાં અર્થાત્ હું સ્નાનગૃહમાં કે અન્ય સ્થળે ગઇ હોઉં એ વખતે નનામા પ્રેમ પત્રો મ્હારી દ્રષ્ટમાં દેખવા લાગ્યા. એ વિષયની લૉજના વ્યવસ્થાપક પાસે ફરિયાદ કરવાનું મ્હને આજ્યું લાગ્યું નહિ. વળી મ્હારી પાસે એટલો બધો પૈસો પણ ન હોતો કે, દર મહિને ૬૫ રૂપિયાનો ચાર્જ ભરી હું કમ્મેશાં નિશ્ચિંતતાથી કાંઇ પણ ઉદ્યમ કર્યા સિવાય વિશેષ કાળ માટે લૉજમાં રહી શકું. છેવટે મન સાથે અમુક વિચાર કર્યા પછી એક ગુજરાતી વર્તમાનપત્રમાં મ્હેં સારા ખાનદાન કુટુંબમાં રસોઇપણ તરીકે રહેવા સંબંધીની જાહેર ખબર આપી. સિરનામું મ્હેં એ વર્તમાનપત્રની ઑફીસનું જ આપ્યું હતું.

"ચાર દિવસ પછી મ્હને ત્રણ ઉત્તરો મળ્યા. દરેક સ્થળેથી મ્હને ફ્રમ્ર મળી જવાનું લખવામાં આવ્યું હતું; પરંતુ બે ઉત્તરો વિદુર ગૃહસ્થો તરફથી આવેલા હોવાથી એ બે સ્થળે નહિ જતાં મ્હેં ત્રીજે સ્થળે ફ્રમ્ર મળવા જવાનો નિશ્ચય કર્યો.

"એ સ્થળ ભુલેશ્વરમાં આવેલું હતું. રસોઇપણ તરીકે નોકરી લેવાની હોવાથી મ્હેં મુલાકાત કરવા જતાં પહેલાં મ્હારા હાઝમાંને ઓછે. કરી નાખ્યો. શરીર ઉપર બે ચાર અલંકાર હતા તે કાઢી નાંખ્યા. હાથમાં સંધવાનાં ચિન્હસ્વરુપ જે કંકણ હતાં તે કાઢી નાંખ્યા, કુંકમાં મ્હેં જુદાજ પ્રકારે વિધવાનો વેશ ધારણ કર્યો. પછી એક બ્યુપરી છાપેલ પદેરી ફ્રમને તાણું વાસી બપોરના બે વાગે હું લૉજની બ્હાર નીકળી પડી.

"અડધા કલાકમાંજ હું ભુલેશ્વરના લૅતામાં જઈ પહોંચી તથા પૂજ્યપરુ કરી મ્હેં વકતમાસ શેઠનાં વિધવા પત્ની પ્રેમકુંવર (પ્રેમબાર) નું મકાન શોધી કાઢ્યું.

"મકાન ત્રણ માળનું હતું. નીચે ઓટલા ઉપર પડેલા એક ઉંચા પર બેસી પીસ્તાળીસેક વર્ષની ઉમ્મરનો એક હૃષ્ટપુષ્ટ શરીરવાળો ભૈયો ચલમના દમ લગાવતો હતો. મ્હેં તેને પ્રેમકુંવર્બાઇ

જીનું નામ પૂછ્યું એટલે ચલમને ઊંચા નીચે દિવાલ આડતી મૂકી ઉભો થયો અને મ્હને પોતાની સાથે આવવા જણાવ્યું. જેમાની સાથે હું દાદર ચઢી ત્રીજે માળ ગઇ તેવા મ્હને બેઠકખાનામાં બેસાડી હોય ચાલ્યો ગયો.

"બે મિનિટમાંજ પાંત્રીસેક વર્ષની ઉમ્મરની એક સુંદરીએ બેઠકખાનામાં આવી તીવ્ર દૃષ્ટિથી મ્હારા મુખનું દર્શન કરી પૂછ્યું 'તમારું જ નામ કમળા છે કે?" મ્હેં સંમતિ દર્શાવી એટલે રહ્યાને પડેલા એક કોચ ઉપર બેસી એ રમણીએ કહ્યું, 'જુઓ, આજહાલ મુંબઇમાં ભટ (રસોઇઆ) એટલા દુર્લભ થઇ ગયા છે કે, સારો પગાર અને ઉત્તમ ખોરાક મળતો હોવા છતાં ટકીને રહેતા નથી. મ્હારા એક સંબંધીએ તમારી જાહેર ખબરની મ્હને વાત કરી હતી તથા તમે એક નિરાધાર વિધવા બાઇ હોવાથી શાન્તિથી કામકાજ કરી શકશો એમ ધારી મ્હેં પત્ર લખાવી તમને રૂબરૂમાં મળી જવા જણાવ્યું હતું.'

"પછી વાતચિતમાં જ મ્હેં એ રમણીને પ્રસન્ન કરી દીધી. મ્હારો ખાનપાન સાથે માસિક પચીસ રૂપિયા પગાર ઠરાવવામાં આવ્યો. ચાર દિવસ પછી કામ ઉપર હાજર થવાનું જણાવી હું પુનઃ ઑજમાં આવી.

"એ રમણી સાથેની વાતચિત ઉપરથી હું એમ જાણી શકી હતી કે, તે વલ્લભદાસ નામના એક ધનાઢ્ય ગૃહસ્થની વિધવા હતી. તેનું નામ પ્રેમકુંવર હતું. ત્રણ માસથી તે વિધવા થઇ હતી તથા હું જ્યારે રસોઇપણું તરીકે ત્યાં રહેવાની હતી ત્યારે તે સગર્ભા હતી. તેને ચાર માસ થયા હતા. વળી વલ્લભદાસ શેઠની આગલી બીજી છોકરો શેઠની ઘણી ભરી ભક્તિ પ્યારી તેની સાવકી માતા પ્રેમકુંવરથી અલગ રહેતો હતો. પ્રેમકુંવર શેઠાણી માટે માસિક છસો રૂપિયાનું ખરચ બાંધી આપવામાં આવેલું હોઇ બુલેશ્વરના લત્તામાં આવેલું મકાન તેઓ છએ ત્યાં સુધી વાપરે એવો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

"બે ત્રણ દિવસમાં જ મ્હેં મ્હારા તમામ સરસામાન ઓછી વધી કિંમતે વેચી નાંખ્યો અને પછી મ્હારી પાસેનો રોકડ સિલ્લક તથા ઘરેણાં લઇ, લોગડું બાંધ મુકવી આપી હું પ્રેમકુંવર શેઠાણીને ત્યાં રસોઇપણ તરીકે જઇને રહી.

"થોડા દિવસમાં જ હું પ્રેમકુંવરના અંગત જીવનવ્યવહારથી જાણીતી થઇ ગઇ. તે સાથે મ્હને એમ પણ માલુમ પડ્યું કે, વલ્લભદાસ શેઠ પાંસઠ વર્ષની ઉમ્મરે પાંચેક દિવસ તાવમાં પટકાઇ તેઓ પોતાની પાછળ લાખ્ખો રૂપિયાની સંપત્તિ મૂકી ગયા હતા. એ સંપત્તિ સ્ટેઇટના પુત્રના હાથમાં જવાથી તથા પોતાને બીજાની દયા ઉપર ગુજરાન ચલાવવું પડ્યું હોવાથી પ્રેમકુંવરના અંતરાત્માને બહુ ઓર યતો હતો. પોતાને યથા સમયે એ પુત્રની પ્રાપ્તિ થાય તો શેઠની મિલકતમાંથી અમુક હિસ્સો મળે તેમ હોવાથી ભવિષ્યની મ્હારી આશાને વધ થયે તે પોતાના દિવસો પસાર કરતી હતી. મ્હારા ઉપર હું સમ્પર્ણ જ તેની એટલી બધી માયા થઇ ગઇ હતી કે, હું પરાયા ઘરમાં રહું છું એવો તે મ્હને ભાસ સુધ્ધાં થવા દેતી નહિ.

"ધીમે ધીમે વિશ્વાસની વૃધ્ધિ થતાં પ્રેમકુંવર મ્હને પોતાના અંગત કાર્યો પણ સોંપવા લાગી. દર વરને બનાવે પાંચા પછી અકાળે વિધવા થયેલી મુંબઇના ભોગવિલાસમાં તથા અન્યોન્ય પ્રેમોદ્ગારોમાં યુવાવસ્થા વીતાડતી ઘણી ખરી શેઠાણીઓનાં ચરિત્ર કેવાં હોય છે તેનો પહેલાં મ્હને અનુભવ નહોતો પરંતુ પ્રેમકુંવરના સહવાસમાં રહ્યા પછી મ્હને એ ગુપ્ત વિષયનું સંપૂર્ણ જ્ઞાન મળ્યું.

"પ્રેમકુંવર વિધવા હોવા છતાં તથા બાહ્ય દૃષ્ટિથી તે ખુબ પાળતી હોવા છતાં તેનું આંતરચરિત્ર વિલાસિતાથી પરિપૂર્ણ હતું. પોતાને પુત્ર થયા પછી મિલકતનો ભાગ મળશે એટલે મ્હને સારું ઇનામ આપવામાં આવશે એવી તેણે મ્હને સાક્ષ્ય આપેલી હોવાથી તથા મ્હારું ધર્મબંધન કયારનું યે પીગળ ગયેલું હોવાથી પ્રેમકુંવર મ્હને જે કાર્ય કરવાનું કહેતી તે હું સંકોચ કે દ્વિધા રાખ્યા સિવાય, પાપ પુણ્ય કે ધર્માધર્મનો ભય રાખ્યા સિવાય કરતી હતી, તથા મ્હારી એવી કર્તવ્ય તત્પરતાને પરિણામે પ્રેમકુંવર પ્રસંગોપાત વલ્લભદાસ શેઠના પારિતોષિકથી મ્હારી કદર કરતી હતી. "


આટલું બોલી કમળા કંઠરોધ થવાથી પાણી પીવા ઉઠી. પાણી પીધા પછી પાંચેક મિનિટ પછી તેણે હીરાલાલના મુખ તરફ જોઇ પૂછ્યું:—"મ્હારી આ જીવન કથા સાંભળી તમને કંટાળો તો નથી આવતો ને! જો તમને નિદ્રા આવતી હોય તો આજે આ વાત અધુરી રાખું?"

હીરાલાલ એ જીવનકથા સાંભળવામાં તન્મય બની ગયા હતા. કમળાના પ્રશ્ને તેની તન્મયતા દૂર કરી. તે આસન ઉપરથી ઉઠી કમળા પાસે ગયો તથા કમળાના બન્ને હાથને પ્રેમાના હાથમાં દબાવી તેણે કહ્યું:—"તારી જીવનકથા એક અદ્ભુત નવલકથા જેવી છે. આજે ગમે એટલો વખત વીતી જાય તેની ચિંતા નથી; પરંતુ જ્યાં સુધી હું એ કથા સંપૂર્ણ સાંભળીશ નહિ ત્યાં સુધી મ્હને શાંતિથી નિદ્રા નહિ આવે." આમ કહી હીરાલાલે કમળાના અર્ધવિકસિત ઓષ્ઠ યુગલ ઉપર ઉપરાઉપરી બે ચાર ચુંબન કર્યાં.

પછી બન્ને જણ્યું પુનઃ આસન ઉપર બેઠાં તથા કમળા તે જીવનનો અપૂર્ણ રહેલો કિસ્સો આગળ કહેવા લાગી:—

[આ રહસ્યપૂર્ણ લેખનો આગલો ભાગ વાંચવા માટે અમ આવતો અંક વાંચો.] અપૂર્ણ.

"ઉંચા બનાવટના ટકાઉ રેડીયસ સ્ટવ્સ."



બેહદ સસ્તા ભાવે વેચાય છે

પ્રાયમસ, ઓપ્ટીમસ તથા બીજા બધા સ્ટોવની બનાવટના મુકાબલે સાથે રેડીયસ જબરી ઢરીયાદ કરે! કારણ કે રેડીયસની ઉંચી કવોલીટી સ્ટીડીસ વરનર્મેન્ટથી પુરવાર થઇ ચુકી છે. રેડીયસ સ્ટવ્સ કરેક વેપારી ત્યાં વેચાય છે.

એજન્ટસ:—હન્ડીઆ સપ્લાઇ એન્ડ એકસપોર્ટ કાંપ

૧૬, રમણ-ન મેન્શન, ટોટ મુંબઇ.

ઝેરી નાગણ..

લખનાર:-૨૩. રમણીક અ. રહેતા.

ટુંક સાર:-(૨૩યાત્રા બે સરકારી અમલદાર ભામા-આણેજમાં એકજ રીતે મૃત્યુ થયાં હતાં, મૃત્યુનું કારણ નહિ જણાયાથી તેની તપાસ માટે લોકોમાં ભારે હોહા થઇ રહી હતી ત્યાંથી આગળની વાર્તા શરૂ થાય છે.)

અને આવા પ્રકારની ભારીક તપાસને માટે સરકારી હુકમ ફરમાવવામાં આવ્યો, અને આ કામ મોરકોનાના એક મરાઠર કેપ્ટી-સ્ટીના પ્રોફેસરને સોંપવામાં આવ્યું. તેણે મરનારની હોજરીમાંના પદાર્થોનું રસાયણીક પૃથક્કરણ કર્યું" અને પરિણામમાં એમ જણાયું કે ફ્રુચિયામાં લોકો જેને ક્રીસ્ટમસ રોઝ કહે છે તે ઝાડનું કાતિલ ઝેર આપવામાં આવ્યું હતું; જેનાં પરિણામે પીટર મરણ પામ્યો હતો. લશ્કરી અમલદારોને આ પરિણામ જણાવવામાં આવ્યું. તેઓએ કર્નલની હાજરીના પદાર્થોનું પૃથક્કરણ કરવાનું કહ્યું. કર્નલનું મરણ પણ એજ જહરથી થયું હતું એમ સાબીત થયું.

સામાન્ય લોકોને ભાગ્યેજ ખબર હોય છે કે જેને તેઓ ક્રિસ્ટમસ રોઝ કહે છે તેનાં પાંદડાં અને મૂળિયામાંથી એક પ્રકારનું કાતિલ જહર બનાવવામાં આવે છે. આ જહરની અસર એવા પ્રકારની છે કે લોનારના પેટમાં આગ આગ થઇ આવે છે, ઉલ્ટીઓ થાય છે, ચકરી આવે છે અને મોટી ગયેલો ખોરાક આદિ લેવાને લીધે જે ચિન્હ થઇ આવે છે તેવાં ચિન્હ આ જહર આપવાથી થઇ આવે છે. આથી કરીને તેનો ઉપયોગ ચાલાક અને દગાબાજ લોકો આ જહર આપી એવો ભમ ઉત્પન્ન કરે છે કે ખરાબ ખોરાકનું આ પરિણામ છે-નહિ કે જહરનું. વળી આ જહરને પાણીમાં અને દારૂમાં ભેળવી આપવાથી તેનો સ્વાદ માલમ પડતો નથી. ડાકતરો કર્નલના અને કેપ્ટનના મરણમાં આથીજ થાપ ખાઈ ગયા હતા. વળી એ લોકોને કર્નલ માટે તો સુપ બનાવ્યું કારણ પણ મલ્યું હતું. જો તબીબી વિદ્યાર્થીઓએ અત્યંત ન લભ્યું હોત તો આ બીના સદાને માટે અંધારામાંજ રહેત. વળી આ જહરને પારખી કાઢવું એ પણ સહેલું કામ નથી. તે પરીક્ષા ઘણી કઠણ છે. બારીક રસાય-ણીક પ્રયોગો વડે એ જહરનું અસ્તિત્વ શોધી કઢાય છે અને જો તે વિદ્વાન પ્રોફેસર કે જેનો જુદા જુદા જહરોનો બારીક અભ્યાસ નહોતુ તે સિવાય બીજા કોઇએ પારખી કાઢ્યું હોત.

વિધની વાત તો નક્કી થઇ; પરંતુ તે અજાણતાં આપવામાં આવ્યું હતું કે કોઇએ ઇરાદાપૂર્વક આપ્યું હતું તે એક વિકટ સવાલ હતો. અચાનક ભૂલથી લેવામાં આવ્યું હોય એ બનવા જોગ ન હતું. બન્ને સગા સગા એકજ વર્ષમાં એકજ કારણથી ભૂલથી મરણ પામે એ બનાવજ કેમ? જરૂર આમાં કંઇ કાવતું રોવું જોઇએ એમાં સંશય જેવું હતું જ નહિ. આ કેસ છેવટે પોલીસને તપાસને માટે સોંપવામાં આવ્યો અને ગમે તેમ કરી એ જહર આપનારનો પત્તો મેળવવા હુકમ ફરમાવવામાં આવ્યો. મરણ પામ્યા તે દિવસે બન્ને જણા ક્યાં ક્યા હતા, શું કરતા હતા તેની તપાસ કરવામાં આવી. કર્નલને મરણ પામવાને બીજો વખત થયો હતો તેથી તેની બાજનામાં મરણ પામ્યે તે દિવસે કર્નલ ક્યાં હતો તે જાણવું મુશ્કેલ હતું, પરંતુ તપાસ કરતાં એમ જણાયું કે બારનોદ્ર પોતાના એક મિત્ર એલેક્ઝેન્ડર બ્રાસીવસ્કી, જે શહેરની બ્હાર એક બંગલામાં રહેતો હતો તેને ત્યાં ગયો હતો. પછી બન્ને જણા એક રેસ્ટોરાંમાં ગયા હતા અને ત્યાં બન્નેએ વાળું કર્યું. પછી બીલિયર્ડ રમ્યા. એલેક્ઝેન્ડરને પોતાને એક સ્ત્રિ મિત્રને મળવાનું હતું તેથી તે પોતાના નિત્યથી છુટો પડ્યો. કેપ્ટનને તેણે પુછ્યું નહિ કે તે ક્યાં જવાનો ઇરાદો રાખે છે? વળી કેપ્ટને પોતે શહુ પોતાનો ઇરાદો જણાવ્યો નહિ, છતાં એમ જણવામાં આવ્યું હતું કે તે ઓપેરા જોવા ગયો હતો અને દશ વાગે ત્યાંથી ઉઠી ચાલી નીકળ્યો હતો. આ ઉપરાંત એમ ખાત્રીપૂર્વક જણાવવામાં આવતું હતું કે જ્યારે કેપ્ટન બારનોદ્ર રેસ્ટોરાંમાંથી નીકળ્યો ત્યારે તે તદ્દન્ત હાલતમાં હતો અને વધુમાં ખૂબ મિજાજમાં હતો. આ બધા બનાવ બન્યા પછી તે ક્રમલીનના ડોકટર દરવાજા બ્હાર બેહુદ્ર હાલતમાં મળી આવ્યો હતો. આ પરથી કેટલીક બીના તો એકદમ હતી. આમાં સંશય જેવું ન હતું કે તે રેસ્ટોરાંમાં ગયો હતો અને તે બેહુદ્ર હાલતમાં મળી આવ્યો ત્યાર પૂર્વે તેણે આબ્ધાતક પદાર્થ લીધો હતો. કાઇમાંથી નિકળ્યા બાદ તે બેહુદ્ર હાલતમાં મળી આવ્યો તે વચ્ચગાળાનો સમય કયાં ગાળ્યો હતો તે જાણવું ન હતું. તે એકલો હતો કે તેની સાથે બીજાઓ હતા? એ પણ જણવામાં આવ્યું ન હતું. વળી એમ પણ લાગતું હતું કે આ બીના પર લોક પીછાણે નાંખવાનો પાકો ઇરાદો જણાતો હતો. અને તેમ કરવામાં કોઇનો કંઇ હેતુ હોવો જોઇએ એમ ભાસતું હતું. કર્નલની બાબત પણ એવા પ્રકારની હતી. કારણ કે જે રાત્રિએ તે બાબુબાતક બનાવ બન્યો તે રાત્રિએ તે ક્યાં ગયો હતો તે કોઇનાં જણવામાં આવ્યું નહોતું. બોરકો એ કંઇ હાલુસુનું શહેર નથી. યુરોપના નામાંકિત મોટા શહેરોમાંનું તે એક છે, અને તે મોજ મજાનું મથક છે. અને બનાવ લોકોની ત્યાં વસતી છે. માત્ર મુંબઇમાંજ ગીરગામની ચુલાઇ, ગૈરી લેઇનની ગૈરાંગીઓ, કોટની કામિની, નાચકુ નાળ, કે કોલબાદેવીન અને નવીનના રૂપનો કય કરી, પોતાનાં ખીસ્સાં તર કરી કેવાકુટાંનાં ખીસ્સાં હલકાં કરે છે એમ નથી. મોસ્કામાં મોજ મજાદ અનંત-જનેની મણે છે. દુનિયાના ડાર્ક પણ મોટા શહેરમાં એવી રંગબેરંગી વસતી જોવામાં આવતી નથી. લેવાન્ટના ગ્રાંકાપુઓ કે ફ્રેસીગ્રસ, આલ્જીરીઆના ખલાસીઓ અને મચ્છીમારો, તાતારી, ધ્રાની, ચોખારી બગદાદી જનું, બીકના મસ્તીખોર ગોલા, ઓસ્ટ્રોબેન, સારકા-સીયન વિગેરેનો જમેલો અહીં જોવામાં આવે છે. દરેક ખતના યુન્હા અહીં થાય છે. આટલું છતાં જેમ મુસલમાનોને મન મક્કા પવિત્ર તેમ રૂશિયનોને મન મોસ્કો પવિત્ર હોય છે અને તેને The Holy city કહે છે.

કેટલાંક અઠવાડિયાં સુધી પોલીસે તપાસ ચલાવી પણ કંઇજ મળી નહિ. આખરે આ કેસ ડેનીરીચને સોંપવામાં આવ્યો. ડેનીરીચ સેંટપીટર્સબર્ગથી મોસ્કો આવ્યો-હવેની બીલીટરી ગવર્નર કે સૈન્યનો જનરલ હતો તેને મળ્યો. જનરલે કહ્યું:—

"તમારી નજરમાં આવે તેવા ઉપાયો ત્યો પણ કર્નલ ધ્રુગા-અને કેપ્ટન બારનોદ્રનાં ખૂન કરનારનો પત્તો મેળવી આપો. આ

ખ્યને જથ્થને જહર આપી ખૂન કરવામાં આવ્યું હતું' એમાં કંઈ શક નથી. આ ખૂનીઓને શોધી કાઢી તેમને સજાએ પહેાંચાડવા જોઇએ. છેલ્લાં કેટલાંક વર્ષોં થયાં આવી ભયંકામાંનિક ભોગ થઇ ઘણાં નિષ્પાપ-ઓએ પોતાની જનં ગુમાવી છે અને ખૂનીઓ છટકી ગયા છે. બે નામીચા અમલદારો—જણીતા આસામીઓ કાવત્રાનો ભેગ થઇ પડે અને પોલીસ તેનેા પતેા મેળવી શકે નહિ એ શું ? મને આપણું પોલીસ ખાતું ખામી ભરેલું જણાય છે એ અરેખર ભારે શરમની વાત છે.

"શું ખામી ભરેલું ?" ડનીવીચે પૂછ્યું.

"બરાબર, નહિ તેા આવા સમાજમાં જણીતા આસામીઓનાં ખૂન થાય અને ખૂનીઓ છટકી જાય ખરા ?"

"જ્યાં સુધી હું અનુમાન કરી શકું છું ત્યાં સુધી તેા આ કંઈ સામાન્ય ગુન્હેા નથી" ડનીવીચે જવાબ આપ્યેા.

"તે કબૂલ, પરંતુ પોલીસ ગુન્હાની કંઈ સુગ સુધી મેળવી શકે નહિ એ શું ? આપણું પોલીસ ખાતું ઘણું ખામી ભરેલું છે એમ નથી ? વાહ, પણ તમે આ બાબતમાં શું કરવા ધારીને રાખેા છેા ?"

"હું શું જાણું ?"

"એટલે" જનરલે આશ્ચર્યચકિત સ્વરે પૂછ્યું "તમેા શું કરવા ધરાેા છેા ?"

"હું હજી સુધી કંઈ જાણતેા નથી કે–"

"જો તમેા જાણતા ન હેા તેા પછી કેસ હાથમાં લેવાથી શું ફળ ?"

"જુઓ જનરલ" ડનીવીચે કહ્યું, 'હું કંઈ પયગમ્બર યા તેા નજુમી નથી કે હું કરવાનેા છું તે કહી શકું."

"બ્યાજબી છે, પરંતુ તમે કેવી રીતે કામ લેવા માગેા છેા તેનેા કંઈ ખ્યાલ તેા તમને હશે ને ?"

"જ્યાં પોલીસને નિષ્ફળતા મળી છે, ત્યાં હું કેવેક મેળવવા કેાશીશ કરીશ."

"કદાચ તમે પણ નિષ્ફળ નિવડેા તેા ?"

"તેા તેમાં નવાઇ નથી."

"વાહ, જો તમે નિષ્ફળ નિવડેા તેા મારે આ રહસ્યનેા પતેા મેળવવા કડક ઉપાય યેાજવા પડશે. મારા હાથ નીચેના આદમીની ઇંદગી કાઇ રહેલાઇથી ન લે તેને માટે ઉપાય લેવા પડશે."

ડનીવીચને તેના બોલવાથી માઠું લાગ્યું નહિ. તે જાણતેા હતેા કે આ કંઈ સાધારણ કેસ નથી. પતેા મેળવવેા એ રહેલું નથી. આ ખૂનને ભેદ મેળવવા માટે પોલીસની સાધારણ રીત કામ લાગવાની નથી. આ સર્વનેા વિચાર કરી તેણે પોતાને કામે લાગવા નિશ્ચય કર્યો. તે સ્વતંત્ર મિજાજનેા માણસ હતેા, અને પેાતાનેા હેતુ પાર પાડવા વિચિત્ર યુક્તિઓ કામે લગાડતેા હતેા. તેના સ્પષ્ટ કથનથી ઘણી વાર પોલીસના અમલદાર ગુસ્સે થતા પણ તે તેમની ગુસ્સાની કે ઇર્ષ્યાની પર્વા કર્યા વગર પોતાનું કર્તવ્ય કર્યે જતેા હતેા.

તેને પ્રથમ તેા એમ લાગ્યું કે જો કર્નલ ઇસ્ટાકોફના ભળ પત્રેા મળી આવે તેા આ ગુંચવણી ઉકેલનેા માર્ગ એમાંથી જ આવે ખરેા.

કર્નલના કાગળપત્રેા તેણે મેળવવા પ્રયત્ન કર્યો પરંતુ તેને જણાયું કે કર્નલના કાગળ તેના ભાણેજ પાસે ગયા હતા અને ભાણેજ જ્યારે મરણ પામ્યેા ત્યારે તે તેના ખીજા સગાના હાથમાં ગયા હતા અને તે મળવા મુશ્કેલ હતા; કારણ કે કાગળમાં કંઈ એવી બીના હેાય કે બદનામી થાય અને લેાકેા ચુંચાં કરે. ડનીવીચ હવે એલેક્ઝેન્ડર વ્લાસીવસ્કીને જેની સાથે કેપ્ટને ઝાબુલાતક બીના બની તે પૂર્વે બોજન લીધું હતું તેને મળ્યેા.

એલેક્ઝેન્ડર વ્લાસીવસ્કી એક રેલવેખલ તરૂણ હતેા અને મેારકેાના રવૈયેાઓની નામના પરામાં, જ્યાં વેપારી વર્ગના લેાકેા રહેતા હતા ત્યાં એક બંગલામાં રહેતેા હતેા. તે શેર દલાલનું કામ કરતેા હતેા. અને તેના રહેવાની ઢબ પરથી બંગલેા, ઇનીચર, નેાકરેા અને ઠાઠમાઠથી તે સારી કમાણી કરતેા હેાય એમ લાગતું હતું. તે કુંવારેા હતેા અને જીંદગીની મીઠી મેાજ લૂંટવા તત્પર હતેા એ જણીતી વાત હતી.

એલેક્ઝેન્ડરે જે હકીકત જણાવી તે પરથી એમ જણાતું હતું કે તેને અને કેપ્ટનને ઘણાં લાંબા વખતની પીછાન હતી. તેણે કેપ્ટનને ઘણી વાર નાણાંની રકમેા ધીરી હતી. બાનેાઇ કુટુંબમ મશહૂર હતું અને આગેવાન કુટુંબમ ગણાતું હતું છતાં તેઓની પૈસા સંબંધી સ્થિતિ જોઇએ તેવી સારી ન હતી. આથી કેપ્ટનને પેાતાના કુટુંબમ તરફથી આધું મળતું નહિ અને તેનેા પગાર પણ બહુ ભારે ન હતેા. આથી તેને પેાતાનેા બાપેા અને ફેાબા જ્યારે જ્યારે શખવા ઘણી વાર નાણાંની ભીડ પડતી હતી. આવા વખતે વ્લાસીવસ્કી તેને જોઇતી રકમ ધીરતેા હતેા. અલબત્ત આ બિના સૈનિક અમલદારની જાણમાં આવવા દેતેા ન હતેા. કારણ કે તેમના જાણવામાં આવે તેા બાનેાં ને સૈન્યમાંથી પાણીયું મળે.

આ પરથી એટલી વાત સિધ્ધ હતી કે બારનેાક અને વ્લાસીવસ્કી વચ્ચે દેરતી ન હતી પરંતુ નાણાં ધીરનાર અને લેનારનેા સંબંધ હતેા. તેઓ દેાસ્તીના ખરા અર્થમાં દેાસ્તેા ન હતા. વ્લાસીવસ્કીએ ડનીવીચને કહ્યું હતું કે:–

"જીવન અધિકારીઓ જેમ ઘણા અભિમાની અને અતડા સ્વભાવના હેાય છે તેવેા તે હતેા. મારી સાથે એવી રીતે વર્તતેા હતેા કે હું જાણે તેની બરાબરનેા નહિ પણ તેનાથી ઉતરતી પંક્તિનેા માણસ ન હેાઉં ? આટલું છતાં તે મારી સાથે જમવા કરવામાં અને છટા પાણી લેવામાં વાંધેા લેતેા નહિ અને તે પણ મારે ખર્ચે અને દિલાસે."

"જે રાતે તેનું મરણ નિપજ્યું તે રાતે તમારી પાસે શા માટે આવ્યેા હતેા ?' ડનીવીચે પૂછ્યું.

"પૈસા લેવાને માટે."

"તમે તેને પૈસા ધીર્યા ખરા ?"

"હા."

"કેટલા ?"

"બસેં રૂબલ."

(ડનીવીચે આ ખૂનેા પકડવા માટે કેવેા નાટક ભજવ્યેા, તે જાણવા માટે અમારેા આવતેા અંક વાંચેા.)

અપૂર્ણ.

પૃથિવી વલ્લભ.

સંવત્ ૧૦૫૨ના વૈશાખમાં માલવપતિ મુંજ જેને સર્વ પૃથિવી–વલ્લભ કહેતા તે ગોદાવરી ઉતરી આ બાજુએ આવેલા તૈલંગણના રાજા તૈલપને કેદથી નાખવા પુષ્કળ આદરી બેઠો છે.

માન્યખેટ તૈલંગણનું પાટનગર છે. તેના શિવ મંદિરના ઓટલે કોઈ સુકુમાર બાલા પદ્માસન વાળી બેઠી છે. નગરમાં યુધ્ધનાં શાં પરિણામ આવશે તે વિચારે અશાંતિ હતી. પરંતુ આ બાલા શાંત ચિત્તે બેઠી હતી. માત્ર થોડીવારે કોઇની આવવાની રાહ જોતી હોય તેમ હરિણી શાં ચંચળ નેત્રો ફેરાવતી. તે જાણે ક્ષ્ણેક પ્રત્યેક સમાધિમાંથી જાગે તેની વાટ જોતી જગદંબા, ફરી નવયૌવના બીજાની બની પતિની પરીક્ષા લેવા આવ્યાં હોય એવી લાગતી હતી.

થોડીએક વારમાં ત્રણેક ઓગેા આવે છે. તેમાં સૌથી મોખરે આવતી તૈલપની વિધવા બહેન, તૈલંગણ રાજ્યની વિદ્યાની અને તપથી કુલનમાં શુષ્કતા લાવનાર મૃણાલ છે. તેનાં તપ અને નિગ્રહને લઇ તેણે રાજ્યમાંથી દરેક જાતના આંટા–ઘાન, તાન, નૃત્ય અને કાવ્યવિનોદ અર્થાત્ સાહિત્ય, સંગીત અને કલા ત્રણેને રજા આપી દીધી છે.

ઓટલામાં મહાસામંત ભીસમ અંદર આવે છે અને માલવપતિ મુંજને ઠરાવાના અને કેદ પકડાવાના શુભ સમાચાર આપે છે મુંજને તેણે કેવી રીતે ઠરાવ્યો તે કહે છે.

મુંજને બીજે દીવસે ગદેરમાં લઇ આવવામાં આવે છે.

રાજ મહેલની અટારી આગળ રવારી જરા ચેાલી. નગરનાં સૌ નરનાર આ પુરૂષોત્તમને જોવ અજાયાં હતાં. વિલાસથી ન રહેવાયું અને આખરે તે બેાલી ઉઠી; 'આ,કેવા અદ્ભુત પુરુષ !' તેના પીગળા બોલા પણ નીચે સંભળાયા અને આંખ પર આવેલા કેશોની લટ સમારી મુંજે ઉંચું જોયું. એક સર્વાંગી નજર વિલાસ ઉપર નાખી, બધાને નીરખી મૃણાલ ઉપર ફેરવી તે માત્ર હસ્યો.

વિજયોત્સવ પુરો કરી મુંજરાજને બોંયરામાં પુરી, તૈલપ તેની બહેનને મળવા જાય છે. મૃણાલવતી, તૈલપ અને મહા સામંત ભીસમ ત્રણે મસલત પર કરે છે અને આખરે મુંજને રીબાવી રીબાવી મારવાનો ઠરાવ કરે છે.

હવે તૈલપ ભીસમને તેના પરાક્રમ માટે વધારવ માગવા કહે છે. તે બહેનાં તો કબ્જાવ છે, પરંતુ અને મુંજરાજના કવિઓને ડોટી મુંજવાની વિનંતિ કરે છે.

મૃણાલ મુંજને હેરા પાવા અપમાન આપવા કેદખાનામાં જાય છે, પરંતુ તે તો ત્યાં અંદરી અને ઉત્સાહી માલમ પડે છે. તે તેની પાસે જાય છે અને જે દમામથી સ્થિતિ તેની હતી તેનું ભાન કરાવે છે. પણ મુંજ પુષ્પવન્તા પ્રભુની ઉપાસના આરંભે છે અને અંતે મૃણાલને મહાન કરી એક મધુર ચુંબન આપે છે.

મૃણાલ તેની આવી વર્તણુકથી ઉદાસ છે, અને મુંજરાજનો હાથ ઝાલવા આશા આપે છે,

રહુમદરે ગરમ કરેલેા ભાલેા ચાંપેા–દાબીને ચાંપેા પણ મુંજ માત્ર હસતેા હસતેા બેાલેાઃ

"મૃણાલવતી ! તમારા રૂપપંજીજર બીમાર અંગેા જળી રહ્યાં છે, તેમને બાળવાને બહારના અગ્નિની જરૂર નથી." આખરે મૃણાલવતી સ્વસ્થતા ન રાખી શકવાથી ચાલી જાય છે.

ભીસમ કવિઓને ડોડાની પેાતાને ત્યાં મહેમાન તરીકે લઈ આવ્યો છે. કવિ રસનિધિ અને ધનંજય સાથે વિલાસનું ઓળખાણ કરાવવામાં આવે છે. તેઓ વચ્ચે મેત્રી જામે છે અને દરકમેળ સાથેજ ત્રિલાસમાં કે પ્રાસાદના ઉદ્યાનમાં નજરે પડે છે. લક્ષ્મીદેવીથી આ કૈં અજાણ્યું રહેતું નથી, પણ તે રસનિધિ અને વિલાસને તેમ કરવા દે છે અને વિલાસને તેમ કરવા દે છે અને વિલાસને કાવ્ય શીખવવા રસનિધિને વારેવારે ઉત્તેજિત કરે છે.

લક્ષ્મીદેવી સ્વતંત્ર ખીલજણી હતી. તે તેના પતિનાં શૌર્ય ને હીંમત જાણતી અને વારેવારે તૈલપની સત્તાથી સ્વતંત્ર થવા તેને ઉશ્કેરતી. એક દિવસ તે ધનંજયને એક ઘુપ્પે રસ્તો બતાવે છે અને ત્યાંથી મુંજને ડોડારી લઇ જવા કહે છે. રસનિધિ અને ધનંજય તે રસ્તે ઉંડે બોંયરામાં જ્યાં મુંજને કેદ કરવામાં આવ્યેા હતેા ત્યાં પહોંચી જાય છે. રસ નિધિ જે બોજ છે તે–મુંજને ત્યાંથી નાસી છુટવા કહે છે. મુંજ ના પાડે છે અને મૃણાલ સામેના પ્રેમની વાત કહે છે. અને તે મૃણાલ તેની સાથે આવશે તોજ તે ત્યાંથી નાસી, છુટવા તૈયાર છે એમ જણાવે છે. રસનિધિ બીજે દિવસે રાચે આવવું કહે છે અને મુંજને તૈયાર થઇ રહેવા જણાવે છે.

મૃણાલવતી મુંજને હેરો પકડવા પ્રયત્ન કરે છે; પરંતુ દરેક વખતે તે હારીને જાય છે. હવે તેના રેશ સંયમની મર્યાદા ઓળંગી પ્રેમમાં ફેરવાવા મંડે છે. તેના તપનો અંત આવે છે અને કામદેવના ખોળે તે વીંધાય છે. તે ઘણી વખત ખાનગી રીતે મુંજને મળે છે. મુંજ તેને છુપા રસ્તાની વાત કહે છે અને તેની સાથે નાસી જવાનું કહે છે. મૃણાલ ના પાડે છે; પણ ઘેર જઈ વિચારે અવાય છે અને તેથી તૈલંગણમાં રાજ્ય કરવું અને કેદખ નામાં મુંજ સાથે રમેા–પનેાદ કરવેા એ વધારે સારૂં એમ તે મારે છે. એટલે મુંજને ત્યાં રાખવા સત્યાશ્રયને મુંજનાં કવિતાંનો અજર કરે છે, અને મુંજને જીવતો પકડવા–તેનેા વાળે વાંકો ન થાય તેમ યત્નેા કરે છે.

સત્યાશ્રય ચોરી આબુસો સાથે બોંયરામાં જાય છે અને કેદખાનાની નીચેની સુરંગમાં રસનિધિની પાળ પડે છે.

રસનિધિની પાળ સત્યાશ્રય પકડે છે એટલામાં રસનિધિ વિલાસને લઇ નાસી જવાનો ઇશારો રાખે છે. તે સીધે મહેલમાં જાય છે. વિલાસને મળે છે અને તેને લઈ ચાલ્યા ભાગે છે, અને ચિત્ર મંદિરમાંથી ગદેર ઠાર જવાના ગુપ્ત માર્ગમાં થઈ જાય છે.

સન્યાશ્રય રસનિધિ પાળ્યા પડ્યો છે, પરંતુ તે હાથ લાગ્યો નહીં એટલે શિલાસ્થમાં જાય છે અને ત્યાં પોઢીઆને એના સ્થાનેથી સહેજ ખસેલો જોઈ બહેમાન છે. તેને ખસેડી તે નીચેના ભોંયરામાં આગળ વધે છે. પેઢી વારમાં તે રસનિધિને પહોંચી વળે છે અને બંને વચ્ચે ઝપાઝપી થાય છે. રસનિધિ વિદ્યાબળની શોધ કરે છે એવામાં ધવાયલી વિલાસ હાથ આવે છે. તે તેને ભીલ્લમના મહેલમાં લઈ જાય છે અને વિલાસનાં માબાપને અચરજ કહી સંભળાવે છે. આથી તેઓ ગુપ્તચ થઈ એકદમ તેલંગણ છોડી ચાલ્યાં જાય છે.

બીજે દિવસે સવારમાં સાત્યાશ્રય ખેલાન અવસ્થામાં બાજમાંથી જરે છે. તેલપને આ ખબરની જાણ પડે છે અને એકદમ મુંજના બંદોબસ્તા તરફ દોડે છે. ત્યાં મૃણાલને મુંજની છાતીએ લપેટાતી જુએ છે અને તે તેને ઘેર બેસી જાય છે. આખરે તેની વિધવા બહેનના પ્રેમીને તે હાથીના પગ તળે ઘુંચવા નિશ્ચય કરે છે

હાથી પાસે આવતાં મુંજ પોતાની મેળેજ ગર્જેદ્રસમા ગૌરવભર્યા ડગ ભરતો જબરજ તરજ ચાલ્યો. બેદીઓ છૂટે ત્યાં સુધી ટટાર થઈ ઉભો રહ્યો. તેણે સર્વ તરફ નજર નાખી. લેઢે ને કમકમાં આવ્યાં.

આગળ બેઠા ડગ ભરી તે છેક હાથીની સુંઢ પાસે આવ્યો અને હાથીને સહેજ પંપાળ્યા અને શાંતિથી તેની સુંઢને વળગ્યો.

હાથીએ સુંઢનું ગુંચળું ઉંચું કર્યું, નીચું કર્યું; પૃથિવ–વલ્લભને હીંચકા નાખ્યા અને ઉભરે એક ઝોક આપ્યો, ત્યાં તો પૃથ્વી–વલ્લભનો વિજયઘોષ–જય મહારાજ! દિશાઓ વીંધતો પડ્યા પાતો ચારેપ ગયો. જમીન પર પૃથ્વી–વલ્લભનું ગજ રાટસો બની પડ્યું હતું.

વધુ માટે જુઓ સીનેમા પ્રેક્ષેરીકાના રહીન પર.

ગ્રંથની સાથે,

ઠા. રતીલાલ ગોવીંદજીની

અકબરશાહ કસ્તુરીની અગરબત્તી

ઓનો નવો સ્ટોક હાલમાં જ આવી પહોંચ્યો છે. આ અગરબત્તી ઉત્તમ અને પવિત્ર વસ્તુઓમાંથી બનાવેલી હોવાથી તે મંદીર, મસ્જીદ, ટ્રુ "સંધ્યા–પુજા" વિગેરે ઉત્તમોત્તમ પ્રસંગોમાં ધુપથી વપરાય છે. મુંબઇ, ગુજરાત, મહારાષ્ટ્ર તથા આફ્રીકા વિગેરે દેશાવરોનાં અમારા ગ્રાહકોને તે બહુ પસંદ પડેલી છે તો પણ અમારા ગ્રાહકોને આ ભારી "અકબરશાહ" ભાપ રજીસ્ટર અગરબત્તી પસંદ નહીં પડે તો પૈસા અપાપુર્ણ. એક વખત ત્રાયલ દાખલ ૦૨૨ વાપરી જુઓ (બીસ તોલાના ૧) પોકના રૂ. ૩) ૨) ૧) બાર બાર, વેપારો માટે ખાસ ભાવ -

ઠા. રતીલાલ ગોવિંદજી અગરબત્તીવાળા,

૨૩૧. વડગાદી કરીબાજા બજાર, મુંબઇ ૩.

જોઇએ છેઃ–મુંબઇ મુનરે ઇશાવરના પાણી લાગી સંબ–ધણી તથા ધાતુસ્પના બાધિવાળા દર્દીઓ. અમારી દવા માટે ઘેકડો સરટીફીકેટો મળ્યાં છે.

લખો અથવા મળો.

વૈદ્યરાજી જીવણલાલ મોહનલાલ.

મુ૦ રાજપરાડી–વાયા વઢવાણ કેંપ.

વગર ઇજાએ બાલ કાઢવા માટે

બાદશાહી સાબુ

વાપરો.



બાદશાહી સાબુ વાપરવાથી ચામડીને કાંઇ પણ નુકશાન થતું નથી પણ સુંવાળી બનાવે છે. મુખ ભાગોના વાળ સહેલાઇથી કાઢે છે

કિંમત બાકસ ૧ નો રૂ. ૧) પોસ્ટેજ જા

બાકસ ચારના રૂ. ૩) પોસ્ટેજ માફ

દરેક ઠેકાણે વેચાય છે.

સી. સી. મહાજન એન્ડ કું૦

શેખ મેમણ સ્ટ્રીટ મુંબઇ ૨.

ટે. નં. ૨૧૪૬૯.

છેલ્લા છવાયા કુટુંબ માટે એક વરસ સુધીમાં ત્રીશ દિવસ.

ભુલેશ્વર બીજા લોઇવાડામાં

એકજ દિવસમાં ચમત્કાર

રૂ. ૫) માં ત્રીશ દિવસ દવા.

જુઓ સર્ટીફીકેટ.

વૈદ્યરાજ જયંતીલાલ અંબાશંકર.

આ પત્ર બાલવન પીતાંબર કલ્કર મુંબઇ નં. ૬૭ ખીંચપોકલી પરેલ રોડપર લેટી નોર્થકોટ હિન્દુ આર્ટપ્રેસ ૩. એન. ચેલર પ્રેસમાં છાપ્યું છે અને તંત્રી જયશંકર ઓદીલાલ દ્વિવેદીએ મુંબઇ નં. ૪ ગીરગામ ખટાવ બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કર્યું છે.

સાચો હુન્નર, સાચાં સ્થળો, આવી અહીં નીહાળજો;
ભૂલી જઈ બીજે ફસો નહીં, ઠેકાણું સંભાળજો.

તે કયું ઠેકાણું ?

સીનેમા મેજેસ્ટીક ગીરગામ–મુંબઈ.

કાળા દેશની "શ્યામા"નો રસ પ્રવાહ ધૂ ધૂ કરતાં રણમાં વહેતું રસઝરણું

તે શું ?

પૃથ્વિ વલ્લભ

તેજ

માલવપતિ મુંજ

૫૦ -
તેમના ૧) ચેક૮
ઠા. રતીલાલ ...
૨૩૧. વડાદી કરીઆણા બજાર, મુંબઇ ૩

જોઇએ છે:–મુંબઇ વગેરે દેશાવરના પાણી લાગી સંબંધી તથા ધાતુસ્પર્શના વ્યાધિવાળા દર્દીઓ અમારી દવા માટે સેંકડો સરટીફીકેટો મળ્યાં છે.
લખો અથવા મળો.
વૈદરાસી છવણવાલ મોહનલાલ.
મુ૦ રાજચરાડી-વાયા વડવાણ કેંપ.

૧ એક વધુ અકવાડયું ચાલુ
= છે.

૪૨ ચર્સ ૫૮૮–૯૦, ગીરગામ, મુંબઇ–૪.
૭૫ ઓપેરા હાઉસ ત્રામ લાઈન ઉપર
ગી

ન સીનેમાના શોખીનો માટે દર રવિવારે પ્રગટ થતું સાપ્તાહિક. Registered No. B. 1829

મોજી-મઝાક

[પુ. ૧ લું]
તા. ૩ જી ઑગસ્ટ ૧૯૨૪.

ઝેરી નાગણ



આદમ જુવૈલી

[અંક ૧૭ મો.]
શ્રાવણ શુદ ૩


વાર્ષિક લવાજમ
રૂ. ૪-૦-૦

છૂટક નકલ મુબઈમાં ૧ આનો
બહાર ગામ સવા આનો

આજના લેખોનો ક્રમ.

ચાદુ છુરી ... ... (રા. લિયાનો)
૬૬૬૬ કવિની પ્રેમ કથા... (રા. રિવાલ્ટો)
ઝેરી નાગણ ... ... (રા. રમણીક અ. મહેતા)

એક મુંડકીનાં સાહસ ક્રમો. (રા. મંજુલાલ મો. રેસાઈ)
કુલનંદની ભેમગ ... ... (રા. હરિનરાણ બ. વ્યાસ)
મુબઈનું રાત્રિ-૨૬૨૫ .... (રા. ચુનીલાલ)



[શ્રાવણ, સંવત ૧૯૮૪] રવિવાર તારીખ ૩ જી આગસ્ટ ૧૯૨૮. [પુ. ૧ લું. અંક ૧૭ મો.]

ચાહું છું:-

ચાહું છું, હું ચાહું છું, હું ચાહું છું કહેતો ફરું;
પણ પૂજવો ચાહનો માગો; પૂજવો શું ધરું ?

છે પુણ્યાત્મા વાત મેહતાની; કહી ઉચ્ચરતાં;
પણ હાયને જ્યાં છે ? કે હૃદયથી ઉચ્ચરું.

છે ભજનમાં સૂર તારી; પણ ભજન ન આવ્યું;
શી રીતે પુસ્તક ભજનનું વાંચવા હાજર કરું ?

સ્વપ્નમાં તું છે ઉભી પણ જાગતાં જાતી ઉઠી;
તો બતાવું કેમ ? મારું સ્વપ્ન ખોટું કે ખરું.

થાય જે તું રામ, થઇ હનુમાન ચીરું આ જીગર;
ફરી કહીને શું કહે 'તમાં કહી પાછો ફરું.

ચાહું છે સાચો, તો તારો ચાહું બેચી લાવશે;
માન પ્યારી માન કહી; નહીં આંખમાં પાણી ભરું.

હું ભલેને માન કે ના માન; ચાહું; હું તને;
ચાહું છું હું હૃદયથી તારો દિવાનો થઇ મરું.

દિવાનો.

કડકા કવિની પ્રેમ કથા.

એક પ્રહસન

લખનાર:-રાવ દિવાનો.

પ્રવેશ પાંચમો

મીરજા:—તારૂં સત્યાનાશ જાય અને તારૂં ખાનું ખરાબ થાયરે રાંડ દલાલી! આ ગરીબ મીરજાના ઘરની તેં તો બરાબર કરી નાખી પલમારી. એ દલાલીની મહેરબાનીમાં મારી સોના જેવી ભોળી ફરીદને પોતાનું ગરુડ જેવું રૂપાળું નાક કપાવ્યું. અને મહેરનિસા હાથમાં આવ્યાથી શહનશાહ આ બિચારા મીરજાને પકડાવ્યું પાણીયું! વળી પેલા કવાને મારીને ઝાડી મૂક્યા પછી હીરો પડી છે બીમાર, એને ફરિદનો થયો છે આજાર; હવે તો બધારી આબરૂ તારાજ હાથમાં છે મારા પરવરદિગાર?

મળે અર્બાબ ન તેને વાવર્તા જે બીજ વાવળતું;
જગે વાવેલ ફળો તેનું સદા ઉત્સાર સીધો છે!.
(ફરીદન પ્રવેશ કરે છે.)

ફરીદન:—કેમ છો મારા શૌહર નામદાર?

મીરજા:—પધારો મારાં નકટી બીબી! ગમરતે પડી, ચુલરૂખસાર!

ફરીદન:—પણ સાબિતા છે કે મારા દિલદાર! આપણી દીકરીના ઇલાજ માટે જરાકી રોશી લાવો કોઈ હકીમ તજવીજાર! નહિ તો એ બિચારી મરી જશે, આ દુનિયામાંથી આસાભરી જન્નતમાં જવા માટે સફર કરી જશે!

મીરજા:—આ દિલ્લીમાં જેટલા વૈદ્ય અને હકીમ હતા 'તે બધાનો ઇલાજ અજમાવ્યો, પણ દીકરીના રોગનો અંત ન આવ્યો તે નજર આવ્યો. હવે તો કહેતી હોય તો બન્દાતરીને પાછો સજ્જન બનાવું અથવા લુકમાન હકીમને તેની જગ્યાથી જગાડીને તારી દીકરીના ઇલાજ માટે બોલાવું. આપણે તો હવે કંટાળ્યા છીએ.!

ફરીદન:—એકજ દીકરીથી આટલા કંટાળ્યા છો, તો જો પાંચ દશ છોકરાં હોત, તો તમારી શી હાલત થાત, બાપ!

મીરજા:—તે બધાને પાંજરાપોળમાં મોકલાવી દેત, બમજી!

ઉપર છોકરાંના બાપનું અમે કાંઈ બાકી છે કે અમે મરીમરીને કમાઈએ અને છોકરાંને બેઠાં બેઠાં ખવડાવીએ?

ફેહીમનઃ—આ તો ગોબ્બો નકરો જવાબ અપાય છે!

મીરજાંઃ—નકરાં માણસોને આખી દુનિયા નકરીજ દેખાય છે!

ફેહીમનઃ—પીટ્યા, તું પણ મને નકરી કહીને બોલાવે છે? દાઝયાપર ડામ લગાને છે? મને નકરી તો મુઆ તારાં કાળાં કર્મોએ બનાવી!

મીરજાંઃ—રાંડ, ગ્રેમ બોલ કે, તું મને તલાક આપી પેલા કવા સાથે નિકાહ કરવાને તૈયાર થઈ હતી, તેની મારા ખુદાએ તને બરાબર સજા ફરમાવી. હવે તો બેગમ, આ નાક વગરની નવેલીના દરા હજાર ધરાક થશે.

ફેહીમનઃ—પીટ્યા, અભીમાન કરીશ તો કોઈ દિવસ તારૂં પણ નાક કપાઈ જશે!

મીરજાંઃ—આપણે તો હવે પરદેજગાર થવાનો કર્યો છે મજબુત ઇરાદો!

ફેહીમનઃ—પરદેજગાર અને તે શયતાનજાદો! વાહરે મેરે વલી, સૌ ચૂહે ખાકર બિલ્લી હજકો ચલી?

મીરજાંઃ—કરીને ખૂબ દલાલીનું અમે ગાજ થવાના;
જઈ મક્કા મદીનામાં અમે હાજ થવાના!

(ફેહીમનની બહેન ગુલઝ પ્રવેશ કરે છે.)

ગુલઝઃ—બહના ફેહીમન, દિલ્લીમાં આજકાલ એક નવો હકીમ આવેલો છે, તે પોતાને ધન્વંતરી અને લુકમાનના નામથી ઓળખાવે છે; લોકો કહે છે કે તે મરેલા માણસને પણ જીવતું કરી બતાવે છે, ચૈતને પણ જંગના મયદાનમાં હરાવે છે! મને લાગે છે કે, ગુલજારના ઇલાજ માટે એને બોલાવો, બીમાર દીકરીને આરોગ્ય અપાવો!

ફરીમનઃ—મારા બીબાં, હું પગે પડીને કહું છું કે, એ ધનવંતરી અને લુકમાનને જલ્દી બોલાવો, મારી બીમાર દીકરીને ઇલાજ કરાવો.

મીરજાંઃ—પણ હવે હકીમોને આપવા માટે મારા પાસે પૈસા નથી તે ક્યાંથી લાવું? કોઈને ત્યાં ચોરી કર કે મારવાડીનું દીવાળું ફૂંકાવું?

ફેહીમનઃ—જ્યો પૈસા હું લાવું છું, તમે હકીમને બોલાવો.

મીરજાંઃ—ભલે, મારી સુવતાના, આંખના અંધા પાસેથી મળેલી દલાલીને પૈસ હકીમોની તીજોરીમાં પધરાવો.

ગુલજારઃ—(સ્વગત) આજે મારો ખારો હારૂન, હકીમના વેશમાં અહીં આવશે; દાવપેચની બાજી રમી બતાવશે અને પાસો સવળો પાડ્યો તો જરૂર મને પોતાની બીબી બનાવશે.

બીબાં બીબી બનીને સ્વર્ગના સુખ રાજ માણીશું;
અમે જન્નત તમારી જુંપડીને બાસ જાણીશું!

અરે! પણ સ્હામેથી મારા બાપા જેવા હકીમને—મારા દીલદાર હારૂનને લઈ આવે છે—આહ પાછી ગાંઠી બની જાઉં; અને પેલું બાસ ગોપી રાખેલું ગાયન ગાઉં

મજનું મજનું પોકાર, અરે બનમે
મેરા મજનું બસા મેરે મનમે.

હારૂન—આ કોણ છે સાહેબે નામદાર?

મીરજાં—એનો આપ ઇલાજ કરવા આવ્યા છો તે મારી દીકરી બીમાર.

હારૂન—જરા તમારી નાડ બતાવશો?

મીરજાં—હું કાંઈ બીમાર નથી!

હારૂન—તમે બીમાર નથી એ હું જાણું છું! પણ બાપની નાડ જોવાથી ઓલાદના રોગની ખબર પડી જાય છે!

ફેહીમન—બતાવો, બતાવો, જલ્દી નાડ બતાવો! આવા તબરૂમાકાર હોવાથીજ હકીમ સાહેબ લુકમાનના નામથી ઓળખાય છે.

હારૂન—નકરી! તું જોયા કર કે હવે તારી દીકરીના કેવા ઇલાજ થાય છે!

મીરજાં:—આપનું દોલતખાનું કયા દેશમાં ને કયા ગામમાં છે ઉસ્તાદ?

હારૂનઃ—જ્યાં જંદાનું ગરીબખાનું છે તે દેશ છે ગુજરાત અને શહર અહમદાબાદ! આ બાદીમ કહેવાય છે હકીમોનો ઉસ્તાદ અને જ્યારથી આ દુનિયામાં આપણે પધાર્યા છીએ ત્યારથી ઉસ્તાદ ધન્વંતરી કે લુકમાનને કોઈ પણ નથી કરતું માદ! મોટા મોટા રોગોને ચુટકી વગાડતામાં મટાડી દેવા એ મારી દવાદારૂ એક અદના કરામાત છે! મારી દવા મજબુતીમાં ફૌલાદ અને અસરમાં આબે હયાત છે!

ફેહીમનઃ—લાજવાબ! લાજવાબ!!

હારૂનઃ—તસ્લીમ આદાબ, તસ્લીમ આદાબ!

ફેહીમનઃ—ત્યારે તો આ હકીમજીને નોત બતાવો?

હારૂનઃ—આપની નાડ પોકારીને કહે છે કે, દીકરીને ઇશ્કનો આજાર છે; તે ગાંડી બની ગઇ છે અને પ્યારની તલેબગાર છે!

ફેહીમનઃ—આ હકીમ છે કે, ફરિસ્તાઓ અવતાર છે!

મીરજાંઃ—આ હકીમે છે કે, શયતાનનો યાર છે!

હારૂનઃ—કેમ સાચી વાત કે નહિ મારા મહેરબાન!

ફેહીમનઃ—અક્ષરે અક્ષર ખરી વાત મારા હકીમજી! ગમરતે લુકમાન!

હારૂનઃ—ત્યારે હવે તમારી દીકરીને બોલાવો.

ફેહીમનઃ—ગુલજાર જરા અહિં આવો, અને હકીમજીને તમારી તબીયત બતાવો.

ગુલજારઃ—સરપે આંબોપે કેસેરુપે બિરાજ તુજકો;
આ મેરે પાસ મૅંય સીનેસે લગાઉં તુજકો!

લાવો, લાવો, બસં મારા આશક શાયર હારૂનને લાવો.

હારૂનઃ—(અત્યપણીથી) એ હારૂન કોણ છે વારૂ?

મીરજાંઃ—એક રખડતો અને ઘરબાર વગરના કરજાર જેવો ભવાડી!

ફેહીમનઃ—જેનું નથી કંઈ ઠામ કે ઠેકાણું!

હારૂન—અને તે મવાલી કબામાં તમારી પરી ગ્રત ઠીકરીનું મન જાને પૂરેવાયું? અફસોસ!

બીરબલ—સદ્દર અફસોસ!

કૃષ્ણીમન—અરે બેદર અને બેશુમાર અફસોસ! અફસોસ પણ પોકાર કર છે કે અફસોસ, અફસોસ!

હારૂન—બસ આનો દર્દ એક ઈલાજ છે કે, એને પરણાવો!

બીરબલ—બેશક માન હારૂનની સાથે!

હારૂન—એને અત્યારે કાંઈ પણ ભાન નથી; એટલે અમે તે બેજબાનને હારૂન તરીકે ઓળખાવો અને કાજીને બોલાવી તેની સાથે એનો હાથ મિલાવો. એટલુંજ નહિ, પણ તમારી દોયતની માલિક પણ એનેજ બનાવો. એથી અત્યારે એના મનનું સમાધાન થશે, ધીમે ધીમે ભોરો ઝાંખુન ઉતરી જશે અને પછી તમે એને જેની સાથે પરણાવશો તેની સાથે પરણશે.

બીરબલ—ખરેખર આ બહોજ સારો ઉપાય છે.

હારૂન—બેટા, જોજે કે હવે તારી દલાલીની કમાણી કેવી રીતે મારા બાપદાદાની મિલકત થઈ જાય છે! હીક ત્યારે કમાયું તો બન્નો રળ લે છે; જો કામ પડે તો કબરસ્તાનમાંથી બોલાવજો!

કૃષ્ણીમન—પણ કબામજી, આ કબાજ તમે પોતે પોતાના ઉપયોજ અજમાવો તો કેમ?

હારૂન—એટલે!

બીરબલ—એટલે એજ કે, કાસમાં તમેજ હારૂન બની જાઓ અને ગુલબર સાથે બેબી શાદી રચાવો.

હારૂન—તોબા તોબા કરો! હું તે કબામ છું કે, બાકાનો વરજી?

કૃષ્ણીમન—અમારા પર અહેસાન કરીને અમારી આબરૂ રબીકારો હવે અરજી!

બીરબલ—એના બદલામાં બેશક પ્રણા પૈસા આપીને અમે બજા-બીયું તમારી મરજી!

હારૂન—પૂતરાને પણ કાકા કહે છે દુનિયામાં માનુસ મરજી! હું કબામ હોવા સાથે કાંઈ ક્રાર્મિયાગર હોવાથી પૈસાની અને પરવાનથી; પણ આપણી જો તમારું બેબું થતું હોય, તો મારે તમોને નિરાશ કરવા નથી. ભલે કાજીને બોલાવો અને હવાન કલમ તમો સિપાડી અને કાજલ મંગાવો.

બીરબલ—આ લાયકો!

ગુલબર—નજર આઇને મેં આઇ હમારે મારકી સૂરત;
ખડા થા ચુપ કે પીછે બેઠયા ઐયારકી સૂરત!

કૃષ્ણીમન—એની, તારો વ્યાપો હારૂન તને પરણાવે બીજી બનાવવા માટે તૈયાર છે!

ગુલબર—બોટી વાત, તે તો મારી નકલી અબ્બાના પ્યારનો ખરીદાર છે!

કૃષ્ણીમન—રાંડ સાંઠી ઘઈ છે તોય મને નકલી કહીને બોલાવે છે!

હારૂન—ગુસ્સો ન કરો—ગુસ્સો ગાંડા માનુતને ચઢેકાવે છે!

બીરબલ—કબામજી હવે આ અતી પદેશ્યા કાજ!

હારૂન—ત્યારે સાંઠી કેા હવે ચાદી મુરાદીની બાજ!

કૃષ્ણીમન—બાજુવા મારો દુઆઓ તાજ!

ગુલબર—(સ્વગત) કે જેથી મોર્યા બીબી બાય રાજ!

કાજી—બેટા ગુલબર, જરા હાથને લંબાવો!

ગુલબર—બસ મને હારૂન સાથે જરી પરણાવો!

કાજી—તમારું નામ છે હારૂન?

હારૂન—જી હા!

કાજી—તમને આ બીબી કબૂલ છે?

હારૂન—બસરો ચશ્મ કબૂલ છે!

કાજી—અને ગુલબર, તમને આ ચોદર પશન્દ છે!

ગુલબર—મને તો શું, પણ મારા બાપને અને મારી અમ્માને પણ પશન્દ છે!

કાજી—ત્યારે દુલહા દુલહન હાથ લાવો!

ગુલબર—પણ પહેલાં મારા બાપની કીસતનાંના મારા હિસ્સાના દસ્તાવેજ લખાવો.

હારૂન—ના ન પાડશો, જે લખાવે તે લખી આપો; એ કામ હું તમને પાછે આપીશ.

બીરબલ—કીક છે!

હારૂન—પાછ સાહબ, આ દસ્તાવેજ પર સવાહ તરીકે સહી કરો અને પછી હાથ મિલાવો!

કાજી—બીબાં બીબી રહો આનંદમાં એ છે દુઆ મારી;
ખુદાયા બયર કરજે વિઘ્ન કાપી ત્રકોટા સારી!

કૃષ્ણીમન }
બીરબલ } આમીન, આમીન, આમીન.

હારૂન—કાજી બરાબર?

કાજી—બરાબર, બરાબર!

હારૂન—આ કબામને ઓળખો છે કે? બસરાજી.

બીરબલ—ના જી.

હારૂન—આ કબામ નથી, પણ તેજ છે કબરતાનમાં રહેનારો હારૂન ઉર્ફે ઝાપર મવાલી!

ગુલબર—અને આ ગુલબર પણ ગાંડી નથી, પણ પૂરેપૂરી છે ઝકાસવાળી!

કૃષ્ણીમન—બનાવટનો આરસો બધો કામ દેખાડ્યો?

બીરબલ—આ દુનિયાને બનાવનાર દલાલને પણ બેવકૂફ બનાવ્યો?

હારૂન—જે તે—કીડી ચ મરે વીતર ખાય,
માલ આપિનો ઝોળે જાય.

જે કદેવન પ્રમાણે તમારી દલાલીને કસબે બધો અમારા હાથમાં આ-યેા.

ગુલબર—તમે દુનિયાને ઠગો છે! તો અમે તમને કબજાનો તાજ બનાવ્યો!

બીરબલ—અફસોસ! હવે શું થાય!

કૃષ્ણીમન—આપણા હાથમાં એક પણ નથી રહ્યો ઉપાય!

હારૂન—તમો બન્ને હવે ઘર ઊભી થઈ જાઓ રવાના!

ગુલબર—હારજી કે, હવે ઘરના માલેક તો અમેજ થવાના!

મીરજાં:—
થઈ આ ઉંવટે હાલત અમો અહલે કમાલોની,
ગઈ તોહાઇ સઘળી આંટીઘૂંટી મક્ર-જાળોની;
ગઈ વેચાઈ કિસ્મત અખ્ત જોનારા હમાલોની,
લિખી ચાલાક ચોટ્ટાએ તૂટી દોલત દલાલોની.
ખુદાપામાં ઘડી આવી દુઃખો ને પાયમાલીની,
અમે તો લોગવી પૂરી ચલ ભાઈ! દલાલીની.

કૃહીમનઃ—
કપાળ્યું નાક નામો આબરૂથી સાવ ખાલી છે!
કરો નફરત દઈ દાનત બુરી ભાઈ! દલાલી છે!


ગાયન.

હા.-ચુ.—મુફ્લીસ કહ્કા બાલૂસ કવિની,
સહુ ચીંતા આજ ટળી;
મીરજાં—જગને ઠગનારા ઠગને પણ,
આ બગ ઠગ ગયો છળી;
હાફ્ન—ખોદે ઉંદર ભોગવે ભોરંગ એ કહેવત સાચી પડી,
કલજૂગના મજનૂને કલજૂગની લયલા આજ મળી;
બધાં:—આમીન બોલો અહેલે જલસા સરવે આમીન,
અલ્લાહ સૌને આપો આવા સારા અવસર દિનદિન;
આશા ફળને મળજો સૌને સૌનું ધાર્યું,
દે ઘરઘર પરવર શુભ અવસર આમીન.
(સમાપ્ત.)

વગર ઇજાએ બાલ કાઢવા માટે

બાદશાહી સાબુ

વાપરો.



બાદશાહી સાબુ વાપરવાથી ચામડીને કાંઈ પણ નુકશાન થતું નથી પણ સુંવાળી બનાવે છે. ગુપ્ત ભાગોના વાળ સહેલાઈથી કાઢે છે

કિંમત બાક્સ ૧ નો રૂ. ૧૫ પોસ્ટેજ ૦ ૧

બાક્સ ચારના રૂ. ૬૫ પોસ્ટેજ માફ

દરેક ઠેકાણે વેચાય છે.

સી. સી. મહાજન એન્ડ કું૦
શેખ મેમણ સ્ટ્રીટ મુંબઇ ૨.

ઝેરી નાગણ.

લખનારઃ-રા. રમણીક અ. રહેતા.

ટુંક સારઃ—(બે રશીયન લશ્કરી અમલદારનાં ખૂન થયાં હતાં, મશહૂર ડીટેકટીવ ડેનીલોવે રાક પરથી એક બેંકરની તપાસ કરી ત્યાંથી આગળની વાર્તા શરૂ થાય છે)

"તમારી પાસેથી તેણે જે નાણાં લીધાં હતાં તેને માટે શી જમીનગીરીઓ આપી હતી?"

"પહેરેંચ સિવાય બીજું કાંઈ નહિ?"

"તમે એનાથી સંતોષ પામતા હતા?"

"હા."

"શા માટે?"

"કારણ કે જો તે પૈસા ભરપાઈ ન કરે તો હું તે પહેરેંચો લશ્કરી અમલદારને બતાવું તો તેનો મોટો લાભનો થઇ જાય."

"હું ધારતો નથી કે તમને એવું કરવાનો કદિ પ્રસંગ આવ્યો હોય?"

"ના, કદિયે નહિ."

"તમારી પાસેથી તેણે જે નાણાંની રકમો લીધી હતી તે તેણે પાછી ભરપાઈ કરી હતી ખરી?"

"હા, બરાબર."

"તે ભરપાઇ કરવાને રકમ કયાંથી લાવતો હતો?"

"તે હું થી રીતે કહી શકું? તે પોતાની બધી ખાનગી વાત કરતો ન હતો."

"તે મરણ પામ્યો તે વખતે તેને તમારા બધા પૈસા દેવાના હતા, નહિ વારૂ?"

"હા,"

"કેટલા?"

"લગભગ દશ હજાર રૂબલ."

"એ કંઈ નહાની રકમ નથી. હું ધારું છું કે તે બધા પાણીમાં જશે."

"અરે! નહિ રે!"

"એમ કેમ? શું તે મરતી વખતે નાણાંની ચારી રકમ મૂકીને મરી ગયો છે?"

"ના, પણ તેણે પોતાની જીંદગીનો વીમો દશ હજાર રૂબલનો ઉતરાવ્યો હતો અને તેણે પોલિસી મારા નામ પર ફેરવી આપી છે. એટલું જ નહિ, પણ એક કાગળ એવી મતલબનો લખી આપ્યો છે કે જો તે મારા દશ હજાર રૂબલ ભરપાઇ કર્યા પૂર્વે મરી જાય તો પોલિસીના પૈસા મને મળે."

"તમારી સાથે તે રાતે જંગીને છૂટા પડયા પછી બાકીનો વખત તેણે કયાં ગુજાર્યો હતો તે તમે કહી શકશો ખરા?"

"એમ કહેવાય છે કે તે ઓપેરા જોવા ગયો હતો, કારણ કે એના કેટલાક પીછાનવાળાઓએ તેને ત્યાં જોયો હતો."

"ત્યાર બાદ?"

"ત્યારે આદં કર્યા ગયો હશે તે હું શું જાણું?"

"તે ફરવા ફરવાનો ગ્રોફેન હતો. તેની ઘરક તબિયતની તમને ખબર છે?"

"ન નહિ."

"વારૂ, તેને કોઈ બ્રી મોત્રો હતી ખરી?"

"હા, હતી. તેનું નત્ન ધર્મબોધ કહે છે તેવું શુદ્ધ ન હતું."

"કદાચ તેના કોઇ પ્રતિરપર્ધાએ તેને ઠગ્રો દીધો હોય તો તેમ બનવા જેવું લાગે છે?"

"સંભવિત છે."

"તમે તેના મામાને ઓળખતા હતા ખરા?"

"હાજી, હું ઓળખતો હતો."

"તમો તેને પણ પૈસા ધીરતા હતા ખરા?"

"વખતો વખત ધીરતો હતો."

"જ્યારે તે મરી ગયો ત્યારે તેની પાસે તમારા પૈસા લેણા હતા?"

"નહિ, તેઓ મરણ પામ્યા અગાઉ મને મારી પાઇએ પાઈ આપી દીધા હતી."

"આ બને ગૃહસ્થોનાં મરણ સંબંધી તમને કંઈ ખ્યાલ આવે છે કે શાથી તેઓ મરણ પામ્યા હશે?"

"નહિ, કંઈ નહિ."

"જે અલ્પ સંબંધો વચ્ચે તેમનાં મરણ થયાં તે સંભિળી તમને નવાઇ લાગી હતી કે નહિ?"

"હું નથી ધારતો કે મને અત્યારથી લાગી હોય."

"શા માટે નહિ?"

"પ્રથમ તો એ કે હું નહોતો ધારતો કે કોઇએ દગાબાજીથી તેમનું મરણ આણ્યું હોય."

"પરંતુ, જ્યારે તમે જાણ્યું ત્યારે?"

"ત્યારે મને એમ લાગ્યું કે તેઓ કોઇને કાંટા કે અંતરાયરૂપ જેવા થઈ પડયા હશે અને તેથી કોઇએ તેમનું કાસળ કાઢયું હશે."

"આટલું ખરાં, એ 'કોઇ' કોણ હશે તે તમે જાણતા નથી?"

"નાજી."

ડેનીવીએ હવે સવાલ પુછવાનો બંધ કર્યો. તેને લાગ્યું કે સુત્ર મેળવવામાં વાંધો નથી! અથવા તો જે ડેનીવીનના પોતાના શબ્દોમાં કહું તો તેને એમ જણાયું કે અમુક માર્ગે જવાથી આ બાબતનો પત્તો મેળવવાની વકાર છે અને ખરૂં બોલું જણાઈ આવવા દરેક સંભવ છે.

* * *

સેંટપીટર્સબર્ગના દેશનેબલ સત્તામાં એક રમણી રહેતી હતી જે મારામ જ્યુલી સેંટ ક્લેસેરા નામથી શહેરના જાણીતા નાગરીકોમાં અત્રિખ્ય હતી. તે જનની ફ્રેંચ હતી પરંતુ ઘણા વર્ષો થયાં તે રૂશિયામાં વસવાટ કરી રહી હતી; તેનો ધણી મોસ્કોમાં એ-એવર અને ક્રાપેા લીયોઆર તરીકે કામ કરેતા હતો અને કેટલાંક વર્ષ થયાં પોતાની લાકડી ભીને આ સોકમાં એકલી મૂકી, પરલોકનું સુખ લેવા ઉતાવળ કરી દોડી ગયો હતો. પરંતુ જે કે તે ધણીના સ્મરણમાંથી ભૂલાઈ ગયો હતો ખરાં કેટલાક જોએ તેની બ્રથી મનમાંથી ખસેડી શકયા ન હતા, તેઓ સારી રીતે જાણતા હતા કે તેનું વય તેની પ્રિય પત્નિના વય કરતાં ઘણું મોટું હતું. જે પતિ અને પત્નિ સાથે ફરવા નીકળે તો જ્યુલીના સ્વામીને કોઇ તેનો ફાદો સમજે.

જ્યુલી ઘણી સૌંદર્યવાન હતી, અને તેની ઉંમર લગભગ ચાળીસના સીમાપ્ર પર આવી પહોંચી હતી ખરાં તે જેખને માત્ર ૨૮ વર્ષની પૂણ જોનનવંતી જેવી દીસતી હતી. તેનું સુરોખ મુખમંડળ, ગાલ પર આછી રક્તિમા, અણિયાળું નાક, રસ્તુ અધર, ચિંતારાની નાજુક પીંછીને લજવે તેવી ભમરો, તેજસ્વી આંખો, પ્રશસ્ત લલાટ, અને વારંવારનાને પણ વિસરાવે તેવી વેષ પરિધાન છટા સધળાની આંખને આજ નાખતી હતી, અને ઘણાના હોઠોમાંથી સ્વાભાવિક ઉદ્ગાર નીકળી પડતા હતા કે—

'કયા જુવાની પીરતી હય જોબનચે ઇતરાઇ દુઇ'

જેમ પુષ્પની પાછળ મત્ત મધરેંદું ટોળું પરાગ માટે ભમે તેમ જ્યુલીની પાછળ પુરુષોનું ટોળું ભમતું હતું. ઘણાને આશ્રય' પણ હતું કે જ્યુલી જેવી બુદ્ધિમતિ, રૂપવાન અને શ્રીમાન રમણી આ મારે પોતે વિરહની વેદનામાં બળતી રહેતી હશે? આ માટે પતિદેવના ખાલી પડેલા સિંહાસન પર બીજાને આરૂઢ કરતી નહિ હોય? આ પ્રશ્નનો જવાબ એ હતો કે જ્યુલી મધુમક્ષિકાની માફક નવવિકસીત પુષ્પ પરાગની લોભી હતી. જો તે ધારત તો શ્રીમંત યા ગરીબ, કોઇ પણ યોગ્ય ઉમ્મરના માણસને પોતાને હાથ અર્પી શકત અને કોઇ પણ પુરૂષ તેના પ્રેમને પાત્ર બનવા માટે પોતાને અહોભાગ્ય માનત. પરંતુ તેમ કરવું જ્યુલીને પસંદ ન હતું. તેને હાથ તાળી આપી છટકી જવાની મોજ આવતી હતી. તેથીને તાલીમ આપનારે શિખામણ આપી હતી કે "દેખો બીબી! આંખ સબસે લડાના, મગર દિલ મિલાના મત દેના!" જ્યુલી આ કથન પ્રમાણે અક્ષરશઃ વર્તતી હતી. જેથી જ્યુલીના પ્રેમને માટે તરફડતા હતા અને એકમેક સાથે અથડાઈ પડતા હતા અને પ્રાણઘાતક દ્વંદો લડી ચુક્યા હતા.

વાચનાર, પશ્ચિમ દેશની એક રૂઢી સંબંધી એ બોલ કહ્યા વગર જ્યુલીનું સમાજમાં શું સ્થાન હતું તે 'મોજ મજાહ'ના કેટલાક વાચકોને સમજણ નહિ. પશ્ચિમમાં બહુ પુરુષો નિર્દોષ આનંદ ઉજાવવા, બટિપાણી સેવા વા પોતાના પ્રિય વિષયમાં ભાગ લે તેવાની સાથે વાર્તાલાપ કરવા કલબમાં જાય છે. આ કલબ સિવાય કેટલાક જણીતા માણસો નિયમિત રીતે પાર્ટી કે ડાન્સ વિગેરે આપે છે ત્યાં એકત્ર થાય છે. આ ઉપરાંત કેટલીક ચતુર અને બહુશ્રુત રમણીઓ પોતાની દ્વાર, જણીતા વિદ્વાનો, સમાજના નેતાઓ, નાટકકાર, કવિઓ અને એકદરે કે કળાકારને માટે ખુલ્લાં રાખે છે. જ્યાં સાહિત્ય, સંગીત અને કળા ચર્ચાય છે, જ્યાં રમણીના ડિનર કે ટમાંથી પ્રવતી વાક્પ્રપંચા તેમના બુદ્ધિપ્રાપ્ત જીવનમાં અમૃત સિંચન કરે છે. આવી રમણીઓ જે પોતાની કુટિર આવા વર્ગને માટે ખુલ્લા રાખે છે તેને Salon કહે છે. જેમ જ્યુલીનું સમાજમાં લગભગ આવા પ્રકારનું સ્થાન હતું. આવી રમણીઓ બહારના જીવનમાં પ્રોત્સાહ પ્રેરી ઉન્નત કરે છે; ઘણાકને ઉચ્ચ પદમાંથી કરે છે જ્યારે એમાં કેટલીક એવી પણ હોય

છે કે "ભોજ મળદે" લૂંટવી અને લુંટાવવી એજ પરમ કર્તવ્ય સમજે છે.

જ્યુલી ઘણી શ્રીમંત છે એમ બધાની માન્યતા હતી, અને તેની રહેણીકરણી એમ માનવાને કારણ આપતી હતી. તેના બૂંગલો વિશાળ હતો. નોકરો ચાકરો હતા; ગાડીઘોડા હતા. જ્યારે તે ગાડીમાં બેસી પોતે ફરવા જતી ત્યારે લોકોની નજર તેની સુંદર ગાડી, તેના અરબ્બી ઘોડા, અને મુનિમ'ખાં'વાળા સેવકો પર ફરતી. તે જુદે જુદે દિવસે જુદા જુદા ઝભ્ભામાંથી નીકળતી હતી. અર્થાત કે તેનો બાપકો અને હાથ અખૂટ હતાં. તેના નોકરોમાં એક સાધારણ ઉંચાઇની, મજબૂત બાંધાનો, અને ઉદાસિન ચહેરાનો એક આદમી હતો. તે તેને રોકો કહી બોલાવતી હતી. 'રોકો' અરસલ કર્યાનો હતો, કોણ હતો એને થી રીતે તેને જ્યુલી સાથે ઓળખાણ થઇ હતી તે કોઇ જાણતું ન હતું; પરંતુ તે જ્યુલીનો ઘણો વિશ્વાસપાત્ર નોકર હતો. તેને ઇશ્વરે જીભ આપી હતી પરંતુ એમ કોઇ કંજુસ માણસ પોતાનાં નાણાંનો વ્યય બહુ સાચવી સાચવીને કરે તેમ રોકો પોતાની જીભનો ઉપયોગ કરતો હતો. તે જાણે ન્હેંએ તાળું દઇ કરતો ન હોય તેમ જણાતું હતું અને એકાદ બે પ્રશ્નના જવાબ આપવા પડે તો તે આપ્યા સિવાય ભાગ્યેજ પોતાનું ન્હેં ઉઘાડતો. તે પોતાની રોકાણીનો નિમકહલાલ કુતરો હતો પોતાની રોકાણીના મુખના ઓરડાના ઉંબર પાસે ચોકી કરતો સુતો હતો અને જરા ઇશારો કે આજ્ઞા થાય કે તરત અમલમાં મુકવા તત્પર રહેતો.

રશ્મિન નવા વર્ષને દિવસે બાદામ જ્યુલી સેટ જોસફ એક બોલનો મેળાવડો કર્યો હતો. આ મહાન મેળાવડામાં ઘણા માણસોને બ્રજન હતું' અને મેળાવડો બારણાંની હાજરો હતો અને લખલૂટ ખર્ચ કરવામાં આવ્યું હતું. ઘણા માણસોનો જમેલો અહિં એકઠો થયો હતો, અને ગ્રહેરના નામાંકિત માણસોએ પણ થોડી ઘણી હાજરી આપી હતી. આ મેળાવડામાં જે કે જૂના વિચારના અને કુલિન માણસો બહુજ થોડા હતા. કારણ કે રમણી વર્ગમાં જ્યુલિની પ્રતિભા ઘણી ઉચ્ચ લેખવામાં આવતી ન હતી; છતાં ત્યાં સૈન્ય વિભાગના અમલદારો, દરિયાકપ્તાનો તાલિક નેતાઓ, પરરાજ્યના એલચી આર્તાના માણસો, સાહિત્ય, સંગીત અને કળારસિક માણસો એકત્ર થયા હતા. આમાંના કેટલાક તો પોતાની ગૃહરવાખીનીની જાણની બ્હાર અહીં આવ્યા હતા. કારણ કે તેમની જાણમાં જે આ વાત આવે તેઓ ગૃહત્યાગની સિમામાં બારે યુહ થાય! એટલું જ નહિ પરંતુ કેટલાકને 'હાઉસરકસ'માંથી બૉમ્બર કરવામાં આવે એવી ભીતિ હતી. ગમે તેમ પણ જ્યુલી કંઇ કેમી કેવા જેવી વ્યક્તિ ન હતી. ઉચ્ચ કુળની બીબા તેને જોઇ હોઠ ફરકાવતી હતી; પરંતુ તેની લખલૂટ ખર્ચ, શ્રીમંતાઇના ઠાઠ, પ્રસંગોપાત બીજાનાંઓ અને તેનાં સૌંદર્યને લીધે ઘણા માણસોની તેને ત્યાં અવરજવર હતી. અર્થાત્ કે જ્યારે અર્ધ્યુ સેંટપીટર્સ' બર્ન તેની નિંદા કરતું હતું' ત્યારે અર્ધ્યુ તેની પ્રશંસા કરતું હતું. જ્યુલીને ત્યાં જે મહેમાનો આવ્યા હતા તેમાં એક રહેજ સ્થાનળા પણનો વિચિત્ર દેખાવનો માણસ હતો. આ માણસનું નામ પ્રેસ્નસ્કી હતું અને તે પોલેન્ડનો એક મોટો ઉચ્ચ કાઉન્ટ હતો. તેને જોઇના મુખ્ય જેવી ભારે મુછો અને બાંધી દાઢી હતી. તેણે આંખે કાળા ચસમા પહેર્યા હતાં. તે પોલાન્ડથી આવેલો હોવાથી અહીંની મંડળીમાં અજાણ્યા જેવો હતો તેથી મામાદમ જ્યુલીએ તેને પોતાની પાંખમાં લીધો. આ કાઉન્ટને નાચવા પ્રત્યે અણગમો હતો. પરંતુ વાનીઓ ચાખવાને અને જાત જાતનાં પીણાં પીવાને અત્યંત શોખીન હોવાથી કર્યા આ ગોઠવણ હતી ત્યાં તે જઇ બેઠો. જે રહ્યો આમંત્રિત સજ્જનો અને સન્નારીઓ માટે નાસ્તા પાણીની ગોઠવણ કરવામાં આવી હતી, ત્યાં જાત જાતની વાનીઓ પ્રચુર પ્રમાણમાં હતી અને પીવાને માટે વિવિધ જાતના દારૂ, ચોકટા, લીકેર હતાં. કાઉન્ટ અહીં આવી એક ખુરશીપર બેઠો. અને દારૂની લીજ્જત લેવા લાગ્યો. કાઉન્ટ જ્યુલીની કંપની ત્યાગી ગયો એટલે જ્યુલીએ બીજા પર પોતાના સ્મિતનો વર્ષાવ શરૂ કર્યો અને અન્ય સજ્જનોની સાથે વાર્તા વિનોદમાં લાગી. કાંઇ બહુ પીવામાં આવ્યાથી ચક્કર ચર્યો હોય તેવો કાઉન્ટ એક ખૂણામાં આરામ ખુરસી પર આડો થયો. મધ્ય રાત્રિ વ્યતિત થઇ ગઇ, બે ત્રણ વાગ્યાનો અમલ થયો. પરોણાઓ એક પછી એક ચાલી ગયા. જે થોડા રહ્યા હતા તે ચાલી જવાની તૈયારીમાં હતા. આમ કેટલોક વખત ગયા બાદ રોકાએ કાઉંટને ઉંઘી ગયેલો જોયો. તેની સુવાની આવી વિચિત્ર ઢબ જોઇ તે આશ્ચર્ય પામ્યો. તેણે તેને ઢંઢોળ્યો પણ જવાબમાં 'હું-ઉ-ઉ' સિવાય કંઇ મળ્યું નહિ. તેથી તે સાથી ચાલ્યો ગયો અને એક બીજા માણસને લઇ ત્યાં પાછો આવ્યો. આ બીજો માણસ તે આપણો એલેક્ઝાન્ડર બ્લાસોવસ્કી હતો. એલેક્ઝાન્ડરે તેને ઢંઢોળ્યો, તેનું નામ લઇ હાકો મારી, પરંતુ રોકાને જૈસ્લો વિજય મળ્યો હતો તેથી વધારે વિજય તેને મળ્યો નહિ. આથી તેણે કાઉન્ટને ઉપર શયનગૃહમાં લઇ જવા રોકાને કહ્યું: તે પ્રમાણે કાઉન્ટને ઉપર લઇ જવામાં આવ્યો, અને એક પલંગ પર સુવરાવવામાં આવ્યો. અર્ધા કલાક બાદ બ્લાસોવસ્કી તે ઓરડામાં દાખલ થયો. તેના હાથમાં ચોર ફાનસ હતું અને જો કે પ્રભાતનું અજવાળું થવા માંડ્યું હતું છતાં ઓરડામાંની બારીઓ પરના પડદા ખસેડી નાંખવામાં આવ્યા ન હતા. તેણે ફાનસની બત્તીનો પ્રકાશ એશુક કાઉન્ટના મ્હોં પર નાંખ્યો. ફરીથી હાક મારી, ઢંઢોળ્યો, પણ કાઉન્ટ એવી નિદ્રામાં હતો કે તેના કાનમાં મેરી વગાડે તો પણ જાગે તેમ ન હતો. આથી તેણે ફાનસને એક ટીપોય પર મૂકયું અને ખુરશી ખસેડી પલંગ પાસે લાવી નશામાં ચકચૂર અને બેભાન કાઉન્ટના ખીસ્સાની ઝડતી લીધી. ઝડતીમાં એક પાકીટ મળી આવ્યું અને નાના ખીસ્સામાં રાખવાની જ્યુસો ઘડીયેન, પેન્સીલ, ચપ્પુ વિગેરે મળી આવ્યાં. પાકીટને બ્હાર રાખી બાકીની જ્યુસો પાછી પાકીટમાં હલ્લર હલ્લરની નોટોની થોકડી હતી. બ્લાસોવસ્કીએ આ નોટોને પોતાના ખીસ્સામાં સ્થાન આપ્યું અને પાકીટને હલકું કરી પાછું કાઉન્ટના ખીસ્સામાં મૂકી. બ્લાસોવસ્કી બારણું બંધ કરી ત્યાંથી ચાલી નીકળ્યો.

આમ કેટલોક સમય વ્યતિત થયા બાદ કાઉન્ટ જાગ્રત થયો અને ઘંટી વગાડી. ઘંટીનો અવાજ સાંભળી રોકો ત્યાં ઉપસ્થિત થયો. કાઉન્ટ તેના રહામું જોઇ રહ્યો અને ઘણો અવાક બંધો હોય તેમ આમ તેમ જોઇ તેણે તેને પુછયું:—

"હું કયાં છું ?"

"આદામ સેંટ જ્યુલી લેસરના બંગલામાં."

"કેટલા વાગ્યા છે ?"

"ત્રણ."

"રહેવારના ત્રણ ?"

"નાજી, બપોરના ત્રણ થયા છે." એટલું કહી તેણે બારી પરના પડદાને સરકાવ્યો. બહારનો પ્રકાશ ઓરડામાં આવ્યો અને કાઉન્ટને જણ્યું કે બહુ વખત વ્યતિત થઇ ગયો છે. કાઉન્ટે બહારી બહાર નજર કરી, પછી જણ્યું આખો બગ્ગો હોય તેમ રોકાતા રહ્યાનું ભોય રહ્યો અને બોલ્યોઃ—

"હું અહીં શી રીતે આવ્યો !"

"જનાબમાં રોકાએ અર્ધ રિમત કરી પોતાની કહેફ ઇતિબંધિત દર્શાવી.

"હું અહીં શી રીતે આવ્યો ?" આત્તા અને ધમકીના સ્વરે કાઉન્ટે પુનઃ પુછ્યું."

"આપ નામદારે વધારે પડતો દારૂ પીધો હતો અને તેથી અમને અહીં લાવી આપને સુવરાવવાની ફરજ પડી હતી."

"હેં !" કાઉન્ટે આશ્ચર્યચકિત મુદ્રાએ કહ્યું. "આ કૃત્ય માટે હું આનું જ્યુલીનો ઘણો આભાર માનું છું, અને એ ખરેખર એમની દયા છે કે માત્રી એવી સ્થિતિમાં મારા પર ગમતા અને માયા દર્શાવી અને અહીં આરામ લેવા દીધો, પણ હું એમ જણવા ચાહું છું કે મારી એવી સ્થિતિ ભોય એમને કર્ય માઠું તો લાગ્યું ન હતું ને ?"

"માઠું લાગ્યું હશે ? !"

"શું તેઓ મારા પર રોષે ભરાયા હતા ?"

"નામદાર ! " રોકાએ કહ્યું "તેઓ ગુસ્સે તો નહોતાં થયાં પણ બ્યચિત ખુશી તો થયાં નહોતાં."

"મને લાગે છે કે હું નાદાન માણસની માફક કે પશુની માફક— વાર, તું જરા દાતણ પાણીના સામાન લાવ. હું ન્હાઇ ધોઇ પોશ, વાળ આદ કરી કાયલી તેમને ભળી મારા વર્તન માટે ક્ષમા માગીશ. પણ—હા, બાર્ય હજી ઉઘાડો છે કે નહિ ?"

"તેઓ તો કયારનાં ઉઠયાં છે, નામવર !"

"વાર ત્યારે કહ્યું તે પ્રમાણે સર્વ સામાન અહીં મોકલી આપ અને બોડીવાર પછી અહીં આવી ત્યને તારી આજની પાસે લઇ જજે."

રોકા નમન કરી ત્યાંથી ચાલી ગયો. અર્ધા કલાક પછી પાછો ત્યાં હાજર થયો અને કાઉન્ટને પોતાની રોહણીના ઓરડામાં લઇ ગયો. ઓરડો ઘણો ચણગાટેલો હતો. બારીઓ ઝીણા પડદા હતા, દીવાલ પર સુંદર ચિત્રો મઘાકમે ગોઠવેલાં હતાં. ભોંયે પર પર્સિયન ગાલીચો પાથરેલો હતો. સોફા અને ખુરસીઓ યોગ્ય ક્રમથી ગોઠવેલી હતી. વચ્ચે ટેબલ પર હાથી દાંતનું કોતરેલી ફ્રામ ગોઠવેલું હતું. ફલાવર વોઝ-માંથી ફૂલોની રહેક આવતી હતી. આવા એક સુશોભિત ઓરડામાં આળો ગૌર વર્ણનો ડ્રેસીંગ ગાઉન પહેરી રોકીંગ ચેર પર જ્યુલી બેઠી હતી. તેની સામેજ મરીચ ટેબલ પર કોફીનો કપ રકાબી અને બાજુમાં સીગારેટની ડબ્બી હતી. કાઉન્ટ દાખલ થયો ત્યારે તે સીગા-રેટ પીતી હતી. બેઠે બેઠે તેણે પોતાનો નાજુક હાથ લાંબો કર્યો અને કાઉન્ટ સાથે રોકાઇ-ને કરી સ્મિત હાસ્યથી કહ્યુંઃ—

"બેસો, રોકા ઓમને માટે કોફી કાઢ ! નામદાર ! તમે તેની સાથે બેકકા લેશો કે કોઝેક ? (બાન્ડી)

કાઉન્ટે બેકકા પ્રત્યે પોતાનો અનુરાગ બતાવ્યો. રોકાએ તે સર્વ પદાર્થો હાજર કર્યા, એટલે જ્યુલીએ તેને ચાલી જવા ઇશારો કર્યો. રોકા ચાલી ગયો. રોકાના જવા બાદ કાઉન્ટે કહ્યુંઃ—

"મારે આપની ક્ષમા માગવાની છે. કાલે મને એટલું વિસ્મરણ રહ્યું કે હું કયાં છું, કોને ત્યાં છું અને ખૂબ કર્ય છું તે સર્વ ભૂલી ગયો, એવી હાલતમાં આપે મારી જે સંભાળભરી કાળજી લીધી તેને માટે હું આપનો સદાનો ઋણી છું. આપની મહેમાનગીરી માટે હું આપને કેટલો ધન્યવાદ આપું તેટલો ઓછો છે."

"મેં મારા કર્તવ્ય સિવાય કંઇજ કર્યું" નથી. એમાં શું થઈ ગયું. મારા વફાદાર ગુલામે આપને ખુરસીમાં ઉંઘી ગયેલા જોયા. અને આપને ત્યાંજ કરવાના તેના પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા તેથી તે મારી આજ્ઞાથી આપને શયનગૃહમાં લઇ ગયો."

આ વાત ચાલતી હતી એટલામાં બારણું જરા ઉઘડ્યું અને વ્યાસી-વર્ષીએ ઉમર પર પગ મૂકેલા. પણ જેનું તેણે ભોજું કે જ્યુલી કોઝની સાથે વાતચીતમાં રોકાઇ છે એ ભોતાંજ તે તરતજ પાછો ફર્યો.

"હું ઘણો મિતાહારી માણસ છું." કાઉન્ટે પ્રત્યુત્તર આપ્યો. "પરંતુ જો હું મારી નિયમીત હદ ઓળંગી જાઉં તો પછી મને વધારે લેવાનું મન થાય છે અને વધારે ઘટિયાપણું ગયા પછી એક પ્રકારની તંદ્રા મને આવે છે, જેમાંથી હું ચારપાંચ કલાક પછી એ ભોત જેવી નિદ્રામાંથી જાગત થાઉં છું."

"આપની મને દયા આવે છે."

"આપના જેવાની દયાને પાત્ર થવામાં હું મારૂં સદ્‌ભાગ્ય માનું છું." કાઉન્ટે પ્રત્યુત્તર આપ્યો. "હવે આપ કૃપા કરી મારા ગુન્હાને માટે થી સજા ફરમાવો કે તે જણાવશો ?"

"કયો ગુન્હો ?"

"હું મારી પોતાની સ્થિતિ તદ્દન વિસરી ગયો અને સભ્યજના શિષ્ટાચારનું ઉલ્લંઘન કર્યું એ ગુન્હો નહિ તો બીજું શું ?"

"એને માટે સજા !"

"હા, હું શ્રીમંત છું, મને પૈસાની કંઇ પરવા નથી. મારી પાસે અત્યારે પણ નાણાની મોટી રકમ છે. હું એકલો છું. મારે આ દુનિયામાં નિકટનું કોઇ નથી."

જ્યુલીનાં આંખો ચમકવા લાગી. તેણે તેના મહેમાનની સ્થિતિ જાણી તેને માટે વધારે રસ ઉત્પન્ન થયો અને તે બોલીઃ—

"કાઉન્ટ ! આપ ખરેખર ભાગ્યવાન છો. હું ધારૂં છું કે આપ અહીં થોડો વખત રહેવાના છો નહિ વારૂ ?"

"ઓ, હું માત્ર મોજની ખાતર મુસાફરી કરૂં છું. જ્યારે આપણા જન્મના મિત્ર શ્રી ફ્રૂપેરેન્સને આવતે ત્યાં સ્પેનમાં આવવાને આમંત્રણ મોકલ્યું ત્યારે તે કેમ ઘણી ખુશીથી સ્વીકાર્યું કે ટેલેસમાં મને એકલાને કંઇપણ ન કરૂં અને મારે વખત જ્યાં ન હતો. પરંતુ અહીં આવીને મેં ધારેલી વધારે પીવાની ભૂલ કરી તને માટે મને ખેદ થાય છે."

અપૂર્ણ.

[આ વાર્તા આવતા અંકમાં પૂરી થશે.]

એક સુંદરીનાં સાહસ કર્મો !

લખનારઃ—રા. મંજુલાલ ગોપાલરાય દેસાઈ

પ્રકરણ ૧૧ મું. (ચાલુ.)

"હરિ, હરિ;" વેપારીએ જુસ્સાથી કહ્યું. "ત્યારે તો હું એક દહાડો વધારે રંડીશ."

"આવતી કાલે અહીંઆં શું જોવાનું છે?" પ્રસન્ને માલિકને પૂછ્યું.

"ખરેખરો ભયાજનક દેખાવ, સાહેબ," માલિકે મોટેથી બૂમ પાડીને કહ્યું. "નથી જાણ્યું કે જેને જીવતા બાળી મૂકવામાં આવનાર છે, તેમને તો યોગ્ય શિક્ષા થશે પણ ચેતીશે કે જેને ફાંસીની શિક્ષા કરવાની—"

આ વાતથી સમાચારથી પ્રસન્નનું આખું શરીર ક્રુદ્ધ ઉદ્વેગ અને તે વચ્ચેજ બોલી ઉઠ્યો, "આવું ક્રાંત ગામડું આવો ભયંકર દેખાવ સહન કરી શકશે!"

"ચોક્કસ સહન કરશે-અને તે નક્કી બનવાનુંજ છે." તેણે કહ્યું "પ્રથમના જથ્થે કેદીઓ રાત્રે જાનમાલના અહીંના મોટા મંદીરમાં ભેગા, કેટલુંક કિમતી જવાહીર અને દાગીના લીધા પણ ઉંચકે નાસી જતાં પકડાયા. તેમની પાસેથી બધો માલ લઈ લેવામાં આવ્યો અને તેમને કેદ કરવામાં આવ્યા. તેમના ઉપર કામ ચલાવી તેમને શિક્ષા કરવા માટે અમારા વડા ધર્મગુરૂ મહેરાગિરિ ગઇ કાલેજ ચંદ્રપુરથી આવી પહોંચ્યા અને તે જથ્થે જણને આવતી કાલે જીવતા બાળી મૂકવાની સજા ફરમાવી. તે વખતે વડા ધર્મગુરૂ જાતે હાજરી આપવાના છે. વળી તેજ વખતે જયસિંહ નામના એક માણસને ફાંસી દેવાની છે."

"આ જયસિંહે શું ગુન્હો કર્યો છે?" પ્રસન્ને કંઈક આતુરતાથી પૂછ્યું.

"તેણે કેટલાક જુવાન માણસોને હથિયાર આપ્યાં અને તેમને સલાહ આપી કે તેમનો ભરોસ્પર ઉપયોગ કરતાં શિખો કારણ કે વહેલો કે મોડો તે વાપરવાનો સમય આવી પહોંચશે;" વીશીના માલિકે આગળ ચલાવ્યું, "આથી તેને પકડવામાં આવ્યો. તે માણસ અહીંના વીર બહાદરદીઓ મહેનદ્રપાળના પક્ષનો છે એવો આરોપ તેના ઉપર મકવામાં આવ્યો. જયસિંહે હિમતથી આ બધું કબૂલ કર્યું. તેથી તેને અહીંના ન્યાયાધિશ અનેકવાર ધર્મગુરૂની સમક્ષ લઈ જવામાં આવ્યો. તે બન્નેએ સાથે મળીને એવો ગુન્હોદો આપ્યો કે આ માણસ અહીંની પ્રજામાં ખોટો અસંતોષ ફેલાવી આ પ્રદેશમાં ખુનામરકી કરાવવાની ઈચ્છા રાખે છે માટે તેને ફાંસીએ ચઢાવવો જોઇએ."

જયસિંહ ઉપરના જુલમી ત્રાસથી આંખોં પામીને પ્રસન્ને કહ્યું, 'અને ફક્ત સાહસ અપરાધ માટે આવી કઠોર શિક્ષા?"

"ભલા માણસ, તું હજી બીનઅનુભવી છે." સખત અને આશ્ચર્યસૂચક અવાજે ઝિખામણ આપતાં ગોતીશા બોલી ઉઠ્યા, "અહીંના સત્તાધારી પુરૂષો માટે આકું અવળું બોલતાં પહેલાં પુષ્કળ વિચાર કરજે; કારણ કે તેમના કાન બહુ તિવ્ર હોય છે અને તેમના જાસુસો અસલ અને દયા વગરના હોય છે."

"મને લાગે છે કે મારા કરતાં તમે અક્ષર-કરે ત્રીજી ભાષામાં ઘણું વધારે પડતું બોલી ગયા છો," પ્રસન્ને હસતાં હસતાં ઠંકોર કરી.

"અરે! અહીંઆં આ તો બધા આપણા મિત્રોજ છે;" વીશીના માલિક બૂમ પાડી ઉઠ્યો. "જતાં પણ અહા પુરૂષોએ પોતાની જીભ ઉપર કાબુ રાખવો એ ખાસ જરૂરનું છે. ગોતીશા કંઈ પણ વધારે પડતું બોલ્યા નથી."

આ સાંભળીને વીરપાળ પરિણામની કંઈ પણ જરકાર રાખ્યા વગર અથવા તો તેની વિવેકશક્તિને ગુસ્સાના આવેશમાં બાજુએ મુકી દઈ બોલી ઉઠ્યોઃ, "જે મને પુછો તો દરેક માણસની ફરજ છે કે જ્યાં જ્યાં જુલમ થતો હોય ત્યાં ત્યાં તેણે તેની સામે સખત વાંધો ઉઠાવવો જોઇએ અને ગમે તે ભોગે એવા અન્યાયની સામા થવા તત્પર થવું જોઇએ."

"અને જો કે બીજાએ તો આવી બાબતોની ચર્ચામાં ખાસ કરીને ઉતરવું નજ જોઇએ," જુસ્સાથી લાલ થયેલા ભવ્ય ચહેરે મનોરમા બોલી "તો પણ ત્રાસથી કંપ્યા સિવાય રહી શકાતું નથી કે આ દુનીયાના સુખી જનસમાજને દુઃખી બનાવનારી આતુરી કૂરતાના અવનવા દ્રષ્ટાંતો વિષે જ્યારે જ્યારે હું સાંભળું છું ત્યારે ત્યારે મારૂં હૃદય ખરેખર ત્રાસી જાય છે. અરેરે! આપણા ધર્મગુરૂઓમાં રહેલા વસનાયતોનો ખરેખરો બોધ આપણા રાજ્યકર્તાઓને કયારે થશે? તે સદ્‌ભાગ્યોને હૃદયતંત્રથી અમલમાં મૂકવાની વૃત્તિ તેમનામાં કયારે પ્રગટશે?"

જ્યારે મનોરમા આ પ્રમાણે બોલતી હતી ત્યારે તેણીનું વદન પ્રદ્દપ્ત થતું લાગ્યું—વીરતાની ઉર્મીઓ ઉભરાઇ જવાથી તેની છાતી પ્રફુલતી દેખાતી—અને તેનો આંતરિક ક્ષુબ્ધો અને તેજ્યી તેની સુંદરતામાં ભભતા આવતી જણાતી. પ્રસન્નગિરિ અને વીરપાળ સિવાય બધા તેણીના તરફ દિગ્મૂઢ બનીને તાકી રહ્યા. પ્રસન્ન અને વીરપાળ તો તેણીના આ રૌદ્ર સ્વરૂપથી સારી રીતે ટેવાયેલા હતા. ગોતીશા તો કપિલે ડોળે તેણીના મુખ તરફ એકી ટસે જોઇજ રહ્યા. પાછો એક લાંબો નિશ્વાસ નાખીને બોલ્યા, "બાપ! તું આ દેશની નથી લાગતી. આ તારી માતૃભૂમિ પણ નથી; નહિ તો આ ભૂમિનું અને અમારૂં કમનશું થઈ ગયું હોત."

આ માનસચક્ષુ ઝબ્દોથી મનોરમા ગભરાઈ ગઇ. તેણીએ આસપાસ નજર ફેરવી તો જણાયું કે ત્યાં બેઠેલા બધા મોતીદાના શબ્દોને અંતઃકરણપૂર્વક ટેકો આપતા હતા. પણ આ વાત આગળ ચાલે તે પહેલાં તો એકાએક બારણું ઉઘડ્યું અને એક નીચો પણ મજબૂત બાંધાનો કરડ્યા ચહેરાવાળો માણસ તેની કમરે બાંધેલા ગામડાના પટામાં લટકતી મોટી કુંચી સાથે અંદર દાખલ થયો.

"આ મારો છેલ્લો ઉપાય હતો અને તે પણ ફોકટ ગયો," અંદર પેસતાંજ તે કડ્યો ઉઠ્યો અને ત્યાં બેઠેલા તરફ તેણે ક્રમપૂર્વક એક તીવ્ર નજર ફેંકી.

આ માણસના એકાએકે દાખલ થવાથી તે વીધીનો માલીક તો સ્તબ્ધ થઇ ગયો અને તેનો ચહેરો ફીકકો પડી ગયો; કારણ કે આવનાર માણસ આ ગામના ન્યેલખાનાનો અધિકારી હતો. અહીં આ જે વાતચીત ચાલતી હતી તે કંઇક અંશે ભયંકર હતી અને તે વખતે અચાનક આ અધિકારીનું આગમન થવાથી વીધીવાળા ગભરાઇ ગયા એમાં કાંઇ પણ નવાઇ જેવું ન હતું. પણ તેના ઉપરના ઉદ્‌ગાર સાંભળીને વીધીના માલિકે તરતજ અનુમાન કર્યું કે અહીંઆ બેઠેલા કોઇ પણ માણસને કાંઇ પણ તુકસાન કરવાના હેતુથી તે આવ્યો નથી.

"શું થયું છે સાહેબ!" વીધીવાળાએ ઠરે પેટે પૂછવા માંડ્યું.

"કાંઇ કહેવા જેવું નથી;" જેલર સાહેબ ગુસ્સાથી કરાયું મોઢું કરીને બોલ્યા. પછી એક જગ્યાએ બેસતાં તે બોલ્યા, "મને ચોડું પીવાનું પાણી આપો. આજે મેં આખા ગ્રહેરમાં દોડવા કર્યું છે. આખરે થાક અને તરસથી કંટાળીને હું અહીં આવ્યો."

"આ રહ્યું સ્વચ્છ ઠંડું પાણી. આપ નિરાંતે સ્વસ્થતાથી પીઓ;" વીધીવાળાએ પાણી આપતાં કહ્યું. "તમારી આપને શાંતિ વળશે."

"ખરેખર, પાણી અમૃતું છે;" એમ કહી તેણે તે સારી રીતે પીધું. પછી તે જરા સ્વસ્થ થયને કહેવાં લાગ્યો, "તમે મારું કહેવું માનશો? આ ગામમાં પૈસા ખરચતાં પણ એક સાધુ જડતો નથી."

"શું એક સાધુ જડતો નથી!" માલિકે આતુરતાથી પ્રશ્ન કર્યો. "આપણા મોટા મંદીરના ત્રણ સાધુઓ કયાં ગયા!"

"તે ત્રણ તો છે જ પણ તેઓ તો તેમના કામમાં રોકાએલા છે," જેલરે જવાબ વાળ્યો. "પણ તે સિવાય બીજો કોઇ નથી અને તેથીજ હું મોટી વિમાસણમાં આવી પડ્યો છું."

"પણ તમારે સાધુની શું જરૂર છે તે તો કહો!" કાંઇક ઝંખવાણી વીધીવાળાએ પૂછ્યું. "બીજું પાણી આપું?"

"હા લાવો. આજે હું તેનાથીજ પેટ ભરીશ." જેલરે કહ્યું. પછી આસપાસ જોઇને, "અરે મોતીદા, તમે પાછા કયારે અહીં આવી પહોંચ્યા? તમે બોલે આવવાનીજ ઉપર તો અહીં હતા. તે વખતે અને થાક છે કે મારી બીજે તમારી પાસેથી ઓરંગની એક જોડી ખરીદ કરી હતી."

"તમે જાણો છો સાહેબ," મોતીદાએ હસતાં હસતાં જવાબ આપ્યો, "કે આ ગામના લોકો ઉપર મારો બહુ ભાવ છે અને તેથી વારે ઘડીએ હું અહીં આવું છું."

"હું માનું છું કે" જેલરે વીધીના માલિક તરફ આંખનો ઇસારો કરતાં કહ્યું, "મોતીદાને અહીં ઉઘરાણી વધારે છે અને તેથી તેમની આવજા અહીં વધારે થાય છે."

"ભલે, તેમ પણ હોય," મોતીદાએ હસતે ચહેરે કહ્યું. "પણ જેલર સાહેબ, તમે શી મુશ્કેલીમાં આવી પડ્યા છો તે તો કહો?"

"ખરેખર તે મુશ્કેલીમાંથી કેમ છૂટવું તે હું જરા પણ સમજી શકતો નથી." જેલરે નિરાશ નાખતાં કહ્યું. "જો કે મારે તે કામ સાથે ખાસ કરીને કાંઇ પણ લેવા દેવા નથી પણ તે કર્યા વગર મારો છૂટકો નથી. સાંભળો, તમે જો ન જાણતા હો તો જણાવી દેઉં કે આવતી કાલે ચાર કેદીઓને તેમના ગુન્હા માટે મોતની શિક્ષા કરવાની છે. તેમાં ત્રણને આગી નાખવામાં આવશે અને એકને ફાંસીએ લટકાવવામાં આવશે. કેદખાનાના નિયમ પ્રમાણે તેમને જુદી જુદી ઓરડીમાં પૂરવામાં આવ્યા છે. જે ત્રણને બાળવામાં આવનાર છે તેમની પાસે આપણા મોટા મંદીરના ત્રણ સાધુઓને મેં રાખ્યા છે. તેઓ આજ આખી રાત તેમની પાસે રહીને ઉપદેશ આપ્યા કરશે. પણ ચોથા કેદી બ્રાહ્મણ હોવાને માટે કોઇ સાધુ મળી આવતો નથી તેથી અહીંના પ્રત્યેક મંદીર અને ધર્મશાળામાં તેની શોધખોળમાં હું ફરી વળ્યો."

"અને તમે તેમાં નિરાશ થયા?" માલિકે કહ્યું. "પણ તમે વડા ધર્મગુરૂને આ માટે કહેતા નથી? તેમની તહેનાતમાં ઘણા સાધુઓ છે તો તેમાંથી એક તમને આપશે."

"વાહ, તમારી સલાહ તો લાખ રૂપીઆની છે." જેલરે માથું ધુણાવતાં જણાવ્યું. "પણ અહીંથી આશરે ચાલીસ માઇલ દૂર આવેલા એક મંદીરના વડા અધિકારીએ મહન્ત મહેશગિરિને પોતાને ત્યાં પધારવાનું આમંત્રણ કર્યું અને તેથી પોતાના બધા સાધુઓને લાને તેઓ ત્યાં ગયા છે અને તેથી તેમાંનું અહીંઆ કોઇ પણ નથી."

"હવે હું તમારી મુશ્કેલી બરાબર સમજી;" તે માલિકે કહ્યું, "કારણ કે આપણા ધાર્મિક કાયદાઓ હું જાણું છું. તેમાં એવું લખે છે કે મનુષ્યને મોતની શિક્ષા કરવામાં આવી હોય તેની પાસે તે શિક્ષા કરવાના નિમેષા વખત અગાઉ બાર કલાક પહેલાં તેને ધર્મના ઉપદેશ કરવાને એક લાયક સાધુને મોકલવાજ જોઇએ અને—"

"જો આ પ્રમાણે ન બની શકે તો," જેલરે ઉમેર્યું, "જ્યાં સુધી તે પ્રમાણે થાય નહિ ત્યાં સુધી મોતની શિક્ષા અમલમાં મૂકી શકાયજ નહિ. વળી આવતી કાલે બપોરે આ કેદીઓને શિક્ષા કર્યા પછી વડા ધર્મગુરૂ તરતજ ચંદ્રપુર તરફ જવાના છે અને તેથી જો તે કેદીઓના એકને શિક્ષા કરવાનું બાકી રાખવામાં આવશે અને તેથી તમને ચોડો વખત અટકવું પડશે તો તેઓ બહુ ગુસ્સે થશે. અને બીજી બાજુ મારા ઉપર કોણી જાતનાજ આવશે પણ આવા ગામમાંથી કોઇપણ અમને આખા ગામમાંથી કોઇપણ સાધુ નહિ મળી આવે એવું કોણે ધાર્યું હતું!"

"તમે અહીંના મધ્ય ચોકમાં આવેલી મોટી ધર્મશાળામાં તપાસ કરી?" મોતીશાએ પૂછયું.

"હા, ત્યાં પણ કોઈ નથી," તેણે જવાબ આપ્યો. "પણ તમે તે માટે કેમ પૂછો છો?"

"કારણ કે ખાસ કોઈ કામ માટે આવતી કાલે પરોઢીએ તે જણાએ મને મળવાને એક સાધુએ વાયદો કર્યો છે," તે વેપારી બોલ્યો. "અમે બને ચોક્કસ ખાત્રી છે કે આજ રાત્રે તે સાધુ જરૂર ત્યાં આવીને ઉતરશે."

"આ સમાચાર ઘણા પ્રસન્ન થવા જેવા છે," ઝેબેરે હર્ષથી કહ્યું.

પણ આ સમાચારથી વીશીનો માલિક, ભીલ ત્યાં બેઠેલા મુકુન્દરાવ અને ખાસ કરીને પ્રસન્ન, મનોરમા અને વીરપાળના અપમાનોના પાર ન રહ્યો. તેઓને મોતીશાનું વર્તન નવાઇભરેલું, બીકણ અને દ્રોહી લાગ્યું. જે માણસ શોકાર્જ વખત પહેલાં ન્યાય અને દમાની મોટી મોટી વાતો કરતો હતો, જેણે મનોરમાને તેણીના જુરસાદાર શબ્દો માટે અભિનંદન આપ્યું હતું તે માણસ જયસિંહની આબતમાં આ પ્રમાણે ઝેબરને મદદ કરે એ વિચારણીય તેઓનું લોહી ઉકળી આવ્યું.

પણ ઝેબર જેવો ભયંકર રાજદ્વારી અનુભવ નહોતો હોવાથી કોઇ આ વિષે જરા પણ ચર્ચા કરી શકયું નહિ. વળી ઝેબર તે વીશીવાળા સાથે વાતોમાં રોકાયેલો હોવાથી બધાના ખોડા ઉપરના ભાવ જાણી શકયો નહિ; નહિ તો તેને શૌડો ઘણો પણ વર્ષમ ચોક્કસ આવત. થોડા ઘણા સમય પહેલાં છૂટથી પોતાના વિચારો દર્શાવ્યા હતા તેઓને માટે પરિણામ ઘણું ભેખમકારક આવત.

મોતીશા શેઠે આ અગરની જરા પણ દરકાર કરી નહિ; તે તો ઝેબરની સામુજ તાકી રહ્યા.

"શેઠ, તમે જે ખબર મને આપી છે," આખરે ઝેબર બોલ્યો, "તેને માટે હું તમારો આભાર માનું છું. પણ તમને ચોક્કસ ખાત્રી છે કે મધ્ય રાત્રીએ તે સાધુ ત્યાં આવશે? કારણ કે આવતી કાલે બરાબર બપોરે બાર વાગે જયસિંહને ફાંસીએ લટકાવવો છે તેથી આજે મધ્ય રાત્રીએ તેને ત્યાં બાર જવાબ લેઇએ."

"હજી મધ્ય રાત્રીને એક કલાકની વાર છે અને હું ધારું છું કે એક કલાકમાં તે જરૂર ત્યાં આવી પહોંચશે," મોતીશાએ કહ્યું.

"મોતીશા, હું ફરીથી તમારો આભાર માનું છું," ઝેબરે ઉઠતાં કહ્યું. "હું ત્યાં એકદમ જઇને તેની રાહ જોઉં છું."

આટલું બોલી ઝેબર ગયો અને તેની પછવાડે બારણું બંધ થયું કે તરતજ મોતીશાએ ઉઠીને વીશીના માલીકને કહ્યું, "હું હવે મારા ઓરડામાં જઇને આરામ લઈશ."

અને જાણે કે પોતાના પ્રાંત નથી રાત્રામાંના કોઇ અને કદાચ બધા તરફથી કોઇ પણ સાંભળતું પડશે એવું માનતા હોય એમ મારી કોઇના સામું જોયા સિવાય અને એક પણ શબ્દ બોલ્યા સિવાય તે પોતાની ઓરડી તરફ ચાલ્યા ગયા.

અપૂર્ણ.

ફૂલબની બેગમ.

(સંપૂર્ણ કૂંકી વાર્તા.)

અનુવાદક:—રા. લલિતરાય જાદવજી વ્યાસ.

પતિ તરફની બેદરકારીથી બેગમ રાજમહેલની લહેજતોથી તદ્દન દૂર ગણી જીવન કુરબાન કરનારી ઔની આ કથા છે. એક તરફ મોગલ સમ્રાટ ઔરંગઝેબના જુલમોનો દોર ચાલી રહ્યો હતો. બળીયાનો બે ભાગનો ન્યાય ચાલતો હતો. રજપુતોમાં અંદર અંદર કુસંપ થવાથી સમ્રાટ સામે શૂર ઉંચકવા કોઇ તૈયાર નહોતું. પ્રબળ જુલમ નીચે ગભરાઇ રહી હતી. બીજી તરફ અધર્મની હાની ન સહી શકનાર પ્રભુએ દક્ષિણમાં એક વીર નર ઉત્પન્ન કર્યો હતો. તેણે આખા મહારાષ્ટ્રને એકત્રિત કરી મોગલ સમ્રાટની સર્વોપરિ, પરંતુ અત્યાચારો અને અનીતિથી પાયમાલીમાં ખળખળી ગયેલી સત્તા સામે મોરચો માંડ્યો હતો. સારા હિન્દુસ્થાનને પોતાનાજ અમલ નીચે માનનાર ઔરંગઝેબ એ કહેવાતા કુંજરના ઉંદર પરંતુ વીર કેસરી જનપતિ શિવાજીથી ત્રાસ પામતો હતો. સમ્રાટે એ વધતી જતી મરાઠા સત્તા સામે ઝુંબવા અમલદારોમાં મુકામ કર્યો હતો. આપણી કથા એ સમયની છે.

અમદાવાદ પાસે પાંચ ગાઉ ઉપરના દેવગામ નામનાં ગામમાંમાં અવિભક્ત છતાં ઝગીરથી વિભક્ત એવા બે ભુવેાની પ્રેમ કથા વંચાતી હતી. નારાયણરાવનો પુત્ર પુરંદર અને નારાયણરાવનાજ એક મિત્રની વિધવાની પુત્રી પુષ્પાવતી બાલ એલ ખેલતાં દિન પર દિન વધારે ને વધારે પ્રેમ બંધનમાં જકડાતાં હતાં. બાળકે મટી તેઓ યુવાન થયાં, પુરંદરનો મજબુત બાંધો, આંખમાં ચમકતી વીરતા અને ચહેરાનું સૌંદર્ય જેવાં આકર્ષક હતાં તેવું જ પુષ્પાવતીનું સૌંદર્ય મોહક હતું. હૃદયનો શુદ્ધ પ્રેમ અને સૌંદર્ય, સોનું અને સુગંધ બંને સાથે મળ્યાં હતાં, બન્ને બાળકે મટી યુવાન થયેલાંઓની આ પ્રીતિ તેના વડીલોથી છાની ન રહી. તેઓએ વધાજ આનંદથી એ પ્રેમને વધાવી લીધો અને વિવાહ કરી દીધો. પરંતુ કોઇ પૂર્વકર્મના દોષથી કે ગમે તે કારણથી પુષ્પાવતી પતિને ઘેર જવાજ પામી નહિ.

મોગલ સમ્રાટ ઔરંગઝેબ એક દિવસ શિકાર ખેલતાં ખેલતાં દેવગામ પહોંચી ગયા. ઔરંગઝેબ સાધુતાનો ભારે આદર કરતો હતો. તેણે રાજ છોડી મકકે આત્મા જવાની પણ પ્રસંગોપાત વાતો કરી કહેવાય છે. પોતાના બરાબર કૃત્ય ઉપર પણ તે ન્યાય અને ધર્મનો ઢોળ ચઢાવતો. પુષ્પાવતીના કમનસીબે એ રવાયપર દંભી કૂરીર ઔરંગઝેબની નજર એ ખીલી નીકળેલાં પુષ્પ જેવી પુષ્પાવતી પર પડી. એ સૌંદર્યથી તે મુગ્ધ થઇ ગયો. ઔરંગઝેબના હૃદયમાં દયા, પરોપકાર, પ્રેમ, એક સાથે ઉભરાઇ આવ્યાં. પોતાની દુષ્ટ વાસનાને તેણે ન્યાયના ઢોળ ચઢાવ્યો અને વિચાર્યું કે શાહી મહેલોમાં રહેવાને લાયક આ સુન્દર બાળા આર્યા ગામકાંમાં પોતાનું જીવન વિતાડે એ અન્યાય છે. મારા છતતાં આવો અન્યાય, આવો અત્યાચાર નજર થવો જોઇએ. હું સમ્રાટ થઇને આ ગરીબ બાળા પર ઉપકાર ન કરું તો મને ધિક્કાર છે.

તુર્તજ તેણે પોતાના નોકરોને હુકમ કર્યો કે:—"આ ગરીબ છોકરીનું દુઃખ મારાથી જોવાતું નથી. આ ખૂબસૂરત કૂલ આ જંગલી ઝાડીઓમાં રહેવાને લાયક નથી. તેને જલ્દી બેહિસ્ત જેવા સ્થળે પહોંચાડી દો." એ વખતે હિન્દુસ્થાનમાં કોની મજાલ હતી કે મહેનતાણાના ઇનામોને અનાદર કરે! હજુ તો સમજો ભીંડળ ફૂટ્યો નહોતો, માતાના મરણની આંસુઓ સુકાયાં નહોતાં, કે પતિ પત્ની પરસ્પર મળ્યાં પણ નહોતાં, એટલામાં વધામણી આવી અને આ પુષ્પને ઉઘાડી ગયો.

આખા આશ્રમમાં આ બનાવથી ત્રાસ ફેલાઇ ગયો. પુરંદરને એ અજર મળતાં તેના દિલમાં વૈરાગ્ય પ્રજ્વળી ઉઠ્યો. પરંતુ તેણે જોયું કે પોતાને સહાય કરે એવું કોઇ નથી રહ્યું. એટલે હવે તો માર્ગ લેવા અને જ્યારે એકલા પણ મૂકીને પુષ્પને કેવી રીતે ઉદ્ધારવી તેનો વિચાર કરવા લાગ્યો.

પુષ્પાવતીને મોતીબાગમાં ભારે જાલજાહોલી અને સુખની અખૂટ સાધનો વચ્ચે રાખવામાં આવી હતી. બાદશાહ તેને કુલજાની બેગમ કહીને બોલાવતો. મહેલમાં સુખની કોઇ જાતની ખામી નહોતી પરંતુ ખામી માત્ર દિલના આરામની હતી. પુષ્પાવતીનું હૃદય 'પુરંદર' 'પુરંદર' પોકાર્યા કરતું હતું. તેને પોતાનું જીવન પારખમ લાગતું હતું. પુષ્પાવતીના સહવાસે તેની દાસી તેના હૃદયને સમજનારી નીકળી આવી અને તેણે તેનાં દિલને આરામ મળે એવાં સાધનો યોજવા માંડ્યાં. એ દાસી પુષ્પાવતીને આશ્વાસન આપતી રહેતી હતી એથી તેના દુઃખમાં ઘણો ઘટાડો થતો હતો. પુરંદરને મળવાને તલસતી પુષ્પાવતીએ ઉંચ્ચ સાહસ કર્યું અને નીચે મુજબ એક પત્ર દાસી મારફતે રવાના કર્યો.

પ્રિય પુરંદર,

લોકો માનતાં હશે કે મને તે સ્વર્ગ પ્રાપ્ત થયું અને સંસારમાં મળી શકે તેવાં તમામ સુખો મને મળી ગયાં; પરંતુ મને તો અહીંનાં આ બધાં સુખો ઝેર જેવાંજ લાગે છે. તમારા વગરનું જીવન મને કેટલું ભાર રૂપ લાગે છે તે એક માત્ર મનજ લખે છે. હું લખે પણ કેમની વાતના જોગવી રહી છું. ખરેર, મારો પ્રાણપ્રિય ધર્મ, માર સતીત્વ-તે હું ખોઇ બેઠી છું. જો પોતાના પતિને, પોતાના સતીત્વને ગુમાવ્યા પછી કંઇ ભતનું સુખ આની શકે? બીજાનો એકજ ધર્મ પતિ તરફની વફાદારીનો છે એજ ધર્મથી મને બળજોરીથી બ્રષ્ટ કરવામાં આવી છે. આ બધાનાં પણ મને કેટલું દુઃખ થયું છે તે માર મનજ લખે છે. મને લાગે છે, આ સતીત્વના ભંગ કરતાં કું વિધવા થઇ હોત તો તેનું દુઃખ મને ઓછું ન લાગત. હવે આ પારખમ જનમમાં હું રહેવા ઇચ્છતી નથી. પુરન્દર, તે તમે મને ખરેખર ચાહતા હો, તમને આપણે સાથેજ ખેલતાં અને પછી જીવન ખેલ પણ સાથેજ ખેલવા બોલાયાં એ આપણૂ પ્રીતિની યાદ હોય તો તમે અહીં આવી મને આ પારપરૂપ જીવનમાંથી મુક્ત કરો. જીવનેશ, પ્રાણેશ; મારો આ પાપનો ભાર ઉતારી લો. આ નરકપુરીમાંથી મારો ઉદ્ધાર કરો. આવો, આપણે સાથેજ આ દેહનો ત્યાગ કરી આ પારખમ, દુઃખમય જીવનથી છુટીએ.

તમારા ચરણની દાસી,
પુષ્પાવતી.

પુરન્દર, પુષ્પાવતીનો સ્નેહ જાણતો હતો. તેને પક્કી ખાત્રી હતી કે પુષ્પાવતી નિર્દોષ છે. વિયોગથી તો તેનો સ્નેહ વધ્યો હતો. પુરંદર રાત દિવસ ઘડીની આંખે તેને ઊંડાવવાનોજ વિચાર કરતો હતો. એટલામાં હું તેનો સ્વીકાર કર' તો ધર્મ ભ્રષ્ટ થાઉં એ વિચારે તેને મુંઝવ્યો. પરંતુ તેને આ સિતિમાંથી ઉંચ્ચ્યા વિના છુટકોજ નથી અને એમ તે ખોતે પણ તેને ઊંડાવવાજ ઓશ દઢ નિશ્ચય કરી પુરન્દર દાસીની મારફતી ખાની મહેલમાં પહોંચી ગયો.

પુરંદર ધીમે ધીમે પુષ્પાવતી પાસે ગયો. પ્રિય પતિને આવતો જોઇ પુષ્પાવતીએ પણ પ્રેમાશ્રુઓથી તેને આવકાર આપ્યો. પુરંદરે તેનો હાથ પકડી બેસવાનો પ્રયાસ કર્યો ત્યારે પુષ્પાવતીએ કહ્યું કે, "બ્હાલા, મારો સ્પર્શ ન કરો. હું પાપી છું. હું તમને બેસવાને લાયક નથી. પરંતુ પુરંદરે તે કંઇ ન સાંભળ્યું અને હરબથી હરબ લજ્જાની અત્યંત પ્રેમથી મુંઝવ કર્યું અને કહ્યું, "બ્હાલી પુષ્પ, તારૂં શરીર અપવિત્ર થયું છે; પરંતુ હૃદય તો શુદ્ધ અને પવિત્ર છે. હૃદયની પવિત્રતાજ સાચી પવિત્રતા છે. તારૂં હૃદય હમેશાં પવિત્ર રહેલું જ તેની મને ખાત્રી છે પરંતુ કદી દુષ્ટ મતી ન થાય એવો વિચાર કરી મેં તહારૂં કહ્યું માન્યું છે. આપણે બન્ને એકબીજાના વિરહથી દુઃખી થયાએ છીએ માટે આપો આપે એ દુઃખમાંથી આપણે બન્ને મુક્ત થઇએ."

પુષ્પ, પુરંદરના હૃદય પર માથું રાખી, આંખમાંથી અશ્રુ વહાવતી આ બધું સાંભળતી હતી. પુરંદરની આંખમાંથી પણ અશ્રુઓ આવાં જતાં હતાં. થોડી વાર પછી પુષ્પે કહ્યું, "બ્હાલા, આ ક્ષણમાં તો આપણે ભળી શકયું નહિ પરંતુ મૃત્યુ થતાં મારાં પાપો ધોવાઇ જતે અને આપણા બન્નેનો જીવાત્મા એકમીલનમાં મળી જઈ અવસ્ય સુખી થશે. મેં કમારનો દેહ ત્યાગ કર્યો હોત પરંતુ માત્ર પ્રાણ ઉપર બાળપણુંજીવ તમારો અધિકાર સ્થાપિત થયો છે એટલે એ માટા અધિકારની વાત નહોતી. મેં તમને એકલાજ મારેજ બોલાવ્યા છે. આ હકમને સ્વીકારો. તમારૂં મોહું જોતાં જોતાં હું મહ આનંદથી મરીશ. તમારા હાથે મૃત્યુ થતાં મારા પાપનું ધોવાઇ જશે. બ્હાલા, આવો અવસર ફરી નહિ મળે-હવે વિલમ્બ ન કરો."

પુરંદરને એ વાત ખરી લાગી અને તેણે અમકારજ તેજ્વી કટાર કાઢી કહ્યું કે "હવે મેં મોહ ઢોકી દીધો છે. આજ હું અને તું બન્ને આ દેહ છોડી હમેંનાં સાથે ચિરસ્થાયી આનંદ ભોગવીશું."

પુષ્પે પ્રસન્ન ચિત્તથી એક વખત પતિનું દર્શન કરી લીધું અને ધીર મુદ્રાથી બોલી "આજ મારાં ધન્ય ભાગ્ય છે. મારા પાપનો ખંધનો તુટે છે, હું સ્વતંત્ર બની સ્વર્ગે જઇશ." પુરંદરે છૂરી ચલાવવા હાથ તો ઉપ્યો કર્યો પરંતુ એ દનેહ સમારણ, એ પોતાની પ્રિય પુષ્પ ઉપર છૂરી ઉમ્ર ચલાવવી એ વિચારે મુઠ્ઠ ઉપ્યો, છૂરી હાથમાંથી સરકી પડી. તુર્તજ પુષ્પે સમય બર્બર જતો લેખ પકાર કર્યો. "પુરંદર, બ્રોતમા ન બતીયા. આ તે પ્રેમ પરીક્ષા છે. મારાં આ પાપી શરીરનો જલ્દી નાશ કરો." પુરંદરે ફરી હાથ ઉપ્યો કર્યો પરંતુ દૈવયોગે ઝેર હલ્લે એક બાજીસરા આવી પહોંચ્યો, અને તેણે પુરંદરનો હાથ પકડી લીધો. આથી કુલજાની બેગમે અત્યંત ક્રોધથી ત્રાડ્યા કરી અને કહ્યું કે,

"હું કોણ છું એ જાણે છે ?"

બીજારો ખાનસરા ગજરાયો અને બોલ્યો. "આપ બાદશાહની બહાલી બેગમ કુલસમની છો."

બેગમે કરમાવ્યું, " હું હુકમ કરું છું-કે હાથ છોડી દે."

બોલાએ જવાબ આપ્યો. "આપનો હુકમ હું માથે ચઢાવું છું. પરંતુ આ બધી હકીકત શહેનશાહ પાસે અવશ્ય રજુ કરીશ."

હા ના કરતાં ત્રણસો રૂપિયાથી સાટું નક્કી થયું. ખરચ બદલ રૂપિયા સો લેવાનું નક્કી થતાં અમીરે કહ્યું:—"આ કામ કરવામાં લેટલી ઢીલ કરવામાં આવે તેટલું નુકસાન છે. રાત્રે બાર વાગ્યે પુના પેસેન્જર ઉપડે છે તથા તે રવાના સાડાસાત વાગ્યે પુના પહોંચાડે છે. જો તું કહેતો હોય તો અમે અત્યારેજ રવાના થઇ જઇએ. ખરચના સો રૂપિયા તું હમણાં આપી શકે છે?"

ગુલબર્ગે ઉઠી એક પેટી ઉઘાડી તેમાંથી પચાસ રૂપિયા કાઢી પીરૂ તથા અમીરને આપી કહ્યું:—"હમણાં જવાની પાસે જે સિલકમાં છે તે આપું છું. તમારા આબ્બા પછી બીજા રૂપિયા તો તેજવાર્યું કરી આપીશ."

પીરૂ અને અમીર ગુલબર્ગની રજા લઈ ત્યારે નીકળી પડ્યા. નજીક આવેલી પોતાની રૂમમાં જઇ તેમણે કપડાં પહેરી લીધાં. અમૂલ્યનો ફોટો જોઈ પીરએ બરાબર તેના જેવો વેશ ધારણ કર્યો તથા અમીરે તેના નોકર જેવો વેશ પહેરી લીધો.

બંનેમાંના આબાન ઉપરાંત બન્ને બદમાશોએ એક ટ્રંકમાં પોતાને જોઇતી બીજી વસ્તુઓ લઇ લીધી. પછી તેઓ બાગાની વિકટોરિયામાં બેસી બોરીબંદર સ્ટેશને ઉપસ્થિત થયા. ટ્રેઇનને ઉપડવાને પા કલાકનો વિલંબ હતો. પીરએ નવ રૂપિયા પાંચ આના આપી પોતાને માટે એક સેકન્ડ કલાસની તથા બદી રૂપિયા આપી અમીર માટે સર્વન્ટ કમ્પાર્ટમેન્ટની સેટ રીઝર્વ લઇ લીધી. બન્ને જણતાંને ટ્રેઇનમાં બેસા. સેકન્ડ કલાસના જે કમ્પાર્ટમેન્ટમાં પીરૂ બેઠો તેની સાથેજ સર્વન્ટ કમ્પાર્ટમેન્ટ હોઈ તેમાં અમીર બેઠો.

કલ્યાણ જંકશન પસાર થયા પછી સેકન્ડ કલાસના કમ્પાર્ટમેન્ટમાં પીરૂ સિવાય બીજું કોઈ પેસેન્જર નહિ હોવાથી અમીર પણ ત્યાં જઇને બેઠો તથા હાથમાં લીધેલું કામ કેવી રીતે પાર પાડવું એ સંબંધીની તેઓ મસલત કરવા લાગ્યા.

(૨)

અનાયાસે જમાઇ.

બીજે દિવસે રવવારે રહાડા સાત વાગ્યે ટ્રેઇન પુના સ્ટેશને જઇ પહોંચી. પીરૂ તથા અમીર નીચે ઉતરી પડ્યા. અમીરે એક કુલીના માથા ઉપર સામાન ગોઠવી દીધો. પીરૂ સ્ટેશનના સ્ટૉલ ઉપર જઇ કુટનો એક કંડીઓ ખરીદી લાવ્યો. બહાર જઈ ટાંગામાં બેઠા. અમીર ગાડીવાન સાથે બેઠો. પીરએ કાગળપત્રોમાંથી અમૂલ્યના સસરાનું નામ-હામ જાણી લીધેલું હોવાથી ટાંગાવાળાને ઠેકાણું આપ્યું- અને ટાંગા ચાલુ થયો. ટાંગાવાળો અમૂલ્યના સસુર મુબારકઅલીને ઓળખતો હતો. કારણ કે પુનાની રેસમાં તેના ઘોડા દોડતા હતા. તેણે મુબારક અલીના મકાન પાસે ટાંગા લઈ જઇને ઉભો રાખ્યો એટલે અમીરે નીચે ઉતરી પછી મકાનના દ્વાર પાસે જઇ પૂછ્યું:—"મીંયાસાહેબ છે કે?"

આ વખતે અઢાર ઓગણીસ વર્ષની ઉમ્મરની એક નવજવાન હસીનાએ ઓટલા ઉપર આવી પૂછ્યું:—"કેમ, શું કામ છે?"

"તેમના જમાઈ કરીનીથી આવ્યા છે." અમીરે તેાપ મારી.

આ ઉત્તર સાંભળી એ ખૂબસુરત નાજનીન શર્માઇ ગઇ.

પીરૂ ટાંગામાંથી નીચે ઉતરી દમામથી ઉભો રહી એ હસીનાના રૂપ સૌંદર્યનું દર્શન કરતો હતો. માથા ઉપરનું ઓઢણું સહજ આજુબાજુ એની, પીરૂ તરફ એક હાસ્ય મિશ્રિત કટાક્ષ ફેંકી એ નાજનીન અંદર ચાલી ગઇ.

અમીરે આપેલા ઉત્તર મુબારકઅલીના સાંભળવામાં આવેલો હોવાથી વિના વિલંબે તેણે બહાર આવી કહ્યું:—"આવો-પધારો."

પીરૂ મુબારકઅલીને ખુશખબર પૂછતો તેની સાથે બેઠકખાનામાં જઇને બેઠો. તથા અમીર સરસામાન ઉતારી મકાનમાં લઇ જવા લાગ્યો.

બેઠકખાનામાં બેઠા પછી આવેલી કાળીને ઇસ્લામ આપતાં પીરએ પૂછ્યું:—"અહીં સહુની તબિયત સારી છેને?"

પ્રોગ્રામ પ્રમાણે પસાર કરી જવા આવેલા મુબારકે કહ્યું:—"હા. તમારા પત્રમાં તમે સુખવારે અહીં આવવા લખ્યું હતું. પરંતુ સુખવાર બીતી જવાથી- અમને ઘણી ફીકર થયા કરતી હતી; ચાર દિવસની ઢીલ કેમ થઇ?"

"એક ફોરતના આકસ્મિક મુંબઇમાં ચાર દિવસ વિક્ષેપ રોકાવું પડ્યું. કામે રાત્રે પણ મહા મુશ્કેલીથી રજા મેળવી છે." પીરએ પ્રપંચના પાસા ફેંકવા માંડ્યા.

"પણ મુંબાઈથી એક પત્ર લખ્યો હોત તો અમને ફિકર ન થાત."

"પરંતુ ત્યાં વરસાદ એટલો બધો હતો કે, બરમાંથી બ્હાર નીકળવાની મરજી જ ન થાય." આમ કહી વાતને દુઃખમાં પલાવવાના હેતુથી પીરૂએ કહ્યું:—"સેક્રેટ કલાસની ટીકીટ લીધેલી હોવા છતાં રાત્રે બિલકુલ ઉંઘ આવી નથી. હવે તો બે એક કલાક આરામ લેવાની ફિકર છે."

"હમણાંજ હું બાંદોરસ્ત કરૂં છું" કહી મુબારક ઉઠ્યો, તથા તેણે મેજ ઉપર આવેલા એકાન્ત ઓરડામાં બિછાનાની ગોઠવણ કરી. પિરૂની સૂચનાથી અમીર પેલી કેનવાસની બૅગ અને ટૂંક એ ઓરડામાં મૂકી આગ્યો. પછી પીરૂ મેજ ઉપર જઈ દ્વાર બંધ કરી બિછાનામાં સુઇ રહ્યો. અમીર એ ઓરડાના દ્વાર પાસે બ્હાર ઉભમાં બેઠો.

દશ બાર મિનીટ સુધી સુઇ રહ્યા પછી પીરૂ બિછાનામાંથી ઉઠ્યો તથા કેનવાસની બૅગમાંથી કાગળપત્રોનું બંડલ કાઢી તેમાં જે પત્રો નરગીસે તેના આફિંદ અબૂજ ઉપર લખ્યા હતા તે વાંચવા લાગ્યો. નરગીસે જે છેલ્લો પત્ર લખ્યો હતો તેનો સાર્યાંશ નીચે પ્રમાણે હતોઃ—

"પ્રિયતમ!"

આજ કાલ કરતાં પાંચ વર્ષથી તમે નોકરી ઉપર ગયા ગયા છો અને અત્રે હું તમારૂં દર્શન કરવાને તલપી રહી છું. તમે લખો છો કે, નોકરીમાંથી રજા મળતી નથી તો એની નોકરીનું રાજીનામું આપી દો. પુરૂષ જાતને નોકરીની શી ખોટ છે? મુંબાઇ જેવા શહેરમાં તમારા જેવા ભણેલા ગણેલા માણસને વિના વિલંબે નોકરી મળી શકે તેમ છે. શાદી કરીને ગયા પછી તમે બ્હારી બિલકુલ બજર નથી લીધી એ તમે બ્યાજબી કર્યું છે કે? બ્હારા જેવી બાર વર્ષની એક નૈવયૌવના માટે પિયુના વિયોગનું દુઃખ કેવું અસહ્ય હોય છે એનો કંઇ વિચાર કરો છો કે? તમારા વિરહનું દુઃખ હવે હું વેઠી શકતી નથી; માટે બ્હારા ઉપર દયા લાવી આ પત્ર મળે કે તરતજ અને આવી તમે બ્હને તમારી સાથે લઇ જશો:

ત્રિ૰ તમારી બાંદી
નરગીસ.

પીરૂએ આવી રીતે એ બંડલમાંના બધા કાગળો એક એક વાંચી લીધા. બરાબર દશ વાગે તે એ ઓરડામાંથી બ્હાર નીકળી બ્હારે પેઢ ઉભમાં ફરવા લાગ્યો. બીજા સમય પછી અમીરને ઓરડાની અંદર સુઇ જઈ તેના હાથમાં એક દશ રૂપીયાની નોટ આપી પીરૂએ કહ્યું:—"આ નોટ લઈ તું ટ્રામ બારે કરી કેરબામાં ન્હ, તથા ઓરડાબ્હારની એક બાટલી લઈ આવ."

અમીર ચાલ્યો ગયો, પીરૂ એકલો બાકી ઉભમાં ફરવા લાગ્યો. એવામાં સર્માતી સર્માતી નરગીસ ધીમે પગલે તેની પાસે આવી. પીરૂએ ઓરડાની અંદર પ્રવેશ કર્યો, એટલે નરગીસ પણ અંદર ગઇ. તે પીરૂનેજ પોતાનો આફિંદ ધારે શ્રીહર સમજી અંતરના આવેશથી ભેટી પડી. અબૂજના હાથની અંગિઠી ઉપરથી જે વીંટી ભગી આવી હતી, તે પીરૂએ પોતાની આંગળી ઉપર પહેરી હતી. એ વીંટી બ્હાર ઢાકી નરગીસની આંગળીએ પહેરાવી તેણે તેના મુખેથી અબૂજના ઉપર અનેક ચુંબન કર્યાં. 'મ્હને જવા દો. કોઈ જોઈ જશે.' કહી લાજની લાલના ધારણ કરતાં તે આલિંગનમાંથી છુટી થઈ. નરગીસે અબૂજ ઉપર પેલો જે પત્ર લખ્યો હતો તે પીરૂએ હાથમાં લઇ નરગીસને બતાવી કહ્યું:—"વિલાયત! તારો આ પત્ર મળ્યા પછી બ્હારૂં દિલ તારી પાસે આવવાને અધીર બની ગયું હતું," આમ કહી પીરૂએ પુનઃ નરગીસને આલિંગન કર્યું. નરગીસ બધેર પછી બગવા આવવાનું કહી પાછી નીચે ચાલી ગઇ.

ગોસલખાનામાં જઈ પીરૂ સ્નાન કરી ચ્હાગ્યો, પછી તેણે બખ્તરબાર કપડાં પહેરી લીધાં. મસ્તક પરના કેશ કાંસકી તથા અરથી વ્યવસ્થિત કર્યાં. પહેરેલાં કપડાં ઉપર અંતરવાળા હાથ ધરયા. આવી રીતે એ જવાન એક ગૃહસ્થની છોકરીનું વેરણ કરી જનારો પ્રપંચ ખેલવા લાગ્યો.

કલાકેકમાં અમીર ઓરડાબ્હારની બાટલી લઈ આગ્યો. બન્ને જવાનોએ એ બાટલીમાંથી પેગોદ્વારા કાઢી બાકી સાથે પી લીધી. પછી મુબારકના બોલાવવાથી પીરૂ બજારમાંના બાબાં ખાવું લેવા ગયો. જમાદાર આવેલો હોવાથી મુબારકની બીજી અમીનાએ વિવિધ પ્રકારની બાલ રામચી બનાવી હતી. બિરિયાની, કબાબ, કરસિસ પુડીંગ, ફ્રાસમાં વગેરે સબજી વાનીઓ તેણે તૈયાર કરી હતી, મુબારક અને પીરૂ સાથે બાબાં લેવા બેઠા. બેઠી વાર પછી પીરૂએ કહ્યું:—"૭ દિવસ પછી બ્હારી રજા પૂરી થાય છે. તાંસુખીમાં બ્હારે બ્હરાક જઈ નોકરી ઉપર હાજર થવું પડશે. મુંબાઈથી પરમ દિવસે ઉપડતી સ્ટીમરમાં કરાવી જવાનું બ્હેં નક્કી કરેલું છે; માટે આજે રાત્રેજ અમને અહીંથી રજા આપવાની અવશ્યતા કરજો." આમ કહી પીરૂએ પેલા પોતે વાંચેલા અબૂજના કાગળપત્રોની પોતાને મતલબ બાબતોના વાર્તાલાપમાં એવી રીતે સહાયકી ઉપયોગ કર્યો કે, તેને માટે પ્રાર્થને બદેમ ઉપજ્યો નહિ. મુબારકની બીજી અમીનાએ તેને નોકરી છોડી દઈ પુના પોતાને આવી રહેવા કહ્યું; પરંતુ પુનઃ પીરૂએ ગોળગોળી એ વાતનો પણ સમાધાનકારક ઉત્તર આપી દીધો.

નરગીસને સાથે મોકલવાની હોવાથી આગ્રા દિવસ સરકારમાન આપવા બાબતમાં પત્રવાર થઈ ગયો. પીરૂએ નોકરી ઉપરથી મોકલાવેલા રૂપિયાની જરૂર જણાવેલી હોવાથી મુબારકે હિસાબ તપાસી આશરે પચીસ રૂપિયા જમાબંધી વેણી રકમ પીરૂને આપી દીધી. નરગીસ સાથે જતી હોવાથી તેનાં સબળાં બ્હેણું ઉપરાંત તેને કપડાં લત્તાં તથા પરમુરબ્બુ ખરચ માટે એક હજાર રૂપિયા અમીનાના કહેવાથી મુબારકે આપ્યા.

અમીર એક નોકર તરીકે જીનની સૂચના પ્રમાણે વર્તતો હતો. રાત્રે સાડાદશ વાગે ટ્રેઇન ઉપડની હોવાથી સાડાનવ વાગે તે એક બાઘાનો ટાંગો બોલાવી લાવ્યો. મુબારક સ્ટેશન સુધી બળવતી જમાબંધે મૂકવા ગયો. સ્ટેશને ગયા પછી પીરૂએ ફિર્સ્ટક્લાસ કમ્પાર્ટમેન્ટની ટીકીટ તથા એક સેકન્ડ ટીકીટ લઇ લીધી. પીરૂ તથા નરગીસ એક કલાસના કમ્પાર્ટમેન્ટમાં જઈ બેસી તથા અમીર સેકન્ડ કમ્પાર્ટમેન્ટમાં જઈને બેઠો. બધા સમયે ટ્રેઇન ચાલુ થઈ. કાગળપત્ર લખવાની સૂચના આપી મુબારક પર તરફ વિદાય થયેા.

(નરગીસની દહાડીની થઈ તે આવતા અંકે આપવામાં આવશે.)

(અપૂર્ણ)

પ્રભાતીય કિરણ.

(૫૫ વર્ષો.)

—:૨૦:—

(૧)

[illegible] વિધવાઓની સારીમાં સાથેના સંબંધની છતિહી કરી [illegible] ત્યારે તેની ઉમર ૬૪ વર્ષની હતી, એ વધુ [illegible] પ્રસંગો બની ગયા છે. કમળું કિરણ જુવાનીમાં આવેલી રમણી છે. [illegible] નવરાશને વખતે તેને ઘણી હોંશ એવા [illegible] વિચાર આવ્યો હતો. ૧૬

પતિ સાથેની એ વિલસની સંતાકુકડી હમણાં કિરણને યાદ આવે નહીં. સ્વપ્નની સ્મૃતિની માફક તેને. ઉંવળ એટલું જ યાદ આવે છે કે, ૬૦ વર્ષે વિચિત્ર વેશમાં તે ઉત્સવ જોવા ગઇ હતી. ત્યાં ચારે તરફ દીપકોના પ્રકાશનો વિસ્તાર થયેલો હતો, પુષ્પમાળા ઓની સુગંધ આવતી હતી, તથા ગરબાઓના સુર સંભળાતો હતો. ત્યાર પછી એકાએક વટાળાનાનું તોફાન ચાલુ થતાં દીપકો બુઝાઈ ગયા, પુષ્પોની સુગંધ ઉડી ગઈ, કિરણના સુંદર વસ્ત્રાલંકારો તેના શરીર ઉપરથી કોઈએ ઉતારી લીધા. કિરણ રડતી રડતી સાસરૂથી પિયર આવી.

ત્યાર પછી દશ વર્ષ વીતી ગયાં છે. હમણાં કિરણના પિતા પરલોકવાસી થયા છે. પિતાનું કારજ સારી રીતે આટોપી રમેશ બેઠારગામ પોતાની નોકરી ઉપર જવાની તયારી કરે છે. જન્મદાતા પિતા અને અન્નદાતા સાહેબ સિવાય રમેશ સંસારમાં બીજું કોઇ જાણતો નહોતો. પિતાના મૃત્યુ પાછળ સંપત્તિ સાચવવાનો ભાર પુત્રે ઉપાડી લેવો પડે છે તથા પુત્રવધુ ઘર સંસારની રાણીનું પદ પ્રાપ્ત કરે છે. પરંતુ રમેશે સંસારના આ ચાલતા આવેલા નિયમનું ઉલ્લંઘન કર્યું. વિધુર પિતાની હયાતીમાં કિરણ જેવી રીતે ઘર સંસારનો કારોબાર ચલાવતી હતી, તેવી જ રીતે એ કારોબાર તેના હાથમાં જ હતો. પોતાની ઓનો પોતે હક્ક ખુંચવી લે છે એવો વિચાર સુદ્ધાં રમેશના મનમાં આવ્યો નહિ. પતિના આવા વ્યવહારથી મનમાં ઘણો રોષ ઉપજ્યો છતાં પુષ્પાએ બ્હારથી પોતાનો રોષ દર્શાવ્યો નહિ. તેણે પતિને કેવળ એટલું જ પુછ્યું કે, "ઘર સંસારની શી વ્યવસ્થા કરી ગએ છો?"

રમેશે ઉત્તરમાં કહ્યું:—"વ્યવસ્થા શી કરવાની હતી? જેમ ચાલતું હતું તેમ ચાલશે."

"શું ચાલતું હતું અને શું ચાલશે?"

"બાપાની હયાતીમાં જેમ ચાલતું હતું—" આટલું બોલી રમેશે અંતરના ઊંડાણમાંથી એક નિઃશ્વાસ મૂક્યો. તેની બન્ને કીકીમાં આંસુ ભરાઈ આવ્યાં. આ વખતે પુષ્પાની આંખોમાં પણ આંસુ ભરાઈ આવ્યાં, છતાં તે શ્વસુર કિંવા સ્વામી તરફની લાગણીનાં આંસુ નહોતાં, એ આંસુ, અભિમાનનાં હતાં. આંસુ છુપાવી પુષ્પાએ પુછ્યું:—"બ્હેન એકલાં બધું સંભાળી શકશે?"

પોતે ગૃહિણી થાય તો દરેક બાબતમાં કામકાજ કરી રહે એવો પુષ્પાના હૃદયનો ભાવ હતો. આમ છતાં સંસારથી અલગ રહેતો રમેશ કાંઈ સમજી શક્યો નહિ. તેણે કહ્યું:—"બાપા બ્હેનને બધું શીખવાડી સમજાવી ગયા છે. એ બધું કામકાજ સંભાળી શકશે."

પુષ્પા અભિમાનથી કાંઈ બોલી નહિ. પોતાના સંસારના કંટકનો નાશ પોતાનેજ કરવો પડશે એમ તેણે વિચાર્યું.

રમેશ વિચારવા લાગ્યો કે, ઘરમાં એ સ્ત્રીઓ એકલી છે. તેમની ખરખબર લેનાર કોઈ પુરૂષની ખાસ જરૂર છે. તેણે પુષ્પાને પૂછ્યું:—"હારા મામાના પુત્ર સુરેશને અત્રે રાખીએ તો કેમ?"

"કેમ તેની અહીં શી જરૂર છે?"

"ઘરમાં એક પુરૂષ માણસની હાજરીની બ્હેને જરૂર લાગે છે. સુરેશના સંસારમાં કોઈ નથી. તેને પોતાને હાથે રસોઇ બનાવી જમવું પડે છે. તે બ્હેને અહીં રહે તો તેની તથા આપણી બન્નેની સગવડ સચવાય તેમ છે."

પુષ્પા આ વાત સાંભળી પ્રસન્ન થઇ. ભાઇ આવશે એટલે પોતાનો પક્ષ બળવાન થશે એમ તેને લાગ્યું. આમ છતાં બ્હારથી સહજ પણ ઉત્સાહ દર્શાવ્યા સિવાય તેણે કહ્યું:—"રહે પણ એવી કોઇ વ્યવસ્થા કરવાનું તમને પ્રથમથીજ કહ્યું હતું; પરંતુ બ્હેન એ વાતમાં રાજી થશે?"

"હા."

"ત્યારે પછી બ્હેને પુછવાની શી જરૂર છે?"

આમ કહી પુષ્પા ચાલ્યાવઇ. સુરેશ પોતાને ઘેર રહી શકે એવી વ્યવસ્થા કરી રમેશ નોકરી ઉપર બ્હારગામ ચાલ્યો ગયો.

(૨)

સુરેશે આવતાંની સાથેજ મોજ-મજાહના એક મંડળની સ્થાપના કરી દીધી. સુરેશ ઘણો શોખીન હતો. હસવામાં અને ગાવા બજાવવામાં તેનો ઘણોખરો વખત પસાર થઇ જતો હતો. તેના પહેરવેષની ટાપટીપ હર કોઇને આકર્ષે એવી હતી. આમ છતાં તેનું મન સરળ હતું. ભલે વિકાશળ લોચનની દૃષ્ટિમાં સરળતાનો સુંદર સમાવેશ થયેલો હતો.

મોજ મજાહ તથા આનંદ વિનોદમાં સુરેશ વ્યસ્ત રહેતો હોવાથી રાત્રે તેનો આહાર કડો થઇ જતો હતો; છતાં એ કડો ખોરાક જમતી વખતે કિરણબાળાના કોમળ હાથનું તેને સ્મરણ થઇ આવતું હતું. એક પ્રકારના ન સમજી શકાય એવા આકર્ષણથી તેનું દિલ કિરણ તરફ ખેંચાવા લાગ્યું હતું.

એક વખતે સ્નાન કરી કિરણ રસોડામાં જતી હતી એવામાં સુરેશની તથા તેની નજર એક થઇ. કિરણનું માથું ખુલ્લું હતું. તેના રૂપિયર જેવો ચોટલો પીઠ ઉપર છુટો પડયો હતો. રૂપમાં મોહ હોય છે. કિરણનું રૂપ સૌંદર્ય ગરાસની માફક નશો ઉપજાવે એવું હતું. સુરેશે એ ગરાસનું પાન કર્યું. તે વચ્ચે ઉભેલો હોવાથી કિરણ આગળ વધી શકી નહિ તેમજ પાંજળ પણ હઠી શકી નહિ. ક્રમથી નીચી

નજર કરી તે મુગ્ધતા અંગે ઉભી રહી. વિસ્મિત તથા સંતર્જિત બની મરેલો સુરેશ એ મોહિની મુર્તિનું ધ્યાન ધરતો ધરતો ચાલ્યો ગયો. તે દિવસે મંડળમાં તેના મુખ ઉપર હાસ્યની છટા વિકસી નહિ, તેનો સુર પણ બેસુરો બની ગયો.

સુરેશના એવા પરત્વ ભાવનું દર્શન કર્યા પછી કિરણ ચંચળ બની ગઇ. લાગ્યું કે કોઇ રૂપેરી એકાએક વજ્રતેના વાયુએ આવી સેંકડો પુષ્પોની કળીઓને ખીલવી. વીસ વર્ષની ઉમ્મર કિરણ પ્રથમ-મજ સમજી ગઇ કે તે યુવતી છે. વીસ વર્ષ સુધી જે દબાઇને તેનાથી અજાણી હતી તે દબીદત એકાએક આજે લાગ્યું કે વિજળીના તારની માફક તેના લાહુવામાં આવી. દર્પણમાં જોયાતાં એ નેત્રો આજે લાગ્યું કે તેને કોઇ નવીજ વાત કહેવા લાગ્યાં! અધરની પાછળનું હાસ્ય આજ સુધી કયાં છુપાઈ રહ્યું હતું! એક પ્રકારની ગુપ્ત ધ્રુજારી તોફાની બનેલા સાગરની માફક તેનું હૃદય ચંચળ બની ગયું. એ કોમળ વેદના તેને અસહ્ય લાગી! આજે તેના અંતરમાં ક્યા કેવા ઉલાળા! લાગ્યું કે દુકાળથી પીડાતાં સેંકડો ભિખારી તેના હૃદયના બારણા પાસે આવી હાહાકાર કરવા લાગ્યાં!

કિરણ સ્થિર રહી શકી નહિ. ઝાંક સુધારતાં આવેશી કપાવા લાગી! રસોઈ કરતી વખતે સુરેશ આવતો હોય એવા ભણકારા થવા લાગ્યા! રસોઇની અંદર કોઈ દિવસે મીઠું મરચું નાખવાનું ભૂલી જવા લાગી. એ બધું જોઈ પુષ્પા કહેવા લાગી:—"આવી રીતે હવરાન કરવા કરતાં પોતાનાથી થઇ શકતું નથી એમ સાફ કહી કાઢું હોય તો કાંઈ હરકત છે?" આવો તિરસ્કાર થવા છતાં કિરણ પોતાની ભૂલો સુધારી કાઢતી નહોતી. કયારે ને પત્રને તેનાથી ભૂલ થઈજતી હતી.

પુષ્પા જ્યારે કિરણનો તિરસ્કાર કરતી ત્યારે સુરેશને ઘણું દુઃખ થતું હતું; પરંતુ તે નિરૂપાય હતો!

ધીમે ધીમે કિરણનું શરીર લેવાઇ જવા લાગ્યું. એક દિવસે તેનાથી ઉઠી પણ શકાયું નહિ. એ દિવસે અગિયારસ હતી. પુષ્પાએ આવી ત્યારે કહ્યું:—"આજે તમને અગિયારસ છે, એટલે બીજું બધું ભૂલે મરે! ઘેર પરાણે માણસ રહે છે તેનું ભાન છે કે! તે બધું ભૂખ્યું રહેશે કે!"

પુષ્પાની વાત ના સાંભળી ચમકાને કિરણ ઉઠી ઉભી થઇ; પરંતુ મુર્છા આવવાથી તે તરતજ જમીનસરસ્ત થઇ.

(૩)

અંધારી રાતે ચોરટાઓમાં સાદ રહેલી કિરણ પાસે બેસી સુરેશ વિચારવા લાગ્યો:—"ઇશ્વરે આવી સોનાની મૂર્તિ બનાવીને તેને દુઃખના દરિયામાં કેમ હસેલી મૂકી? અરેરે! ને તે ખ્હારી થઇ હોત તો!" આમ વિચારતો સુરેશ ઉદાસ દૃષ્ટિથી ખુલ્લી બારી તરફ જોઈ રહ્યો હતો. રાત્રિ ઘણી ગંભીર નિસ્તબ્ધ અને અંધકારમયી હતી. સબળું સ્થિર હતું. બાજની પાંખો સુધી હાલતાં નહોતાં. જડ તથા ચેતન બન્ને તે વેળા ઝબૂકી હતું; જેવળ બાપ રેવના ખળકતા હતા. તથા અસહ્ય લાગણી પીડાયેલી પીડાતો સુરેશ ભમતો હતો. તે વિચારી કરતો હતો કે, "હે ભગવાન! આ ભળવાળોર હૃદયને કું કેવી રીતે વશ કરું? પ્રભુ! તમે ખ્હારે રક્ષણ કરો. ખ્હારા અંતરમાં તમે લેશ ઉત્પન્ન ન કરશો. પુરૂષની શોભા તે લતા ઉપર હોય છે ત્યાં સુધીજ છે. એને ચુંટી હૃદય ઉપર રાખવામાં આવે તો પણ તે મુકાઈ જાય છે. હું કેવળ દર્શન કરીનેજ સંતોષ માનું છું કરીશ—મનમાં ને મનમાં બબડાયા. ભગવાન! તમે એને બચાવો."

બીજા સમય પછી કિરણ ઉઠમાં આવી. ઉહિકા પાસે બેસી કોઈ બંધો હલાવતું હોય એમ તેને લાગ્યું. ધીમા અવાજે તેણે કહ્યું:—"ભાભી!"

સુરેશે કહ્યું:—"તેઓ ઉંઘી ગયાં છે. તમને યું બોલાવે છોએ તે કહો! ઠમણું કેમ લાગે છે?"

સુરેશનો કંઠસ્વર સાંભળી કિરણનું શરીર એક વખત કંપી ઉઠયું. તે મુખમાંથી કોઈ બોલી શકી નહિ. સુરેશે ફરીથી પુછ્યું:—"ઠરે કેમ લાગે છે?"

કિરણે વિચાર્યું, જે સ્વપ્નવાળી આટલી સેવા કરે છે તેના પ્રત્યેની ઉત્તર ન આપવામાં આવે તો એ ગેરવાજબી ગણાય. મૃદુ સ્વરે તેણે કહ્યું:—"ઠીક છે. ઠરે બંધો નાખવાની જરૂર નથી. તમે જઇને સુઇ રહો. વિના કારણ આ માટે દુઃખ વેઠો છો!"

'દુઃખ!' સુરેશ મનમાં ને મનમાં કહેવા લાગ્યોઃ—"કિરણ! તું ખ્હારું સર્વસ્વ છે! તું ખ્હારું ચોથી, પ્રાણનો વાયુ, કંઠની ભાષા, નાકનો નિશ્વાસ તથા મુખનું હાસ્ય છે. તું ખ્હારું અપાર દુઃખ, સંપૂર્ણ તૃપ્તિ, ખ્હારા દેહમાં ઝબકા, ઝબકમાં અમૃત તથા અમરતમાં ઝેર છે. તું ખ્હારી અનંત પિપાસા, પિપાસાનું જળ તથા જળમાં આગ છે; તું ખ્હારા હૃદયની આશા, આશામાં કંટક, કંટકમાં કુસુમ તથા કુસુમમાં કીટ છે; તુંજ ખ્હારું સર્વસ્વ છે! તું ખ્હારી આંખની એક વાસના, વાસનાની માજમૂમિ, માજમૂમિની મરીચિકા તથા મરીચિકાની ભ્રાન્તિ છે. તું ખ્હારું સર્વસ્વ હોવા છતાં ખ્હારી સેવા કરવાથી મને દુઃખ થાય!" આવાં ઘણાં વચનો સુરેશની ઝબ ઉપર આવ્યા છતાં તે મનને વશ કરી બોલ્યો:—"એમાં દુઃખ જેવું શું છે! ખ્હારી ચિંતા રાખ્યા સિવાય તમે નિરતે ઉંઘો!"

"તમે સુઇ રહેવા લાગો; નહિ તો મને ઉંઘ નહિ આવે."

"ત્યારે ઉંઘવાની દવા પીઓ."

"ના, ઠરે કું દવા પીવાતું નથી."

"ઠમ, દવા નહિ પીવાતું કારણ?"

"મને ઝબન ઉપર માયા નથી."

"તમે બૂલો છો. તમને આરામ થાય તેથી મને લાભ છે. પુષ્પાની રસોઇ જોઈ ભાભીને મને ઘણો કંટાળો છુટયો છે!"

કિરણ હસી તથા તે સાથે અંતરના ઉંડાણમાંથી તેણે એક નિશ્વાસ મૂકયો. એ પ્રકાર સુરેશથી અજાણ્યો રહ્યો નહિ. તેણે વિચાર્યું પુષ્પા હમેશાં તિરસ્કાર કરતી હોવાથી કિરણ પોતાના ઝબ ઉપર કંટાળી ગઇ છે. તેણે સહાનુભૂતિયુક્ત સ્વરે કહ્યું:—"કિરણબાઇ! રમેશચંદ્ર ઘેર આવશે એટલે તમને કોઇ કાંઈ કહી કાઢશે નહિ."

"ભાભી માટે કાંઈ થાશે કું દુઃખિયા કરું એવું તમને ખ્હારા હૃદય તુચ્છ જણાય છે!! તમને પણ કું કરગરીને વિનવું છું કે, એ સંબંધી ભાભને કાંઈ કહેશો નહિ. બંધો બાંધ કરો. કું દવાની જરૂર નથી. તમે આ માટે આકળું બધું દુઃખ વેઠો છો!" તમે સુઇ રહેવા લાગો. વિના કારણ ખ્હારે માટે દુઃખી થશો નહિ. વિપરીત બનવી રહે યા ભરી જાય તેથી કોઇને કાંઈ તુકસાન નથી."

(આ વાર્તા આવતા અંકમાં પૂર્ણ થશે.)

ન્હાના પ્યાલો.

લખનારઃ—શ્રી. ભરત ફકીર.

હાયરો જાગ્યો હતો. ન્હા અને કેપીના પ્યાલા ઉડી રહ્યા હતા. મેં બાજુમાં જોઈલા નશુકાકાને કહ્યું:—"આ મારો ચોથો કપ થયો."

"ગભરા નહિ બેટા! મારો અઢારમો છે!"

"શું આપણે જ-મારો પીવામાંજ જરો?" મેં પૂછયું.

"ઠીકરા, મનુષ્ય જ્યાત સરજાઈ ત્યારથી પોતી જ આવી છે! વેદના વારામાં સોમરસ પીવાતો. મધ્યકાળમાં ભાંગ અને કસુંગા આવ્યા! અને આ વીસમી સદીમાં ન્હા, કોકો અને મદીરાના પ્રતાપ છે!"

"પણ ન્હાના આટલા બધા પ્રતાપથી દેશની પામમાંથી થતી હોમ એમ તમને નથી લાગતું?"

"નહિ, કદેજ નં!" નથુ કાકાએ લાયથી કહ્યું. "જે વસ્તુને આપણે ખરેખરા ધિક્કારતા હોઇએ તેને તો આપણે અડી શકીએ જ નહિ. હું તો ન્હાને ચાહું છું, તેનું નામ જ ન્હા–એટલે બ્હાલ! ન્હા તો આ દુનિયાનું અમૃત છે! ન્હા ન હોત તો લાખ્ખો અને કરોડો હિન્દીઓનાં ઘર રહવારના પહોરમાં સતાં પડેલાં તું કલ્પી શકતો નથી? ન્હા ન હોત તો થાકેલા જીવને આરામ કેમ આવી શકત? ન્હા ન હોત તો મિત્રની સાગણીનું તોલ કેમ થઈ શકત? ન્હા નહિ હોત તો પ્રિયાના હાયની બીક્ષાની કેમ ખબર પડત? અરે ન્હાના ઉપર તો ધન્વંતરીનો પણ આશિર્વાદ છે!"

"શું—શું—શું?" હાયરામાંથી બે ચાર જણ બોલી ઉઠયાઃ "નશુ કાકા, એ નવી તોપ શું મારો છો?"

"નહિ, બચ્ચાઓ! વાત સાચી છે. ન્હાની ઉત્પત્તિના મૂળ ઇતિહાસની તમને કોઇને ખબર નથી, મને છે. જ્યારે દેવ અને દાનવોએ સમુદ્ર મંથન કર્યું, ત્યારે ચઉદ રત્નો નીકળેલાં તેમાં હળાહળ ઝેર પણ નીકળેલું—જે મહાદેવ પી ગયા અને નીલકંઠ કહેવાયા, તમને યાદ હોય કે ન હોય—એ ચઉદ રત્નોમાં ધન્વંતરી અમૃતનો કુંભ લઇને પણ નીકળેલા!"

"વાહ! વાહ!!" નશુ કાકા." હાયરો બોલી ઉઠયો.

નશુ કાકાએ આગળ ચલાવ્યું:—"હિન્દની દક્ષિણે લંકા અને હિન્દ વચ્ચે હનુમાને સાક્ષ બાંધેલી હોવાથી ત્યાં જગ્યા નહિ મળતાં સમુદ્રનું મંથન હિંદી મહાસાગરમાં દૂર–જ્યાં આજારે ચીનની ભૂમિ આવેલી છે, ત્યાં આગળ થયેલું! ધન્વંતરી વૈદરાજ એ અમૃતનો મોટો લઇ આકાશમાં ઉડતા હતા. ત્યાં અમૃતનાં બોંદો ટીપાં પેલી ધરામાંથી ચીનની ભૂમી ઉપર પડયાં! તરતજ ચાર પાંચ છોડ ઝાડ જેવા ત્યાં ઉગી નીકળ્યા, અને વૈદરાજને કાલાવાલા કરી કહેવા લાગ્યા. "ઓ મહારાજ! તમે અમને એવેજ ભૂમિમાં નાખ્યા. અમારો ઉદ્ધાર કયારે થશે?"

આ વખતે વૈદરાજે આશિર્વાદ આપ્યો કે, બેટા, બીજમી સદીમાં તારો રસ સોમરસનું સ્થાન લેશે. સોમરસ તો એકલા બ્રાહ્મણોજ પી શકે છે, પણ તારું સન્માન તો જગત આખું કરશે. બીજમી સદીમાં એવેજ અને આર્ય ભૂમિમાં રાત દિવસ તારી પૂજન થશે. ન્હા—પ્રેમ એવું તારું નામ રહેશે! અને આબાલ વૃદ્ધ સઘળા તને પ્રેમથી ગ્રહણ કરશે. વિગ્રે દાતણ કર્યા પહેલાં, અને સંધ્યા કર્યા પહેલાં તારું પૂજન કરી દિનચર્યા આરંભશે. જે દિકરાએ આવું નામ દે ન્હા!"

"વાહ, નથુ કાકા!" કહી નથુ કાકાની આ અદ્‌ભુત કથા સાંભળી હાયરો ઘડીભર અજાયબીમાં અવાચક થઈ ગયો.

કોણ ચાલાક?

એક દિવસ બે મિત્રો ગામ બહાર નદી કીનારે ફરવા ગયા. સાથે નાસ્તો લીધો હતો. બન્ને એક ઝાડ તળે જમવા બેઠા. એક મિત્રે બીજાને પૂછયું:—"કેમ ભાઇ, તમારા પિતાશ્રી કેવી રીતે ગુજરી ગયા?"

બીજાએ અથથી ઇતિ સુધી વાત કરતાં કહ્યું કે, "પ્રથમ તાવ આવ્યો, ઉપરસ થઇ, બહુ બહુ પૈસા–ડોકટરોની દવા કરી, હવાપાણી ફેર કર્યાં પણ સાહું ન થયું. અંતે ભિચારા રીબાઇ દુઃખી થઈ બધને મરણને શરણ થયા." આ બધું વણ્યું ન તેણે લંબાવીને કહ્યું". જે વખતમાં પેલાએ ખાવાનું કામ ઝડપથી કરી પૂરું કર્યું અને બધી નારતો ખલાસ કરી દીધી. પછી બીજાએ પહેલાને તેના બાપના મરણનું કારણ પૂછ્યું. તેણે ટુંકમાંજ જવાબ આપ્યો:—"પીપળો પડ્યા ને ટપ મરી ગયા!" કહો કોણ ચાલાક? સુમન્ત.

વગર ઇજાએ બાલ કાઢવા માટે

બાદશાહી સાબુ



વાપરો.

બાદશાહી સાબુ વાપરવાથી ચામડીને કાંઇ પણ નુકશાન થતું નથી પણ સંવાળી બનાવે છે. મુખ્ત ભાગોના વાળ સહેલાઇથી કાઢે છે

કિંમત બાકસ ૧ નો રૂ. ૧)
ચોસ્ટેજ ના

બાકસ ચારના રૂ. ૩)
ચોસ્ટેજ માફ

દરેક ઠેકાણે વેચાય છે.

સી. સી. મહાજન એન્ડ કું૦
શેખ મેમણ સ્ટ્રીટ મુંબઇ ૨.

આ પત્ર બાદશાહ પીતાંબર ટ્રકરે મુંબઇ નં. ૯૩ ચિંચપોકલી મરેલ રોડપર લેડી નોર્થકોટ હિન્દુ ઓફ્‌નેજ કે. એન. સેલર પ્રેસમાં છાપ્યું છે અને તંત્રી જયશંકર ઓઢીદાસ દ્વિવેદીએ મુંબઇ નં. ૪ ગીરગામ બટાવ બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કર્યું છે.

ટે. નં. ૨૧૪૬૯.

ભુલેશ્વર બીજા ભોઈવાડામાં

એકજ દિવસમાં ચમત્કાર

રૂા. ૫) માં ત્રીશ દિવસ ઢવા.

કૃષ્ણ મારે એક વરસ સુધીમાં છુટા છવાયા ત્રીસ દિવસ.

જુઓ સર્ટીફીકેટ.

વૈદરાજ જયંતીલાલ અંબાશંકર.

તમારા ગાલ ગુલાબી કરવા હોય તો વાપરો

હીમાલયા સ્નો

(જરમન બનાવ:)

ચામડીને સુંવાળી રેશમ કરી, તંદુરસ્તીની લાલી આપે છે. ખસ, ખીલ, ચાંદાં દાગ ઉપર ઠંડક કરી આરામ કરે છે. ખુબસુરત બનવાનો એકજ ઇલાજ ઇંગ્લાંડ સ્નોની સહેલી વગરનો.

દરેક ગાંધી વેચે છે.

એજંટો—ડી. એચ. જીવણદાસ એન્ડ કું૰,
મંગળદાસ રોડ— મુંબઈ.

શું તમારે ઘેર એકા હારમોનીયમ વગાડતાં શીખવું છે? તો આજેજ મંગાવો.

"ભારત સંગીત બારાખડી" ... ૦-૮-૦
"ભારત મ્યુઝીક ગાઈડ" ભાગ ૧ લો, ૧-૪-૦
"ભારત મ્યુઝીક ગાઈડ" ભાગ ૨ જો, ૧-૮-૦

સોલ એજંટ— વર્ધમાન એન્ડ સન્સ પાયધુની મુંબઇ-૩

ભારત સંગીત વિદ્યાલય
મો. ભારતલાલ પુનેમચંદ માસ્તર.
દરેક જાતના વાજીંત્રો શીખવનારે
ગુલ લવાડી મુંબઇ નં. ૪

અગત્યની સૂચના.

ઉપરા ઉપરી અનેક કાયમના તથા છુટક ગ્રાહકોની પાછલી બાકી માગણીને માન આપી અમે 'મોજ-મજાહ' ના પાછલા અંકો ફરી છપાવી તૈયાર કર્યા છે; પાછલા છુટક અંકો બીજી વખત છાપવા હોવાથી બધાએ આનોની ડિમ્માંડથી છુટક મળી શકશે.

નમુનાના અંક માટે અડધી આનાની ટીકીટ બીડવી.

નવીન ગ્રાહકોએ વગર વિલંબે નીચેને ફિરતામે ૯ રૂ. આર ભરી પાછલા અંકો અને ભેટ મેળવવાનો લાભ લે. ખ્હારગામના ગ્રાહકોએ ભેટના પોષ્ટેજના ૦-૪-૦ મળી રૂ. ૪-૪-૦ મનીઑર્ડર મોકલી આપવો. હિંદુસ્તાન બહારના ગ્રાહકો સાત શિલિંગ ૭ પેન્સ મોકલવા.

જલદી ગ્રાહક થાઓ! ભેટના પુસ્તકની નકલો સિલ્લકે છે.

આશકની આત્મકથા

નામની સચિત્ર દલદાર નવલકથા ભેટ આપવાનું નક્કી કર્યું છે. આ પુસ્તકની નકલો ઘણીજ થોડી છે. માટે વહેલો તે ભલાસ થશે અમો આપવાને બંધાતા નથી.

મોજ-મજાહ કાર્યાલય
ગીરગામ ચર્ચ સામે ખટાવ બીલ્ડીંગ મુંબઈ નં. ૪

જોઈએ છે:—મુંબઈ વગેરે દેશાવરના પાણી લાગી સં હણી તથા ધાતુક્ષયના વ્યાધિવાળા દર્દીઓ. અમારી દવા મ સેંકડો સરટીફીકેટો મળ્યાં છે.

લખો અથવા મળો.

વૈદ્ય શાસ્ત્રી જીવણલાલ મોહનલાલ.
મુ૰ રાજચરાડી-ચાયા વડવાણ ર્કેપ.

સ્ત્રીઓમ, સંધીવા અને માથાના ચસકાથી શા માટે હેરાન થાઓ છો આધાશીશ અને મસ્તકનાં દર્દોની બીમારી શા માટે ભોગવો છો! બજારમાં વેચાતા દરેક બામથી થકીજ્યા તો અમારો

હિપ્નોટિક બામ

એક વખત વાપરી ખાત્રી કરો.

શીશીના આના આઠ.

સ્વદેશી ઓઇલ એન્ડ પ. મે. કું૰ માલીક-બી. બી. રાવ.

દરેક વેપારીઓને ત્યાંથી મળશે.

બાળ, નાટક અને સીનેમાના પ્રેમીઓના માટે દર રવિવારે પ્રગટ થતું સાપ્તાહિક. Registered No. B. 1829

ચિત્ર-ચમત્કાર

[પુ. ૧ લું.]
તા૦ ૧૭ મી ઑગસ્ટ ૧૯૨૪.

ખૂની કોણ?



શ્રીમતી ક્રોમ્પ્ટન.

[અંક ૧૯ મો]
સાવધ પદ ૩

વાર્ષિક લવાજમ
રૂ. ૪ ૦-૦

પૂરક નકલ મુંબઈમાં ૧ આનો
બહાર ગામ દરેક આનો

આજના લેખોનો ક્રમ.

રાજા અમરજીત ... ... (સ. રેવરન્ડ)
અનબિલિવેબલ ટ્રિક્સ ... (સ. રેવોલાન્ડ)
એક સુંદરીનાં આદમ ખોરી (સ. મંજુલાલ એ. રેવરો)
બાકસની ગાત ... ... (સ. અમૃત કોઠારી)
ખૂની કોણ ... ... (સ. ટ્રિક્સ ન પેપરવાલા મુનાર)
કુમારીનું રહસ્યોદ્ઘાટન ... (સ. મુબારક)

મોજ-મજાહ

રવિવાર તારીખ ૧૭ મી ઑગસ્ટ સને ૧૯૨૪.

કાવ્ય-સમર્પણ.

લખનાર શા:—ઠોલણ
પ્રમુખ-ઠોલણ મંડળ.



(ઓધવજી સંદેશો કહેને સ્વામને—એ રાહ.)

મુજને નૂતન સ્ફુરિતોહન શું મમ કાવ્ય આ,
કોને કરું સમર્પણ ચિત્ત ચિંતાય હો;
લાયકને લાયક વસ્તુ અર્પણ થતી,
પણ મુજ સમ લાયક નવ કો' દેખાય હો.
મ્હારું, કાવ્ય સમર્પણ આ મુજને હલે.

ઠોલન છે અમ કાવ્ય મહીં એવાં ભર્યાં,
જેવાં સાગર મોજાં આવે નત્ય હો;
નત્યમ વાદી વાંસળીએ નાગો ડોલતા—
અમે ડોલિયે; ભોલું ઝોલાં ખાય હો.
મ્હારું કાવ્ય સમર્પણ આ મુજને હલે.

બંધન તોડી સ્વચ્છંદ બને તે સાંભળે,
ભમર તણા ગુંજનના જોદી ભાવ હો;
એકતણું બંધન તજી કલિ કલિ ગુંજતા,
સહચારણના લઇ લાગેણા વ્હાવ હો.
મ્હારું કાવ્ય સમર્પણ આ

રસાત્મકમ્ વાક્યમ્ કાવ્યમ્ની સાક્ષીએ,
અમ મુખ અક્ષર કાવ્ય, બધે એ વેદ હો;
રસિયા છે અમ વિષ્ણુ પાકયા કો' વિશ્વમાં,
કે જે લાધે રસજ્ઞતાના ભેદ હો.
મ્હારું કાવ્ય સમર્પણ આ મુજને હલે.

વાદી કોઈ બને, પ્રતિવાદી તો અમે,
વાદી, જો પ્રતિવાદી કોઈ થાય હો;
ન્યાયાધીશ તણી ખુરશી પર તો અમે,
ભેડ વખત બેસીશું, કરશું ન્યાય હો.
મ્હારું કાવ્ય સમર્પણ આ મુજને હલે.

મધુરા શબ્દોથી માધુર્ય હુંસી ભર્યું,
અર્થ ભલે પછી થાયે કે નવ થાય હો;
તાણી તોડી એ તો મેળવી લીજીએ,
જોજ છે ઉત્તમ કાવ્ય, જે ના સમજાય હો.
મ્હારું કાવ્ય સમર્પણ આ મુજને હલે.


અભિમાને, હું પદથી છે શબ્દો ભર્યા,
એમ કહીને લેજો દેતા દોષ હો;
અહં બ્રહ્માસ્મિ મંત્રે જીવ શીવ એક છે,
ઉરકે હૃદીદી સમજી ત્યાગો રોષ હો.
મ્હારું કાવ્ય સમર્પણ આ મુજને હલે.

મસ્તી.

છોડોને છોડો હાથ, રસીયા! બંગડી નંદાશે!
બંગડી નંદાશે, મ્હારો હાથ મચકાશે.
છોડોને છોડો—

આવડું તે શું જોર હજોને,
લાલે નહિ શું અડતાં અમને;
હઠો; હઠોને દૂર, રસીયા! બંગડી નંદાશે.
બંગડી—

હાથ મ્હારો આ મચકાશે,
હઠો, મ્હોનાં ચુમ્બન આશે.
અનો ન આવા દૂર, રસીયા! બંગડી નંદાશે.
બંગડી નંદાશે,
મ્હારો હાથ ચોકાશે.



(ગતાંકથી સંપૂર્ણ.)
લખનારઃ—૨. દેવીકાન્ત.
(૪)

"એથી મ્હને કેટલું નુકસાન છે એ કેવળ હું જ જાણું છું." સુરેશ વિશેષ કાંઈ બોલ્યો નહિ. તે ધીમેથી ઉઠી ચાલ્યો ગયો. કિરણ ચુપકીદીથી રડવા લાગી.

આરામ થતાંની સાથે કિરણના સર્વાંગમાંથી રૂપ જાણે કે ઉભરાઇ મારવા લાગ્યું. પૂર ઓસરતાં નદીનું જળ બન્ને કિનારાની રોચક સૃષ્ટી હેરાફેર ભાસ છે, પોતાના ઉચ્છવાસથી પોતે થન થન તૃત્ય કરે છે તેવી રીતે નૂતન લાવણ્યના પૂરથી સરસ સૌંદર્યના ભારથી કિરણ જાણે કે વિશેષ ચંચળ બની ગઈ. પરંતુ મૃતદેહમાં એટલા બધા આભરણની શી જરૂર હતી ? કિરણ મૃત હતી. વિધવાને રૂપની શી જરૂર હતી ?

આમનામાં પોતાનું પ્રતિબિંબ જોઈ કિરણ વિચારતી હતી કે, "અરેરે ! મન બળે છે, પરંતુ આ અભાગી મુખ કેમ બળતું નથી ! વિધાતાએ આ સુંદર નેત્રો કેવળ રૂદન કરવાનેજ આપ્યાં છે ? આવી વિપરિત રચના કયાંથી ? ભૂખ હોવા છતાં ખોરાક નથી, તરસ લાગેલી હોવા છતાં પાણી નથી, કામના છતાં કામ નથી, પ્રેમ છતાં પ્રીતિભોજન નથી. આ કેવું રહસ્ય !

ઘણા કાળ પછી રસોડામાં પ્રવેશ કરતાં કિરણને એમ લાગ્યું કે, ભીલ જોનો ખોબે ઉપાડવા માટે તેનું જીવન સરજાયલું છે. સુવર્ણના સંસારમાં—ભોગના ભંડારમાં રહેતી હોવા છતાં તે ઉપવાસી હતી. તેનું ક્ષુધાતુર હૃદય તથા તૃષાર્ત પ્રાણની પરિતૃપ્તિ માટે ચોખાનો એક દાણો અથવા એક બિંદુ જળ નથી ! કેવું કઠોર દુઃખ ! તેનું જીવન, યૌવન, રૂપ—સઘળું નિષ્ફળ છે ! વિધાતાએ અદ્ભુત ઐશ્વર્યની અધિકારિણી કરવા છતાં તેને ભિખારિણી રાખી છે ! કેવો નિષ્ઠુર પરિહાસ ! સંસારના આજનરમાં ધંધો ચાલુ કરતાં પહેલાં જ વિધાતાએ તેને નાદાર કરાની હતી. અરેરે ! જીવનની ઉષા કયારે આવી એ પણ તે જાણી શકી નહિ. આંખો બોલતાંની સાથે જ તે સંધ્યાનું દર્શન કરી રહી. મૃત્યુ થયા સિવાય તેનો પુનર્જન્મ થવો. ઘણા કાળથી ચાલી ચાલીને તે મંદિરના દ્વાર પાસે ઉપસ્થિત થઇ તો દેવતાજ ગૂમ થઇ ગયા ! તેની પૂજનના અર્ઘ્ય, અર્ચનાનો ઉપહાર—સઘળું વૃથા થયું ! આહુતિ માટે સળગાવેલાં આવેલા હોમમાં અગ્નિ મિતાના રૂપમાં બદલાઇ ગયો ! કયાં પાપીને પરિણામે ભાગ્યદેવતાએ તેના ઉપર આવો કોપ કર્યો ! સંસાર કઠિન છે ! તરંગ આ ભવમાં ખીલતા હૃદય, આશા તથા આકાંક્ષાઓનો ત્યાગ કરવાનું કામ ઘણું કઠિન છે તથા પ્રેમનો ભંડાર ભરેલો હોવા છતાં સુખના મહેમાનને ભુખ્યો તરસ્યો પાછો કાઢવાનું કામ વિશેષ કઠિન છે.

સુરેશ પોતાને ન્હાય છે એમ કિરણ સમજી શકી હતી. તે સાથે એમ પણ સમજી શકી હતી કે, એ સ્નેહ સોબાગીન અતસરખ્વાં તથા સ્વર્ગીય માધુર્યથી મંડિત છે. એ સ્નેહમાં સ્વાર્થનો અંશ પણ નથી. એ સમજવા માટે તીક્ષ્ણ બુદ્ધિની કે બીજા પ્રમાણની જરૂર પડતી નથી. એ સ્વતઃસિદ્ધ હોઇ તેની મૌન ભાષા પશુ પક્ષીઓ સુધ્ધાં સમજે છે. કિરણ એ સમજી હતી તથા વિશ્વમાં તેની એવી ખાત્રી થઇ હતી કે, પોતાનું અહિત નહિ કરવાના હેતુથી સુરેશ તેના પોતાના હૃદયની સાથે કઠોર યુદ્ધ કરે છે !

વિચારતાં વિચારતાં કિરણની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં.

પુષ્પાએ પાછું પોતાનું અસલ સ્વરૂપ ધારણ કર્યું. કિરણ તરફનો તેનો તિરસ્કાર દિવસે દિવસે વધતો જતો જોઇ સુરેશ પણ ઘણો દુઃખી થવા લાગ્યો; છતાં ખુલ્લી રીતે તે કિરણનો પક્ષ લઇ એક પણ શબ્દ ઉચ્ચારી શકયો નહિ. કિરણ પોતાના મનમાં વિચારવા લાગી, પિતાની હયાતિમાં જે ભાભી કિરણને સંતુષ્ટ રાખવાનો પ્રયત્ન કરતી હતી એજ ભાભી હવે તેને જોઇ પણ શકતી નથી ! કિરણે વિચાર્યું, "હે ઇશ્વર ! તમે મ્હારી આવી દુર્દશા કેમ કરી ? હું કર્મા જાઉં તથા કોના આશ્રયમાં રહું ? હવે હું સહન કરી શકતી નથી ! હે પિતા ! તમે કયાં છો ? એક પળવાર આંખોને જોઇ જાઓ કે, તમારા ગયા પછી મ્હારી સ્થિતિમાં કેવો ફેરફાર થયો છે ! ઇશ્વરે સધવા અને વિધવાને એક હાથે નથી બનાવી કે ? જો તેમ હોય તો વિધવાને ભૂખ તરસ શા માટે આપી ? તેને આશા, ઇચ્છા, શ્વાસ, ભય શા માટે આપ્યાં ? વિધવાના હૃદયમાં તેને પોતાને સળગવા માટે જ અગ્નિ આપ્યો છે કે ? સંસારમાં કેટલી સધવાઓ ખાય છે, પહેરે છે તથા સંસારસુખ ભોગવે છે; એ બધા તરફ વિધવાએ નિર્જીવ ભાવથી જોઇ રહેવું કે ? આનંદથી સહુનાં હૃદય ભરપૂર છે, જેવળ મ્હારો પ્રાણ શ્વાસ લે છે ! સંસારમાં હું એકલી તણાઉં છું, સંસારમાં મ્હને જોનાર કોઇ નથી, મ્હારી વાત ઝીલનાર માણસ નથી ! જો કોઇ મ્હારે દુઃખે દુઃખી થઇ મ્હારા તરફ જુએ તો તેમાં પાપ છે. હું જો કોઇના ઉપર પ્રેમ કરું તો આશોકમાં કલંક અને પર લોકમાં નરક છે. સંસારમાં સહુ મ્હારા ઉપર વિરક્ત છે—સુરેશ ઓલવા વિરક્ત નથી. એમને મ્હારા સિવાય રહી શકાય કે ? અરેરે ! મ્હારે માટે એમને કેટલું બધું દુઃખ થાય છે !

આખો દિવસ ચુપકીદીથી રડવામાં પસાર થઇ ગયો. રાત પડી. ધીમે ધીમે આખું ગામ ચૂપ થઈ ગયું. હજી સુધી સુરેશ ઘેર આવ્યો ન હોતો. પુષ્પાએ તે દિવસે કિરણનો તિરસ્કાર, કરેલો હોવાથી સુરેશ ખાધા વિના ચાલ્યો ગયો હતો.

ચોથા સમય પછી દૂરથી સુરેશનો કરુણ કંઠસ્વર કિરણના સાંભળવામાં આવ્યો. સુરેશ ગાતો હતો કેઃ—

"પ્રિયા ! શીદ આંસુડાં ઢાળે ? *
ઝીલી લહું હું પ્રીતિ—ઘાળે ?
ઉકળતા મુજ હૃદયને શું
- શીતળ કરવા સિંચે છે તું ?

* ૨. ખબરદાર આ રેખતા ગઝલ હમીર કવાણાનું પણ ગવાય છે.

નયન તુજ આ નીચે નેતાં
ધરાને જાય છે ધોતાં;
ધરા તુજને શું ઉત્તર દે,
પડેલી કેમ તે કર દે?
ઉછળતું શોક-પૂર આજ્યું,
ઉરે અટકયું ન અટકાવ્યું,
વહે શું ચક્ષુ દ્વારા તે?
પ્રિયા! શું પ્રીતિધારા એ?
ઝળકતી ચક્ષુ આ તારી
શું ભરતી જાય એ વારિ!
અને ત્યાં એરણે બિંદુ,
રટે ત્યમ ગાફણે ઇંદુ!
સુઅ ચિન પૂર્ણિમા રાતે
પડે છે મેઘ ધારા જે,
સમુદ્રે સીપ ઝીલી તે
ઉરે મોતી કરે પ્રીતે.
પ્રિયા! ત્યમ અશ્રુધારા જે
પડે તુજ આંખથી આ તે
ઝીલી લઇ હું હૃદય સંચું
પ્રીતિ મોતી કરું ઊંચું!
ગયે ત્યારે, પ્રિયા! ગેતી
હૃદયથી દેહાડ એ મોતી!
સદા તે પ્હેરજે કાને,
હૃદયની વાત સુણવાને!
પૂરું પ્રીતિ-સ્વપ્ન છે મધુરું,
બીજું જગમાં દિસે અધુરું!
નિરંતર આ હૃદય મ્હારૂં
ધરાય ન જોઈ તે બ્યારૂં.
મધુર એ સ્વપ્નના રાગે,
ધરી બહુ આગ તો આગે,
દીધે મોતી જ એ એવું,
જડે બીજું નહીં જેવું!
પ્રિયા એ સ્વપ્નના રૂડા
મધુર કંઇ રાગ છે ઊંડા,
સહુ તે મોતી એ તુજને
સુણવશે ત્યાં રહી કરણે!
પ્રભાતે હવ મુખે ધારી
દીધે ગુલાબ બહુ પ્યારી!
મનોહર ને મધુર બમણી
સુહાવે કાંતિ તેહ તણી;—"

કિરણ એ પ્રેમસંગીત સાંભળી મનમાં ને મનમાં મધુરી વેદના અનુભવવા લાગી. એ સંગીત સાંભળવામાં તે વિશેષ તન્મય બની ગઇ. ગીત આગળ વધ્યું:—

ગુલાબી ગાલ પર હ્યારા;
પડે ત્યમ આંસુની ધારા;
પ્રિયા! ગુલાબના જેવી
ખીલી તું આ રહી કેવી!
પ્રિયા પ્રીતિ દીધી તેં તો,
પ્રિયા પ્રીતિ લીધી મેં તો,—
દીધી લીધી, લીધી દીધી!
પ્રીત—અંધિ સુદ્રઢ કીધી!
પ્રીતિ છે મેઘની વૃષ્ટિ,
પ્રીતિ છે રવની દૃષ્ટિ
પ્રીતિ જગનું જ જીવન છે,
પ્રીતિ પરમાત્માનું તન છે।"

"પરંતુ મ્હારા જેવી અભાગિનીના ભાગ્યમાં તેમાંનું કાંઇ નથી!" કિરણથી બોલી જવાયું. ગીતની બેલી લીટીઓ સાંભળી તેનું હૃદય જોરથી ધબકવા લાગ્યું:—

"હૃદય ઉછળે હૃદયે મ્હારૂં,
અને કર્યા તુજ છે ન્યારૂં!
મરાવે કયમ ન ઉંચાળા,
પ્રિયા! તું જ પ્રીતિની માળા!"

કિરણ સુરેશના ભોજનનો થાળ લઇ તેના ખંડમાં ગઇ. એ વખતે સુરેશ સરસપાલ કરેલું છોડ તેની પ્રકૃતિ કાંઇક અરે ચંચળ બની ગયેલી હતી. કિરણને જોઇ આવેશમાં આવી જઇ તેણે કહ્યું:—"કિરણ! તું અહીં શા માટે આવી છે? જલદી અહીંથી ચાલી જા. મ્હારા જેવા હારેલા બીજો કોઇ સાથે કર નથી।"

"હું જાઉં છું; તમે આપો દિવસ સુધ્યા રહ્યા છો. હું ભાવાનું ધર્યું આવી છું, તે ખાઓ."

પોતાની બાબુળતા સુરેશ જાણે નહિ એ માટે કિરણ ત્યાંથી ચાલી જવા લાગી. સુરેશે કહ્યું:—"તું જાય છે? ઉભી રહે. મ્હને એક વાતનો ઉત્તર આપતી જા. તું મ્હારો તિરસ્કાર કરે છે કે?"

કિરણ એ વખતે આત્મસંયમ કરતી હતી. તેણે કહ્યું:—"તને મ્હારી એક વાત માનશો કે?"

"જરૂર માનીશ; પરંતુ મ્હારા જેવા વ્યસની માણસ ઉપર તને વિશ્વાસ છે?"

કિરણ ચુપ રહી. થોડા પ્રયત પછી તેણે કહ્યું:—"તમે આ ઝેર પીવાનું બંધ કરો."

"ઝેર શા માટે પીઉં છું તે તું જાણે છે?"

"ના."

"માણસ મરવા માટે ઝેર ખાય છે. મ્હારે માટે જીવન અને મરણ સમાન છે. વળી ઝેરથી ઝેરનો નાશ થાય તો એ પણ સારું છે."

"ગમે તેમ હો. તમે હજીયે આ ઝેર પીશો નહિ."

"તું જ્યારે કુદકમ કરે છે ત્યારે હજીયો નહિ પીઉ. કિરણ! હું કાંઈ જાણી જોઈને આ ઝેર પીતો નથી. પહેલાં નશો કરનાર માણસને હું વિક્રુકારેતો હતો. કારણને હું સ્વકર્તા સુધ્ધાં કરતો નહોતો. પૈસા ખરચી માણસો ઝેર શા માટે પીએ છે તે હું પહેલાં સમજી શકતો નહોતો. હવે મ્હને એમ લાગે છે કે, ઝેર પીવાની પણ કાંઈ વખતે માણસને જરૂર પડે છે! કિરણ! વિશેષ વિદ્યાભ્યાસ નહિ કરેલો હોવા છતાં મ્હારું ચરિત્ર ખરાબ નહોતું. મ્હારી રીતભાત તથા વ્યવહાર જોઈ તપાસી એક ગૃહસ્થે પ્રેમથી મ્હને પોતાની જ્યાષ્ઠ કર્યો હતો; પરંતુ એ ગૃહસ્થની કન્યાના ગુણોથી (!) હું ઉતરયો. પુરુષો પોતાની ઓને ચ્હાય છે એ વાત સાચીજ હું હસતો હતો. ઘરસંસાર માંડ્યા છતાં સ્નેહ, પ્રેમ, ઘરકુ કે અનુરાગ નહિ મળવાથી એ વાતને હું ખોટી જ સમજતો હતો. સ્ત્રી મ્હને જમ જેવી લાગતી હતી તથા ઘર નરક જેવું ભાસતું હતું. જીવનથી કંટાળી જઈ હું ગાવા જાનવવામાં, હરવા ફરવામાં, નાટક સિનેમા જોવામાં મ્હારો વખત પસાર કરતો હતો. સ્ત્રી પાસે આવતી ત્યારે મ્હારું આખું શરીર બળતી ઉઠતું હતું. તેનું મૃત્યુ થયું એટલે હું બધી જંજાળમાંથી મુક્ત થઇ ગયો. ત્યાર પછી કોઇ કુકાર્યે મ્હેં આ ઘરમાં પગ મૂક્યો! અહીં આવ્યા પછી બધું ઉલટી ગયું. હવે સમજી શક્યો છું કે, પ્રેમ એ હસવામાં ઉડાવી દેવાની વાત નથી. જગતમાં ખરો પ્રેમ છે. એ આકાશનું ફૂલ નહિ પણ આ પૃથ્વીની વસ્તુ છે! કોઇ ભાગ્યશાળીજ તેને પ્રાપ્ત કરી શકે છે. એ પ્રેમના પ્રવાહમાં તણાનાર કોઇ પૂર્વી જન્મ જન્મ છતાં કિનારે પહોંચી શકતું નથી, તથા કોઇ તેને કિનારે પહોંચી આ મૃત્યુલોકમાં દેવલોકનું અથવા જહોનમાં જન્નતનું સ્વર્ગિય સુખ અનુભવે છે. ખરો પ્રેમ જગતમાં છે, પ્રેમની પ્રતિમા પણ છે. એ પ્રતિમાને જોવામાં સુખ છે, તે નજીક આવતાં દેવી આનંદ થાય છે, તેની સાથે વાત કરતાં હૃદયના તાર નાચી ઉઠે છે; પરંતુ તેને સ્પર્શ કરી શકાતો નથી."

કિરણ દ્વારને અઢેલી ઉભી રહી હતી. તેનાં નમણાં નયનોમાંથી અશ્રુધારાની વૃષ્ટિ થતી હતી. સુરેશે કહ્યું:—"કિરણ! તું જા. હવેથી હું ઘરબાબતે સ્પર્શ પણ નહિ કરું. જતાં પહેલાં તું મ્હારો તિરસ્કાર કરે છે કે પ્રેમ એ પ્રશ્નનો ઉત્તર આપી જા."

કિરણ આ વખતે પણ ઉત્તર આપી શકી નહિ. તેણે ભરતકુ હસાની નહારમાં ઉત્તર આપ્યો. પછી તે ત્યાંથી ઝડપથી ચાલી ગઇ.

(૫)

રમણીના કટાક્ષો જે ઝેર-તીક્ષ્ણ છે તે ઝેર તીક્ષ્ણ કંઠના કટાક્ષો પણ હોય નહીં. પુષ્પાના તિરસ્કાર કિરણ માટે અસહ્ય થઈ પડ્યો.

ઘરસંસારમાં એક નવી દાસી આવેલી હોય તે કુંભમેળાનો ગોબા ડાળની ચોરી કરતી હતી. એવામાં ચોરીનો માલ વેચવા જતાં એક દિવસે તે પકડાઇ. પુષ્પાએ કહ્યું:—"કહેન પાસે કેમ્પો હોવા છતાં ચોરી કેવી રીતે થઇ? એ બીજાની નાં સભાહકપ વિશ્વાસ દાસી એ કેવી રીતે ચોરી કરી શકે? અમે કાંઇ ઘાસ ખાતાં નથી કે એટલું પણ ન સમજીએ!"

કિરણે પોતાના ઉપર મૂકવામાં આવેલા આ ખોટા કલંકના ઉત્તરમાં કાંઈ કહ્યું નહિ. તેણે આત્મહત્યાથી મૃત્યુવરણ થવાનો જ સંકલ્પ કર્યો. મરતાં પહેલાં એક વખત સુરેશનું દર્શન કરવાની ઇચ્છા તેને થઇ આવી. પોતાને નિર્દોષાવારતું, પોતાના સુખ દુઃખના સુહૃદનું એક વખત દર્શન કરવા તે આધીર બની ગઇ. એ દર્શન કરવામાં જો કાંઇ પાપ હોય તો સર્વાંતર્યામી, સર્વ હૃદયદર્શી, સર્વસાક્ષી જગવાન એ પાપની ક્ષમા નહિ આપે કે? જોકે હૃદય રડ્યું છે, હૃદયમાં તૃષ્ણા આપી છે, કામ પદાર્થ ઉત્પન્ન કરી હૃદયમાં કામના આપી છે, જે સર્વ શક્તિમાન્ છે તે આ તુચ્છ રજકણના ક્ષણિક અપરાધની ક્ષમા નહિ આપે કે? કિરણ અગાસીમાં જઇ એકાંતમાં વિહ્વળ ચિત્તે રુદન કરવા લાગી. ચંદ્રકિરણો પ્રેમથી તેના મુખને ચુંબન કરવા લાગ્યાં. સાંત્વના આપવા માટે પવન તેના કાન પાસે આવી ઘણી વાતો કહેવા લાગ્યો; પરંતુ કિરણ શાન્ત થઇ નહિ. અધીર બની જઇ તે રડવા લાગી.

આકાશમાં નક્ષત્રો હસતાં હતાં, પૃથ્વી ઉપર પુષ્પો હસતાં હતાં. જળ સ્થળમાં તથા ગગન પવનમાં હાસ્યના ફુવારા ઉડતા હતા. આમ છતાં સુંદરતાની સજીવ પ્રતિમાનાં નેત્રોમાં આંસુ શા માટે! અરેરે! વિધાતા! તમે આ સોનાની પ્રતિમા શા માટે ઘડી હતી? પ્રેમના મંત્રથી કોઇએ એના પ્રાણની પ્રતિષ્ઠા કરી નહિ. પ્રેમપ્રતિના પુષ્પપ્રેમની તેની પૂજા થઇ નહિ, કોઇએ તેને સ્નેહની અંજલિ આપી નહિ.

નિષ્ઠુર સંસાર એને ચોર કેરવી વિદાય આપે છે. રુદન કરતાં કરતાં તે સ્વગત કહેવા લાગી:—"હાંય શા માટે મ્હારો જન્મ થયો હતો. આ વ્યર્થ જીવનનો ભાર ખેંચવાથી શો લાભ થાય. છે! કેવળ દુઃખ-તેમજ તૃષ્ણાનો વાસ છે એવી આ મરુભૂમિમાં કયા મુખની આશાથી હું રહું! સુરેશનું જે દિવસથી દર્શન થયું છે તે દિવસથી હું શાન્તિ પણ ગૂમાવી બેઠી છું; આમ છતાં હું છેલ્લી વખતે તેમનું દર્શન કરી આ દુઃખમય સંસારમાંથી સદાને માટે વિદાય થઇશ. હાય, આંદુ! દુઃખ હોવા છતાં પ્રાણુની મમતા દૂર થતી નથી. આ ચંદ્રનો પ્રકાશ, શીતળ વાયુ, પુષ્પોની સુગંધ, ગંગનપટપર પ્રકાશેલા તારા—એ સહુનો ત્યાગ કરી જતાં જીવને કાંઇનું કાંઇ થઈ જાય છે! એમ સાંભળ્યું છે કે, મમપુરીમાં અપવા દોજખમાં અંધકાર છે—ઉંઃ, એ વાત યાદ આવતાં ભય ઉપજે છે."

ચંદ્રના કાંપા પ્રકાશમાં કોઇનો પડછાયો જોઈ ભયથી કિરણ કંપી ઉઠી. સુરેશે કહ્યું:—"કિરણ! ડહીશ નહિ. આટલો બધો ભુજમ તું કેવી રીતે સહન કરે છે એ હું સમજી શકતો નથી. આજે તું મ્હારી એક વાત સાંભળશ?"

કિરણ સુરેશના મુખ તરફ સુપ્રકાંઠીથી જોઇ રહી. સુરેશ કહેવા લાગ્યો:—"કિરણ! ચાલ, આપણે બન્ને જણાં મુંબાઇમાંથી જઇએ."

"ના-ના, બોલો શું કહે!"

"એ સંબંધીનો વિચાર પણ મ્હે કર્યો છે. કિરણ! હું તને ચ્હાઉં છું. ત્હારું મન એ વાત જાણે છે, ને તું રાજી હોય તો ગાંધર્વ તથા ધર્મમત પ્રમાણે હું તહારી સાથે લગ્ન કરવા તૈયાર છું. તને નિરા-

ધાર લેખ મોકલે વશ થઈ હું આમ કહું છું એમ તું સમજીશ નહિ. હું વિવાહ કરવા છતાં તારી પાસે આવીશ નહિ, તને અડપીશ નહિ, કેવળ તારું રક્ષણ કરવાનો અધિકાર તું મને આપ. બીજું કાંઈ મને જોઈતું નથી હું કેવળ તારો રક્ષક થઈશ. તું જેથી સુખી થાય તે જ હું કરીશ. તને આ ભુલભામણી બચાવવા માટે તું મને આટલો અધિકાર આપ."

આમ કહી સુરેશ કિરણ પાસે ઘુંટણીએ બેસી પુનઃ કહેવા લાગ્યોઃ-"હાંજે કહેલું માન. મ્હારા ઉપર વિશ્વાસ રાખ."

"આ શું કરો છો? ઊઠ બેસો."

"પ્રથમ તું મ્હને ઉત્તર આપ."

"હું શો ઉત્તર આપું?"

સુરેશે મૃદુસ્વરે કહ્યું:—"હાંને હું ઘેર જઈશ. મ્હારી જે જમીન છે તેનો બંદોબસ્ત કરી હું બધુંજ રકમ લઈ આવીશ. જો તું મ્હારી સાથે આવવાને રાજી હોય તો પરમ દિવસે આ વખતે નદીના ઘાટ ઉપર મ્હને મળજે. હું બુંબાઈ જવાનો બધો બંદોબસ્ત કરી રાખીશ. ત્યાં જઈ પછી વિવાહ થશે. કેમ કબૂલ છે ને?"

કિરણે મરતક હલાવી હકારમાં ઉત્તર આપ્યો. સુરેશ ધીમે ધીમે ચાલ્યો ગયો. કિરણે નિશ્ચય કર્યો કે, ગમ કિંવા સુરેશમાંથી કોઈને વર્ષા સિવાય તેનો છુટકારો નથી.

(૬)

ત્રીજે દિવસે રાત્રે એક કલાક અગાઉથી કિરણ ઘરની બ્હાર નીકળી. આ ઘરમાં જ તેણે જીવનનો પ્રથમ પ્રકાશ જોયો છે—પ્રાણવાયુ ગ્રહણ કર્યો છે. આજે એ ઘરને—દમ્પતીનાં આશ્રયને તે છોડી જાય છે. કિરણનાં નેત્રોમાંથી સ્મૃતિની વેદનારૂપ અશ્રુજળ વરસવા લાગ્યું. વચ્ચે વચ્ચે તેને એવો વિચાર પણ થઈ આવતો હતો કે, "સુરેશ આવશે એટલે હું કહીશ કે, તમે ચાલ્યા જાઓ. હું મ્હને જ વરીશ. સઘળ દુઃખના હરનાર, શાન્તિ દેનાર મ્હમ્મદના પાસે જઈ હું તેમને પુછીશ કે, કર્યા પાપોને લીધે તમે મ્હારા ભાગ્યમાં આવી સજા લખી હતી? સંસારમાં મ્હને કેવળ બળવા માટે કેમ મોકલી હતી? મ્હને એવી બનાવવા છતાં એવી ઝીણું જીવન ધન્ય થાય એ પતિ-દેવતાની સેવાથી મ્હને વંચિત કેમ રાખી હતી? મ્હને બોજની વાસના આપવા છતાં તૃપ્તિનો સુયોગ ન આપ્યો, રાણીના આસન ઉપર બેસા-વવા છતાં રાજ્ય ન આપ્યું, પ્રભુની સામગ્રી આપવા છતાં દેવતા ન આપ્યા! આ કેવી વિડંબના? વળી મ્હારી લુબ્ધ દૃષ્ટિ આગળ મોહ ધરી એ વિડંબનામાં વધારો કેમ કર્યો? રમણીજીવથી, ચીમળાઈ જવેલી લતા ઉપર પુષ્પો શા માટે ખીલવ્યાં? આશાશૂન્ય હૃદયમાં પુનઃ આકાંક્ષા કેમ ઉત્પન્ન કરી? તરસી પાસે અમૃતનો ઘડો કેમ ધર્યો? શાં માટે સુરેશ આગે મ્હારો મેળાપ કરાવ્યો? આ કેવી કઠોર પરીક્ષા! હે દેવ! મ્હારી ઉમ્મર ઉગરતી છે, પ્રકૃતિ પ્રબળ છે, વાસના સંચળ છે, જ્ઞાન દુર્બળ છે અને મતિ અસ્થિર છે. ધર્મધર્મ તથા પાપપુણ્યનું ક્ષિણભૂ મ્હને ડોકિયું આપ્યું નથી. હે દેવ! કહો લેખીએ કે, મ્હારા આ વ્યર્થ વિધવા જીવનની સાર્થકતા શી તથા તેનું કર્તવ્ય શું? આ સંસારમાં મ્હારો આશ્રય ક્યાં છે? દેવ મ્હારા ઉપર દયા કરો.". ઇત્યાદિ આમ કહી કિરણે આકાશ તરફ જોયું. આકાશ દબ્યો આંખો ખોલી દયાભાવથી પોતાના તરફ જોવું હોય એવો તેને ભાસ થયો. શોકસંતાપ તથા દુઃખી અધીર બની ગયેલી એ દુઃખિનીને શાન્તિ આપવા માટે ચંદ્ર જાણે કે પોતાનાં અત્યંત શીતળ-કિરણો વર્ષાવવા લાગ્યો. દુઃખિનીના દુઃખથી ગંભીર બની ગયેલો પવન નિઃશ્વાસ ઘેરવાનો ઉપદ્રવ આપવા લાગ્યો. કિરણનું તપી ગયેલું મસ્તિષ્ક શાન્ત થયું. કિરણ સંસારને ભૂલી, સુરેશને ભૂલી પોતાને ભૂલી એ સૌરભમાં ભળવું કે ભાન-ગુમાવી બેસી! આ વખતે પોતાની પાસે કોઇ ઉભું હોય એવો તેને અનુભવ થયો! એ વ્યક્તિનું મુખ જોયેલું હોવા છતાં યાદ આવતું નહોતું. ભૂંડી જવાબદારી ભીન જેવું, સ્વપ્નમાં જોયેલા દેવતા જેવું એ મુખ તેને લાગતું હતું. ઉજ્જવળ દીપોના પ્રકાશમાં, પુરોહિતની હાજરીમાં, બીજાના મંગળ ગીતધ્વનિમાં એ મુખ જાણે એમ કહેતું હતું કે, "હું તારો છું—જીવન મરણમાં હું તારો છું!" ચંદ્ર તાપથી પ્રકાશી રહેલા આકાશ તરફ જોઈ કિરણનું શુન્ય હૃદય જાણે કે હાહાકાર કરી ઉઠ્યું, "હાય, આજે એ ક્યાં છે?"

બ્યાકુળ બની જઈ કિરણ બોલી ઉઠીઃ—"પ્રભુ! જીવનસર્વસ્વ! તમે કયાં છો! તમે કહેતા હતા કે, 'જીવન મરણમાં હું તારો છું.' પરંતુ હાય, આજે તમે ક્યાં છો? હું તમને ભૂલી ગઇ હતી તેથી રીસ ચડાવીને તમે છુપાઇ ગયા છો કે? તમારા આશ્રયનો ત્યાગ કર્યો છે તેથી તમે કોપે ભરાયા છો કે? આજે હું સંકટમાં છું. તમે મ્હને જ્યાં લઇ જશો ત્યાં હું આવીશ. તમે મ્હારા આમો તથા પરલોકના દેવતા છો. કૃષ્ણ કાળ માટે દર્શન દઈ છુપાઇ ગયા હતા તેથી એકલમ હું ઓળખી શકી નથી. દેવતા! હું દુઃખિની છું. હું અજ્ઞાની દેવાંશી જ અપ્રતક્ષિપુનો ત્યાગ કરી અધધૂપમાં ડૂબી મરતી હતી!"

કિરણ અધીર બની જઈ રડવા લાગી. રડતાં રડતાં તે કહેવા લાગીઃ-"હવે એક કૃષ્ણ માટે પણ હું તમને નહિ ભૂલું. હું હમ્મેશાં તમારું જ ધ્યાન ધરીશ. હમ્મેશાં અશ્રુજળથી તમારી જ પૂજા કરીશ. અસુરપતિ એ જ મ્હારું પરમ તીર્થ સમજી હું ત્યાં જઈને રહીશ. એ તીર્થની રજ નિત્ય હું મસ્તકે ચઢાવીશ. તમે જ મ્હારો આશ્રય છો. જીવન મરણમાં તમે જ મ્હારે પરમ અવલંબન છો! આવો પ્રભુ! મ્હારા હૃદયમંદિરને ખાલી ન રાખશો." સમાપ્ત.

"ઉસ્તાદજી! મારો અવાજ કેવો છે?" પોતાના અવાજના મધુર-પણા માટે અભિમાન રાખતા એક અભિમાની મૂરખે એક પ્રખ્યાત ગવૈયાને પૂછ્યું.

ગવૈયાએ ત્રિકાલજ્ઞ જવાબ આપ્યો નહિ.

"મારા અવાજનો કાંઈ ઉપયોગ થશે એમ તમને લાગે છે કે?"

ગવૈયાએ હાનિથી જવાબ આપ્યો:—

"હા તમારો અવાજ જો આજ લાગે તો આજ-આજ એમ મોટેથી ચૂપ મારી મોંકાને બોલાવતા મારે તમારો અવાજ મફતો લાગશે!



લખનાર:—રા. મંજુલાલ ગોપાળરાય દેસાઈ.

પ્રકરણ ૧૨ મું (ચાલુ).

અનાવોની પરંપરા.

"અંદરથી કેવી રીતે." અચંભાથી પ્રસન્ન બોલી ઉઠ્યો.

"જીઓ!" એટલું બોલી મોતીશાએ તે ઝોરડીની બારી અવાજ કર્યા વગર ઉઘાડી. મનોરમા અને પ્રસન્નને બહાર જોયું. બારીની બરાબર નીચે એક ઠળતું ભાપરું ચંદ્રના અજવાળામાં તેઓએ જોયું.

"આ તમેજો છે," તેણે કહ્યું. "હમણાં હું જાહું છું. બનશે તો આવતી કાલે અમરાવતી મળાશું. જય જય!"

આટલું બોલી મોતીશા બારીએથી ઉતરી પડ્યા; અને એક નાના ખળાખામાંથી અંદર દાખલ થયા. આ બધું કામ ચુપકીદીથી થયું. આપણા નાયક અને નાયિકાએ જોયું કે જોકે મોતીશા વૃદ્ધ હતા તો પણ તેમના શરીરમાં અગાધ બળ અને અપાર ચપળતા હતી.

"પ્રસન્ન અને મનોરમા બારીમાં ઉભા રહ્યા. થોડી વારમાં તેઓએ મોતીશાને તેના ઘોડા સાથે તબેલામાંથી બહાર નીકળતા જોયા, અને તે દરેક રીતે સહીસલામતીથી પસાર થયા એવું જ્યારે તેમણે જોયું ત્યારે તેઓએ બારી બંધ કરી અને સુવાની તયારી કરવા લાગ્યા.

પણ તરતજ પીપળા આગલા ભાગમાંથી આવતાં ઘોડાના ડાબલાના અવાજે તેમને ચમકાવ્યા; અને પછી આગલા બારણાની સાંકળ ખખડવાનો અવાજ થયો. કદાચ મોતીશાનું કાવતરું પકડાયું હશે અને રાજ્યના કોઈ ખુપા જાસુસ કે પોલીસ અમલદારે તેમને પકડવા જેવા ભયથી પ્રસન્ન અને મનોરમાએ બારી ઉઘાડી અને સુપકીથી સાંભળવા લાગ્યા.

અને ઉપર ધ્યા થયા છીએ કે તેમની ઝોરડી તે મકાનના ઉંચે ઉંચે હતી અને તેની બારી પણ બાજુએજ પડતી હતી. તેથી આગળના ભાગમાં જે માણસો હતા તેઓ તેમને જોઇ શકતા ન હતા પણ તેમના શબ્દો આ બારીમાં ઉભેલાઓને સ્પષ્ટ સંભળાતા હતા.

"જણે આપણું મકાન હોય તેમ કોણ સાંકળ ખખડાવે છે!" આગલા ભાગની બારીમાંથી મોટો અવાજ કહાડીને માલિકે પૂછ્યું; "તમે કોણ છો, અને શું કામ છે?"

"અરે! મને ઓળખતાં નથી? હું તમારો મિત્ર કૃષ્ણદાસ પીપરાનો રહેવાસી—પરદેશી અજાયમા મુસાફરો સાથે એક જોમિયા અને દુકાનવિષાનું કામ કરનાર—"

"કોણ ભાઈ કૃષ્ણદાસ?" તરતજ પોતાનો કહોર અવાજ બંધ કરીને માલિકે મીઠા અને આવકાર ભર્યા અવાજે કહ્યું. "તમે તમારી પાપડી ઓવી રીતે પહેરી છે કે આટલું બધું ચહેરું અજવાળું છતાં તમારું મોહું દેખાતું નથી. પણ તમારી સાથે કોણ છે?"

"એક પરદેશી ગૃહસ્થ-મારે તેમના એક સાથી તરીકેની ફરજ બજાવવાની છે. હું યાત્રીથી કહું છું કે તે એક વિચિત્ર મૂર્તિ છે. તેનો સ્વભાવ પણ ચાડિયો, ગુસ્સો અને વહેમી છે. એને આપણી ભાષાનો એક ખુટો પણ આવડતો નથી. પણ પહેલા નીચે આવીને તરત બારણું ઉઘાડો. તે બધો અધીરીયો છે અને વાર થાય તો ગાળો ભાંડ્યા કરે છે."

"પણ ભાઈ કૃષ્ણદાસ, અહીં બીજું કુલ જગ્યા નથી. જોકે એક ઓરડી રોકાઈ ગયેલી છે;" તેણે ઉદ્ગાર કહાડ્યો. "તમે મહેરબાની કરીને મધ્ય ચોકની વીશીમાં જાઓ."

"ને એમ હશે તો ત્યાં જઈશું," કૃષ્ણદાસે કહ્યું. અને તે આગળ ધામેથી બોલ્યો પણ પ્રસન્ન અને મનોરમાએ તેના શબ્દો સાંભળ્યા, "તમે બારી બંધ કરો તે પહેલાં અને બારણું કરીને એક સવાલનો જવાબ આપો. એક સાધુ જેવા પોશાકનો પુરૂષ અને એક ખૂબસુરત ઉંચા કદની સ્ત્રી અહીં આવ્યાં હતાં અને—"

"ચૂપ કૃષ્ણદાસ!" માલિકે કહ્યું. "તેઓ હાલમાં આ વીશીમાંજ છે. પણ તારે તેમનું શું કામ છે? તેઓ કોણ છે?"

"હું તે વિષે કાંઈ પણ જાણતો નથી." તેણે જવાબ આપ્યો; "મેં મારી જાતે તો તેમને જોયા પણ નથી. પણ આ મારી સાથેના ગૃહસ્થ બહુ દુર દેશથી તેમને શોધતા શોધતા અહીં આંવી પહોંચ્યા છે. પણ આપણી ભાષા તેમને નહિ આવડતી હોવાથી વીરપુરમાંથી તેમણે મને સાથે લીધો. આલમ પડ્યું કે તેઓ એક રાત વીરપુરમાં રહ્યા હતા. પણ યોગેનું-હું મારા મિત્ર રામકિશોરને કહું કે જેની શોધમાં તેઓ છે તે બન્ને જણા આ વીશીમાં સહીસલામત છે."

પછી તે બન્ને ધીમે અવાજે વાતો કરવા લાગ્યા અને તેમની વાતચીત જરા વધારે વાર ચાલી.

આ તરફ પ્રસન્ન અને મનોરમાની આંખમાં ઝબકાટ અને નિરાશ દેખાયાં પણ મનોરમાને તો ખાત્રી હતી કે જ્યારે મરતે બાજેલી બાજિ બચવાથી પ્રમાણે કોઈ દિવ્ય શક્તિ તેણીનું રક્ષણ કરશે અને ગમે તેવી મુશ્કેલીમાંથી પણ તેને ઉગારશે અને હિંમત આપશે. આટલો વિચાર કરી આવી પડેલી આપત્તિમાંથી કેવી રીતે બચવું જવું તેનો નિર્ણય કરીને તેણે ગંભીર સ્વરે પ્રસન્નને કહ્યું, "મારા બહાલા, જરા પણ ડીલ કર્યા વગર અહીંથી નાસી જવું જોઇએ."

"પણ કેવી રીતે?" પ્રસન્ને આતુરતાથી પૂછ્યું.

"મોતીશા ગયા તેવી રીતે," તેણીએ તરતજ જવાબ વાળ્યો. "પણ સાંભળ! કૃષ્ણદાસ પાછો કાંઈક બોલે છે."

આતુર હૃદયે શ્વાસ પણ લીધા વગર બન્ને જણા કાન માંડીને સાંભળવા લાગ્યા; અને જણે કે પોતાનો હરિફ પોતાની મિલકતને લેવા આવ્યો છે, એમ માની મનોરમાની નાજુક ડોકમાં પોતાનો હાથ નાખ્યો.

"આખરે બન્નેનો પત્તો અહીંયા લાગ્યો છે એવું સાંભળી રામકિશોર બહુ ખુશી થયા છે," બીજા અવાજે વીશીના માલિકને

ઉદ્દેશીને કૃષ્ણદાસ બોલ્યો; " અને જ્યાં સુધી તેઓ અહીંના પોલીસ અમલદારને મળી તેમના ઉપર રીતસર વારંટ કઢાવી તેમને પકડવે ત્યાં સુધી જો તમે તેમને જવા દેશો નહિ તો તે તમને સારી રીતે ખુશી કરશે."

"પણ જે ગુન્હો તેમણે તેમના ડેરામાં કર્યો હશે તે ગુન્હાથી તેમને અહીં કેવી રીતે પકડાવી શકાશે ? તે બાબતમાં અહીંની પોલીસ કેવી રીતે વર્ત્તે પડશે ?" તેણે આરિકાથી પૂછ્યું.

"હું તે જાણતો નથી. તે તો એનું કામ છે;" કૃષ્ણદાસે જવાબ આપ્યો. " પણ મને લાગે છે કે તેમનો ગુન્હો એટલો બધો મોટો હશે કે અહીંના ઉતારવાળા તે નાસી છુટેલાં જોઇને કેમમાં નાખવામાં જરા પણ વાંધો નહીં લે. તે ગમે તેમ હો પણ જો તું તેમને જવા નહિ દે તો તને તે ચોક્કસ ઘાઈ ધનામ આપશે; કારણ કે તેની પાસે પુષ્કળ પૈસા છે, અને હવે અમે મધ્ય ચોકની પોલીસમાં જઇએ છીએ. જય જય."

"જય જય કૃષ્ણદાસ," માલિકે જવાબ આપ્યો.

આ પછી તરતજ બોલાના ગાળાનો અવાજ સંભળાયો; કારણ કે વૈદ્ય રાયકિશોર અને કૃષ્ણદાસ બીજી બોલીમાં ઉતરી શોધવા માંડ્યા ગયા.

"દયાહીનું જુલમગાર ! રાક્ષસ !" હોથળી દાંત કચકચાવતાં મનોરમા બબડી ઉઠી. " પણ મારા જ્હાલા પ્રસન્ન ! તેના અધમ મનોરથો કદાપિ સફળ થવાના નથી. તે આપણને જુદાં પાડી શકનાર નથી," આટલું બોલી તેણે પ્રસન્નને પોતાની છાતી સરસો ભેરવી દાબ્યો અને અતુલ સ્નેહથી તેને ભેટી પડી તેના ઉપર ચુંબનોનો વરસાદ વરસાવવા લાગી.

" મારા હૃદયની દેવી, ફક્ત મોતજ આપણને છુટા પાડી શકશે," તેટલામાં હેતથી તેને ભેટતાં પ્રસન્ન બોલ્યો. પોતાના બને હાથમાં તેણીનું સુંદર મુખ તેણે પકડી રાખ્યું—પોતાની છાતી સાથે તેણીની ઉછળતી છાતી અથડાતી લાગી—તેણીની ભવ્ય મુખમુદ્રા ઉપર વીરતા અને બહાદરી રપષ્ટ રેખાઓ તરી આવતી જોઈ પોતાના તરફ સતત વહી જતા અખંડીત પ્રેમના નિર્ઝર ઝરણો અનુભવ કર્યો—અને એકાએક આવેગમાં આવી જઇ તે બોલી ઉઠ્યો, " હાં ! મનોરમા, તારે માટે મારા હૃદય મંદીરમાં અખંડ પ્રેમની જ્યોત જલ્યા કરે છે. તુંજ મારા હૃદય મંદીરની દેવી છે."

"અને પ્રસન્ન," તેની પાસેથી ધીમે રહીને છુટા થતાં આપણી નાખિકા બોલી, "આપણે હંમેશાં સાથે રહીને આનંદનો અનુભવ કર્યા કરીએ એવો મારો હૃદયમાં કોઇ પણ ચોક્કસ પત્રમાં લીખતથી આપ કાંઇ લેવાં એ જરૂરનું છે. આપણને જે સજ્ઞના મોતીઓને આપી છે તે પ્રમાણે અહીંથી અમરાવતી કાંઇ પહોંચતાં એક વિવસ થશે. ત્યાંથી હિંદુ રાજ્યની હદ પુરી થઈ મુસલમાની રાજ્ય કર થાય છે. એક વખત ત્યાં પહોંચ્યાં બાદને આપણે સલીસલામત છીએ. ત્યાં હિંદુ રાજ્યના પાર્શિકે કે બ્રીટીશ કોર્ટ પણ કાયદાને જરા પણ માન આપવાનાં આવું નથી."

"બરાબર," પ્રસન્ને આનંદથી જવાબ આપ્યો. "આપણે એકદમ મુસલમાની રાજ્યમાં પહોંચી જવું જોઇએ. પછી આપણે તે અદેખા રામકિશોરને સામે ખેડે તિરસ્કાર કરી જાણ્યું."

"આપણે મેજ ઉપર પીરોજાળાને આપવાના પૈસા મુકી જઇએ," મનોરમાએ કહ્યું.

"અને આપણે મોતીઓની પેટી આપણી સાથેજ લઈ જઇએ," પ્રસન્ને ઉમેર્યું. "પણ જો પીરોજાને કઢા વસ્ત્ર આપણે આવ્યા જઇશું તો તેને માઠું નહિ લાગે ?"

"પણ આપણને તેની ઓરડીની ખબર નથી. વળી તેમાં મોટું જોખમ રહેલું છે. તેમાં આપણને પકડાઇ જવાનો સંભવ છે," મનોરમાએ જવાબ્યું. "વળી બ્હેકો કે મોંઘા આપણે તેને જરા મળીશું' અને તે પખતે. આપણા એકાએક ચાલી જવાનું કારણ તેને જણાવીશું. બ્હાલા પ્રસન્ન, હાલ તો આપણે એક પણ ક્ષણ ગુમાવવી જોઇએ નહિ."

"આપણને નાસી છુટવાને રસ્તો બતાવવા માટે આપણે મોતીદાનો ઉપકાર માનવો જોઇએ," પ્રસન્ન બોલ્યો "હું પહેલાં ઉતરું છું અને પછી તને ઉતરવામાં મદદ કરીશ. પછી હું તળેલાના ખભામાં ઉતરું એટલે તું મને પેઠી પેઠી અને આપણું ગામડાંના પાર્કીટ આપજે."

પ્રસન્નના કહેવા પ્રમાણે બધું તરતજ કરવામાં આવ્યું અને બેજ મીનીટમાં તે બેઠું સલીસલામત રીતે તબેલામાં ઉતરી પડ્યું. ત્યાંથી આથી આવતાં ચંદ્રના પ્રકાશની મદદથી તેઓએ તેમના ઘોડાને સામાન ગજબુતીથી બાંધ્યા; અને આપણા નાયક અને નાયિકા તેમના ઘોડાને દોરીને બહાર લાવ્યા.

આ પ્રમાણે પ્રસન્ન અને મનોરમા ઘોડા ઉપર બેઠી નાસી ગયાં. તેમને માટે કોઇને જરા પણ વહેમ આવ્યો નહી. ઘોડાના બાંધનાર અવાજ કોઇએ સાંભળ્યા હશે પણ તે ચોકીદારોના ઘોડા હશે એમ ધારી કોઇએ જરા પણ કાંઇ કે ચોંકાટ કર્યો નહિ.

અપૂર્ણ.

☞ પ્રેરણી સાથે.


ઠા. રતીલાલ ગોવીંદજીની

અકબરશાહ કસ્તુરીની અગરબત્તી

ઓલો નવો સ્ટોક હાલમાં આવી પહોંચ્યો છે. આ અગરબત્તી ઉત્તમ અને પવિત્ર વસ્તુઓમાંથી બનાવેલી હોવાથી તે મંદીર, મસ્જીદ, "સંધ્યા-પુજન" વિગેરે ક્રીયાના પ્રસંગોમાં ઘણી વપરાય છે. પુજન, ભજનાદ, ભટારકુ તથા અતિથ વિગેરે વૈદ્યરાજનાં આવાસ માટેતો તે ખાસ પસંદ કરેલી છે કેમ કે પણ અમારા માનવા મા મદદીને આ ભારી " અગરબત્તી " ભર્યા પછીના અમળની પણ દુર્ગંધ નહીં થવા દેવા અપક્ષપાત. એક વખત વાપરો તો ફરી વાપરી લેશો ! ઉપર પ્રમાણે ભાવ છે. ઘોડાના ૧) પોકાના ૨. ૩) ૨) ૪) ૫૦, ૧૦, રેપારી માટે ખાસ ભાવ :-

ઠા. રતીલાલ ગોવિંદજી અગરબતીવાળા,

૨૨૬, વાઝારી કરીઆણા બજાર- મુંબઇ ૩.



*લખનારઃ—રા૦ ભરત ફકીર.

કવિએ લખી ગયા છે કે,

સાકી જે શરાબ મુજને દીધો દિલદારને પાયો નહિ;
જેમ નશો મુજને ચઢ્યો તેમ દિલદારને ચઢ્યો નહિ.

વરસની રાત! (પરણ્યા પછીની પહેલી રાત) કવિઓ અને રસીકો જેની ગુણગાન ગાઈ ગયા છે, જે મનોહર રાત માટે જગતના દરેક મનુષ્યો આતુર રહે છે, તલસે છે, તરફડે છે, વાંઢાવસ્થામાં જેનાં સ્વપ્નાં જુએ છે, તે વરસની રાત જગતમાં હમેશાં શું કવિઓની કલ્પના પ્રમાણે પાર ઉતરે છે? જીવનના આનંદનું મધ્યબિંદુ—જીંદગીના સુખ શરણની પહેલી મુલાકાત તેના કેટ સફળતાઓને વરાઈ ચુકે છે કે? જરા ચારે બાજુ નજર કરો. તમારું જીવન તપાસો. દોસ્ત આસનાઓને પુછો અને જાણી શકશો કે, જેની જોઈએ તેવી રીતે આ વરસની રાત કોઈ શુભ અપવાદો બાદ કરતાં બરોબર ઉજવાતી નથી!

લગભગ છએક મહિના સુધી આવી રીતે કાગળ પત્રોનો વહેવાર ચાલ્યો. પેલી મેનાવતી પણ તેના પતિના હસ્તાક્ષરમાં આ જાતના કાગળો વાંચી અજબ થઈ ગઈ હતી! અને એક બે કાગળોમાં તો તેણે લખેલું પણ ખરું "નાથ! દેખાવમાં બોયઝ જેવા લાગતા અને વાતચિતમાં અસરકારી અને મૂઢ જણાતા આપ આવા રસિક છો, એ જાણી મને અત્યંત આનંદ થાય છે!" બે ચાર મહિના પછી એક કાગળમાં તેણે લખેલું—"તમારા આટલા કાગળો વાંચ્યા, પણ મારી આની થઈ ગઈ ચુકી છે કે, તમે ખરેખર રસિક અને ચતુર મેા. પણ કારત મને મીરવવા બાતરજ કંઈ સમજતા ન હો, એનો ઢોંગ કરતા હતા. અને મને મુગ્ધાને બનાવવા. તમે લખી લોખને મૂઢ બન્યા હતા!"

બોપાળું કૃત્ય!

મે પેલાને પણીએ વાર સલાહ આપી હતી કે, કાગળો બાબા સારા લખાય છે, પણ પ્રત્યક્ષ વાતચીતમાં જો તું પાણી નહિ બતારે તો આપણા બન્નેના કબ્બો ગુમ! પણ એને મારફીનની દુકાનમાંથી કંઈકાર પ્રાપ્ત કરવાની પુરસદ જ ન મળી!

આખરે મેનાવતી મુંબાઇ આવી. બે ચાર દિવસ પછી અચાનક મારા હસ્તાક્ષર અને પેલાના હસ્તાક્ષરવાળા કાગળો એક સાથે હાથમાં આવી જવાથી પેલીને કંઈક વહેમ પડયો. પેલાની ઉલટ પાલટ તપાસ લેવામાં આવી અને આખરે એ બોબાએ બોપાળું કેાડી નાખ્યું. અને જોઝની તીવ્ર જીજ્ઞાસા મેનાને થઇ! વાંકી ટોપી અને હાથમાં બમરા સાથે ઓટલા ઉપરથી રમતો મને તેની પાસે મોકલી જવામાં આવ્યો. એણે બિચારીએ મને કોઇ રસીક કામબુમારો કબ્બો હશે! તેને બહોતેર અઢાર વરસના એક તોફાની છોકરાને ભોળ (અને તે વખતે લાગું હતું) એ બિચારી પણીએ નિરાશ અને હતાશ થઈ ગઈ. નિરાશ કેમ ન થાય! બહાર બીજ વર્ષની પહાડ જેવી યુવતી ને કર્યા હું નાનું મગતરૂં!

પછી-પછી શું! એ વિષયનું કમનસીબ પરિણામ આપું. પણે વખતે મને બબર પડી કે તેના પણી તરફથી તેનું મન ઊઠી ગયું હતું.

સંપૂર્ણ.

આગત્યની સૂચના.

ઉપરા ઉપરી અનેક કાયમના તથા છુટક ગ્રાહકોની પાછલા અંકોની માગણીને માન આપી અમે 'ભોજ-મજાહ' ના પાછલા અંકો ફરીથી તૈયાર કર્યા છે; પાછલાં છુટક અંકો બીજી વખત છાપવા પડેલા હોવાથી બબ્બે આનાની કિમ્મતથી છુટક મળી શકશે.

નમુનાના અંક માટે અડધી આનાની ટીકીટ બીડવી.


નવીન ગ્રાહકોએ વરસ વિસ્તે નીચેને ફિરનામે લવાજમના રૂ. ચાર ભરી પાછલા અંકો અને ભેટ મેળવવાનો લાભ લેવા ખજરાતમના ગ્રાહકોએ ભેટના પોસ્ટેજના ૦-૪-૦ મળી રૂ. ૪-૪-૦ નો મનીઑર્ડર મોકલી આપવો. હિંદુસ્તાન બજરના ગ્રાહકોએ સાત શિલિંગ છ પેન્સ મોકલવા.

જલદી ગ્રાહક થાઓ! ભેટના પુસ્તકની થોડીજ નકલો સિલ્લકે છે.

આશકની આત્મકથા

નામની સચિત્ર ઇળાર નવલકથા ભેટ આપવાનું નક્કી કર્યું છે. આ પુસ્તકની નકલો ઘણી જ થોડી છે. માટે વહેલો. તે પહેલો, બલાસ થયે અમો આપવાને બંધાતા નથી.

ભોજ-મજાહ કાર્યાલય
ગીરગામ બજર સામે બ્રાઝ બીલ્ડીંગ મુંબઇ નં. ૪



લખનાર—રા. મંજુલાલ ગોપાળલાલ દેસાઈ.

પ્રકરણ ૧૩ મું.

સાધુ સુંદરગિરિ.

હવે આપણે જેવર તરફ વળવું જોઇએ. મોતીશાએ કરેલી સૂચના પ્રમાણે તે મધ્ય ચોકની વીશીમાં જવાને નીકળ્યો. રસ્તો ઠક્કત પંચિજ ભીનીટનો હતો. હજી મધ્ય રાત્રિને એક કલાકની વાર હતી અને સધ ચોકસ મળશે એવી ખાતરીથી જેવર કરવાય ગયો હતો.

ત્યાં ગયા પછી તેણે તપાસ કરી તો માલમ પડ્યું કે હજી તે સાધુ આવી પહોંચ્યો ન હતો; તો પણ તે નિરાશ ન થયો, કારણ કે મોતીશાએ તેને ખાત્રી આપી હતી કે, તે જરૂર મધ્યરાત્રિ પહેલાં ત્યાં આવી પહોંચશે.

તેથી જેવરે તેની આવવાની રાહ જોઇને બેસવાનો નિશ્ચય કર્યો; અને વીશીના માલિકની સાથે વાતો કરી વખત ગાળવા લાગ્યો. આ પ્રમાણે અધો કલાક ગયો પણ કોઈ સાધુ દેખાયો નહી.

હવે જેવરની ધીરજ ખુટી, તે ઘુસ્સે થવા લાગ્યો; કારણ કે તે જાણતો હતો કે વધ ધર્મગુરૂ મહેશ્વરિગિરિનો સ્વભાવ બહુજ ક્રૂર અને ગુસ્સાની શિક્ષા કરવાની બાબતમાં બીજો બહુજ આગેવાન છે. તેથી જો જમસિંહની શિક્ષાની ટીક થવાથી વધ ગુરૂને જવામાં બીજી ઘણી પણ અગવડ થશે તો તે પોતે તેના ગુરૂકાને મોત વધ પડશે, એ વિચારે બિચારા જેવરના પેટમાં ફાળાટ ફૂટ્યો.

તેથી જ્યારે જેવર એમ કે હવે તો મધ્યરાત્રિ થવાને ફક્ત પા કલાકજ વાર છે ત્યારે તે પોતાના નસીબનો દોષ કહાડવા લાગ્યો, અને બધા સાધુઓને ગાળો દેવા લાગ્યો.

પણ એટલામાં બોલાના બારણાંનો અવાજ તેને કાને પડ્યો અને તે મોલતો અટકી ગયો.

એક ક્ષણજ બારીને તે મહેમાનના આવવા બાબમાં ગયો અને દરવો સાધુને બેઠો એસાને આવતો જોતાજ તેના મુખમાંથી હર્ષના ઉદ્ગાર નીકળી ગયા:

"પૂજ્ય સાધુ! મહેશ્વરીની કરીને પોતા ઉપરથી ઉતરશો જ નહી," જેવર તે સાધુ ઉતરવા જતો હતો કે તરતજ જેવરે આગળ દોડીને પોતાની બગામ પકડી લીધી.

"ના મારે નહી, મારા પુત્ર!" ધીમા પણ ઉદાર સ્વરે તે પવિત્ર પુરૂષે કહ્યું.

"પૂજ્ય પિતા, તમારા ઉપરેશની બાજે કેટલો હમણાંજ જરૂર છે;" જેવરે કહ્યું, "તેથી મહેરબાની કરીને મારી સાથે આવો અને રસ્તામાં કું તમને બધી વાત કહીશ."

"ભલે ત્યારે," સાધુએ કહ્યું અને ખુશ, તરસ તેમજ ભૂખના ભોગે પણ તે આ પવિત્ર કાર્ય કરવા તૈયાર છે એમ બતાવવા તેણે એક નિઃશ્વાસ નાખ્યો.

"કું બોલું છું કે તમારું નામ સુંદરગિરિ છે!" પોતાને દોરીને કુંડમ રસ્તે જેવર તરફ લઇ જતાં તેણે વાત કરી કરી.

"મારું નામ તેજ છે," આશ્ચર્ય પામતાં તેણે કહ્યું. "પણ પુત્ર, કું તો અહીં પહેલીજ વાર આવું છું તો પછી તેં મારું નામ કેવી રીતે જાણ્યું?"

"અને સાચે છે કે તમે મોતીશા શેઠને તો ઓળખતા હશો?"

જેવરે તપાસ કરવા માંડી, તેનો જવાબ હકારમાં મળ્યો એટલે જમસિંહ નામના કેદીનો બધો વૃત્તાંત કહી તેને માટે સાધુના ઉપરેશની કેટલી બધી જરૂર છે અને તે કેટલી બધી આતુરતાથી તેમની રાહ જોઇને બેસી રહ્યો હતો તે બધું સવિસ્તર બજાવ્યું.

પણ આ પ્રમાણે તે બન્ને જણા વાતચિતમાં મશગુલ હતા એટલા સમયમાં તે સાધુ સુંદરગિરિના ચારિત્રિક દેખાવને અમે થોડો બહોળો પરિચય વાંચકને કરાવીશું.

તેનું શરીર ઉંચું હતું અને તેણે સાંસિ કાષા રંગનો પહેર્યો હતો. તેના માથા ઉપરની પાઘડી એટલી બધી મોટી અને નીચી હતી કે તેથી તેનું કપાળ ઢંકાઇ જતું હતું. તેના મુખની નીચેના ભાગ તેની વિશાળ દાઢીથી ઢબાઇ ગયો હતો. તેની આંખો તીક્ષ્ણ અને વદન ભ્રમર ભરેલું હતું. તેનો અવાજ નમ્ર, માયાળુ અને ઉદાર લાગતો હતો; અને તેની રીતભાત વિનયી, સૌમ્ય અને ઠંડા વજરની હતી.

કેદખાના પાસે આવી પહોંચતાંજ જેવરે તે સાધુને પોતાની ઉતરવાની માદ કરી. ત્યાં ઉભેલા પહેરેગીરને પોતાને ભેગ રહેવે બોધવા કહ્યું અને તેમને અંદર લઇ ગયો.

"હજી મધ્ય રાત્રિમાં ઝાઝ ઉપિદ આછી છે;" જેવરે પહીવાળામાં જોતાં દર્યથી કહ્યું. "પૂજ્ય પુરૂષ, મારી સાથે અંદર પધારો," એટલું કહીને તે એક કાનસ બધ આગળ આવવા લાગ્યો.

"પુત્ર, હમણું અંદર બધા કેદીઓ છે કે!" કેદીઓ તરફ દયા બતાવતાં સુંદરગિરિએ પૂછ્યું.

"નવ કે દસ," જેવરે જવાબ આપ્યો. "તેમાંના કેટલ બારનેજ આવતી કાલે મોતની શિક્ષા થવાની છે."

"અને આ દુઃખી કેદીને પુરતા ખરીગરત સાથે રાખ્યા છે ને!" એક દીર્ઘ નિસાસો નાખતાં તે પવિત્ર પુરૂષ બોલ્યો.

"શું બારણ ઉપાડજ સાથે ઝેરીઓ છે કે એમાં એ કેદીઓને કાંઈ બાબા મુકવાના છે તેમને પુરેપુરા છે," જેવરે અભિમાનથી બારણું બતાવતાં કહ્યું. "તેની અંદર હમણાં સાધુઓ છે. ત્યાં એક પહેરેગીર મોકો છે અને આ બારણાને ઝાંકણથી મજબુત બંધ કરવામાં આવ્યાં છે."

"ત્યારે હાલમાં તો સાધુઓ પણ કેદી જેવાજ." જાણે કે ખેલખાનાની અંદરની વ્યવસ્થા અને નિયમો માટે રસ લેતા હોય તેમ બતાવતો તે બોલ્યો.

"જે બાર કલાક તેમને ઉપરદેશ આપવાનો છે તેટલો વખત તે તેમને પણ પુરાઈ રહેવાનું," જેસરે કહ્યું; "તમને પણ તે કેદી સાથે આવતી કાલે અખાત્રુ સુધી પુરી રાખવામાં આવશે."

"પણ જે ઓરડીમાં જયસિંહ સાથે મારે બાંધે કલાક પુરાઈ રહેવું પડશે ત્યાં પણ પહેરેગીર છે કે ?" સાધુએ પૂછ્યું.

"ત્યાં રાખવા કે નહી એ તો તમારી ખુશીની વાત છે," જેસરે જવાબ આપ્યો. "હજુ સુધી તે ત્યાં કોઇને પણ રાખ્યા નથી; કારણ કે તેના બારણાનો સબંધ સીધો બહારની ચાલીમાં છે અને મારા હાથ નીચેના અમલદાર ત્યાં આખી રાત બેસી રહે છે; તેથી જો કદાચ જયસિંહ નાસવાનો કે તમને નુકસાન કરવાનો જરા પણ પ્રયત્ન કરે તો એક ધૂમ પાડતાજ તે તમારી મદદમાં આવી પહોંચે. પણ આપણે આ આવી પહોંચ્યા !"

આટલું બોલી જેસરે પોતાની કમરે લટકતી કુંચી લીધી અને તેના વડે બીજી જરૂલું એક મજબુત નીચું બારણું ઉઘાડ્યું. અંદર એક ગોખલામાં દીવો બળતો હતો. સુશોભિત ચહેરો અને છુટા વાળવાળો એક યુવક અંદર બીજાને અઢેલીને બેઠો હતો. તેની કમરે એક સાંકળ બાંધેલી હતી અને તેનો બીજો છેડો બીજામાં જડેલો હતો.

આ કેદી જયસિંહ પોતેજ હતો; અને સુંદરગિરિની સાથે જેવો તે જેસરે દાખલ થયો કે તરતજ તે કુદ્યો.

"હા ! તને આખરે સાધુ જડી ખરો ! " દંભ અને ગુસ્સાભર્યા અવાજે તે બરાડી ઉઠ્યો. "તારા ઉસ્તાદ ઉપર દંભી છાપ ઉતરી પાડને ! કદત એકજ દિવસની દોસ્તી-અને હું ચોકકસ બચ્યો હોત."

પણ તે એકદમ અટકી ગયો. જેસરે તરફથી તેણે બારણામાં ઉભેલા સાધુ તરફ જીણી આંખે જોયું-તેના મુખ ઉપરની રેખાઓ અને આંખનું નૂર જોઇ-તે સ્તબ્ધ થઇ ગયો.

"આ તમારો કેદી છે, પૂજ્ય પિતા !" જેસરે જણાવ્યું "હવે તમને અહીં મૂકીને હું જઉં છું."

પણ તે બાજોપેજ બારણા ઉઘડી બોલી રહ્યા કરી એટલામાં તો તે સાધુ એક ભયંકર ચીસ નાખીને તે જેસર ઉપર તૂટી પડ્યો. લોઢા જેવા સખત પંજાથી તેની ગરદન પકડી-અને તેને ગોથ ઉપર જોરથી પટકી નાંખ્યો. તેજ વખતે પોતાનું હાથથી તેનું મુખ એવું સંજ્ઞાકારક દાબી દીધું કે જેથી તેની બૂમનો અવાજ જરા પણ બહાર ન આવે.

"જયસિંહ, મારી પોટલીમાં દોરડું છે તે લાવતો," તે બોલ્યો.

"દંભની ધૂર્ત પાકતાજ જયસિંહે વગર વિલંબે દોરડું આપ્યું અને તરતજ તે જેસરને ઝેરી રીતે બાંધવામાં આવ્યો કે જેથી તે હાલી ચાલી પણ ન શકે તેમજ બૂમ પણ ન પાડી શકે.

"છોકરા, હવે આ ઝભ્ભો-ટોપી, પોતાનો ઝભ્ભો ઉતારીને એક સામાન્ય શહેરી જેવો દેખાવ ધારણ કરતાં કહ્યું. "પણ અરે ! તને બાંધેલી સાંકળ તો હું ભૂલી ગયો. કાંઇ શીકર નહી. તેને તોડી નાખવી એ તો એક રમત છે."

એમ કહી અતુલ રાક્ષસી બળ વડે તેણે તે સાંકળ ભીંતમાંથી તોડી નાખી.

"હવે તે જોગી કરીને તારી કમરે એવી રીતે બાંધાણ કે કે તેનો જરા પણ અવાજ ન થાય," સાધુએ કહ્યું; "અને પેલા ઝભ્ભાથી તારું આખું શરીર ઢાંકી દે."

આ સૂચનાનો જયસિંહે તૂર્તજ અમલ કર્યો અને પોતાને છોડાવનારની સાથે તે બહાર નીકળ્યો. જેસરના પહાડીયો તે સાધુએ કુંચી લઇ લીધી અને જેલનો દરવાજો ઉઘાડી નાખ્યો.

જેને ઘોડો લાવને જેસરે મોકલ્યો હતો તે હજુ આંહી પહોંચ્યો ન હતો અને રાત્રિને લીધે ત્યાં બીજો કોઇ પહેરેગીર પણ ન હતો તેથી બન્ને જણા સહિસલામત નાસી ગયા.

* * *

સવાર થતાં તો જાત જાતની અફવાઓ અટક શહેરમાં ઉડવા લાગી. વળી આજે ચાર જણને મોતની શિક્ષા થવાની હોવાથી લોકો રોજ કરતાં વહેલા ઉઠ્યા હતા અને તેથી જાણે કે કોઇ અઘવનવા બનાવો બનવાના હોય તેમ ધીરી રસ્તા, શેરીઓ, અને મહોલ્લાઓમાં પુષ્કળ ધમાલ મચી રહી હતી.

પણ ત્રણ જગાએ તો સખ્યાબંધ લોકોનાં ટોળાંઓ બેમાં થયાં હતાં. આ ત્રણ જગાઓમાં નીચે પ્રમાણે હતી—કેદ; ખાના નંબરની જગ્યા—જે બીજીમાં પ્રસન્ન અને મનોરમા ઉતર્યાં હતાં તે બીજી અને જે જગાએ ચાર કેદીઓને મોતની શિક્ષા થવાની હતી તે.

કેદખાના માટે એવી અફવા ચાલી હતી કે રાત્રે જયસિંહ કેદી નાસી ગયો હતો. વધુ લોકો આ સમાચારથી ખુશ થયા હતા.

તેથી આ હકીકત ખરી છે કે ખોટી તે નક્કી કરવાને અને તે કેવી રીતે બન્યું તે જાણવાને ટોળાબંધ માણસો ત્યાં આવતા જતા હતા, આને માટે જુદી જુદી જાતેની...પાંચોવાળી અને પાપા વગરની વાતો અંદર અંદર ચાલી રહી હતી.

કોઇ કહેતા કે જયસિંહે આ શિક્ષામાંથી બચી જવા ખૂનની સાધના કરી હતી. તેથી તે ભૂત એક સાધુના વેષમાં કાળા ઝભ્ભો ઓઢીને આવ્યો અને સુતરના તાંતણાની માફક તેની બેડી તોડી નાખી. બીજાઓ કહેવા લાગ્યા કે જયસિંહ તો એક મુસલમાન છે તેથી સાધુના વેશમાં એક પીર તેની મદદે આવી પહોંચ્યા અને તેને છોડાવી ગયા.

વળી ત્રીજા તરફથી એવો ગુણગુણાટ ઉઠ્યો કે તે સાધુ સુંદરગિરિ તો બીજો કોઇ નહી પણ પીર બહારવટીયો મદદ-દપાળ પોતેજ હતો; ચોથી તરફથી એવો ગણગણાટ આવ્યો કે જેસરને બાંધી મારી મારવાની વાત ખોટી છે. જયસિંહ તો જેસર અને તેની હાથ

નીચેના અમલદારને પૈસાની મોટી લાંચ આપી છુટી ગયો. શ્રોતા જનોએ પોતાના માર્યા હલાલી આ નિર્ણયને આભાર દેઇ આપ્યો.

તેમ છતાં જ્યારે બધાંના જાણવામાં એવું આવ્યું કે ગઇ રાત્રે કેદખાનામાંથી કૃત જયસિંહ જ નાસી ગયો એટલું જ નહી પણ વીશીમાંથી ત્રણ મુસાફરો પણ છાનામાના ચાલ્યા ગયા છે. ત્યારે લોકોએ આ બને બનાવ એક બીજા સાથે સંબંધ ધરાવતા હોય એમ માની લીધું. તેઓએ જાહેર કર્યું કે જયસિંહના છુટકારાનું માન મેતીશા, પ્રસન્ન અને મનોરમા એ ત્રણેને ઘટે છે.

ઉતરે બધી વાતોનું મંથન કરી જનસમૂહે અથાગ શ્રમ લઇને તેમાંથી એટલું તત્વ તારવી કાઢયું કે પ્રસન્નનું શરીર ઉંચુ હોવાથી તેણે સાધુનો વેશ ધારણ કર્યો હશે. આ પ્રમાણે આખરે સત્ય હકિકત શોધી કહાડવામાં સફળ થવાથી બધા લોકો ખૂશ થવા લાગ્યા.

પેલી વીશીમાં જ્યારે સવાર પડતાંજ બધાએ જાણ્યું કે મેતીશા અને બે નવા મુસાફરો–શ્રી પુરૂષનું એનું ગઇ રાત્રે સુપકીદીથી ચાલ્યા ગયા છે ત્યારે તેમના અન્યાનો પાર ન રહ્યો. બધાંએ માનીજ લીધું કે ત્રણે જણાં સાથેજ નાસી ગયાં.

બધાંએ વીશીવાળાના પૈસા મેજ ઉપર મૂકયા હતા, તેથી તે ત્રણે જણે સાથેજ મળીને સંતલસ કરી હશે એમ ધારવામાં કોઇને ઝાંકરથાન ન રહ્યું. વળી ઓરડાની બારી અને છાપરાનું જળીયું પણ ઉઘાડાં હતાં તેથી તેઓ કેવી રીતે જતાં રહ્યાં હશે તેનું અનુમાન કરવામાં પણ અડચણ ન પડી.

આ બાજુ વીરપાળે બધી વાત સાંભળી એટલે તેને તો આનંદ અને શોક બને થયાં. મેતીશાની સૂચનાથી સુંદરગિરિ સાધુએજ જયસિંહને ઉગાર્યો હશે એમ ધારી તે ખૂશી થયે પ્રસન્ન અને મનોરમાના જતાં રહેવાથી પોતાનો સારો સંગાથ ગયો એમ જાણી તેને દિલગીરી થઇ.

આ પ્રમાણે બન્ને કેદાણે ચિત્રવિચિત્ર ઝપાટા ચાલી રહ્યા હતા એટલામાં એક અકલ્પ ઉડતી ઉડતી વધરથળ આગળ આવી પહોંચી કે જ્યાં દૂરના દેશમાંથી રામકિશોર નામના એક વૈદ્ય આવી પહોંચ્યા છે અને જે બનેલું ગઇ રાત્રે નાસી ગયું તેના સંબંધમાં વડા ધર્મગુરૂ સાથે વાતચીત કરીને પાછા આવ્યા છે.

વડા ધર્મગુરૂએ, પોતાનો ઉતારો અદીના મેટા જગીરદારને ત્યાં રાખ્યો છે અને તે મકાન વધરથળની નજદીકજ આવેલું છે; તેથી જે બેઠક વધરથળ આવી એકઠા થયા હતાં તેમણે પણ રામકિશોર સવારમાં મહેદ્ધગિરિને મળવા ગયા હતા તે વિષે સાંભળ્યું હતું.

રામકિશોર પોતાના દુભાષિયા કૃષ્ણદાસ મારફત મોટા ગરૂ સાથે શું વાતચીત કરી તે તો જાહેર ન પડી પણ તેનો ભાવાર્થ એવો હતો કે પ્રસન્ન અને મનોરમાએ કોઇ મહાજ અધમ કામ કર્યું છે અને તેથી આ રાજ્યે તેમને પકડી તેમના ઉપર કામ ચલાવવું જોઇએ.

જગીરદાર જયસિંહની શોધમાં કેટલાક માણસો જુદી જુદી દિશાઓમાં મોકલ્યા હતા પણ આ મુલાકાત પછી મહેદ્ધગિરિએ તે બોલને મુલતવાની હદમાં પહોંચતાં પહેલા પકડવાને બીજા માણસો મોકલ્યા.

જયસિંહ કરતાં તે બોલને પકડવાના કામને વધારે મહત્વ આપવામું જોઇ લોકોએ ધાર્યું કે તેમણે કરેલો અપરાધ ઘણોજ ગંભીર હોવો જોઇએ.

સુંદર સુકાન વીરપાળ આ સમાચારથી ઘણો ગુસ્સે થયો. તેઓ અપરાધી હોય એવું તેણે માન્યું નહી; અને જો કદાચ તેમ હોય તો પણ તેમને તેમની પાછળ જઈ અટકર આપવી એ તેની પોતાની ફરજ છે.

પણ તેને વળી વિચાર આવ્યો કે તેમને પકડવા જે માણસો ગયા છે તેની અગાઉ ઘોડા કલાક પહેલા તેઓ નીકળેલા છે તેથી તેઓ મુસલમાની હદમાં પહોંચી ગયા હશે. તેથી જે કામ માટે તે નીકળ્યો હતો તે કરવાનો નિશ્ચય કર્યો; અને તેથી ઘોડે બેસી ગામમાંથી ચાલી નીકળ્યો.

અપૂર્ણ.

વગર ઇજાએ બાલ કાઢવા માટે

બાદશાહી સાબુ



વાપરો.


બાદશાહી સાબુ વાપરવાથી ચામડીને કાંઇ પણ નુકશાન થતું નથી પણ સુંવાળી બનાવે છે. ગુપ્ત ભાગોના વાળ કાઢવાજોગ કાઢે છે

કિંમત બાકસ ૧ નો ૨. ૫)
પોસ્ટેજ ના

બાકસ ચારના ૨. ૪)
પોસ્ટેજ માફ

૧૦ ટકે દલાલે વેચાય છે.

સી. સી. મહાજન એન્ડ કું૦
શેખ મમણ સ્ટ્રીટ મુંબઇ ૨.



(લખનારઃ—શ, ગુપ્તદૂત)

હાઇટ લેન યાને જીવતું દોજખ

(દૃશ્ય ૨ જું.)

(ગતાંકથી ચાલુ.)

ધીમે ધીમે ગુસ્સાવરને પીતા પણ તપી આવ્યો હતો. તેણે કહ્યું:—"નરગીસ! પીતા કહેતા પ્રમાણે વર્તવામાંજ તારું કલ્યાણ છે; નહિ, તો વિના કારણ જીવથી જઇશ. શું તને તારો જાન પ્યારો નથી?"

નરગીસઃ—જાન કરતાં ઇમાન મને વિશેષ પ્યારો છે. આ દોજખની સાહ્યબી કરતાં બેહરતની ગુલામી મને વિશેષ પસંદ છે."

પીર બોલી ઉઠ્યોઃ—"બેહરતની દુનીયા તારા ગુમાન હમણાં જ દૂર થઇ જશે—ત્યારે આ તમામ તારા ચકચી ગયેલા ભેજાને ઠેકાણે આવશે.

થતી તું નેકીની પુતળી, જલુનમનો હું અફસર છું;
કરેલા ન્યાય તારાનું, હવે હું એક ચક્કર છું;
ત્યજી ઇમાનની વાતા, સમયને જ્ઞાન આપી દે;
ભરલુનો ડર મને દય પી તું ઉત્તર એક આપી દે.

હું તને દશ મિનીટનો વખત વિચાર કરવા આપું છું. ત્યાં સુધીમાં ઉલટો ઉત્તર મળવો જ જોઇએ."

નરગીસે પ્રેયસના જેવા દર્દ ભરે કહ્યું:—"મારે વિચાર કરવાની કાંઇ જરૂર નથી મારો ઉત્તર એક છે.

કરો આ દેહના ટુકડા અને વળી લે હી પણ પીઓ,
જબાને ઠેકી નાખો પણ નહિ ઉત્તર કહિ ફરશે.
ભલે ઠોળી તમે ઠો.ડી, હાથને બાંધી નાખો પણ,
છતાં ચોકારથે આત્મા, નહિ ઉત્તર કહિ ફરશે.
બની નિર્ભય, નથી ધરવા, શીતલગગ-નાસીનમની જ્યોતિ,
કહિ આકાશ શિર તૂટે છતાં ઉત્તર નાહ ફરશે.

તમે મારો દેહલો કબજ્ય ગુમાવો; પરંતુ મને લેની પરવાહ નથી. જાન કરતાં ઇમાન મારે કુંવારાના જેવા દોજખના ચશતાનોનો શીતળ સહન કરવા તૈયાર છું."

પીરને હોઠ ફફડતા દેખ એવા બોલી ઠઠ્યોઃ—"વધ વાહ! આજાદાના જબાનમાં આવું જોરદાર કબાજ નારીના તખતા ઉપર જ હોઇમે મેમ છે.

કરું રહાય કઠિન ને બકવું હમેશાં સ્હેલ છે,
જીવ આપવો મુશ્કિલ ને બસ વાત કરવી સ્હેલ છે;
ઇમાન ને નેકીતણું ગુમાન રહેશે બે ઘડી,
જુલ્મના વર્ષાદથી વશ કરવી તુંજને સ્હેલ છે.

જો હવે તને સાદ સાદ કહી દઉં છું કે, તારો આવો દુરાગ્રહ કાયમ નભીશ તો તેનો નતીજો પુરો આવશે.

નેકીની વાતો કરી તું મોજ કર અહીં બે ઘડી,
ધર્મનાં જે ઢેગી પુતળાં, જીવશે બસ બે ઘડી;
તહારી જુવાની છે ખીલી, લોગી જમર કોના મળે,
વન ચુપડી ત્યાગી હવે તું મોજ કર અહીં બે ઘડી.

નરગીસ! તું ઉતાવડ કરે છે. તારો શોદર તને ત્યાગી દેવ વિરેશમાં ભટકે છે. તારું ગુલશન બેજાન ઓલે ચાલ્યું જાય છે. તારા યૌવનબાગનો બહાર ઉડી જાય છે—તારા રસનો દરિયા સુકાઇ જાય છે.

બેજાન તણા ગદમાં ડુકે પણ બેર બેજાનનું જગે;
આ ચાંદની દિન ચારની પલમાંહી બસ ચાલી જશે,

નરગીસઃ—બસ બહુ કર્યું. તારા બબડે સાંભળી હું તારા કાનને નાપાક કરવા નથી ઇચ્છતી. તું બે ઘડીની મોજ માટે તારી બાકાયમની બાબમાંથી તથા આબાબરાબી કરવાનું જણાવે છે; પરંતુ હું ખુદાના દરબારમાં હમેશનિ માટે નેકીની મોજ-મજાહ માગું છું-હમેશાંને માટે આરામનું બુલાઇ સ્થાન માગું છું.

પીરઃ—ભૂલે છે, જીવાનીના જોશમાં તું જાત પર જાલ છે.

નરગીસઃ—નહિ નહિ,—આ તો દોજખના દરબારમાં ચશતાનોની રહમે જન્નતની દૂરીનું સ્વરૂપ દેખાય છે. તહારી બે ઘડીની મોજ એ જીવન સુધી બળી મરવાની આકસાર ચિતા દોઇ તે ઉંચો અદૂને આદૂને ઉચ્ચાર કરાવે છે ત્યારે તહારી નેકનિયત જહન્નતમાં કાયમને માટે મોજ મજાહ કરાવે છે. એ મોજ આગળ ઘડી પળનો હિસાબ તુચ્છ છે.

પીરઃ—આ રંજવાડ કયાં સુધી ચલશે? અમારા હુકમ આગળ તારું ગર્વ ચૂરી પડશે.

નરગીસઃ—આ રંગ રાગ નથી. અને ઉપાદાસ પણ નથી; પરંતુ જીવનનો જ્વાળા છે.

પીરઃ—તો પછી પરવારી.

નરગીસઃ—ઠીક છે જોઇ-લેવાશે. જો સાંભળઃ—

ગગનમાં ગાજતા મેઘો નહિ કહિ એ વરસવાના,
હસે છે ધાન જે બહુએ નહિ તે તો કરડવાના;
ગુમાની જે બની ગાંઠા કરે મુખે બહુ બકવા,
કહિ ના હામ ભાંઠીને કંઇ એ કામ કરવાના.

પીરઃ—શું તું મને કૂતરો કહે છે?

નરગીસઃ—કૂતરો પણ તારા કરતાં વિશેષ ઇમાનદાર છે.

પીરઃ—ગ્હાંઇ આવું ભયંકર અપમાન?

નરગીસઃ—આ અપમાન તારે માટે ઓછું છે શયતાન?

પીરઃ—ઓ ખૂબસૂરત બલા! તું વિશેષ બહેકી સાર નહિ કાઢે. તું યાદ રાખ કે, તારા શૌદરની ભટકતી જીંદગીને આ જહાનમાંથી નાબુદ કરી નાખવામાં આવી છે. તારી ભવિષ્યની સંસારી જીંદગીને અમારી ગુલામીમાં સપડાવવામાં આવી છે.

નરગીસઃ—શું કહે છે એ હું સમજી શકતી નથી. શું મ્હારા શૌહર, મ્હારી આંખોનું નૂર, મ્હારા દિલનો આરામ દમાત નથી?

પીરઃ—ના, તું અમારા પંજામાંથી છુટી હવે તેની ગોદમાં ભરાઇ શકનાર નથી—ખુદ ખુદા પણ હવે તને તારા શૌહર મેળવી આપનાર નથી. તારી જીંદગીને શરૂઆતથી જ અમે નિયામાન કરી નાખી છે અને હજી તને અમારી મરાણે પાર પાડવાને જ જીવતી રાખી છે.

• સનમ સાકી તણા સોદા અહીં કરજ્યે થાય છે;
લિલામો રૂપનાં થાતાં, ગુણો ના કંઇ પૂછાયે છે.

નરગીસઃ—ઓ જુલ્મગાર ખબીસો! મનુષ્યના અવતારમાં ઉત્પન્ન થયેલાં પિશાચો! શું મ્હારા કમનસીબ શૌહર પણ તમારો ઝિકાર થયો છે? તમારા નાપાક હાથોથી તેની જીંદગીનો ચિરાગ બુઝાઇ ગયો છે? ઉફ્! ઓ ખુદા! હું આ શું સાંભળું છું?! આહ્! મ્હારી આંખોએ અંધકાર ફરી વળ્યો છે—ઉફ્! આ નરકમાંથી—કસાઇઓના કારખાનામાંથી કોઈ આ ગરીબડી ગાયને બચાવો."

અત્યાર સુધી ચુપ બેસી રહી સબળો બેલ જેની ગુલામ હવે સ્થિર રહી શકી નહિ. તેણે કહ્યું:—"શયતાનનાદી! ચુપ કર હવે જો તારી જબાથી એક લફ્ઝ પણ ઉચ્ચારીશ તો જીવથી જઇશ. (પીર તરફ જોઇ) પીર! તું શું જોયા કરે છે? હમણાં જ એના જબાડા ફુચ્ચો મારી એને આ પલંગ સાથે બાંધી દે.

(૪)

ચોરનો ભાઈ ઘંટીચોર.

એક તરફથી પીર નરગીસને સાથે લઈ જ્યારે જહાજસેનમાં ગયો ત્યારે તેણે અમીરને હોટેલમાંનો સબળો સરસામાન લઈ બે કલાક પછી ગુલનારને ત્યાં આવવાની છુપી રીતે સૂચના આપી હતી. પીરના ચાલ્યા ગયા પછી હોટેલમાં એકલો પડેલો અમીર સ્વગત વિચારવા લાગ્યોઃ—"અચ્છા અમીર! બે વર્ષ સુધી તું નિરાંતે બાદશાહી મોજથી રહે એટલી માલમ તા તને મહેનતથી મળી આવી છે. નરગીસની પેઠીમાં ઓછામાં ઓછી બે લાખ દીલ્હર રૂપિયાની મીલ્કત તો હોવી જોઇએ." એ માલમતા પીર તથા ગુલનારને સોંપવાથી હવે વિશ્વ પ્રત્યે તારે કંઇ જ કામ રહ્યું નથી. એ માલમતા કોઇ મારવાડીને ત્યાં વેચી દઇ છુપંતર થઇ જા અને આજ કાલ ચાલુ થયેલી પુનાની રેસ અથવા બેડાઝમાં બેડા રોકાણી ઘડીના છઠ્ઠા ભાગમાં માલદાર બની જા.

નસીબે આપી યારી ને ગુમ થે તે બધા ગાંઠા,
કરે લક્ષ્મી તિલક ને જે ફરી એસેર અરે ગ ઠા;
મળે ના યોગ આવા ભાગ્યને ઉલટાવવાને બહુ,
ગુમાવે યોગ જે એવા, જગત તેને ગણે ગાંઠા.

માટે રેસ્ત અમીર, આ મળી આવેલા પ્રસંગને ગુમાવે તો તારા જેવા ગ ડો, કોઇ નથી. બસ એજ નિશ્ચય." આવો નિશ્ચય કરી અમીર બાંધી રાખેલો સરસામાન લઇ એક ભાડાની ઘોડાગાડીમાં બેસી ડોલાશા તરફ આવેલા એક સાધારણ ઘડિયારખાનામાં ગયો તથા ત્યાં એક ઓરડી ભાડે લઇ તેણે પોતાની પાસેનો રૂબીયા સરસામાન ઓછી વત્તી કિમ્મતે વેચી નાખવાનો પ્રયત્ન કર્યો.

મુંબઇમાં કટલાક એવા મારવાડીઓ અસ્તિત્વ ધરાવે છે કે, જેઓ સો રૂપિયાનો માલ પંચ પચીસમાં પધરાવી પોતાની તીજોરી તર કરવાની ધખના રાખે છે. લોભીઓ વસે ત્યાં ધુતારા ભુખે ન મરે એ લોકોક્તિ પ્રમાણે પીરએ પણ લગભગ આરેક હજાર રૂપિયાનો સરસામાન અને ઘરેબું ગાંઠા વેચી નાખી એક માલદાર મારવાડી પાસેથી રૂપિયા બે હજાર રોકડા મેળવ્યા. તથા બીજે દિવસે પુનાની રેસમાં હોવાથી તેણે એ રકમ લઇ રેસમાં જવાનો સંકલ્પ કર્યો.

(આ રહસ્યમય લેખનો હૃદય મુજબનારો તથા રેસનું રહસ્ય જાણવાનારા વિશેષ રસિક દિલસો આવતા અંકમાં જરૂર વાંચો.)

અપૂર્ણ.

☞ ગેરન્ટી સાથે,


ઠા. રતીલાલ ગોવીંદજીની

અકબરશાહ કસ્તુરીની અગરબત્તી

ઓનો નવો સ્ટોક હાલમાં આવી પહોંચ્યો છે. આ અગરબત્તી ઉત્તમ અને પવિત્ર વસ્તુ નામથી ઓળખાતી હોવ થી તે મંદીર, મસ્જીદ, "સંભા-પુજન" વિગેરે ઉત્સવોના પ્રસંગોમાં છુટથી વપરાય છે. મુંબઇ, ગુજરાત, મદ્રાસરાજ્ય તથા સ્ટાટીઆ વિગેરે દેશાવરોની ઓર્ડરો માટેકાને તે બહુ પસંદ થયેલી છે તો પણ અમારા માનવંત નવા ગ્રાહકોને ખાત્રી "અકબરશાહ" છાપ રસ્થરથી અગરબત્તી પસંદ નહીં પડે તો પૈસા આપવું. એક વખત વાપરી હાથસ જરૂર વાપરી જુઓ (ઉંસ તોલાનાં) પેકટના રૂ. ૩) ૨) ૧) બાર, બા, વેપારી માટે ખાસ ભાવ:—

ઠા. રતીલાલ ગોવિંદજી અગરબત્તીવાળા,

૨૩૧. વાડાદી કરીઆણા બજાર, મુંબઇ ૩.



(સત્ય ઘટનાપર આધારિત કૌતુકી વાર્તા.)

અનુવાદકઃ—હરિલાલ પોપટલાલ શુકલ. બી. એ.

(કુંડકી સારઃ—સૌંદર્યપૂર્ણ મીસીસ ફ્રેલેરેન્સ રીકાર્ડોની પત્નિના મૃત્યુ બાદ તેનાથી ૨૦ વર્ષ મોટી વયના ડૉ૰ ગલીની સાથે આડો સંબંધ રાખવાથી સમાજમાં નિંદા થવા લાગી. આખરે તેણીએ ડૉ૰ ગલીનો સંબંધ છોડી દઈ મી૰ ક્રેગો સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું ત્યાંથી આગળની વાર્તા શરૂ થાય છે.)

"મારી દીકરીએ મને જણાવ્યું છે કે જે બનાવથી તેણી અમારા કુટુંબથી જુદી રહી હતી તે વાત તેણીએ (ફ્રેલેરેન્સે) તમારી આગળ પુરેપુરી કબુલ કરી છે. શું તે ખરૂં છે?"

આના જવાબમાં ચાર્લ્સે જવાબ આપ્યો.

"બાબુ, તે વાત સાચી છે. અને ફ્રેલેરેન્સના ખુલાસાથી મને તદ્દન સંતોષ મળ્યો છે."

ત્યાર બાદ આ આગત તેના (ચાર્લ્સના) મા બાપને પણ જણાવવાને મેં તેને આગ્રહ કર્યો. જેના જવાબમાં ચાર્લ્સ ક્રેગોએ મને નીચે પ્રમાણે કહ્યું:—

"આમ કર્યા પહેલાં હું દેશ છોડીને ચાલ્યો જઈશ, અને મારૂં મોઢું કોઇને ફરીથી બતાવીશ નહિ. વળી અમો બંને સ્વતંત્ર વિચાર કરવાને પુખ્ત ઉમરના છઇએ તો પછી બીજાની સલાહ લેવાની અગર તો અમારી અંગત બાબતો ત્રીજા માણસને જણાવવાની શી જરૂર છે! ડૉ. ગલીનું નામ હું ભવિષ્યમાં કોઇ દિવસ ઉચ્ચારનાર નથી. ફ્રેલેરેન્સે મને આ વાત આગળથી જણાવી તેને માટે હું ખરેખર તેણીને ધન્યવાદ આપું છું." આટલું બોલતાં તેનો ચહેરો ઝંખવાઇ પડી ગયો પણ અવાજ તો દૃઢ હતો. ફ્રેલેરેન્સે ડૉ૰ ગલી સાથેના તેણીના સંબંધ વિષે ચાર્લ્સને શું કહ્યું હશે તે હજુ સુધી જણાયું નથી પણ જોઇએ આ ક્રેગો કેસનો અભ્યાસ બરાબર કર્યો છે તેઓનું ધારવું એમ છે કે ફ્રેલેરેન્સે ચાર્લ્સને ફક્ત એટલું જ કહ્યું હશે કે "ડૉ૰ ગલીની સાથે મારી મૈત્રી ઉદ્દત પણ નિર્દોષ હતી."

લગ્નના કોડકકરાર.

ફ્રેલેરેન્સ અને ડૉ૰ ગલીનો સંબંધ ખરેખરી રીતે કેવો હતો તેની માહિતી ચાર્લ્સને બરાબર મળી ગઇ હશે એ નીચેના પત્ર ઉપરથી માલૂમ થાય છે. ચાર્લ્સની આગળ કબુલ રાખવી કે નહિ, આ બાબતમાં જ્યારે તેણી મોંચા ખોતી હતી ત્યારે આ પત્ર તેણીએ ચાર્લ્સને લખ્યો હતો.

"મારા વહાલા ચાર્લ્સ.

હું કમનેજ પુખ્ત વિચાર કર્યા બાદ હું નિશ્ચય ઉપર આવી છું કે મારો હાથ સ્વીકારવાની તારી ઉદારતા પ્રત્યે હોય તો આપણે બન્નેને હજુ એક વાર વધારે મળી જવું જોઇએ અને મને ખાત્રી છે કે લગ્નની પવિત્ર ગાંઠથી આપણે બન્ને બરાબર સુખીજ થઇશું. મારે કહેવાનું દૃઢતા એજ છે કે અત્યાર સુધી તું મારી સાથે બહુજ પ્રમાણિકપણે વર્તેલ છે અને મને જરા પણ શંકા નથી કે તને પરણીને હું સુખીજ થાઉં પણ મારી અત્યારની સ્વતંત્રતા વેચ્યા પહેલાં મને ખાત્રી થવીજ જોઇએ કે તું મને સુખી કરીશ.

વળી મારે ખાસ જણાવવું જોઇએ કે મેં ડૉ૰ ગલીને લખી નાખ્યું છે કે હવે હું તેનું મોઢું જોવા મિત્રતીજ નથી, અને આપણે પરણીએ અથવા ન પરણીએ, પણ આ કરવાની તો પહેલી જરૂર છે. મને તારે વિષે સારાયે માનજ રહેશે અને તારા ભલામાં હું સદા આનંદ માનીશ, કારણ કે તું એક, સજ્જન છે એવી મારી ખાસ માન્યતા છે. આ કાગળ વિષે તારો શું અભિપ્રાય છે તે મને તું એકદમ જણાવ—

એજ લિ૰

હું છું તારી સદાની સ્નેહાકાંક્ષિણી.

ફ્રેલેરેન્સ રીકાર્ડો."

તા૰ ૬ ઠ—અસલમત આ પવિત્ર છે.

આ પત્રથી સંપૂર્ણ ખાતરી થાય છે કે ચાર્લ્સ તમામ બાબતથી વાકેફ હતો.

× × × ×

મીસીસ કોકસે કેફેલેા ચાસ્યેા.

મીસીસ કોકસની સંપૂર્ણ ખાતરી હતી કે ચાર્લ્સની મા આ સંબંધની તદ્દન વિરૂધ્ધમાં હતી અને ફ્રેલેરેન્સને વિષે તેણીના વિચારો સારા ન હતા, છતાં પણ મીસીસ કોકસે ફ્રેલેરેન્સને આગ્રહ પૂર્વક કહ્યું કે ડૉ૰ ગલી સાથેના તારા સંબંધ વિષેની દરેક બાબત તું ચાર્લ્સની માને ખુલ્લે ખુલ્લી જણાવી દે." વળી તેણીએ ચાર્લ્સને પણ એવી સલાહ આપી કે, ફ્રેલેરેન્સે કહેલી તમામ બાબત તું તારી માને જણાવી દે. પરંતુ ઉભયમાંથી કોઇએ તેણીની આ સલાહ માની નહિ. તેઓનાં આવા વર્તનથી મીસીસ કોકસને ઘણોજ ખેદ થયો.

ચાર્લ્સની માને આ શરમજનેરી કલંકિત વાતથી વાકેફગાર કરવાને મીસીસ કોકસ ઘણીજ આતુર હતી તેનાં બનેલ કારણ હતાં. કારણ કે, ચાર્લ્સ અને ફ્રેલેરેન્સની લગ્ન થાય તે માટે તે અંતઃકરણથી વિરૂદ્ધ હતી. આ વાહાલ અને તાદેાજાજ બી સંપૂર્ણ રીતે જણતી હતી કે, ફ્રેલેરેન્સ ચાર્લ્સની થવા બાદ આ સોનાની ચાવી આપણી રહેશે નહિ. પ્રેમપિંજરમાં પુરાયા પછી ફ્રેલેરેન્સ ક્રેગોની થઈ જશે અને પછી તેનું જોઇએ તેવું માન તથા મોભો રહેશે નહિ. અર્થાત્ બન્ને પતિપત્નીને જુદી જુદી સલાહ આપી અયોગ્ય મારવાને તેણીએ પ્રયત્ન કરી જોયો, પણ તેમાં તેણી ફાવી નહિ.

અપૂર્ણ.

આ પત્ર લાવવા પીતાંબર કાકરે મુંબઇ નં. ૬૭ ગોવિંદજી પરેલ રોડપર રહેતી નોર્થકોટ હિન્દુ ગર્લ્સસ્કુલ કે. એન. સેવર પ્રેમમાં આપ્યું છે અને તંત્રી જયકર કોલાદાસ દિવેરાજે મુંબઇ નં. ૪ શ્રીરામ ખટાવ શ્રીહરિપ્રસાદથી પ્રસિદ્ધ કર્યું છે.

મોજ–મજાહના વાંચકોને ખાસ અડધી કિમ્મતે

સુંદર ચિત્રોથી સુશોભિત, રસસાગરથી ઉછળતી

અત્યંત લોકપ્રિય નવલકથા

પ્રસાદધનની પ્રભુતા

અથવા

સરસ્વતીચંદ્રનો ઉપસંહાર.

બીજી આવૃત્તિ પાકું સોનેરી પુઠું, સ્લેજ કાગળ, સોહી સાડાછસો ૪૦૦ પૃષ્ઠનું રસિક, બોધક વાંચન

આ નવલકથાની કિમ્મત રૂ. ૪–૮–૦ હોવા છતાં

મોજ–મજાહની ઓફિસમાંથી રૂ. ૨–૪–૦

ની કિમ્મતે મળશે. વ્હારગામ માટે પોષ્ટેજ જુદું.

મોજ–મજાહ કાર્યાલય

ગીરગામ ચર્ચ સામે ખાદાવ બીલ્ડીંગ મુંબઈ નં. ૪

જુવાનીનું જોમ અને પ્રેમની મજા.
જુવાનીના જોમજમાં થયેલી

ભયંકર એકજ ભૂલ.

એથી ઘણુંજ નીપજવાં ખરડ્યા પરિશ્રમ.

પીરાલ ભુવનમાં પ્રેમ અને મોહિનીની મીઠી મધુરી દ્રષ્ટિની મઝા લૂટવી હોય, કૈલાસ ભુવનનું સુખ ભોગવવું હોય તો નીચેની પીલ્સ જરાદી મંગાવીનેવાપરી ખાત્રી કરી જુઓ.

વધુ વીગત માટે ખાસ ફ્રી ૧ મોટલી કેટલોગ મંગાવો. વધુ ખાત્રી કરો. કેટલોગ વી. પી. થી મોકલવા નથી. રૂા૦ ૧ આપે કેટલોગ મોકલવામાં આવશે.

હરસ, માસા, ભગંદર, કંઠમાળ, સારણગાંઠ—**Hernia** સંબંધી તથા અતીસારને રામબાણનો ઉપાય છે. આવાદીયાની અજમોદાદના રૂા૦ ૧૫૦.

ફ્રીંગ ઓફ્ ટોનીક પીલ્સ—કામમની શક્તિ મેળવવી હોય, કેવળતો પૂરા નેશ પાવર જોઇ હોય તો એક વાર ફ્રીંગ ઓફ્ ટોનીક પીલ્સ વાપરો. કીમત એક ગેાળીના રૂા૦ ૫.

નાર્ફ પીલ્સ—અફીમ કસ્તુરમાં અદ્‌ભુત ચમત્કાર તથા પૂરા નેશ પાવર જોઇ કરે છે. કીમત એક ગેાળીના રૂા૦ ૩.

દુબલ ફાર્મસી.

ગીરગામ ગ્રામ દરવાજા, મુંબઇ નં૦ ૪.
તારનું સરનામું—"**Dublo**" **Bombay.**

શું તમારે ઘેર બેઠા હારમોનીયમ શીખવું છે? તો આજેજ મંગાવો.

"ભારત સંગીત બાકસ્પી" ... ૨–૮–૦
"ભારત મ્યુઝીક ગાઈડ" ભાગ ૧ લો, ૧–૪–૦
"ભારત મ્યુઝીક ગાઈડ" ભાગ ૨ જો, ૧–૮–૦

મોજ મજાહ–વર્તમાન એન્ડ સન્સ પાલખુરી મુબઇ–૩

ભારત સંગીત

પ્રો. ભારતલાલ પુનમચંદ

દરેક જાતના વાજીંત્રો શી. ગુલ લગાડી મુંબઇ

તમારા ગાલ ગુલાબી કરવા હોય તો

હીમાલયા સ્નો

(જરમન બનાવટ)

ચામડીને સુંવાળી રેશમ કરી, તંદુરસ્તીની લાલી ચહેરે ખીલ, ખીલ, ચુંબડા દાજ ઉપર ઠંડક કરી આરામ કરે ખુબસુરત બનવાનો એકજ ઇલાજ ઠંડાની સહેલી વસ્તુ

દરેક ગાંધી વેચે છે.

એજંટો—ડી. એચ. જીવણદાસ એન્ડ મંગળદાસ રોડ–

સોખમ, સંધીવા અને માથાના ચસકાથી જો માટે આધાશીશ અને મસ્તકનાં દર્દોથી બીમારી જા અક્સરમાં વેચાતા દરેક આમથી ...વા છે. ...આતો અમારો

હિપ્નોટિક બામ

એક વખત વાપરી ખાત્રી કરો.

વીલીના આના ખાવા.

સ્વદેશી ઓદ્યલ એન્ડ પ્રુ. મે. કું૦ માલીક–બી. બી. દરેક વેપારીઓને ત્યાંથી મળશે.

જોઈએ છે:—ખુંચ વગેરે દેખાવરના પાગી લાગી દુખી તથા ધાતુક્ષયના વ્યાધિવાળા દર્દીઓ. અમારી દવા સેંકડો સરટીફીકેટો મળ્યાં છે.

સગો અથવા ગ્રાહો.

વૈદ્ય શાસ્ત્રી જીવણલાલ મોહનલાલ.
મુ૦ રાજ્યારી–વાયા વઢવાણ કેમ્પ.

મોજ–મજાહના વાંચકોને ખાસ અડધી કિમ્મતે

સુંદર ચિત્રોથી સુશોભિત, રસસાગરથી ઉછળતી

અત્યંત લોકપ્રિય નવલકથા

પ્રમાદધનની પ્રભુતા

અથવા

સરસ્વતીચંદ્રનો ઉપસંહાર.

બીજી આવૃત્તિ પાકું સોનેરી પુઠું, ગ્લેઝ કાગળ, મોટી સાઇઝનાં ૪૦૦ પૃષ્ઠનું રસિક, બોધક વાંચન

આ નવલકથાની કિમ્મત રૂ. ૪–૮–૦ હોવા છતાં

મોજ–મજાહની ઓફિસમાંથી રૂ. ૨–૪–૦

ની કિમ્મતે મળશે. બ્હારગામ માટે પોષ્ટેજ જુદું.

મોજ–મજાહ કાર્યાલય

ગીરગામ ચર્ચ સામે બદામ બીલ્ડીંગ મુંબઈ નં. ૪

જુવાનીનું જોખમ અને પ્રેમની મજા.

જુવાનીના જોશમાં થયેલી

ભયંકર એકજ ભૂલ.

એથી ઘણીજ નીપજતાં ખરાબ પરિણામ.

બીયાસ ભૂલનમાં પ્રેમ અને મોહોબ્બતની ભીડી મજૂરી કરીને મજા લૂટવી હોય, દેહલાસ ભૂલનનું સુખ ભોગવવું હોય તો નીચેની પીલ્સ જલદી મંગાવી વાપરી ખાત્રી કરી જુઓ.

વધુ વીગત માટે બ્યાસ રૂા૦ ૧ મોકલી કેટલોગ મંગાવો. વાંચો ખાત્રી કરો. કેટલોગ પી. પી. થી મોકલતા નથી. રૂા૦ ૧ આવે કેટલોગ મોકલવામાં આવશે.

હરસ, મસા, ભગંદર, કઠમાળ, સારણગાંઠ—**Hornia** ચમત્કૃતી તથા અતીસારનો રામબાણનો ઉપાય છે. આવાદીયાની બ્રહ્મભાષણના રૂા૦ ૧૫૦.

કીંગ ઓફ ટોનીક પીલ્સ—કામબની શક્તિ મેળવવી હોય, કેવેનનો પૂર જોશ પાવર જેવો હોય તો એક વાર કીંગ ઓફ ટોનીક પીલ્સ વાપરો. કીમત એક ગોળીના રૂા૦ ૫.

નાર્વ પીલ્સ—અપાર કલાકમાં અદભૂત ચમત્કાર તથા પૂર જોશ પાવર જેવા કરે છે. કીમત એક ગોળીના રૂા૦ ૭.

દુબલ ફાર્મસી.

ગીરગામ ગ્રામ હરમન્સ, મુંબઇ નં૦ ૪.

તારનું સરનામું—**"Dublo" Bombay.**

શું તમારે ઘેર બેઠા હારમોનીયમ શીખવું છે ? તો આજેજ મંગાવો.

"ભારત સંગીત બારાખડી" ... ૦–૮–૦

"ભારત ચ્યુટોક ગાઇડ" ભાગ ૧ લો, ૧–૪–૦

"ભારત ચ્યુટોક ગાઇડ" ભાગ ૨ જો, ૧–૮–૦

ભારત સંગીત વિદ્યાલય

પ્રો. ભારતલાલ પુનમચંદ માર

દરેક જાતના વાજીંત્રો શીખ

ગુલ લશ્કરી મુંબઇ

તમારા ગાલ ગુલાબી કરવા હોય તો વા

હીમાલયા સ્નો.

(ક્રીમ બનાવટ)

ચામડીને સુંવાળી રેશમ કરી, તંદુરસ્તીની લાલી ચમકે ખસ, ખીલ, ચુંમળા દાગ ઉપર દેવું કરી આરામ કરે ખુબસુરત બનવાનો એકજ ઇલાજ ઈંડાની સફેદી વગ

દરેક ગાંધી વેચે છે.

એજંટો—ડી. એચ. જીવણદાસ એન્ડ કું

મંગળદાસ રોડ– મુંબ

સજેશ્મ, સંધીવા અને માથાના ચકકારથી શા માટે હેરન આધાશીશ અને મસ્તકની દર્દોની બીજાતી શા માટે ભોગવો બજારમાં વેચાતા દરેક બામથી ચઢીઆ તો

હિપ્નોટિક બા

એક વખત વાપરી ખાત્રી કરો.

શીશીનાં આના આઠ.

સ્વદેશી ઓઇલ એન્ડ પ. મે. કું૦ માલીક–બી. બી.

દરેક વેપારીઓને ત્યાંથી મળશે.

જોઇએ છે:—મુંબઈ વગેરે દેશાવરના પાણી લાગી ઘણી તથા ધાતુસ્રાવના વ્યાધિવાળા દર્દીઓ. અમારી દવા સેંકડો સરટીફીકેટો મળ્યાં છે.

લખો અથવા મળો.

વૈદ્ય શાસ્ત્રી જીવણલાલ મોહન

મુ૦ રાજકોટી–વાયા વઢવાણ


કળા, નાટક અને સીનેમાના શોખીનો માટે દર રવિવારે પ્રગટ થતું સાપ્તાહિક. Registered No. B. 1828

માધુરી-મહોલ્લો

[પુ. ૧ લું.]
તા૦ ૭ મી સપ્ટેમ્બર
૧૯૨૪.

[અંક ૨૨ મો.]
ભાદરવા સુદ ૯

વલ્લભા કે વારાંગના ?



બેકરારી કયોં ન હો, તાજ શિકારે કરક હૂઁ;
ચોટ વો ખાઇ હૈ દિલપર બે કલી ખાઈ ન થી।

વાર્ષિક લવાજમ.
રૂ. ૪-૦-૦

ઉડક નાકલ મુંબઇમાં
૧ આનો
બહારગામ સવા આનો

આજના લેખોનો ક્રમ.

ઓવા હો ! ... ... (રા. મતીક)
વલ્લભા કે વારાંગના ! ... (રા. ભીમાશંકર શર્મા)
હા.....શ ... (રા. મલ્લ ફકીર)
એક સુંદરીનાં સાહસ કથો. (રા. મંજુલાલ ગો. દેસાઈ)
સિનેમાની શોખ ... (રા. ચિત્રપટ)
નમતરવું જવાકીર... (શ્ર. અનુભવી)

સૌરાષ્ટ્ર કિનેમેટોગ્રાફ કંપની,

રાજકોટનું પ્રેમરસથી તરબતર ભનેલું સામાજીક ચિત્રપટ

શરીફ બદમાશ

એક નિર્દોષ સુંદરીના જીગરમાં શુદ્ધ પ્રેમ કેવી ખુબીથી પોતાનો પ્રભાવ બેસાડે છે,



શરીફ બદમાશ એ નાજનીનના રતિરસનો સ્વાદ ચાખવા કેવાં કુટિલ ભયંકર કાવત્રાં રચે છે તેનો દિલચસ્પજ્ર મનોહર ચીતાર.

તથા હસી હસીને કાળજાને ઉથલાવી નાખે એવી ફાંકડી કોમેડી

ઈશ્કનો ઉમેદવાર.

સુંદર કેરેક્ટરો ! મનોવેધક ભાવવાહી ! પ્રેમ અને દુશ્મનાં તેફાન એ બધું જોવા માટે જરૂર આ ફીલ્મમાં પધારજો અને તેવા પછી બીજી અવારજે આફ્રિન પોકારશો.

તા૦ ૧૨ મી સપ્ટેમ્બરથી શરૂ

ઠે—સીનેમા મેજેસ્ટીકમાં, ગીરગામ—મુંબઈ.



[ભાદ્રપદ સુદ ૯] રવિવાર તારીખ ૭ મી સપ્ટેમ્બર ૧૯૨૪. [પુ. ૧ લું. અંક ૨૨ મો.]

એવા હો !

ન સમજે ભાવ કે ભાષા મનેજર હો તો એવા હો,
કરે સાહિત્યની ચોરી કવિવર હો તો એવા હો.–૧
ન છાપે મોકલે પાછાં ન આપે પત્રનો ઉત્તર,
કરે પ્રાસન્ન ટીપોટા પણ એડીટર હો તો એવા હો.–૨
ન લીધી હો કદી શિક્ષા ન હો કાંઈ જ્ઞાન સંગીતનું,
અભિનયમાં અતિશયોક્તિ લે એક્ટર હો તો એવા હો.–૩
નથી ઉપમા નવો શૃંગાર નથી શૈલિ નવા શબ્દો,
નવિનનાથી ભિન્ન" મસ્તક જે સાક્ષર હો તો એવા હો.–૪
કહે બોલે લખે છાપે પરંતુ ના કરે પોતે,
સમો આવે અલગ વાતાં જે લીડર હો તો એવા હો.–૫
દિનોની દાઝના દીલમાં ન ભીતિ ન્યાયના દ્રોહની,
અસીલોને કરે ગુમ્હા બૅરીસ્ટર હો તો એવા હો.–૬
દુઃખે કંઈ પૈસની અંદર બધાંયે આંખપર પાપો,
ઈશ્વરને ક્રોડીરા કહેના જે ડોક્ટર હો તો એવા હો.–૭
શરીર પાશ્ચાત્ય રમણીનું અને લેખાસ ભારતનો,
કળાનું ખૂન કરનારા મુસવ્વર હો તો એવા હો.–૮
ઉઘાડે બોંપની દોલત રહે ચકચૂર દારૂમાં,
નચાવે નૃત્ય કન્યાઓ તવંગર હો તો એવા હો.–૯
મુણી રબુવાચના નાદો હૃદય ધ્રૂજ ઉઠે થર થર,
જણાવે જોર અબળા પર દિલાવર હો તો એવા હો.–૧૦
ભરી બંદૂક બે નાળી લગાવે કારની આગી,
હણે તેતર કબૂતરને બહાદર હો તો એવા હો.–૧૧
અતિ ઉંચે કરી પોપણ અતિ સ્નેહે દઈ શિક્ષણ,
વેચે જાહેરમાં પુત્રી માવિતર હો તો એવા હો.–૧૨
હાજી હાના બની કાજી ખુશામત પણ કરે ગાઢી,
પછીથી ખોદતા તેનું બિરાદર હો તો એવા હો.–૧૩
અમિમય દૃષ્ટિથી જેબી પીલાવે જાહેરના પ્યાલા,
કરે મૃત્યુ પછી માતમ જે દીલબર હો તો એવા હો.–૧૪
તખ્ત ને તાજના માટે કરી દે કત્લ દારાને,
ન લે મરતાં કઈ સાથે ચિકંદર હો તો એવા હો.–૧૫

અફીફ.

વલ્લભા કે વારાંગના ?

(ગતાંકથી સંપૂર્ણ.)

લખનાર–રા. ભીખાકંદર શર્મા અધ્યાપક.

ભટ્ટપ્રાન્ત તથા તેની ભાવિ સહધર્મિણી શ્રીમતી યમુના વચ્ચે ચાલેલા પત્રવ્યવહારમાં જણાવ્યા મુજબ ભટ્ટપ્રાન્તના હાથમાં 'ગુજરાતી' પત્ર અને યમુનાના હાથમાં ભટ્ટપ્રાન્તે તેના પર લખેલા કાગળો હતા. ભટ્ટપ્રાન્ત જે વખતે બાળુસાથના બગીચામાં ગયો ત્યારે તેની ભાવિ ધર્મપત્ની નિર્દિષ્ટ લતા મંડપમાં પ્રથમથીજ ગોઠવેલી મંડપની શોભામાં અભિવૃદ્ધિ કરી રહી હતી. તેના સુન્દર શરીરની શોભામાં વૃદ્ધિ કરનાર તેનું સુન્દરતર વસ્ત્રાભરણ તથા સુન્દરતમ યમુનાનું અવર્ણનીય કરીને ભટ્ટપ્રાન્ત તો કેવળ મુગ્ધ થઈ ગયો. કેટલીક ક્ષણો પર્યન્ત તે મંત્રમુગ્ધની પેઠે અવાક થઈને ઉભોજ રહ્યો. ભટ્ટપ્રાન્તની એ સ્થિતિના સત્ય કારણને શ્રીમતી યમુના દેવી બરાબર જાણી ગઈ હતી. પોતાના અપ્રતિમરૂપ સૌન્દર્યનો સૌદર્યોપાસક ભટ્ટપ્રાન્તના હૃદય પર જેટલો અને જેવો પ્રભાવ પાડવાનું તેણે ધારી રાખેલું હતું, તેટલો અને તેવો પ્રભાવ અવશ્યમેવ પડી ગયો હતો. એટલે કે શ્રીમતી યમુનાની સ્વરૂપ સૌન્દર્યના પ્રભાવ વિષયક ધારણા સર્વથા સત્ય નીવડી હતી. તેથી તેણે કેટલીક વાર સુધી તો ભટ્ટપ્રાન્તની એ દશાનું નિરીક્ષણજ કર્યા કર્યું.

"મહાશય ભટ્ટપ્રાન્તજી ! અહીં આવવાની સાથેજ આપ એવા શા વિચારવારિધિમાં નિમગ્ન થઇ ગયા છો કે મારી સાથે વાર્તાલાપ પણ કરતા નથી ?" શ્રીમતી યમુનાએ વીણાવિનિન્દિત સ્વરથી ભટ્ટપ્રાન્તને આ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો.

"શ્રીમતી યમુનાદેવી ! મારા વિચારનું કારણ કવિઓ તથા ચિત્રકારોની કલ્પના ગામમાં સમાન તમારું સહિત લાવણ્ય જ છે." ભટ્ટપ્રાન્તે યમુનાથી જરા દૂર તેજ બાંકડાની બાજુમાં ઉભા રહી જવાબ દીધો.

"શું મારું શરીર આપને એટલું બધું સુન્દર જણાય છે ?" યમુનાએ બીજો પ્રશ્ન પૂછ્યો.

"એમાં શંકાજ શી છે ? મેં આજ દિવસ સૃષ્ટીમાં અનેક સૌન્દર્યવતી સ્ત્રીઓ જોઇ છે, પરંતુ તમારા જેવું પ્રભાવોત્પાદક

સૌન્દર્ય તો મેં કોઇ પણ સ્ત્રીમાં જોયું નથી." ભટ્ટમાત્તે હસવામાં પ્રત્યુત્તર દીધો.

"આ વાત જો કે બને તો પક્ષપાતપૂર્ણ લાગે છે તો પણ ચોતી વારને માટે આપણે એમ માની લઇએ કે હું કપટતી છું, તોય તેથી આપણી સીમા પર્યન્ત આપ આત્મવિસ્મૃત થઈ ગયા એનું શું કારણ હશે વારુ?" યમુનાએ કોઇ વિશિષ્ટ હેતુને લક્ષમાં રાખીને તૃતીય પ્રશ્ન પૂછ્યો.

"એનાં બે કારણો છે. જાણે કે પ્રથમ તો તમારા પ્રતિ હું પ્રેમ દૃષ્ટિથી જોઈ રહ્યો હું; માત્ર એટલું જ નહિ, કિન્તુ મારા હૃદયમાં અત્યારે ભોગવાસનાએ નિવાસ કરેલો છે. બીજું કારણ કવિવાણીમાં છે તે જો સાંભળવાની ઇચ્છા હોય તો કહું." ભટ્ટમાત્તે કહ્યું.

"કહો, હું ઘણી જ ખુશીથી સાંભળીશ; માત્ર એટલું જ નહિ, કિન્તુ મારા પ્રિયતમના મુખમાંથી નીકળેલી કવિવાણીને હું સ્મૃતિપટ ઉપર લખી રાખીશ." યમુનાએ બીજું કારણ સાંભળવાની ઇચ્છા દર્શાવી.

ભટ્ટમાત્તે તેના જમણા હાથમાં પોતાનો હાથ મુકી જરા નજીક જઈ કહ્યું:—ઉર્દૂ ભાષાના જલીલ નામક એક કવિના કહ્યું છે કે:—

એકરારી કયોં ન હો તાજા રિશ્તારે દર્દ હૈ;
ચોટ વો ખાઇ હૈ દિલપર જો કભી ખાઈ ન થી।

અરિયરતા કિંવા અસ્વસ્થતા શા માટે ન હોય? પ્રેમનો પ્રથમ જ શિકાર (ભોગ) થયેલો હું. કોઇ દિવસ નહિ અનુભવેલો આઘાત કિંવા પ્રહાર મારા હૃદયપર થયેલો છે." ભટ્ટમાત્તે અર્થ સહિત કવિવાણી સંભળાવી.

"પરંતુ મારી વિષમે આપના જેવી શા કારણથી થઈ ગઇ વારુ!" યમુનાએ પોતાની પણ તેવી જ દશા હોવાનું જણાવ્યું.

"એ તો અનાયત્ન છે ને! પ્રેમની જે ભાવના મારા હૃદયમાં જાગૃત થઈ છે તેજ તમારા હૃદયમાં પણ જાગૃત થતી હોવાથી એવો ભાવભાસનો તથા પ્રેમસાત્મ્યતો છે. એટલે કે મારા હૃદયમાં જે પ્રેમ ભાવના તથા પ્રેમની મસ્તી દૃષ્ટિગોચર થઈ છે તે તમારા હૃદયની સ્થિતિનું કેવળ પ્રતિબિમ્બ છે." ભટ્ટમાત્તે તેની નષ્ટકમાં બાંડાપર બેસી સંતોષકારક ખુલાસો કર્યો.

"વારુ, સારે હવે આપણી મુલાકાતનું પરિણામ નિર્ધારિત થવું જોઇએ." યમુનાએ મુલાકાત વાતનો આરંભ કર્યો.

"પરિણામમાં મહાશય ભટ્ટમાત્ત તથા મહાશયા યમુના દેવીનાં પ્રેમસમ્મ કિંવા સ્નેહસમ્મ વિવાહમાં નિર્ધારિત કરેલા છે. આ લતા-મંડપ એજ સાક્ષીરૂપ, મને મનિષીજનમાં શ્રદ્ધા નથી છતાં શ્રી આશુધનાય મહારિવને આપણું આ સ્નેહ સમ્મના સાક્ષી તરીકે ગણવામાં કોઈ પણ બાધ આવે તેમ નથી. અહીંથી નીચે ઉતરી ગાડીમાં બેસી આપો મારી સાથે અને ફરો સેવકની પર્ણકુટીને પાવન!" ભટ્ટમાત્તે સ્પષ્ટ શબ્દોમાં પોતાનો મનોભાવ કહી સંભળાવ્યો.

"આજે રવિવાર છે તેનું કોઈ નહિ કે? આપ કહેતા હો તો મારા તરફથી તો જવાબ વાંધો નથી." યમુનાએ વિચાર કરીને કહ્યું.

"તમારા મનમાં શંકા ન હોય તો હું એવા વહેમોના બિલકુલ માનતો નથી. મારી સ્થિતિ હાલ એવી થઈ છે કે જો તમે અત્યારે મારા પર કૃપા કરી મારે સાથે નહિ આવો, તો મારી રાત્રિ કઈ રીતે જશે એ હું કહી શકતો નથી." ભટ્ટમાત્તે પોતાના મનની આકુલતા શબ્દોદ્વારા વધુની બતાવી અને માર્મિકતાથી યમુનાને પોતાની સાથે લઇ જવાની ઇચ્છા દર્શાવી દીધી.

"અરે સાઁ! ત્યારે. હું મારાં પ્રિયતમને વધારે હેરાન કરવા માગતી નથી." એમ કહીને યમુનાએ કાંઇ પણ વિચાર કર્યા વગર પોતાનું ભરતક ભટ્ટમાત્તના ખોળામાં ઝુકાવી દીધું. ભટ્ટમાત્તે પણ આ અનાયાસે મળેલા અવસરનો લઈ શ્રદ્ધાય તેટલો લાભ લઇ લીધો. તેણે પોતાના ઓષ્ઠોને યમુનાના ગૌરવર્ણ સુકોમલ તથા સુન્દર કપોલો પર અતિશય આવેશપૂર્વક ફાસી દીધા; માત્ર એટલું જ નહિ, કિન્તુ વધતા જતા અધકારના સામ્રાજ્યમાં તેણે તેની મુદ્રામક્ષ દેહલતાને પોતાના બાહુપાશવડે બાંધી પણ લીધી. પંચિક મિનિટ એ સ્થિતિમાં વીતાવ્યા બાદ પછી તેઓ ત્યાંથી નીચે ઊતર્યા અને એક વિક્ટોરિયા ભાડે કરી સિરગામ બૅંકરોડ તરફ ઉપડી ગયાં.

(૩)

જુદાં અને ફસાયાં.

ભટ્ટમાત્તે કોઇ પણ પ્રકારની પરીક્ષા કર્યા વગર જ વિદ્યુત્પ્રભાને પોતાની ધર્મપત્ની બનાવી દીધી છે, એ વાતની જ્યારે સાન આવીને ભગ્ન પડી ત્યારે તે ભટ્ટમાત્તની અત્યાનઘારિક્ષ તથા અદૂરદર્શી બુદ્ધિનો વિચાર કરીને અત્યન્ત ખિન્ન થયો હતો. તે છતાં પણ ભટ્ટમાત્તને પોતાનો મિત્ર લેખીને તેણે 'યમુનામાં એકદમ વિશ્વાસ નહિ મકવાની તથા તેના સારૂ જ્યુસીસ તૈયાર કરાવવાની અથવા ખરીદ કરવાની શીઘ્રતા નહિ કરવાની' સલાહ આપી હતી. પરંતુ ભટ્ટમાત્તના સૌન્દર્યમુગ્ધ હૃદયમાં એ સલાહના નિવાસ માટેનું સ્થાન રહ્યું નહોતું. તેનું પરિણામ સજ્જને ચોથે ભવીને જે વિવાહોચ્છેદથી આપ્યું હતું. એટલે કે માત્ર ચાર માસનો કાળજીપૂર્વક પછી તેમ વિવાહિત જીવનનો અંત આવી ગયો હતો. શ્રીમતી યમુના ભટ્ટમાત્તને ઘરમાંથી નવાં તથા કીમતી વસ્ત્રો, સર્વ આભૂષણો અને લઈ શકાય તેટલાં વાસણો લઈને પોતે લિવસે આઝરી પાડોશીઓના દેખતાં પલાયન કરી ગયાં હતાં! પાડોશમાંના લોકોએ જ્યારે એ શ્રીમતી એમ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે તેમણે એવો જવાબ આપ્યો હતો કે:

"આવતી કાલે અમારે અમારા વતન સૂરત જવાનું હોવાથી બધો સામાન મારી એક બહેનને ત્યાં રાખવાનો છે; કારણ કે, ત અમે એક દિવાનખાનું ભાડે રાખવાનાં છીએ." આટલો સંતોષકાર ખુલાસો પછી પાડોશીઓ ભટ્ટમાત્તનાં સિક્રિતા અને માનનીયા ગૃહિણી પર શંકા શામાટે લાવે વારૂ? તેમણે તો ઉલ્ટી શ્રીમતી યમુનાં સરસામાન ભરાર કરવામાં, નીચે ઉતારવામાં અને એવાં બીજાં કામોમાં મદદ કરી હતી.

રાત્રે ભટ્ટમાત્ત ઘેર આવ્યા ત્યારે રૂમપર તાળું વાસેલું જોઈ તે વિચારમાં પડ્યો. એટલામાં એક પાડોશીની બાલિકાએ દોડતી આવી તેને અને ભટ્ટમાત્તના ગ્રહસ્થને બાજી પડીને કહ્યું કે:—" ભટ્ટમાત્ત, જ્યારે કાકી તો આજે તમારો નવો રૂમ લીધો છે ત્યાં જવાં છે. તમારાં જમવાનું પણ તેઓ ત્યાં જ કરવાનાં છે; કારણકે, તેમનાં એક બેરે પણ ત્યાંજ રહે છે."

એ સ્તાનના સમાચાર સાંભળીને અધુકાન્તની સ્થિતિ કેવી થઈ હશે તેની યથાર્થ કલ્પના કેવળ અનુભવીઓજ કરી શકે તેમ છે. તેની આટલા વર્ષોની ઉપાર્જિત કરેલી સંપત્તિ તથા પ્રતિષ્ઠા પર પાણી ફેરવીને જે સ્ત્રી પહેલેથી ખબર આપ્યા વિનાજ આપ હાલતાળા આપીને, ચાલતી થઈ ગઈ, તેનો વિચાર કરતાં અધુકાન્તના હૃદયમાં ક્રોધ, ગ્લાનિ, પ્રતિષ્ઠિંસા તથા સ્વકીય બુદ્ધિહીનતા વિષેના કેટલાક વિચારો આવ્યા અને ગયા. કેટલીક વાર સુધી તે શું કરવું અને શું ન કરવું' એ પણ તેને સૂઝયું નહિ. પહેલાં તો તેને પોલિસમાં ખબર આપવાનો વિચાર થયો, પછી સ્તનમની શોધખોળ જવાનો અને ત્યાર પછી સારાભાઈ પાસે જઈ તેની સલાહ લેવાનો વિચાર થયો. એટલામાં તેને હાથ અનાયાસે કોટના અંદરના ખીસામાં પડતાં ચાવીઓને ગુમ્બો મળી આવ્યો. ઘરની ચાવીઓનો ગુમ્બો તો શ્રીમતી યમુનાને આપી દીધો હતો. જે તાળું યમુનાદેવી વાસી ગયાં હતાં તેની બે ચાવીઓ હતી અને તેમાંની એક અધુકાન્ત પાસે પણ હતી. તેની સદ્યતાથી તેણે તાળું ઉઘાડ્યું. બીજામાંની દિવાસળીની પેટી કાઢીને ઘરમાં દીવા કર્યા. ચારે તરફ દૃષ્ટિ નાખીને તેણે બધું જોઈ લીધું. કપાળે હાથ દઈને તેણે 'સારાભાઈ! મેં તમારી સલાહ જરા પણ ગણકારી નહિ તેનું પરિણામ હું આજે પ્રત્યક્ષ જોઈ રહ્યો છું.' એટલા શબ્દો ઉચ્ચાર્યા અને ત્યાર પછી તે ફરીથી તાળું વાસીને કોટની ઉતાવળથી આવ્યો હતો તેટલીજ મંદતાથી નીચે ઉતરી ગયો. સારામાં સારી એક સ્ટૉજમાં જઈને તેણે પહેલાં તો પેટનો પૂજનો પ્રબંધ કર્યો અને પછી મોડી રાત સુધી ગિરગામ તથા ગ્રાન્ટરોડના રસ્તાપર ગાંડાની પેઠે ચક્કર લગાવ્યા પછી તે છાનોમાનો પોતાના ફ્રમમાં આવીને સઇ ગયો.

* * * *

ઉપર્યુક્ત ઘટનાને કેટલાક માસનો કાળ વીત્યા પછી એક દિવસ એક ગુજરાતી સાપ્તાહિક પત્રમાં નિમ્નલિખિત વિજ્ઞાપન અધુકાન્તના વર્ચિયામાં આવ્યું હતું.

"એક સુશિક્ષિત, સુરસ્વરૂપ તથા યુદ્ધકાર્યદક્ષ આર્યયુવતી કોઈ પણ સાધનસંપન્ન અને સ્વદેશસેવાની ભાવનાવાળા આર્ય પુરુષ સાથે લગ્ન સંબંધથી જોડાવા ઇચ્છે છે. ઉભેદવારોએ નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો; અની સાથે તો પોતાની ફોટોગ્રાફ પણ મોકલવી.

શ્રીમતી સરસ્વતી.
C/o 'હિન્દુસ્થાન,' કાંદા; મુંબઈ.

આ વિજ્ઞાપનમાંની શ્રીમતી સરસ્વતી સાથે પણ અધુકાન્તે 'સ્વદેશભક્ત સુધાકર' ના નામથી પંત્રવ્યવહાર કર્યો. આ વખતે તેના મિત્ર સારાભાઈની સંપૂર્ણ સંમતિ હતી.

(૪)
જુનાં પાત્રો નવા લિબાસમાં.

અધુકાન્ત સુધાકર થઈ શકે તો યમુના સરસ્વતી શા માટે ન થઈ શકે? આરબ્ધ યોગે શ્રીમાન્ અધુકાન્ત ગઢાયમને જોઈ રહીછે અને શ્રીમતી યમુનાદેવીને જોઈ સ્વામીની પ્રાપ્તિ થઈ હતી. એટલે કે જુનાં પાત્રો નવા લિબાસમાં એક બીજાની સામે અથડાયાં હતાં! આ કાર્યમાં સારાભાઈ જેવા જુના વિચારના પુરુષે સંમતિ આપી હતી તેનું કંઈ પણ કારણ તો હોવું જોઈએ. 'હિ-દુસ્થાન' ની ઓફિસના વિજ્ઞાપન વિભાગ એટલે કે ભદ્રેશ્વરબર ખાતામાં ફ્રામ કરનાર કલાર્ક' તેને એવા ખબર આપ્યા હતા કે 'યમુના નામની એક રૂપવતી રમણીએ સરસ્વતી નામ ધારણ કરીને લગ્નની લહેરબબર આપેલી છે.' આ વાત જાણ્યા પછી તેણે અધુકાન્તને સુધાકર થવાની સલાહ આપી હતી.

અહીં એટલું જણાવવાની જરૂર છે કે યમુનાના પ્રથમ વારના પલાયન પછી અધુકાન્ત બદેરવેષમાં, રહેણી કરણીમાં તથા ભાવનામાં સ્વદેશપ્રેમી થયો હતો. આજકાલના કેટલાક તરફી દેશસેવકોની માફક તેણે દાઢી, મૂછો તથા માથાનો વાળ વધારી દીધા હતા. વિલાયતી વસ્તોને પેટીમાં મૂકીને શુદ્ધ એટલે કે હાથે કતેલી અને હાથે વણેલી ખાદીનાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. પગરખાં બૂટને બદલે ચંપલી અને હાથમાં વિલાયતી છત્રીને બદલે ખાદીનીજ્ઞની બેનમાંનાં આવતાં હતાં. પત્નવ્યવહાર કરતી વખતે તેણે કામચલા સારાભાઈ પાસે લખાવ્યા હતા અને પોતાનો ફોટોગ્રાફ મોકલાવ્યો નહોતો. "દેશસેવકોને તે વળી ફોટોગ્રાફની શી જરૂર હોય! ફોટોગ્રાફ પડાવવો એટલે કે કરેક રીતે વિલાયતી વસ્તુઓને તથા વિલાયતી ભાવનાઓને ઉત્તેજન આપવું! શું ત્યારે મારા જેવા સુરત સ્વદેશસેવક એમ કરે એવું તમે ધારતા હો? હું ધારું છું કે તમે ના જ કહેશો." આવા શબ્દો તેણે આ વખતના પત્રોમાં લખાવ્યા હતા તેથી ફોટોગ્રાફ નહિ મોકલવા વિશે શ્રીમતી યમુના (સરસ્વતી) ને લેશ માત્ર પણ શંકા થઈ નહોતી. વળી તેમના મેળાપનું સ્થાન આ સ્થાન બદલે ચર્ની રોડ સ્ટેશન પાસેના બગીચામાં રાખવામાં આવ્યું હતું અને મેળાપની વખત સંજ્ઞા આ બને આદની વચ્ચેનો રાખવામાં આવેલો હતો. આવા બહારપડ્યું વ્યવહારને લીધે 'આ સુધાકર ખરેખ કોઈ નહિ પણ અધુકાન્ત જ છે,' એવું શ્રીમતી યમુના જાણી શકયાં નહોતાં. તેમના મનથી તો તેઓ કોઈ નવા જ પુરુષને ચાહી રહ્યાં હતાં! બધું નક્કી થઈ ગયા પછી જ્યારે તેઓ બન્ને વેર આવ્યાં ત્યારે બધો ભેદ શ્રીમતી યમુનાના જાણવામાં આવી ગયો. તેમણે અધુકાન્તના ચરણોમાં પડીને આ પ્રમાણે દીનતાદર્શક શબ્દો ઉચ્ચાર્યા હતાઃ

"મારું નામ સરસ્વતી નહિ કિન્તુ યમુના છે. હું આપની સાથે એક વાર વિશ્વાસઘાત કરી ચૂકી છું. આપ ધારો તો મને પોલિસના હાથમાં આપી શકો છો. પરંતુ આપના ઉદાર અંતઃકરણનો મને સંપૂર્ણ વિશ્વાસ છે. મને તેવી તો પણ પોતાની પત્નીને પોલિસના હાથમાં આપતાં સાધારણ માણસ પણ વિચાર કરે છે, તો આપ શ્રીમાન્ તો શિક્ષિત તેમજ પ્રતિષ્ઠિત પુરુષ છો. હું આપના ચરણોમાં પડીને મારા પૂર્વ અપરાધોની ક્ષમા માગું છું."

એક રૂપસુન્દરી રમણી પુરુષના ચરણોમાં પડીને તથા નેત્રોમાં અશ્રુ લાવીને આ પ્રમાણે ક્ષમાની યાચના કરે, તો મને જેવા પાષાણ હૃદય પુરુષ પણ મળી જાય એમાં લેશ માત્ર પણ શંકા નથી. અધુકાન્ત કેવો હશે એ અમારા વાચકોને નવેસરથી જણાવવાની જરૂર નથી. તેણે યમુનાને બે હાથ વડે ઉઠાડીને પોતાના જુજવા બાથમાં લીધા

તથા તેના ભાલપ્રદેશ, મસ્તક અને છેવટે કપોલ પર અસંખ્ય ચુમ્બનો કર્યાં!

* * *

પુનઃ કેટલાક માસનો કાળ પૂર્વવત્ પરમ સુખમાં વીતી ગયો. મધુકાન્ત ધીરે ધીરે પોતાની પ્રાકૃતિપ્રિયા યમુનામાં પૂર્વવત્ વિશ્વાસ મૂકવા લાગ્યો. પ્રથમ લૂગડાંસ્તાં, પછી રાગીના અને છેવટે પોતાની રોકડ પણ તેણે નિઃશંક યત્નને યમુનાને સોંપી દીધાં. હવે તો યમુના બહુજ સુશીલ, બહુજ નમ્ર, બહુજ વિવેકિની અને બહુજ કરકસરથી ગૃહવ્યવહાર ચલાવનારી થઇ ગઇ હતી. મધુકાન્ત કોઇ કોઇ વાર સમાજ વિષયક લેખ કિંવા વાર્તા લખતો હતો. તેણે પોતાના પેપરના દિવાળીના વિશેષ અંકમાં એક સામાજિક ગદ્યપદ્યની વાર્તા-લખી હતી. તેમાં આલેખેલી કાલિન્દી પોતાની પ્રાકૃતિપ્રિયા યમુનાજ હતી. તેમાં નાયકના મુખથી નાયિકાની પ્રશંસા કરાવવામાં આવી હતી. વાર્તાનું શીર્ષક કિંવા નામજ તેણે 'રમિતા કે રેવી!' એવું પ્રશંસાસૂચક આપેલું હતું. કહેવાનું તાત્પર્ય મધુકાન્ત પોતાની અત્યંત કુશળીલા અર્ધાંગિની સાથે પ્રથમ કરતાં પણ અધિક નિષ્કપટ ભાવથી આચરણ કરી રહ્યો હતો!

(૫)

પુનઃ પલાયન!

"Trust not too much to an *enchanting face*."
Virgil.

"સુન્દર આકૃતિ ધરાવનાર વ્યક્તિમાં બહુ વિશ્વાસ મૂકવો નહિ."
વર્જિલ.

ચતુર્થ પરિચ્છેદમાં વર્ણવેલી ઘટનાને બરાબર ચાર વર્ષનો કાળ વીતી ગયો હતો. મધુકાન્ત તથા યમુનાનો ગૃહસંસાર ઉત્તમ રીતે ચાલી રહ્યો હતો. શ્રીમતી યમુનાનું આચરણ આદર્શ આર્યગૃહિણીને શોભે તેવું હતું. મધુકાન્તનું વિવાહિત જીવન સુખની ચરમ સીમા પર્યન્ત પહોંચવામાં હવે થોડીક જ-માત્ર સંકતિની ખામી રહી હતી. એ ખામીને દૂર કરવા માટે મધુકાન્ત પોતાનાથી થઈ શકે તેટલો પ્રયત્ન કરી રહ્યો હતો. એ વિષયમાં જ્યારે દંપતીના વાર્તાલાપ થતા હતા ત્યારે શ્રીમતી યમુના રેવી 'જ્યાં સુધી ઇશ્વરની ઇચ્છા આપને પિતૃપદ તથા મને માતૃપદથી વિભૂષિત કરવાની નહિ થાય, ત્યાં સુધી આપણાથી કંઈ પણ થવાનું નથી,' એમ કહ્યા કરતાં હતાં. મધુકાન્ત આધુનિક વિજ્ઞાનશાસ્ત્રને માનનારા એટલે કે પુરુષાર્થવાદી હોવાથી 'એ પણ એક શાસ્ત્ર છે' એમ તેનો કંઈપણ અભ્યાસ કરી તેમાં દર્શાવેલા નિયમો પ્રમાણે વર્તન કરવામાં નહિ આવે, ત્યાં સુધી આપણી મનોકામના પરિપૂર્ણ થવાની નથી,' એમ કહેતો હતો.

* * *

મધુકાન્ત તથા તેના મિત્રો જ્ઞાતીજનો વિવાહોમાં નાચિકાની કલેવ કરવા જતા હતા. બધા પુરુષોજ હોવાથી કરેલની ગૃહિણી ઘેરેજ હતી. જ્યારે વિવાહના એ જ્ઞાન-દર્પણનના પ્રયત્નના બે વિવાહો તે પરિપૂર્ણ જ્ઞાનરંગમાં વીતી ગયા હતા. ત્રીજે વિવાહે તાર વાળાએ આપીને મધુકાન્તના હાથમાં એક તાર મૂકેલો તેમાં આ પ્રમાણે લખવામાં આવ્યું હતું:—

"તમારાં ગૃહિણી આગળની પેઠે ઘરનો સરસામાન લાવી પાડોશમાંના પુરુષવર્ગની ગેરહાજરીમાં ગધ કાયે પલાયન કરી ગયાં છે! શોધખોળ કરવી હોય તો સત્વર આવો. અમોએ પોલિસને ખબર આપી દીધી છે. ગિરધરલાલ ભણિલાલ શાહ."

ગિરધરલાલ મધુકાન્તનો પાડોશી હતો. તે શિક્ષિત તથા સહૃદય પુરુષ હતો. તાર વાંચ્યા પછી મધુકાન્તના મુખમંડળમાં જે પ્રકારનું પરિવર્તન થયું હતું, તે જોનારી સાથેજ ચતુર સારાભાઇએ તારમાં શું હોવું જોઇએ તેની કેટલીક કલ્પના કરી લીધી હતી. અપેારના વખતમાં જ્યારે તેમના બીજા સાથીઓ બજારમાં ગયા ત્યારે મધુકાન્ત 'મારે કેટલીક અગત્યની ટપાલ લખવાની છે' એમ કહીને તથા સારાભાઇ 'મારી આજે તબીયત બરાબર નથી' એમ કહીને બન્ને ઉતારામાં રહી ગયા હતા.

"કેમ મધુકાન્તભાઇ, તારમાં શા સમાચાર છે?" સારાભાઇએ બધાના બહાર ગયા પછી મધુકાન્તને સંબોધીને પૂછ્યું.

"સમાચાર ખીજા શા હોય સારાભાઈ! ગોદાવરીના રીતજ જળમાં સ્નાન કરવાનારો!" મધુકાન્તે વિનોદપૂર્ણ ભાષામાં જવાબ દીધો.

"શું શ્રીમતી યમુનાદેવી—અરે ભૂલ્યો, સરસ્વતી દેવી—પલાયન કરી ગયાં છે કે! ને એમજ હોય તો તેમાં મને લેશ માત્ર આશ્ચર્ય થતું નથી; કારણ કે, એ શ્રીમતી પોતાના જાતિબળનો પરિચય કરાવતાં નહોતાં એમ મારા માટે તો શંકાનું કારણ હતું. પરંતુ તમારી 'રમિતા કે રેવી?' એ વાર્તાનો વાંચન પછી મેં મારા વિચારોને તમારી સમક્ષ પ્રદર્શિત કરવાનું માંડી વાળ્યું હતું." સારાભાઇએ પોતાની કલ્પના વાણીદ્વારા વ્યક્ત કરી બતાવી.

"તમારું અનુમાન સર્વથા સાચ્ય છે. તમે અનેક વાર મારી આંખો ઉઘડાવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ હું જ મૂર્ખ સમજ્યો નહિ તેમાં તમારો શો દોષ વારૂ? આવી અને રપષ્ટ સલાહ આપનાર મિત્ર કોઇને મળો તો તમારા જેવાજ મળજો." મધુકાન્તે સારાભાઇની સલાહ અનુભવપૂર્ણ હોવાનું જણાવીને પોતાની મૂર્ખતાનો પ્રાંજલતાથી સ્વીકાર કર્યો.

"વાર હવે તમે શું કરવા ઇચ્છો છો?" સારાભાઇએ થોડીક વાર સુધી વિચાર કરીને આ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો.

"હવે હું એક સામાજિક વાર્તા લખવા ઇચ્છું છું જેમાં એમ સિદ્ધ કરીશ કે વિદ્યાપનદ્વારા પ્રાપ્ત થયેલી ધર્મપત્નીઓથી પતિવ્રતાઓનું કંઈ પણ કલ્યાણ થતું નથી; માત્ર એટલુંજ નહિ, કિન્તુ તેઓ તેમનું અકલ્યાણજ કરે છે. વીસમીસદીની પ્રસ્તુત વિવાહ કરનાર બાલિકાઓ પાત્ર પરીક્ષા કરી શકતી નથી." મધુકાન્તે પોતાના વિચારોમાં થયેલું પરિવર્તન શબ્દોદ્વારા વ્યક્ત કરી બતાવ્યું.

"આવા વિચારો જો પ્રથમથી જ ધરાવતા હોત, તો આજે તમારી આ સ્થિતિ કદાપિ થાત ખરી? મારી મનોદેવતા એમ કહે છે કે જિજ્ઞાસાને ખાતર પણ એ ગ્રન્થપરપ્રકાશનો પ્રયોગ શોપી

કાઢવો જોઇએ, અને તમારી આ જીવનકથાનો ઇતિભૂત વૃત્તાન્ત પ્રમાણિક શબ્દોમાં લખીને કોઇ માસિક કે સાપ્તાહિક પત્રમાં પ્રકટ કરવો જોઇએ. એ પરથી તમારો જેવા બીજાઓને પણ શીખવાનું મળશે." સારાભાઇએ કેટલીક સૂચનાઓ કરી.

"જે જે પ્રકારની વાર્તા સાંભળવું" તમને કહ્યું છે તેમાં હું મારા જીવનની આ બોધપ્રદ ઘટનાનો આલેપાત્ત ઉલ્લેખ કરવાનો છું. માત્ર પાત્રોનાં નામ તથા ઘટનાસ્થળમાં પરિવર્તન કરી દઇશ; કારણ કે મારો હાથે જ મારી આ અપ્રતિષ્ઠાકારિણી ઘટનાનો ઉલ્લેખ મારા નામથી કરું એ તો મને ઠીક લાગતું નથી," મધુકાન્તે ખુલાસો કરીને કહ્યું.

"જેવી તમારી મરજી. વાર, તમારાં એ દેવી અસલ કથા મંદિરમાં વિરાજનારાં હતાં એ વિષે તમે શી કલ્પના કરો છો?" સારાભાઇએ પૂછ્યું.

"હું તો કશી પણ કલ્પના કરી શકતો નથી;" મધુકાન્તે જવાબ દીધો.

"મને લાગે છે કે શ્રીમતી શ્રાદ્ધદેહ, કૃષ્ણવતી, તેલ ગયી કે ક્રૈન્યપૂજના સત્તાઓને પાવન કરનારાં હશે. કોઇ વાર એ રસ્તાઓમાંથી પસાર થાઓ તો આસપાસ દૃષ્ટિ નાખતા રહેજો." સારાભાઇએ 'મૃતનું ઉકાળું' બોલીપેર' એ નિયમાનુસાર કલ્પના કરીને કહ્યું.

"શું ત્યારે તે કોઇ વારવધૂ (વેશ્યા) હશે?" મધુકાન્તે વિસ્મય-વિકારિત નેત્રો કરીને પૂછ્યું.

"એમાં શંકા જ શી છે? સર્વ ગુજરાતપતિ વારાંગના સિવાય તમારા જેવા સાહિત્યરતને કોણ ઉતરી જાય વાર?" સારાભાઇએ વિનોદયુક્ત વાણીમાં પ્રશ્નાર્થ'ને ઉત્તર આપ્યું.

